ISSN 2454-7697 RNI NO. MAHBIL/2013/50453

# પ્રબુદ્ધ જીવન

(ઈ.સ. ૧૯૨૯થી)

YEAR : 7 • ISSUE : 10 • January 2020 • PAGES : 148 • PRICE 30/-

ગુજરાતી-અંગ્રેજી વર્ષ - ૭ (કુલ વર્ષ ૬૭) • અંક - ૧૦ • જાન્યુઆરી ૨૦૨૦ • પાનાં - ૧૪૮ • કિંમત રૂા. ૩૦/-

## પ્રબુદ્ધ જીવન વિશેષાંક :

## નારીવિચાર – વાસ્તવિકતા અને શક્યતા



## 'પ્રબુદ્ધ જીવન'ની ગંગોત્રી

૧. શ્રી મુંબઈ જૈન યુવક સંઘ પત્રિકા: ૧૯૨૯થી ૧૯૩૨

૨. પ્રબુદ્ધ જૈન: ૧૯૩૨ થી ૧૯૩૩

બ્રિટિશ સરકાર સામે ન ઝૂક્યું એટલે નવા નામે

૩. તરૂણ જૈન: ૧૯૩૪ થી ૧૯૩૭

૪. પુનઃ પ્રબુદ્ધ જૈનના નામથી પ્રકાશન: ૧૯૩૯-૧૯૫૩

૫. પ્રબુદ્ધ જૈન નવા શીર્ષકે બન્યું 'પ્રબુદ્ધ જીવન': ૧૯૫૩થી

- શ્રી મુંબઈ જૈન યુવક સંઘના મુખપત્રની ૧૯૨૯થી, એટલે ૮૫ વર્ષથી અવિરત સફર, પહેલા સાપ્તાહિક, પછી અર્ધમાસિક અને ત્યારબાદ માસિક
- ૨૦૧૩ એપ્રિલથી સરકારી મંજૂરી સાથે 'પ્રબુદ્ધ જીવન' અંક સંયુક્ત ગુજરાતી-અંગ્રેજીમાં.
- **'પ્રબુદ્ધ જીવન'માં પ્રકાશિત લેખોના વિચારો જે તે લેખકોના પોતાના છે, જેની સાથે તંત્રી કે સંસ્થા સંમત છે, તેમ માનવું નહીં.**

**વિશેષ નોંધ:**

- પ્રબુદ્ધ જીવનમાં પ્રકટ થતાં સર્વ લખાણો, કોપીરાઈટથી સુરક્ષિત છે. પ્રથમ પ્રકાશનનો પુરસ્કાર અપાય છે. ત્યાર બાદ ટ્રસ્ટ, તે સામગ્રી કોઈ પણ સ્વરૂપે પુનમુદ્રિત કરવાનો હક પોતે ધરાવે છે.
- પ્રબુદ્ધ જીવનમાં મોકલાવાતાં લેખો શક્ય હોય તો ઓપન અને પીડીએફ બન્ને ફાઈલમાં તંત્રીના ઈમેલ એડ્રેસ : sejalshah702@gmail.com પર મોકલવા. જેઓ હસ્તલિખિત લેખ મોકલાવે છે તેમની વિનંતી કે તેઓ જવાબી પોસ્ટકાર્ડ પણ સાથે જોડે. જેથી નિયમિત પ્રત્યુત્તર આપવામાં સરળતા રહેશે. સમગ્ર પત્રવ્યવહાર ઘરના સરનામા પર જ કરવો.

## તંત્રી મહાશયો

| | |
|---|---|
| જમનાદાસ અમરચંદ ગાંધી | (૧૯૨૯ થી ૧૯૩૨) |
| ચંદ્રકાંત સુતરિયા | (૧૯૩૨ થી ૧૯૩૭) |
| રતિલાલ સી. કોઠારી | (૧૯૩૩ થી ૧૯૩૩) |
| તારાચંદ કોઠારી | (૧૯૩૫ થી ૧૯૩૬) |
| મણિલાલ મોકમચંદ શાહ | (૧૯૩૯ થી ૧૯૫૧) |
| પરમાણંદ કુંવરજી કાપડિયા | (૧૯૫૧ થી ૧૯૭૧) |
| જટુભાઈ મહેતા | |
| ચીમનલાલ ચકુભાઈ શાહ | (૧૯૭૧ થી ૧૯૮૧) |
| ડૉ. રમણલાલ ચી. શાહ | (૧૯૮૨ થી ૨૦૦૫) |
| ડૉ. ધનવંત તિલકરાય શાહ | (૨૦૦૫ થી ૨૦૧૬) |
| ડૉ. સેજલ એમ. શાહ | (એપ્રિલ ૨૦૧૬...) |

## રજિસ્ટર્ડ ઑફિસ


શ્રી મુંબઈ જૈન યુવક સંઘ
(પ્રબુદ્ધ જીવન)
ફોન : ૨૩૮૨૦૨૯૬
મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
email: shrimjys@gmail.com


## ત્યાં તમે

ત્યાં તમે જડ્યા.
છીંડું ખોળતાં લાધી પોળ.
ત્યાં રમતનાં મેદાનોમાં નહીં
અહીં જ્ઞાનના 'ઓટલા' ઉપર.
આમ જ. મિત્રોએ કહ્યું, જા.
આમ શું શોધ્યા કરે છે આખો વખત – જા.
તને એમ છે ને કે જ્ઞાન મેળવીને ય તે શું?
તો જા. જ્ઞાન મેળવીએ તો જ સમજાયને કે તેનું વળી શું?
તે અમે તો ચાલ્યાં. એક પગથિયું, બીજું પગથિયું,
પગથિયે પગથિયું. ચઢ્યે જ ગયાં એકી શ્વાસે –
શ્વાસ લેવા ય ન રોકાયાં? ના –
તે એવાં તો પહોંચી ગયાં કે સીધાં
ટાવરના મિનારે. અરે! અરે! નીચે તો ખાઈ દેખાઈ?
સાચવજો. પણ અમને તો દેખાય નહીં કાંઈ
અમે તો થઈ ગયાં મસ્ત –
માથે ઝૂક્યા'તા આભ (મિનાર જોયાના ખ્વાબ)
પણે તપતા'તા સૂરજ
વાયરા જગવતાં'તા મધુર મનોજ
ગગન ગોરંભે ચઢ્યા ઘંટનાદ.
ભઈ, "યાત્રામાં તો જાતજાતનું બને. તે જાતજાતનું કરવાની છૂટ."
પછી પગથિયાં ઉતર્યાં સડસડાટ
ને યાત્રનાં ફળ તો ચાખ્યાં કરીએ આજ દિ'
પણ, મારે જ્ઞાનની જ નહીં કરવી'તી પ્રેમની કવિતા
પણ જ્ઞાનાગાર એવાં તો ખૂલી ગયાં છે તે...

**– માલતી પરીખ**

('નિયતિ અને મુક્તિ' કાવ્યસંગ્રહમાંથી)

**આ વિશેષ અંકની કિંમત ૮૦.૦૦ રૂપિયા**

# સર્જન સૂચિ


| ક્રમ | કૃતિ | લેખક | પૃષ્ઠ |
|---|---|---|---|
| ૧. | અસ્તિત્વવિચાર : નિરંતર | સેજલ શાહ | ૦૫ |
| ૨. | સંપાદિકાનો પરિચય | સેજલ શાહ | ૦૮ |
| ૩. | સંપાદન યાત્રા | રતન છાડવા અને પાર્વતી ખીરાણી | ૦૯ |
| ૪. | નારી તું છે ન્યારી... | રતન છાડવા અને પાર્વતી ખીરાણી | ૧૦ |
| ૫. | હવે પુરુષમુક્તિ | ઈલા આરબ મહેતા | ૧૩ |
| ૬. | નારીવાદી અર્થશાસ્ત્ર | વિભૂતિ પટેલ | ૧૩ |
| ૭. | સ્ત્રી અને વૃક્ષ | દેવાંગના દેસાઈ | ૧૭ |
| ૮. | 'રસસુધા' વાનગી પુસ્તકના લેખિકા – મારા નાની | સંસ્કૃતિરાણી દેસાઈ | ૧૮ |
| ૯. | 'મુંબઈ જૈન યુવક સંઘ'ની પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનું યોગદાન | રમા મહેતા | ૨૦ |
| ૧૦. | અંધારામાં પરમતેજ : ગાંધારી | સુશીલા સૂચક | ૨૧ |
| ૧૧. | સ્ત્રી અધ્યાત્મશક્તિ | સંધ્યા ભટ્ટ | ૨૩ |
| ૧૨. | શિક્ષણ જ સર્વસ્વ | ઉર્મિલા ધોળકીયા | ૨૫ |
| ૧૩. | 'સ્તંભ' બહેનો દ્વારા વૃદ્ધો માટેની પરબ | હેમલતા શાહ | ૨૮ |
| ૧૪. | ઘેરાં વાદળમાં રૂપેરી કોરઃ સ્ત્રી સશક્તિકરણ અને ભારતની સેવા સંસ્થાઓ | ખેવના દેસાઈ | ૨૯ |
| ૧૫. | શ્રીમા શારદામણિદેવી | માલિની શ્રોફ | ૩૨ |
| ૧૬. | નારી સંદર્ભે અણુવ્રતનો ઉદ્‌ઘોષ | પ.પૂ. સાધ્વીશ્રી વિરલબાઈ મહાસતીજી | ૩૩ |
| ૧૭. | નારી તારો જયણાધર્મ | પ.પૂ. સાધ્વીશ્રી મહિમાબાઈ મહાસતીજી | ૩૮ |
| ૧૮. | પ્રચલિત ધર્મમાં નારીની ભૂમિકા | સાધ્વી મૌની માતા ચરમશ્રીજી | ૪૦ |
| ૧૯. | નારી નારીત્વથી દૂર | સાધ્વી વૈભવશ્રીજી | ૪૨ |
| ૨૦. | મહિલા અધ્યાપક અને ઉચ્ચ શિક્ષણ | દર્શના ધોળકિયા | ૪૩ |
| ૨૧. | સન્નારી... સાર્થક જીવનની આધારશીલા | સુનીતા શાહ | ૪૬ |
| ૨૨. | નિર્ભયતા અને આત્મનિર્ભરતા : સ્ત્રીના સૌથી મૂલ્યવાન અલંકારો | સોનલ પરીખ | ૪૭ |
| ૨૩. | જૈન ધર્મમાં જ્ઞાન દર્શન ચારિત્ર તપના સંદર્ભમાં નારી પ્રતિભા | કેતકી શાહ | ૪૯ |
| ૨૪. | જૈન નારીમાં દાનવૃત્તિનો શ્રેયસ્કર અભિગમ | ભારતી મહેતા | ૫૩ |
| ૨૫. | ભગવાન મહાવીરના શ્રાવકોના જીવનમાં નારીની ભૂમિકા | શૈલેષી અજમેરા | ૫૬ |

| | | | |
|---|---|---|---|
| ૨૬. | જૈન ધર્મની આરાધ્ય દેવીઓ | રેખા વોરા | ૫૯ |
| ૨૭. | કર્ણાટક અને તામિલનાડુમાં જૈન શાસનની પ્રભાવનામાં શ્રમણીઓ-શ્રાવિકાઓનું યોગદાન | જેપલ શાહ | ૬૩ |
| ૨૮. | વૈદિક સમયમાં નારી શક્તિ | દીક્ષા સાવલા | ૬૬ |
| ૨૯. | રામાયણ-મહાભારત કાળની અદ્વિતીય નારી રત્ન | હિના શાહ | ૬૯ |
| ૩૦. | બૌદ્ધધર્મમાં ભિક્ષુણીનું સ્થાન અને પ્રદાન | બીના શાહ | ૭૪ |
| ૩૧. | વારકરી સંપ્રદાયની સંત નારીઓ | રશ્મિ ભેદા | ૭૭ |
| ૩૨. | સૂફી સ્ત્રી સંતો | રીના શાહ | ૮૨ |
| ૩૩. | મહાપુરુષોના જીવનમાં માતાઓનું ઘડતર | અલકા શાહ | ૮૪ |
| ૩૪. | નારીરત્ન સતી ચંદનબાળા | કોકિલા શાહ | ૮૭ |
| ૩૫. | નારીની મનોદશા | ઉત્પલા મોદી | ૮૯ |
| ૩૬. | મહાપુરુષોના જીવનમાં નારીનું યોગદાન | ભાનુ શાહ | ૯૧ |
| ૩૭. | હોયસલ રાજવંશની નારીઓનું જૈનશાસનમાં પ્રદાન | જાગૃતિ ઘીવાલા | ૯૫ |
| ૩૮. | તપોત્સવની ઉજવણીમાં નારીનો વિવેક | પારૂલ ગાંધી | ૯૯ |
| ૩૯. | દેરાસર નિર્માણમાં નારીઓનું યોગદાન | વર્ષા વીરા | ૧૦૧ |
| ૪૦. | ધર્મ અને સંસ્કૃતિ સંરક્ષણમાં નારીનું યોગદાન | છાયા શાહ | ૧૦૩ |
| ૪૧. | વ્યાપાર અને વ્યવહારકુશળ વીરાંગનાઓ–રાણી અબક્કા અને હરકુંવર શેઠાણી | પ્રીતિ શાહ | ૧૦૪ |
| ૪૨. | સાધ્વીજીઓનું શ્રુતજ્ઞાનમાં યોગદાન | પ્રજ્ઞા સંઘવી | ૧૦૭ |
| ૪૩. | માનવસેવાની અખંડ સલીલા : પરમ શ્રદ્ધેય આચાર્યાશ્રી ચંદનાશ્રીજી | સીમા રાંભિયા | ૧૧૨ |
| ૪૪. | દેવદાસી પ્રથા | વર્ષા શાહ | ૧૧૬ |
| ૪૫. | માતા, બહેન, પત્ની જોઈએ તો દિકરી કેમ નહી | પ્રીતિ શાહ | ૧૧૮ |
| ૪૬. | પરિવાર અને નારી | માલતી શાહ | ૧૨૧ |
| ૪૭. | જૈન ધર્મમાં નારીનું યોગદાન | રીટા શાહ | ૧૨૩ |
| ૪૮. | ગર્ભસંસ્કાર ફક્ત નારી તણો અધિકાર | સુબોધી મસાલિયા | ૧૨૬ |
| ૪૯. | ઈસ્લામના પૌરાણિક સ્ત્રી પાત્રો | સુમરા શબાના | ૧૨૮ |
| ૫૦. | સ્ત્રી અને સમાજવ્યવસ્થા | નલિની દેસાઈ | ૧૩૧ |
| ૫૧. | સ્વતંત્રતા સંગ્રામમાં જૈન મહિલાઓની ભૂમિકા | નમન બુચ | ૧૩૩ |
| ૫૨. | દિવ્યાંગ નારીઓનું રમતગમતના ક્ષેત્રે યોગદાન | કોકિલા શાહ | ૧૩૫ |
| ૫૩. | Women Empowerment in Science | Urmi Shah | ૧૩૭ |
| ૫૪. | Virtuous Women Persuading Jain Credence! | Prachi Shah | ૧૪૦ |
| ૫૫. | જૈનદર્શનના પીએચ.ડી. થયેલ સાધ્વીઓની યાદી | ગીતા શાહ | ૧૪૪ |
| ૫૬. | જો મારો હોય અંતિમ પત્ર તો... | તારિણી દેસાઈ | ૧૪૮ |

શ્રી મુંબઈ જૈન યુવક સંઘ

દ્વારા પ્રકાશિત

# પ્રબુદ્ધ જીવન

(પ્રારંભ ઈ.સ. ૧૯૨૯થી) માનવીય જીવનનો સંવાદ

વાર્ષિક લવાજમ રૂા. ૩૦૦/- વિક્રમ સંવત ૨૦૭૬ • વીર સંવત ૨૫૪૬ • પોષ વદ - ૬


**પ્રબુદ્ધ જીવન વિશેષાંક : નારીવિચાર – વાસ્તવિકતા અને શક્યતા**

**વિશેષ અંકના સંપાદકશ્રી ડૉ. રતનબેન છાડવા અને ડૉ પાર્વતીબેન ખીરાણી**

**માનદ્ તંત્રી : ડૉ. સેજલ શાહ**

**તંત્રી સ્થાનેથી...**

## અસ્તિત્વવિચાર : નિરંતર

પ્રબુદ્ધ જીવનનો નારી વિશેષાંક? ના હોય. અરે હોય જ! સમાજની ધરી, કેન્દ્ર પાછળનું મુખ્યબળ, જેની વાત ઓછામાં ઓછી થઈ અને ઘોંઘાટ વધુ, તેવી સ્ત્રી-નારી વિશે આજે ફરી વિગતે વાત કરવાની આવશ્યકતા નિર્માણ થઈ છે.

જેને સમાજનું અર્ધ અંગ કહેવાયું છે, પણ સ્વીકારાયું નથી. તે નારીના અકળ વિશ્વની સંવેદના સાથે સમાજને ઓછી લેવાદેવાં છે પરંતુ તેના સ્ત્રીપણા સાથે વધુ. છેલ્લા કેટલાંય વર્ષોથી વર્ષમાં એકવાર નારીદિવસની ઉજવણી કે વર્ષ દરમ્યાન થોડા પરિસંવાદો, ગોષ્ઠિઓ આ વિષય પર આયોજિત થતાં જોવા મળે છે એમાં ભાગ લેનાર તો એ વિષયથી સહમત છે જ પરંતુ જે એક આખો મોટો વર્ગ જેને આવી કોઈ પણ વિચારણા સાથે લેવા દેવાં નથી અને તે પોતાની એ ઘરેડમાં સલામતી અનુભવે છે, તેના સુધી પહોંચવું આવશ્યક છે. વિચારણા હોવી અને એને અનુરૂપ વર્તન કરવું, એ બન્ને તદ્દન ભિન્ન બાબત છે.

સમાજના જે વર્ગ પાસે વિચારણા છે તેની સંખ્યા નાની છે, જે એના વિશે વાતો કરે છે તેની સંખ્યા થોડીક વધારે છે પણ જે એને અનુરૂપ વર્તન નથી જ કરતાં તેની સંખ્યા બહોળા પ્રમાણમાં છે.

સ્ત્રીનું સ્વાતંત્ર્ય માનસિક વિચારણા સાથે સીધો સંબંધ ધરાવે છે. સામાજિક, પૌરાણિક અને પરંપરાગત દૃષ્ટિને આધારે એક માર્ગ રચાય છે અને પછી એ જ આધારિત અપેક્ષા અને સ્વપ્નોથી એને બાંધવામાં આવે છે. આઝાદીકાળ દરમ્યાન સ્ત્રીનો વિકાસ સૌથી વધુ વિસ્તારમાં થાય છે. એ સમયમાં

**આ અંકના સૌજન્યદાતા**

**સ્વ. શ્રીમતી કુસુમબેન ગુલાબચંદ શાહની સ્મૃતિમાં**

**હસ્તે ગુલાબચંદ કરમચંદ શાહ**

**નિર્મલ ગુલાબચંદ શાહ**

**આરતી નિર્મલ શાહ**


• શ્રી મુંબઈ જૈન યુવક સંઘ, ૯૨૬, પારેખ માર્કેટ, ૩૯, જે.એસ.એસ. રોડ, કેનડી બ્રીજ, ઓપેરા હાઉસ, મુંબઈ - ૦૪. ફોન : ૨૩૮૨૦૨૯૬ મો.: ૯૧૩૭૭૨૭૧૦૯
• જુની ઑફિસ સ્થળ સૌજન્ય : શ્રી મનીષભાઈ દોશી • શ્રી મુંબઈ જૈન યુવક સંઘનો બૅન્ક A/c. 0039201 000 20260, બૅન્ક ઑફ ઈન્ડિયા IFSC:BKID0000039
• Website : www.mumbai-jainyuvaksangh.com email : shrimjys@gmail.com Web Editor : Hitesh Mayani-9820347990

સ્ત્રીની દઢશક્તિ, કાર્યને પરિણામ સુધી લાવવાની શક્તિ અને ખુમારી, બહોળા પ્રમાણમાં જોવા મળે છે. પરંપરાગત વિચારણાથી જે સાહજિક મુક્તિનો એ સમય મારા મતે બહુ જ મહત્વનો ગણાય. ત્યાર પછીના આંદોલનમાં બાહ્ય આક્રમકતા અને બાહ્ય પરિબળોએ વધુ ભાગ ભજવ્યો. પણ દુનિયાના બદલાતા રંગો સાથે ભારત અને ગુજરાતી સમાજ પ્રગતિને આધુનિકતાની ફેશનના નામે સ્વીકારે છે. આનું એક પરિણામ એ આવ્યું કે વૈચારિક ક્રાંતિ કરતાં વધુ, દેખાવી ક્રાંતિનું પ્રમાણ વધ્યું. આંતરિક મુક્તિ અને સ્વતંત્રતાની કેડીનો રસ્તો ચૂકાયો. આ પરિણામ સહભાગી જીવનપદ્ધતિને બદલે મુક્તિની જીવન પદ્ધતિ અથવા બેવડી જીવનપદ્ધતિ તરફ લઈ ગયું.

આજે પણ નગરની બહેનો બેવડી જવાબદારી નિભાવે છે તો બીજી તરફ મુક્તિ કે આધુનિકતાને હરવા-ફરવા વસ્ત્રો સુધી સીમિત બનાવી દેવાઈ છે. આર્થિક સ્વાવલંબીપણું આવશ્યક નહીં પણ મરજી મુજબનું અનુસરાય છે. 'તમારે જે કરવું હોય તો કરી શકો, અમને કાંઈ વાંધો નથી' – હવે આ વાક્યની સંરચના જુઓ, તો તરત જ જણાઈ અવશે કે પોતાના વાંધા લેવાના અધિકારને જતો કરવાની અને સત્તાની પકડ હેઠળ જ ઉપકારરૂપે આ સ્વતંત્રતા અપાય છે.

એક પાયાની વાત એ છે કે પ્રત્યેક મનુષ્ય માત્ર સ્વતંત્ર હોઈ શકે અને એના જીવન પર અબાધિત એનો જ અધિકાર હોઈ શકે, એ વાત અહીં સ્વીકારાઈ નથી. બીજો મુદ્દો એ પણ છે કે શું સ્ત્રી પોતે એ સ્વતંત્રતા ઝંખે છે ખરી? તેની વિચારણામાં એ અર્થ આરોપિત થયો છે ખરો? વિચારતા સમજાય છે કે તે પોતે જ સલામતી, અનુકૂળતાની ઢાલ પાછળ આમ જ રહેવા ઇચ્છે છે. તેના એ પરંપરાગત વિચારના હીંચકા, તેને એટલા ગમી ગયા છે કે પોતાના અસ્તિત્વને તે અભિન્ન રીતે જોતાં હાશકારો અનુભવે છે, એ પડકારથી એનું લાલિત્ય નંદવાઈ જતું હોય, એમ અનુભવે છે.

મુક્તિનો અર્થ જવાબદારીથી મુક્તિ નહીં પણ જવાબદારીને પુખ્યતાપૂર્વક નિભાવવાનો પડકાર, પોતાના ખભા પર ઉઠાવવાની પસંદગી. એ પસંદગીનું વાતાવરણ, સામાજિક કેળવણીની આવશ્યકતા છે. નહીં તો વિરોધ અને તર્કનું એવું સામ્રાજ્ય વિકસશે જ્યાં સર્વહિત શક્ય નહીં બને. આજે સ્વહિત અને સર્વહિતની ભેળસેળમાં અસ્તિત્વ વધુ ધૂંધળું બની રહ્યું છે. પોતાના પાત્રનો રોલ ભજવવો કે નહીં, એ વિશે કારણ વગરના તર્ક થાય છે. અને પોતાની શક્તિને અથવા પોતાની વિશેષતાનો વિરોધ કરી, બીજા જેવા થવાનું વલણ વધતું જોવા મળે છે. ત્યારે થયું કે એક એવો અંક કરવો જે સમુદ્રના અતળ ઊંડાણમાં જઈને ખરાં સૌંદર્યનો અર્થ સમજાવે, સ્વતંત્રતાના અર્થને સમજે. આવાં કંઈક તણખા, મણકાં અને સમજવાનાં વલખામાંથી આ અંકના બીજ રોપાયા. બીજી એક ઘટના મહત્ત્વની બની, જેને ઈંધણનું કાર્ય પૂરું પાડ્યું, તે મોટાભાઈ શાંતિભાઈ ગોસરે. પર્યુષણ વ્યાખ્યાનમાળામાં બહેનોના વ્યાખ્યાનો ભૂતકાળમાં અયોજિત થયા હતા, તેની વાત કરી ત્યારે મનમાં થયું કે જે સહઅસ્તિત્વ અંગે હું વિચારું છું તેનું બીજ વર્ષો પહેલા મારા વડીલોએ વાવ્યું હતું અને તેમને જ મારામાં રોપ્યું છે કદાચ. આ વાતે મારા મનોબળને મજબૂત કર્યું. આટલે પહોંચ્યા પછી નાણાકીય મુશ્કેલીનો સામનો ન કરવો પડે, એવું કયા તંત્રી સાથે નથી બનતું! અને તે મારી સાથે પણ બન્યું જ. પણ પરમકૃપાળુ ઈશ્વર અને દાતાઓએ મારા પર જે વિશ્વાસ રાખ્યો છે, તેની ક્યાં શબ્દોમાં વાત કરું, ગુલાબચંદભાઈ આભાર.

મેં એક દિવસ ગુલાબચંદ શાહને ફોન કર્યો અને મારા અવાજની કંપારી તેઓ ઓળખી ગયા. મેં તેમને વિશેષ અંકની અને એ માટેની આવશ્યક રકમની વાત કરી. એમને એક જ વાતમાં કહ્યું કે 'થઈ જશે'. અંકે આકાર ધારણ કરવાની શરૂઆત કરી.

અંકના સંપાદિકા તરીકે રતનબેન છાડવા અને પાર્વતીબેન ખીરાણીન કાર્યે આપવું, કારણ નારી અંક નારીના હાથે જ થાય તે સારું, એમ ઇચ્છા હતી. લેખો આવવા માંડ્યા. બન્ને બહેનોએ રંગ રાખ્યો.

મારા મનમાં એક સંકલ્પના બહુ જ સ્પષ્ટ હતી કે સમગ્ર ચિત્ર આવશ્યક છે જે અર્થશાસ્ત્ર, સમાજશાસ્ત્ર, રાજકારણ, મેનેજમેન્ટ આદિ સમગ્ર સૃષ્ટિના સંદર્ભે નારીની સંકલ્પના જોવી અને એ અવલોકન કરતાં-કરતાં આજની પરિસ્થિતિ જોવી. એટલે શિક્ષણ-વિચાર જગતનાં, સર્જનાત્મક ક્ષેત્રે જેમને વિશેષ પ્રદાન કર્યું છે, તેવા નારીવિચારકોનો સંપર્ક સાધ્યો અને તેમને વિનંતી કરી. હજી આ વૃક્ષને વધુ ઘનઘોર બનાવવાની, વિસ્તારવાની અમાપ શક્યતા છે, પણ તે બીજી કોઈ વાર, હાલમાં તો આટલું પૂરતું છે જ.

બે વાત ફરી મારે કરવી છે. જ્યાં સુધી આપણે આપણા વિચારોમાંથી મુક્તિ નહીં મેળવીએ ત્યાં સુધી કંઈ જ શક્ય નથી. સમાજની સ્ત્રી સાથેની વર્તણૂક પહેલાં, સ્ત્રીની પોતાની જાતની

સાથેની વર્તણૂક મહત્વની. બીજું ઐતિહાસિક ગૌરવગાથા બહુ ગાઈ લીધી, હવે નવેસરથી જે નવું છે, તેની વાત કરો, ગૌરવગાથા એક સમય સુધી પ્રોત્સાહન માટે જરૂરી પણ પછી સમય સાથે તેના નવા વહેણો, નવા અવકાશો નિર્માણ થવા જ જોઈએ. એક રૂઢિચુસ્ત કરતાં પણ વધુ પરંપરાગત માન્યતા, સમજણને વિકસાવવાની આવશ્યકતા છે.

સ્ત્રી મેનેજર માત્ર નથી, ક્રીએટર છે. એ વાતની એને પોતાને જાણ હોવી જોઈએ. સત્તા એ મનુષ્યમાત્રની પસંદગીની બાબત છે. ઘણીવાર એને સત્તા સ્વીકારીને ચાલવું ગમે છે, સરળ લાગે છે પણ એ સત્તાના વિરોધવગર પોતાના અસ્તિત્વને સન્માનપૂર્વક જોવામાં કે પસંદ કરવામાં કોઈ ગુનો નથી, એટલું સમજવું જોઈએ એટલો માત્ર સ્વીકાર જાત સાથે હોવો જોઈએ.

આ અંકમાં પ્રદાન કરનાર સહુ સર્જકનો આભાર માનું છું અને ખાસ કરીને જુદાં અભિગમથી લખી આપનાર એ વિશેષ સર્જકો, જેમને માત્ર આઠ દિવસની અવધિમાં લેખ લખી આપ્યા, અંકને વિશિષ્ટ દૃષ્ટિકોણ પ્રદાન કર્યો. પ્રબુદ્ધ વાચકો અને અંકનું મુદ્રણકાર્ય ખૂબ ધીરજ અને ચીવટથી કરી આપનાર છોટુભાઈને કઈ રીતે ભૂલી શકાય. અંકના બંને સંપાદિકા બહેનો પોતાના કાર્ય માટે નિષ્ઠા અને ધગશ ધરાવે છે. નવું કાર્ય કરવા માટેનો તેમનો ઉત્સાહ અને હકારાત્મક દૃષ્ટિકોણ હંમેશ રહ્યો છે. જે આ અંકમાં પણ જોવા મળે છે. આ અંક ઐતિહાસિક રીતે ઉપયોગી સામગ્રી પ્રદાન કરે અને સંશોધકોને પણ ઉપયોગી બને, તો વધુ આનંદ થશે.

* * *

વિશ્વમાં અને ગુજરાતી સાહિત્યમાં નારીવાદ વિશે ઘણી વાત થઈ છે. સર્જનાત્મક સાહિત્યમાં પણ ઘણું લખાયું છે, પણ અહીં એ વિશે વાત કરવાને બદલે સ્ત્રીના પ્રદાન, ફરજો અને અસ્તિત્વલક્ષી વાતો કરવા ધાર્યું છે. એક તરફ નારીવાદી વિચારણા, વિપુલ હોવાં છતાં મૂળ વર્તન અને સમાજ – આજે પણ જુદા જોવા મળે છે. એનું કારણ પરંપરા અને કેળવણી બંને છે. આપણી કેળવણી વિકાસ અને વિસ્તારને બદલે પ્રભાવશાળી અભિગમને પસંદ કરે છે, તેનો અફસોસ છે. સત્તા અને સમપર્ણની વચ્ચે અસ્તિત્વનો અર્થ વિસરાઈ રહ્યો છે. સ્ત્રી એટલે એક નિશ્ચિત પાત્ર અને એ જ રીતે પુરુષ એટલે એક નિશ્ચિત ફરજ, આમાંથી મુક્તિ આવશ્યક છે. હૈદરાબાદ અને નિર્ભયા ઘટના, માત્ર ઘોંઘાટ નહીં પણ સમાજની શરમ બને તે જરૂરી છે. એવી ઘટનાની નાબૂદી માનસિક બદલાવથી શક્ય બનશે.

સ્ત્રીને સન્માન આપવું – એમ નહીં, પણ મનુષ્ય માત્રને સન્માન આપવું, જે ઘરની આર્થિક જવાબદારી ઉપાડે છે, તેને જ સર્વસ્વ ગણવું એમ નહીં પરંતુ ઘર અને બહારી બંને કામને એકસરખું મહત્ત્વ આપવું અને સહઅસ્તિત્વ સાથે કામમાં સહકાર/ સહભાગીની ભાવના કેળવવી, એ સમાજમાં થવું જોઈએ. રસોઈ બનાવનાર અને જમનાર – બંનેની પસંદગી મહત્વની છે – એ યાદ રહેવું જોઈએ. જે કાર્ય આર્થિક ઉપાર્જન કરે, તે જ મહત્ત્વનું છે – એ વિચારણા નાબૂદ થવી જોઈએ. શબ્દો કરતાં વર્તન અને ભાવ મહત્ત્વનાં છે, એ જ સોનેરી સત્ય.

**સત્તા ભૌતિકતાની હોય, સંપત્તિની હોય, રૂપની હોય, પરંપરાની હોય, ધર્મની હોય પણ સત્તા એક મનુષ્યની બીજા પર હોય ત્યારે સર્જનાત્મકતા પર નકારાત્મક અસર પડે છે. વસ્તુની સત્તા મનુષ્યે સ્વીકારી હોય છે. પરંતુ મનુષ્યની સત્તા સતત સ્વીકારવી શક્ય નથી હોતી.**

સ્ત્રીએ માત્ર રસોઈ પદાર્થ સાથે જોડાયેલી નથી, તેમજ પુરુષ હંમેશ આર્થિક બોજાને વેઢારતી વ્યક્તિ નથી, એનાથી પણ આગળ એમની એક પસંદગી અને અવકાશ હોય છે. જેમાં તેમને મનને ગમે તે કરવું ગમે છે. ચાલો, પીંજરાને ઉઠાવી લઈએ અને પોતાના પીંજરામાંથી મુક્ત થવાનો યત્ન કરીએ.

હજી અનેક અનકહી કથા-વ્યથા વ્યક્ત નથી થઈ, હજી અનેક રસોડાની સર્જનાત્મકતાને વ્યક્ત થવાનો અવકાશ નથી મળ્યો, હજી ઘરનો દરવાજો ઉઘાડતી સ્ત્રીને તેની લક્ષ્મણ-રેખા, બીજા દોરી આપે છે, હજી પણ શિક્ષણ આપતી વખતે કન્યા અને કુંવર અને એની ઉપલબ્ધિ અંગે વિચારાય છે. આ અંક આ વાસ્તવિકતાની મર્યાદાને ઓળંગી, અનેક શક્યતા તરફ આંગળી ચીંધવાનો પ્રયત્ન માત્ર છે. અને આ વિચાર બીજ પ્રબુદ્ધ જીવનમાંથી આવે તે જ યોગ્ય.

આપના પ્રતિભાવની રાહ રહેશે, અને ખાસ કરીને બહેનોના, જે કદી પોતાના સ્વતંત્ર પ્રતિભાવ આપવા ટેવાયેલી નથી.

❐ ડૉ. સેજલ શાહ
સંપર્ક : +૯૧ ૯૮૨૧૫૩૩૭૦૨
sejalshah702@gmail.com

For online reading of full Prabuddh Jeevan Library -
http:/prabuddhjeevan.in.

## નારીવિચાર : વાસ્તવિકતા અને શક્યતા

# આ અંકના વિદ્વાન સંપાદિકાનો પરિચય

**ડૉ. પાર્વતીબેન ખીરાણી**એ 'જીવવિચારરાસ' પર શોધપ્રબંધ લખી પુસ્તકાકારે પ્રગટ કર્યો છે. આરાધના અને જ્ઞાનમાર્ગને સુવાસિત કરતાં તેઓ અધ્યયનમાં વ્યસ્ત હોય છે. માતા મણિબેન અને પિતા મણશીભાઈ પાસેથી મળેલા ધાર્મિક સંસ્કારોને ખરા અર્થમાં એમણે ઉજાળ્યા છે. સંસ્કૃતમાં એમ.એ. કરી એમણે જૈનોલોજીમાં પીએચ.ડી.કર્યું છે. વાગડ સમાજ દ્વારા પ્રકાશિત 'વાગડ સંદેશ'માં તેઓ પ્રકાશન સમિતિમાં છે. આ સામયિકમાં તેઓ 'સોનોગ્રાફી' અને 'જ્ઞાનગંગા' આ બે શીર્ષક હેઠળ નિયમિત રૂપે લખે છે. જૈન વિશ્વકોશ સાથે પણ તેઓ જોડાયેલા છે. ઉપરાંત ચિંચપોકલી ખાતે જૈનોલોજી કોર્સમાં શીખવાડે છે અને સાધુ-સાધ્વીઓને પણ અધ્યયન કરાવે છે. તેમણે શાસ્ત્રોક્ત જ્ઞાન નાનપણથી જ લીધુ છે. તિલોકરત્ન જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષા આપી છે. 'જૈન સિદ્ધાંત વિશારદ', 'પ્રભાકર', 'શાસ્ત્રી', 'આચાર્ય'ની પદવીઓ પ્રાપ્ત કરી છે. ૨૦૧૫ના 'બાર ભાવના' પર્યુષણ વિશેષાંક દ્વારા 'પ્રબુદ્ધ જીવન'ના વાચકોને ડૉ. પાર્વતીબેન ખીરાણી અને ડૉ. રતનબેન છાડવાનો પરિચય તો મળ્યો છે.

**ડૉ. રતનબેન છાડવા :** કચ્છના નાના ગામડામાં જન્મેલા, લગ્ન પછી માત્ર ગ્રેજ્યુએશનની પદવી નહીં પરંતુ પીએચ.ડી. સુધીનો અભ્યાસ એમણે કર્યો. સંસ્કૃતમાં એમ.એ. અને જૈનોલોજી વિષયમાં સંશોધન તેમણે કર્યું અને તેમના શોધ પ્રબંધનો વિષય 'વ્રતવિચાર રાસ' છે. જે પુસ્તકરૂપે પ્રગટ થયું છે. કચ્છના નાનકડા ગામમાં જન્મેલા રતનબેનના લગ્ન ખીમજીભાઈ છાડવા સાથે ૧૯૭૦માં થયા હતા. તેમણે તિલોકરત્ન જૈન ધાર્મિક બોર્ડની પરીક્ષા આપી છે અને વિશારદની ઉપાધિ પ્રાપ્ત કરી છે. તેઓ ૧૦૨ વર્ષ જૂના 'જૈન પ્રકાશ' અને 'જીવદયા' સામયિકના તંત્રી છે. આ ઉપરાંત મહાસંઘ સંચાલિત છાડવા ધાર્મિક શિક્ષણ બોર્ડ સાથે પણ જોડાયેલા છે. સાહિત્ય સમારોહ અને જ્ઞાનસત્રમાં તેમની હાજરી, સંશોધન પત્ર સાથે નિયમિત હોય છે. જે માટે તેમના પતિ શ્રી ખીમજીભાઈ સતત પ્રોત્સાહન આપે છે. ખૂબ જ શાંત, પ્રેમાળ અને વાત્સલ્યભાવ તેમની વિશેષતા છે.)

બંને બહેનો પ્રાચીન હસ્તપ્રત ઉકેલવામાં પારંગત છે. બંને બહેનોની જોડી જ્ઞાનના માર્ગ પર ખૂબ જ નિષ્ઠાપૂર્વક સતત કાર્યરત છે. આ અંકમાં એમનું ઊંડું ચિંતન, અભ્યાસ અને મનન જોવા મળે છે.

બંને બહેનો જૈનધર્મને લગતાં સેમિનારમાં પેપર પ્રસ્તુતિ નિયમિતરૂપે કરવા સમગ્ર દેશનો પ્રવાસ કરે છે. વિવિધ સ્થળે વ્યાખ્યાનો આપી, પોતાના જ્ઞાનનો પ્રસાર કરે છે. સાધુ-સાધ્વીની સેવા માટે પૂરતો સમય ફાળવે છે.

**– ડૉ. સેજલ શાહ**

# સંપાદન યાત્રા...

## ડૉ. રતનબેન ખીમજી છાડવા અને ડૉ. પાર્વતી નેણશી ખીરાણી

**ખુ**લ્લી આગાશીમાં બેસી વિચારીએ કે... આકાશના તારલા ગણી શકાય? બરાબર એવો જ વિચાર સેજલબેનને આવ્યો... અમને એક એવું અનોખું કાર્ય સોપ્યું કે જેને લખવા માટે શબ્દો ઓછાં પડે...

એવું ઈશ્વરનું અદ્ભુત, અનુપમ સર્જન. કરુણા, પ્રેમ, દયા, ત્યાગ, સહિષ્ણુતા, વાત્સલ્યતા, સમર્પણ જેવા સપ્ત રંગોથી જીવનમાં રમણીય મેઘધનુષ રચાય. એવી વિશ્વની એક ગૌરવભરી વિભૂતિ કે જેણે પોતાની ઉજ્જવલ ગરિમાને ત્યાગથી સજાવી છે. તપથી નિખારી છે. સમર્પણથી વધાવી છે. શ્રદ્ધાથી સંભાળી છે. એટલું જ નહિ પણ ઊર્ધ્વમુખી ચિંતનોથી વિશ્વને એક નવું આલોક અર્પણ કર્યું છે. પ્રેમ અને બલિદાન, શ્રદ્ધા અને ભક્તિ જેવા સદ્ગુણોથી જેણે અનેકોને કર્તવ્યાભિમુખ કર્યા છે. માર્ગ ભૂલેલાઓને સ્નેહસભર દષ્ટિથી માર્ગદર્શક આપ્યું છે. તો ક્યાંક તર્કશુધ્ધ પ્રજ્ઞા વડે ધાર્મિક વ્યામોહને દૂર કરાવી સાચું ધર્મદર્શન કરાવ્યું છે. કરુણાશીલ માતા બની પુત્રની મોહનિદ્રાને જગાડી, તો ક્યાંક ભૌતિક સુખથી જડ બનેલું માનસ ઢંઢોળી પંથ દેખાડ્યો છે. માતા બની સાત્ત્વિક ભાવોનું ઘડતર કર્યું. તો ક્યાંક બહેન બનીને વાસ્તવિક માર્ગ બતાવ્યો છે. તો કેટલાંકને પત્ની બનીન તાત્ત્વિક માર્ગે વાળ્યા છે. આવા વિવિધ પાત્રોને બખૂબીપૂર્વક નિભાવનાર, અનેકના જીવનમાં પ્રકાશ પાથરનાર, ભૂલેલાને પથદર્શન કરાવતી પ્રકાશિત દીવડી એટલે જ નારી...

**હોઠો કી ખિલતી મુસ્કાન હૈ નારી...**
**સ્વપ્નો કી સુંદર ઉડાન હૈ નારી...**
**જન્નતસી પ્યારી ઈસ પાવન ધરા પર,**
**ઈશ્વરકા અનુપમ ઉપહાર હૈ નારી...**

તારા ગણવા જેવું મુશ્કેલ કામ નારીના ગુણોને દર્શાવવાનું તો છે જ, પરંતુ આ કાર્ય માટે અમને યોગ્ય સમજીને નારીના ગુણપુષ્પોનો ગુલદસ્તો બનાવવાનું સોંપતા, અમારું મન મંદિર પરોઢે ખીલેલા તાજગીભર્યા પુષ્પોની સુંગધિત ફોરમથી મહેંકી ઊઠ્યું અને અમારી સંપાદન યાત્રાના પગરણ મંડાણા...

નારી એવો શબ્દ છે કે જેના વ્યક્તિત્ત્વ સામે બધા જ સન્માન, તેમ જ પુરસ્કાર ઓછાં પડે... સામાજિક અને શિક્ષા જેવા બધા જ ક્ષેત્રોમાં જાણે ઈશ્વરે એને પોતાનું પ્રતિરૂપ બનાવીને મોકલી છે. એટલે જ વિશ્વભરમાં ૮મી માર્ચ 'આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ' તરીકે ઉજવાય છે.

નારી એક બાજુ કરુણા, દયા, ક્ષમા, કોમલતાની મૂર્તિ છે, તો બીજી બાજુ સમય આવવા પર દુર્ગા, જગદંબા કે ઝાંસીની રાણી, હાડી રાણી તેમ જ પદ્મિની પણ છે. નારી ફક્ત સર્જન જ નથી કરતી પરંતુ પૌરુષને પાશવિક્તાથી દૂર કરી સર્જનાત્મકતાની તરફ લઈ જઈ, સૃષ્ટિને સત્યમ્ શિવમ્ અને સુંદરમ્ બનાવે છે.

કંઈ કેટલીય જવાબદારી સુપેરે અદા કરતી નારીની વ્યસ્તતાને કારણે તેમની પાસેથી પુષ્પરૂપી લેખની યાચના મુશ્કેલ તો છે જ... છતાં પણ આ લેખિકાઓએ ઉત્કૃષ્ટ પ્રતિસાદ આપ્યો છે તે બદલ તેમને ધન્યવાદ... ગુલદસ્તામાં પુષ્પોને સજાવતા થોડાંક લેખરૂપી પુષ્પોને આમ-તેમ કરવા પડ્યાં છે, તો કેટલાંક પુષ્પોને ન્યાય આપી શક્યા નથી. એ બદલ લેખિકાઓની ક્ષમા પણ યાચીએ છીએ. સેજલબેનની પરિકલ્પના પ્રમાણે નારી દ્વારા લખાયેલ નારીના જ લેખો લેવાના હોવાથી કેટલાંક પુષ્પો પ્રાપ્ત પણ કરી શક્યા નથી. પણ જે મળ્યા એમાંથી સંતોષ માનવો પડ્યો છે

આ અંકને તૈયાર કરવામાં જેનો જેનો સાથ-સહકાર પ્રાપ્ત થયો છે, એ બધાના અમે ઋણી છીએ...

અમારાથી કોઈ પણ પ્રકારની ક્ષતિ થઈ હોય તો વાચકગણને ધ્યાન દોરવા વિનંતી...

અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૯૨૮ ૨૮૧૯૬, મુંબઈ
૯૮૨૧૦ ૫૦૫૨૭, મુંબઈ

# નારી તું છે ન્યારી...

ડૉ. રતનબેન ખીમજી છાડવા અને ડૉ. પાર્વતીબેન નેણશી ખીરાણી

**લં**ડનના એરપોર્ટ પર એક બહેન સાથે પરિચય થયો વાતચીત કરતાં જાણવા મળ્યું કે બહેન લંડનના એક મોટા વેપારીને ત્યાં ભારતથી ઘરકામ અર્થે આવ્યા હતા. એમના પતિ અને બાળકો મુંબઈમાં રહેતા હતા. અને પોતે લંડનમા. અનુકૂળતા પ્રમાણે મુંબઈ આંટોફેરો કરી આવતા હતા. વાતવાતમાં પૂછ્યું કે તમે મુંબઈને મીસ કરતા હશો ને? ત્યાંનો માહોલ અને અહીંનો માહોલ અલગ લાગતો હશે? ત્યારે એ બહેને હસીને કહ્યું બહેન જેવો સૂરજ અહીં ઊગે છે એવો જ સૂરજ ત્યાં ઊગે છે પરંતુ અહીં રહેવાથી મારા પરિવારમાં તો સોનાનો સૂરજ ઊગ્યો છે ને! આજે અહીં જે પગાર મળે છે એમાંથી ધારાવીની ઝૂંપડપટ્ટીમાંથી નીકળીને સાયનના (ગગનચૂંબી) સ્કાયસ્ક્રેપરના ફ્લેટમાં સ્થાયી થવા મળ્યું છે. અહીં હું એક્સ્ટ્રા કામ કરીને પાઉન્ડ કમાઉં છું જેનાથી મારા કુટુંબનું ગુજરાન ચાલે છે. વળી અહીં રહીને એમની ભાષા પણ આત્મસાત થઈ ગઈ છે, જેથી ક્યાંય એકલી જાઉં તો મુંઝાતી નથી. અહીં પણ થોડા પૈસા એકઠા કરીને એક નાની જગ્યા ભાડે લીધી છે તેમ જ ગાડી પણ શીખી લીધી છે. હવે તો મારા પતિને પણ અહીં બોલાવી લઈશ જેથી અમે બંને સુખેથી જીવન પસાર કરી શકીએ. બાળકો એમનું જીવન જીવશે અને અમે અમારૂં.

આ સાંભળીને વિચારમાં પડી જવાયું કે એક નારી સંકલ્પશક્તિથી સ્વયંસિદ્ધા બની શકે છે અને નારીના અનેક ગુણો તરવરવા લાગ્યા. પરિવાર માટે ત્યાગ, સમર્પણ, શ્રદ્ધા, અથાગ મહેનત, નવા નવા વાતાવરણમાં ગોઠવાઈ જવું, નવું નવું શીખવું, કરકસર કરીને જીવવું, મોજશોખને તિલાંજલિ આપવી વગેરે વગેરે. છતાંય આત્મસંતોષથી જીવવું. એ સાથે જ એક કવિના શબ્દો ગુંજવા લાગ્યા.

**માણો તો હું મોજ છું, પણ ઘટતી જાઉં રોજ છું**
**ક્યારેક દુઃખનો ધોધ છું, તો ક્યારેક સુખની ખોજ છું.**
**ભરી લો તો હું શ્વાસ છું, રાખી લો તો હું વિશ્વાસ છું.**
**ક્યારેક આસપાસ છું, તો ક્યારેક બહુ ખાસ છું હું.**

આમ વિચારણા કરતાં કરતાં નારી સંબંધી વિવિધ ક્ષેત્રે આલેખાયેલા પૃષ્ઠો ખૂલતાં ગયા જેમ કે,

'यत्र नार्यस्तु पूजयन्ते रमन्ते तत्र देवता।' આ સૂક્તિ ઘણી જ પ્રાચીન છે, તો પણ એની મહત્તાને આજે પણ જાણીએ છીએ, સમજીએ છીએ, અને અનુભવ પણ કરીએ છીએ. જેમ માનવ જીવનમાં નારીનું મહત્ત્વ છે, તેમ આપણી પરંપરામાં, નીતિ શાસ્ત્રોમાં, ધાર્મિક ક્રિયાઓમાં શાસ્ત્રોમાં, ધાર્મિક ગ્રંથોમાં ત્યાં સુધી કે આગમોમાં પણ નારીની મહત્તાનું વર્ણન કરવામાં આવ્યું છે.

આગમોમાં નારીની અસ્મિતાના પ્રશ્ન પર ઐતિહાસિક દૃષ્ટિથી વિચાર કરીએ તો અનેક મહત્ત્વપૂર્ણ તથ્યો આપણી સમક્ષ ઉપસ્થિત થાય છે. નારીને કેવળ પ્રકૃતિની કોમળ-કમનીય કૃતિ જ નહિ પરંતુ એના વિશિષ્ટ વ્યક્તિત્ત્વનો તેમ જ નૈસર્ગિક ગુણોનો પૂંજ માની છે. સર્વ પ્રથમ ઉત્તરાધ્યયન સૂત્ર, જ્ઞાતાધર્મકથા સૂત્ર, અન્તકૃતદશાસૂત્ર વગેરે આગમોમાં સ્પષ્ટરૂપથી નારીને સાધનાના ક્ષેત્રે સર્વોચ્ચ લક્ષ્ય મુક્તિ-મોક્ષ પ્રાપ્ત માટે સક્ષમ માનવામાં આવી છે. સ્ત્રી તીર્થંકરની અવધારણા જૈન દર્શનની એક આગવી વિશિષ્ટ અવધારણા છે, કે જે નારીની ગરિમામાં વધારો કરે છે. એટલું જ નહિ પંદર પ્રકારના સિદ્ધોમાં સ્ત્રી સિદ્ધને સ્થાન આપી નારી પ્રતિ ન્યાય અને આદર્શ સ્થાપિત કર્યો છે.

જૈનધર્મમાં અતીતથી લઈને વર્તમાનકાળ સુધી નારીની એક મહત્ત્વપૂર્ણ ભૂમિકા રહી છે. બ્રાહ્મી-સુંદરીના ઇતિહાસને કોણ નથી જાણતું? વિદ્વતાની દૃષ્ટિથી એમનું સ્થાન સર્વશ્રેષ્ઠ હતું. પોતાના ભાઈ મુનિ બાહુબલીને 'વીરા મ્હારા ગજ થકી નીચે ઉતરો' જેવા શબ્દોથી પ્રતિબોધ આપી, તેમના ગર્વનું ખંડન કરાવ્યું ન હોત તો સંભવ છે કે ભગવાન બાહુબલીની ઉગ્ર તપસ્યા પણ નિષ્ફળ જાત! એટલું જ નહિ આ ભરતક્ષેત્રમાંથી પ્રથમ મોક્ષે જનારનું બિરુદ પણ માતા મરુદેવીએ મેળવ્યું હતું. જ્યાં એકબાજુ જૈનધર્મમાં નારીને સન્માનિત ગૌરવાન્વિત કરવાની સાથે, એના શીલ સંરક્ષણનો પ્રયાસ કર્યો છે, તેમજ એના આધ્યાત્મિક વિકાસનો માર્ગ પ્રશસ્ત કર્યો છે, ત્યાં બીજી બાજુ બ્રાહ્મી - સુંદરી અને ચંદનબાળાથી લઈને આજ સુધી અનેકાનેક સતી સાધ્વીઓએ પોતાના ચારિત્રબળ તથા સંયમ સાધનાથી જૈનધર્મની ધ્વજા ફરકતી રાખી છે. મહાસતી રાજેમતી હોય કે રાણી કમળાવતી કે પછી ઉપાસિકા જયંતિ હોય દરેકના ઉજ્જવળ ચારિત્ર નારી સમાજ માટે આજે પણ એટલા જ પ્રેરણાદાયક રહેલ છે. એટલું જ નહિ દેવી ઉપાસનાના રુપમાં

સરસ્વતી, લક્ષ્મી, દુર્ગા, મહાકાલી વગેરે એ તથ્યને ઉજાગર કરે છે કે નારી ફક્ત ઉપાસક જ નહિ પરંતુ ઉપાસ્ય પણ છે.

જૈનધર્મમાં નારીનું કેટલું મહત્ત્વપૂર્ણ સ્થાન છે, એનું મોટું પ્રમાણ એ છે કે પ્રાગ્ઐતિહાસિકકાળથી વર્તમાનકાળ સુધી જૈન સંઘમાં સાધુઓની અપેક્ષાએ સાધ્વીજીઓની સંખ્યા અધિક રહી છે. એટલું જ નહિ સંયમમાર્ગે પ્રવેશ કરી તેમણે પોતાની દક્ષતા. ક્ષમતા અને શૌર્યતાનો પરિચય કરાવ્યો છે. એવી જ રીતે શ્રાવિકાઓનું યોગદાન પણ વિશેષ રહ્યું છે. આ બધા જ તથ્ય એ વાતનું પ્રમાણ કરે છે કે જૈનધર્મમાં નારીની મહત્તા, ગરિમા કે તેની અસ્મિતા વિશેષરૂપે જ રહી છે...

ભગવાન બુદ્ધ જે ભગવાન મહાવીરના સમકાલીન હતા, પરંતુ તેમણે શરૂઆતમાં ભિક્ષુસંઘમાં નારીને વિશેષ મહત્ત્વ આપ્યું ન હતું. નારીને અલગ જ રાખી હતી. પરંતુ મુખ્ય શિષ્ય આનંદના આગ્રહથી ક્ષીરદાયિકા ગૌતમીને પ્રથમ શિષ્યા તરીકે સ્વીકૃતિ આપી હતી. તેમ જ કેટલી શરતો સાથે ભિક્ષુણ સંઘ સ્થાપવાની મંજૂરી આપી. બૌધ્ધકાળમાં અનેક નારીઓ પરમ પંડિતા, વિદુષી અને દાર્શનિક હતી. જે રાણીઓ, અમાત્યો, કે ઉચ્ચ અધિકારીઓ સાથે સ્વતંત્રતાપૂર્વક ધર્મતત્ત્વ સંબંધી વિચારોનું આદાન-પ્રદાન કરી ધર્મ પ્રભાવના કરતી હતી. આ ભિક્ષુણીઓ થેરી નામથી પ્રસિદ્ધ થઈ. 'થેરી' એટલે 'જ્ઞાનમાં વધેલી નારી.' આવી અનેક થેરીઓએ પોતાના અનુભવોથી લેખ સ્વરૂપે રચના કરી જે થેરી ગાથાના નામથી ઓળખાય છે.

જૈન સંસ્કૃતિની જેમ વૈદિક સંસ્કૃતિમાં લોપા, મુદ્રા મૈત્રીયી વગેરે નારીઓને બહુ મહત્ત્વ આપવામાં આવ્યું છે. વેદકાળમાં સમાજ વ્યવસ્થા ભલે પુરુષપ્રધાન હતી છતાં સ્ત્રી શિક્ષણ અને નારી સ્વતંત્રતા હતી. એ કાળમાં ધર્મ કે ફિલસૂફીના કોઈ મુદ્દા પર, પંડિતો અને વિદ્વાનોમાં વાદવિવાદ થાય ત્યારે એક જ વ્યક્તિની મધ્યસ્થીથી તકરારનો અંત આવતો... એ હતી વિદુષી... ગાર્ગી. એના અભિપ્રાયથી કોઈ પણ શાસ્ત્રોકૃત વિવાદ પર પૂર્ણવિરામ મૂકાઈ જતું. એટલે જ રાજા જનકના દરબારની નારીરત્ન ગણાતી હતી.

પ્રાચીના વૈદિક કાળમાં વેદવેદાંતમાં આવી અનેક સ્ત્રીઓ અદ્વિતીય ગણાતી હતી. આ તો થઈ વિદુષીઓની વાત પરંતુ સામાન્ય સ્ત્રીઓને પણ એટલું જ મહત્ત્વ આપવામાં આવતું હતું. એ વખતે સમાજ માતૃમૂલક હતો. સંતાનને જન્મ આપી શકવાની સ્ત્રીની ક્ષમતાને લીધે સમાજમાં એમનું સ્થાન ઘણું ઊચું હતું. એમના પ્રત્યે આદરભાવ રાખવામાં આવતો. કેમકે મા, મમતા, મહિલા અને માનવતા આ બધા શબ્દોમાં 'મા'નો મહિમા સમાયેલો છે. 'મા'નો કોઈ વિકલ્પ નથી. નારી જ્યારે 'મા' બને છે, ત્યારે મમતા જે એનો મૂળગુણ છે તે એના ચારિત્રમાં સદાય સમાયેલો હોય છે, માટે જ માતાની ભૂમિકા સર્વશ્રેષ્ઠ ગણી છે.

રામાયણ અને મહાભારત આપણો અમર વારસો છે. એનાથી ભાગ્યે જ કોઈ અપરિચિત હશે. એના સ્ત્રીપાત્રોમાં કોઈની પુત્રી, કોઈની પત્ની તો કોઈની માતા હોવા ઉપરાંત પણ આ સ્ત્રીઓ સ્વતંત્ર અને વિશિષ્ટ વ્યક્તિત્ત્વ કે અસ્તિત્વ ધરાવે છે. જેમ કે માતા કૌશલ્યા પોતાની વિદ્વતાને કારણે 'મંત્રવિત્ત' તરીકે જાણીતા હતા. તો દ્રૌપદી એની જ્ઞાન વિદ્યાને લીધે 'પંડિતા' કહેવાતા. જ્યારે ગાંધારી પોતાના દેશપ્રેમને કારણે ધર્મસહાયિકા બની તો ઊર્મિલાનો અદ્ભુત ત્યાગ કેમ ભૂલાય! આમ વૈદિકકાળમાં નારીજીવન સાત્ત્વિક તેમ જ ઊચું રહ્યું છે.

ઈસાઈ ધર્મના પ્રરૂપક ઈશુખ્રિસ્ત હતા. તીર્થંકરોની માતાની જેમ ઈસાઈ ધર્મમાં પણ માતા મરિયમને પૂજનીય માનવામાં આવે છે. ઈસાઈ પરંપરામાં નારીનું સન્માન જળવાયેલું જોવા મળે છે, એટલું જ નહિ નારી શિક્ષણ ક્ષેત્રે ખૂબ આગળ વધી અનેક સામાજિક ઉત્થાનની પ્રવૃત્તિઓ સાથે સંકળાયેલી છે. જૈન પરંપરાની જેમ જ ઈસાઈ પરંપરામાં પણ ભિક્ષુણી સંઘ જોવા મળે છે. આ સંઘમાં દીક્ષિત થયેલ સાધ્વીને 'નન' કહેવામાં આવે છે. જેઓ પોતાના જ્ઞાનદાન અને સેવાના કાર્યથી સમાજમાં અદકેરું સ્થાન પ્રાપ્ત કરે છે, નારીમાં રહેલ સમર્પણ, ત્યાગ અને સેવાની ભાવનાનો ત્રિવેણી સંગમ અહીં તાદશ્ય જોવા મળે છે.

આમ દરેક ધર્મદર્શનમાં નારીને શ્રેષ્ઠ માનવામાં આવી છે. એવી જ રીતે પારિવારિક, સામાજિક તેમ જ રાષ્ટ્રીય દૃષ્ટિએ પણ એનું મહત્ત્વ કાંઈ ઓછું નથી!

'ઘરનું ઢાંકણ નાર' એમ ગણો કે પછી જેમ મંદિરની શોભા પ્રતિમાથી હોય છે, તેમ ઘરની શોભા ગૃહલક્ષ્મીથી હોય છે. એટલે જ કહ્યું છે કે, 'ગૃહિણી ગૃહમુચ્યતે' પ્રકૃતિથી પુરુષ કઠોર, દઢ - સંકલ્પી અને આરામપ્રિય હોય છે જ્યારે નારી કોમળ, અનાગ્રહી, સહિષ્ણુ, મૃદુભાષી તેમજ સતત શ્રમ પરાયણ હોય છે, એટલા માટે જ કહેવાય છે કે,

**''નારી નિંદા ન કીજિયે, નારી નરકી ખાન,**
**નારીસે નર હોતે હૈ, ધ્રુવ, પ્રહલાદ સમાન.''**

નારીને જગતની જનની કહેવામાં આવી છે. તીર્થંકર પરમાત્મા જેવા શ્રેષ્ઠ પુત્રોને જન્મ આપવાવાળી માતા પણ જનની જ છે. માતાનું હૃદય સ્નેહ, વાત્સલ્ય, અને મમત્ત્વનું અનોખું સંગમ છે. જે શબ્દબંધનથી દૂર અનુભૂતિગમ્ય રૂપે જ રહેલ છે. 'મા' શિશુની પ્રથમ પાઠશાળા છે. 'અભિમન્યુ' એનું જ્વલંત ઉદાહરણ છે. જો કે ઇતિહાસના પાને અનેક મહાપુરુષોના જીવન નિર્માણમાં એમની માતાનો મહત્તમ ફાળો હતો એવા ઉદાહરણ અંકિત થયેલા જોવા મળે છે.

ભારતના જ નહિ વિદેશના મહાપુરુષોએ પણ પોતાની બુદ્ધિ, વિદ્યા, કે પછી ધન-વૈભવ, પદ કે સન્માન આ બધાનું મૂળ કારણ આદરણીય માતાને જ ગણી છે. ખરેખર! માતા-જનની માનવજીવનની નિર્માત્રી અને નિયંત્રી છે. એટલું જ નહિ નારી પરિવારની એકતા અને મધૂરતાની કડી છે, નારીની શરૂઆત ઘરથી અને ઘરની શરૂઆત નારીથી જ થાય છે. તેનામાં સામજસ્ય, સેવા, ત્યાગ અને જવાબદારીનો અહેસાસ આ બધા જ ગુણો સીમેંટની જેમ હોય છે જે પરિવારના દરેક સદસ્યને (ઈંટોની જેમ) જોડેલા રાખે છે. જેના કારણે તે પરિવારની ધૂરી સમાન ગણાય છે. તૂટેલાંને જોડવું એની કાબેલિયત છે. સંસારચક્રમાં જ્યારે સળ પડે છે ત્યારે એ સળને ભાંગવાનું કામ સ્ત્રી ઈસ્ત્રી થઈને કરે છે, અને જ્યારે એનો સંસાર ચીંથરેહાલ થઈ ગયો હોય ત્યારે ચીંથરાને સાંધવાનું કામ સ્ત્રી સોય થઈને કરે છે.

નર અને નારી સમાજના બે અભિન્ન અંગ છે. સમાજ નિર્માણમાં નરથી અધિક નારીની ભૂમિકા મહત્ત્વપૂર્ણ માનવામાં આવી છે. નારીની અંદર સદ્સંસ્કારોને રોપવાની અદ્ભૂત ક્ષમતા વિદ્યમાન છે. સંસ્કારો વગર કોઈપણ વ્યક્તિ, પરિવાર, સમાજ કે રાષ્ટ્ર ક્યારેપણ ઉન્નતિના ઉત્તુંગ શિખર પર પ્રતિષ્ઠિત થઈ શકતાં નથી. આમ સમાજ શાસ્ત્રનું તે પ્રથમ સુર્વણ-પૃષ્ઠ છે, કે જ્યાંથી માનવીનો ગરિમામય ઇતિહાસનો શુભારંભ થાય છે. તેની શક્તિથી સમાજ સંતૃપ્ત રહે છે. એની કાર્મણ્યતાથી ગૌરવાન્વિત થતો રહે છે. દહેલી પર રહેલ દીપક જેમ ઘરની બહાર પણ પ્રકાશના ફેલાવે છે તેમ નારી ઘર, પરિવાર અને સમાજને પવિત્ર અને યશસ્વી બનાવે છે.

જીવનની ઘટમાળમાં સમય ક્યારેય રોકાતો નથી. સમાજ, સભ્યતા અને સંસ્કૃતિ પણ સમયની સાથે કરવટ બદલે છે. સદીઓની યાત્રામાં જે પાછળ છૂટી જાય છે તે પ્રાચીન ગણાય છે અને સાંપ્રત સમયનું મૂલ્ય હોય છે કે જે ભવિષ્યની કેડી કંડારે છે. આ કથન નારીના સંદર્ભમાં પણ અતિ મહત્ત્વપૂર્ણ રહ્યો છે. આજની નારીનું જીવન ફક્ત ઘર સુધી સીમિત રહવું નથી. આજની નારીઓ પરિવાર, સમાજ, રાષ્ટ્ર, આંતરરાષ્ટ્રીય ફલક પર પોતાની આગવી ઓળખ બનાવી પોતાની અસ્મિતાને ચાર ચાંદ લગાવી રહી છે.

વર્તમાન સમયમાં રાષ્ટ્રના દરેક ક્ષેત્રમાં મહિલાઓએ પોતાનું નામ રોશન કર્યું છે. ખેલકૂદ, નૃત્ય, વ્યાપાર, કલા, અંતરિક્ષ યાત્રા વગેરે વગેરેમાં યશસ્વી રહી છે. એટલું જ નહિ મહિલાઓ આજે વકીલ, ડૉક્ટર, ઈંજીનિયર, પ્રશાસક, શિક્ષિકા, નેતા વગેરે ક્ષેત્રે આગળ આવી રહી છે. અનેકોએ રાષ્ટ્રના ઉત્થાનમાં પણ મહત્ત્વપૂર્ણ યોગદાન આપ્યું છે. કેટલીક નારીઓએ ફક્ત વિજ્ઞાન, રાજનીતિ, સાહિત્યમાં જ પોતાની મેઘાનો પરિચય આપ્યો છે એટલું જ નહિ પોતાના સાહસ અને ચીવટના માધ્યમથી સ્વાતંત્રતા સંગ્રામમાં પણ સદ્ભાગી બની પોતાના દેશપ્રેમને જન જનની સમક્ષ ઉજાગર કર્યો છે.

આ પ્રકારે ભારતીય નારી ફક્ત ધર્મના ક્ષેત્રમાં જ નહિ પરંતુ તપ અને ત્યાગમાં, વીરતામાં, રાજનીતિમાં વગેરે અનેક ક્ષેત્રોમાં હંમેશા પુરુષની સમકક્ષ કે તેનાથી આગળ રહી છે.

આજની આધુનિક નારી માટે પરિવાર અને કાર્યક્ષેત્ર બન્ને મહત્ત્વપૂર્ણ છે. બન્ને ક્ષેત્રોમાં સંતુલન અને સાંમજસ્ય બનાવવું એની વાસ્તવિક ફરજ છે. જેને આજની શિક્ષિત નારી સારી રીતે જાણે છે. પરંતુ સાચી આધુનિકતા તો એ છે કે નારી ગમે તેટલી ઊંચાઈને પ્રાપ્ત કરી લે, તો પણ એને હંમેશા એવો અહેસાસ રહેવો જોઈએ કે કેવી પરિસ્થિતિમાં એના પરિવારને એની જરૂર પડશે? કેમ કે પદ જેટલું મોટું તેટલું કાર્ય મોટું સંતુલન કરવા માટે કાર્યસ્થાન પર હોય ત્યારે પૂર્ણ ક્ષમતા અને યોગ્યતાથી પોતાનું દાયિત્વનું નિર્વહન કરે, અને જ્યારે ઘરે પાછી ફરે ત્યારે કાર્યસ્થાનનું કાર્ય ત્યાં જ છોડીને ઘરની જવાબદારી પૂર્ણરૂપે પ્રતિબદ્ધતાપૂર્વક સંભાળે. આના માટે જરૂરી છે ત્યાગ... પ્રતિબદ્ધતા અને સમયની નિયમિતતા...

**"સૃષ્ટિની આરંભ છે તું, જીવનની પ્રારંભ છે તું**
**કેન્દ્રબિન્દુ છે તું, આ ધરાની આદિ પણ તું..."**

✦ ✦ ✦

# હવે પુરુષમુક્તિ

પ્રો. ઈલા આરબ મહેતા

**ના**રીમુક્તિ વિશેષાંકમાં નારીમુક્તિ, સ્ત્રીસશક્તિકરણ, નારીવાદ – ઘણી રીતે વિચાર કરી શકાય.

પણ પુરુષમુક્તિ?

હા, નારીમુક્તિની કલ્પનાં ત્યારે જ યથાર્થ થશે જ્યારે પુરુષ પણ મુક્તિ પામશે.

મુક્તિ પામશે જ્યારે તે મુક્ત થશે. તેના પર થોપી દેવાયેલા પુરુષપણાના ખોટા, અધુરા ખ્યાલોથી.

સ્ત્રી પુરુષ બન્નેની મુક્તિ એકમેક પર આધારિત છે.

બહુ વર્ષો પર મેં એક નવલિકા લખી હતી. ''ભાયલો – બાયલો''. આ નવલિકામાં મેં એક પંદરેક વર્ષના છોકરાની વાત કરી છે. મિલન, સુખી અને સમૃદ્ધ કુટુંબનો છોકરો છે. શાળામાં નવમા ધોરણમાં ભણે છે. આ શાળામાં નવમા ધોરણના વિદ્યાર્થીઓને બે વિષયોનો વિકલ્પ છે. નૃત્ય અને અકાઉન્ટ્સ. એકની પસંદગી કરવાની છે. મિલનને નૃત્ય ગમે છે, ક્લાસિકલ નૃત્ય શીખવા માગે છે. પણ ઘરમાં તો મિલનની પસંદગીથી આભ તૂટી પડ્યું. 'છોકરો નૃત્ય શીખે?' 'બાયલો છે?' 'છોકરી છે તું?' તેવા સવાલો ઊઠે છે. અંતે શાળા જ આ વિકલ્પ બંધ કરી, અકાઉન્ટ્સ રાખે છે. મિલનની બહેન સુજાતા સી.એ.ની પરીક્ષામાં ઑલ ઈન્ડિયામાં પહેલી આવી. જ્ઞાતિ તરફથી તેનો સન્માન સમારંભ થાય છે. ત્યારે મિલન વિચારે છે કે દીકરીઓને જે કરવું હોય તે, જે ભણવું હોય તેની સમાજે સ્વતંત્રતા આપી છે તો દીકરાઓને કેમ નહીં?

દીકરો એટલે ડૉક્ટર, એન્જિનિયર, વકીલ, વૈજ્ઞાનિક જ બને, અથવા જબરજસ્ત બિઝનેસ જમાવે, તેવી સમાજ અપેક્ષા રાખે.

આપણા સમાજમાં – કદાચ પશ્ચિમમાં પણ – પ્રાચીન સમયથી પુરુષો અને સ્ત્રીઓ માટે જુદા નિયમો ઘડાતા આવ્યા છે.

સ્ત્રી એટલે સહનશીલતાની મૂર્તિ, ક્ષમાશીલ, પતિના અસ્તિત્વમાં વિલીન થઈ જનારી સરિતા. ગમે તેવા અત્યાચારો થાય પણ મૂંગે મોઢે સહન કરી લેનારી.

અને પુરુષ? પુરુષ એટલે આક્રમકતા, જીવન સ્પર્ધામાં જીતતો, પુષ્કળ નામ ને દામ કમાનારો.

અંગ્રેજીમાં જેને ''માચો'' કહેવાય છે તેવો.

અને આ લખું છું ત્યારે ટી.વી. પર જબરજસ્ત ડીબેટ ચાલી રહી છે.

મુંબઈની એક અતિ પ્રતિષ્ઠિત શાળાના વિદ્યાર્થીઓના વ્હોટઅપ ગ્રુપમાં સાથે અભ્યાસ કરનારી વિદ્યાર્થિનીઓ માટે જે લખ્યું છે તે એટલું શરમજનક છે કે – નમૂના... આ સાલી બીચ... આપણે પણ ગેન્ગરેપ કરીએ – હા, મુંબઈના અતિ ધનાઢય અને ખ્યાતનામ માતાપિતાના આ દીકરાઓ છે! બીજું પણ ઘણું લખ્યું છે પણ અહીં તે લખતી નથી. આઠ જણાંને સસ્પેન્ડ કરવામાં આવ્યા છે!

આ તો તરતી હિમશિલાનો એક ભાગ છે. હવે સ્ત્રીઓ રાતે પોતાના કુટુંબ જોડે પણ બહાર જાય તો ગુંડાઓ પીછો કરે છે.

આમાંથી મુક્તિ કઈ રીતે મળશે? માચો પુરુષોની આટલી અધમતાને કઈ રીતે નિર્મૂળ કરાશે?

જ્યાં સુધી એ નહીં બને ત્યાં સુધી સ્ત્રી મુક્તિ સંભવ નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૩૦૫ ૦૦૧૨૮

# નારીવાદી અર્થશાસ્ત્ર

પ્રો. ડૉ. વિભૂતિ પટેલ

**ના**રીવાદી અર્થશાસ્ત્ર સ્ત્રી-પુરુષ સામાજિક સંબંધો અને લિંગભાવી પરિપ્રેક્ષ્યમા અર્થતંત્રની ગતિવિધિઓને સમજી કઈ રીતે સમાનતા પર આધારિત અર્થરચના કરી શકાય તેવી દષ્ટિ આપે છે. નારીવાદી અર્થશાસ્ત્રમા હાંસિયાની બહાર રાખવામાં આવેલ બધા જ સમુદાય નારી, દિવ્યાંગ, લૈંગિક લઘુમતિ ધાર્મિક લઘુમતિ અને જાતિવ્યવસ્થામા સૌથી ''નીચા'' ગણવામાં આવેલ સમુદાય, રંગભેદના શિકાર અશ્વેત પ્રજાના પ્રશ્નોને વાચા આપે છે. નારીવાદી અર્થશાસ્ત્ર એ પૂર્વભૂમિકા પર રચાયેલ છે કે પિત્તૃસત્તાક મૂલ્યવ્યવસ્થા, જે ૫૦૦૦ સાલથી આ પૃથ્વી પર એક ચક્રી શાસન ચલાવે છે, એ અર્થતંત્રની સંરચના પિરામિડના આકારમાં કરે છે અને એના સ્તરીકરણમાં સ્ત્રીઓ ખાસ કરીને પદદલિત, ગરીબ, ઓછું ભણી શકેલી સ્ત્રીઓ, બાળકો અને ત્રુતીય લિંગી સમાજને સૌથી નીચે,

કચડાયેલા, શોષિત, શાષિત અને ગરિમાવિહીન બનાવી દે છે. વિવિધ પ્રકારના બૌદ્ધિક છળ, માયાવી ભ્રમજાળ અને શારિરીક – યૌનિક હિંસાના હથિયારો થકી 'જૈસે થે'ની પરિસ્થિતિ ચાલુ રાખે છે. પિતૃસત્તાક મૂલ્યવ્યવસ્થામાં એટલી લવચીકતા છે કે અવનવા રૂપે ધારણ કરી ગુલામીયુગ, સામંતવાદ, પૂંજીવાદ, ઈજારાશાહી અને સમાજવાદી-સામ્યવાદી સમાજોમાં પણ પોતાનું સ્થાન જમાવી સ્ત્રીની યૌનિકતા, શ્રમ અને પ્રજનનને અંકુશમાં રાખી આર્થિક શોષણ અને સામાજિક ભેદભાવ ચલાવે જ રાખે છે.

**મુખ્યધારાનું અર્થશાસ્ત્ર અને નારીવાદી ટીમ** – સર્વપ્રથમ અર્થશાસ્ત્રની ફિલસોફીમાં ગ્રીક ફિલસૂફોનું આધિપત્ય રહ્યું છે. એરિસ્ટોલ, પ્લેટો અને અર્થશાસ્ત્રના મહત્વના ચિંતકો માનતા હતા કે સ્ત્રી અને ગુલામોને નાગરિકત્વ ન મળી શકે, માટે એમના અંગત હક્કો, ગરિમા, ન્યાયને સમાજમાં કોઈ સ્થાન જ નથી. એમનો શ્રમ પણ 'અદૃશ્ય' કરી દેવામાં આવે છે. એની કોઈ ગણના નથી, એનું કોઈ મૂલ્ય નથી. આ જ સિદ્ધાંતને આગળ વધારી આધુનિક અર્થશાસ્ત્ર પહેલો પાઠ એ ભણાવે છે કે એક માલિક જો એની રસોયણ સાથે લગ્ન કરે તો દેશની આવક ઓછી થઈ જાય? આપણે પૂછીએ, 'કેવી રીતે?' તો અર્થશાસ્ત્ર કહેશે, 'જ્યારે એ બેન રસોયણ હતા ત્યારે એમને વેતન મળતું અને હવે એ બેન માલિકના પત્ની બની ગયા છે. કામ તો એ જ કરે છે પણ એમને પગાર નથી મળતો.' રાષ્ટ્રીય આવકની ગણતરીની ત્રણ પદ્ધતિઓ – આવક, ઉત્પાદન, ખર્ચમાં ક્યાંય ઘરકામ કે અવેતન સારસંભાળ, (જે ઘરની મા, બહેન, પત્ની, ગરીબ સગાસંબંધીની મહિલાઓ કરે છે)ની ગણતરી કરવામાં આવતી નથી. આમ વાસણ ઘસવાં, કપડા ધોવાં, ઘરની સફાઈ કરવી, માંદાની સેવા કરી, બાળકને જન્મ આપી – ઉછેરીને મોટા કરવા તો 'કામ' નથી જ ગણતા. સાથે સાથે વિશ્વની મોટાભાગની બેનોની વેઠ, પાણી લાવવું, ઘાસચારો લાવવો, બળતણના લાકડા લાવવા, જંગલમાંથી કંદ-મૂળ, ઘરગથ્થુ જડીબૂટ્ટી લાવવી, આંગણામાં ભાજી-શાક-ફળ ઉગાડવા જેવા કામો જેની માટે એને કોઈ પૈસા, પગાર/વેતન/માનધન નથી મળતું એને કામ નથી ગણવામાં આવતું અને આપણી કહેવતો, 'ચાર ચોટલા તોડે ઓટલા', 'બૈરા તો બેઠાડું જીવન જીવે', 'પતિ કમાયે અને પત્ની ખર્ચો કરી પતિના માથે ટાલ પાડી દે' જેવી માન્યતાને પૃષ્ટિ આપે છે. અર્થશાસ્ત્રમાં પુરુષોનો જ અવાજ સંભળાતો હતો. છેલ્લા ૪૦ વર્ષમા નારીવાદી અર્થશાસ્ત્રે પોતાના સંશોધનો, સિદ્ધાંતો, લખાણો અને સ્ત્રી અભ્યાસના પાઠ્યક્રમ થકી નીતિના ઘડવૈયાઓ સુધી પહોંચવાના પ્રયત્નો કર્યા છે.

૧૯૬૦ના દાયકામા નારીવાદી આંદોલનમા સક્રીય વિદુષી ચિંતકોએ સંયુક્ત રાષ્ટ્રસંઘના દસ્તાવેજો બનાવવામાં મહત્વના યોગદાન આપ્યા. આર્થિક વિકાસની પરંપરાગત પરિભાષાને આવાહન આપ્યું. વિકાસ એટલે ઔદ્યોગિકરણ, હરિયાળી ક્રાંતિ, શ્વેત ક્રાંતિ, મશીનકરણ નહીં પણ સાચો વિકાસ એ માનવવિકાસ જેમા શિક્ષણ, સ્વાસ્થ્ય, રોજગાર, નિર્ણયાત્મક સ્થાનોમાં ભાગીદારી, સામાજિક ન્યાય અને મુક્ત રીતે જીવવાનો હક્ક ગણાવા જોઈએ એ પ્રકારની વાતો થવા લાગી. લખાણો, પ્રકાશિત થવા લાગ્યા, એસ્થર બોસરપ નામની ડેનમાર્કના અર્થશાસ્ત્રી બેને પોતાના આફ્રિકાના સંશોધનના અન્નસુરક્ષા તારતમ્યમા જણાવ્યું કે આફ્રિકા અન્નસુરક્ષા સ્ત્રીઓ અને બાળકોના શ્રમને આભારી છે. સંયુક્ત રાષ્ટ્રસંઘે ૧૯૭૨મા બધા જ સભ્ય રાષ્ટ્રોને પોતપોતાના દેશમા 'મહિલાએ સ્થાન' પર રીપોર્ટ બનાવવાનો સંદેશ આપ્યો. ભારતમાં પણ આ રિપોર્ટ 'સમાનતા તર્ફે' તૈયાર કરાયો અને સંસદમા આ દસ્તાવેજની ઊંડાણપૂર્વક ચર્ચા કરવામાં આવી. ૧૯૫ના રીપોર્ટનો નીચોડ એ હતો કે બધા જ દેશોઓ નારીવિકાસ, શાંતિ અને સમાનતા માટે વિશિષ્ટ પગલાં લેવા પડશે. આધુનિકીરણ કે આર્થિક વિકાસને લઈને પોતાની મેળે જ મહિલાઓનું સશક્તિકરણ થવું અસંભવ છે. પ્રગતિશીલ કાયદાઓ, આયોજન, નીતિઓ ઘડીને મહિલાઓને થયેલ ''ઐતિહાસિક અન્યાય''ને દૂર કરવો પડશે. માટે સંયુક્ત રાષ્ટ્રસંઘે આર્થિક-સામાજિક વિભાગમાં – 'મહિલાઓનું સમાજમા સ્થાન' નામનો વિભાગ શરૂ કર્યો અને ૧૯૭૫થી આજ સુધી દર વર્ષે સભ્યદેશોએ અહેવાલ રજૂ કરવાનો રહે છે. આ અહેવાલોનો અર્ક એ બતાવે છે કે વિશ્વમાં 'લગભગ' ૫૦% મહિલાઓ છે જે આખા અર્થતંત્રનું ૨/૩ એટલે કે ૬૬% કામ કે છે અને એના બદલામાં એમને આખા વિશ્વ ૧/૧૦ એટલે કે ૧૦% આવક પ્રાપ્ત થાય છે અને સ્ત્રીઓ ફક્ત ૧% સંપત્તિની માલિક છે. કૃષિક્ષેત્રે વિશ્વનું ૨/૩ અન્ન ઉત્પાદન સ્ત્રીઓ કરે છે અને તેમને 'ખેડૂત' પણ ગણવામાં નથી આવતા. તદ્દુપરાંત કૃષિકામદાર બહેનો પાસે આખા વિશ્વના ફક્ત ૧% સંસાધનો છે. એમની પાસે ઘર, હળ, યંત્રો, વાહનો, બચત પણ નથી.

**ભારતના સંદર્ભમાં નારીવાદી અર્થશાસ્ત્ર** – ''સમાનતા તર્ફે'' અહેવાલે ૧૯૭૪મા દર્શાવ્યું. ભારતીય અર્થતંત્રમા સ્ત્રીઓનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે. વિકાસની દોડમાં સ્ત્રી આ હાંસિયામાંથી બહાર ફેંકાઈ ગઈ છે. સ્ત્રીઓનું અવેતનકામ, ઢોરમજૂરી વધી ગયાં છે. લાચારી, એમને અસંગઠિત ક્ષેત્રે ખૂબ ઓછા પગારે ગુલામની માફક કામ કરવા મજબૂર કરે છે અને સ્ત્રીઓની આવક ન હોવાને લઈને એમને પરાવલંબી જીવન જીવવા મજબૂર થવું પડે છે. દહેજ

જેવું દૂષણ આખા દેશમાં પ્રસરી ગયું છે કારણ કે વરપક્ષ નવોઢાને બોજ સમાન માને છે અને નવું સમીકરણ તૈયાર થાય. દહેજ + દીકરી = જમાઈ. દીકરીનો બોજ વેંઢારવા જમાઈને દહેજ આપવામા આવે છે. નારીવાદી અર્થશાસ્ત્રી ડૉ. ઈંદિરા રાજારામે એ પણ બતાવ્યું કે મહિલાઓનો આર્થિક સહભાગ ઓછો થવાથી દહેજહત્યાઓ પણ વધી ગઈ છે. ગરિમાયુક્ત જીવન માટે ન્યૂનતમ શર્ત એ છે કે સ્ત્રી આર્થિક રીતે સ્વાવલંબી બને માટે સ્ત્રીઓના રોજગાર અને સ્વ-રોજગાર વધારવા માટે અને સાથે સાથે સ્ત્રી કામદારો અને નોકરિયાતોના સંગઠિત પ્રયાસો અને સમાન વેતન, સમાન તક અને સમાન વ્યવહારને પોષક કાયદાઓ પણ સરકારે બનાવવા જોઈએ. આમ ૧૯૭૬મા પહેલી વાર આપણા દેશમા સમાન વેતન ધારો, ૧૯૭૬ ઘડવામાં આવ્યો. આ કાયદાનો ઉપયોગ લાખો બહેનોએ કામના સ્થળે ભેદભાવ, બઢતી, પ્રોમોશન, માતૃત્વના હક્કો અને અસમાન વેતન સામે કાયદેસરની લડત માટે વાપર્યા છે. પહેલા પતિની બદલી થાય. તો નોકરિયાત પત્નીને રાજીનામુ આપવું પડતું. હવે બદલીની નીતિમા પતિ-પત્નીની સગવડનું ધ્યાન રાખી બંનેની નોકરી ચાલુ રહે એવા પ્રયાસો થાય છે. માતૃત્વની રજા આપતી વખતે માલિકે એ નથી જોવાનું કે સ્ત્રી પરણેલી છે કે કુંવારી, એ બાળકને જન્મ આપે છે કે બાળક દત્તક લે છે. આમ ''નૈતિકતા'' અને ''માતૃત્વ''ને જુદા પાડી દરેક માતાને માતૃત્વની રજા આપવાની પધ્ધતિ ચાલુ થઈ છે. કામના સ્થળે જાતીય સતામણી ૨૧મી સદીનો સૌથી ખતરનાક ''વ્યવસાયલક્ષી અકસ્માત'' ગણાયો છે. માટે આપણા દેશમાં કામના સ્થળે જાતીય સતામણી પ્રબંધક કાયદો, ૨૦૧૩માં લાગુ કરવામાં આવ્યો. નારીવાદી અર્થશાસ્ત્રીઓએ દલીલ કરી હતી કે કામના સ્થળે જાતીય સતામણીને લઈને સ્ત્રીઓની ઉત્પાદકતા, કાર્યક્ષમતા તો ઓછી થાય છે પણ કુટુંબીજનો પણ તેને નોકરી કરતા રોકે છે. શિક્ષણક્ષેત્રે જાતીય સતામણીને લઈને તેજસ્વી વિદ્યાર્થિનીઓને પોતાનું ભણતર છોડવું પડે છે. આથી અર્થતંત્રમા ૫૦% સ્ત્રીમાનવ સંશાધન વાપવરામાં અડચણ આવે છે.

૨૦૦૦ની સાલમાં સંયુક્ત રાષ્ટ્રસંઘે – MDG અને ૨૦૧૫ની સાલમા ટકાઉ વિકાસ લક્ષ્યો નક્કી કરાયા ત્યારે પણ નારીવાદી અર્થશાસ્ત્રનો ઘણો મોટો ફાળો જોવામાં આવે છે. ગરીબી, સાક્ષરતા, શિક્ષણ, માતૃત્વ, મરણદર અને બાળમૃત્યુદર ઓછા કરવા, પર્યાવરણ સુરક્ષા, ટકાઉ વિકાસ, વિશ્વશાંતિ અને સહકારના લક્ષ્યાંકોમા સ્ત્રીપ્રશ્ને સંયોજવાનું કામ નીતિ અને અમલીકરણમાં પણ કરવામાં નારીવાદી અર્થશાસ્ત્રોએ અગત્યનો ભાગ ભજવ્યો છે. માટે જ આજે આપણે લિંગભાવી અંદાજપત્ર બનાવીએ છીએ. આર્થિક સુવિધાઓ, કલ્યાણકારી સુવિધાઓ, સામાજિક સુરક્ષા, સામાજિક સલામતીના ક્ષેત્રે કરદાતાઓના યોગદાનના પૈસા, મહિલા ટ્રેન, મહિલા બસ, મહિલાઓના સંરક્ષણગૃહો, મહિલા સ્કોલરશીપ, નોકરિયાત સ્ત્રીઓ માટે હોસ્ટેલ જનની સુરક્ષા યોજના, બાલસુરક્ષા નિધિ, વિજ્ઞાન અને તંત્રજ્ઞાન ક્ષેત્રે મહિલાઓ માટે ખાસ આરક્ષણ કૌશલ્ય વિકાસ માટે યુવતીઓ માટે યોજના, માતૃત્વ રજા ૬ મહિનાની અને યૌનિક અત્યાચાર વિરુદ્ધ કડક કાયદાઓ લાવી શક્યા છે.

નારીવાદી અર્થશાસ્ત્રઓ પોતાના અર્થશાસ્ત્રના જ્ઞાનનો ઉપયોગ નફાખોરી માટે કે બજારમાં વેચવા માટે નથી કરતા. તેઓ દરેક સમસ્યાને એક સામાન્ય નારીજીવન પર આર્થિક નીતિઓની કેવી અસર પડશે એ ચરમાથી ઘટનાનું અર્થઘટન કરી, સમાજ-ઉદ્યોગ-વ્યાપાર-ધંધાના માલિકો અને રાજ્યશાસનને સ્ત્રી-પુરુષ સમાનતા માટે સંવેદનશીલ બનાવે છે. દા.ત. CSR - કોર્પોરેટ કઈ રીતે તેમના સમાજલક્ષી ફંડનો ઉપયોગ કન્યાકેવળણી, મહિલા સ્વાસ્થ્યસુધાર, કામના સ્થળે સલામતી અને ભેદભાવવિહીન કાર્યસ્થળ બનાવવા માટે વાપરી શકે એ અંગેના ઉપાયો દર્શાવે છે.

**નિર્ણયાત્મક સ્થાનો અને નારીવાદી અર્થશાસ્ત્ર** – ભારત દેશે ૨૦૦૧મા મહિલા સશક્તિકરણ નીતિ બનાવી, જેમાં માના પેટમાં દીકરી હોય ત્યાંથી માંડીને, તે વૃદ્ધા તરીકે મૃત્યુ પામે ત્યાં સુધી, જીવનના દરેક તબક્કામાં જે જે સમસ્યાઓ, અંતરાયો, અન્યાયનો સામનો કરે છે એને દૂર કરવા કયા પગલા સરકાર લઈ શકે તે માટે સંશોધનજન્ય સલાહ આપવામાં પંચાયતી રાજની સંસ્થાઓ જેવી કે ગ્રામસભા, ગામ પંચાયત, તાલુકા પંચાયત, જિલ્લા પંચાયત, નગર પંચાયત અને નગરપાલિકાના ચૂંટાઈને આવેલ જનતાના પ્રતિનિધિઓની તાલીમ કરી ક્ષેત્રીય વિકાસના લિંગભાવી અને સમાનતાપોષક પગલા લેવા માટે તાલીમ શિબિરોમા યોગદાન આપ્યું છે. જ્યારે સામાન્ય લોકો મહિલા આરક્ષણ માટે ઠઠ્ઠા મશ્કરી કરી મહિલા પ્રતિનિધિઓની હાંસી ઉડાવે છે ત્યારે નારીવાદી અર્થશાસ્ત્રીઓ ચૂંટાઈ આવેલી મહિલા પ્રતિનિધિઓને હાથ ઝાલી તેઓને શીખવાડે છે કેવી રીતે સત્તાની આંટીઘૂંટી સમજી, પોતાના ફંડફાળાનો ક્ષેત્રીય વિકાસ માટે ન્યાયનિષ્ઠ દૃષ્ટિથી ઉપયોગ કરવો અને પોતાના વિભાગમાં વિકાસલક્ષી પ્રકલ્પો ભષ્ટાચાર, સગાવાદ કે છેતરામણીના શિકાર થયા વગર સફળતાપૂર્વક પૂરા કરવા. કેવી રીતે દળદાર પ્રોપેઝલ (ગ્રાંટની માગણી) કરી જાહેરજનતાની અડચણો દૂર કરી. જો પાકો રસ્તો હોસ્પિટલ સાથે જોડાય તો માતૃત્વ મૃત્યુદર ઓછો થશે કારણ વાહનમાં સુવાવડી સ્ત્રીને સમયસર દવાખાને

લઈ જવાય તો માતા અને બાળકનું જીવન સુરક્ષિત રહે. શા માટે શાળા સાથે ગામના રસ્તા પાકા હોવા જોઈએ. જેથી સરકારી બસો આવી શકે અને સુરક્ષિત રીતે બાળકો પોતાના ગામથી શાળા સુધી પહોંચી શકે અને ગળતી અટકાવી શકાય. શા માટે રેશનની ખાંડ બંધ ન થવી જોઈએ અને ખાંડને દારૂ ગાળનારાઓ માટે ન વેચવી જોઈએ? દારૂબંધીનું અર્થશાસ્ત્ર કે જેમા ઘરની આવક દારૂ પાછળ ખલાસ થઈ જાય, ઘરેલુ હિંસા વધે, બાળક ભૂખે મરે, કુટુંબ કુપોષણનું શિકાર બને તો પછી દારૂની દુકાન માટે પરવાનગી કેમ અપાય છે? ગ્રામીણ વિભાગની મહિલા પ્રતિનિધિઓએ હવે માંગ કરી છે કે ગામની ૫૦% ટકા બેનો ગ્રામસભામા હાથ ઊંચા કરી દારૂબંદીની માંગ કરે એ ગામમા દારૂની દુકાનની પરવાનગી સરકારે ન આપવી. પંજાબની બેનોએ માંગણી કરી કે જ્યાં જ્યાં દારૂની દુકાનો છે ત્યાં જ્યુસ (ફળનો રસ)ની દુકાન ચાલુ કરવી જેથી કોઈ પોતાનો રોજગારને ગુમાવે અને કુટુંબોની બરબાદી રોકી શકાય. 'જેંડર બજેટ'ની નારીવાદી અર્થશાસ્ત્રીઓની છેલ્લા ૩૫ વર્ષની તાલીમમા તળગાળાની ચૂંટાયેલી બેનો પ્રશ્નો રજૂ કરે અને અર્થશાસ્ત્રીઓ તેનો હલ કાઢવા માટે સામુહિક ચર્ચા કરી પ્રયત્નશીલ રહે.

**મહિલાઓના પ્રજનન હક્ક માટે નારીવાદી અર્થશાસ્ત્રીઓનું યોગદાન :** વસ્તી નિયંત્રણના નામે મહિલાના શરીર સાથે ભયંકર ચેડા કરવાની નીતિઓ સામે પણ નારીવાદી અર્થશાસ્ત્રીઓ વિશ્વની દરેક સરકારોને સમજાવ્યું કે જો મહિલાઓનું સામાજિક સ્થાન નીચું જ રહેશે. તો તેમને તેમના જાતીય જીવનમાં કોઈ પણ નિર્ણય કરવાની સ્વતંત્રતા નથી મળતી. તેમણે કેટલા બાળકો જણવા, કેટલા અંતરે બાળકો પેદા કરવા એ નિર્ણય ઘરના વડીલો જ લે અને સ્ત્રીને ફક્ત બાળક જણવાનું મશીન માનવામાં આવે માટે સ્ત્રીસશક્તિકરણ ખૂબ જરૂરી છે. શિક્ષણ અને સ્વસ્થ સ્ત્રી, નોકરી કરતી સ્ત્રી, સંગઠિત સ્ત્રી પોતાના જીવનના નિર્ણયો પોતે લઈ શકે છે. તેને ફક્ત દીકરો જ પેદા કરવો અને દીકરી હોય તો ગર્ભપાત કરાવવો એવી મજબૂરી નથી, સહન કરવી પડતી. ભારતની વસ્તીમાં છેલ્લા ૧૦૦ વર્ષથી શા માટે સ્ત્રીઓનું પ્રમાણ ઓછું થઈ રહ્યું છે? એની માટે સમાજ અને સરકાર શું શું કરી શકે? શા માટે ભારત સરકારે 'બેટી બચાવો, બેટી પઢાવો' અભિયાન ચલાવવું જોઈએ? અસમાનતા દૂર કરો, સ્ત્રીઓને નહીં, અન્યાય દૂર કરો, દીકરીઓ નહીં, દહેજનો વિનાશ કરે, દીકરીઓનો નહીં એ સમજાવવા માટે નારીવાદીઓએ જનગણનાના છેલ્લા ૧૦૦ વર્ષના આંકડાઓનો અભ્યાસ કરી ભવિષ્યવાણી કરી કે જો આપણે વિજ્ઞાનના ઘૂસપયોગને નહીં રોકીએ અને પુત્રી હત્યા કરાવતા જ રહીશું તો ભારતમા મહિલાઓના સ્થિતિ અત્યંત કફોડી થઈ જશે. બાળલગ્નો, છોકરીઓના અપહરણ, જબરજસ્તીની લગ્ન, બહુપતિત્વ, બળાત્કાર જેવી ઘટનાઓમા મોટો ઊછાળો આવશે. ૧૯૯૧, ૨૦૦૧ અને ૨૦૧૧ની જનગણનાના જુદા જુદા રાજ્યોના લિંગદરનો અભ્યાસ કરી જે રાજ્યોમા બાલિકા-સ્ત્રીની સામાજિક સ્થિતિ સારી છે ત્યાં સ્ત્રીવિરુદ્ધ હિંસા ઓછી દેખાય છે અને સ્ત્રીશિક્ષણ, સ્ત્રીસ્વાસ્થ્ય અને સ્ત્રીરોજગાર વિકસ્યા છે. દક્ષિણના ૪ રાજ્ય – તામિલનાડુ, કેરાલા, કર્ણાટક, આંધ્રપ્રદેશ, પશ્ચિમના ૩ રાજ્યો ગોવા, ગુજરાત અને મહારાષ્ટ્ર આ જ કારણોસર, સ્ત્રીવિકાસની દૃષ્ટિએ જુદા તરી આવે છે. પણ આ રાજ્યોમા પણ માના લડવાની ખૂબ આવશ્યકતા છે. કારણ ઉપભોક્તાવાદી સંસ્કૃતિ અને ખર્ચાળ લગ્નોએ ''દિકરી એટલે બોજ''ની ભાવનાને બહેલાવી છે. નારીવાદી અર્થશાસ્ત્રીએ રાજ્ય સરકારોને સલાહ આપીને કેવી રીતે મા-બાપ દીકરીને આવકાર આપતા થાય એવી યોજનાઓ અમલમાં લાવવાની ભલામણ કરી. દા.ત. દીકરી જન્મે તો સરકાર એના નામનું ખાતુ ખોલી તેમા પૈસા મૂકે. અને જ્યારે તે ૨૧ વર્ષની થાય ત્યારે તેના હાથમાં ૧ લાખ રુપિયા મૂકાય. મફત કન્યા કેળવણી, મફત બસ-ટ્રેનનો પાસ, છોકરીઓ માટે હોસ્ટેલ, તંત્રજ્ઞાન જે આજે મોટા પ્રમાણમાં જોવા મળે છે તેની પાછળ નારીવાદી અર્થશાસ્ત્રીઓનો જ ફાળો રહ્યો છે.

નારીવાદી અર્થશાસ્ત્ર સૈદ્ધાંતિક રીતે સામાજિક ન્યાય, લિંગભાવી ન્યાય, વિતરણક્ષેત્રે ન્યાયને વરેલી છે, માટે તેઓ ફક્ત સ્ત્રીઓના પ્રશ્નોને વાચા આપી, એનો ઉકેલ નથી કાઢતા પણ સમાજના જે જે તબક્કાઓ વિકાસની દોડમાં પાછળ રહી ગયા છે, વિકાસના રસ્તા પરથી હાંસિયા બહાર ફેંકાઈ ગયા છે, નોકરી-શિક્ષણ-સ્વાસ્થ્ય-તંત્રજ્ઞાનના ક્ષેત્રે વંચિત રહી ગયા છે. એ બધા જ ભાઈ-બહેનો-વડીલોના પ્રશ્નોને વાચા આપી એના નિરાકરણના માર્ગો બતાવે છે. નારીવાદી અર્થશાસ્ત્રીઓ માને છે કે જો નારીમુક્તિ હાંસિલ કરવી હશે તો માનવમુક્તિ વગર એ શક્ય નથી. માનવમુક્તિ માટે નારીમુક્તિ અનિવાર્ય છે. આમ સમભાવી અર્થકારકાને લઈને આજે સમાજ અને સરકાર, સમુદાય અને સંસ્થાઓમા નારીવાદી અર્થશાસ્ત્ર માનને પાત્ર બન્યું છે.

✦ ✦ ✦

સંપર્ક : vibhuti.np@gmail.com

# સ્ત્રી અને વૃક્ષ

## ડૉ. દેવાંગના દેસાઈ

**સ્ત્રી** અને વૃક્ષ–વનસ્પતિનો ગાઢ સંબંધ મહાભારત, પુરાણો અને સંસ્કૃત કાવ્ય તથા નાટ્ય સાહિત્યમાં વ્યક્ત થયો છે.

પુત્ર પ્રાપ્તિ માટે ભૃગુ ઋષિ જમદગ્નિ અને વિશ્વામિત્રની માતાઓને અશ્વત્થ તથા ઉદુમ્બર વૃક્ષોનું આલિંગન કરવા કહે છે. તે વિધિ કર્યા પછી આ બેઉ ઋષિઓનો જન્મ થાય છે. (કાલિકા પુરાણ : ૮૨, ૬૭-૬૮). મહાભારતમાં બાળક ઇચ્છતી સ્ત્રીઓને વૃક્ષકાઓની પૂજા કરવા કહ્યું છે. (ભીષ્મ પર્વ : ૭, ૨-૧૧).



શાલભંજિકા, જંખાત, કનોજ મ્યુઝિયમ

શાલભંજિકા ઉત્સવનું વર્ણન બૌધ સાહિત્યમાં મળે છે. આ ઉત્સવ શ્રાવસ્તીમાં મોટે પાયે ઉજવાતો. સ્ત્રીઓ શાલ વૃક્ષના પુષ્પો તોડી આનંદ-ઉત્સાહથી એક બીજા પર ફેંકતી. નિદાન કથામાં માયા દેવીએ શાલ વૃક્ષની ડાળ પકડી ગૌતમને જન્મ આપ્યો.

સર જગદીશચંદ્ર બોઝે કહ્યું છે કે વૃક્ષ-વનસ્પતિ લાગણી સમજે છે અને પ્રતિભાવ આપે છે.

શકુન્તલા જ્યારે દુષ્યંત રાજાને ત્યાં જતા પિતાનો આશ્રમ છોડે છે ત્યારે જુદા જુદા વૃક્ષો એને ભેટ આપે છે. એક વૃક્ષ એને મંગળકારી રેશમ આપે છે, બીજું લાલ રંગ એના પગ રંગવા આપે છે, જ્યારે વન દેવતા એને રત્નો આપે છે. (શાકુન્તલ : ૪, ૪).



દોહદ, બોધગયા

સ્ત્રી અને વૃક્ષનો સંબંધ પારસ્પરિક છે. વૃક્ષ-વનસ્પતિના સંબંધથી સ્ત્રી ફળદ્રુપ બને છે, એની પ્રજનન શક્તિ વધે છે. ત્યારે બીજી બાજુ સ્ત્રી પોતાના સ્પર્શથી વૃક્ષ-વનસ્પતિને ફળદ્રુપ બનાવે છે.

સ્ત્રી વૃક્ષના 'દોહદ'ને પોષે છે. 'દોહદ' એટલે ગર્ભવતી સ્ત્રીને થતી ઇચ્છાઓ. વૃક્ષોને પણ ફળ આવવાના સમયે ઇચ્છાઓ થાય છે.

કવિ કાલિદાસે તેમના નાટક માલવિકાગ્નિમિત્રમાં 'દોહદ'ને મુખ્ય વિષય બનાવ્યો છે. નાટકની નાયિકા માલવિકા અશોક વૃક્ષના 'દોહદ' (ઇચ્છા)ને પૂર્ણ કરે છે. માલવિકા કહે છે : 'રાણીએ મને કહ્યું છે કે તે હિંચકા પરથી પડી ગયા છે, અને એમના પગ દુઃખે છે. તો તું (માલવિકા) જઈને સોનેરી અશોકની ઇચ્છા પૂરી કર. જો પાંચ રાતમાં તેના પર ફળ આવશે તો હું તારી ઇચ્છાઓ પૂરી કરીશ.' (૩, શ્લોક ૬).

તે પછી અશોક-દોહદ પૂર્ણ કરવા માલવિકાના પગ પર લાલ આલતો લગાડાયો અને એને નૂપૂર પહેરાવ્યા. પાતળા (પારદર્શક) કપડા પહેરી તેણે પાદ-લાત મારી. કાલિદાસના મેઘદૂત કાવ્યમાં યક્ષ મેઘને કહે છે કે એના ઘરના બાગમાં લાલ અશોક એની જેમ પ્રેયસીના ડાબા પગને ઝંખતો હશે.



ચંદા યક્ષી, ભારહુત

કાલિદાસના કાળ જથી સદીથી માંડીને 'દોહદ' કવિઓનો પ્રિય વિષય રહ્યો છે. સુબંધુ, હર્ષ, બાણ, રાજશેખર, બિલ્હણ વગેરે કવિઓ અને લેખકોએ ૧૫૦૦ વર્ષ સુધી 'દોહદ' વિષય પર, સ્ત્રી અને વૃક્ષોના સંબંધ પર લખ્યું છે.

જુદા જુદા વૃક્ષોને અને વનસ્પતિને જુદી ઇચ્છાઓ થાય છે : જેમ કે પ્રિયંગુ વેલ સ્ત્રીના સ્પર્શથી ખીલી ઉઠે છે; તેમજ બકુલ શરાબ કે મદિરા છાંડવાથી, અશોક સ્ત્રીના પાદ પ્રહારથી, કુરબક આલિંગનથી, તિલક દૃષ્ટિપાતથી, ચંપક મંદ હાસ્યથી, નમેરુ ગીત ગાવાથી, કર્ણીકાર નૃત્ય કરવાથી વિકસીત થાય છે.

કવિઓની જેમ કલાકારોને પણ 'દોહદ' અને શાલભંજિકા પ્રિય છે. મધ્યપ્રદેશના ભારહુત અને સાંચીના શિલ્પની શાલભંજિકા પ્રચલિત છે. ભારહુતની ચંદા યક્ષી જમણે હાથે નાગવૃક્ષની શાખા પકડે છે. એનો જમણો પત્ર શિલા પટ્ટ પર છે અને ડાબા પગથી એ પાદ પ્રહાર કરે છે. બોધ ગયાનું શિલ્પ 'દોહદ' વ્યક્ત કરે છે. પ્રેયસીને એનો સાથી 'દોહદ' વિધિમાં મદદ કરે છે. સ્ત્રીનો જમણો પગ એના ખોળામાં છે અને ડાબે પગે વૃક્ષને પ્રહાર કરે છે. શાલભંજિકા શિલ્પમાં મુખ્યત્વે સ્ત્રીને અશોક, કદંબ, આમ્ર, ચંપક અને નાગપુષ્પ સાથે બતાવી છે. દરેક સ્ત્રી નૂપુર અવશ્ય પહેરે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૦ ૦૪૬૧૫

# 'રસસુધા' વાનગી પુસ્તકના લેખિકા – મારા નાની

## સંસ્કૃતિરાણી દેસાઈ

**મા**રા નાની એટલે સુધાબ્હેન રુદ્રપ્રસાદ મુનશી. એમનો જન્મ ધૂળેટીને દિવસે થયો હતો અને સો વર્ષ સુધી જીવ્યા હતા. છેલ્લે સુધી ઘણા સ્વસ્થ. એમનો જન્મ થયો વડોદરા રાજ્યના દીવાન શ્રી મણીભાઈ જશભાઈ મહેતાના બંગલે કારણ તેઓ મારા નાનીના નાના થતા હતા.

અમે બધા એને ધાબ્હેન કહેતા કારણ નાના હતા ત્યારે 'સુ' અક્ષર બોલવાનો ફાવતો નહોતો. ધાબ્હેનને તેમના બધા બાળકો 'તુ'કારે બોલાવતા હતા. પૌત્ર-પૌત્રીઓમાં હું એમની સૌથી મોટી એટલે મને અને મારા ભાઈને એને તુકારે બોલાવવાની પરવાનગી. મને એ ખૂબ વ્હાલી અને એને પણ હું ખૂબ વ્હાલી. વળી ધા બ્હેન એટલે પણ બધા કહેતા હતા કારણ તે વખતે 'મમ્મી' કે 'મા' એવા શબ્દો માતા માટે વપરાતા નહીં કારણ વડીલો આગળ મર્યાદાનો ભંગ થતો લાગતો.

મા-ધાબ્હેનનો ઉછેર ઘણી જ સરસ રીતે થયો હતો. એના પપ્પા વકીલ હતા એટલે સ્થિતિ આમ તો સારી પણ... એવા સમૃદ્ધ નહોતા. પણ... એમના મમ્મી દીપકલા દેસાઈ જેઓ વડોદરાના દીવાનના દીકરી હોવાને લીધે તેઓ બહુ સમૃદ્ધ રીતે રહેતા. નોકર, ચાકરો સાથે એટલે કે રજવાડી રીતે. કવિતાઓનાં તેમનાં ઘણા પુસ્તકો પ્રસિદ્ધ થયા હતા. વળી કદાચ એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં બી.એ.ની ટેક્સ્ટ બુક તરીકે માન્ય થયું હતું. તેમ જ એમને વડોદરા રાજ્ય તરફથી 'રાજરત્ન'નો ઈલ્કાબ પણ મળ્યો હતો.

તેથી તેમણે ધા બ્હેનને – રજવાડી રીતે ઉછેરી તે મેટ્રીક પણ પાસ થઈ હતી. જેમ રાજાઓને ત્યાં બાળકોને 'Special કોચિંગ' આપવા માટે માસ્તરો ઘરે ભણાવવા આવતા હોય છે, તેમ ધા બ્હેનને શસ્ત્રીય સંગીત શીખવવા માસ્તર ઘરે આવતા. અને તેણે સંગીતની ત્રણ પરીક્ષાઓ પણ પાસ કરી હતી. તેમજ તેને ડ્રોઈંગ શીખવવા પણ એક લેડી શિક્ષક આવતા હતા. તેથી તેણે ડ્રોઈંગની એલિમેન્ટરી અને ઈન્ટરમિજિયેટ પરીક્ષાઓ પણ પાસ કરી હતી. વળી નાનીનાં ફોઈઓની સ્થિતિ સારી નહીં હોવાથી તેમના બાળકોને પણ મામાએ ઘરમાં રાખ્યા હતા. તેથી ઘરમાં નોકરો અને મહારાજ તો ખરા જ પણ... નાનું કામ કરવાનું પણ તેને આવતું નહીં, કારણ ફોઈના દીકરાઓ એને કરવા જ દેતા નહીં.

પણ... પછી તો લગ્ન થયું તે પણ Traditional કુટુંબમાં. જોકે તે વખતે તો બધા જ કુટુંબો Traditional હતા. અને અત્યારે પણ. થોડે ઘણે અંશે 'વહુ' માટે તો Traditional જ હોય છે. હવે મારા નાનાને વખતે 'લૉ' ભણતા હતા. તેથી રજા પડતા વેકેશનમાં બંને પેટલાદ જે નાનાનું ગામ હતું ત્યાં જતા. અને બે-ત્રણ મહિના રહેતા. થોડા વખતમાં એની નણંદોને ખ્યાલ આવી ગયો હતો કે ધા બ્હેનને રસોઈ ખાસ આવડતી નથી. તેથી એને ખાસ જુદું જુંદુ બનાવવાનું કહીને ગૂંચવતા. પછી બધા એની ગમ્મત કરતાં, ટીકા કરતાં અને છોભીલી પણ પાડી દેતા. એ લોકોના મત પ્રમાણે સ્ત્રીનું મુખ્ય કામ તો. રસોઈ, પતિ, બાળકો અને કુટુંબ જ હોય. બીજું બધું તો ઠીક મારાભાઈ!

મા-ધા બ્હેન જેટલા દિવસ પેટલાદ રહે તેટલા દિવસો રડીને જ વિતાવતી. નાના કાંઈ જ બોલી શકતા નહીં કારણ એ ભાંડુઓમાં સૌથી નાના હતા. એમાંથી નીકળવાનો રસ્તો શું? અને એણે માતાજીને પ્રાર્થના કરી, કારણ ઘરમાં ધાર્મિક વાતાવરણ ઘણું હતું.

'માતાજી... મારી મા! તેં મારામાં આટલી આવડત મૂકી છે તો

શું આટલું આપવાનું કેમ ભુલી ગઈ? બધા બે ચાર ચોપડીઓ ભણેલા મને સંભળાવી જાય છે. મને જરાય નથી ગમતું... માવડી!'

અને માતાજીએ એનું કલ્પાંત સાંભળ્યું હશે, એમ લાગ્યું. એણે જુદી જુદી વાનગીઓ જુદા કોમ્બીનેશન્સ સાથે બનાવવા માંડી. ડ્રોઈંગની જાણકારી હોવાને લીધે એના ઉપર સુશોભન કરવા માંડી અને વડોદરાની સંસ્થાઓમાં સ્પર્ધાઓમાં ઈનામો ઉપર ઈનામો લેતી ગઈ. પછી પ્રકાશક (પુસ્તકનાં) એની પાસે આવ્યા. અને ૧૯૬૫માં પહેલી આવૃત્તિ બહાર આવી. અને પછી તો આવૃત્તિઓ પર આવૃત્તિઓ થઈ ગઈ. અત્યારે તો લગભગ વીસેક આવૃત્તિઓ થઈ ગઈ છે અને જુદા જુદા વિભાગના પાંચ પુસ્તકો અંગ્રેજીમાં પણ બહાર પડ્યા છે. એના વાનગીના પુસ્તકનું નામ છે. 'રસસુધા'.

એ અમને કહે કે... આપણામાં તો ઘણી શક્તિઓ આપેલી છે ઈશ્વરે – આપણે તેનો ઉપયોગ નથી કરતા. વળી કોઈક શીખેલી વસ્તુ તો હંમેશ કામ લાગે જ છે જીવનમાં. ક્યારે પણ હાર માનવાની નહીં જ – 'હિંમતે મર્દા તો મદદે ખુદા', એમ હંમેશ સમજવું! અને તેથી એણે એની બધી જ આવૃત્તિઓ 'શ્રી જગદંબા'ને જ અર્પણ કરી છે કારણ કે એણે તો એને નવું જીવન આપ્યું છે.

પછી તો... એવું થયું કે જેમ જેમ ઈનામો મળતા ગયા તેમ તેમ એનો આત્મવિશ્વાસ પણ વધતો ગયો. બધી નણંદો પુસ્તકો જોતી ગઈ તેમ તે કહેવા માંડી,

'સુધા! તું આ કેવી રીતે બનાવે છે અમને જરા સમજાવને?' મા. ધા બ્હેને તેના બાળકોમાં એવો આત્મવિશ્વાસ કેળવ્યો છે કે બધા ગમે તે કરી શકે છે.

વળી એની ખાસિયત. અમે મોટી હોટલમાં ગયા હોઈએ ત્યારે તે વાનગી તપાસે. એમાં શું શું નાંખેલું છે, કેવી રીતે બનાવેલું છે એની ચકાસણી કરે અને પછી પોતે ઘરે બનાવી સરસ થઈ હોય તો તેની રેસીપી પુસ્તકમાં મૂકે.

એણે જીવનને એવો સરસ વળાંક આપ્યો કે પછી તો દરેક જગ્યાએ નિણાર્યક તરીકે, 'ચીફ ગેસ્ટ' તરીકે અને ઘણી બધી સંસ્થાઓમાં પ્રમુખ તરીકે પસંદગી પામી હતી.

કોઈ પણ કાર્યક્રમ હોય કે સાધારણ અમસ્તી મિટીંગ હોય તોયે માથામાં, અંબોડામાં સોનાની ભરાવદાર ક્લીપ તો હોય જ, વ્યવસ્થિત રીતે તૈયાર થતી જ. તે પોતે છત્રીસ વર્ષની હતી ત્યારે સાધારણ અમસ્તા વાળ સફેદ થયા હોય છતાં ક્લપ કરતી હતી. જ્યારે મોટા ભાગની સ્ત્રીઓ તે જમાનામાં, ક્લપ એટલે શુ એ સમજતી ન હતી. એને હંમેશ એમ હતું કે મિટીંગમાં બધાની સામે વ્યવસ્થિત જ જવું જોઈએ.

અને એથીએ વિશેષ, હમણાં ૨૦૧૫માં જ્યારે એને સોમું વર્ષ બેઠું ત્યારે બધા ન્યૂઝ પેપરવાળા એનો ઈન્ટરવ્યુ લેવા આવવાના હતા. પહેલાં તો એ પોતે જ ક્લપ કરતી હતી. પણ છએક મહિનાથી એ પોતે નહોતી કરતી. એટલે કોઈવાર ક્લપ કરવાનો રહી પણ જતો એણે તો રટ જ લીધી ક્લપ કરવાની. કારણ તે લોકો પેપરમાં ફોટો મૂકે તે પણ સારો ના જ આવે અને મને પણ તે ઈન્ટરવ્યુઅર સાથે વાત કરવાની મઝા જ ના પડે... હું બરાબર વ્યવસ્થિત ના હોઉં તો... પછી તો... છેવટે બધાએ એને ક્લપ કરી આપ્યો અને એ ખિલીખીલીને ઈન્ટરવ્યુ લેનાર સાથે વાતો કહેવા માંડી, ઈન્ટરવ્યુઅરે પણ પ્રભાવિત થઈ ઘણો લાંબો ઈન્ટરવ્યુ લીધો.

એને તો લગ્ન પહેલાં જેમ બધી વસ્તુ શીખવવામાં આવી હતી તેમ... એકલી વાનગી બનાવીને રહે તે ના ચાલે. તે આમ પત્તા રમવાની બહુ શોખીન. તેમ બ્રીજ રમવામાં પણ એક્સપર્ટ. એ બ્રીજ ટૂર્નામેન્ટમાં મારા મામા સાથે ડબલ્સની પાર્ટનર તરીકે જવા માંડી, અને નેશનલ લેવલ પર પણ ટૂર્નામેન્ટમાં રમતી. ઘણીવાર ટૂર્નામેન્ટમાં મારા નાની અને મામા જીતતા હતા. એ તો માનતી હતી કે ઈશ્વરે આપણામાં ઘણી શક્તિ મૂકી છે જ આપણે તેનો ઉપયોગ કરવાનો છે.

આમ તો એની ઉંમર થઈ હોવાથી મૃત્યુ તો દરેકનું નિશ્ચિંત જ છે. તેથી જે વસ્તુની જરૂર હોય તે બધું જ એણે વ્યવસ્થિત રીતે એક બૅગમાં મૂકાવી રાખ્યું હતું. અને બધાને સમજાવ્યું કે જો... હું જીવનભર વ્યવસ્થિત રહી છું તેથી મૃત્યુ વખતે પણ મારે માથે ક્લપ કરીને મને મોકલજો. આટલું જરૂર ધ્યાન રાખજો.

છેલ્લે સુધી મગજ બહુ સરસ ચાલે. મમ્મીની પ્રયોગશીલ વાર્તાઓ પણ ધ્યાનપૂર્વક વાંચે અને ના સમજાતી હોય તો પાછી પૂછે અને મારી આધુનિક કવિતાઓ પણ વખાણે અને આમ છેક સુધી જીવંત.

હજી આજે પણ જ્યારે એ અમારી વચ્ચે નથી, તો પણ ઘણીવાર, ઘણી વાતોમાં એ યાદ આવ્યા કરે છે, એનો જુસ્સો, એનું જીવંતપણું, બધી જ વાતોમાં, વિષયોમાં રસ. ઘણીવાર એવું જ લાગે છે કે એ હજી અહીં જ છે, અમને આત્મવિશ્વાસ, હિંમત અને નીડરતા બક્ષવા માટે.

એ હંમેશ કહે, 'ક્યારે પણ પોતાના વિચારો રજૂ કરતાં સંકોચ પામવાની જરાય જરૂર નથી, હા... ઉદ્દંડતાથી નહીં પણ સૌમ્યતાથી કારણ – તમે જુદી વ્યક્તિ છો તેથી જુદા વિચારો તો હોઈ જ શકે ને? હા... એ તો સાચું જ – સંસ્કૃતમાં કહ્યું છે ને 'તુંડે તુંડે મતિર્ભિન્ન.'

જીવનમાં શું પામી શકાય, મનથી વિચારીએ તો એ એણે સિદ્ધ કરી બતાવ્યું...એવી મારી વ્હાલી નાની ધાબહેનને આદર અને પ્રેમપૂર્વક કોટી કોટી પ્રણામ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૯ ૬૦૭૯૮

# મુંબઈ જૈન યુવક સંઘની પ્રવૃત્તિઓમાં સ્ત્રીઓનું યોગદાન

રમાબેન મહેતા

**મુ**બઈ જૈન યુવક સંઘની સ્થાપના ૯૦ વર્ષ પહેલા થઈ. સંઘની મુખ્ય પ્રવૃત્તિ પર્યુષણ વ્યાખ્યામાળા ૮૫ વર્ષથી અવિરતપણે ચાલી રહી છે.

દરેક પ્રવૃત્તિને ધનરાશિની જરૂર તો રહે જ, તે માટે પૂ. ચંચળબા જેઓ 'માતૃસમાજ સંસ્થા'ના પ્રણેતા, જેના રંગેરગમાં સેવા ગુંથાયેલી હતી. તેઓ હોલના દરવાજે થેલી લઈને ઊભા રહેતા હતા. તેઓ કમિટીના મેમ્બર હતા. ચાર-પાંચ વર્ષ પછી તેઓએ આ કામ માટે નીરુબેનને સાથે લીધા, પૂ. ચંચળબાએ ચાર-પાંચ વર્ષ પછી આ કામ છોડી દીધું. દાયકાઓ સુધી નીરુબેને આ સેવા આપી. તેઓએ આ કામ માટે ઉષાબેનને સાથે લીધા. તેઓએ પણ વર્ષો સુધી આ સેવા આપી.

નમ્રતાનો ગુણ હોય તો જ આ કાર્ય કરાય. વ્યાખ્યાનમાળાની શરૂઆતમાં પ્રાર્થના તેમજ ભજનિકને પરિચય તેમન આભારવિધિ – નીરુબેને વર્ષો સુધી સંભાળી. તેમની આભારવિધિ, રસિક રીતે કરવા માટે આજે પણ બધા યાદ કરે છે. છેલ્લા બે વર્ષથી ભારતીબેન આ કાર્ય સંભાળે છે.

આજ સુધી નીરુબેન મંત્રીનું પદ સંભાળે છે. દરેક મિટીંગમાં આવે છે. અને ઘણા ઉત્સાહથી આવે છે. અત્યાર સુધીમાં દરેક પ્રવૃત્તિમાં એમનું યોગદાન રહ્યું છે.

કંઈ પણ અપેક્ષા વિનાની પ્રવૃત્તિ. બીજી પ્રવૃત્તિ પ્રેમળજ્યોતિની. સ્થાપના - રંભાબેન ગાંધીએ ચીમનભાઈ ચકુભાઈને રૂા. ૨૦૦૦ સેવાના કાર્ય કરવા માટે આપ્યા. ચીમનભાઈ ચકુભાઈએ નીરુબેનને બોલાવ્યા, કંઈક પ્રવૃત્તિ શરૂ કરો. ચીમનભાઈ ચકુભાઈ જેઓ જૈન હોસ્પિટલના ટ્રસ્ટી હતા – તેઓએ ત્યાંના દરદીના દુ:ખમાં, દર્દમાં સહભાગી થવા માટે કહ્યું. જે માટે ડૉ. કાંતિભાઈ સાંગાણીએ અનુમતિ આપી અને હોસ્પિટલમાં જવા માટે મંજૂરી આપી. તે માટે ડૉ. સાંગાણીની ઓફિસમાં જૈન યુવક સંઘના કમિટી મેમ્બરો તેમજ પંદર બેનો સાથે 'પ્રેમળજ્યોતિ'ની સ્થાપના થઈ. જેના સંચાલક તરીકે નીરુબેન, કમલબેન પીસપાટીની નિમણુંક થઈ. સાથે ઉષાબેન, જયાબેન વીરા, પુષ્પાબેન, વસુબેન, યશોમતીબેન, સરલાબેન, કલાબેન વગેરે બેનો આ કાર્યમાં જોડાયા. દરદીઓને ફ્રૂટ, દવા આપતા. તેમજ ભજન સંભળાવતા. દરેક વોર્ડમાં ફરતા.

આ બધું બેનો પોતાને ખર્ચે કરતા. ત્યાર પછી થોડી ધનરાશિ ભેગા થતા તેઓએ દવા, યુનિફોર્મ તેમન ચશ્મા આપવાનું નક્કી કર્યું. તે માટે તેઓને ઓપીડીમાં બેસવાની રજા મળી. જે આજ સુધી પણ ચાલુ છે. દર શનિવારે તેઓ બેસે છે.

ત્યાર પછી ૧૯૮૫માં અનાજ રાહત ફંડ જે ઉષાબેનના પિતાશ્રીને નામે છે તે શરૂ થયું. તેમજ કિશોર ટીંબડીયા કેળવણી ફંડ જે રમાબેનના ભાઈના નામે છે. તે શરૂ થયું. એટલે રમણભાઈએ આ બંનેનું સંચાલન કરવાની જવાબદારી ઉષાબેન, રમાબેનને સોંપી. આ બંને બેનો સાથ પુષ્પાબેન જોડાયા. દર બુધવારે ૩ થી ૪.૩૦ વાગ્યા સુધી ઓપીડીમાં બેસીએ છીએ. શરૂઆતમાં અનાજ લેવા આવનાર બેનોને ઘરે જઈને પણ તપાસ કરતા હતાં. પૂરતી તપાસ કર્યા પછી ચેક દ્વારા સ્કોલરશીપ અપાય છે. પુષ્પાબેન દર શનિવારે નીરુબેન સાથે પણ બેસતા હતા. પુષ્પાબેન આજ સુધી પ્રુફરીડીંગનું કામ સંભાળી રહ્યા છે. ૯૦ વર્ષે પણ યુવાનોને શરમાવે એવો થનગનાટ છે.

જયાબહેન વીરા જેઓએ યુવક સંઘની ઓફિસમાં ચાલતી 'રમકડા ઘર' તેમની સેવા આપી છે. તેમજ ઘર રવિવારે ડૉ. પીઠાવાળા હાડકાના દર્દો માટે આવતા હતા. તેનું કાર્ય પણ તેઓ સંભાળતા હતા, તેમજ ઓફિસમાં પણ થોડા વર્ષ તેમણે કામ કર્યું.

પ્રેમળજ્યોતિમાં કામ કરતી બધી બેનો ધનતેરસને દિવસે અનાથાશ્રમ, વૃદ્ધાશ્રમમાં જતાં. તેમજ ત્યાં ભજન કરતા, બધાને મળતા વાતો કરતા, સાથે કંઈપણ નાસ્તો પણ આપતા. ત્યારે તે બેનોનો આનંદ જોઈને ત્યાં જવા માટે અમને સંતોષ થતો અને આનંદની અનુભૂતિ અનુભવતા.

આજના સમયમાં પણ વિદ્વાન એવા સેજલબેન મંત્રી તરીકે તેમજ 'પ્રબુદ્ધ જીવન'નો તંત્રી તરીકે સંપૂર્ણ નિષ્ઠાથી ફરજ બજાવે છે. તે પણ તેમનું 'મુંબઈ જૈન યુવક સંઘ'ને મોટું યોગદાન છે.

આમ વર્ષો સુધી એકધારી સેવા આપનાર બેનો ધન્યવાદને પાત્ર છે. વર્ષાબેન પણ વર્ષોથી સહમંત્રી તરીકે કામ કરી રહ્યા છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૧૯૧ ૯૫૯૩૮

# અંધારામાં પરમતેજ : ગાંધારી

## ડૉ. સુશીલા સૂચક

**આ**પણા પ્રાચીનતમ ગ્રંથ ઋગ્વેદમાં સ્ત્રીઓને જ્ઞાનનો સ્ત્રોત અને ભવિષ્યની આશા વર્ણવી છે. વેદ સ્ત્રીશક્તિને ઉષા એટલે કે પરોઢ અથવા સૂર્યોદય સાથે સરખાવે છે. દૃષ્ટાંત તરીકે બે ત્રણ ઋચાઓ જોઈએ.

હે કીર્તિવાન ઉષા? તું તેજસ્વીતાથી ભરપૂર છે અને આ સમાજને અજ્ઞાનરૂપી અંધકારથી દૂર લઈ જવા પ્રકાશમાન પ્રભાતના સ્વરૂપમાં તારું આગમન થયું છે. ઋગ્વેદ ૪.૧૪.૩

કીર્તિવાન સ્ત્રીઓને આપણે તેમના આદર્શ ગુણો દ્વારા આ સમાજને પ્રકાશિત કરતી જોઈ શકીએ છીએ. સ્ત્રીએ જ્ઞાનરૂપી સૂર્યને અને આદર્શ કર્મોરૂપી અગ્નિને જન્મ આપ્યો છે. તેઓની કીર્તિને કારણે અજ્ઞાનરૂપી અંધકાર, પાપ અને નકારાત્મકતાનો નાશ થાય છે. ઋગ્વેદ ૭.૭૮.૩

સરસ્વતી બુદ્ધિની દેવી હોવાથી બધાંની બુદ્ધિને પવિત્ર કરીને ઉત્તમ માર્ગમાં પ્રેરિત કરે છે. ઈલા (પૃથ્વી) અનેક ઉત્તમ ગુણોથી યુક્ત છે તથા ભારતી એટલે કે ઉત્તમ વાણી સર્વને તૃપ્ત કરવાવાળી છે. આ પ્રકારે આ ત્રણે દેવીઓ આ યજ્ઞગૃહરૂપી શરીરમાં રહીને આ માનવજીવનરૂપી યજ્ઞને સર્વ પ્રકારે સુરક્ષિત રાખે છે. ઋગ્વેદ ૨.૩.૮

વળી, મનુસ્મૃતિમાં પણ કહ્યું છે કે यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः। यत्र ऐताः तु न पूज्यन्ते सर्वाः तत्र अफलाः क्रियाः।। જ્યાં સ્ત્રીઓ પ્રત્યે સન્માનભર્યો વર્તાવ રાખવામાં આવે છે એવા ઘરમાં દેવતાઓનો વાસ હોય છે, એથી વિપરિત, જે કુળમાં વધૂઓને આંસુ સારવા પડે છે. જ્યાં તેમને સંતાપ થાય છે એ કુળનો નાશ થાય છે.

ઉપર્યુક્ત વિચારોનાં અનુસંધાનમાં જ મારે 'મહાભારત'નાં એક મહત્ત્વનાં પાત્ર – ગાંધારી-ની વાત કરવી છે. પ્રાચીન ગ્રંથોમાં મહાભારતને 'પાંચમો વેદ' કહી તેની મહત્તા દર્શાવી છે. જીવનમાં બધાં જ પાસાઓને સ્પર્શ કરતા મહાભારત વિશે કહેવાય છે કે, ''व्यासोच्छिठं जगत् सर्वम्।'' અર્થાત્ જે મહાભારતમાં નથી તે દુનિયામાં ક્યાંયે નથી અને જે દુનિયામાં છે, તે મહાભારતમાં અવશ્ય છે. એથી જ દ્વાપરયુગમાં લખાયેલા આ ગ્રંથને વાસીપણાનો અભિશાપ નડ્યો નથી. આજની જીવનપ્રણાલી સાથે તુલાન કરી શકાય તે હદે એમાં વાસ્તવિકતાનાં દર્શન થાય છે. મહાભારતનાં પાત્રોમાં દૈવીગુણો અને આસુરી ગુણોનાં તાણાવાણા સુંદર રીતે ગુંથાયા છે. આ પાત્રોમાં અદ્વિતીય કહી શકાય એવું પાત્ર તે ગાંધારી! એક રાજપુત્રી, રાજરાણી અને રાજમાતા એવી ત્રણેય અવસ્થા સાથે દીર્ઘ આયુષ્ય ભોગવ્યું. લગ્ન પછી તો છતી આંખે પાટા બાંધીને!

ગાંધાર નરેશ સુબલરાજની પુત્રી ગાંધારી. આ ગાંધાર પ્રદેશ એટલે સિંધુ નદીની પેલે પારનો પ્રદેશ એવો મહાભારતમાં ઉલ્લેખ છે. ઘણું ખરું આજના પાકિસ્તાનમાં આવેલા બલુચિસ્તાન અને કંઈક અંશે કારાકોરમ પર્વતમાળાની આસપાસનો થોડો અફઘાનિસ્તાનનો પ્રદેશ. સંભવતઃ તક્ષશિલા ગાંધારની રાજધાની હોય! ગાંધારની રાજકુમારી એટલે ગાંધારી. ધૃતરાષ્ટ્રના લગ્ન માટે ભીષ્મે મોકલેલા માંગાનો સુબલરાજે સ્વીકાર કરવો જ પડ્યો. ધૃતરાષ્ટ્ર જન્માંધ છે એ વાતની ગાંધાર નરેશ સુબલ અને રાજકુમાર શકુનિને જાણ હતી, છતાં આ સ્વરૂપવાન અને ગુણવાન કન્યાના લગ્ન ગાંધારીને વાસ્તવિકતા જણાવ્યા વગર જ કર્યા.

મહાભારતમાં ગાંધારી અને કુંતી બે એવા પાત્રો છે જે લગ્ન અગાઉ પુત્રપ્રાપ્તિના વરદાન પામી ચૂકેલા છે. એક વખત વેદવ્યાસ ફરતાં ફરતાં ગાંધારી પાસે આવે છે. સેવા કરીને ગાંધારી તેમને ખુશ કરે છે. તેઓ વરદાન માગવાનું કહે છે ત્યારે ગાંધારી કહે છે કે મારા પતિ જેવા સો પુત્રો મને થાય. એ સમયે તો ગાંધારી કુંવારી કન્યા હતી એને ભાવિ પતિ ધૃતરાષ્ટ્રની કલ્પનાએ ક્યાં હતી?

પોતાની સાથે થયેલી છેતરપીંડીના રોષને કારણે ગાંધારી આજીવન અંધત્વ સ્વીકાર્યું. કુરુક્ષેત્રોનાં દંભે ગાંધારીના રોષને પતિવ્રતા ધર્મની ચરમસીમા ગણી વધાવી લીધી. મોહ એ ધૃતરાષ્ટ્રની મોટી નબળાઈ હતી. જ્યારે ગાંધારી અર્થશાસ્ત્ર, રાજનીતિશાસ્ત્ર અને ધર્મ શું છે એ જાણતી હતી, તેથી માત્ર શારીરિક નહીં પરંતુ આધ્યાત્મિક તેમજ માનસિક રીતે પણ ગાંધારી અને ધૃતરાષ્ટ્ર કજોડાં હતાં. પોતે પડ્યું પાનું નિભાવી રહી છે એ વાત વિદુર

સાથેની તાત્ત્વિક ચર્ચામાં કહે છે.

મહાભારતમાં સ્ત્રીઓ વૈચારિક રીતે પરિપકવ છે. પુરુષોને અતિક્રમે એટલી સ્પષ્ટતા ધરાવે છે. યુધિષ્ઠિર ધર્મરાજ હોવા છતાં તેને જુગારનું વ્યસન છે. ભીષ્મને ધર્મ શું છે એ ખબર છે, છતાં કૌરવને પક્ષે ઊભા રહે છે. કૃષ્ણ પણ દેવ થઈને છળ આચરે છે. મહાભારતમાં મહાનપાત્રોની પણ માનવસહજ મર્યાદા છે. એથી જ એ દ્વંદ્વ અને વિરોધાભાસનું મહાકાવ્ય છે.

ગાંધારીને હંમેશા ગુમાવવાનું જ આવ્યું છે. પતિ અંધ મળ્યો અને પુત્ર દુર્યોધન ધર્માંધતાનો પ્રતિનિધિ નીકળ્યો. પતિ અંધ હોવાથી મોટા હોવા છતાં રાજપદ નાનાભાઈ પાંડુને મળ્યું. ગાંધારી મહારાણી પદવીથી વંચિત રહી. એને આશા હતી કે પતિને ન મળી એ ગાદી પુત્રને મળશે. એમ પણ ન થયું. ગાંધારીને ગર્ભ રહ્યો પણ બે વર્ષ સુધી પ્રસુતિ ન થઈ એ દરમ્યાન કુન્તીએ યુધિષ્ઠિરને જન્મ આપ્યો. એટલે એ પાટવીકુંવરનાં પદનો હકદાર બન્યો. ગાંધારી ઈર્ષ્યાથી પીડાઈ ઉઠી અને પોતાના બે વર્ષનાં ગર્ભનો બળપૂર્વક ત્યાગ કર્યો, આ સખત માંસના ટુકડાને વેદવ્યાસે એકસો એક ટુકડાઓમાં વિભાજીત કરી ઘી ભરેલા એક સો એક ઘડામાં ભર્યા. એમાંથી સૌ કૌરવો અને એક બહેનનો જન્મ થયો.

ગાંધારી કોઠાસૂઝવાળી ધર્મજ્ઞ સ્ત્રી છે, જુગટામાં હરાવીને પાંડવોને વનવાસ અપાયો એ વખતે પણ ગાંધારીએ માતા થઈને પણ દુર્યોધનનો ત્યાગ કરવા ધૃતરાષ્ટ્રને વીનવ્યા. પરંતુ ધૃતરાષ્ટ્રનો પુત્રમોહ અજબ હતો. યુધિષ્ઠિરનાં જન્મ સમયે સંતુલન ગુમાવી બળપૂર્વક પોતાની પ્રસૂતિ કરાવતી ગાંધારી ધુતસભા કે વિષ્ટિના પ્રસંગોમાં તટસ્થ અને સ્વસ્થ વર્તન દાખવે છે. શકુનિની રાજરમતથી ગેરમાર્ગે દોરાતા દુર્યોધનને વારવાના પ્રયત્ન કરે છે. એથી જ યુદ્ધ સમયે દુર્યોધનને આશીર્વાદ આપે છે કે , ''પુત્ર! જે પક્ષે ધર્મ હો, એ પક્ષનો વિજય હો!'' ગાંધારી કહે છે કે મને તો દીવા જેવું ચોખ્ખું દેખાય છે કે લડાઈમાં કોઈનું શ્રેય નથી. નથી તારું કે નથી પાંડવોનું. જેમાં સમગ્ર માનવજાતિનું હિત ન હોય એમાં મારા દુર્યોધનનું હિત હોઈ શકે એમ જો મારે ગળે ઉતરે તો તને આ ઘડીએ આશીર્વાદ આપી દઉં. ગાંધારીને ખબર છે કે તેનાં સંતાનો ધર્મની પડખે નથી. ધર્મ પાંડવોના પક્ષે છે. યુદ્ધ અગાઉ કૌરવો-પાંડવો વચ્ચે જેટલા આંતરકલહો થયા એમાં ગાંધારી પોતાના પુત્રોને પક્ષે નહીં પરંતુ પાંડવોને પક્ષે ઊભી હતી.

મહાભારતનો શિરોમણિ પ્રસંગ તો ગાંધારીનો શાપ છે. જે સ્ત્રી કૃષ્ણ જેવા યોગેશ્વરને શાપ આપી શકે અને એ છતાં નિષ્કલંક રહી શકે એ સ્ત્રી નિર્વિવાદપણે તેજસ્વી જ હોવાની. મહાભારતમાં ઈશ્વર પણ દોષમુક્ત નથી. યોગેશ્વરને પણ શાપ આપી શકે એવું સમર્થ પાત્ર એમાં છે. મહાભારત દેવોની કથા કરતાં માણસનાં છળ, કપટ, કુત્સિતતા, મત્સર, તેજોદ્વેષ, રાજનીતિ અને પ્રતિશોધની કથા છે, અને તે છતાં એ બધાંમાંથી ચળાઈને આવેલા સુવાંગ આધ્યાત્મની કથા છે.

એક માતાની વેદનાની પરાકાષ્ઠા મહાભારતમાં ગાંધારીના પાત્ર દ્વારા જેવી રીતે ઝીલાઈ છે એવી ભારતવર્ષના કોઈ સાહિત્યમાં ઝિલાઈ નથી. આપણાં સાહિત્યકાર શ્રી ચંદ્રકાંત બક્ષી કહેતા કે, ''ગાંધારી એવું પાત્ર છે કે એ રડાવી નથી નાખતી, પણ આંસુઓને સૂકવી નાંખે છે.'' ગાંધારી એવું પાત્ર છે કે જેનું દુઃખ આંસુને પણ બાળી મૂકે છે.

આ લેખનાં આરંભમાં વેદ પરિભાષિત નારી ઓજસને પ્રમાણતા શ્લોકોનો ઉલ્લેખ કર્યો છે. તે પશ્ચાત નારીશક્તિ અને તેનામાં નિહિત ઓજસમાં ઉત્તમ દૃષ્ટાંત સ્વરૂપ 'ગાંધારી'ની વાત કરી છે. વેદકાળ, રામાયણ, મહાભારતથી સાંપ્રતકાળ સુધી ભારતમાં અનેક ઓજસ્વી નારીરત્નોની કથાઓથી આપણે વિદિત છીએ.ગાંધારી આ બધામાં અલગ અને છતાં એ બધામાં સમાયેલી નારીની કથા અને વ્યથા છે. સ્ત્રી તરીકે આવું સંપૂર્ણ વ્યક્તિત્વ કોઈ કાળમાં મળવું મુશ્કેલ છે. એ ભારતનાં સંપૂર્ણ નારીવિશ્વનું પ્રતિનિધિત્વ કરે છે. તેનાં ચરિત્રને ભગવાન વેદવ્યાસની સર્ગશક્તિ પણ શબ્દમાં સમાવી શકી નથી, કેટલું બધું અધ્યાહાર રહ્યું છે. ચિત્તમાં ચીરા પડે તેવી વેદનામાં પણ સ્થિતપ્રજ્ઞ. અંધારાને તેજોમય જ્ઞાનપ્રકાશથી મન ઉજાળતી મંગલમૂર્તિ. અને તેમ છતાં માનવસહજ નબળાઈની ક્ષણોમાં હલબલી જતી નારી, આંસુ અને આક્રોશની પરાકાષ્ઠા પછી પણ ચિંતન કરી સ્વસ્થ થવા કોશિશ કરતી ગાંધારીનું અદ્‌ભૂત પાત્ર, જો સ્વર્ગની કલ્પના સાચી હોય તો – ત્યાંથી જ તેનું અવતરણ થયું. શતશઃ નમન કરીને વિરમું છું.

✦ ✦ ✦

સંપર્ક : ૮૧૬૯૬ ૯૯૨૪૭

# સ્ત્રી અધ્યાત્મશક્તિ

સંધ્યા ભટ્ટ

'**यत्र** नार्यस्तु पूज्यन्ते तत्र रमन्ते देवता:' અને 'નારી તું નારાયણી' જેવી ઉક્તિઓ જ્યાં પ્રખ્યાત છે તે ભારત દેશમાં સ્ત્રીને દેવત્વ સાથે જોડવામાં આવી છે. એક તરફ સ્ત્રી ताडनकी अधिकारी અને બીજી તરફ સ્ત્રી એ શક્તિનો અવતાર છે એમ બે અંતિમ બિંદુઓ પર સ્ત્રીને જોનાર આપણા દેશમાં સ્ત્રીને અવગણવામાં આવી નથી એટલું તો નક્કી જ!

મૈત્રેયીદેવી, વિદૂષી ગાર્ગી, લલ્લેશ્વરી દેવી, મીરાંબાઈ, ગંગાસતી, શારદામણિદેવી, માતાજી જેવાં આધ્યાત્મિક નારીરત્નોનું જીવન અમર છે. વળી તેઓ તે સમયમાં થઈ જ્યારે 'સ્ત્રીશિક્ષણ' જેવી કોઈ સંકલ્પના નહોતી. સ્વજિજ્ઞાસા, સ્વબળ અને સ્વસાધના વડે કોઈપણ પ્રકારના અભિનિવેશ વગર આ સ્ત્રીઓ સહજપણે આધ્યાત્મિક એટલે કે આત્માની અભિમુખ રહી. એ સમયે મુદ્રિત સાહિત્ય પ્રચલિત નહોતું કે નહોતા કોઈ પ્રચાદમાધ્યમો. 'સ્ત્રીમુક્તિ' શબ્દ પણ જ્યારે અસ્તિત્વમાં નહોતો ત્યારે તેઓએ સમાજના બંધનોમાંથી જ નહિ પણ પોતાના હોવાપણાના ભાનમાંથી પણ મુક્તિ મેળવી.

'આધ્યાત્મિકતા' – એ શબ્દનો આજે સાયાસ ઉપયોગ કરવામાં આવે છે. પણ આપણે ત્યાં પૂર્વે એવી સ્ત્રીઓ થઈ ગઈ જેમને વૈરાગ્ય સહજ હતો. એમના જીવન વિશે જાણીએ છીએ ત્યારે એમની સંકલ્પશક્તિ પર માન થાય છે. સહજભાવે પરમને સમર્પિત એવી આ સ્ત્રીઓ રોજિંદા ગૃહજીવનના તમામ કાર્યો કરતી પરંતુ સ્વયંસ્ફૂર્ત આત્મજ્ઞાન સાથે આ સંસારમાં આવેલ આ સ્ત્રીઓને કોઈ ભૌતિક સ્પૃહા નહોતી.

સૌપ્રથમ આપણે જાણીએ મા શારદામણિદેવી વિશે. શ્રી રામકૃષ્ણ પરમહંસના સહધર્મચારિણી શારદામણિમા માતાજીના મૂર્તસ્વરૂપ સમાન હતાં. આ દંપતિ સામાન્ય સાંસારિક વ્યવહારમાં ન અટવાયાં, પણ પરસ્પર આધ્યાત્મિક સંબંધ સ્થાપ્યો. તેઓ જપ-ધ્યાન-તપ અને ગુરુમંત્ર તેમજ જીવનસાધના – આ બંનેનું મહત્ત્વ ભક્તોને સમજાવતાં. તેઓ માનતાં કે કામકાજ તો કરવાં જ જોઈએ. કામ કરવાથી મન પ્રસન્ન રહે છે. પરંતુ સાથે સાથે જપ, ધ્યાન, પ્રાર્થના, વગેરેની ખાસ જરૂર છે. શારદામણિ પોતે કુટુંબીજનો અને અતિથિઓની સેવા કરતાં અને આખો દિવસ ઘરકામ કરતાં પણ તેમનું હૃદય સતત પ્રાર્થનામાં લીન રહેતું. એક વાર એક ભક્તે તેમને પૂછ્યું,

'મા, કામ કરતાં કરતાં સાધનામાં આગળ વધવા માટે સરળ માર્ગ કયો?'

માતાજીએ સામેની ઘડિયાળ બતાવીને સહજ રીતે કહ્યું, 'આ ઘડિયાળ જેમ 'ટિક ટિક' અવાજ કરતું કરતું પોતાનું કામ કર્યે જાય છે, તેમ ભગવાનનું નામ જપ્યે જાઓ એથી જ બધું થઈ જશે. બીજું કંઈ કરવાની જરૂર રહેશે નહિ.'

ઠાકુરના ગયા પછી માતાજીને ઠીક ઠીક વિટંબણા સહેવી પડી હતી પરંતુ તેમના નિર્મળ મનને ઠાકુરનું સૂક્ષ્મ સાંનિધ્ય રહ્યા કરતું. એમના કેટલાક દિવસો એવા ગયા જ્યારે ભાતમાં ભેળવીને ખાવા ઘરમાં મીઠું પણ ન મળે! પણ આ કષ્ટમય દિવસોમાં તેઓ શાંતિથી ધીરજપૂર્વક સહન કરતાં વધુ ને વધુ સાધનાપરાયણ બનતાં ગયાં. પછી તો શ્રી રામકૃષ્ણ સેવાસંઘની સ્થાપના થતાં માતાજીના હાથે ઘણા ભક્તો દીક્ષા લેવા લાગ્યા. અંતે ઈ.સ. ૧૯૨૦ના જુલાઈની ૨૧મી તારીખે તેઓ મહાસમાધિને પામ્યાં.

સ્ત્રીને જ્યારે ભૌતિક સુખ સ્પર્શ પણ નથી કરી શકતું અને સૂક્ષ્મનું સહજ જ્ઞાન હોય છે ત્યારે અત્યંત ધનાઢ્ય કુટુંબમાં જન્મ કે પછી વૈભવ કુટુંબમાં લગ્નથી પણ તે વિચલિત નથી થતી. બંગાળમાં થયેલ રાણી રાસમણિને આ માટે સંભારવા પડે. તેમનો જન્મ અત્યંત ગરીબ કુટુંબમાં થયેલો, પરંતુ સ્વરૂપવાન એવી આ દીકરીનું નામ 'રાણી' પાડવામાં આવેલું. ગરીબ ઘરની આ દીકરીને અત્યંત ધનાઢ્ય કુટુંબનું માગું આવ્યું અને ત્યાં તેનાં લગ્ન થયાં. આ બધી સમૃદ્ધિનો રાણીને જરાયે લેપ ના લાગ્યો. આમ છતાં તેમને થતું કે પોતાના જેવી ગરીબ ઘરની કન્યાને આ ધનાઢ્ય કુટુંબના દીકરાએ કેવી રીતે પસંદ કરી હશે! તે અંગે જ્યારે તેમણે પતિ રાજચંદ્રબાબુને પૂછ્યું, ત્યારે તેમણે કહ્યું,

'મને તારી આ ભક્તિભીની, સુરેખ, પ્રસન્ન, નિર્મળ મૂર્તિનું દર્શન પ્રથમ વાર હુગલીના ઘાટ પર થયું... એ વખતે તું સ્નાન કરીને તરતનાં ભીનાં કપડાં ખભા પર નાખી પૂર્વ દિશા ભણી સૂર્યનારાયણને હાથ જોડી ઊભી હતી. મને થયું કે કોઈ દેવી જ ધરતી ઉપર આવીને ખડી છે!'

રાણી રાસમણિનો સંસાર સુખમાં ચાલતો હતો. તેઓ પતિના કારભારમાં પણ રસ લેતાં હતાં. ત્યાં જ રાજચંદ્રબાબુ એકદમ બિમાર પડી ગયા અને સૌને રડતા મૂકી ચાલ્યા ગયા. તે સમયે સતીપ્રથા હતી પણ પતિએ તેમને એમ કરવાની ચોખ્ખી ના પાડેલી. રાણીએ હવે પતિનું કામકાજ સંભાળી લીધું. બાળપણથી જ સહજપણે કેળવાયેલો કાલીમાતા તરફનો ભક્તિભાવ હવે ઊંડો ને ઊંડો બનતો ગયો. કાલીમાતાના ઉત્સવ વખતે અંગ્રેજો તરફથી હેરાનગતિ થવા છતાં તેઓ પાછળ હઠયાં નહિ. તેમની કાર્યદક્ષતા અને ગરીબો પ્રત્યેની સહાનુભૂતિથી તેઓ ચારે તરફ પંકાયાં. કાલીમાતાનું મંદિર બાંધવાની ઇચ્છા છેક બાળપણથી હતી. છેવટે ઈ.સ. ૧૮૪૧માં સપ્ટેમ્બરની છઠ્ઠી તારીખે સાઠ વીઘા જમીનનો એક વિશાળ પ્લોટ વેચાતો લેવામાં આવ્યો અને દશ વર્ષે જે મંદિરનું બાંધકામ પૂરું થયું તે દક્ષિણેશ્વરનું કાલીમંદિર.

આ મંદિરમાં જ પૂજારી રામકુમારની સાથે એમના નાના ભાઈ ગદાધર પણ દક્ષિણેશ્વર આવ્યા હતા જે પછીથી રામકૃષ્ણ પરમહંસ તરીકે જાણીતા થયા.

કુદરતી રીતે જ સ્ત્રીહૃદય સંવેદનશીલ, કોમળ અને ગ્રહણશીલ જોવામાં આવ્યું છે. આસપાસના વાતાવરણમાંથી ભક્તિભાવ અને સમર્પણભાવ તરત જ ઝીલી શકે એવી સહૃદયતા સ્ત્રીઓમાં જોવા મળે છે. પ્રાચીન સમયમાં સંયુક્ત કુટુંબપ્રથા હતી ત્યારે ઘરના વડીલો દ્વારા થતી પાઠ-પૂજાની અસર કુટુંબની નાની વયની દીકરીઓ પર પણ પડતી. બાળપણની ભીની માટીમાં ભક્તિના ચાસ પડ્યા હોય ત્યારે આગળ જતા સમજણ વધે તેમ તેમ અધ્યાત્મ તરફ ગતિ કરવાનું બને. સામાન્યજનમાં આપણે એવી કેટલીયે સ્ત્રીઓ જોઈશું જેઓ સાંસારિક મુશ્કેલીઓમાં ભક્તિ અને સાધનાની મદદથી માર્ગ કરતી હોય, અંતઃકરણની નિર્મળતા સાથે પ્રાર્થના ભળે ત્યારે નિશ્ચિતપણે સુભગ પરિણામ જોવા મળે છે.

સામાન્યતઃ પુરુષોની સરખામણીમાં સ્ત્રીઓનું વિશ્વ સીમિત હોય છે. આનો એક ફાયદો એ છે કે અટપટી અને સંકુલ દુનિયાદારીથી તે દૂર રહે છે. આ કારણે તે ધારે તો સત્વ તરફ ઇચ્છિત ગતિ કરી શકે. સાંપ્રત સમયમાં દીકરીઓ ઉચ્ચશિક્ષણ માટે વિદેશ જાય છે અને ફેસબુક, ઈન્સ્ટાગ્રામ જેવા માધ્યમોને કારણે વ્યાપક મંચ પર મુકાય છે એ ખરું. પરંતુ સમજણ અને વિવેકબુદ્ધિના ઉપયોગ દ્વારા ખરેખર સારા અને સદુપયોગી કાર્યો તરફ પણ તેઓ વળી શકે.

અધ્યાત્મક જુદી જુદી વ્યક્તિઓમાં જુદી જુદી રીતે પ્રગટી શકે. આપણા દેશના સ્વાતંત્ર્યસંગ્રામ વખતે મહિલાઓએ પોતાનું અમૂલ્ય યોગદાન આપ્યું જેને આધ્યાત્મિકતાની અભિવ્યક્તિ જ કહી શકાય. સરદાર વલ્લભભાઈ પટેલના દીકરી મણિબહેન પટેલ, ગુજરાતના પ્રથમ સ્નાતક મહિલા શારદાબહેન મહેતા અને તેમના સહોદરા વિદ્યાબહેન નીલકંઠ, ભારતના બુલબુલ તરીકે જાણીતાં કવયિત્રી સરોજિનીબહેન નાયડુ, સુખ-સાયબીમાં ઉછરેલાં પરંતુ તે છોડીને સેવાકાર્ય માટે ગામડામાં ધૂણી ધખાવનાર પારસી મહિલા મીઠુબહેન પીટીટ, ગૃહસ્થ જીવનમાં બ્રહ્મચર્યને અપનાવીને સમાજના અનેક કામો કરનાર જયપ્રકાશ નારાયણના પત્ની પ્રભાવતી દેવી, મહારાષ્ટ્રના ખામગાંવમાં જન્મેલ ગાંધીરંગે રંગાયેલ આજીવન સેવાકાર્ય કરનાર કાશીબહેન મહેતા – આ સૌમાં આધ્યાત્મિકતાનો નિત્યનૂતન રંગ દેખાશે.

ભારતની ભૂમિ કંઈક એ પ્રકારની છે કે અહીં વિદેશી મહિલાઓએ પણ નિજત્વનો અનુભવ કર્યો છે. ભગિની નિવેદિતા તરીકે જાણીતાં થયેલાં માર્ગરેટ આયરલેન્ડનાં વતની હતાં પણ ઈ.સ. ૧૯૮૫ના નવેમ્બરની એક સાંજે સ્વામી વિવેકાનંદ સાથેની મુલાકાતે તેમના જીવનપંથ પર અજવાળું અજવાળું કરી મૂક્યું. તેઓ ભારતીય સંસ્કૃતિના ઉદ્ગાતા બની રહ્યાં. અન્ય બ્રિટીશ મહિલા મેડલેન સ્લેડને કિશોરાવસ્થાથી બિથોવનનાં સંગીતનું ઘેલું રોમાંરોલાંએ બિથોવન વિશે લખેલી ફ્રેન્ચ નવલકથા વાંચવા તેઓ ફ્રેન્ચ શીખ્યાં, રોમાંરોલાંને મળવાં ગયાં ત્યારે તેઓ ગાંધીજી પર પુસ્તક લખતા હતા અને બોલ્યા કે 'ગાંધી તો બીજા ઈશુ છે' અને બસ આ વાક્ય તેમને ભારત ખેંચી લાવ્યું. ગાંધીજીએ તેમને 'મીરાંબહેન' નામ આપ્યું. મૂળ ફ્રાન્સના માતાજી શ્રી. અરવિંદ સાથે સાધનાપથ પર જોડાયાં.

આ પૃથ્વીના પટ પર ઈશ્વરે સર્જનનું માધ્યમ સ્ત્રીને બનાવી. પોતાના ઉદરમાં બાળકને ઉછેરનાર સ્ત્રીની ધૃતિ, તિતિક્ષા અને બળ ઉત્ક્રાંત થઈને પ્રગટે અને માત્ર પોતાના બાળક માટે જ નહિ પણ વ્યાપક સમુદાય માટે પ્રગટે ત્યારે તેનામાં આધ્યાત્મિકતાનો ઉદય થાય છે. સાંપ્રત યુગમાં અનેક ક્ષેત્રે પ્ર-ગતિ કરી રહેલ સ્ત્રીની અધ્યાત્મશક્તિ માટે પણ સંપૂર્ણ શ્રદ્ધા રાખીએ. અસ્તુ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૩ ૩૭૭૧૪

# શિક્ષણ જ સર્વસ્વ

ઉર્મિલા સુરેન્દ્રભાઈ ધોળકીયા

*(પ્રસ્તુત લેખમાં લેખિકાએ પોતાના જીવનનો અનુભવ વર્ણવ્યો છે. આ અંકના સૌજન્યદાતા ગુલાબચંદ શાહના તેઓ બહેન છે. સમાજમાં જ્યારે સ્ત્રી શિક્ષણને સ્વીકારાયું નહોતું એ સમયમાં તેમના પિતાએ સ્ત્રીઓ માટેની સ્કૂલ સ્થાપી, જ્યાં આજ સુધીમાં અનેકોનેક શિક્ષણનો લ્હાવો લીધો. એક બીજ વટવૃક્ષ બન્યું, પરંતુ આરંભના સંઘર્ષની આ સત્યકથા વાંચવી રહી.)*

**ક**ચ્છના પાટનગર ભૂજ શહેરના આંગણે વિશાળ ક્ષેત્રમાં સુશોભિત એવી ''ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ'' ભૂજ શહેરનું એક ગૌરવભર્યું, સરસ્વતી દેવીનું સ્થાનક છે. સમસ્ત કચ્છની બાળાઓ અહીંથી શિક્ષણ મેળવી જીવનને ઉજ્જવળ કરે છે. આ સ્કૂલના શિખર ઉપર ફરકે છે જ્ઞાનની ધજા અને ફરફરતી ધજામાં ગૂંથાયેલી છે, એવા બે બાંધવોની ગાથા, જેઓએ તન, મન અને ધનથી આ વિદ્યાની વાડીને સીંચી છે.

આ બન્ને બંધુઓનું નામ છે – કરમચંદભાઈ અને ડોસાભાઈ. આ જ્ઞાનપીઠ બન્ને ભાઈઓનું જીવંત સ્વપ્ન છે. આ સ્વપ્ન કેવી રીતે સાકાર બન્યું તે માટે તેઓના જીવનનો ઈતિહાસ જાણવો જરૂરી છે. આ બન્ને ભાઈઓએ ગરીબીની ગોદમાં જન્મ લીધો. તેઓના પિતા લાલચંદભાઈ ખૂબ સરળ સ્વભાવના મહેનતુ અને પ્રામાણિક હતા. દિવસના દશ કલાક કાળી મજૂરી કરવા છતાંય તેમની કમાણી કુટુંબના સભ્યોના પેટનો ખાડો પૂરવા અશક્ત હતી. દરેક સભ્યનું અર્ધુ ખાલી રહેતું પેટ આનો પુરાવો હતો. મા બિચારી લોહાના દળણાં દળે અને જે થોડા પૈસા મળે તે એક પોટલીમાં ''તાત્કાલિક ખાતા'' પેટે સાચવી રાખે.

મા-બાપની આ કાળી મજૂરી જોઈ મોટાભાઈ ડોસાભાઈનું દિલ દ્રવી ઉઠ્યું. તેમની ઉંમર ખેલવા-કૂદવાની હતી પણ ઘરની હાલત જોઈ સમજુ ડોસાભાઈએ કુમળી વયમાં નિશાળનું ભણતર છોડી નોકરી કરવાનું સ્વીકારી લીધું અને નોકરી અર્થે તેઓ કચ્છથી દૂર એવા કોકલત્તા શહેરમાં પહોંચી ગયા. પોતાના કામમાં થોડા અનુભવ મેળવી પોતાના નાનાભાઈ કરમચંદભાઈને પણ કોલકત્તા બોલાવી દીધો અને બન્ને ભાઈ ઘાંચીના બળદની જેમ કામમાં જોડાઈ ગયા.

ખંતથી કામ કરતાં બન્ને ભાઈઓના અનુભવનો આંક ઝડપથી વધવા માંડ્યો. મહેનત અને પ્રમાણિકતાથી વેપારીઓનો વિશ્વાસ મેળવી લીધો. બજારમાં આબરૂ અને ઈજ્જત વધવા માંડી. ધીરે-ધીરે વેપારના ક્ષેત્રમાં આગળ વધતા ગયા. લક્ષ્મીદેવીની કૃપા વરસતી રહી. જોતજોતામાં કમાણીનો આંક આસમાન તરફ વધવા લાગ્યો. એક બહુજ પ્રતિષ્ઠિત કંપનીએ બન્ને ભાઈઓને કંપનીમાં પાર્ટનર બનાવી દીધા. ધનવાન બનવાની સાથે મા-બાપે રોપેલા સંસ્કારના બીજો પણ વિકસતા ગયા. નમ્રતા અને સાદાઈને તેઓએ જીવનમાં અગ્રતા આપી.

ગરીબાઈના અનુભવોએ પણ સાચી દિશા બતાવી, પરિણામે, બીજાની ગરીબાઈનું દુઃખ દૂર કરવાની ભાવનાએ જન્મ લીધો. ગરીબાઈના રોગને દૂર કરવાનું ઓસડ દાન છે. અને તે પણ જ્ઞાન દેવીને ચરણે આવા સદ્‌વિચારો અને સદ્‌ભાવથી સારાં કામો કરવાની પ્રેરણા મળી. તકને ઝડપી લઈને અમલમાં મૂકવાની મનમાં ગાંઠ વાળી અને પ્રતિજ્ઞા લીધી કે જે પણ કમાણી થાય તેનો દશાંશ ભાગ દાન દેવા માટે જુદો રાખવો. ગરીબીને હજુ તેમનો સાથ છોડ્યો નહોતો. પણ દાન માટે બેંકમાં પૈસા જમા કરવાનો નિશ્ચય પાકો હતો. આ પૈસાનો સદુપયોગ કરવા વિચારો અને યોજનાઓની રૂપરેખા તેઓએ બનાવી લીધી અને શરૂ કર્યો તાત્કાલિક અમલ! શુભમ્ શીઘ્રમની માફક.

સૌથી પહેલી યોજનામાં સ્થાન લીધું – સ્ત્રી શિક્ષણના ખાતાએ. આ યોજના હેઠળનું સૌથી પહેલું કાર્ય હતું બાળાઓ માટે સ્કૂલની સ્થાપના. આજથી લગભગ ૧૦૦ વર્ષ પહેલાંની આ વાત છે. એ જમાનામાં બાળાઓનું અક્ષરજ્ઞાન નહિવત્ જેવું હતું. કારણ કે ગામમાં કન્યાઓ માટે નિશાળનું નામનિશાન પણ નહોતું. સમાજના દરેક માતા-પિતામાં એવી માન્યતા હતી કે છોકરી ભણશે તો વંઠી જશે. મા-બાપની આબરૂ ઉપર પાણિ ફેરવશે અને પરિણામે સમાજને નીચું જોવાનું થશે. તેથી સમાજને બચાવવા માટે સ્ત્રી શિક્ષણનો બહિષ્કાર કરવો જરૂરી છે. આવી માન્યતાઓએ સમાજમાં એવા ઊંડા મૂળીયા વાવ્યા હતા કે આ વાવડીને ચસકાવવા ધોળા દિવસે તારા જોવા પડે. અંધારાને ઉલેચવું પડે. આવા કપરાં કાર્યને પૂરું કરવાનું બીડું હિંમતથી ઝડપી, બન્ને ભાઈઓએ કમર કસીને કામના શ્રી ગણેશ કર્યા.

ગામની વચ્ચે એક ઘરના ઓરડામાં સ્કૂલ શરૂ કરવાનું નક્કી કર્યું, જેથી ગામની છોકરીઓને ઘર આંગણે જ નિશાળ મળી જાય.

આ કામ માટે શિક્ષિકાબેનને શોધવું અને ભણાવવા માટે તૈયાર કરવા એ સૌથી વધુ કપરું કામ હતું. આ કામ માટે લક્ષ્મીબેન નામના એક બેનને સમજાવીને તૈયાર કર્યા. લક્ષ્મીબેનને સમાજના વિરોધનો ખૂબ ડર હતો અને બન્યું પણ એવું જ. લક્ષ્મીબેન જેવા સ્કૂલ આવવા માટે નીકળ્યા કે સમાજનું ટોળું ઈંટ અને પથ્થર સાથે રસ્તા વચ્ચે તેમને રોકવા હાજર થઈ ગયું. લક્ષ્મીબેને હિંમત કરીને તેઓને સમજાવીને સામનો કરવા બહુ પ્રયત્ન કર્યો પણ તેમનું શું ગજુ? પથ્થરના ઘાએ તેમને પાછા વળવા મજબૂર કરી દીધા. હિંસાભર્યું ઝનૂન ઉગ્ર હતું.

આ પરિસ્થિતિ જોઈ બન્ને ભાઈઓને લાગ્યું કે, આ તો રેતીમાંથિ તેલ કાઢવા જેવું છે. પણ પીછેહઠ કેમ કરાય? તેઓને પોતાના આત્મબળમાં વિશ્વાસ હતો. ધીરજ અને હિંમતને જીવનનું સૂત્ર બનાવ્યું હતું. છેવટે આ મુશ્કેલીમાંથી તેઓએ માર્ગ શોધી કાઢ્યો. ભાવનગરમાં તે સમયે ગિજુભાઈ બધેકા, જેઓ સમાજસુધારક અને સ્ત્રી શિક્ષણના પ્રખર હિમાયતી હતા. બન્ને ભાઈઓએ તેમની સાથે સંપર્ક સાધી પોતાની મુશ્કેલી વર્ણવી. ગિજુભાઈએ ઉકેલ આણ્યો. તેઓએ મનોરમાબેન નામની એક શિક્ષિકાબેન કે જેઓ સેવાભાવી, નીડર અને આદર્શવાદી હતા તેમને આ મુશ્કેલ કામ માટે પસંદ કર્યા.

મનોરમાબેને આ ચેલેંજ સ્વીકારી લીધી. ફરી પાછો એ જ દોર શરૂ થયો. એકતરફ રસ્તાની વચ્ચોવચ મનોરમાબેન અને બીજી તરફ રસ્તાને રોકતું સમાજનું ટોળું ઈંટ, પથ્થર સાથે. પરંતુ પરિસ્થિતિ થોડી બદલાઈ હતી. મનોરમાબેન મક્કમ અને લડી લેવાના મૂડમાં હતા. એક સૈનિકની જેમ ટોળાંની સામે ગર્જના કરી. ''સામે આવો, કોની હિંમત છે મારવાની?'' એક સ્ત્રીનું આવું રૌદ્ર સ્વરૂપ જોઈને ટોળું જરા ગભરાઈ ગયું. હથિયાર હેઠા પડી ગયા. સ્વાભાવિક છે કે હિંમતભરી સચ્ચાઈની સામે મારવાવાળા ઢીલ પડી જાય છે. અને આવું જ કાંઈક બન્યું.

મારામારી તો અટકી પણ આગ ભભૂકી ભીંતો ઉપર – પોતાના વિરોધને દર્શાવવા રાતોરાત ગામની બધી ભીંતો બિભત્સ સૂત્રોથી ચિતરાઈ ગઈ. સમાજે સૂત્રો લખ્યા, 'જાઓ, સમાજપ્રેમીઓ, આપણા સમાજની લાજ લુંટાઈ રહી છે, બહિષ્કાર કરો' અને છેવટે મનોરમાબેનને લગતા ગંદા લખાણો, જેને અહીં સ્થાન આપવામાં આ કલમ પણ શરમ અનુભવે છે. આ ગંદી પ્રવૃત્તિ થોડો સમય ચાલી પણ પંક્ચર પડેલા ટાયરમાં હવા કેટલો સમય ટકી રહે? છેવટે વિજય તો સત્યનો જ થાય છે. ભૂજ શહેરમાં છેવટે સ્ત્રી-શિક્ષણના દ્વાર ખૂલ્યા. ધીરે-ધીરે સમાજના સભ્યોની ગેરસમજ દૂર થતી ગઈ. ભણતરની જરૂરિયાત સમજાતી ગઈ – બે છોકરીઓની હાજરીથી શરૂ થયેલી કન્યાશાળામાં કન્યાઓની સંખ્યા વધતી ગઈ. આમ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલનો જન્મ થઈ ગયો.

સમયની સાથે અને સંખ્યાની સાથે ક્રમશઃ વર્ગો વધતા ગયા અને મેટ્રીક સુધી પહોંચી ગયા. જ્યાં અક્ષરજ્ઞાન પણ શૂન્યવત્ હતું ત્યાં છોકરીઓ મેટ્રીકની ડિગ્રીઓ મેળવવા લાગી. આ પણ એક ચમત્કાર જ ને! આજ સુધીમાં આ સ્કૂલમાંથી અસંખ્ય છોકરીઓએ શિક્ષણનું દાન મેળવ્યું છે અને વરસો સુધી આ પરંપરા ચાલુ રહેશે. બંને ભાઈઓની આ માન્યતા ફળી કે ''મહેનતનાં ફળ મીઠાં છે.'' ''જો કૂવામાં હોય તો હવાડામાં જરૂર આવે.'' આજે આ સ્કૂલ આધુનિક સાધનોથી સજ્જ છે. સુંદર લાયબ્રેરી, ટેનિસ કોર્ટ અને મુક્ત વાતાવરણમાં બાળાઓનો વિકાસ થઈ રહ્યો છે. સ્કૂલના આંગણામાં પ્રવેશતાં જ નજરે પડે છે, જાજરમાન મુદ્રાથી શોભિત માતુશ્રી ઈન્દ્રાબાઈનો ફોટો. આ ફોટો જોતાં બંધુઓ કહે છે કે અમારી બે માતાઓ છે અને તે પણ સગી. એકનું નામ છે – ઈન્દ્રાબાઈ, વાત્સલ્યની દેવી અને બીજું નામ છે – ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલ, જ્ઞાનની દેવી, સરસ્વતી દેવી.

સમયની ગતિ સાથે આ જ્ઞાનકૂચ આગળ વધતી ગઈ. હાઈસ્કૂલ અને મેટ્રીક પછી આવ્યો કોલેજનો વારો. મેટ્રીકના શિક્ષણ પછી વિદ્યાર્થીઓને કોલેજનું શિક્ષણ લેવા કચ્છની બહાર જવું પડતું હતું. મોટાભાગનાં વિદ્યાર્થીઓ પાસે ટ્રેનનું ભાડું ચુકવવા જેટલા પણ પૈસા નહોતા. મા-બાપોની આ મુશ્કેલી દૂર કરવા બંને ભાઈઓએ ભૂજમાં કોલેજની સ્થાપના કરવા માટે કમર કસી અને ભૂજની પ્રથમ કોલેજ – લાલન કોલેજના નામે શરૂ થઈ ગઈ. ભૂજ શહેરના આંગણે જ્ઞાનની ગંગા વહેતી થઈ ગઈ જેના દ્વારા વિદ્યાર્થીઓના જીવનમાં હરિયાળી આવી ગઈ. આવાં સદ્કાર્યોની કૂચ હજુ ચાલુ જ હતી. દાનનો પ્રવાહ અવિરત ગતિએ વહેતો ગયો. ફરી એક ઉત્તમ યોજના અસ્તિત્વમાં આવી.

ભૂજ ગામના પાદરે બંને ભાઈઓએ પોતાના પિતાશ્રીને પ્રેમભરી અંજલિ આપવા એક ભવ્ય ધર્મશાળા બનાવવાની યોજના અમલમાં મૂકી. આ ધર્મશાળાને પિતાશ્રીનું નામ આપ્યું – ''લાલચંદ થાવર મહાજન વાડી.'' આ મહાજનવાડીએ આજ સુધીમાં કેટલાંય પરિવારો અને મુસાફરોને મીઠો પોરો ખાવા સગવડ કરી આપી છે. ભૂજ શહેરના ગરીબ પરિવારોને તો ઘરના આંગણે આ હવાફેરનું સ્થળ મળી ગયું છે. આ મહાજન પક્ષની ખાસ સગવડ એ છે કે તેની સ્વચ્છતા અને મકાનની જાળવણી ઉપર ખૂબ ધ્યાન આપવામાં આવે છે. આ માટે કડક નિયમો બનાવ્યા છે અને પૈસાની પૂરતી

વ્યવસ્થા ચાલુ રહે તે માટે ધ્યાન અપાય છે. બન્ને ભાઈઓની આવી ઝીણવટભરી દીર્ઘ દૃષ્ટિ હતી, જેને કારણે આજ પણ તેઓનું દરેક કાર્ય એક ફૂલવાડીની માફક મહેકે છે.

હવેની યોજનાએ સુકાન ફેરવ્યું. સ્વાસ્થ્ય અને હૉસ્પિટલ તરફ આજથી ૭૦ વર્ષ પહેલાં લોકોને બાળકના પ્રસવ વિષેની મેડીકલ સારવારનું જ્ઞાન જરાપણ નહોતું. સમાજમાં એવી માન્યતા પ્રચલિત હતી કે ''જેની મા મરી ગઈ હોય તેવી જ સ્ત્રીઓ 'સુવાવડ' માટે હૉસ્પિટલમાં જાય.'' મતલબ કે ''પ્રેસ્ટીજ''નો સવાલ હતો. સમાજના આવા અજ્ઞાનને દૂર કરવા અને દેશની પ્રસુતા બેનો સુયાણી કે દાયણના હાથનો શિકાર ના બને તે માટે ભૂજની હૉસ્પિટલમાં ''પ્રસૂતિ વિભાગ'' શરૂ કર્યો. આ કામ પાર પાડવું અઘરું હતું. અને શરૂઆતમાં મુશ્કેલીઓ પણ આવી પણ અનુભવી બંધુઓને પડકાર ઝીલવાની કરામત કોઠે પડી ગઈ હતી. પ્રસૂતિવિભાગનું કામ હોશિયાર અને અનુભવી લેડી ડૉક્ટરના હાથમાં સોંપ્યું અને આ વિભાગને આધુનિક સાધનોથી સજ્જ કર્યું. આવી હૉસ્પિટલની સારવારને કારણે ઘણી માતાઓના જાન બચી શક્યા. સમયસર ઓપરેશન થવાના કારણે ઘણા બાળકોને પણ બચાવી શકાયા. આવા ઉત્તમ કાર્ય પછી આવી નવી યોજના – જેનું નામ છે, સીવણશાળા.

જો બહેનો પોતાનો ફુરસદનો સમય કપડાંની સીલાઈ શીખવામાં ગાળે તો આ હુન્નર દ્વારા તેઓ પોતાનાં પગ ઉપર ઊભી રહીને ઘેર બેઠે કમાણી કરી શકે. સીવણશાળા માટેનો આ મુખ્ય ધ્યેય હતો. આ કાર્ય દ્વારા બહેનોનો આત્મવિશ્વાસ વધે અને સમાજની ઉન્નતિ થઈ શકે, જે ખૂબ જ જરૂરી હતું. આવો વિચાર આવતાં જ એક બેન, જેઓએ આ કામમાં ડિગ્રી મેળવી હતી તેમને નિયુક્ત કર્યા અને હાથ અને પગથી ચાલે તેવાં મશીનો ખરીદી લીધા. સીવણશાળામાં બહેનોની હાજરી ઝડપથી વધતી ગઈ. આ કામમાં બહેનોને ખૂબ રસ પડ્યો અને શાળાનો વિકાસ થતો ગયો. પોતાના પગ ઉપર ઊભા રહી બેનોએ ઘર બેઠે કમાણી શરૂ કરી.

આમ, આ યોજનાઓની હારમાળા વિકસતી ગઈ. આ સમય દરમ્યાન દુઃખદ ઘટના એ બની કે મોટાભાઈ ડોસાભાઈનો સ્વર્ગવાસ થઈ ગયો. કરમચંદભાઈની જવાબદારી વધી ગઈ.

શિક્ષણ, સ્વાસ્થ્ય અને સીવણકલા પછી કરમચંદભાઈની નજર સામે આવીને ઊભા, ગરીબોના ''ભૂખ્યા પેટ''. પોતાના બાળપણમાં આ દુઃખનો સાક્ષાત્કાર તેમને થઈ જ ગયો હતો. ભૂખ્યા પેટની વેદના કેટલી ભયંકર હોય છે તેનો તો પ્રત્યક્ષ અનુભવ હતો. તેથી આ ક્ષેત્રમાં કાંઈક કરવા માટે તેમનું મન તડપી રહ્યું હતું, પરિણામે એક દિવસ સવારમાં ફરવા જતી વખતે કરમચંદભાઈએ ભૂખને કારણે બેહાલ બનેલાં થોડાં ભાઈઓને પ્રેમથી ભોજનનું નિમંત્રણ આપી દીધું. તેમના ઘરની પાછળ મોટી જગ્યા હતી. ત્યાં રસોડું ચાલુ કરી દીધું. ભોજન બનાવતી બાઈઓને બોલાવી દાળ, ભાત, રોટલા, શાક, છાશ વગેરે તૈયાર કરાવ્યું.

બરાબર બાર વાગ્યે નિયંત્રિત મહેમાનો હાજર થઈ ગયા. આમાં વૃદ્ધો, ભૂખથી બેવડ વળેલાં ગરીબો અને માગવાવાળાઓનો સમાવેશ થતો હતા. પતરાવળી સાથે પંગત ગોઠવાઈ ગઈ. બધાં પ્રેમથી ભરપૂર પેટ જમ્યાં, અને અંતરથી આશીર્વાદ આપતાં બોલ્યાં કે ''આજે ખાલી પેટ ભરાયું.'' બસ પછી તો આ ક્રમ શરૂ થઈ ગયો. હવાની જેમ ખબર ફેલાઈ ગઈ. જમવાવાળાઓની સંખ્યા વધતી ગઈ. આ દેશમાં ભૂખ્યાઓની ક્યાં અછત છે? તેમાં પણ ''પ્રેમથી કોઈ જમાડે'' એના જેવો કયો આનંદ છે? કરમચંદભાઈને મન આ અમૂલ્ય પળ હતી.

તેમની ઇચ્છા હતી કે આ મંગલમય જમણવાર સદા માટે ચાલ્યા કરે તેથી તેઓએ આ ભોજન શાળાને ''જનતા સસ્તું ભોજનાલય'' નામ આપીને રજીસ્ટર્ડ કરાવી લીધી. એક ટ્રસ્ટની રચના કરી અને સારી એવી રકમ ડિપોઝીટ કરી, જેના વ્યાજમાંથી આ કાર્ય હંમેશાં ચાલતું રહે. આ સંસ્થા લોકોમાં ખૂબ પ્રિય થઈ ગઈ. લોકો પોતાના ઘરે લગ્ન, જન્મદિન કે કોઈપણ શુભ પ્રસંગ હોય તેની ઉજવણી આ સંસ્થાના લોકોને જમાડીને ઉજવતાં. આમ લોકો તરફથી દાનનો પ્રવાહ આવતો શરૂ થઈ ગયો. આજ સુધી અસંખ્ય લોકોએ આ ભોજનશાળાનો લાભ ઉઠાવ્યો છે. કેટલાં લોકોના શરીરનું સ્વાસ્થ્ય તંદુરસ્ત બની ગયું છે. બીમારીઓ દૂર થઈ ગઈ છે અને બેકારો કામ કરતાં થઈ ગયા છે. મતલબ કે સૂકાતો છોડ ફરી લીલોછમ બની ગયો છે. કરમચંદભાઈને મન આ સંસ્થા તેમનું પ્રિય સંતાન છે, જેની કમાણી ભવોભવ મળતી રહેશે. આજે પણ આ સંસ્થામાં લોકો પ્રેમથી જમે છે.

એ જમાનામાં ભૂજમાં ક્યાંય કોઈને ઘેર પાણીનાં નળ નહોતાં અને જેમાંથી લોકો પાણી મેળવતાં તે કૂવાઓ પણ દૂર દૂર હતા. બંને ભાઈઓએ લોકોની આ મુશ્કેલી દૂર કરવા ઉપાય શોધી કાઢ્યો. પોતાનાં જ ઘરનાં કમ્પાઉન્ડમાં કૂવો ખોદાવી દીધો. ભગવાને મહેર કરી. કચ્છનાં રણને કારણે કૂવાઓમાં ખારું પાણી નીકળતું હતું. પણ આ કૂવામાં પ્રમાણમાં મીઠું પાણી નીકળ્યું. આ કૂવાએ ગામની વચમાં સ્થાન મેળવ્યું. તેથી લોકોમાં ખુશાલી છવાઈ ગઈ. આખો દિવસ છોકરીઓ અને સ્ત્રીઓનાં ટોળાં પાણીની હેલ માથે મુકીને મઝેથી વાતો કરતાં પાણી પોતાના ઘરમાં ઠાલવતા હતા.

દરરોજ કરમચંદભાઈના ઘરને આંગણે લોકોનાં મેળાની રમઝટ ઝામતી હતી. એક બાજુ આ પાણીની લ્હાણી અને બીજી બાજુ મીઠી મધુરી છાશની લ્હાણી શરૂ કરવામાં આવી. બંને ભાઈઓની એવી ઇચ્છા હતી કે કોઈ સારી એવી પ્રવૃત્તિ શરૂ કરીએ જેથી જ્ઞાતિની બેનોના શુભ પગલાં સવારના પહોરમાં આપણા આંગણા શોભાવે. આ પુણ્યનું કામ હતું. આવી શુભ ભાવનાનો જન્મ થતાં તેઓએ થોડી ભેંસ ખરીદી અને એક ભરવાડનું કુટુંબ રહી શકે તેવી ઓરડીઓની મકાનના પાછલા ભાગમાં વ્યવસ્થા કરી.

યોજના પ્રમાણે સવારના પહોરમાં છાશની કોઠીઓ ભરાઈને તૈયાર થઈ ગઈ, અને બેનોની ટોળીઓ છાશ લેવા હાજર થઈ ગઈ. છાશ આપવાનું કામ ઘરની દીકરીઓ કરતી હતી. આ જ્ઞાતિનું કામ હતું. તેથી બધી બેનો હોંશે હોંશે છાશ લેવા આવતી.

ભૂજના પાદર ઉપર ચારે તરફ ફેલાયેલી આવી શુભ પ્રવૃત્તિઓ ગુલદસ્તાની કલગી સમાન છે.

એક તરફ ઈન્દ્રાબાઈ ગર્લ્સ હાઈસ્કૂલના આંગણામાં કિલકિલાટ કરતી કન્યાઓનાં હાસ્ય-ઝરણાં વહી રહ્યા છે, તો બીજી બાજુ ખુલ્લી હવામાં શાંતિનો શ્વાસ લેતાં મુસાફરો ''મહાજન વાડી''ને મુક્ત મને માણી રહ્યાં છે. આવું સુંદર ''સ્મૃતિ સ્મારક'' બંને ભાઈઓના માતા-પિતા પ્રત્યેના પ્રેમનું પ્રતીક છે. આવી સુંદર વાડીમાં મહાજન વાડીની સામે ઈન્દ્રાબાઈ પાર્કનો જન્મ થયો, જ્યાં આજે પણ લોકો મીઠી હવા અને ફૂલોની સુગંધ માણી રહ્યા છે.

બંને ભાઈઓ વચ્ચે પ્રેમની અદ્‌ભૂત સમજ હતી. નાનાભાઈને મોટાબાઈ પ્રત્યે ''ગુરુ જેવી ભક્તિ'' હતી. આવી આ રામ-લક્ષ્મણની જોડી હતી. કાદવના કમળની જેમ ગરીબાઈમાં ઊગ્યા અને ખીલ્યા. શ્રીમંતાઈ આવી પણ સાથે અહંકારને ના લાવી. સંયમની સાથે ચારિત્રનું પાલન કર્યું અને ગુણો દ્વારા જીવનમાં ફતેહની ધજા ફરકાવી. માતુશ્રી ઈન્દ્રાબાઈની તન, મન અને ધનથી સેવા કરી અને આંખની પાંપણ ઉપર રાખ્યા. મા પણ સંતાનના આ સુખને પેટ ભરીને માણતાં પણ તેમનાં હૃદયને એક જ દુઃખ કોરી ખાતું હતું કે છોકરાના પિતાશ્રીએ ''દુઃખની વચ્ચે જ આંખ મીંચી.'' પિતાજીના છેલ્લાં શબ્દો, પત્નીને સંબોધીને હતા કે, તું ચિંતા કરતી નહીં, બીજું તો કાંઈ આપી શકતો નથી. પણ આ ''બે સિંહ'' (ભાઈઓ) મૂકીને જાઉં છું, જે તારી રક્ષા કરશે અને આ ભવિષ્યવાણી સાચી પડી અને છેલ્લે આવે છે ખાસ વાત.

બંને ભાઈઓએ વિચાર્યું કે જીવનમાં ઘણું મેળવ્યું. ગરીબી જોઈ, શ્રીમંતાઈ ભોગવી, કુટુંબની લીલીવાડીમાં આનંદ કર્યો. હવે આ બધી પ્રવૃત્તિઓમાંથી નિવૃત્તિ લઈ શાંતિથી સારા કામોમાં સમય વિતાવવો – એમ નક્કી કરી લીધું. તેઓની ઉંમર હજુ નાની હતી, ધીકતી કમાણી હતી, છોકરાઓને જીવનમાં 'સેટલ' કરવા વગેરે કામો હજુ બાકી હતા. પરંતુ ''સમયનો તકાદો'' તેમને મન અમૂલ્ય હતો. સંતોષથી મન ભરાઈ ગયું હતું. તેઓ માનતા હતા કે સંતાનોને વારસામાં 'એજ્યુકેશન' આપવું જરૂરી છે, જે તેઓ મેળવી શક્યા નહોતા. આ વાતનો ડંખ સાંપની જેમ તેમના મનમાં ભોંકાતો હતો. અને મનમાં નક્કી કર્યા પ્રમાણે સ્વીકારી લીધી સ્વેચ્છાએ નિવૃત્તિ, એ પ્રાર્થના સાથે કે... ઊંડા અંધારેથી પ્રભુ પરમ તેજે તું લઈજા.

✦ ✦ ✦

સંપર્ક : ૮૪૮૭૦ ૩૩૨૮૯

# 'સ્તંભ' બહેનો દ્વારા વૃદ્ધો માટેની પરબ

**હેમલતા શાહ**

**આ**જે મારા એક વિશિષ્ટ અનુભવની વાત મારે કરવી છે. આમ તો બહેનોને હંમેશા આધારિત મનાય છે, જે બીજાને આધાર આપી સ્તંભ બને છે. પણ અમારી સંસ્થા 'સ્તંભ' એ સાત બહેનો દ્વારા ચાલતી વૃદ્ધો માટેની સંસ્થા છે. આજે સમાજમાં ભૌતિકતાનું મહત્વ વધ્યું છે, ત્યારે વૃદ્ધો માટે સમય અને જગ્યાનો અભાવ ઘરમાં અને સમાજમાં જોવા મળે છે. છેલ્લાં ૧૫ વર્ષની આ સંસ્થા વૃદ્ધ ભાઈ-બહેનો માટે જીવનના આનંદનો અવસર નિયમિત રીતે ઊભો કરે છે. ચેન્નઈમાં હેમલતાબેન શાહ, પ્રીતિ વશા, શોના શાહ, અર્ચના શાહ, મીના મહેર, સોના શાહ અને ભાવના શાહ મળીને આ સંસ્થાને કાર્યવેગ આપે છે. આજે ૯૧ વર્ષે પણ હું 'યુવાની'નો અનુભવ કરું છું કારણ આ વૃદ્ધ ભાઈ-બહેનો સાથે હરવા-ફરવા, કાર્યક્રમનું સતત આયોજન કરું છું. તેમના હાસ્યથી મારા જીવનમાં આનંદ અને સ્વસ્થતા રહે છે.

બહેનો, ધારે તો પોતાની કાર્યશક્તિથી સહુના જીવનમાં આનંદ ભરી શકતી હોય છે. સ્ત્રીઓ હંમેશા આધારિત નથી હોતી પણ બીજાના જીવનને આધાર પણ બની શકે છે, પરબ બની શકે છે તેનું જીવંત ઉદાહરણ 'સ્તંભ' સંસ્થા છે. આવા કાર્ય જ જીવનની સાર્થકતા નક્કી કરે છે.

૯૧માં વર્ષે જીવનમાં પાનખર નહીં, વસંત આવતી હોય છે, કારણ વૃદ્ધોના 'સ્તંભ' બની વસંત વધુ મહોરે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૭૭૦૮૭ ૦૪૨૨૨

# ઘેરાં વાદળમાં રૂપેરી કોર : સ્ત્રી સશક્તિકરણ અને ભારતની સેવા સંસ્થાઓ

**ડૉ. ખેવના દેસાઈ**

'Development if not engendered is endangered'.
– મહબૂબ ઉલ-હક

'હરીજન બંધુ'માં ગાંધીજીએ લખેલું કે "એક ઉજળા સમાજનું અડધું અંગ લકવાગ્રસ્ત હોય તો એની ગતિ ખોટકાય છે, પ્રગતિ રૂંધાય છે." સદીઓથી એ અડધું અંગ ઝઝૂમી રહ્યું છે એની મંઝીલ તરફ આગળ વધવા. બેડીઓમાં બંધાયેલા હાથ ઉડવા મથી રહ્યાં છે. પોતીકું આકાશ શોધી રહ્યાં છે. ઉત્પીડનના તિમિર ત્યજીને એને ન્યાયના સૂરજને રોપવો છે. એ અડધું અંગ એટલે નારી, એ આકાશ એટલે મુક્તિ, સામર્થ્ય અને સમાનતા. અને નારીજીવનના પીડાદાઈ તિમિરમાં એક ઝળહળતા કોડીયાનું કામ જેણે કર્યું, કરે છે અને કર્યા કરશે એ સામાજિક-સ્વૈચ્છિક-સેવા સંસ્થાઓ.

આપણો દેશ ગજબનો વિરોધાભાસ ધરાવે છે. પ્રાચીન સંસ્કૃતિમાં એક તરફ નારીને દેવી તરીકે પૂજે અને સેવાને યજ્ઞ ગણે, પુણ્ય ગણે અને બીજી તરફ હજારો વર્ષો સુધી નારીને શોષિત રાખી, અન્યાયની આગમાં હોમ્યા કરી અને નારી ઉત્થાન માટેની સેવાને નામે દીવા તળે અંધારું. ઓગણીસમી સદી પહેલા નારીની હજારો વર્ષની યાતના વણકહી જ રહી ગઈ હતી. નારી હોવું એટલું જ કારણ જાણે પુરતું હતું અસ્પૃશ્ય, અમાનવીય અને અસહ્ય વ્યવહાર કરવા. નારી માટે જન્મ પહેલા ગર્ભમાં વ્યાપેલો અંધકાર એના છેલ્લા શ્વાસ સુધી એની સાથે જ રહેતો. નારી જીવનના દરેક તબક્કે શોષણ અને અન્યાયના દૃષ્ટાંતોથી આપણા દેશના ઇતિહાસના ઘણાં પાનાં ખરડાયેલા છે. વેદકાળના પ્રકાશ પછીની અનેક અનેક સદીઓમાં છૂટીછવાઈ તારલીઓ, પરાક્રમી ઘરદીવડીઓ કે સંત કવિયત્રીઓને બાદ કરતાં છેક ૧૯મી સદીના પ્રભાત સુધીનો આખો કાળ નારીજીવન માટે એક લાંબી કાળી રાત સાબિત થઈ હતી. દાન અને ધર્માદાના સેવા યજ્ઞો કરનાર સમાજ વર્ષો સુધી કુરિવાજોના યજ્ઞમાં સ્ત્રીઓનો બલી ચઢાવતો રહ્યો. પણ પછી એક દિશા મળી. સુધારાયુગના પગરણ સાથે જ સુધરવા માંડી નારીની પરિસ્થિતિ. જોકે સેવા સંસ્થાઓનો ઉદય તો હજુ ઘણો દૂર હતો. પણ અંગ્રેજી શિક્ષણ, મુક્ત વિચારધારા, ઉદારમતવાદનો પ્રસાર, પ્રામાણ્યવાદમાં વધતી શ્રદ્ધાએ એક એવો જુવાળ ઉભો કર્યો કે નારીના અસ્તિત્વનો એક સ્વતંત્ર વ્યક્તિત્વ તરીકેનો સ્વીકાર કરવો જ પડ્યો.

રાજા રામમોહન રોય અને ઈશ્વરચંદ્ર વિદ્યાસાગર જેવા સમાજ સુધારકો સાથે શરૂ થયેલા આધુનિક યુગમાં સમાજ એક નવું પડખું ફર્યો અને સ્ત્રી માટે શક્યતાઓની નવી દિશાખુલી. ૧૮૨૯માં સતી પ્રથાની નાબુદી સાથે, અને ૧૮૫૬માં વિધવા પુનર્વિવાહની મંજુરી સાથે જ સમાનતાના એક નવા જ આંદોલનના ડંકા વાગ્યા. અલબત્ત હજુ પણ આ જુવાળ સમાજના હિંદુ બ્રાહ્મણવાદી ઉપલા વર્ગ સુધી જ પહોંચ્યો હતો. મુસ્લિમ મધ્યમ વર્ગ અને નીચલી જ્ઞાતિ માટે હજુ આ મારગ અજાણ હતો.એ જ અરસામાં ઈસાઈ મિશનરી બહેનોએ શિક્ષણનો ઉપાડો લીધો અને એક વર્ગની નારી અક્ષર ઓળખતી થઈ. બીજી તરફ જ્યોતિરાવ ફૂલે અને સાવિત્રીબાઈ ફૂલેના અથાક પ્રયત્નોને પરિણામે દલિત વર્ગની સ્ત્રીઓએ પણ અક્ષર જ્ઞાનની દુનિયામાં પ્રવેશ કર્યો. કદાચ એક નવો ઇતિહાસ લખવા તરફનું પહેલું પગથિયું. અને પછી યુગપુરુષ ગાંધીનો પ્રવેશ અને હજારો સ્ત્રીઓએ ઓળંગ્યા ઉંબરા. જાણે હાકલની રાહ જોઈને જ બેઠી હોય એમ ધર્મ, જાતિ કે વર્ગના વાડા ઓળંગી અને નીકળી પડી સ્વરાજની સાથે સાથે સ્વઓળખની શોધમાં.

આ તો હજુ આંદોલનના પગરણ હતા. પણ પછીથી સેવા સંસ્થાઓ આ જ આંદોલનોની આંગળી પકડી ઉભી થઈ. જે વર્ગની નારીએ નવા માર્ગ પર પગ મૂક્યો, એણે જ ક્યારેક પુરુષોના સહકાર સાથે તો ક્યારેક આપબળે પોતાની ભગિની, સહિયરોના સાથ માટે હાથ લાંબો કર્યો અને શરુ થઈ નારી સશક્તિકરણ તરફની સેવા સંસ્થાઓની કૂચ. અહી એક વાત સ્પષ્ટ કરવી જરૂરી છે કે આમાની કેટલીક સેવા સંસ્થાઓ કદાચ શરૂઆતમાં અંગ્રેજ સરકારના ઓછાયા હેઠળ, સહકારથી શરુ થઈ હોય પણ મૂળતઃ આ બિન સરકારી સંસ્થાઓ જ હતી. અને આજે પણ એટલે જ એ બધી સંસ્થાઓને એનજીઓ-non-govenrment organisation તરીકે જ ઓળખીએ છીએ.

**અતીતનું અજવાળું**

ઓગણીસમી સદીના ઉત્તરાર્ધમાં સમાજ સુધારા સાથે શરુ થયેલી અનેક સંસ્થાઓ શરૂઆતમાં પુરુષો દ્વારા નારી ઉત્કર્ષના કાર્યો કરવા રચાઈ હતી. પણ તે જ અરસામાં પણ રક્માબાઈ, રુકૈયા સખાવત હુસૈન અને પંડિતા રમાબાઈ જેવી અનેક બાહોશ

સ્ત્રીઓ, સ્ત્રી શિક્ષણ અને જાગૃતિના ક્ષેત્રે ઉલ્લેખનીય કામ કરી ગયા ૧૯૧૦માં સરલા દેવી ચૌધરાણીએ 'ભારતીય સ્ત્રી મહા મંડળ'ની સ્થાપના કરી. આર્ય મહિલા સમાજ, શારદા સદન, સખાવત મેમોરીઅલ સ્કુલ, વીમેન્સ ઇન્ડિયા એસોસીએશન જેવી શરૂઆતની સંસ્થાઓનો મુખ્ય હેતુ દરેક ધર્મની સ્ત્રીઓમાં શિક્ષણ અને ત્યકતા કે વિધવાઓને આશરો આપવાનો હતો. આ તબક્કે માર્ગારેટ બહેનો અને ઍની બેસન્ટનો સિંહ ફાળો ભૂલાય તેમ નથી. જોકે સ્ત્રી શિક્ષણનો મુખ્ય આશય સ્ત્રીઓને પગભર કરવાનો ઓછો અને એક સારી ગૃહિણી અને માતા બનાવવાનો વધુ હતો. કેટલી સંસ્થાઓ સીવણ-ગૂંથણ અને રસોઈકળાના વર્ગો પૂરતી જ માર્યાદિત કામગીરી કરતી. અને તે છતાંય સંસ્થાઓ અનેક બહેનો માટે ઓટલો-રોટલો મેળવવાનો સ્ત્રોત અને મન મોકળું કરવાનો આસરો બની ગઈ હતી.

૧૯૨૭માં એક ઐતિહાસિક ઘટના બને છે. પૂનામાં એક રાષ્ટ્રીય પરિષદ ભરાય છે. લગભગ ૨૦૦૦ લોકોની હાજરીમાં સ્થપાય છે અખિલ હિન્દ મહિલા પરિષદ. દેશભરમાં અનેક શાખાઓ સાથે આજે પણ આ સંસ્થા ભારતીય સ્ત્રી સંસ્થાઓની પ્રતિનિધિ તરીકે ઓળખાય છે. શરૂઆતના વર્ષોમાં રાજકીય રંગે રંગાયેલી આ સંસ્થા સમાજના સુશિક્ષિત, ભદ્ર વર્ગની મહિલાઓ પુરતી જ સીમિત હોઈ ટીકાકારોએ એનું 'પફ-પાવડર પરિષદ' પણ નામ પાડેલું. પણ સમય જતાં ખાસ કરીને સ્વાતંત્ર્યોત્તર કાળમાં મધ્યમ અને કામગાર વર્ગની મહિલાઓ પણ જોડાઈ. આજે ૯૦ વર્ષ પછી પણ અખિલ હિન્દ મહિલા પરિષદ અનેક સામાજિક, સાંસ્કૃતિક અને શૈક્ષણિક પ્રકલ્પો હાથ ધરે છે.

સ્વતંત્રતા પછીના લગભગ બે દાયકામાં સંવિધાનિક સમાનતાને પ્રતાપે નારી આંદોલનમાં અને સ્ત્રી સંસ્થાઓમાં કોઈ મોટું પરિવર્તન ના આવ્યું. સામાજિક ન્યાય ક્ષેત્રે સરકારના કાર્યક્રમોમાં બહેનો જોડાઈ ખરી પણ કોઈ નવી મોટી સંસ્થાઓનો ઉદય નોંધાયો નહીં. પણ ૧૯૭૦ પછીનો એક દાયકા જેટલો ગાળો જાણે સ્ત્રી સંસ્થાઓના પુનર્જન્મ, નવ નિર્માણ કે નવોન્મેષ લઈને આવ્યો. વૈશ્વિક સ્તરે થયેલા સામાજિક પરિવર્તનો અને ચળવળો (new social movement)નો પડઘો ભારતમાં પણ પડ્યો અને વિવિધ ક્ષેત્રે, નારીના વિવિધ પ્રશ્નો સામે પડકાર ફેંકતી અનેક સંસ્થાઓની સ્થાપના થઈ. આ કાળમાં અને એ પછીના બે દાયકામાં જે સંસ્થાઓની ઉત્પત્તિ થઈ તેમાં રોજગારીથી લઈને જાતીય હિંસા, મૂળભૂત હકથી લઈને વિશેષાધિકાર, અનામતથી લઈને પરિવાર નિયોજન, મોંઘવારીથી લઈને આદિવાસીના અધિકારો સુધીના તમામ મુદ્દે સંસ્થાઓ સ્થપાઈ અને કાર્યરત થઈ. આ સંસ્થાઓને મુખ્યત્વે ૬ વિભાગમાં વહેંચી શકાય અ) આધાર/સહાય સંસ્થાઓ/ support group (બાપનું ઘર, મજલિસ) બ) ચળવળ/પ્રચાર લક્ષી/ agitational groups (FOAW, FASDSP) ક) પાયાનાસ્તરનીસંસ્થાઓ/grass roots groups (શ્રમિક અથવા દલિત મહિલા સંગઠનો, સેવા-SEWA) ડ) રાજકીય પાટીની મહિલા પાંખ/political wings (કોંગ્રેસ મહિલા પાંખ/ભાજપ મહિલા મોરચા) ઈ) વ્યવસાયિકસ્ત્રી સંસ્થાઓ/ professional women's group (ઇનર વ્હીલ રોટરી) ફ) સંશોધન અને દસ્તાવેજીકરણ કરતી સંસ્થાઓ/research and documentation group (સ્ત્રી સંશોધનકેંદ્ર, વાચા, અક્ષરા, સ્પેરો). સંસ્થાઓનો નામોલ્લેખ તો દ્રષ્ટાંત પૂરતો જ કર્યો છે અને આ પ્રકારો કોઈ સજ્જડ ચોખઠામા માર્યાદિત પણ નહીં. ઘણી સંસ્થાઓએ એક કરતાં વધુ દિશામાં કામ કર્યું અને આજેય કરી રહી છે. માર્ગ કે પદ્ધતિ જુદા પણ બધાંનો બહુધા હેતુ સ્ત્રી સશક્તિકરણ, જાગૃતિ અને પાયાની કેળવણીનો જ હતો. માર્ક્સવાદી, ડાબેરી, ઉદારમતવાદી, માનવતાવાદી, આંબેડકર કે ગાંધીવાદી વિચારધારાઓમાં સમાયેલો નારીવાદ જ આ બધી સંસ્થાઓનું મુખ્ય વલણ રહ્યું. સ્ત્રી-પુરુષ સમાનતા તરફનો ઝોક અને નારી ઉત્થાન એક જ ઉદ્દેશ્ય હતો.

વિશેષ વિચારવા લાયક મુદ્દો એ કે સમાજસેવાના અન્ય ઘણાં પ્રકારોના મૂળમાં ધાર્મિક ભાવના હતી. દાન કે પરોપકારના મૂલ્યો પર આધારિત સમાજ સેવા થતી હતી. પણ ધર્મને પિતૃસત્તાક માનસિકતાનું જ ઓજાર ગણતી આ સંસ્થાઓએ ધર્મ, ધાર્મિક મૂલ્યો, અને ધર્મગુરુઓથી એક સુરક્ષિત અંતર જાળવી રાખ્યું હતું.

**આજનું આહ્વાન**

૧૯૭૦ના દાયકાનું ભારત અને ૧૯૯૦ પછીનું ભારત. આમ તો વીસ વર્ષનો જ સમયગાળો, સમગ્ર ઇતિહાસમાં ખૂબ નાનો કાલખંડ અને છતાંય સમાજ માટે તો એક આખો યુગ બદલાયો! એ વીસ વર્ષમાં સ્ત્રી તરફી કાયદા ઘડાયા, બદલાયા, આંદોલનો અને સ્ત્રી સંસ્થાઓના સહિયારા પ્રયાસો પછી ઘણી નવી આશાઓ અને અપેક્ષાઓ જાગી અને છતાંય હજુ રસ્તો ખૂબ લાંબો અને દુર્ગમ છે એમ પણ સમજાતું ગયું. વૈશ્વિકરણ અને મુક્ત અર્થતંત્રે એક તરફ સ્ત્રીનું વિશ્વ પણ વિસ્તર્યું અને બીજી તરફ બજાર તરફી અર્થવ્યવસ્થાએ ઘણાં નવા પ્રકારના શોષણને જન્મ પણ આપ્યો. ઈન્ટરનેટના પગરણ સાથે નારી આંદોલનનો વ્યાપ વધુ ફેલાયો અને

પ્રકાર બદલાયો. એક ક્લિક સાથે activism પછી clicktivism બન્યું. અને આ બધાની વચ્ચે ધીમી પણ મક્કમ ગતિએ સ્ત્રી સંસ્થાઓનો વિકાસ થતો રહ્યો છે.

વિચારધારાઓમાં પરિવર્તન, નવી પેઢીનો બદલાતો દૃષ્ટિકોણ, અને નવા પડકારો વચ્ચે નારી સંસ્થાઓનો સંખ્યાની દૃષ્ટિએ ઘણો બહોળો વિકાસ થયો છે. ઘણાં સામાન વિચારધારા ધરાવતા સભ્યો, હંગામી ધોરણે, હાથે ધરેલા પ્રકલ્પ પૂરતા, ભેગા થઈને સંસ્થાઓ સ્થાપી રહ્યા છે. શહેર-ગામ કે આદિવાસી વિસ્તારોમાં સ્થાપાયેલા અને વિસ્તરેલા NGOs આજે રાષ્ટ્રીય જ નહીં પણ સ્થાનિક મુદ્દાઓ સામે પણ સંગઠિત થઈ રહ્યા છે. એક તરફ કોઈ એક વય જૂથ, જ્ઞાતિ, ભાષા, વર્ગ, ધર્મ અને વંશને આધારિત કામ તરફ લક્ષ્ય રાખનાર સંસ્થાઓ તો બીજી તરફ વૈશ્વિક ઝુંબેશમાં ભાગ લેતી સંસ્થાઓ એક સાથે અથવા સમાંતરે કાર્યશીલ છે. આ સંસ્થાઓ લોકશાહીની અને કાયદા નિર્મુલન કે ઘડતરની પ્રક્રિયામાં એક સશક્ત ભૂમિકા ભજવતા હોય છે. સમલિંગી સંબંધોને કાયદેસર કરવાના આંદોલનમાં હમસફર, નાઝ ફાઉંડેશનની ભૂમિકા હોય કે કન્યા ભ્રુણ હત્યા નિર્મુલનના કાયદામાં ફેરફાર કરવામાં સેહત, માસુમ જેવી સંસ્થાઓની પીટીશન હોય, નારી સંસ્થાઓએ અવિરતપણે પ્રયત્નો કર્યા છે. છેલ્લા ૨૦ વર્ષમાં નારી તરફી અને લૈંગિક અસામાનતા વિરોધી જેટલા પણ કાયદાઓનો પ્રસ્તાવ મુકાયો, રજૂ થયા, મંજુર થયા અને ઘડાયા એ બધામા જ નારી સેવા સંસ્થાઓનો સિંહફાળો રહ્યો છે.

નારી કેન્દ્રી સ્વૈચ્છિક સેવા સંસ્થાઓમાં સૌથી મોટો પડકાર હંમેશા રહ્યો છે તે ફંડનો. સમાજના શ્રેષ્ઠીઓ, દાનવીરો દ્વારા અપાતી કે સરકારના સામાજિક ઉન્નતિ માટે આપાતી સહાય અપૂરતી અને અનિયમિત રહી છે. આજે જ્યારે સેવા સંસ્થાઓમાં કામ કરવું એક કારકિર્દીની જેમ જોવાતું હોય ત્યારે કાર્યકર્તાઓને નિયમિત પગાર મળવો પણ એટલો જ જરૂરી બની જાય છે અને એ માટે પણ સંસ્થાએ જોગવાઈ કરવી પડતી હોય છે. આ સંસ્થાઓ કાયમ નાણા ખેંચમાં જ જીવતી હતી જે આજેય એ જ કપરી પરિસ્થિતિનો સામનો કરે છે. સેવા સંસ્થા ભલે સેવાનો ભેખ ધરીને બેઠી હોય પણ સેવા કરવા પણ શક્તિ સમય જેટલા જ જરૂરી નાણાં હોય છે. અને પરિણામે સારા ઉદ્દેશ સાથે શરુ થયેલી અનેક નારી સંસ્થાઓનું અપૂરતા નાણાકીય સ્ત્રોતને પરિણામે બાળ મરણ થતું હોય છે. બીજા પણ કેટલાક રાજકીય પડકારો છે જેને આધારે આ સંસ્થાઓનું ભાવિ જોખમાઈ રહ્યું છે.

**આવતીકાલના અવરોધો**

નારી સંસ્થાઓની ગઈ કાલ અંધકારથી અજવાળા તરફનું પ્રયાણ હતું. એની આજે દુર્ગમ થતાં જતાં પથ પર મક્કમ પગલાની નેમ છે. એમાં પડકારો છે પણ આહ્વાન પણ છે. એક સશક્ત અને સમાન સમાજની પરિકલ્પના પણ છે. નિષેધની સામે નિશ્ચય છે. પણ એ આહ્વાન આવતીકાલ માટે એટલું શુકનિયાળ હશે કે કેમ એ પ્રશ્ન છે.

ઉપરોક્ત ચર્ચામાં જેમ જણાવ્યું કે ફંડ એ મોટો પડકાર છે. એને પહોંચી વળવા આજે એક તરફ વિદેશ સહાયના દરવાજા ખુલ્યા છે તો બીજી તરફ એ ફંડની વિશ્વસનીયતા પર પ્રશ્નો થઈ રહ્યા છે. આખીય સેવા સંસ્થાની પ્રવૃત્તિઓને અને ખાસ કરીને બહેનો દ્વારા બહેનો માટે ચાલતી સંસ્થાઓને શંકાની નજરે જોવાઈ રહી છે. નીતિમત્તાના સવાલો ઉભા થાય છે. ક્યાંક ફંડના દુરુપયોગના સમાચારો આવી રહ્યા છે. બીજી તરફ શહેરોમાં અને હવે તો ગામડામાં પણ સંસ્થા માટે સ્થળની જોગવાઈના પ્રશ્નો છે. પડકારો છે. વધતા જતાં ભાડા અને ઘટતી જતી જગ્યાઓ સામે સંસ્થાઓ માટે ટકી રહેવું મુશ્કેલ થઈ રહ્યું છે.

બીજો એક મોટો પ્રશ્ન નેતૃત્વનો ઉભો થઈ રહ્યો છે. ૧૯૭૦ની શરૂ થયેલી સંસ્થાઓના પ્રતિનિધિઓ હવે નિવૃત્તિને આરે આવીને ઉભા છે. નવી પેઢીમાં 'સેવા' અને 'કારકિર્દી' વચ્ચેનું અસમંજસ છે. મુક્ત અર્થતંત્રમાં ઝડપી અને વધુ આવકના સાધનો વચ્ચે કરકસરથી સેવા સંસ્થામા કાર્યરત રહેવું આ નવી પેઢી માટે અઘરું થઈ રહ્યું છે. મજબૂત વિચારધારા કે નવો દૃષ્ટિકોણ છે પણ ક્યાંક દિશાભાન ખોવાતું લાગે છે. હવે ઓટલો કે આસરો આપવો કે રોટલો રળવાનું સાધન બનવું આ સંસ્થાઓનો હેતુ રહ્યો નથી. હિંસા વિરુદ્ધનું આંદોલન બીજા બધા મુદ્દાઓને ગૌણ બનાવી દે છે. સાથે પ્રચાર-પ્રસારના અને ચળકતા પેકેજીંગના જમાનામાં સાચું કામ કરનાર કરતાં, બણગાં ફૂંકનારા યશ ખાટી જાય છે. પ્રસિદ્ધિની ખેવના વચ્ચે હવે પરસેવાનું મહત્વ ઓછું થઈ રહ્યું છે.

આંતરાષ્ટ્રીય સ્તરે જાગૃતિ અને આંદોલનોનું પ્રમાણ વધ્યું છે પણ સાથે સાથે દમનના પ્રયત્નો પણ એટલાં ઝડપથી વધી રહ્યા છે. નારી સામેના પ્રશ્નો ઓછા તો થયા જ નથી કદાચ બદલાયા છે. અને એની સામે ઝઝૂમવા હવે નવા તંત્રની, સરસાધનોની, કાર્ય પદ્ધતિની જરૂર છે. હા એ વાતમાં સંદેહ નથી કે આ સંસ્થાઓ પરિવર્તનનો સામનો કરવા પોતાના આયુધો સમયે સમયે તપાસી

જ રહી છે. જુદા જુદા સ્તરે ભેગામળી, વિચાર વિમર્શ કરીને આયુધોની ધાર કાઢી જ રહી છે. એટલે આશા ચોક્કસ છે કે આવતી કાલે સમરાંગણમાં આ નારી સંસ્થાઓ તેમની વિજયપતાકા લહેરાવી શકશે. પડકારા દેતી, બધાંય પડકારોને પહોંચી વળશે. અને પેલા કોડિયાની વાટ સંકોરી, વંટોળ સામે આડો હાથ ધરીને નારી સશક્તિકરણની જ્યોત ઝળહળતી રાખશે.

**''છૂને કો આસમાં, હાથ ઉઠાયે મૈને, દેખા તો પંખ નિકલે હાથમેં**
**કાનોમેં જાકે મૈને માંકો મંતર ફૂંકા, તુમ ભી ચાલો ના મેરે સાથમેં**
**પહુંચે હમ દોનોં જહાં રોક ન ટોક વહાં, રાહેં બને હાથોકી રેખા**
**મુઝે બાંધ સકે ના કોઈ રેખા, મૈને સપના સુહાના એક દેખા''**

– મીનળ પટેલ (વાચા સ્ત્રી-સંસ્થા)

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૩૦૬ ૨૮૬૮૯, મુંબઈ

# શ્રીમા શારદામણિદેવી

**માલિની પ્રદીપ શ્રોફ**

**અ**નુભવજન્ય ભાવોથી પ્રગટેલી નારી સંવેદના વિશેષરૂપે સ્પર્શે છે. જીવનના અંતરાયો વિપદાઓને ઝેલીને મોકળી કેડી કંડારે છે. અભાવમાં રંક રહી શ્રીમંતભાવોને ભાવશ્રીમંતતા સાથે ખૂમારીથી જીવી જાણે છે. ઊંડી આધ્યાત્મિકતા, માનવજીવનના ઉત્થાન માટે, નવા યુગધર્મની સ્થાપના માટે જ્યારે ભગવદ્ સ્વરૂપ ધરતી પર અવતરણ કરે ત્યારે તેમની અભૂતપૂર્વ શક્તિનો સ્ત્રોત દેવીરૂપે, શક્તિરૂપે અવતરે છે. આ શિવશક્તિ અભિન્ન હોય છે.

શ્રીમા શારદામણિદેવીની આજે આપણે વાત કરવી છે. ૧૯મી સદીના મધ્યાહ્ને પ્રગતિના પ્રચંડ પવન સામે બંગાળમાં ઊંડી આધ્યાત્મિક ચેતનારૂપે શ્રી રામકૃષ્ણ પરમપુરુષનો પ્રાદુર્ભાવ થયો હતો. શ્રી રામકૃષ્ણ પરમહંસના લીલા સહધર્મિણી શ્રીમા શારદામણિદેવી.

શ્રીમાનો પ્રાદુર્ભાવ ૨૨મી ડિસેમ્બરને ગુરુવારે ૧૮૫૩માં થયો. પ્રાકૃતિક સૌંદર્યથી ભર્યાભર્યા જયરામવાટી ગામમાં. બાલ્યકાળથી જ માનવભાવ અને દૈવીભાવ એકરૂપ હતાં. પાંચ વર્ષની કુમળી વયે જ ચોવીસ વર્ષનાં યુવાન પ્રબળ સાધક (ગદાધર) શ્રી રામકૃષ્ણના સહધર્મિણી બન્યા. પતિપત્ની વચ્ચે ૧૯ વર્ષનો ઉંમર ભેદ, પણ આત્માભિમુખ ચેતનાઓને આવા કોઈ ભેદ ભ્રમ સ્પર્શતા જ નથી. સાધક પતિએ પત્નીનું હૃદય પ્રેમથી જીતી લીધું. શ્રી રામકૃષ્ણે સ્વયં ત્યાગપૂર્ણ ઉન્નત જીવનનો આદર્શ સમ્મુખ ધર્યો. આધ્યાત્મિક સાથે લૌકિક ગૃહજીવનની કેળવણી પણ તેમને મળી. શ્રી માતાજી આ અણમોલ શીક્ષા ગ્રહણ કરતાં. જ્ઞાન ઊંડે ઉતારતા. જીવનમાં બદલાતાં સમય સંજોગ સાથે સદાય આનંદમાં રહેવાની કળા શીખ્યા.

શ્રી રામકૃષ્ણની સાધનાલીલાના ઉત્તરાધિકારીનીનો ક્રમે ક્રમે બૌદ્ધિક અને આધ્યાત્મિક વિકાસ થતો. જગતમાતા બની માતૃત્વના મહિમાનું માન વધારતા. શાંત, સૌમ્ય, નિસ્વાર્થ કરુણામયિ મા ચિંતનશીલ સાધિકા હતાં. શ્રી ઠાકુરે શ્રીમાની આ ક્ષમતાને પારખી હતી.

સુંદર પ્રસંગ છે. એકવાર શ્રી રામકૃષ્ણે શ્રીમાને પૂછ્યું હતું કે 'તમે શું મને સંસાર માર્ગે ખેંચી જવા અહીં આવ્યા છો?' ૧૮ વર્ષની ભરયુવાનીમાં શ્રીમાએ વિના સંકોચ ગર્વ લઈ શકાય એવો ઉત્તર આપ્યોઃ 'ના રે, ભાઈ હું શા માટે તમને સંસારને માર્ગે ખેંચી જાઉં?' હું તો તમને ઈષ્ટમાર્ગે સહાય કરવા આવી છું. શ્રી રામકૃષ્ણ શ્રીમાન પ્રશંસા કરતાં કે 'એમની પ્રતિભા, એ જો આટલાં સંયમી ન હોત અને એમણે જો મનનો સંયમ ગુમાવી મને આકર્ષ્યો હોત તો કોણ જાણે હું પણ મારો સંયમ ગુમાવી બેસત!' Its great compliments to Shri Ma. શ્રીમાએ પોતાનાં સ્થૂળ મનને વાસનાઓ તરફ વળવા જ દીધું. વાસનાઓને તદન નિર્મૂળ કરી નાખી.

શ્રી ઠાકુરના દૃઢ પ્રેમ વિશ્વાસની ઓથે રહીને પણ શ્રીમા પોતાની સ્વતંત્ર વિચારશરણી ધરાવતા. શ્રીમાને મળવા આશ્રમમાં એક વૃદ્ધ સ્ત્રી આવતી. તે પોતાની યુવાનીમાં દેહવિક્રય કરી ગુજરાન ચલાવતી. શ્રી ઠાકુરે શ્રીમાને આ સ્ત્રીથી દૂર રહેવા કહ્યું, ત્યારે શ્રીમાએ ખૂબ જ તર્કપૂર્ણ ઉત્તર આપ્યો કે, 'એનો ભૂતકાળ ભલે ખરાબ હોય, પણ હાલ એ સ્ત્રી ધર્મને માર્ગે જ ચાલે છે.' માર્ગભૂલેલે જો સદ્માર્ગે વળવા માંગે તો એનો તિરસ્કાર ન કરાય. આવી ઉદાર વિચારશરણી જ એમની અલગ ઓળખ છે.

બીજો પ્રસંગ જોઈએ તો શ્રી ઠાકુરના એક ભક્તે શ્રીમા માટે દશ હજાર રૂપિયા આપવા પ્રયત્ન કર્યો ત્યારે શ્રીમા એ સાફ શબ્દોમાં કહ્યું કે, 'આ રૂપિયા લેવાશે નહીં'. પતિ પ્રત્યેની શ્રદ્ધાભક્તિને વિશ્વાસને ક્યાંય ઊણી આંચ ન આવવા દે! આ એમની હૈયાઉકલત.

શ્રી રામકૃષ્ણ મઠણી સંઘટન શક્તિમાં શ્રીમાનું આગવું વ્યક્તિત્વ તરી આવે છે. વિશ્વવ્યાપી સંતાનો પ્રતિ આ માતાનો પ્રેમ અદ્ભૂત હતો. ભક્તો દ્વારા આવતા ફળ મીઠાઈ બધું જ ખૂબ પ્રેમથી

પ્રસાદરૂપે વહેંચી દેતા. દીક્ષા લેવા ઇચ્છતા સાચા ભક્તોની સામાજિક, આર્થિક પરિસ્થિતિ અને તેમની માનસિકતાનો તાગ મેળવીને જ દીક્ષા આપતા. શ્રીમાને ક્યારેક ભક્તો પોતાનાં ઘરે પગલાં કરવા વિનંતી કરતાં પણ તેઓ ક્યારેક જ ભક્તના મનોરથ પૂર્ણ કરતાં. દંભી ભક્તોથી પોતે ખૂબ જ સાવચેત રહેતા.

મઠના સંન્યાસીઓની કાળજી રાખતાં. તેમનામાં સંપ રહે એવા ઉપદેશ આપતા. સમય સાથે ઐક્ય સાધવા બ્રહ્મચારીઓને અંગ્રેજી તથા વિવિધભાષા શીખવા, તજજ્ઞ બનવા પ્રોત્સાહન આપતા. આટલી સૂઝબૂઝ છતાં મઠમાં ક્યારેય કોઈ પદ સ્વીકાર્યું નહીં. ભક્તપ્રેમી શ્રીમા તો ભક્તની એંઠી થાળી, પોતે ઉપાડે અને એંઠવાડ સાફ કરે. બધાં. ના કહે છતાં કહે, 'હું તો એમની મા છું.' શ્રીમા માનતા કે ગુરુશિષ્યનો સંબંધ તો જન્મજન્માંતરનો છે.

આ પ્રસંગે બે વ્યક્તિઓનો ઉલ્લેખ કરવાનું મન થાય. ભગિની નિવેદિતા અને ક્રિસ્ટિન. શ્રીમા અને આ બંને બેનો એકબીજાની ભાષા ન સમજે પણ પ્રેમથી હાવભાવની ઉષ્માને ઓળખે. સાથે ભોજન પણ કરે. તદ્દન અભેદય પ્રેમ. મિસિસ મેકલાઉડ તો માતાજીને મળીને એમ જ કહેતા કે, 'ઈશુની મા મેરીનો વિચાર કરતાં મારી દૃષ્ટિ સમક્ષ માતાજીનો જ ચહેરો તરી આવે છે.'

સ્વામી વિવેકાનંદ પ્રથમવાર અમેરિકા જવાનું નક્કી કરતાં પહેલાં શ્રીમાની આજ્ઞા લેવા ગયા. શ્રીમા કોઈ કામમાં વ્યસ્ત હતાં. સ્વામીજીની વાત સાંભળી કહ્યું, 'નરેન જરા પેલી છરી આપજે.'નરેને જ્યારે શ્રીમાને છરી આપી ત્યારે છરીનો હાથો મા સમ્મુખ હતો અને છરીનો ભાગ તેમની મુઠ્ઠીમાં. નરેનના આ વ્યવહારની કદર કરતાં આજ્ઞા આપી. 'મને ખાતરી છે કે બીજાનાં દુઃખ પોતાનામાં સમાવી તું સેવા કરશે' આટલી સહજ રીતે પરીક્ષા લેતાં શ્રીમા.

અગણિત પ્રસંગો માણવા વિચારવા ગમે છતાં સમય અર્થે સ્થળની સાથે રહી, આ માતૃશક્તિનો વંદન.

માનવકલ્યાણ માટે જાગૃત આ મહાશક્તિ સરળ સાદગીપૂર્ણ જીવન જીવી લગભગ ૬૭ વર્ષનાં આયુષ્યે અદ્‌ભૂત વિભૂતી સર્વવ્યોમમાં વિરમી ગયા. અર્વાચીન ભારતીય સંસ્કૃતિની અચલ, અમર, તપસ્વિની શ્રી શારદામણિ દેવી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૧૩ ૪૨૬૦૩

# નારી સંદર્ભે અણુવ્રતનો ઉદ્‌ઘોષ

**ડૉ. પૂ. વિરલબાઈ મહાસતીજી – ગોંડલ સંપ્રદાય**

**સુ**જ્ઞ ભાઈઓ તથા બહેનો જાગો અને બાર વ્રતના સ્વરૂપને સમજો. બાર વ્રતના ત્રણ વિભાગ પાડવામાં આવેલ છે. પાંચ અણુવ્રત, ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત. આ ત્રણેય એક બીજાને પૂરક છે. અણુવ્રત એ પાયા સમાન છે. ગુણવ્રત એ છત સમાન છે. અને શિક્ષાવ્રત એ બારી-બારણા સમાન છે. આ ત્રણ સાથે ભેગા થાય ત્યારે જ બંગલો બની શકે. એમ આ ત્રણ વ્રત સાથે હોય તો જ તે સમ્યક્ત્વ પ્રાપ્ત કરી સિદ્ધક્ષેત્ર સુધી પહોંચી શકે. અણુવ્રત એટલે શું? અણુ + વ્રત. અણુ એટલે નાનું અને વ્રત એટલે પ્રત્યાખ્યાન. જે પ્રત્યાખ્યાનમાં છૂટછાટ હોય, શક્તિ પ્રમાણે લઈ શકાય, મર્યાદામાં રહીને લઈ શકાય તે અણુવ્રત છે. મહાવ્રતથી અણુવ્રત નાના હોય છે. ઉપાસકદશાંગસૂત્રમાં દૃષ્ટિપાત કરીએ તો ખ્યાલ આવશે કે અણુવ્રત ધારણ કરનારનું કેટલું મહત્વ છે. આનંદ વગેરે દશ શ્રાવકો અણુવ્રતની આરાધના કરી એકાવતારી બની ગયા. બારવ્રતમાં અણુવ્રત એ એંજીન સમાન છે. ગુણવ્રત તથા શિક્ષાવ્રત એ ડબ્બા સમાન છે. આ બાર વ્રતને ગ્રહણ કરીને જ સાધુત્વના સ્વાદને ચાખી શકાય છે.

જૈમ ધર્મ એક મહાન ધર્મ છે. સંગ અને રંગ બન્ને બદલી નાંખે તે જૈન ધર્મ. વિરાગ અને વીતરાગ તરફ ખેંચે તે જૈન ધર્મ. મોહ અને મોક્ષના ભેદ સમજાવે તે જૈન ધર્મ. આવા ધર્મને પામ્યા પછી જીવ અણુવ્રતની આલબેલ નહીં વગાડે તો ક્યારે વગાડશે. અણુવ્રત નાના છે પણ તે અણુબોંબ જેટલું કામ કરે છે, જેમ અણુબોંબ તોંતિંગ પહાડોને ક્ષણવારમાં તોડી નાંખે છે તેમ અણુવ્રત અનંત સંસારનાં રાગ-દ્વેષના પહાડને ભસ્મીભૂત કરી શકે છે. અણુવ્રત ગ્રહણ કરવાની તાકાત શૂરવીર આત્મામાં જ હોય છે. દરેક તીર્થંકર દેશનામાં બે જ ધર્મનો ઉપદેશ આપે છે. (૧) આગાર ધર્મ, (૨) અણસાર ધર્મ અર્થાત્ અણુવ્રત અને મહાવ્રત. જેમ ગાગરમાં સાગર, બિંદુમાં સિંધુ, બીજમાં વૃક્ષ, લગડીમાં પરચૂરણ, તલમાં તેલ, દૂધમાં ઘી, અને ફુલમાં સુગંધ છે તેમ અણુવ્રતમાં સમ્યક્ત્વ, એકાવતારી પદ અને સાધુત્વ પ્રાપ્ત કરવાની તાકાત છે.

જીવને શિવ બનાવતી, અજીવની આસક્તિનો અંત કરાવતી, પુણ્યના પુંજનો ઢગ કરાવતી, પાપને પલાયન કરાવતી, આશ્રવને અલવિદા કરાવતી, સંવરને સજીવન કરાવતી, નિર્જરાનો નફો કરાવતી, બંધને બાહુપાશથી નષ્ટ કરાવતી અને મોક્ષના મહેલમાં સહેલગાહ કરાવતી અણુવ્રતની આરાધના છે એને બારવ્રતની આધારશિલા

કહો કે પાયો કહો તે અણુવ્રત છે. મહાવ્રતથી નાના વ્રતને અણુવ્રત કહેવાય. આગમમાં ''અ'' શબ્દથી શરૂ થતા અનેક શબ્દો જોવા મળે છે. જે શબ્દો સર્વજ્ઞ બનવામાં સહાયક બને છે. જેમ કે અણુવ્રત, અહિંસા, અનશન, અનેકાંત, અપરિગ્રહ, અજરઅમર, અનાસક્તિ, અંતરધ્યાન, અલેશી, અવેદી, અકૃષાયી, અમાયી, અશરીરી વગેરે અનેક શબ્દો આત્માને જગાડીને જગદીશ્વર બનાવે છે.

**ભાઈ બહેનો જાણો અણુવ્રતનો મહિમા આજ**
**આરાધના કરવાથી સજાય છે સમક્તિના સાજ**
**આનંદ શ્રાવકે પહેર્યો હતો અણુવ્રતનો તાજ**
**પરિણામે શીઘ્ર મળશે મોક્ષનગરનાં રાજ**

અણુવ્રત પાંચ છે (૧) અહિંસા, (૨) સત્ય, (૩) અચૌર્ય, (૪) બ્રહ્મચર્ય અને (૫) અપરિગ્રહ.

**(૧) पहेलु अणुव्रत धुलाओ पाणा वायाओ वेरमणं –** શ્રાવકના બાર વ્રતમાં પહેલું અણુવ્રત સ્થૂલ પ્રાણાતિપાત વિરમણવ્રતનું છે. કલિકાલ સર્વજ્ઞ આચાર્ય ભગવંત શ્રીમદ્ હેમચંદ્રસૂરિશ્વરજી મહારાજાએ યોગશાસ્ત્રમાં ''અહિંસા''ને સર્વજીવોની માતા કહી છે. ''પાપનું મૂળ પ્રમાદ છે તો ધર્મનું મૂળ યતના છે'' કેવી સુંદર યતનાની પ્રવૃત્તિઓ આપણે ત્યાં પૂર્વે હતી. શેઠ સાત માળનું બિલ્ડીંગ કડિયા પાસે બંધાવે તો ય એ બંગલાની પહેલી ઈંટ કડિયો નહોતો મૂકતો પણ એ શેઠને બોલાવીને કહેતો શેઠજી! બંગલો એ તો બધા જ પાપોનું કારખાનું છે માટે એ બંગલાની પહેલી ઈંટ હું નહીં મૂકું તમે મૂકો. પાપની શરૂઆત હું નહીં કરું તમે કરો અને ખરેખર શેઠને જ પહેલી ઈંટ મૂકવી પડી, ચૂલાની ઉપર ચંદરવા બંધાતા, પર્વતીથિએ આરંભ-સમારંભ બંધ રહેતા, પાણી ગળ્યા વગર પીતા નહીં, વાસી ઝાડુ કાઢ્યા વગર રસોડામાં પગ ન મૂકતા આજે આ બધાનો દેશનિકાલ કર્યો છે.

આજે શ્રાવક જીવનની દીક્ષાનો અભાવ દેખાય છે. પાપોની ભયંકરતા, ટી.વી. અને ચેનલોથી થતાં અધ્યવસાયોની હિંસકતા, અભક્ષ્યના પાપો, ફ્રીજ વગેરેના પાપો, રાત્રિભોજનનાં પાપો વધી ગયા છે. શ્રાવકોને ૧૨ બાર વ્રતો પ્રત્યે ભાવ નથી. બાર વ્રત તો શું પણ પાંચ અણુવ્રતનાં નામ પણ નહીં આવડતા હોય તે એ જીવોની દયા કેવી રીતે પાળી શકે? જ્યાં જુઓ ત્યાં કૂદકે અને ભૂસકે હિંસા આગળ વધી રહી છે. કેટલાંક લોકો શાકાહારને બદલે માંસાહાર મજેથી આરોગે છે. ઈંડાનો રસ અને આમલેટની લત લાગી ગઈ છે. શરીરની રક્ષા માટે જીવો હિંસાનાં તાંડવ ખેલી રહ્યા છે, પણ તેને ખબર નથી કે મારો જ મોજશોખ અને મારો જ સ્વાદ અને ભયંકર દુઃખો અપાવશે. હિંસાનો ત્યાગ કરી અહિંસાવ્રતને અપનાવો.

અહિંસા એ પરમતત્ત્વ છે. જગતની જનની અને અમોધ ઔષધિ છે. જ્ઞાની ભગવંતે હિંસા ત્રણ પ્રકારની બતાવી છે. (૧) સારંભ, (૨) સમારંભ અને (૩) આરંભ. હિંસા કરવાના વિચારો અર્થાત્ કોઈપણ જીવોને મારવનો સંકલ્પ કરવો તેનું નામ સારંભ. હિંસા કરવાના ઉપાયો શોધવા તે સમારંભ અને હિંસાની યોજના તૈયાર કરવી તે આરંભ છે. ''જ્યાં હિંસાનો વાસ ત્યાં જૈનધર્મ ખલાસ'' અને ''જ્યાં અહિંસાનો વાસ ત્યાં ધર્મનો આવાસ છે.'' Live and Let Live. તમે આરામથી જીવો અને બીજા જીવોને પણ આરામથી જીવવા દો. સૂયગડાંગસૂત્રમાં કહ્યું છે.

**एवं खु नाणिणो सारं, जं न हिंसह किंचणं।**
**अहिंसा समये चेव, एतावंत वियाणिया।।**

સમજદાર માનવ કોઈ પણ જીવની હિંસા ન કરે. અહિંસાનું પાલન કરે. અહિંસાના સ્વરૂપને સમજી અંતરાત્મા બનવાની જરૂર છે. ''જગતને કેન્દ્રમાં રાખીને જીવે તે બહિરાત્મા જગદીશને કેન્દ્રમાં રાખી જીવે તે અંતરાત્મા અને જાતને કેન્દ્રમાં રાખીને જીવે તે પરમાત્મા'' જાતને પાપથી બચાવી પ્રથમ અણુવ્રતમાં આગેકૂચ કરો. અણુવ્રતને ટકાવવા સમ્યક્ત્વની જરૂર છે. બેઝમેન્ટ સમક્તિ છે. અહિંસા અને સમક્તિની સાચી સમજણ આપનાર દેવ, ગુરુ અને ધર્મ છે. આપણને ત્રણ અબજની વસ્તીમાં આ ત્રણ અદ્ભૂત ચીજો મળી છે. ૧૪ રાજલોકનાં સ્ટેટમાં આપણી લોટરી લાગી ગઈ આવા ભાવ જાગે તો જ પૂર્ણ અણુવ્રતધારી બની શકે અને તેને હિંસા કરતાં અનુકંપા છૂટે. દિલ દ્રવી જાય. મન મસ્તિષ્કમાં મુંઝારો થવા માંડે.

અર્ણિકાપુત્ર આચાર્યનાં જીવનમાં ભયંકર ઉપસર્ગ આવ્યો. નદી પાર કરતાં પૂર્વભવનાં વેરના કારણે ભાલાથી વિંધાયા. આંતરડા બહાર નીકળી ગયા, માંસનાં લોચા અને લોહીની ધારો નીકળે છે એમને એની વેદના નથી પણ મારા લોહી અને માંસથી અપકાય અર્થાત્ પાણીના જીવોની વિરાધના થઈ રહી છે. તેની વેદના મને સતાવે છે આ છે અહિંસાનો જવલંત દાખલો. ધર્મરૂચી અણગારે કીડીઓની દયા ખાતર ઝેરી શાક પોતે આરોગીને પ્રાણની આહુતિ આપી દીધી, કુમારપાળ રાજાના હાથે એક જૂ મરવાથી પશ્ચાત્તાપ સ્વરૂપે તેમણે યુકાવિહાર જિનાલય બંધાવ્યું. અઈમૂત્તામુનિએ પાણીમાં પાતરું તરાવ્યું સાંજે ઈરિયા-વહિયાનો કાઉસ્સગ્ગ કરતા સમયે દગ શબ્દથી હિંસાના સ્વરૂપને સમજીને પ્રશ્ચાત્તાપની પાવન ગંગામાં

સ્નાન કરીને કેવળજ્ઞાન પામી ગયા. આવા ઘણા દાખલાઓ સિદ્ધાંતના પાને જોવા મળે છે. ''सच्चे जीवावि इच्छन्ति जीवउं न मरज्जउं'' દરેક જીવો જીવવા ઇચ્છે છે કોઈને મૃત્યુ ગમતું નથી. આ સુક્તિને અપનાવી અહિંસાના શાંતિદૂત બની પ્રથમ અણુવ્રતના ભાવને અપનાવજો.

**(૨) ''बीजु अणुव्रत थुलाओ मुसावायाओ वेरमणं''** – અસત્યનો ત્યાગ અને સત્યનું પાલન કરવું તે બીજું અણુવ્રત છે. પ્રશ્નવ્યાકરણસૂત્રમાં કહ્યું છે. सच्चं खु भगवं - સત્ય એ જ ભગવાન છે. આજે આપણે એ વિચારવાનું કે જુઠું બોલવાનું મન કેમ થાય છે? શાસ્ત્રમાં તેના ચાર કારણ બતાવ્યા છે. (૧) ક્રોધથી, (૨) લોભથી, (૩) ભયથી અને (૪) હાસ્યથી. જ્યારે જ્યારે જૂઠું બોલતો હોય ત્યારે તેના મૂળમાં જોશો તો આ ચાર કારણોમાંથી જ કોઈ એકાદ કારણ જોવા મળશે. આપણે ધર્મની લંબાઈ-પહોળાઈ ઘણી જાણીએ છીએ પણ ઉંડાઈ જાણતા નથી તેથી જ અસત્યનું આચરણ કરીએ છીએ. ઉંડાઈમાં જોશો તો ખબર પડશે કે સત્યની શું કિંમત છે? સત્યથી જ સત્ત્વશાળી જીવન બને છે. સત્ય એ આગમ અને સત્ય એ જ પ્રભુની આજ્ઞા છે. સત્યની ઉંડાઈ સુધી જીવ પહોંચે તો સ્વભાવમાં ઠરી ગયા વિના રહે નહીં. સ્થિતપ્રજ્ઞ બનો ''જ્યાં જીવો છો તેની ચિંતા કરવાને બદલે જ્યાં જવાનો છો તેનું ચિંતન કરો. આ ચિંતન જ ચિદાનંદ બનાવશે. આજે લોકો કન્યા-સંબંધી, ઉપધિ સંબંધી, ભૂમી સંબંધી જુઠું બોલે છે બધું અહીં જ મૂકીને જવાનું છે. આત્માનો સ્વભાવ સત્ય બોલવાનો છે. ખોટું બોલતા શિખવું પડે પણ સત્ય બોલતા શિખવું પડતું નથી. આજના યુગમાં નાની નાની બાબતોમાં માનવ ખોટું બોલી ચીકણા કર્મ બાંધે છે. દશવૈકાલિકસૂત્રમાં કહ્યું છે.''

**मूसावाओ य लोगम्मि, सव्व साहुहिं गरिहिओ।**
**अविस्सासो य भूआणं, तम्हा मोसं विवज्जए।।**

દરેક આગમોમાં તેમજ દરેક સંતોએ અસત્યની નિંદા કરી છે. અસત્યવાદીનો કોઈ વિશ્વાસ કરતા નથી. અસત્યવાદી કોઈ જગ્યાએ વિજય પ્રાપ્ત કરી શકતો નથી. સત્યવાદીનો જ વિજય થાય છે. સત્યના હિસાબે જ સુદર્શન શેઠ તરી ગયો. અભયા એક રાજાની રાણી હતી તેણે સુદર્શન પર કલંક ચડાવ્યું. એ કલંકમાંથી છૂટવા માટે તેને અર્થાત્ અભયારાણીએ અસત્યનો આસરો લઈને પ્રાણાન્ત કષ્ટ આપ્યું. સુદર્શન શેઠ મરવા માટે હસતે ચહેરે તૈયાર થઈ ગયા પણ અસત્ય બોલવા તૈયાર ન થયા. સત્ય પર અડોલ શ્રદ્ધાના કારણે શૂળી ક્યાંય ફેંકાઈ ગઈ અને એ જ જગ્યાએ સુવર્ણનું સિંહાસન બની ગયું. એ જ સમયે આકાશવાણી થઈ સત્ય અને સદાચારના હિસાબે સુદર્શન શેઠનો વિજય થયો છે.

**સાંચને આવે નહિ આંચ, આખર છે, તે સાચી વાચ ।**
**હીરા સદા હીરા જ રહે, કદી ન હોવે તે કાંચ ॥**

સત્ય એ યશનું મૂળ છે સત્ય એ પરમ વિશ્વાસનું કારણ છે સત્યથી સ્વર્ગનું સુખ મળે છે અને સત્યથી જ શાશ્વત સંપત્તિ પ્રાપ્ત થાય છે. સત્ય બોલવાથી દશ ગુણની પ્રાપ્તિ થાય છે (૧) સત્ત્વની શુદ્ધિ થાય (૨) હૃદય સ્વચ્છ રહે (૩) બુદ્ધિ નિર્મળ બને (૪) મૌન સહજ થાય (૫) મન સ્વાર્થ મુક્ત બને (૬) વચનસિદ્ધિ પ્રાપ્ત થાય (૭) લોકપ્રિયતા પ્રાપ્ત થાય (૮) નિર્ભયતા પ્રગટ થાય (૯) સ્થિરતા ગુણની પ્રાપ્તિ થાય અને (૧૦) આત્મા રાગ-દ્વેષ રહિત થાય. આ રીતે સત્યનો મહિમા અપરંપાર છે.

બીજા અણુવ્રતમાં થાપણમોસો, કુડીશાખ વગેરે શબ્દ આત્માને એલર્ટ કરે છે કે કોઈની થાપણ રાખતો નહીં અર્થાત્ કોઈના પૈસા પચાવી પાડતો નહીં, વિશ્વાસઘાત કરતો નહીં, બીજાના હત્યાનો ભાગીદાર બનતો નહીં, બીજાની જીવનમુડીને તું રાખી લઈશ તો ભવભ્રમણ વધી જશે. ભગવતીસૂત્રમાં ગૌતમસ્વામીએ ભગવાન મહાવીરને પ્રશ્ન પૂછ્યો – હે ભગવંત! કોઈની થાપણ પાછી ન આપવાથી જીવને શું ફળ મળે? ભગવાને કહ્યું –

થાપણ મોસો જે કરે તેને કર્મે નિરવંશ હોય... સાંભળ વત્સ ગોયમા... જે બીજાની થાપણ રાખી લે તેને બીજા જન્મમાં સંતાનનું સુખ ન મળે. વાંજિયાપણુ મળે અને પરમાધામી દેવ થાય. થાપણ રાખનાર જીવને નરકમાં ભયંકર દુ:ખ આપશે. એ તેને છોડશે નહીં માટે અસત્યનો ત્યાગ કરી સત્યનું પાલન કરો પણ નિરર્થક પાપ કર્મ નહીં બાંધતા. ઠાણાંગસૂત્રમાં કહ્યું છે અસત્યનું આચરણ કરનાર મરીને કૂતરા બિલાડા જેવા તિર્યંચગતિમાં ઉત્પન્ન થાય છે.

''કુડીશાખ'' – ખોટી સાક્ષી આપવી નહીં. આજકાલ લોકો સાક્ષી આપીને ખોટાને જશ અપાવે છે હે જીવ! વર્તમાનમાં ને જશ મળશે પણ ભવિષ્યમાં જમના માર ખાવા પડશે ત્યારે કોઈ રક્ષા કરવા આવશે નહીં. જ્ઞાતા-દૃષ્ટા બની બધું જોયા કરજે પણ સાથ આપતો નહીં. સત્ય ભાષા બોલવા માટે વાણીનો વિવેક જરૂરી છે. ''એક વાણી તારે અને એક વાણી મારે.'' જેની જીભ મીઠી તેને દરેક ઘરેથી આવે આમંત્રણની ચીઠ્ઠી. 'વાણી અને પાણીને ગાળીને પીવું' જેથી ચીકણા કર્મથી બચી જશો. જ્ઞાનીનું કથન સ્વીકારીને બીજુ અણુવ્રત સત્યનું પાલન. યથાશક્તિ પાલન કરીને સદ્ગતિના સુખને પ્રાપ્ત કરજો.

**(૩) त्रीजुं अणुव्रत थूलाओ अदिन्नादाणाओ वेरमणं –** ત્રીજું અણુવ્રત અચૌર્યનું છે જે વસ્તુ આપણને કોઈએ આપી નથી છતાં તે વસ્તુ જોઈને તેમાં આકર્ષાક જવું અને તે વસ્તુને લઈ લેવી તેનું નામ ચોરી છે. પ્રભુની આજ્ઞા વિના ચાર વ્યક્તિની ચીજ લેવામાં આવે તો તે અદત્તાદાન છે. (૧) સ્વામીઅદત્ત - ધન સુવર્ણ વગેરે માલિકની આજ્ઞા વિના છળકપટથી છીનવી લેવી. (૨) જીવઅદત્ત - મચ્છર, ગાય, કીડી, ઘેટાં, મરઘી વગેરે જીવોની હત્યા તેમની અનુજ્ઞા વિના તેમનો પ્રાણ લેવો. (૩) તીર્થંકર અદત્ત - જૈન હોવા છતાં કાંદા, બટાટા, લસણ, બીટ, સુરણ, ગાજર વગેરે કંદમૂળ ખાવું, રાત્રિભોજન કરવું, અભક્ષ્ય આરોગવું. (૪) ગુરુઅદત્ત - ગુરુ ભગવંતની આજ્ઞાનો ભંગ કરીને તપ જપ ન કરવા, પ્રવચન ન સાંભળવું અને પ્રમાદની પથારીમાં પોઢ્યા રહેવું. આ ચાર ચોરી જીવ ડગલે ને પગલે કરી કર્મના સ્ટોકનો ભેગો કરે છે.

પ્રભુ વીરે સાત પ્રકારનાં ચોર બતાવ્યા છે. (૧) ચોરી કરનાર (૨) ચોરને આજીવિકા આપનાર (૩) ચોરને ચોરી કરવાની સલાહ આપનાર (૪) ચોરને ચોરી કરવાનું સ્થાન બતાવનાર (૫) ચોરીનો માલ ખરીદનાર (૬) ચોરને ભોજન કરાવનાર અને (૭) ચોરને આશ્રયસ્થાન આપનાર. જ્ઞાની પરમાત્માએ આગમમાં બતાવ્યું છે કે ચોરી કરનાર ચોરના જીવનને તપાસો તો ખબર પડે કે તે (૧) ભિખારી જેવી દયાપાત્ર દશામાં સમય પસાર કરે છે. (૨) ચોરેલું ધન ગમે તેટલું હોય પણ લાંબુ ટકે નહી. (૩) ચોરેલા ધનમાંથી ભાગ માંગનારા ઘણા આવે, જો ન આપે તો વૈર વધે (૪) ચોરને શાંતિથી ખાવા, ઉંઘવા કે જીવવા ન મળે. (૫) ચોરને સાંત્વન આપી આંસૂ લૂછનારા કોઈ ન મળે (૬) હંમેશાં એ ભયભીત રહે છે (૭) તે ઘરનો કે ઘાટનો ન રહે (૭) પકડાઈ જાય તો જેલ અથવા ફાંસીના માચડે ચડવું પડે.

ચોરી અર્થાત્ અદત્તાદાનથી ઘણા ગુણોની હાનિ થાય જેમ કે – સત્ત્વની હાનિ થાય, અસત્યના સંસ્કારો પડે, અન્યના વિશ્વાસના પાત્ર ન બને, જિનાજ્ઞાનો લોપ થાય, લોકમાં અપયશ મળે, અશુભ કર્મનો બંધ કરે, આરોગ્યની હાનિ થાય, આત્મનો વિકાસ અટકી જાય. ચોરી નાની પણ સજા મોટી મળે. ભગવાન મહાવીરના માતા દેવાનંદા અને ત્રિશલા પૂર્વભવમાં જ્યારે દેરાણી-જેઠાણી હતા ત્યારે દેવાનંદાના આત્માએ ત્રિશલાનાં અલંકારનો ડાબલો છૂપાવી દીધો. ત્રિશલાએ ઘણી શોધખોળ કરી પણ તે મળ્યો નહીં. દેવાનંદ બધું જોયા કરતી હતી પણ કાંઈ બોલી નહીં. અંત સમયે તેને ચોરીની આલોચના ન કરી તો ત્રણ લોકના નાથ દેવાધિદેવને ગર્ભમાંથી ગુમાવવાનો વખત આવ્યો, માટે ચોરી કરતાં ચેતી જાજો. દશવૈકાલિકાસૂત્રમાં કહ્યું છે –

**चितमन्त मधितं वा, अप्पं वा जइवा बहु।**
**दंत्त सोहण मित्तं पि, उग्गहंसि अजाइ या।।**

કોઈ વસ્તુ સચિત હોય કે અચિત્ત હોય, અલ્પ હોય કે વધારે હોય પછી તે દાંત સાફ કરવાની સળી કેમ ન હોય? તો પણ પૂછ્યા વિના ગ્રહણ ન કરવી. જેમ મૃષાવાદનાં મૂળમાં હાસ્યાદિ જ છે તેમ અદત્તાદાનનાં મૂળમાં મુખ્યતયા અસંતોષ છે. જીવનમાં જેટલો અસંતોષ તેટલો અદત્તાદાનનો દોષ વધારે લાગે. એક વાત ધ્યાનમાં રાખો કે કાયાની જરૂરિયાત મર્યાદિત છે ખાવા માટે ચાર રોટલી અને સુવા માટે ચાર ફૂટ જમીન ઇત્યાદિ મળી જાય પછી માનવે સંતોષ રાખવો જોઈએ. જો તે અસંતોષી બની જાય તો ધંધામાં અને ઘરમાં ચોરી કરવાનું મન થાય. ચોરી ઉપર જે વિજય મેળવે તે પામી જાય તેના ઘણા દૃષ્ટાંતો છે. રોહિણીયો ચોર પ્રભુ વીરના ચાર શબ્દ સાંભળીને તરી ગયો. પ્રભવચોરે જંબુસ્વામીના શબ્દો સાંભળીને સંયમ અંગીકાર કર્યો. વંકચૂલ ચોર ચાર પ્રતિજ્ઞાના પ્રભાવે રાજાનો પ્રિય પાત્ર બની ગયો. ત્રીજા અણુવ્રતનું આચરણ યથાતથ્ય કરશો તો અરિહંત ભગવાનની નામાવલીમાં નામ આવી જશે.

**(૪) चोथुं अणुव्रत थुलाओ मेहुणाओ वेरमणं –** સ્વદારાસંતોષીએ એટલે પરસ્ત્રીગમનનો ત્યાગ એ ચોથું અણુવ્રત છે. આ જીવ પર વસ્તુ અને પરવ્યક્તિ દ્વારા આકર્ષિત થઈને દૃષ્ટિ, ખોરાક, પોષાક, ભાષા, મન, વાણી અને કર્મ આ સાત પ્રકારના અબ્રહ્મથી ઇન્દ્રિયોને તૃપ્ત કરી રહ્યો છે. વાસનાને ઉત્તેજિત કરનારા પાંચ તત્ત્વો છે. (૧) કુસંસ્કાર (૨) કુકર્મ (૩) કુસંગ (૪) કુનિમિત અને (૫) કુકાળ.

(૧) કુસંસ્કારના કારણે વૈયાવચ્ચી નંદિષેણમુનિ વેશ્યાના ફંદામાં ફસાઈને સંયમરત્નને હારી ગયા. (૨) કુકર્મના કારણે આર્દ્રકુમારનો જીવ પૂર્વભવમાં સામાયિક નામના મુનિ હતા તેમની પત્નીએ પણ દીક્ષા લીધી હતી. ગ્રામાનુગ્રામ વિચરતા વિચરતા એક ગામમાં બન્ને ભેગા થઈ ગયા. પૂર્વભવની પત્ની એવી સાધ્વીને જોતા તેને કામવિકાર ઉત્પન્ન થતા અશુભ કર્મ બાંધીને તે અનાર્ય દેશમાં આર્દ્રકુમાર પણે ઉત્પન્ન થયા (૩) કુસંગના કારણે મુનિ કુલવાલક જંગલમાં ગયા છતાં વેશ્યાના સંગે પતનના રાહે ચડી ગયા (૪) કુનિમિતના કારણે જૈમીની જેવા સંન્યાસી નારીના નિમિત્તે ભાન ભૂલ્યા. સિંહ ગુફાવાસી મુનિને કોશા વેશ્યાનું રૂપ જોતા પતનનું નિમિત્ત મળ્યું. (૫) કુકાળના કારણે વર્તમાનમાં ન્યૂઝપેપર, ટી.વી. વગેરેમાં રેપનાં દાખલા વાંચવા મળે છે. આ પાંચ વિકારોથી જે દૂર

થાય તે જ સદાચારી બની શકે છે.

બ્રહ્મચર્ય શું છે? બ્રહ્મ એટલે આત્મા અને ચર્ય એટલે વિચરવું. આત્મભાવમાં રહેવું તેનું નામ બ્રહ્મચર્ય. જેમ જ્યોતિષદેવોમાં ચંદ્રદેવ, પર્વતોમાં મેરુપર્વત, હાથીઓમાં ઐરાવત હાથી, સમુદ્રોમાં સ્વયંભૂરમણ સમુદ્ર શ્રેષ્ઠ છે તેમ દરેક વ્રતોમાં બ્રહ્મચર્યવ્રત શ્રેષ્ઠ છે. ''કેરીયર બનાવવા કરતા કેરેકટર બનાવવાનું ધ્યાન રાખો'' ચક્રવર્તીનું અશ્વરત્ન દ્રવ્યથી બ્રહ્મચર્યવ્રતનું પાલન કરે તો પણ આઠમાં દેવલોકમાં ઉત્પન્ન થાય છે. વિશ્વની કોઈ પણ તાકાત બ્રહ્મચર્ય વ્રતની સામે ટકી શકતી નથી. છ ખંડની ઋદ્ધિ ધરાવનાર ચક્રવર્તી પણ બ્રહ્મચારીને નમસ્કાર કરે છે. ''तवेसु वा उत्तम बंभचेरं तं बभं खु भगवं'' બ્રહ્મચારીને ભગવાન કહેલ છે. જે માનવ એક દિવસ બ્રહ્મચર્ય વ્રતને પાળે છે તે ૨ થી ૯ લાખ સંમુર્ચ્છિમ પંચેન્દ્રિય જીવોને અભયદાન આપે છે. ૩૨ લાખ વિમાનોના સ્વામી એવા ઈન્દ્ર સભામાં બેઠા પહેલાં ''नमो बंभयारीणं'' એ શબ્દનો ઉચ્ચારણ કરે છે. બ્રહ્મચારી ત્રણ લોકમાં પૂજનીય, વંદનીય અને આદરણીય બને છે.

બ્રહ્મચર્યની રક્ષા માટે માદક-પૌષ્ટિક પદાર્થનો ત્યાગ કરી આયંબિલ જેવો લુખ્ખો-સુખ્ખો આહાર કરવો જોઈએ. આ જીવને અનાદિકાળથી સંસારમાં પરિભ્રમણ કરતાં કરતાં અનંતીવાર રસનેન્દ્રિયનો, ઘાણોન્દ્રિયનો, ચક્ષુરિન્દ્રિયનો અને શ્રોતેન્દ્રિયનો વિરહ પડ્યો છે, પરંતુ સ્પર્શનેન્દ્રિયનો વિરહ કોઈ ગતિમાં ક્યારેય થયો નથી. દરેક ભવમાં સ્પર્શન્દ્રિયનો મળી જ છે તેને કારણે વિષયો તરફ આ જીવનું આકર્ષણ વધતું જાય છે. દૂષિત કામનાઓની પૂર્તિ કરવા માટે સતીઓની લજ્જા લૂંટી, શ્રદ્ધાવંતની શ્રદ્ધાભષ્ટ કરી, કામિનીઓની પ્રાપ્તિ માટે યુદ્ધ કર્યા, છતાંય વાસનાઓના તોફાન શાંત ન થયા ઉત્તરાધ્યયનસૂત્રમાં કહ્યું છે.

**देव दाणव गंधवा, जक्ख रक्खस्स किन्नारा।**
**बंभयारी नमंसंति, दुक्करं जे करंति ते ।।**

બ્રહ્મચારીને દેવ, દાનવ, ગાંધર્વ યક્ષ, રાક્ષસ, કિન્નર વગેરે દેવો નમસ્કાર કરે છે. બ્રહ્મચર્યના પાલનથી આંખો તેજસ્વી, નિર્વિકારી અને અમીદષ્ટિવાળી બને, વિચાર સાત્ત્વિક બને, ધર્મધ્યાનમાં વૃદ્ધિ થાય, અને ત્રણેય લોકમાં યશ મળે. આ રીતે ચોથું બ્રહ્મચર્ય અણુવ્રતનું પાલન કરી ઘણા આત્માઓ સંસારના વનવે માર્ગને છોડી સંયમના હાઈવે માર્ગે આવી આત્મકલ્યાણ કરી ગયા. ચોથા અણુવ્રતનું યથાશક્તિ પાલન કરી ચાર ગતિનું આવાગમન અટકાવી દેજો.

**(૫) પાંચમું અણુવ્રત થુલાઓ પરિગ્ગહાઓ વેરમણં** – પરિ + ગ્રહ. પરિ એટલે ચારેય બાજુથી અને ગ્રહ એટલે ગ્રહણ કરવું તેનું નામ પરિગ્રહ છે. સંસારમાં પરિભ્રમણ કરતા આ જીવે પ્રત્યેક ગતિમાં મળેલી સામગ્રી પર મમતા રાખીને મૂર્ચ્છાના સંસ્કારો ગાઢ બનાવ્યા છે, કીડીના ભવમાં સાકર પાછળ, મંકોડાના ભવમાં ગોળની પાછળ, બિલાડીના ભવમાં ઉંદર પાછળ, ડુક્કરના ભવમાં વિષ્ટાની પાછળ, કૂતરાનાં ભવમાં રોટલાની પાછળ, મનુષ્યભવમાં ઇચ્છાઓની પાછળ અને દેવતાઓના ભવમાં લલનાની પાછળ પાગલ બની અનેક કર્મની વણઝાર ભેગી કરી છે. આજનો માનવ સંપત્તિ પાછળ ચાર કારણોથી દોડે છે (૧) આવશ્યકસાધનો – રોટી, કપડા અને મકાન જરૂર કરતા વધારે વસાવવા માટે (૨) સુવિધા માટે - સ્કુટર, કાર, ફર્નિચર, ફોન, ફ્રીઝ, ટી.વી. કોમ્પ્યુટર વગેરે અદ્યતન સાધનોની વણઝાર ભેગી કરવા માટે (૩) વૈભવ માટે - બે ચાર બંગલો, બે ચાર કાર, ચાર પાંચ લેટેસ્ટ ઓફિસો વગેરે પોતાનો વટ બતાવવા માટે (૪) અહંને પોષવા માટે દુનિયા મારા સાધનોના વખાણ કરે. લોકો મને જોઈને થંભી જાય હું આવું ત્યાં બધા ધ્રુજી જાય એવો મારા પૈસાનો વટ પડવો જોઈએ આ તેનો અહં અર્હં બનતા રોકી દે છે. આ બધી દોટ માનવને સદ્દગતિ પર સીલ મરાવી દે છે. પરિગ્રહ બે પ્રકારના છે (૧) બાહ્ય પરિગ્રહ અને (૨) આભ્યંતર પરિગ્રહ ધન, ધાન્ય, દાસ દાસી, પશુ, ખેતર, મકાન, દુકાન, સોનું, રૂપુ અને ઘરવખરી વગેરે નવ પ્રકારનો બ્રાહ્ય પરિગ્રહ છે. અને મિથ્યાત્વ, ચાર કષાય, હાસ્ય, રતિ અરતિ, ભય, શોક, જુગુપ્સા, પુરુષવેદ, સ્ત્રીવેદ અને નપુસંક વેદ આ ૧૪ પ્રકારનો આભ્યંતર પરિગ્રહ છે. આ બન્ને પરિગ્રહના ગ્રહ અને સંગ્રહ જીવોને મહાકષ્ટ પહોંચાડે છે. પરિગ્રહનું રિએક્શન અંતરધ્યાનમાં વિગ્રહ અને વિઘ્નરૂપ બને છે. આર્તધ્યાન અને રૌદ્રધ્યાન કરાવવાનું કામ પરિગ્રહ કરે છે. મમ્મણશેઠની દશાનો વિચાર કરી પરિગ્રહનાં ભારે ગ્રહથી દૂર રહેશો તો સુખ મળશે. ''पापष्यवासो निज:'' – પરિગ્રહમાં પાપનો વાસ છે જ્ઞાની કહે છે - હે જીવ પરિગ્રહના પાપથી વિરામ પામ. થોભી જા. કેમકે જીવનમાં આવતાં તમામ દુઃખોનું મૂળ પરિગ્રહ જ છે. પરિગ્રહ જ પરમાત્માની પિછાણી કરવા દેતો નથી.

તત્વાર્થસૂત્રમાં બતાવ્યું છે – ''मुच्छा वुत्तो परिग्गहो'' – મૂર્ચ્છાને પરિગ્રહ કહે છે. મૂર્ચ્છા બે પ્રકારની છે (૧) અપ્રાપ્ત વસ્તુની લાલસા અને (૨) પ્રાપ્ત વસ્તુ પર આસક્તિ અને તેને સાચવવાની ચિંતા. પરિગ્રહનો પ્રભાવ વરસોના વરસો સુધી જીંદગીમાં રહે છે. વિષયનું

સેવન સીમિત છે. મન તૃપ્ત થઈ જાય છે. ટી.વી. જોવામાં પણ કાળ મર્યાદા છે, આહાર ઉપર પણ નિયંત્રણ કરી શકાય છે. દરેક ચીજ ઉપર મર્યાદાનું લાલ સિગ્નલ હોય છે, પરંતુ પરિગ્રહમાં કોઈ લાલ સિગ્નલ નથી એ અમર્યાદિત છે. વિષયોનો સંબંધ ઈન્દ્રિયો સાથે છે, જેથી તે થાકી જાય છે. પરંતુ પરિગ્રહનો સંબંધ મનથી છે અને મનનો સંબંધ ઇચ્છાઓ સાથે છે. ઇચ્છા આકાશ જેટલી અનંતી છે તેથી તે ક્યારેય સીમિત થતી નથી. પુણીયા શ્રાવકે પરિગ્રહની મર્યાદા કરી તો તે તરી ગયો અને સગર ચક્રવર્તીએ મર્યાદા ન કરી તો સાતમી નરકનો મહેનાન બની ગયો. નવગ્રહ જે ઉથલ-પાથલ નથી કરી શકતા એ દશમો પરિગ્રહ નામનો ગ્રહ કરે છે. પરિગ્રહની સમાપ્તિ નહીં થાય ત્યાં સુધી ૮૪ લાખ જીવાયોનિમાં ભમવું પડશે કહ્યું છે –

**खेतं वत्थु हिरण्णं च, पुत्तदारं च बांधव।**

**चइताणं इमं देहं, गन्तव्यमेव सस्स मे।।**

જમીન, ઘર, સુવર્ણ, રૂપુ, પુત્ર, સ્ત્રી, બંધુજન અને આ શરીરને પણ એક દિવસ પરવશ થઈને બધું છોડીને જવું પડશે. આનંદ કામદેવ વગેરે ૧૦ શ્રાવકો અપરિગ્રહી હતા તેથી એકાવતારી બની ગયા. પાંચમું અણુવ્રત યાવત્જીવન સુધી સર્વથા ગ્રહણ ન કરો તો મર્યાદિત ગ્રહણ કરીને મર્યાદાપુરુષ રામચંદ્રની જેમ મહાન બની જાઓ. સુજ્ઞ શ્રાવકો અને શ્રાવિકાઓ! પાંચ અણુવ્રત એ જીવનની સાચી મૂડી છે. આ ભવમાં તે મૂડી ગુમાવશો તો અનંતા ભવ ધારણ કરવા પડશે. અણુવ્રતનું સ્વરૂપ સમજશો તો ત્રણ ગુણવ્રત અને ચાર શિક્ષાવ્રત અર્થાત્ બાર વ્રતનું સ્વરૂપ સમજાઈ જશે.

આ પાંચેય અણુવ્રતો શ્રાવિકાઓ માટે આધારશિલારૂપે રહેલાં છે. શ્રાવિકા બહેનો જ પહેલાં અહિંસાવ્રતનું પાલન પરિવારમાં સુચારુરૂપે કરાવી શકે છે. નાનપણથી બાળકોમાં સત્યવ્રત અચૌર્યવ્રતના સંસ્કારો એક આદર્શ શ્રાવિકા માતા રૂપે ખીલવી શકે છે. નાનપણથી જ બાળકોમાં સુંસ્કારોનું સિંચન થતાં આગળ જતાં એ બાળક હોનહર બને એમાં બેમત નથી. પુખ્તવયના બાળકોમાં આદર્શમાતા જ બ્રહ્મચર્યની મર્યાદા વગેરે બોધપાઠના સંસ્કારો આપી શકે કે જેના દ્વારા કુસંગ-સ્વચ્છંદપણાથી બચી શકે છે. અપરિગ્રહરૂપી વ્રતને લીધે બિનજરૂરી વસ્તુઓનો ઘરમાં સંગ્રહ થતો રોકી શકાય છે. આ... જ... તો... છે... નારીની આદર્શ જીવનશૈલી...

✦ ✦ ✦

# નારી તારો જયણાધર્મ

## પ.પૂ. સાધ્વીજી મહિમાકુમારીજી – લીંબડી સંપ્રદાય

જિનશાસનના અનમોલ સાધ્વીરત્નો દ્વારા શ્રાવિકાવર્ગને અહિંસામય જીવન જીવવાનું પ્રેરણાત્મક માર્ગદર્શન.

નારી એટલે શક્તિનો અવતાર. દરેકના ઘરમાં આ શક્તિના કારણે લોકો વિકટ પરિસ્થિતિમાં પણ જીવી શકે છે. આ શક્તિને પ્રભુ મહાવીરે પણ જાણી છે.

* ચંદનબાળાના હાથે બાકુડા વહોરીને તેને ૩૬૦૦૦ શિષ્યાઓની ગુરુ બનાવી.

* શ્રાવિકા રેવતી પાસેથી બીજોરાપાકનું ઔષધ તરીકે સુપાત્રદાન લઈને તીર્થંકર પદ અપાવ્યું.

* શ્રાવિકા સુલસાને ધર્મલાભ પહોંચાડીને શીઘ્ર શાશ્વત ગતિના આયુષ્યનો બંધ પડાવ્યો.

આવી નારીઓની શક્તિ થકી ઘર, સમાજ અને ધર્મ ટક્યા છે. સ્ત્રીની અદ્ભૂત માનસિક તાકાત, સહનશીલતા, ત્યાગ, ધીરજ, સૌમ્યતા, હુન્નર, સુકોમલતા વગેરે ગુણોને કારણે તે દેવી કહેવાય છે.

**સ્ત્રી મનક્ષેત્રે** મજબૂત સંકલ્પ શક્તિ ધરાવે છે. અનેક ધાર્મિક અનુષ્ઠાનો દ્વારા તપ-ત્યાગની જ્યોત જલતી રાખે છે.

**શરીર ક્ષેત્રે** સક્ષમ સાધના અને સહન શક્તિ ધરાવે છે.

**આત્મક્ષેત્રે** સંપૂર્ણ સમર્પણની ભાવના ધરાવે છે. આમ ત્રણે ક્ષેત્રે સ્ત્રી સ્વયંસિદ્ધા છે. સમાજના વિકાસમાં અડીખમ રહીને આગળ વધવા પ્રેરણારૂપ રહે છે. સ્ત્રી કંઈપણ લે તેનાથી વધુ આપે છે. સમર્પણ અનુશાસન, સમયની પ્રતિબદ્ધતા દ્વારા સુનિયોજિત ઢંગથી કાર્ય કરી ઘર-ઘરમાં અજવાળા ફેલાવે છે. આવી સમજદાર સ્ત્રીને અણમોલ સંદેશ.

જૈન ધર્મનું જીવવિજ્ઞાન અતિ સૂક્ષ્મ અને વ્યાપક છે. જીવ કરુણાની ભાગીરથી દીન, દુઃખીયા માનવથી માંડીને વહેતી વહેતી રેતીના કણીયામાં, જલના બિંદુમાં, અગ્નિના તણખામાં, વાયુના ઝપાટામાં કે વનસ્પતિના પાંદડામાં પણ રહેલા સૂક્ષ્મ એકેન્દ્રિય જીવ સુધી પહોંચે છે.

ગૃહસ્થ જીવનમાં અસ્તિત્વને ટકાવવા અનિવાર્યપણે જલ, વનસ્પતિનો ઉપયોગ કરવો પડે છે, પણ તે ચીજોના લઘુત્તમ ઉપયોગથી ચલાવી શકાય તેવી જયણા પ્રધાન જીવન શૈલીની

જૈનદર્શને વિશ્વને ભેટ ધરી છે.

જતનાથી ચાલવું, ઉભા રહેવું, બેસવું, સુઈ જવું, ખાવું, બોલવું. એમ કરવાથી પાપ કર્મ બંધાતા નથી. જૈન કોણ? જિનેશ્વરની આજ્ઞા અંતરથી શિરોમાન્ય કરે, તે જ સાચા અર્થમાં જૈન કહી શકાય.

**સંસાર** એટલે સૂક્ષ્મ-બાદર જીવોનો ખાત્મો બોલાવતું કતલખાનું. પ્રત્યેક પળે, પ્રત્યેક ક્રિયામાં છકાયના જીવોને રહેંશી નાખવના અને પાપકર્મ બાંધવાના. ઉઠ્યા ત્યાંથી એક મિનિટ પણ હિંસા વગર જીવી શકાય નહીં. છતાં જૈન તેને કહેવાય કે આ હિંસાઓમાં તેનું દિલ દુભાતું હોય, તેનો આત્મા ડંખતો હોય, તેથી જ સંસાર કે હિંસાઓ સર્વથા છોડી ન શકવા છતાં ઓછામાં ઓછી હિંસાથી જીવવામાં જે પ્રયત્નશીલ હોય.

**જયણા** એટલે શક્ય તેટલા ઓછા પાપ કર્મોથી જીવન જીવવાનો પ્રયત્ન. પરમાત્માની આજ્ઞા મુજબ એક ટીપા પાણીમાં રહેલા અપકાયના બાદરજીવો સરસવ જેટલું સ્થૂળરૂપ ધારણ કરે તો જંબુદ્વિપમાં સમાય નહીં. માટે દરેક કાર્ય માટેનું પાણી લેવા નળે ગરણુ, કોથળી બાંધીને સમયે સમયે જતનાપૂર્વક તેનો સંખારો કાઢી નાખવો જોઈએ. કપડા ધોતી વખતે નળ ખુલ્લો ન રાખવો જોઈએ. સ્નાન કરતી વખતે ઓછા પાણીથી ચલાવી લેવાની આદત પાડવી. સવારે બ્રશ કર્યા પછી ગ્લાશમાં પાણી લઈ મોઢું સાફ કરવું જોઈએ. અહિંસક ટુથપેસ્ટ વાપરવી જોઈએ. વાસણ-કપડા ધોતી વખતે જોઈએ તેટલું પાણી વાપરીને નળ બંધ રાખવો જોઈએ.

પહેલાના જમાનામાં બહેનો ગામથી બહાર પાણી ભરવા જતા. કુવો તો ગામની વચ્ચે પણ થઈ શકે, છતાં ગામ બહાર રાખવાનું કારણ જલરક્ષાની ભવ્ય ભાવના કારણ કે માથા પરથી પાણી ઉચકવું પડે માટે ઓછું વેડફાય. પાણી ઘીની જેમ વાપરવાનો આદેશ છે. કરકસરની ભાવના પણ સચવાય.

રસોડામાં ગેસનો ચૂલો ચાલુ કરતા પહેલાં પૂંજણીથી પૂંજવું આવશ્યક છે, જેથી કીડી, વાંદાના બચ્ચા, નાની-મોટી જીવાતો વગેરે ચૂલા-અગ્નિમાં હોમાતા બચી જાય. પૂંજણીથી દરેકવ વાસણ-સાધનો પૂંજીને નિર્દોષ જીવોની દુવા મેળવવી જોઈએ. નારી ધર્મના નિયમ મુજબ ચુલા તો પેટાવવા પડે પાપ કરવું પડે, પણ જિનશાસન મળી ગયું તો પૂંજણીથી જયણાધર્મ સાચવી શકાય.

જયણા એ શ્રાવકની કુળદેવી છે. જયણા એ જૈનધર્મનો પ્રાણ છે. મોરીની ખાળમાં ઝાડુથી જયણા કરી ખાળમાં થોડું પાણી છાંટવાથી ખાળની અંદરની જીવાતો બહાર આવી જાય, પછી કામ શરૂ કરવાથી જીવદયા પળાય છે. જમ્યા પછી એંઠા વાંસણો મૂકી ન રાખવા જેથી જીવોની હિંસાથી બચી શકાય. છાશમાંથી માખણ કાઢ્યા પછી તેને તરત પીગળાવી દેવું નહીતર અસંખ્ય ત્રસ જીવો ઉત્પન્ન થાય છે. કીડી-મકોડાનો ઉપદ્રવ હોય ત્યાં કપૂરનો બારીક પાવડર ભભરાવાથી જીવો સ્વસ્થાને ચાલ્યા જાય છે. પાણી ભરવાના સાધનો ઢાંકીને રાખવા જોઈએ. મકાનના કમ્પાઉન્ડમાં લીલફૂગની ઉત્પત્તિ ન થાય તે માટે ચોમાસું શરૂ થતાં પહેલા ચૂનો, રેતી, ડામર, લાદી સફેદો કરવો જેથી અનંતકાયના જીવોને અભયદાન મળે.

લગ્ન વગેરે સમારોહમાં રાત્રિભોજનનો ત્યાગ જરૂરી છે, ફટાકડા ન ફોડવા, કંદમૂળનો ઉપયોગ ન કરવો, શાકભાજી સમારતા જીવજંતુની હિંસા ન થાય તે કાળજી રાખવી જોઈએ.

આત્મા પર લાગેલા કર્મના આવરણોમાં હિંસા નામનું મોટું પ્રથમ પાપસ્થાનક છે. જે જીવો પ્રમાદવશ જગતના જીવોની વિરાધના કરે છે તેઓ જન્મ-મરણના અનંત દુઃખને પામે છે. તે વખતે તેમને કોઈ સહાયક નથી થતું. વિષય-કષાયવશ સ્વાર્થાંધ બની જેઓ અન્ય જીવોને નાહક ત્રાસ આપે છે. જીવથી જુદા કરે છે. તે – પુન્યહિન પ્રાણીઓ પરભવમાં પરિવાર તથા પ્રિય પદાર્થોનો વિયોગ પામે છે. દરિદ્રતા પામે છે.

જીવહિંસા એ અતિ વિકરાળ યમરાજની બહેન છે એમ સમજી જેમ બને તેમ વધુ જતના કરવી.

અહિંસા જગતની જનની છે, આનંદની શ્રેણી છે. ઉન્નતિનો માર્ગ છે, શાશ્વતી લક્ષ્મી છે. આવી અહિંસાનું પાલન કુમારપાળ રાજાએ ઘોડાને ગાળેલું પાણી પીવડાવીને તથા મંકોડાનું કષ્ટ સહન કરીને કર્યું હતું. અઈમુત્તા મુનિ કાચા પાણીની વિરાધનાના પાપની આલોચના કરીને કેવળજ્ઞાન પામ્યા હતા. મેઘકુમારે હાથીના પૂર્વભવમાં સસલાને બચાવ્યું હતું. ધર્મરૂચી અણગારે કડવી તુંબીનું શાક પરઠવા જતાં જીવોની હિંસા ન થાય તે માટે પોતે શાક વાપરી કુરબાન થયા હતા.

સમસ્ત શ્રાવકવર્ગે જીવનમાં જયણા પાળીને અહિંસા સિદ્ધહસ્ત કરવી જોઈએ. તે કારણે મૈત્રી આદિ ચાર ભાવનાથી કરેલી ધર્મક્રિયા પુન્યબંધ કરાવશે.

ઘરમાંથી ગરીબી ટાળવા, સ્વસ્થ બનાવ તંદુરસ્તી મેળવવા ઘરમાં જીવરક્ષા આવશ્યક છે. પરમાત્માએ બતાવેલ અહિંસા ધર્મનું પાલન દૈનિક જીવનમાં આવશ્યક છે.

અજરામર લિંબડી સંપ્રદાયના પ.પૂ. આ. ભાવમુનિના શિષ્યા.

✦ ✦ ✦

# પ્રચલિત ધર્મમાં નારીની ભૂમિકા

## પ.પૂ. સાધ્વી મૌની માતા ચરમશ્રીજી – શ્રમણ સંઘ

**હિંદુ** ધર્મ - વૈદિક યુગમાં નારીની ભૂમિકા ધાર્મિક તેમજ સામાજિક બંને ક્ષેત્રોમાં મહત્ત્વપૂર્ણ માનવામાં આવતી હતી. અને નારીને પુરુષનું અર્ધુ અંગ માનવમાં આવતું હતું, તેથી આજે પણ મહાદેવને અર્ધનારીશ્વર કહેવામાં આવે છે. ધાર્મિક કર્મકાંડોમાં પણ સ્ત્રીની અનિવાર્યતા તેની સમાનતા બતાવે છે. (સમાનતાનું દ્યોતક છે.) નારી માત્ર ઉપાસક જ નથી. પરંતુ ઉપાસ્ય પણ છે, જેની શક્તિ આદિ અલગ અલગ રૂપોમાં આરાધના કરવામાં આવે છે. આશ્ચર્યની વાત તો એ છે કે વિદ્યા તેમજ શક્તિના રૂપમાં સ્ત્રી અર્થાત્ દેવી રૂપે ઉપાસના પ્રધાન રૂપથી અવિરત આજે પણ થઈ રહી છે. શક્તિ જાગરણમાં સશક્ત તંત્ર સાધના પ્રણાલિમાં પણ નારીની પૂજા થાય છે, પરંતુ સમય પસાર થતા નારીના મહત્ત્વનું અવમૂલ્યન કરીને પુરુષને આધીન રાખવા લાગ્યા. તેમને દાસી તેમજ ભોગ્યાના રૂપમાં જોવા લાગ્યા. પતિસેવા એ જ માત્ર એનું કર્તવ્ય... એનાથી પણ આગળ વધીને વેદ ઋચાઓના નિર્માણમાં સહયોગી નારીઓને એના જ અધ્યયનથી દૂર કરી દેવામાં આવી. તેમને ઘરની ચાર દિવાલોમાં જ કેદ કરીને રાખવામાં આવી. મુસ્લિમ રાજાઓના આવ્યા પછી નારીની દુર્દશા વધતી ગઈ, જેના કારણે સતી પ્રથા, બહુ પત્ની પ્રથા વગેરે કુરીતિઓનો જન્મ થયો આજે પણ નારીની સ્થિતિ હિંદુ ધર્મમાં પુરુષ સમક્ષ ગૌરવપૂર્ણ છે એમ ન કહી શકાય. નારી આજે પશ્ચિમના આંધળા અનુકરણ તરફ જઈ રહી છે, જેના કારણે સ્વચ્છંદતાનો ભય ઊભો રહેલો છે. હિંદુ ધર્મમાં સંન્યાસનો ઉલ્લેખ આવે છે, છતાં સંન્યાસીનિઓને ઉલ્લેખ બહુ જોવા મળતો નથી. તેમજ તેમના કોઈ વિશેષ આચાર વ્યવહારનો પણ હિંદુ ગ્રંથમાં કોઈ ઉલ્લેખ નથી. તેથી જ હિંદુ ધર્મ વિધવાઓ, પરિત્યક્તાઓ અને અવિવાહિત (કુંવારી) સ્ત્રીઓ માટે સન્માનજનક જીવનશૈલી આપી શક્યા નહીં અને તેમના પર હંમેશાં પુરુષો અત્યાચાર કરવા લાગ્યા. ભલે હિંદુ ધર્મમાં આદર્શવાદી ઉદ્‌ઘોષ છે, પરંતુ વ્યવહારિક જીવનમાં નારીની ઉપેક્ષા જ થઈ છે.

**બૌદ્ધ ધર્મ –** બૌદ્ધ ધર્મમાં પણ જૈન ધર્મની જેમ શ્રમણ (સમણ) પરંપરા રહી છે. બંને ધર્મમાં ભિક્ષુણી સંસ્થા ઉપસ્થિત છે. આટલું હોવા છતાં બૌદ્ધ ધર્મ નારી પ્રત્યે ઉદાર નથી. ત્યાં સુધી કે બૌદ્ધ ધર્મમાં જે ગ્રંથો ઉપલબ્ધ છે તે અનુસાર સ્વયં બુદ્ધ ભગવાન નારીને દીક્ષિત કરવાની ના પાડે છે, પરંતુ અંતમાં તેમની ક્ષીરદાયિકા માસી ગૌતમી અને અંતેવાસી આનંદના ખૂબ આગ્રહ કરવા પર ભિક્ષુણી સંઘની સ્થાપના તો કરી તે પણ આઠ શરતો પર, જેમાં તેમને પુરુષને આધીન રહેવાનું... તે આઠ ગુરુધર્મ અનુસાર ભિક્ષુણી સંઘ પ્રત્યેક ક્ષેત્રમાં ભિક્ષુ સંઘને આધીન છે. ચિર પ્રવ્રજિતા અને વયોવૃદ્ધ ભિક્ષુણી માટે પણ હમણાના પ્રવ્રજિતા ભિક્ષુ માત્ર વંદનીય જ નહીં, પરંતુ તે તેના અનુશાસ્તા પણ હતા. ભિક્ષુણીને ઉપદેશ દેવાનો પણ અધિકાર નહોતો. ત્યાં સુધી કહેવામાં આવે છે કે નારી ક્યારેય બુદ્ધ બની ન શકે. છતાં બૌદ્ધ ધર્મમાં ભિક્ષુણી સંઘ અસ્તિત્વમાં આવ્યો અને સંઘમિત્રા જેવી ભિક્ષુણીએ બૌદ્ધ ધર્મના પ્રચારમાં પોતાનું ઘણું યોગદાન આપ્યું છે. પરંતુ આજે કેટલીક શ્રમણીઓને છોડીને બૌદ્ધ ધર્મમાં કાંઈ ભિક્ષુણી સંઘની ઉપસ્થિતિ નથી જોવા મળતી, આ એક દુર્ભાગ્યપૂર્ણ ઘટના છે.

**ઈસાઈ ધર્મ –** નારી સંબંધમાં ઈસાઈ ધર્મમાં ખૂબ ઉદાર વિચારો રહેલા છે. ઈસાઈ ધર્મમાં પણ ભિક્ષુણી સંસ્થાની સ્થાપના થઈ છે. તે ભિક્ષુણિઓ Nuns કહેવાય છે. તેમના સેવાકાર્ય તેમજ જ્ઞાનદાત્રી પ્રવૃત્તિને કારણે તેઓ જનમાનસના હૃદયમાં કરુણાની દેવીના રૂપમાં પૂજ્યા છે. મધર ટેરેસા તેનું જ્વલંત ઉદાહરણ છે. સ્ત્રી સ્વભાવમાં રહેલી સેવા તેમજ સમર્પણનાં જેટલો વિકાસ આ Nunsમાં છે. તે આજે પણ ખૂબ પ્રશંસનીય છે. જ્યાં સુધી સામાજિક જીવનની વાત છે ત્યાં પણ નિશ્ચયથી નારીને બીજા ધર્મની અપેક્ષાએ ઘણી સ્વતંત્રતા આપી છે, જેનું સારું અને ખરાબ બંને પરિણામ નજર સામે છે. એક તો તેઓ પુરુષ સમાન દરેક ક્ષેત્રમાં કાર્યરત છે, તો બીજી બાજુ પુરુષની નકલ કરતા કરતા પોતાનો મૂળ સ્ત્રી સ્વભાવ ખોઈ રહી છે. તેઓ માતૃત્વ, પત્નીત્વ વગેરે સંબંધોની મધુરતા ગણાવી રહ્યા છે અને સ્વચ્છંદ યૌનાચારનું પોષણ થઈ રહ્યું છે, જેને લીધે લગ્ન એ આત્માઓનું મિલન નહીં, પરંતુ વ્યવસાયિક રૂપ લઈ રહ્યું છે. જો ઈસાઈ ધર્મની કેટલી પ્રમુખ વાતો તરફ ધ્યાન ન આપીએ તો તે વાસ્તવમાં નારીની ગરિમાને ચાર ચાંદ લગાવે છે.

**ઈસ્લામ ધર્મ -** નારીનું જેટલું શોષણ, દમન, ભોગની વસ્તુ માનીને ઈસ્લામ ધર્મમાં જોવા મળે છે, તેટલું બીજા કોઈ ધર્મમાં નથી. અહીં બહુપત્ની પ્રથાને સમર્થન અને તલાક પણ માત્ર ત્રણ વાર તલાક તલાક તલાક કરી દેવાથી થઈ જાય છે, જેને કારણે આવેશમાં આવીને લગ્ન વિચ્છેદ વધારે પ્રમાણમાં જોવા મળે છે. ઈસ્લામ ધર્મના કારણે જ ભારતમાં પડદા પ્રથા, સતી પ્રથા, બાળવિવાહ, નારીને શિક્ષણ ન આપવું વગેરે પ્રથાઓનો જન્મ થયો છે. આજે પણ ઈસ્લામોની સંકુચિત માનસિકતાને કારણે સ્ત્રીઓને ચાર દિવાલમાં કેદ રાખવામાં આવે છે. તેની સાથે એક બંધક જેવો વ્યવહાર કરવામાં આવે છે. આરબ આદિ દેશો આજે પણ એના પ્રમાણ છે. ઈસ્લામ ધર્મમાં નારીના સંન્યાસની કોઈ વાત જ નથી, એટલું જ નહીં, પરતુ તે મસ્જિદમાં નમાજ પણ ન કરી શકે. આજના પ્રચલિત ધર્મમાં ઈસ્લામ ધર્મ જ એવો ધર્મ છે, જ્યાં નારીને સ્વતંત્રતા નથી. તે દરેક ક્ષેત્રમાં પુરુષને આધીન છે.

**જૈન ધર્મ –** જૈન ધર્મને સમણ પરંપરા અંતર્ગત માનવામાં આવે છે. સમણ દર્શન સમતાવાદી સભ્યતાને પોષનાર છે. જનતંત્ર શાસન પ્રણાલિ સંપૂર્ણ વિશ્વને સમણ દર્શનની દેન છે. સમણ ધર્મમાં સ્ત્રી અને પુરુષ બંનેને સમાન બતાવ્યા છે. આ રીતે અન્ય બીજા ધર્મ કરતા જૈન ધર્મ સૌથી વધારે ઉદારતાવાદી છે. આ પરંપરામાં તીર્થંકરોએ પણ સમયે સમયે નારીના વિકાસ માટેની વાતો કરી છે. પ્રથમ તીર્થંકર ઋષભદેવે તો બ્રાહ્મી તેમજ સુંદરીને, જે તેમની પુત્રીઓ હતી, સર્વ પ્રથમ લિપિ તેમજ ગણિતનું જ્ઞાન આપ્યું. ત્યાં સુધી કે તેમણે પોતે એક યુગલિક અર્થાત્ જોડકામાંથી પુરુષના મરવા પર, પોતાની પત્ની હોવા છતાં બીજા લગ્ન કર્યા, તેના સુખની જવાબદારી લીધી. આને વિધવા વિવાહના રૂપમાં પહેલ કરી એમ કહી શકાય. આ પ્રકારે ભગવાન મહાવીર સ્વામીએ પણ ૫ માસ ૨૫ દિવસની અભિગ્રહપૂર્વક તપસ્યા કરીને નારી મુક્તિની જ્યોત સમાજમાં જાગૃત કરી. નારી સ્વતંત્ર્યતાની મિશાલ કાયમ હતી. તેઓએ પોતાના સંઘમાં ચાર તીર્થની સ્થાપના કરી – સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા ચારે તીર્થને રથના ચાર પૈડા બતાવ્યા, જેમાં ચારે તીર્થની સમાનતા દર્શાવી. કાંઈ ઉપર નહીં, કોઈ નીચે પણ નહીં. નારીઓ માટે સાધ્વી સંઘની વ્યવસ્થા પણ કરવામાં આવી, જેમાં સંઘ પ્રધાન નારી જ હોય. તે સમયે સાધ્વી સંઘ સ્વતંત્ર સ્વસંચાલિત સંસ્થા હતી. દીક્ષા પછી પણ તેમની શિષ્યાના પૂર્ણ વિકાસ તેમજ સંપૂર્ણ વ્યક્તિત્વના વિકાસની સંભાવના રહેતી હતી. જૈન વાઙ્મયમાં તો સ્ત્રી દ્વારા પુણ્ય પ્રકૃતિના સવોત્તમરૂપ તીર્થંકર પદવી સુધીની વાત બતાવી છે. આ વાત દ્વારા કદી શકાય કે નારીમા પણ આધ્યાત્મિક શક્તિને જાગૃત કરવાનું સામર્થ્ય એટલું જ હોય છે જેટલું કોઈ એક પુરુષમાં હોય છે, પરંતુ સમય જવા પર જૈન સંઘમાં પણ નારીની સ્થિતિ આજના સામાજિક વાતાવરણમાં ડામાડોળ થઈ ગઈ. નારીને હીન બતાવીને કોઈ કોઈ જગ્યાએ તેને પરાધીન પણ બનાવી છે.

જેમ કે નારી દ્વારા સદ્ય મુનિને વંદન કરવા. આ પરંપરા કદાચ બૌદ્ધ ધર્મમાંથી આવી છે. જૈન ગ્રંથોમાં એવો ઉલ્લેખ નથી મળતો. માત્ર જ્યેષ્ઠ કલ્પની વાત જ આવે છે. આ પ્રકારે આજકાલ કેટલાક સંઘોમાં નારી ઉપદેશ ન આપી શકે એવી માન્યતા જોવા મળે છે. તેને શાસ્ત્ર ભણવાનો અધિકાર પણ આપવામાં નથી આવતો. નારીને પુરુષ કરતા કનિષ્ઠ (નાની, હીન) માનવામાં આવે છે. દિગંબર પરંપરામાં તો નારીને મુક્તિની અધિકારી નથી માનતા એટલે કે નારી – મોક્ષમાં ન જઈ શકે તેવી માન્યતા છે. જે ધર્મમાં સમ્યક્ત્વની પ્રધાનતા બતાવવામાં આવી છે, ત્યાં આજે કેટલાક તુચ્છ વિચાર પકડીને આજે સંઘ મોહનીય આદિ કર્મનો તીવ્ર બંધ કરે છે. ઠીક, દરેકના પોતપોતાના જ્ઞાન-દર્શન. આજે પણ આપણે કહી શકીએ કે જેટલી લૌકિક પ્રથાઓ અન્ય ધર્મમાં જોવા મળે છે, તેટલો જૈન ધર્મમાં મળતી નથી અને વિધવા, અસહાય આદિ સ્ત્રીઓને પણ ભિક્ષુણી સંઘમાં સ્થાન આપવામાં આવતું હોવાને કારણે સતી પ્રથા આદિ કુપ્રથાઓને પોષણ મળતું નથી અને આત્મહત્યા પણ નહીવત્ છે.

આ પ્રકારે જોવા મળે છે કે સમયે સમયે બધા ધર્મોમાં નારીની સ્થિતિ બદલાતી રહે છે. ક્યારેક દેવીના રૂપમાં તો ક્યારેક દાસીના રૂપમાં. ક્યારેક પૂજ્યાના રૂપમાં તો ક્યારેક ભોગ્યાના રૂપમાં. હવે આપણે એ વિચારવાનું છે કે સારા સમાજની રચના થઈ શકે, જેથી આવનારી પેઢી પણ સુંદર બને.

અનુવાદ – મીનલ દિનેશચંદ્ર અવલાણી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૭૬૯૮ ૧૫૧૫૦

# નારી નારીત્વથી દૂર

પ.પૂ. સાધ્વી વૈભવશ્રીજી – શ્રમણ સંઘ

**સ્વ**ભાવથી પ્રત્યેક દ્રવ્ય પોતાના ગુણ સાથે જોડાયેલું છે. દ્રવ્યમાં રહેલો ગુણ ક્યારેય નાશ પામતો નથી. અને તેનાથી જુદો પણ થતો નથી. દ્રવ્ય પોતાના નિજ ગુણને કારણે અન્ય દ્રવ્યોથી ભિન્ન તેમજ વિશિષ્ટ હોય છે કદાચ તેનો ગુણ-ધર્મ આવરાયેલો હોઈ શકે. અપ્રગટ પણ હોઈ શકે, દબાઈ પણ શકે અને ક્યારેક ક્યારેક એવું પણ થાય છે કે પર દ્રવ્યના ગુણનું આકર્ષણ જીવના નિજગુણને ભૂલાવી દે – પ્રકૃતિએ દરેક તત્ત્વને વિશિષ્ટ ગુણ આપ્યો છે. વિશિષ્ટ કહેવાનો અર્થ એ છે કે તે ગુણ અન્ય દ્રવ્યમાં તે રૂપે મળતો નથી.

આપણે અહીં વાત કરી રહ્યા છીએ – નારીની. પ્રકૃતિએ પુરુષ અને નારી બંનેને વિશિષ્ટ ગુણક્ષમતા આપી છે. પુરુષના શરીરની રચના નારી શરીરની રચનાથી ભિન્ન છે. પુરુષનો જન્મ પણ માતા-પિતાના ગુણસૂત્રોની (XY) ત્રેવીસ સંખ્યામાં યોગથી થાય છે, જ્યારે સ્ત્રીનો જન્મ (XX) ૨૪ ગુણસૂત્રોને કારણે થાય છે. આ ગૂણસૂત્રની ભિન્નતા સંપૂર્ણ વ્યક્તિત્વને ભિન્ન બનાવે છે. પુરુષ જ્યાં આક્રમક સ્વભાવ (XY) ધરાવે છે. સ્ત્રી તેનાથી વિપરીત (XX) ગ્રહણશીલ (લાગણીશીલ) સ્વભાવવાળી હોય છે. પુરુષમાં મસ્તકની ક્ષમતા હૃદયની ક્ષમતાથી વધારે પ્રભાવી હોય છે, પરંતુ નારીમાં હૃદયની ક્ષમતા (વિકાસ) વધારે હોય છે. પુરુષ જ્યાં વિજ્ઞાનનો પ્રણેતા હોય છે, નારી કળાની. ધ્યાન આપવા જેવી (યોગ્ય) બાબત એ છે કે નારીના ગુણસૂત્રોને (X) કહેવાય છે, જે અંગ્રેજીના (આઠ)ની જેમ પોતે પોતામાં પૂર્ણતાનું પ્રતીક છે, પરંતુ પુરુષમાં આ વાત નથી. પુરુષને (Y) કહેવાય છે જેની બનાવટમાં લંગડાપણું છે. તેથી સ્ત્રી શૂન્યાકાશની જેમ સંગ્રાહક હોય છે, સર્જનકર્તા હોય છે, પોતે પોતામાં પૂર્ણ છે, કોઈપણ નારીમાં પૂર્ણરૂપથી નારીના જ ગુણ (X) હોય છે, પરંતુ પુરુષમાં (XY) બંને હોવાથી તેનામાં નારીના ગુણ પણ હોય છે. પુરુષ સત્યનો શોધક હોય છે, નારી શિવત્વની. પુરુષ તર્કપ્રધાન હોય છે, જ્યારે સ્ત્રીમાં માયા તેમ જ લોભજનિત વિકારોની પ્રધાનતા હોય છે. બંનેના વ્યક્તિત્વ ભિન્ન હોય છે. અને આ ભિન્નતા જ બંનેના એકબીજા પ્રત્યેના આકર્ષણનું કારણ છે. પરંતુ પરેશાની ત્યારે આવે છે કે જ્યારે કોઈ સ્ત્રી-પુરુષને શ્રેષ્ઠ સમજીને પોતે પુરુષ બનવાનો પ્રયાસ કરે. પુરુષના ગુણોનો આદર સ્ત્રી કરે, તે તો શ્રેષ્ઠ છે, તેવી રીતે સ્ત્રીના ગુણોનો આદર પુરુષ કરે તો તે ઉત્તમ છે, પરંતુ જ્યારે નિજગુણની ઉપેક્ષા કરી, પર ગુણને પામવા માટે ભાગ-દોડ કરે તેની સ્થિતિ શું થાય?

આજની નારીને જોઈને તે વિચાર આવે છે કે આજે સ્ત્રી અને પુરુષમાં કોઈ ભેદરેખા જોવા મળતી નથી. સ્ત્રી પુરુષની સમાન બનવાની ભાગદોડમાં પુરુષ જ બનતી જાય છે. સ્ત્રીમાં સ્ત્રીત્વનો ગુણ ઓછો વિકાસ પામતો જોવા મળે છે અને પુરુષત્વનો વધારે. આને વિકાસ ન કહેવાય, આ તો વિનાશનું પણ વિકૃતરૂપ છે. સ્ત્રી ભૂલી ગઈ છે સ્ત્રીત્વના વ્યક્તિત્વને, કળાને, સૌંદર્યને, ભાવનાને, પ્રેમના ઊંડાણને, શાંતિ તેમજ ક્ષમાને, જે નારીના વ્યક્તિત્વના નિજ પ્રાકૃતિક ગુણ છે. તે X (પૂર્ણ) થી Y (અપૂર્ણ) બનવા તરફ જઈ રહી છે.

આજે નાનપણથી જ માતા પોતાની દીકરીઓને દીકરા જેવો પોશાક પહેરાવી રહી છે, છોકરાની જેમ બોલતા દોડતા શીખવાડે છે. તેના મસ્તકના વિકાસ માટે ગમે તે પ્રયત્ન કરે છે, ઘરના કામોથી દૂર રાખવામાં પોતાનો પ્રેમ સમજે છે અને છોકરીઓમાં પણ હવે એ જ ભાવના છે કે મારે ધન કમાવવા માટે યોગ્ય બનવાનું છે. મારે પ્રતિયોગતામાં ભાગ લેવાનો છે. કોઈપણ રીતે છોકરાઓની સમકક્ષ રહેવાનું છે, નહીં કે છોકરાઓથી પાછળ.

મારે છોકરાઓથી પાછળ નથી રહેવું તે ભાવનાના ઊંડાણમાં જઈએ તો ખબર પડે છે કે આ એ જ ભાવના છે જે નારીને નારીત્વથી દૂર કરી રહી છે, જોકે એક જ ક્ષેત્રમાં સ્ત્રી અને પુરુષ બંને પ્રયત્ન કરશે તો આ ભાવના ઊભી થવાની જ છે.

આ ભાવનાનું જો વિશ્લેષણ કરવામાં આવે, તે શાંત ચિત્તે ચિંતન કરવામાં આવે તો સમજાય છે કે જ્યારે બધા એક જ ક્ષેત્રમાં ઊભા રહી જશે તો બધા મસ્તકને જ જીવનના ચરમ વિકાસ સમજવા લાગશે તો જીવનનું જે મહત્ત્વપૂર્ણ ઘટક છે – હૃદય અને તેના વિષય છે – કળા અને પ્રેમ, તેનું શું થશે?

જ્યાં સુધી એક સ્ત્રી વાત્સલ્યમયી માતા નહીં બને, શાંત-ગંભીર-પ્રસન્ન-શ્રૃંગારયુક્ત-લજ્જાશીલ પત્ની નહીં બને, તો યોગ્ય સંતાન અને શ્રેષ્ઠ પુરુષનો જન્મ પણ કેવી રીતે થશે? જો જીવનનું એક અંગ (નારી) યોગ્ય રીતે વિકસિત નહીં થાય તો બીજું અંગ (પુરુષ) પણ પુરુત્વને પ્રાપ્ત નહીં થઈ શકે.

ખેદના વિષય એ છે કે આજે ભારતમાં ૫૦%થી વધારે

છોકરીઓ નારી વ્યક્તિત્વની વિશેષતાઓને જાણતી નથી. તે ભૂલી ગઈ છે કે કેવી રીતે જીવનનું આંતરિક સૌંદર્ય પ્રાપ્ત થઈ શકે? કેવી રીતે કળા તેમજ વિજ્ઞાનના નવા નવા પરિમાણોની શોધ કરી શકાય? દુનિયાના દુઃખ-દર્દને સહન કરીને, અમૃતમાં બદલવાની ક્ષમતા છે – નારીમાં, પરંતુ આજની નારી વધારેમાં વધારે પુરુષની હોડમાં પોતાના નારીત્વથી વંચિત થતી જાય છે. નારી પણ વ્યાવસાયિક થઈ ચૂકી છે. સમર્પણ, ત્યાગ અને સહિષ્ણુતાની ત્રિવેણી નારી આજે પોતાના (વ્યક્તિત્વના આંતરિક) મૂલ્યોને ઓળખતી નથી. આજ કારણે સંયુક્ત પરિવાર તૂટતા જાય છે અને એકલા રહેતા પરિવારોમાં આનંદ પણ ઓછો થતો જાય છે. તેમજ જીવનનું સૌંદર્ય પણ ખાલી થતું જાય છે.

સમાજે પુરુષને શ્રેષ્ઠ (રજીસ્ટર સ્થાન) આપ્યો છે અને નારી પુરુષની સમકક્ષ આવી ગઈ, તેણે પોતાની ક્ષમતાઓને બહાર કાઢી બધું બરાબર હતું. આ દોડમાં નારી જીતી પણ, સફળતા પણ મળી, ત્યાં સુધી કે દરેક ક્ષેત્રમાં પુરુષથી વધારે કુશળતા પ્રાપ્ત કરી, પરંતુ તે નારી અત્યારે નારીના મૂળ ગુણોના વિકાસથી જોજન દૂર થઈ ગઈ અને આ હાનિ તેની બહુ મોટી નિષ્ફળતા છે. સમાજની વિચારધારા બદલાય તે માટે જરૂરી છે કે નારી પોતાના વિકાસના માપદંડ પુરુષને નજરમાં રાખ્યા વગર જીવનમાં શાંતિ અને શિવત્વની પ્રાપ્તિમાં રાખે. ખોટા માપદંડોના નિર્ધારણમાં અસમ્યક્ વ્યક્તિત્વનો જન્મ થાય છે. તેથી જો આપણે આપણા માપદંડ બદલીએ તો ફરી સ્વસ્થ નારી સમાજનું પોષણ થઈ શકે છે. સ્ત્રી પોતાના આંતરિક વ્યક્તિત્વની Onner natures ને જગાડે અને એનો યોગ્ય વિકાસ કરે જેથી એક ગૌરવપૂર્ણ મા, સહધર્મિણી તેમજ સહયોગી પત્ની, સ્નેહશીલ બહેનના રૂપમાં દરેક પ્રકારથી જીવનને સંગીતમય બનાવી શકે. નારીને નારાયણીના રૂપમાં પ્રગટ કરીએ અને નર પણ નારાયણ રૂપ બને...

અનુવાદક : મીનળ દિનેશચંદ્ર અવલાવી

✦ ✦ ✦

# મહિલા અધ્યાપક અને ઉચ્ચ શિક્ષણ

**ડૉ. દર્શનાબહેન ધોળકિયા**

**પ્ર**સ્તુત વિષય વિશે વાત માંડવી હોય ત્યારે સૌ પ્રથમ તો એ કહેવું પડે છે કે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે મહિલાઓનો પ્રવેશ હજુ તો ગઈ કાલની વાત ગણાય. હજુ તો સ્ત્રીને શિક્ષણ મેળવે જ કેટલાં વર્ષો થયાં? ગુજરાતને લાગે વળગે ત્યાં સુધી સુધારકયુગમાં નર્મદ જેવાઓએ સૌ પ્રથમ તો એના અસ્તિત્વને સમાજમાં સ્થાપિત કરવા મથામણ કરવી પડી. સુધારકયુગમાં મોટી થયેલી પેઢી દ્વારા પંડિતયુગે અલ્પાંશે નારીના અસ્તિત્વને સ્વીકૃતિ આપી, ને તે સમયે વિદ્યાવાન ગણાતા કેટલાક પરિવારોમાં શિક્ષણ આરંભાયું. ગાંધીયુગમાં ગાંધીજી અને અન્ય કેટલાક કેળવણીકારો દ્વારા એનો બહોળો પ્રચાર થયો, ને બહેનોના શિક્ષણનું પ્રમાણ વધ્યું. જેણે આપણા વર્તમાનને આશાસ્પદ ને વિકાસશીલ બનાવ્યો. ગિજુભાઈ બધેકા, નાનાભાઈ, હરભાઈ, મનુભાઈ પંચોલીએ પ્રવર્તાવેલી મોન્ટેસરી પદ્ધતિએ આપણાં શિક્ષણને એક ઘાટ આપ્યો.

આપણા વિચારવંત મહાનુભાવોની આટઆટલી જહેમત પછી આછુંપાતળું શિક્ષણ લીધેલી બહેનોએ અધ્યાપનના ક્ષેત્રમાં પ્રવેશ જરૂર કર્યો છે પણ મહદંશે પ્રાથમિક શિક્ષણ જ તેનું કાર્યક્ષેત્ર રહ્યું. થોડાં વર્ષો પહેલાં જ આપણા સમર્થ સર્જક ને એટલા સમર્થ કેળવણીકાર મનુભાઈ પંચાલી 'દર્શકે' અંગત વાતચીતમાં જણાવેલું તેમ ભાવનગર, સણોસરા, મણારની શિક્ષણસંસ્થાઓના છાત્રાલયમાં ભણતાં બાળકો માટે મનુભાઈ આદિને શિક્ષક તરીકે બહેનોની અનિવાર્ય આવશ્યકતા જણાયેલી, જેનું સ્વભાવિક કારણ હતું, સ્ત્રીઓમાં જન્મજાત રહેલું માર્દવ, પરકાયા પ્રવેશની કલા, જીવતરની મૌલિક સમજ, માતૃત્વનો ભાવ, જે માતાથી દૂર રહીને ઉછરતાં બાળક માટે પાયાની જરૂરિયાત હતી, ને એ કારણે મનુભાઈએ પોતાની સંસ્થાઓમાં બહેનોને શિક્ષિકા તરીકે માનભેર પ્રવેશ આપવાનું ઉચિત માન્યું હતું.

આપણા દેશના મહાનુભાવ કે ગુજરાતના સમર્થ સાહિત્યકારોના પ્રાથમિક શિક્ષણને ધ્યાનમાં લેતાં એવા નિષ્કર્ષ પર આવવાનું થાય છે કે એ સૌના પ્રાથમિક શિક્ષણમાં મહિલા શિક્ષકોનો પ્રભાવ પડ્યો છે ખરો, પણ તેય પ્રાથમિક ને બહુ બહુ તો માધ્યમિક શિક્ષણ પૂરતો જ. આ આખુંય ચિત્ર ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે છેલ્લા સાડાત્રણ-ચાર દાયકાથી પ્રવેશેલી મહિલાઓ માટે સંશોધન મળે તેવું ય છે ને આ પડકારને ઝીલીને તેને સક્ષમ બનાવવા ઝકઝોરે તેવું પણ ઠીક ઠીક વર્ષોથી પદાર્પણ કર્યું છે. જેના મૂળિયા કદાચ રમણભાઈ નીલકંઠના પરિવારના સદસ્યા શારદા મહેતામાં મળે છે, ને અદ્યાપિ પર્યંત એના વહેતા રહેલા પ્રવાહમાં એ ફેલાય છે, ત્યારે આ

આખાય ગાળામાં મહિલા દ્વારા થયેલાં અધ્યાપને શું આપ્યું છે ને એ શું આપી શકે એ વિચારવું રસપ્રદ થઈ પડે તેવું છે.

મહાત્મા ગાંધીની લગોલગ નારી ઉન્નતિ માટે જીવનભર મથેલા ને પોતાના ઘોર મંથનમાંથી વિચારનું મોતી પ્રાપ્ત કરીને તેને વ્યવહારમાં મૂકવામાં સફળ થનારા આચાર્ય વિનોબાજીએ શિક્ષિત મહિલાઓ માટે પ્રેરક રીતે એક મૌલિક વિચાર મૂકતા જણાવ્યું છે : ''સ્ત્રી'' શબ્દ 'સ્તૃ' ધાતુ પરથી બન્યો છે. 'સ્તૃ'નો અર્થ છે વિસ્તાર કરવો, ફેલાવું, સ્ત્રી એટલે પ્રસારનારી. સ્ત્રી શબ્દમાં જ એનું કાર્ય સૂચવાય છે. પ્રેમનો વિસ્તાર, પ્રેમની વ્યાપકતા સ્ત્રી દ્વારા જ થશે...

''હું ઇચ્છું છું કે સ્ત્રીઓ શાસ્ત્રકાર બને. અત્યાર સુધી બ્રહ્મવિદ્યાનું જે શાસ્ત્ર બન્યું તે પુરુષોએ બનાવેલું તેથી એ એકાંગી બન્યું. એનાં સંશોધનો થાય અને એ સંશોધિત બ્રહ્મવિદ્યા દુનિયા સામે આવે.'' વિનોબા વિચાર દોહન, પૃ. ૧૧૩-૧૧૪)

આચાર્ય વિનોબાના આ અભિપ્રાયમાં એક સાથે ત્રણ-ચાર અપેક્ષાઓ નિહિત છે : એક, સૌ પ્રથમ સ્ત્રી શિક્ષિત બનીને ન અટકે પણ મેળવેલા શિક્ષણને અન્યોમાં રોપે. ત્રણ, એનું શિક્ષણ જ્ઞાનમાં રૂપાંતરિત થાય, અને તે પણ એવા જ્ઞાનમાં કે એ ગાર્ગી જેવાં વિદુષીપણાને પામે. સ્ત્રીના અધ્યયનમાં જો અધ્યાપન ભળે તો વિનોબાને મતે સ્ત્રી આટલી હદે ઊંચા ગજાને પામી શકે. એનું અધ્યાપન એને વિદ્યાના અંતિમ ચરણે – બ્રહ્મવિદ્યા પર્યંત લઈ જઈ શકે. આ અર્થમાં ફેલાવાની અધ્યાપિકામાં પડેલી અનંત શક્યતા આચાર્યે જોઈ છે.

આચાર્ય વિનોબાજી પછી શિક્ષણજગતના ઋષિ ગણાયેલા શ્રી પ્ર. ત્રિવેદી 'શિક્ષણ કોણ આપી શકે?' એ પ્રશ્નના ઉત્તરમાં શિક્ષણ આપનારાનાં કેટલાંક ઉત્તમ લક્ષણો (ગીતાના સ્થિપ્રજ્ઞના લક્ષણોને મળતાં આવે તેવાં) ગણાવે છે, જે લાગુ તો પુરુષ કે મહિલા બંનેને પડી શકે તેમ છે પણ અધ્યાપિકામાં તેની વિશેષ શક્યતા છે. કેવાં છે આ લક્ષણો? આ રહ્યાં : તેને જ માત્ર શિક્ષણનો અધિકાર છે જે એટલો કરુણામય છે કે દુઃખીના આંસુ લૂછીને દિલાસો દઈ શકતો હોય, ભગ્ન હૃદયને સાંધી શકતો હોય, નિરાશાને આશામાં પલટી શકતો હોય, પતિતને પાવન કરી શકતો હોય, નોંધારાનો આધાર બની શકતો હોય, શ્રદ્ધાહીનમાં શ્રદ્ધા ચેતાવી શકતો હોય, અવિશ્વાસુમાં વિશ્વાસ જગાવી શકતો હોય, અકર્મીને કર્મયોગી બનાવી શકતો હોય.

જે સુરુચિપુર્ણ હોય, જેના જીવનનો કોઈ આદર્શ હોય, જેને સંસ્કારિતાનું સ્થાન હોય, જેની પ્રવૃત્તિમાં કોઈ પુણ્ય પણ હોય, જેની ભાવનામાં ભક્તિ, અભિવ્યક્તિમાં પ્રાણ હોય, અસ્મિતામાં ઉજાસ હોય, તપ હોય, તેજ હોય, ત્યાગ હોય. (પ્ર. ત્રિવેદી અધ્યયન ગ્રંથ પશ્વ. ૧) આ તમામ લક્ષણો અધ્યાપિકા માટે કદાચ સહજ છે. એક સ્ત્રી હોવાને નાતે એનામાં માતૃત્વની કોમળતા, માર્દવ તેને જન્મજાત રીતે પ્રાપ્ત થયેલા છે. જેનો એ વિસ્તાર સાધે તો એનો ને એના વિદ્યાર્થીનો ઉદ્ધાર થઈ શકે. એક નારી માત્ર પોતાના વર્તુળમાં સીમિત ન રહીને જાતને વિસ્તારે તો વિદ્યાકીય જગતમાં આમૂલ પરિવર્તન લાવી શકે. તેની આવી અનંત શક્યતાને તાગી શકેલા સ્વામી વિવેકાનંદે એ કાળે પોતાના પ્રિય શિષ્યા ભગિની નિવોદિતાને ભારતનાં નાનકડા વિદ્યાર્થીઓનું ભાવિ સોંપતી વેળા આશીર્વચન રૂપે કહેલું વિધાન અધ્યાપિકામાં પડેલી શક્તિઓનું સૂચક ને એ અર્થમાં સર્વને પ્રેરક ઉદ્‌બોધન બની રહે છે :

**જનની તણું હૈયું ને સંકલ્પ કો શૂરવીરનો**
**ને મધુરિયા દખણાદા મલયાનિલની,**
**આર્યોની યજ્ઞવેદીએ નિવસતી ભભકતી**
**મુક્ત પાવક શક્તિ-સૌંદર્ય આત્મા,**
**આ સર્વ હો નિઃશેષ તારું ને**
**અન્ય પણ બહુ કાંઈ**
**દીઠું ન જે સ્વપ્નેય કદી કો પૂર્વજે,**
**થૈ રહે તું ભારતના ભાવિ બાળની**
**સ્વામિની, સખી ને દાસી ત્રિવેણી તણી**

– 'શિક્ષણના શિલાલેખ', ડૉ. ઈશ્વર પરમાર

ઉચ્ચ શિક્ષણક્ષેત્રે બહેનો પાસે આવે છે એક ઉછરતી, ઉછળતી પેઢી. જેની પાસે સ્વપ્નાં છે, જોમ છે, ઉમંગ છે, આત્મવિશ્વાસ છે પણ આ બધાંને ઉચિત ઘાટ આપવાની દૃષ્ટિ હજુ તેમનામાં ફૂટી નથી. પોતાના સ્વપ્નને વાસ્તવમાં પલટવાની દિશા એ જાણતી નથી, ને એ જાણવાની પાછી તેને ઉતાવળ છે. આવી નાજુક ક્ષણોમાંથી ગુજરતી-ઉછરતી પેઢીને સાંભળવાની ને સંભાળવાની ધીરજ જેટલી સ્ત્રી અધ્યાપક પાસે સંચિત હોય તેટલી કદાચ અધ્યાપક પાસે હોવી મુશ્કેલ છે. આ ક્ષણે જો વિદ્યાર્થીના થનગનાટને જાળવીને તેને સ્થૈર્ય ભણી વાળવમાં અધ્યાપિકા સફળ થાય તો તેના વિદ્યાર્થીઓ જીવનભર તેના આરાધક બની જાય. બલકે આવું જોયાનાં ય બન્યાનાં અનેક ઉદાહરણો સ્મરણમાં ઉપસે છે.

વિવેકાંનદે ઇચ્છયું છે તેમ, મહિલા શિક્ષક વિદ્યાર્થીની સૌથી મોટી મિત્ર બની શકે છે કારણ કે સાંભળવું એ પણ નારીનો જન્મજાત ગુણ છે. એ વિદ્યાર્થીને ધીરજથી સાંભળી શકે છે, ને તેથી

જ વિદ્યાર્થીના આંડા અવળાં જતા વ્યક્તિત્વને સંભાળીય શકે છે.

વળી, સ્વાભાવિક રીતે જ જીવનનાં મૂલ્યો પ્રતિ સ્ત્રીઓ વધારે પ્રતિબદ્ધ હોય છે. તેને ભ્રષ્ટાચાર આચરવામાં, રાજકારણ રમવામાં, આડીઅવળી વાતોમાં ઝાઝો રસ હોતો નથી. આથી એનો વિદ્યાકીય અભિગમ વિશેષ સમૃદ્ધ ને સક્ષમ રહી શકે છે, જેનો પ્રભાવ વિદ્યાર્થીઓને પણ ઝકઝોરી દે છે. કોઈ પણ શિક્ષકનો અનુભવ છે તેમ, વિદ્યાર્થી સૌથી વધુ નિરીક્ષણ કરે છે તેના શિક્ષકનું, આથી શિક્ષકે અત્યંત સાવધાન રહેવાનું છે. તેના આચારમાં, વિચારમાં, શિસ્તમાં, હલનચલન સુદ્ધામાં સ્વાભાવિક રીતે જ કેટલીક સામાજિક અપેક્ષાઓને સંતોષવાની સાવધાની રહેલી હોઈને તેમજ પ્રકૃતિગત સૌમ્યતાને કારણે મહિલામાં આ બધું સહજ ઢંગથી પ્રગટ થતું હોઈ, વિદ્યાર્થી પર એ પોતાનો આંતરિક ને તેથી ગૂઢ ને ગાઢ પ્રભાવ પાડી શકે છે. અલબત્ત, પ્રભાવ પાડવાના ખ્યાલ વિના જ.

અધ્યાપિકામાં પડેલી સંવેદનશીલતા વિદ્યાર્થી માત્રને તેના ભણી ખેંચે છે, ને વિદ્યાર્થીનું હૃદય અનાયાસ ઉઘડી જાય છે. તેના માટે આ ક્ષણે પોતીકો બનતો વિદ્યાર્થી આપોઆપ શિસ્તની કેળવણી પામે છે. બહેનો શિસ્ત પળાવતી નથી, તેની ઉપસ્થિતિ માત્રથી વિદ્યાર્થી શિસ્ત પાળતાં શીખે છે. માત્ર વિદ્યાર્થી નહીં, તેના સહકર્મચારીઓ પણ તેની હાજરીમાં અનાયાસ એક નિયમન હેઠળ આવી જાય છે. અધ્યાપિકાની આ ક્ષમતા છે, તે પણ કેળવેલી નહીં, મેળવેલી.

હા, અધ્યાપિકા સામે જ્યારથી એણે ઉચ્ચ શિક્ષણ ક્ષેત્રે પદાર્પણ કર્યું છે ત્યારથી એક ફરિયાદ રહી છે તેમ, એનું વિષયપ્રભુત્વ કેળવવામાં એને પ્રકૃતિગત લાક્ષણિકતાઓ નડે છે. સામાજિક, ઘરેલું બાબતોથી, કદાચ ચિંતાઓથી ઘેરાયેલી સ્ત્રી વિષયને તાર્કિક રીતે સમજવા, સમજાવવામાં, ક્યાંક નબળી પુરવાર થાય છે તો ક્યારેક અધ્યાપનને માત્ર શોખનો વિષય જ ગણીને તેને રસનો વિષય બનાવી શકતી નથી. અલબત્ત, આ માત્ર અધ્યાપિકાને જ નહીં અધ્યાપક માત્રને લાગુ પડતી ઘટના છે, પણ મહિલા પર આવો આક્ષેપ વિશેષ થતો જોવા મળે છે.

અલબત્ત, કેટલાક સામાજિક સંદર્ભો, રૂઢિગત વિચારધારાઓ, કૌટુંબિક પરિસ્થિતિઓએ સ્ત્રીની જ્ઞાનવૃદ્ધિની ક્ષિતિજોનો વિસ્તાર કરવામાં નડતરરૂપ ભાગ જરૂર ભજવ્યો છે. જેનાથી સ્ત્રીએ ઉપર ઉઠવું જ પડવાનું. જો એ આ સિદ્ધ કરી શકે તો એનામાં રહેલા માર્દવ, નિષ્ઠા, સિદ્ધાંતપ્રીતિ, જીવતરની સૂઝ સાથે એનાં જ્ઞાનનો સમન્વય થાય ને પરિણામે શિક્ષણજગનો ચહેરો બદલવામાં એ યોગદાન આપી શકે.

આજે આપણે ત્યાં અધ્યાપન ક્ષેત્રે એવાં કેટલાંક મહિલા વ્યક્તિઓ પણ છે જેણે શિક્ષણક્ષેત્રે વૈચારિક પરિવર્તન લાવવામાં ઐતિહાસિક પ્રદાન કર્યું છે. તો કેટલાંક ખૂણે બેઠેલી અધ્યાપિકાઓનો પ્રભાવનો વ્યાપ પણ ઓછો નથી. શીખવવું એ સ્ત્રીના લોહીમાં પડેલો ગુણ છે કારણ કે એ માતા તો છે જ, પણ અધ્યાપન કરાવવા માટેની જે પ્રકારની સજ્જતા અપેક્ષિત છે એ માટેની વિશેષ કેળવણી પ્રાપ્ત કરવા રહીને તેણે સતત જાતનું સંમાર્જન કરતા રહેવું પડવાનું. એના જ્ઞાનની ક્ષિતિજોનો તેણે વિસ્તાર કરવો જ પડવાનો.

છેલ્લે એક વાત ઉમેરવાનું મન રોકી શકાય એમ નથી. એક અધ્યાપિકા તરીકે હવે સફળ અધ્યાપક બનેલા મારા એન નીવડેલા ને પ્રિય વિદ્યાર્થીને મેં વાતવાતમાં બહેનોએ તેને આપેલાં ઉચ્ચ શિક્ષણ વિશે તેનો અભિપ્રાય પૂછ્યો ત્યારે નતમસ્તકે અપાયેલો તેનો ઉત્તર હતો : ‘‘આપ સૌની ઉપસ્થિતિ માત્રથી આસપાસનું વાતાવરણ જ સૌ પ્રથમ તો પ્રાર્થનામય બનતું ભાસે છે.’’ મહિલા જે કરી શકે છે તે આ. તેના હોવા માત્રનું આ પહેલું ફળ. પછીની વાતો આપોઆપ એની પાછળ ગોઠવાઈ જાય તો એની શી નવાઈ?

✦ ✦ ✦

સંપર્ક : +૯૧-૯૦૯૯૦ ૧૭૫૫૯

## જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર પર જ્ઞાનસત્ર

ઈન્સ્ટીટ્યૂટ ઑફ જૈનોલોજી લંડન અને ભારત આયોજિત જૈન ધર્મના વિવિધ મંત્રો, સ્તોત્રો અને યંત્રો પર એક જ્ઞાનસત્રનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૮-૧૯ જાન્યુઆરી, ૨૦૨૦ના ગુજરાત વિશ્વકોશ ભવન અમદાવાદમાં યોજનાર આ જ્ઞાનસત્રના પ્રમુખસ્થાને પદ્મશ્રી ડૉ. કુમારપાળ દેસાઈ બિરાજશે. જ્ઞાનસત્રનું ઉદ્‌ઘાટન શ્રી સંવેગ લાલભાઈ કરશે.

વિનોદ કપાસી, રાજમલ જૈન, નરેન્દ્ર ભંડારી, ડૉ. સુધીર શાહ, ડૉ. અભય દોશી, ડૉ. સેજલ શાહ, ડૉ. રતનબેન છાડવા, સુરેશ ગાલા, ભારતીબેન મહેતા, મણીલાલ ગાલા સહિત ચાલીસ વિદ્વાનોનો શોધપત્રો પ્રસ્તુત કરશે.

ગુણવંત બરવાળિયા સંપાદિત ગ્રંથો, ‘જૈન મંત્ર, સ્તોત્ર અને યંત્ર’ (જ્ઞાનધરા-૨૦)નું વિમોચન યોગેશભાઈ બાવીશી અને ખીમજીભાઈ છાડવા કરશે. મુનિશ્રી સંતબાલજી વિવૃત્ત ‘શ્રી ભગવતી સૂત્ર’નું વિમોચન ચંદ્રવદનભાઈ શાહ અને ગોવિંદ સંગ ડાભી કરશે.

જ્ઞાનસત્રના સંયોજક સૌરાષ્ટ્ર કેસરી પ્રાણ ગુરુ જૈન ફિલોસોફિકલ એન્ડ લીટરરી રિસર્ચ સેંટર મુંબઈ છે.

# સન્નારી... સાર્થક જીવનની આધારશીલા

સુનીતા ઈજ્જતકુમાર શાહ

**વ**ર્ષોથી એક મજાક સ્ત્રીઓની બાબતે થતી રહે છે ...એવું શું કામ?

**નારી નમણું ફૂલ...**
**જીવન કરતી ડુલ...**
**કાં પોતાનું કાં પારકું.**

અરે... મારી સહેલીઓ ગુસ્સે ન થશો. આ આપણને જ કહેવાયું છે એવું ઓઢી લેવાની જરૂર બિલકુલ નથી. એવું પણ બને કે જુનાં જમાનામાં આવું કહેવાયું હોય. પહેલાના જમાનામાં સ્ત્રીઓમાં શિક્ષણનું પ્રમાણ ઘણું નહીંવત્ રહેતું છતાં આપણા વડીલો અને આપણી માવરુંઓ ને જોતાં એવું લાગે કે એ ભલે ઝાઝુ ભણેલી નહીં હોય પણ ગણેલી તો ચોક્કસ હતી જ. આજના સમયના પાત્રોમાં ક્યારેક આ ચિત્ર, આ વાત ઊલટી દૃષ્ટિગોચર થતી ભાસે છે... ભણતર મોજૂદ હોય પણ ગણતર જાણે ગાયબ! આ વાત ને શું આપણે નકારી શકીશું? પહેલાની સન્નારીઓમાં પુસ્તકિય જ્ઞાનનો અભાવ રહ્યો હોય એવું હશે પણ સંવેદના, સહનશક્તિ, સમજણ અને ધૈર્યની તો તેઓ સામ્રાજ્ઞની રહી છે. કોઈ પણ સ્વરૂપે હોય... દીકરી, બહેન, માતા કે પુત્રવધુ તે હરક્ષણ ત્યાગની ભાવના સેવતી માટે જ તેણીની દેખીતી લાયકાતની અલ્પતા પણ તેણીની નિષ્ઠાને ગ્રસી શકતી નહી. પોતાના ખોરડાને તરતું અને જીવંત રાખનારી દરેક સ્ત્રી પોતાના ભોગે બધું જ કરી છૂટશે બીજાના ભોગે નહી... ખરું કે! પોતીકા જનોને સુખની સમૃદ્ધિ બક્ષતી સ્ત્રી પોતાના દુઃખને અવગણવામાં અગ્રેસર રહેતી હોય છે. અપવાદને તો દરેક સ્થળે, દરેક ક્ષેત્રે રહેવાની કુટેવ હોય જ છે એ સમયે પણ હશે અને આજે પણ હોય જ! આવું પાત્ર પોતાનું માનવજીવન તો ડુલ કરતું જ હોય છે અને સાથોસાથ બીજાનું પણ! હા એવું બની શકે કે જીવ પોતે શું કરી રહ્યું છે એ બાબતનો એને ખ્યાલ સુદ્ધાં ન હોય. કોઈ તળ જ એટલા છીછરા હોય કે એમાંથી નીર નીકળવા ન પામે.

પહેલાંની હોય કે આજની નારી છે તો એ એક નમણું ફૂલ જ ...જો સ્વભાવ અને લાગણીથી ઋજુ હોય! બદલાતા સમયમાં આજની નારી વધુ હિંમતવાન બની છે પણ પરિપક્વતાની જે માત્રા સ્ત્રીમાં હોવી જોઈએ તે ધીરે ધીરે ઘટી રહી હોય એવું લાગે છે. સાર્થકજીવન સાધવા માટેનું કોઈ એક સત્વ તત્વ વધે ને સાથોસાથ કોઈ એક સત્વ તત્વ ઘટે તો તો સાર્થકજીવનને પામવા મંડાતો ડગ અંતે તો ત્યાં નો ત્યાં જ રહ્યો ને! એક વખાણવા જેવી વાત એ છે કે આજની નારીમાં આવડતના ખાતામાં આધુનિક જમાનાનું દરેક કૌશલ્ય ઉમેરાયું છે. આજે તે પોતાનો અધિકાર મેળવતી થઈ છે પણ હજુ એણે થોડું એ શીખવાનું શેષ રહ્યું છે કે મેળવેલા અધિકારને માત્ર વાપરવાનો ન હોય પણ પોતાની ફરજ નિષ્ઠાપૂર્વક બજાવી એ અધિકાર ને અદાથી અદા કરવાનો હોય છે. જીવનમાં ચાલવા માટેનાં ત્રણ માર્ગો હોય છે સ્વમાર્ગ, મધ્યમ માર્ગ અને સમષ્ટિ માર્ગ. આજે મોટાભાગે જીવ આ ત્રણમાંથી સ્વમાર્ગના વિકલ્પને વધુ વરી રહ્યાં છે. જેનાં કારણે આપણા કૌટુંબિક અને સામાજિક જીવનના વાતાવરણનું નૂર હણાઈ રહ્યું છે.

દરેક સ્ત્રી એક સમયે દીકરી હોય છે. જો આ દીકરીયું ને તેમની માવરુંઓએ આ એક શિક્ષણ આપ્યું હોય કે જીવનમાં વસ્તુઓ કરતાં વ્યક્તિઓ અને પરિસ્થિતિનું મહત્વ વધારે હોય છે તો તે ક્યારેય પોતીકી વ્યક્તિને વસ્તુ માનવાની કે સંબંધને વાપરવાની ખતા નહી કરે. સ્ત્રીને જો ઘરનાં અને બહારના વ્યવહારમાં આવતાં એ તમામના મન જીતતા જો આવડી જાય તો એ સ્ત્રી સ્વર્ગને પોતાના ખોરડે ઉતારી લાવે છે. સ્ત્રી જો ધારે તો પોતાના કાર્યો જ એટલી સમજ અને સંવેદના સાથે કરશે કે દરેક સંબંધ પૂરબહારમાં ખિલી ઉઠે. સમજશક્તિ અને સહનશક્તિનું તપ જે સ્ત્રી માંડે છે તેનાં હૃદયને ઈર્ષા, વેર કે ભેદભાવ કદી સ્પર્શી શકતા નથી. સ્ત્રીને એટલે તો શક્તિ કહી છે. સ્ત્રી એ ઈશ્વરનું સર્જક શ્રેષ્ઠ પાત્ર છે. ધરતી પર અવતરતા જીવન અને સ્વર્ગની જન્મદાત્રી છે.

મનનો મેળાવડો જ્યાં જામે તે હરીધામ અને એ જ તો સ્વર્ગ. આજની દીકરીઓને માતાપિતા અનેક કળા શીખવાડે છે કે શીખવા મોકલે છે. જો હળીમળીને રહેવાની કળા પણ આજની દરેક સ્ત્રીમાં તાણાવાણાની જેમ વણાઈ જાય તો ધરતી પરના દરેક ઘરમંદિરોના ખૂણે ખૂણા નવપલ્લવિત થઈ મઘમઘી રહે. એટલે પછી તો દરેક ઘરોમાં જીવ્યે જતાં વૃદ્ધોના વૃદ્ધત્વની આભા ઓલવાય શેની એ તો દીપી જ ઉઠે... હેં ને? આવડત અને લાયકાતની સાથે નમ્રતા અને ધીરજના ગુણ જ્યાં વસતા હોય છે ત્યાં મહેંકતા જીવનની તમામ આવશ્યકતાનો સુભગ સમન્વય બનતો હોય છે ખરુને!? દરેક સ્ત્રીએ એક ખટકો રાખવો ઘટે કે પોતાની સઘળી સંવેદના જીવંત તો છે ને? લાગણી જેનામાં ધબકતી હોય એ સ્ત્રી બધા સાથે એ લાગણીને સમાનપણે જ દાખવતી હોય ને? ધરતી ઉપર જ્યાં જ્યાં સર્વેના સાર્થક જીવનની વનરાજી લહેરાતી હોય ત્યાં એ વાત તો સર્વસ્વીકૃત બની રહે... નારી નમણું ફૂલ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૭૨ ૧૧૮૧૩

# નિર્ભયતા અને આત્મનિર્ભરતા : સ્ત્રીના સૌથી મૂલ્યવાન અલંકારો

**સોનલ પરીખ**

**ન**વેમ્બર મહિનાની શરૂઆતમાં રિલિઝ થયેલી ગુજરાતી ફિલ્મ 'હેલ્લારો'એ જગાડેલાં સ્પંદનો હજી શમ્યાં નથી. 'હેલ્લારો' દેશની બધી ભાષાઓની ફિલ્મોમાંથી સર્વોત્તમ સન્માન મેળવનાર પ્રથમ ગુજરાતી ફિલ્મ છે. તેની તેર અભિનેત્રીઓના વૃંદને સ્પેશ્યલ જ્યુરી અવૉર્ડ મળ્યો છે. ફિલ્મનાં અનેક સર્જનાત્મક અને ટેકનિકલ પાસાંમાં કલાકારો-કસબીઓએ કમાલ બતાવી છે.

અત્યાર સુધીમાં આપણે સૌ જાણી ચૂક્યા છીએ કે ફિલ્મનો પરિવેશ ૧૯૭૫ના કચ્છનો છે. રૂઢિચુસ્ત અને પુરુષોની જોહુકમી નીચે જીવનનું નર્તન ગુમાવી ચૂકેલી સ્ત્રીઓને ઢોલીના ઢોલના તાલે ગરબો કરવા મળે છે ત્યારે તેઓ ગાઈ ઊઠે છે, 'પણેળું થયું રે પણેળું થયું એક સજ્જડબમ પાંજરું પણેળું થયું' અને 'ઠેક્યા મેં થોરિયા ને ઠેકી મેં વાડ, ઠેક્યા તેં દીધેલા ઊંચેરા પ્હાડ'. આજ સુધી ધાકમાં રાખેલી સ્ત્રીઓની આ છલાંગને રૂઢિજડ સમાજ સાંખે તો નહીં. પણ હવે સ્ત્રીઓનો ડર ચાલ્યો ગયો છે, 'મરવાની બીકે જીવવાનું નહીં છોડીએ.' ત્યાર પછી વાત જીવસટોસટની બને છે, પણ આત્મનિર્ભર થઈ ચૂકેલી સ્ત્રીઓ પરંપરા સામેના યુદ્ધમાં જીતે જ છે.

'હેલ્લારો' એટલે આઉટબર્સ્ટ – ઊભરો, વિસ્ફોટ, ઉછાળ. યાદ આવે છે પ્રસિદ્ધ કવિ રમેશ પારેખનું 'હેલ્લારો' કાવ્ય. હેલ્લારો શબ્દ સાર્થક થાય તેવા બળકટ લયમાં ને શબ્દપ્રવાહમાં તેઓ આપણને ખેંચી જાય છે ને કહે છે : 'આ સરખેસરખી કળીઓ રમતી સમણું સમણું હેલ્લારો, આ ખર્યા પાનનું ખરવું લાગે નમણું નમણું હેલ્લારો, કોઈ હાથ દઈને રોકો આ આવ્યો ધસમસ ધસમસ હેલ્લારો, આ બૂડી જવાનો મોકો આવ્યો ધસમસ ધસમસ 'હેલ્લારો' 'હેલ્લારો' ફિલ્મનું નામ નક્કી કરતી વખતે ફિલ્મસર્જકોને રમેશ પારેખની આ પંક્તિઓ યાદ આવી હોય તો નવાઈ નહીં.

'હેલ્લારો'માં ગરબા આટલા મહત્ત્વના કેમ છે? એનું કારણ એ છે કે ગરબા જીવનના ખોવાઈ ગયેલા લયનું પ્રતીક છે. ઢોલી, એ લય યાદ અપાવવામાં બનતા નિમિત્તનું પ્રતીક થઈને આવે છે. વાત તો અડધી સદી પહેલાની છે. ભલે તેને લોક ઇતિહાસનું સમર્થન મળ્યું હોય પણ આજે એકવીસમી સદીમાં આવી પ્રથાઓ ચાલતી હોય તેવું એકે ગામ શોધ્યું નહીં જડે. એમ છતાં આ વિષયને પસંદ કરવાનું, તેની માવજત કરવાનું, એ માવજતની કદર કરવાનું અને તેને જોવાનું મન સૌને એટલે થયું કે તેમાં એક મૂળભૂત સમસ્યાની વાત છે. સમસ્યા એ છે કે અસ્તિત્વને મુક્તપણે નર્તન કરવું હોય છે પણ તેના પર જાતજાતના અન્યાયી પ્રતિબંધો મુકાય છે. એ અસ્તિત્વ જ્યારે સ્ત્રીનું હોય ત્યારે તો ખાસ. દિગ્દર્શક અભિષેક શાહે લખ્યું છે કે 'હેલ્લારો'ની વાર્તા 'સપ્રેશનથી એક્સપ્રેશન'ની છે. દબાયેલું, બંધાયેલું અસ્તિત્વ એક વાર મુક્તિનો સ્વાદ ચાખે પછી એ જ કહે, જે આ ફિલ્મની નાયિકા કહે છે, 'મરવાની બીકે જીવવાનું નહીં છોડીએ.'

હા, સ્ત્રી જીવવા માંગે છે. સાચા અર્થમાં જીવંત થવા, અસ્તિત્વમાં ચૈતન્યનો સભર અનુભવ ભરવા માંગે છે. પહેલાંની સ્ત્રીને પણ આ જ જોઈતું હતું, આજની સ્ત્રીને પણ આ જ કરવું છે.

આજની સ્ત્રી એટલે કેવી સ્ત્રી? આજની સ્ત્રી એટલે એવી સ્ત્રી જે પરંપરા અને રૂઢિઓની વચ્ચે રહી છે, પણ એને સર્વસ્વ નથી માની શકી. જેને સંબંધો, પ્રેમ અને પરિવાર માટે પોતાને ખર્ચી નાખવામાં આનંદ આવે છે, પણ તે આ બધામાં છુપાયેલા શોષણનો ચહેરો ઓળખી શકે છે. જેને ઝઘડા નથી કરવા, નારા નથી લગાવવા, ઝંડા નથી લેવા, એક્ટિવિઝમમાં નથી પડવું; પણ પોતાની ઓળખ, પોતાના મનુષ્ય તરીકેના અધિકારની ઉપેક્ષા પણ નથી કરવી. જેને શોષણ કરવું નથી, જેને પોતાનું શોષણ થવા દેવું નથી.

આજની સ્ત્રી એટલે એવી સ્ત્રી જે પુરુષવિરોધી નથી, જેને પુરુષ પર ટોપલો ઢોળી દેવા કરતા પોતાની સમજ અને આંતરિક તાકાત વધારવાનું વધારે અગત્યનું લાગે છે. આવી સ્ત્રીઓને સમજાય છે કે પુરુષ પણ પોતાની જેમ માન્યતાઓ અને રૂઢિઓનો ભોગ બનેલો છે, પણ તેને એ પણ સમજાય છે કે આ માન્યતાઓ અને રૂઢિઓ પુરુષને લાભ આપે છે એટલે તેને બદલવાની ઉતાવળ પુરુષ નહીં કરે. શરૂઆત સ્ત્રીએ પોતે જ કરવી પડશે. અને તેને માટે જોઈશે નિર્ભય આત્મનિર્ભરતા.

### તો વિચારીએ, આવી નિર્ભય આત્મનિર્ભરતા એટલે શું?

આત્મનિર્ભરતા એટલે લોકોના કહેવાને નહીં, પુસ્તકોના વિચારોને નહીં, પણ પોતાના અંતરને અનુસરવું. અંતરને અનુસરવું એટલે એકાંતની પળોમાં અંતરના ઊંડાણમાંથી જે સત્ય સાંપડે તેને અનુસરવું. વાતેવાતે બીજાના વિચારોનો આધાર લેવાથી આપણે આપણી બુદ્ધિ અને સર્જનાત્મકતાને અન્યાય કરીએ છીએ. માટે પોતાના પર વિશ્વાસ કરો – ટ્રસ્ટ યોરસેલ્ફ. આવા આત્મગૌરવવાળી

વ્યક્તિ બાળકની જેમ સ્વાર્થ, દંભ, ડર કે વળગણોથી મુક્ત અને પોતાની સ્ફૂરણાને અનુસરનારી હોય, છતાં પરિપક્વ હોય.

પણ લોકો તો એ સ્ત્રીને જ ડાહી, સમજુ માને છે જે તેને આપવામાં આવેલાં મૂલ્યો પ્રમાણે જીવતા શીખી ગઈ હોય. આ આત્મનિર્ભરતા નથી. માણસ તરીકે જેને વિકસવું છે તેણે ખોટાં, અન્યાયી ધોરણોને પડકારવા જોઈએ. સ્થાપિત પ્રણાલિના કોઈ બંધનમાં તે વિચાર્યા વગર ન પડે : મારા અંતરને સાચું લાગે તે સાચું, મારા અંતરને ખોટું લાગે તે ખોટું. સમાજમાં કોઈ ક્રૂર કે શોષણ કરનારી પ્રથા ચાલતી હોય તો તેને હું નહીં અનુસરું. તેમ કરવાથી પ્રશંસા મળે કે નિંદા તેની પરવા નહીં કરું. ભીડ ને કોલાહલની વચ્ચે પોતાની ગહનતામાં ઊતરી સાચું શોધીશ. મને ખબર છે કે મારી આસપાસના લોકો મારા સાચા સ્વત્વને કદી જાણવા નહીં પામે ને મને સ્થાપિત વિચારોથી જ માપશે. પણ હું પોતાને વફાદાર રહીશ.

આ માર્ગમાં બે દુશ્મન મળશે : સમાજની અસ્વીકૃતિ અને સ્થિરતા પર ઘા. સ્થિતિ ક્યારેક સામે પૂરે તરવા જેવી થાય ત્યારે તરણકલાના નિયમને યાદ કરી, સીધી નહીં પણ ઝિગઝેગ ગતિથી જવું પણ માર્ગ છોડવો નહીં. યાદ રાખવું કે બધી ચીજો સમાજના માપદંડથી મપાય નહીં – સાચો માપદંડ વ્યક્તિનો, નીતિનો, માણસાઈનો. આખરે બધી ગતિવિધિઓનું કેન્દ્ર માણસ જ તો છે. સ્ત્રીએ આ ખાસ સમજવાનું છે. પ્રચલિત માન્યતાઓને અનુસરવું એ સ્ત્રીનો સ્વભાવ છે. તે વિરોધ અને વિરોધીઓથી ડરે છે. આવો ભય રાખે તે આત્મનિર્ભર ન હોઈ શકે.

થોડા અભ્યાસ પછી મને મળેલા મુદ્દાઓ અહીં મૂકું છું.

**નિર્ભય અને આત્મનિર્ભર થવા માટે આટલું યાદ રાખોઃ-**

• પોતાનું મૂલ્ય જાણો. નિયમો આપણા માટે છે. આપણે નિયમો માટે નથી.

• એક વાર્તામાં એક ચિત્રકાર ગરીબ હતો, અભાવોમાં જીવતો હતો, પણ તેને જોઈને લોકોને થતું કે આ માણસ બધા અભાવોથી ઉપર ઊઠેલો છે. એટલે કે પરિસ્થિતિ આપણા કરતા મોટી ન હોઈ શકે, આપણે પરિસ્થિતિ કરતા મોટા થવાનું છે. જે વિચારતા નથી તે એક પ્રકારના નશામાં જીવે છે. પોતે જે નથી તેને સર્વસ્વ માને છે અને પોતે જે છે તેને ભૂલી જાય છે.

• નિયમોમાં બંધાયેલા સુખી ને સ્થિર દેખાતા લોકો સામે લઘુતા અનુભવશો તો પોતાની ક્ષમતાઓથી પરિચિત નહીં થવાય. બે શબ્દ સમજવા જેવા છે – ટ્યૂશન અને ઈન્ટ્યૂશન. બીજા પાસેથી મળે તે ટ્યૂશન. અંતર્જ્ઞાનથી આવે, અંતઃસ્ફૂરણાથી આવે તે ઈન્ટ્યૂશન.

• જે સ્ત્રી વિચારી નથી શકતી તે આત્મનિર્ભરતાને કે તે જેના દ્વારા આવે તે આંતરિક સત્યના બળને સમજતી નથી. બીજાઓની આત્મનિરર્ભરતાને કે તેમની દેખીતી અસ્થિરતાને પણ સમજી શકતી નથી. આવી સ્ત્રીઓ સમાજ તેમને જેવા ઘડવા માગે છે તેવી જ હોય છે - ભીરુ, ચિંતિત, સ્થિરતાની ઉપાસક.

• 'હેલ્લારો'ની મંજરી જેવી સ્ત્રીઓ આપણી આસપાસ પણ ક્યાંક દેખાય. એમને જોઈને કોઈપણ સ્ત્રીને થાય કે આવા થવું. પણ આવા થવા માટે તેણે કેટલી મહેનત લીધી હશે, કેટલું વિચાર્યું હશે, કેટલી હિંમત રાખી હશે ને કેવી લડત આપી હશે તે ભાગ્યે જ કોઈ જુએ છે.

• આત્મનિર્ભરતા વિના શ્રેષ્ઠતા આવતી નથી. આત્મનિર્ભર સ્ત્રી સમાજથી બંધાતી નથી. બંધિયાર પાણી જેવા સમાજ વચ્ચે રહીને પણ તે પોતાને સતત પરિવર્તનશીલ રાખે છે અને પોતાને વધારે ઉદાત્ત બનાવતી રહે છે. આવી સ્ત્રી, બીજાઓએ ન મેળવ્યું હોય એવું કંઈક મેળવે છે. તેની આસપાસ એક આભા હોય છે.

• આજની શિક્ષણપ્રથામાં અનુકરણ સર્વેસર્વા છે. સવાલ કોઈ બીજું આપશે, તમે જવાબ ગોખી જાઓ. ધર્મ, સંસ્કૃતિ, કલા અને સમાજ આ ચારેમાં સ્થાપિત ધોરણોનું, અનુકરણનું ખૂબ મહત્ત્વ હોય છે. મૌલિક વિચાર કરે તે એકલા પડી જાય અને પ્રચલિત અર્થમાં નિષ્ફળ પણ જાય. ભારતીય સંસ્કૃતિ મહાન છે, પણ બીજી સંસ્કૃતિઓની જેમ તેમાં પણ વ્યક્તિએ પોતાના અંદરની પ્રેરણા કે પ્રતીતિ પર નહીં, પણ બહારના ચાલ્યા આવતા સ્ત્રોતો પર નિર્ભર થવું તેવી અપેક્ષા છે ને આ સંસ્કૃતિના રક્ષણની જવાબદારી સ્ત્રીની છે તેમ મનાય છે. પણ જે સ્ત્રી, પોતાપણું ભૂલીને સંસ્કૃતિ પાસે એવી અપેક્ષાથી જાય છે કે અહીંથી મને મારી અંદર જે છે તેના કરતા વધારે મૂલ્યવાન કંઈક મળશે તે નિરાશ તો થાય જ છે, સાથે તે પોતાના અંતઃસત્ત્વથી દૂર પણ થઈ જાય છે. આ ન થવા દેવું હોય તો જોખમ ઉઠાવવાની હિંમત રાખવી પડે, નિર્ભય બનવું પડે. નિર્ભય ન બને તે નિર્ભર જ રહે.

**સામાન્ય સ્ત્રી આત્મનિર્ભર બનવા માગે તો તેણે ચોક્કસ શું કરવું જોઈએ ?**

• સૌ પ્રથમ તો પોતે જે છે તેનો સ્વીકાર કરવો, પોતાના પર વિશ્વાસ રાખવો અને પ્રતિકૂળ પરિસ્થિતિને શીખવાની તક સમજવાની તૈયારી રાખવી.

• બીજું, દુનિયા પર પણ ભરોસો રાખવો. આખી માણસજાત

ક્રૂર નથી હોતી. આત્મનિર્ભર સ્ત્રી પૂર્વગ્રહ વિના જે જેવું છે તેવું જોઈ શકે છે.

● અતિ લાગણીશીલતા સ્ત્રીની સૌથી મોટી દુશ્મન છે. કોઈને તમારી પોતાની પરવાનગી વિના તમને સુખી કે દુઃખી કરવાનો હક ન આપો. પોતાનું સ્ટીયરિંગ પોતાના જ હાથમાં રાખો.

● અન્યની સારી બાબતોની કદર જરૂર કરો, પણ બીજાની સફળતાની ઈર્ષા ન કરો અને પોતાને પૉઝિટિવ સપોર્ટ આપો. જે કરો તે આત્મસંતુષ્ટિ માટે, પોતાને જે મળ્યું છે તેનું શ્રેષ્ઠ બહાર કાઢવા માટે કરો.

● દુનિયા કે સમાજ નિષ્પક્ષ નથી હોતા. તાકાતવાળાને પૈસાવાળાને મહત્ત્વ મળે, સુંદરતા ને બુદ્ધિમત્તાને માન મળે, જાતજાતના પૂર્વગ્રહો ચાલતા હોય - આ બધા વચ્ચે મનનું સંતુલન સાચવી રાખવાનું છે, અને જે યોગ્ય લાગે તે કરી લેવાનું છે.

● બીજા તમારા માટે શું વિચારશે તેના પર ધ્યાન ન આપવું. જિંદગીમાં બીજાઓની દખલ જેટલી ઓછી હોય તેટલું સારું. જવાબદારી લો, મહેનત કરો. દુનિયામાં શું બને છે તે જાણો. સમાચાર લો, વાહન કે કમ્પ્યુટર શીખો, વાંચો. પોતાના જેવા વિચારોવાળા સાથે મૈત્રી રાખો. કમાઓ અને પોતાના ખર્ચ પોતે ઉઠાવો. અઠવાડિયામાં એક સાંજ પોતાની જાત સાથે વીતાવો. અર્થપૂર્ણ શોખ કે પ્રવૃત્તિ કેળવો.

● સૌની સાથે રહો, પણ સ્વસ્થ અંતર જાળવવાનું ન ચૂકો. જિદ્દી કે ઘમંડી ન બનો. માણસને માણસની જરૂર પડે છે. તમે કંઈ સુપરપર્સન નથી.

● પ્રેમ અને સલામતી એ બેની બાબતમાં સ્વાવલંબી બનો. પ્રેમ બહુ સુંદર બાબત છે. પણ એને પામવાની ઇચ્છાનો માર્ગ છલનામય છે. કેટલાય દીવા પ્રગટતાવેંત બુઝાઈ જાય છે. માટે મજબૂત બનો, પ્રેમને પાત્ર બનો, પ્રેમને ઓળખવાની ક્ષમતા કેળવો, છતાં પછડાટ વાગે તો ઊભા થઈ શકવાની તાકાત રાખો.

● કારણ વિનાની શક્તિઓ ન ખર્ચો, સાથે જડ કે બાયસ્ડ પણ ન બનો.

વિચારો કે જેણે પોતે નહીં મેળવ્યું હોય તે બીજાને કેવી રીતે આપશે? અને કલ્પના કરો કે આત્મનિર્ભર સ્ત્રીના જીવનસાથી અને સંતાનો કેટલા સમૃદ્ધ થશે, આવી સ્ત્રી જે પણ ક્ષેત્રમાં કામ કરશે ત્યાં આપોઆપ પરિવર્તનની કેવી લહેર દોડશે. અરે લહેર જ નહીં, હેલ્લારો આવશે. પ્રબુદ્ધ વાચકોને, પ્રબુદ્ધ બહેનોને વધુ કહેવાની જરૂર નથી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૩૩૭ ૦૮૪૯૪

# જૈન ધર્મમાં જ્ઞાન દર્શન ચારિત્ર તપના સંદર્ભમાં નારી પ્રતિભા

ડૉ. કેતકી યોગેશ શાહ

**સાં**પ્રતકાળે ભગવાન મહાવીરે પ્રરુપેલો નોખો-અનોખો ધર્મ એટલે જૈનધર્મ... સંસારની સર્વ સમસ્યાનો ઉકેલ એટલે જૈન ધર્મ... મોક્ષનો ટૂંકો અને ટચ રસ્તો બતાવતો ધર્મ એટલે જૈન ધર્મ... તે રસ્તો એટલે સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ સમ્યક્ જ્ઞાન એટલે સાચાને જાણો, સમ્યક્દર્શન એટલે સાચાને માનો, સાચાની શ્રદ્ધા કરો. સમ્યક્ચારિત્ર અને તપ એટલે ખોટાને છોડો અને સાચાને આચરો, પાળો, સમ્યક્ જ્ઞાન અને દર્શન સીડી ચડવા માટેના આજુબાજુ રહેલા કઠેડાંના દંડા જેવા છે. તો સમ્યક્ ચારિત્ર અને તપ પગથિયાં છે. જ્ઞાન અને દર્શન જો બે આંખ છે તો ચારિત્ર અને તપ બે પાંખ છે. આવા આરાધનાના ચારે પાયામાં નારીનું એક આગવું સ્થાન રહ્યું છે. એવી પુણ્યશ્લોકા નારીઓમાંથી કેટલાંકનું નામ-સ્મરણ, ગુણ-સ્મરણ કરી પાવન થઈએ...

સૌ પ્રથમ તો ૧૯મા તીર્થંકર મુલ્લીકુંવરી... જે સ્ત્રી તીર્થંકર હતા. (જે અચ્છેરું ગણાય છે.) તેઓ જન્મથી ત્રણ જ્ઞાન (મતિ, શ્રુત, અવધિ) સાથે લઈને આવ્યાં અને દીક્ષા લેતાં જ ચોથું મનઃપર્યવજ્ઞાન થયું. દીક્ષાના દિવસે જ જેની કોઈની સાથે તુલના થઈ ન શકે એવું અનુત્તર કેવળજ્ઞાન થયું. પૂર્વભવના સ્નેહના કારણે છ રાજાઓ મલ્લીકુંવરી સાથે લગ્ન કરવા ઉત્સુક બન્યા ત્યારે મલ્લીકુંવરીએ યુક્તિથી તેમને વૈરાગી બનાવ્યાં. આમ સ્વયં દર્શનમાં દૃઢ હતાં પણ સાથે અનેકોને સ્થિર કર્યા. મલ્લીનાથ ભગવાને કેવળજ્ઞાન પામી તીર્થની સ્થાપના કરી, એ જ ચારિત્રની મોટી સાબિતી છે. આધ્યાત્મિક ક્ષેત્રે સર્વોચ્ચ પદ એટલે તીર્થંકર પદના અધિકારી સમાન સ્થાનમાં નારી સક્ષમ પૂરવાર થઈ છે.

જ્ઞાતાધર્મકથા સૂત્ર-અધ્યયન-૭ માં સસરા ધન્ય સાર્થવાહ પોતાની ચાર પુત્રવધૂઓને કમોદના પાંચ દાણા આપે છે. પ્રથમ ત્રન પુત્રવધૂને તેની મહત્તા સમજાતી નથી. જ્યારે ચોથી પુત્રવધૂ રોહિણીએ તેને પિયરમાં મોકલી તે દાણાને વાવીને દાણાની વૃદ્ધિ કરી... આ છે જ્ઞાનમાં ઔત્પાતિકી બુદ્ધિનો અવ્વલ નમૂનો...!

પ્રભુ મહાવીરના સંતોના પ્રથમ શય્યાતરી એટલે જયંતી શ્રમણોપાસિકા. સાધુઓને સ્થાન આપવા માટે પ્રસિદ્ધ હતાં. તેઓ જીવાજીવ આદિ તત્વોના જાણકાર હતાં. અર્થાત્ દર્શન-શ્રદ્ધા મજબૂત હતી. તેમણે ભગવાન મહાવીરને એક પ્રખર જ્ઞાનીને છાજે એવો પ્રશ્નો પોતાની જિજ્ઞાસા ખાતર પૂછ્યાં, જેની નોંધ ભગવતી સૂત્ર-શતક ૧૨ – ઉદ્દેશક-૨માં છે. જીવ કયા કારણે ભારેપણાને પ્રાપ્ત કરે છે? જીવ કયા કારણે કહવાપણાને પ્રાપ્ત કરે છે? જીવીનું ભવીપણું સ્વભાવિક છે કે પારિણામિક છે? શું સર્વ ભવ્યસિદ્ધિ જીવ સિદ્ધ થશે? જીવોનું સુપ્ત રહેવું સારું કે જાગૃત રહેવું સારું છે? ઇત્યાદિ પ્રશ્નોનું સમાધાન પ્રભુ પાસે મેળવી પ્રવજ્યા ગ્રહણ કરી, યથાખ્યાત ચારિત્રના આલંબને અંતિમ લક્ષ્ય સિદ્ધિનું તે જ ભવમાં સિદ્ધ કર્યું. વિદ્વતાના ક્ષેત્રમાં ગર્વભેર લઈ શકાય તેવું તેમનું નામ છે. સ્ત્રીને ભલે ૧૪ પૂર્વના જ્ઞાન માટે અયોગ્ય માની હોય પણ મોક્ષપ્રાપ્તિની ક્ષમતા માટે કેવળજ્ઞાનને તો પ્રાપ્ત કરી જ શકે છે.

જૈન ધર્મમાં જ્યાં દર્શન-શ્રદ્ધાની સરગમ છેડાય ત્યારે **સુલસા શ્રાવિકા**નો જ સૂર છેડાય છે. ભગવાને અંબડ પરિવ્રાજક સાથે સુલસા શ્રાવિકાને ધર્મલાભ કહેવડાવ્યો. ત્યારે અંબડે વિચાર્યું પ્રભુએ કોઈને નહીં અને આ શ્રાવિકાને કુશળતા પૂછાવી તેનું કારણ શું હશે? ત્યારે સુલસાની પરીક્ષા કરવા બ્રહ્મા, વિષ્ણુ, શંકર, જિનેશ્વરનું રૂપ બનાવ્યાં. પણ સુલસા ન આવી. કારણ સુલસાને જિનશાસનમાં અવિચળ શ્રદ્ધા હતી. જો મારા પ્રભુ પધારે તો મારા રોમરાય પુલક્તિ થયા વગરે રહે નહીં. આવી અદ્વિતીય અરિહંત પ્રત્યેની શ્રદ્ધાના કારણ સુલસાએ ૧૪૮ કર્મ પ્રકૃતિમાંથી સર્વશ્રેષ્ઠ એવી તીર્થંકર નામ કર્મની પ્રકૃતિનો બંધ કર્યો.

મોક્ષે જનાર જીવ પાસે ઉત્કૃષ્ટ જ્ઞાન હોય કે ન હોય પણ ઉત્કૃષ્ટ દર્શન આરાધના તો હોય જ હોય! નિયમા હોય! જઘન્ય અષ્ટપ્રવચન માતા ( ૫ સમિતિ + ૩ ગુપ્તિ)નું જ્ઞાન હોય, તેવી દર્શન આરાધના ઉત્કૃષ્ટ હોય તો તે મોક્ષની સંપ્રાપ્તિ કરી શકે છે.

આગમ અને પૂર્વવર્તી ગ્રંથમાં નારીના જૂજવાં. રૂપની ઝાંખી-ઝલક જોવા મળે છે. જ્યાં પોતે તો ચારિત્રમાં અડીખમ રહે છે સાથે પોતાના સ્વજનોને પ્રેરણાત્મક બોધ આપી આસનસ્થ કરે છે, એવા જ એક છે રાજેમતી... લગ્ન પ્રસંગે યોજાયેલા ભોજન સમારંભમાં હજારો નિર્દોષ પશુ-પક્ષીઓની હિંસા વગેરેના દશ્યો જોઈને કરુણાર્દ્ર અરિષ્ટનેમિ અવિવાહિત પાછા ફરી દીક્ષા ગ્રહણ કરે છે. શોકમગ્ન રાજેમતી પણ પતિના માર્ગને અનુસરે છે.

પ્રવ્રજિત થઈને શીલવતી રાજેમતીએ પોતાના સ્વજનો અને પરિજનોની ઘણી સ્ત્રીઓને પ્રવ્રજિત કરી. અહીં નોંધનીય બાબત એ છે કે ઉત્તરાધ્યયન સૂત્ર-૨૨મા અધ્યયનની ૩૨મી ગાથામાં રાજેમતીને 'बहुस्सुया' બહુશ્રુત કહીને નવાજી છે.

ભગવાન અરિષ્ટનેમિના દર્શનાર્થે નીકળેલા રાજેમતી વાવાઝોડા સહિતના વરસાદના કારણે અનેક સાધ્વીઓથી અલગ થઈ ગયા. ત્યારે એકલા એક ગુફામાં પહોંચ્યા. પોતાના ભીનાં કપડાં ઉતારી સૂકવવા માટે જયણાપૂર્વક ફેલાવ્યાં. તે ગુફામાં પહેલેથી જ રથનેમિ ધ્યાનમાં લીન હતા. રાજેમતીને નિર્વસ્ત્ર જોઈને તેમનું મન ચલિત થઈ ગયું અને ભોગોનો પ્રસ્તાવ મૂક્યો. ત્યારે રાજેમતીએ સાવધાન થઈ તરત જ વસ્ત્ર પરિધાન કરી હિંમતપૂર્વક વૈરાગ્યપ્રેરક વચનોથી શૂરતા અને વીરતાપૂર્વક રથનેમિને પોતાના કુળની કુલીનતાનું સ્મરણ કરાવ્યું એક શૌર્યવંતી નારી જ્યારે શીલની રક્ષાનો પ્રસંગ આવે ત્યારે ઉપાલંભનાં વચનો થકી એમ પણ કહી શકે છેઃ

धिरत्थु ते जसोकामी, जो तं जीवियकारणा।

वंतं इच्छसि आवेउं, सेयं ते मरणं भवे।। (ઉત્તરા. સૂત્ર-૨૨/૪૩)

હે સંયમ સાધક રથનેમિ! હે અપયશના કામી! તને ધિક્કાર છે કે તું ભોગમય જીવન માટે ત્યાગેલા ભોગોને પુનઃ સ્વીકાર કરવા ઇચ્છે છે, તેના કરતાં તારે મરી જવું શ્રેયસ્કર છે.

રથનેમિ ઠપકો સાંભળીને ઠાકોર બન્યા. સ્ત્રી હૃદયથી ભલે કોમળ હોય પણ કટોકટીમાં કડક બની જાય છે ત્યારે જગતનું સર્વ બળ પરાસ્ત થઈ જાય છે. સ્ત્રી ક્યારેક અમૃતમયી અંબિકા બની બોધ આપે છે તો ક્યારેક ચંડસ્વરૂપી ચંડિકા બનીને પણ આત્મકલ્યાણનો રાહ બતાવે છે.

એવું જ એક પાત્ર એટલે જ્ઞાતાધર્મકથા-૧૪મા અધ્યયનમાં તેતલિપુત્ર પ્રધાનની પત્ની પોટ્ટિલા... ધર્મ પ્રત્યે પાકી શ્રદ્ધાવાન... શ્રાવકનાં બાર વ્રતો અંગીકાર કર્યાં હતાં. કાલાંતરે દીક્ષા લેવા તૈયાર થઈ ત્યારે તેતલિપુત્રે દેવગતિમાંથી પ્રતિબોધિત કરવા આવવાની શરતે દીક્ષાની આજ્ઞા આપી. શરત સ્વીકારીને પોટ્ટિલાએ દીક્ષા લીધી. સંયમ પ્રાયોગ્ય આરાધના કરીને દેવલોકમાં પોટ્ટિલ દેવ બની. પૂર્વે આપેલા વચનાનુસાર પોટ્ટિલ દેવે સુખસગવડોમાં લીન તેતલિપુત્રને અનેકવિધ પ્રયત્નોથી પ્રતિબોધિત કર્યા. તેતલિપુત્ર તે જ ભવમાં કેવળજ્ઞાનને વર્યા. આમ એક નારી અબળા નહીં પણ સબળા બની ચારિત્રમાં બળ પૂરું પાડે છે.

જ્ઞાતાધર્મકથા સૂત્ર-અધ્યયન-૧૬માં – દ્રૌપદીનું વર્ણન છે. એકવાર નારદઋષિ હસ્તિનાપુરમાં પાંડુરાજાના મહેલમાં પધાર્યા. બધાએ તેમનો સત્કાર કર્યો પણ દ્રૌપદીએ તેમનો સત્કાર કર્યો નહીં.

રોષે ભરાયેલા નારદઋષિ દ્રૌપદીને હેરાન કરવા. ઘાતકીખંડ દ્વીપમાં પદ્મનાભ રાજા પાસે જઈને તેના રૂપ-લાવણ્યની પ્રશંસા કરી. આ સાંભળી આસક્ત પદ્મનાભે મિત્રદેવની સહાયતાથી દ્રૌપદીનું હરણ કરાવ્યું. દેવ તેને અમરકંકા નગરીમાં લઈ ગયો. પદ્મનાભે મિત્રદેવની સહાયતાથી દ્રૌપદીએ પોતાની શીલની રક્ષા માટે અને સમય વ્યતીત કરવા માટે છ માસની મુદત માંગી કે છ માસમાં કૃષ્ણ વાસુદેવ મને લેવા નહીં આવે તો હું તમારી આજ્ઞા સ્વીકારીશ. ત્યારપછી ધર્મનિષ્ઠ દ્રૌપદીએ નિરંતર છઠ્ઠની તપશ્ચર્યા અને પારણામાં આયંબિલ કરતી રહી. દરિયાપર હોવા છતાં પોતાના શીલને ઊની આંચ ન આવવા દીધી. આવી ખમીરવંતી નારીઓને શત શત સલામ!!!

ઉત્તરાધ્યયન સૂત્ર-અધ્યયન ૧૪માં રાણી કમળાવતી રાજા ઈષુકારને – 'इक्को हु धम्मो णरदेव ताणं' – એક ધર્મ જ રક્ષક છે એવા બોધાત્મક કથનથી વિશાળ રાજ્ય અને મુશ્કેલીથી છોડી શકાય તેવા કામભોગોથી રાજાને વિરકત બનાવે છે. અહીં તો કમળાવતી રાણીએ ઈષ્ટકાર રાજાના ભવનો અંત જ કરાવી દીધો.

આવાં તો અનેકો દૃષ્ટાંતો આગમમાં અને ગ્રંથમાં ઠેરઠેર જોવા મળે છે. અરણિક મુનિ મોહમાં ફસાઈને સંસારી બન્યા ત્યારે તેમને ચેતવવા પણ તેમની સાધ્વી માતા આવ્યાં. બાહુબલીને "વીરા મોરા ગજ થકી હેઠા ઉતરો, ગજે ના હોય કેવળજ્ઞાન" કહીણે માનરૂપી હાથીથી નીચે ઉતારનાર પણ બ્રાહ્મી-સુંદરી બે બેનો હતાં. અરે! એક વેશ્યા પણ કેવો સંદેશો આપી જાય છે! કોશા નામની વેશ્યા સ્થુલિભદ્રના ઉપદેશથી બાર વ્રત ધારણ કરે છે ત્યારબાદ સિંહગુફાવાસી મુનિને વાસનામાં લપસી જતા બચાવીને અમૂલ્ય સંયમરત્નની મહત્તા સમજાવી સંયમમાં પુનઃ પ્રસ્થાપિત કરે છે.

ઉપાસક દશાંગ સૂત્ર અધ્યયન-૩માં શ્રમણોપાસક ચુલનીપિતાની માતા પૌષધમાં સ્થિત પુત્રને દેવકૃત ઉપસર્ગ સામે પ્રેરણા આપી સાવધાન કરે છે અને તપરૂપે પ્રાયશ્ચિત લેવાનું કહે છે. તે જ સૂત્રના ચોથા અધ્યયનમાં સુરાદેવની પત્ની ધન્યા તીવ્રબુદ્ધિમાન અને વિવેકી હતી. તેણે ધર્મમાર્ગમાં પૂરક બની પૌષધમાં સાવધ કર્યા. પાંચમા અધ્યયનમાં ચુલ્લશતકની પત્નીએ પતિને સત્ય તત્ત્વનો બોધ કરાવ્યો. સાતમા અધ્યયન સકડાલપુત્રમાં તેમની પત્ની ધાર્મિક જીવનમાં અનન્ય સહાયક બની. આમ સ્ત્રી માતા હોય, પત્ની હોય, ભાભી હોય, બેન હોય... ગમે તે રૂપમાં ચારિત્રનિષ્ઠામાં સદા અગ્રેસર રહી છે. પુરુષલિંગમાં એક સમયમાં મોક્ષે જવાવાળા ભલે વધારે હોય પણ આજે પણ વ્યાખ્યાનમાં સ્ત્રીની સંખ્યા અધિક હોય છે, સાધુ કરતાં સાધ્વીની સંખ્યા અધિક છે.

અંતગડસૂત્ર-વર્ગ ૩ – અધ્યયન ૮ માં **દેવકીમાતા**ના પ્રાસાદમાં સાધુ ગોચરી માટે પધારે છે ત્યારે શ્રાવકના બારમા વ્રતમાં વિનય પ્રતિપતિ કેવી હોય તેની આદર્શ રીત દેવકીમાતા દર્શાવે છે. સાધુને આવતા જુએ કે તરત જ આસનથી ઊભા થાય અને સાત-આઠ પગલાં સામે જાય. અને ઉત્કૃષ્ટ ભાવનાથી વિધિસહિત ઉત્તમ દ્રવ્યોનું મુનિરાજોને દાન આપે છે. તે ઉપરાંત ઉપરાઉપરી બે-બે મુનિરાજો ત્રણ વાર પધાર્યા ત્યારે ચારિત્રના નિયમોથી સુજાણ એવા દેવકીમાતા ગોચરી વહોરાવ્યા બાદ, બહુ વિવેકપૂર્ણ ભાષામાં પૂછે છે કે જેમ એક ને એક કુળમાં ફરી ફરીને ગોચરી માટે આવવું પડે છે? આવા પ્રશ્ન પૂછનાર દેવકીમાતાને ધર્મનું જ્ઞાન, ધર્મ પ્રત્યેનો વિવેક, શાસનની હિતચિંતા, સાધુ ભગવંતોની સાધુતાની સુરક્ષાનું ધ્યાન... કેટલું હૈયે વસ્યું હશે?

એ જ દેવકીમાતા પોતાના લાડકવાયા નવયુવાન ગજસુકુમાલને દીક્ષાના વિદાય સમયે સંયમમાં પરાક્રમ કરજે, સંયમમાં જરા માત્ર પ્રમાદ ન કરજે એવા સંયમમાં પ્રાણ પૂરે તેવાં વચનોમાં આશીર્વાદ આપે છે.

દેવકીમાતાએ સાધુતાની ચિંતા કરી તો **રેવતી શ્રાવિકા**એ તીર્થંકર પ્રભુ મહાવીરની ચિંતા કરી. ભગવાનને ઔષધ માટે ભાવથી બિજોરાપાક વહોરાવ્યો અને આવતી ચોવીસીમાં સત્તરમા સમાધિ નામના તીર્થંકરનું સ્થાન આરક્ષિત કરી દીધું.

બહુ પ્રસિદ્ધ અને જૈનોના હૈયે અને હોઠે વસેલું પ્રિય સ્ત્રીપાત્ર એટલે **ચંદનબાળા...** રાજકુમારી હોવા છતાં પિતા દધિવાહન દુશ્મન રાજાથી બચવા નાસી છૂટ્યાં, માતાનો વિયોગ થયો, દાસી બની ચૌટે વેચાણી. આવી અનેક આપત્તિઓ વચ્ચે ભગવાનનો ૧૩ બોલનો અભિગ્રહ પૂર્ણ કરાવનાર અને પાંચ માસ અને પચીસ દિવસનું પારણું કરાવનાર ચંદનબાળા ભગવાનના પ્રમુખ સાધ્વી બન્યાં. જે ૩૬,૦૦૦ સાધ્વીઓના સંઘની અધિષ્ઠાત્રી રહ્યા, તે જ ભવે મોક્ષે સીધાવ્યાં. શિસ્તપાલનમાં ચુસ્ત એવા સંઘનાયિકા ચંદના સંસારીમાસી સાધ્વી મૃગાવતીને સાંજે ઉપાશ્રયમાં મોડા ફરવા બદલ ઠપકો પણ આપે છે. અને ખામેમિની સાધના દ્વારા બંને કેવળજ્ઞાનની જ્યોત પ્રગટાવે છે. ચંદનબાળા રાજકુમારીમાંથી દાસી બન્યાં પણ કૃષ્ણ વાસુદેવની પટ્ટરાણી પદ્માવતી ત્રણ ખંડના અધિપતિની અગ્રમહિષી હોવા છતાં અરિષ્ટનેમિનો ઉપદેશ સાંભળી મંગળસૂત્ર છોડી મુણ્યતિ ધારણ કરે છે, રસવંતા ભોજન છોડી ઘર-ઘરની ગોચરી લેવા નીકળે છે, ભોગના વિપુલ સાધનોને ઠોકર મારીને કષ્ટ ભરેલાં પણ કલ્યાણકારી ચારિત્રધર્મને અંગીકાર કરે છે. ૧૧

અંગોનું અધ્યયન કરે છે. જ્ઞાન આરાધના સાથે વિવિધ તપસ્યાઓ કરી એક માસની સંલેખનમાં આત્માને જોડીને સિદ્ધ-બુદ્ધ-મુક્ત થાય છે. શ્રેણિકરાજાની નંદાદિક તેર મહારાણીઓ પણ પદ્માવતીની જેમ સિદ્ધ થયાં.

જૈન ધર્મમાં સોળ સતીઓનાં નામ બહુ આદર અને સન્માન સાથે સ્તુતિપૂર્વક ગવાય છે. 'પુણ્ય મહીં સતીઓ થકી, ઉજ્જવળ છે ઇતિહાસ'...

બ્રાહ્મી ચંદનબાલિકા ભગવતી, રાજેમતી દ્રૌપદી ।
કૌશલ્યા ચ મૃગાવતી ચ સુલસા, સીતા સુભદ્રા શિવા ॥
કુંતી શીલવતી નલસ્ય દલિતા, ચૂલા પ્રભાવત્યપિ ।
પદ્માવત્યપિ સુંદરી પ્રતિદિનં, કુર્વન્તુ નો મંગલમ્ ॥

સોળ સતીઓમાં એક-એક સતીઓ જ્ઞાન, દર્શન, ચારિત્ર અને તપમાં ઉત્તમોત્તમ સ્થાન પામ્યા છે. બ્રાહ્મી સુંદરી, ચંદનબાળા અને રાજેમતી તો બાલબ્રહ્મચારી હતા. સતીસુભદ્રા તત્ત્વજ્ઞાનના અભ્યાસી, ધર્માનુરાગી હતાં. સાસુના ખોટા આરોપ સામે પોતાના અણીશુદ્ધ શીલના પ્રતાપે ચંપાનગરીના બંધ દરવાજા ખોલ્યાં... આ છે શુદ્ધ ચારિત્રનો પ્રભાવ!!! જેના સતીત્વના તેજે અગ્નિ પણ શીતળીભૂત થઈ ગયો એ સીતાને પણ કેમ ભૂલાય?... નજર સામે વૈધવ્ય ડોકિયું કરતું હોવા છતાં પતિ યુગબાહુનું મૃત્યુ સુધારનાર મયણરેહા પણ વંદનીય છે. ઋષભદેવ ભગવાને આ અવસર્પિણીકાળમાં બ્રાહ્મી-સુંદરીને ૬૪ કળાનું જ્ઞાન શીખવ્યું.

સોળ સતીઓ શીલવ્રતમાં મોખરે હતાં... તેવી જ એક પ્રશંસનીય જોડી એટલે **વિજય શેઠ - વિજયા શેઠાણી...** એકને શુકલપક્ષમાં અને બીજાને કૃષ્ણપક્ષમાં બ્રહ્મચર્ય વ્રતનો નિયમ હતો. આમ દુનિયાની આંખે સંસારી છતાં વૈરાગી એવા આ દંપતી શીલવ્રતના સહારે કેવળજ્ઞાન પામ્યા.

નારીપ્રતિભાનું આગવું યોગદાન વર્તમાનકાળમાં પણ પ્રત્યક્ષ દેખાય રહ્યું છે. રાજસ્થાનની અતિ પવિત્ર ધરતી પર વિચારતા જ્ઞાનગચ્છ સંપ્રદાયના પ.પૂ. શાલીભદ્રમુનિને સંયમની પ્રેરણા કરનાર તેમની માતાને ધન્યવાદ!!!... સંસારી અવસ્થામાં અતિગર્ભશ્રીમંત, હીરાના મોટા વેપારી... નવી ઓફિસનું ઉદ્‌ઘાટન માટે માતાને આમંત્રણ આપે છે. માતા કહે છે, "હજુ કેટલું ધન જોઈએ છે? સંયમ લેવાની ભાવના હોય તો તને આશીર્વાદ પણ આપું. પણ તું તો માત્ર પરિગ્રહ વધારી રહ્યો છે." બસ, માતાની આવી નિર્મળ ભાવનાએ જીવનની દિશા અને ભાવદશા બદલી નાંખી. ચારેકોર ઊભું કરેલું ધંધાકીય સામ્રાજ્ય સમેટી આત્મસામ્રાજ્ય પર રાજ કરવા પોતે તો નીકળ્યા સાથે ધર્મપત્ની પણ નીકળી ગયાં. અંતે માતુશ્રી પણ દીક્ષા લેવા તૈયાર થયા. આજની નારીની સંકલ્પશક્તિ કેવું સુયોગ્ય પરિણામ લાવી શકે છે તેનો ઉત્તમ નમૂનો છે!!! સ્વાર્થ ત્યાગમાં સરિતાને અને ધીરજમાં ધરાને ય શરમાવે. એવા ચારિત્રની સુવાસથી જૈન સંસ્કૃતિ મઘ મઘે છે.

અને અંતે, તપમાં અગ્રેસર એવી **કાલી આદિ દશ રાણી...** શ્રેણિક રાજાના મૃત્ય પછી ભગવાન મહાવીર સમીપે ચારિત્ર ગ્રહણ કરે છે અને સર્વોત્કૃષ્ટ એવા તપને આદરે છે. કાલીરાણી રત્નાવલી તપની આરાધના કરે છે. જે પાંચ વર્ષ, બે માસ અને ૨૮ દિવસનું છે, પારણાના ૮૮ દિવસ. તપ કર્યા બાદ ચંદનાર્યાજીની આજ્ઞાથી અનેક તપ કર્યા. એ તપોભૂત કાલી આર્યાનું સૌંદર્ય અંતગડ સૂત્રના વર્ગ-૮, અધ્યયન-૧માં સુવર્ણ અક્ષરે અંકિત છે. ઉત્કૃષ્ટ તપના કારણે શરીર સૂકાઈ ગયું, શરીરની નાડીઓ પ્રત્યક્ષ દેખાવા લાગી. સૂકાં લાકડાં, સૂકાં પાંદડા કે સૂકા કોલસાથી ભરેલી ગાડી ચાલતી હોય તેમ શરીરના હાડકાંઓ ખખડવાં લાગ્યા. છતાં પણ તેઓ આત્મતેજ અને તપતેજથી કંચનસમા શોભતા હતાં. અંતમાં એક માસનું અનસન વ્રત લઈ સિદ્ધ ગતિને પામ્યાં.

તેવી જ રીતે સુકાલી આર્યાએ કનકાવલી તપ – પાંચ વર્ષ, નવ માસ અને અઢાર દિવસનું કર્યું. પારણાના ૩૫૨ દિવસ. મહાકાલી આર્યાએ ક્ષુલ્લક સિંહ નિષ્ક્રીડિત તપ – બે વર્ષ અને અઠ્યાવીસ દિવસનું કર્યું. પારણાના ૧૩૨ દિવસ. કૃષ્ણા આર્યાએ મહાસિંહનિષ્ક્રીડિત તપ કર્યું. તે ૬ વર્ષ, ૨ માસ, ૧૨ દિવસનું કર્યું. પારણાના ૨૪૪ દિવસ. સુકૃષ્ણા આર્યાનું ભિક્ષુપ્રતિમાનું તપ, મહાકૃષ્ણા આર્યાનું ક્ષુલ્લક સર્વતોભદ્ર તપ, વીરકૃષ્ણા આર્યાનું મહાસર્વતોભદ્ર તપ, રામકૃષ્ણા આર્યાનું ભદ્રોત્તરપ્રતિભાનું તપ, પિતૃસેનકૃષ્ણા આર્યાનું મુક્તાવલી તપ, મહાસેનકૃષ્ણા આર્યાનું વર્ધમાન આયંબિલ તપ.

જે વાંચતા વાંચતા આપણા મન-દિમાગ કામ ન કરે, જે બોલતાં બોલતાં આપણા જીભના લોચા વળી જાય એવાં તપ આ રાણીઓએ કર્યાં. જ્યારે પુણ્યોદયની પરાકાષ્ઠા હોય ત્યારે તેનો સ્વાધીનપણે ત્યાગ કરી તપની ભઠ્ઠીમાં પોતાના શરીરને, પોતાની ઇચ્છાને હોમી દઈને માનવભવનો સાર કાઢી લેવાવાળી આ રાણીઓને લાખ લાખ વંદન છે!!! સાર તો એક જ છે કે તપ જ કર્મના રોગોને મૂળથી નાશ કરવા માટેનું રામબાણ ઔષધ છે.

૭ માસના ઉપવાસ કરી માંસાહારી અકબરનું હૃદય પરિવર્તન કરાવનાર ચંપાશ્રાવિકાનું નામ પણ પ્રશંસનીય છે. અરે! વર્તમાનકાળે પણ અનશન વ્રતની આરાધનામાં નારીઓ જ મોખરે છે.

મોક્ષના પાયા ચાર-જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ... એક પણ પાયો ડગમગતો હોય તો મોક્ષ અશક્ય બને... આ અવસર્પિણીકાળમાં સૌથી પ્રથમ મોક્ષે જનાર મરૂદેવી માતા... અનાદિના મિથ્યાત્વી હોવા છતાં ચરમ અંતર્મુહૂર્તમાં હાથીની અંબાડી પર સમકિત પામ્યાં, ભાવ-સાધુતામાં ક્ષપકશ્રેણી ચડ્યાં, કેવળજ્ઞાન પામ્યાં. અન્યત્વ ભાવના ભાવતા બંધ મોક્ષના દ્વારા ખોલવાનું માન તેઓ ખાટી ગયાં.

આવતી ચોવીસીમાં પ્રથમ તીર્થંકર જેઓ બનવાના છે, તે શ્રેણિક રાજાના ધાર્મિક વ્યામોહને પોતાની કુનેહભરી બુદ્ધિ અને ધૈર્યથી દૂર કરી સત્‌ધર્મનું દર્શન કરાવનાર રાણી ચેલ્લણા હતા. વળી ''મળેલું ધન દુનિયા દેખે એમ રાખો'' કહી દેલવાડાના બેનમુન દેરાં બનાવવાની પ્રેરણા તેજપાલના પત્ની અનુપમાદેવીએ જ આપી હતી. પતિ ભવદેવને સાધુત્વના પતનથી ઉગારનાર, મુનિ જીવનમાં સ્થિર કરનાર મહાન નારી નાગિલાને ધન્ય છે. ભલે આગમમાં સ્ત્રી પરિષહ બતાવ્યો હોય છતાં પુરુષની પ્રેરણાદાયી પર સ્ત્રી જ રહી છે.

નારીની પ્રશંસા કરતા આચાર્ય જિનસેને કહ્યું છે, ''नारी गुणवत्ती धत्ते स्त्री सृष्टि अगिम् पदम्'' – ગુણવતી સ્ત્રીઓ પોતાના ગુણો વડે સંસારમાં શ્રેષ્ઠ પદ પ્રાપ્ત કરે છે.

''ધર્મપરાયણ પત્ની ન હોય એવો કોઈ પણ રાજા અભિષેકને યોગ્ય મનાતો નથી'' – (જંબૂદ્વીપ પ્રજ્ઞપ્તિ). આવું ગરિમાપૂર્ણ અને ગૌરવવંતુ સ્થાન જૈન સંસ્કૃતિમાં નારીનું દશ્યમાન થાય છે. ભગવાન મહાવીરે પણ ચતુર્વિધ સંઘમાં સાધુ-સાધ્વી, શ્રાવક-શ્રાવિકાની ગણના કરી, તે જ સ્ત્રી અને પુરુષની સમાનતાની પુષ્ટિ કરે છે.

આમ, નારીએ પોતાનો દબદબો પોતાની આગવી સૂઝ, સમજણથી જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપની સાધના-આરાધનામાં જાળવી રાખ્યો છે. નારી વિશેષાંકની સંપાદિકા પાર્વતીબેન અને રતનબેન પણ ધર્મિષ્ઠ, વિદુષી છે, વિચક્ષણ કાબેલિયતથી આદર્શ સંપાદન કરી જૈન જગતને નવું નવું નજરાણું ભેટ કરે છે.

જૈન સંસ્કૃતિમાં નારીની તાકાત પાતાળકૂવા જેવી, વૃક્ષના મૂળિયાં જેવી, પાયાની ઈંટ જેવી ગુપ્ત છતાં અવર્ણનીય છે. પણ આજે પાશ્ચાત્ય સંસ્કૃતિના રંગે રંગાયેલી, વિકૃતિના વાવાઝોડામાં ફંગોળાતી આધુનિક નારીઓને જોઈને એક મૂક નિસાસો નંખાઈ જાય છે. જૈન કુળની નારી ધારે તો શું ન કરી શકે? એક આદર્શ માતા-ગૃહિણી-દીકરી બની બાળકોના ઉછેરમાં, રસોઈઘરમાં, ભોજનની વાનગીઓની પસંદગીમાં, રહેણીકરણીમાં, વ્યાવહારિક સંબંધોમાં, વસ્ત્ર પરિધાનમાં, વડીલોના વિનયમાં, જતનાયુક્ત પ્રવૃત્તિ વગેરેમાં જો જૈન તત્ત્વના મૂલ્યોને ભેળવી દેશે તો સ્વયં પોતે, પરિવાર, સમાજ દેશને ફાયદો જ ફાયદો છે.

ઘરમાં અચાનક અંધારું થાય ત્યારે ઘરના સભ્યો હાફળાંફાફળાં થઈ જાય છે ત્યારે સુઘડ નારી હળવેથી, શાંતિથી રસોડામાં જઈને મીણબત્તી અને માચિસ શોધી લાવે છે અને ફરી ઘરને પ્રકાશમય બનાવે છે. કુંદનિકા કાપડિયા કહે છે, ''અંધકારને ગાળો આપવા કરતાં, અંધકારમાં એક મીણબત્તી પ્રગટાવવાનું કામ નારી કરે.''

સાવ એવું પણ નથી... જાણે ભસ્મગ્રહ પૂરો થયો હોય તેવું લાગે છે. આજે લોકોની ધર્મ પ્રત્યેની જાગૃતિ વધી છે, જ્ઞાનની ભૂખ વધી છે, ચારિત્રની ઝાકમઝોળ વધી છે અને તપમાં પણ ધૂણી ધખાવી છે... બસ એવા આશાવાદી વિચારો સાથે વિરમું છું.

જય જિનેન્દ્ર – જય મહાવીર – જય ગુરુદેવ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૦૮૨૦ ૫૮૮૦૫, મુંબઈ.

# જૈન નારીમાં દાનવૃત્તિનો શ્રેયસ્કર અભિગમ

**આલેખન : ભારતી દિપક મહેતા**

**ના**રી, વામા, વનિતા, ભામિની આદિ વિવિધ નામાલંકાર ધારિણી સ્ત્રી સંત તુલસીદાસજીની ઉક્તિ મુજબ 'તાડન કે અધિકારી' નથી અને એમની સમર્થતા પ્રકાશમાં આવે, ત્યારે સંસાર એની થોડી મલિનતામાંથી ઉગરી ગયો છે, એવું પૂર્વની કે સાંપ્રતકાળની નારીને નીરખીને અવશ્ય માની શકાય, કેમકે હવે આર્યા નારી નથી રહી ફક્ત ભાર્યા... કિન્તુ એ ખરે જ બની છે દેવાનુપ્રિયા અર્થાત્‌ દેવોને તો પ્રિય જ પણ જેને 'દાન' દેવાનું પણ અતીવ પ્રિય છે તેવી પ્રિયા.

તેણીને જાણ છે કે ધર્મના ૪ પાયાઃ દાન, શીલ, તપ, ભાવમાં પણ દાન જ પ્રથમ છે અને દાનવૃત્તિ તો અમસ્તા યે દાદા ઋષભદેવના કાળથી જૈન નારીમાં જે રીતે નખશીખ પ્રસરી છે, તે આજ પર્યંત હજુ નજરાઈ નથી જ. આવો, થોડા પ્રસંગોમાંથી પસાર થઈએઃ

**લિપિ અને કળાઓનું દાનઃ**

જમણે હાથે પ્રભુ ઋષભદેવે **પુત્રી બ્રાહ્મી**ને ૧૮ જાતની

લેખનલિપિ બતાવી, ડાબે હાથે **પુત્રી સુંદરી**ને સંખ્યાઓ દ્વારા અંકવિદ્યા કે ગણિતવિદ્યાનું જ્ઞાન કરાવ્યું. વ્યવહાર સાધનાર્થે માન-માપ, ઉન્માન-તોલ, અવમાન-ગજ, ફૂટ-ઈંચ, માસા, પ્રતિમાન-નવટાંક, શેર-મણ વગેરે શીખવ્યા તથા સ્ત્રીઓની ૬૪ કળાઓ બંને બહેનોને શીખવાડી. જરા વિચારી જોઈએ કે બ્રાહ્મી અને સુંદરીએ લિપિ અને કળાઓ પિતા પાસેથી શીખ્યા પછી જો તે સર્વને માત્ર સ્વયં સુધી જ સીમિત રાખી હોત તો? પ્રથમથી આ પંચમ આરા પર્યંત તે સર્વ આપણા સુધી પહોંચ્યું, તેમાં જૈન સ્ત્રીઓમાં રહેલી દાનવૃત્તિનો સકારાત્મક અભિગમ જ મહદ્ અંશે યશાધિકારી બની રહે છે.

**સદ્‌મતિનું દાનઃ**

સંસારીપણામાં પ્રભુ નેમનાથના અનુજ એવા શ્રી રહનેમિજીએ સંયમ લીધા પછી શ્રમણ સમુદાય સાથે વિહાર કરતા ગિરનાર પર્વત ઉપર એકદા ગોચરી વહોરી પ્રભુ પાસે પહોંચે, તે પૂર્વે અચાનક જ વર્ષાવૃષ્ટિ શરૂ થઈ જતાં એક અંધારી ગુફામાં આશ્રય લીધો. એ અવસરે રાજીમતી શ્રમણીજી પણ પ્રભુને વાંદી પરત ફરતા હતા અને એમણે પણ આ જ ગુફામાં પ્રવેશી સૂકાઈ જાય તે હેતુથી પોતાના ભીંજાયેલા વસ્ત્રોને તનથી અલગ કર્યા. સાવ ઝાંખા અજવાળામાં દૂરે રહેલા મુનિ રહનેમિ સૌંદર્યમઢિત એવી આ નારીકાયાને જોઈને કામાતુર થયા અને ભોગ ભોગવવાની વાત મૂકી. પુનઃ કાયાને ઢાંકી દઈને સર્વજ્ઞની આ શિષ્યાએ પોતાના સંસારી દિયરને જ્યારે તેઓના કુલીન વંશની યાદ દેવરાવીને કહ્યું કેઃ 'અગંધકકુળના સર્પ પણ વમન કરેલું પુનઃ આરોગવા ઇચ્છતા નથી અને તેના કરતાં તો અગ્નિમાં પેસવું વધુ પસંદ કરે છે, તો આપ ચારિત્ર્યવાન ઉત્તમ આત્માને ભવસાગર પાર કરવા પ્રવજ્યાનો પંથ પણ મળેલ છે, નરકે જવા જેવું પાપ કરવા કેમ તૈયાર થયા છો?' આ સાંભળી રહનેમિનો સખત પશ્ચાત્તાપ સુણીને તો લાગે કે તે ગુફાનો અંધાર જ નહીં, કિન્તુ એક જૈન નારી તરફથી થયેલું સદ્‌બુદ્ધિનું દાન જોઈ કાળ પણ ઘડીક અટકી ગયો હશે.

**વિનયનું દાનઃ**

સાધ્વી શ્રેષ્ઠા **શ્રી યાકિની મહત્તરા**એ વિનયનું દાન કરી ન સમજાતી 'ચક્કી દુગ્ગં...'ની ગાથાનો અર્થ સમજવા પંડિત હરિભદ્રને આચાર્યશ્રી જિનભદ્રસૂરિજી પાસે જો ન મોકલ્યા હોત, તો જૈન શાસનને કેવી રીતે મળ્યા હોત ૧૪૪૪ ગ્રંથોના રચયિતા પૂજ્યશ્રી હરિભદ્રસૂરીશ્વરજી?!

**સદ્‌ગતિનું દાનઃ**

**સતી મદનરેખા**એ પતિ યુગબાહુના અગ્રજ વીર રાજા મણિરથને ક્ષોભ પામી પોતાના મોહમાં રહી પરસ્ત્રીગમનનું પાપા ઇચ્છવા પૂર્વે પણ અનેકવાર ના કહી હતી છતાં ઉદ્યાનમાં એકલા ભાળી યુગબાહુને મારી નાખવા રાજા મણિરથે પ્રહાર કર્યો, ત્યારે મૃત્યુ સમીપ પહોંચેલ પતિને ધર્મ સંભળાવતા કહેલઃ 'હે સ્વામીન્! આ સુભટો જે આપના મોટાભાઈનો ઘાત કરવા તૈયાર થયા છે, તેમને કહો કે આમાં મણિરથનો કોઈ દોષ નથી અને આપણા કર્મે જ આ ઘટના બની છે. વળી સ્વામી! આપ ખેદ વગર મિત્ર કે શત્રુ, સ્વજન કે પરિજન – જીવમાત્રને ખમાવી દો. પ્રગટપણે સૌની ક્ષમા માંગી લો.' પ્રિય પત્ની મદનરેખાના આવા આત્મહિતકારક વચનો સાંભળીને યુગબાહુ શુભ ધ્યાન સહ મરણ પામી બ્રહ્મદેવલોકમાં દેવપણે ઉત્પન્ન થયા. ધન્ય છે એક જૈન સતી-શ્રમણીજીને, જેમણે પોતાના પતિને સદ્‌ગતિનું દાન કર્યું.

**સાચા માર્ગનું દાનઃ**

જે દિવસથી શૈવધર્મી શ્રેણિક મહારાજા પરણીને આવ્યા ચેટકતનયા **ચેલ્લણા**ને, તે દિવસથી તેણીએ પોતાના ભરથારને 'જૈનધર્મ જ સર્વશ્રેષ્ઠ છે, તેના સાધુભગવંતોના તપ-ત્યાગ-વૈરાગ્ય અપ્રતિમ હોય છે, માટે આપ જૈનધર્મ અપનાવો.' એમ રઢ લીધેલી. પટ્ટરાણીના વચનોની સત્યતા જાણવા તેમણે એકવાર સંધ્યાકાળે એક શ્રમણ ભગવંતને જિનાલયમાં એકલા જોઈ અંદર વેશ્યાને મોકલી અને બહારથી દરવાજા બંધ કરાવી દીધા. રાજાની સૂચના હતી કે મોં માંગ્યુ ધન આપીશ પણ આ સાધુનું નિશ્ચિત પતન કરજે. જ્ઞાની મહાત્મા તો સમજી જ ગયા કે જૈનધર્મની અવહેલના થાય તેવા સંજોગો ઉપસ્થિત થયા છે, તેથી વારાંગનાને ધમકાવીને બેસાડી દીધી અને ત્યાં રાતભર પ્રજ્વલિત અખંડ દિપકમાં પોતાનો સાધુવેશ બાળીને તેની ભભૂત શરીરે ચોપડી. સવારે રાજા-રાણી-નગરજનોએ દ્વાર ખોલતાં જ 'અલખ નિરંજન...' કહી જાણે શિવભક્ત સાધુ હોય તેમ ચાલતા થઈ ગયા. શ્રમણધર્મની હેલના અટકાવી સ્વશીલરક્ષક શ્રમણને સૌ વાંદી રહ્યાં. મહારાણીની વાત માની શ્રેણિકે જૈનધર્મ સ્વીકાર્યો. મગધદેશના આ મહારાજાએ પ્રભુવીરના ઉપાસક બની એવી પરમ આરાધના કરી કે કાળે કરીને આવતી ચોવીસીમાં 'પદ્મનાભ' નામે પ્રથમ તીર્થંકર બનશે! મોક્ષમાર્ગનું દાન આપનાર ચેલ્લણા મહારાણીને ઘણી ખમ્મા!

**વ્રતપાલનની દ્રઢતાનું દાનઃ**

પ્રભુ વીરના સમયમાં નવોઢા એવા **વિજ્યા શેઠાણી**ને જ્યારે ખબર પડી કે તેઓના જીવનસખા એવા વિજયશેઠને કૃષ્ણપક્ષમાં બ્રહ્મચારી રહેવાનો નિયમ છે, ત્યારે દ્રઢતાથી આ જૈન કુળવધુએ

સ્વનારીત્વ પ્રકાશતા કહ્યું કેઃ 'મેં અમારા ગુરુદેવ સમીપેથી શુકલપક્ષમાં બ્રહ્મચારીણી રહેવાનું વ્રત અંગીકાર કર્યું છે, તેથી તમે સુખેથી બીજી સ્ત્રી સંગે લગ્ન કરી લો.' એ હતું દાન મનની ઉદારતાનું અને વ્રતપાલનની દ્રઢતાનું! એ પછી જ્યારે ચંપાનગરીના જિનદાસ શ્રાવકને ૮૪,૦૦૦ તપસ્વી શ્રમણોને પારણું કરાવવાનો મનોરથ થયો, ત્યારે તે પૂરો કરવા વિમળ કેવળીએ તેઓને કચ્છ મોકલ્યા અને પર્વત જેવા અડગ વ્રતપાલક એવા ફક્ત આ એક જ દંપતીને ભોજન કરાવવા માત્રથી તેમનો મનોરથ પૂર્ણ થયો. ધન્ય હો વિજયા શેઠાણીનું વ્રતપાલનની દ્રઢતાનું દાન!

**સુપાત્રદાનઃ**

અરે... પ્રભુ વીરના જ સમયના **સતી રેવતી**ને યાદ કરીએઃ

ગોશાળાની તેજોલેશ્યા થકી પ્રભુની અસહ્ય વેદના ન જોવાતાં ગૌતમસ્વામી, સાધ્વીશ્રી ચંદનબાળા અને અન્ય મુનિગણો સમક્ષ ચોધાર અશ્રુ સારતાં શ્રી સિંહ અણગારે કહેલુંઃ 'પ્રભુ! કંઈક રસ્તો બતાવો કે જેથી આપને થતી વેદના કંઈક ઓછી થાય. જે ઔષધ કહો, તે લઈ આવું.' કરૂણાવાન પ્રભુએ તેઓની શાંતિ માટે શ્રાવસ્તી નગરીમાં રહેતા સતી રેવતીના ગૃહે જઈ તેણીએ જે બીજોરાપાક બનાવ્યો છે, તે વહોરી આવવાનું કહ્યું. સતી રેવતીએ અત્યંત ઉચ્ચતમ ભાવથી તે વહોરાવીને સતત ભાવના ભાવતા જ રહ્યાં કેઃ 'આ ઔષધથી પ્રભુનો દાહ એવં અતિસાર મટે. અહો! હું કેવી ભાગ્યશ્રેષ્ઠા! કે સ્વયં પરમાત્માના રોગની શાંતિ માટે મારી દવા ઉપયોગી બની!' આ શુભ ભાવના થકી સતી રેવતીજીએ તીર્થંકર નામકર્મ ઉપાર્જન કર્યું. અનાગત ચોવીસીના ૧૭મા 'સમાધિ' નામના તીર્થંકર થશે, ત્યારે ય તેમણે આપેલા આ સુપાત્રદાન થકી ભાવેલો ભાવ જ નિમિત્તરૂપે પ્રસ્થાપિત થશે ને?

**સત્કારનું દાનઃ**

પ્રભુ મહાવીરના પરમ ભક્ત **પુણીયા શ્રાવિકા** દંપતિ રૂની પુણીઓ વેચીને જે દ્રવ્ય ઉપાર્જિત થાય, તેમાં વારાફરતી ૧ જણ જમતા ને એક ઉપવાસ કરતા. શા માટે? કારણકે લાભાંતરાયના યોગે વધારે કમાણી થતી ન હતી, તો તેઓની સ્વામીત્સલ્યની ભાવના પૂર્ણ કરવા બે જણાંની રસોઈ થાય અને રોજે તેમાંથી એક સ્વામીભાઈને જમાડે. એક નારીમાં પોતાના સ્વામીભાઈના સત્કાર કરવાની ભાવનાની પ્રસંશા તો ભગવાન મહાવીરે પણ સ્વમુખે કરવી પડી છે!

**ધૈર્યપૂર્ણ શ્રદ્ધાનું દાનઃ**

વિશાળા નગરીના ઉપવનમાં ચોમાસી તપ કરી કાઉસ્સગ્ગ ધ્યાને રહેલા પ્રભુવીરને પ્રથમ દિવસથી માંડીને રોજેરોજ ૪ મહિના સુધી ઘરે વહોરવા આવવાની વિનંતી કરવા જવાની **જીરણ શેઠની ભાવના**ની વાત તો ખરે જ સરાહનીય છે, કિન્તુ એમાં વધુ પ્રશસ્ય ગણવું જ રહ્યું તેઓના શ્રાવિકાની ધૈર્યપૂર્ણ શ્રદ્ધાનું દાન! 'રોજે-રોજ ઉત્તમ પ્રકારના વ્યંજનો કરીને વહોરાવવા માટે રાહ જોઉં છું, કિન્તુ કૃપાવતાર તો મારા આંગણાને ક્યારેય પાવન કરતા જ નથી!' એમ ક્યારેય તેણીએ વિચાર્યું નહીં અને ભાવવિભોરતા અકબંધ રાખી, તો દ્રવ્ય પારણું કરાવનાર અભિનવ શ્રેષ્ઠી કરતાં પણ ભાવભક્તિ કરનાર જીરણ શ્રેષ્ઠીની વધુ અનુમોદના થઈ, એની પાછળ અનામી રહેલા તેમના પત્નીની અભિવંદના કરવી જ રહી!

**સત્ત્વનું દાનઃ**

પોતાના પૂર્વભવમાં શ્રીકાંતરાજાના રાણી શ્રીમતિ તરીકે શિકારકાર્ય કરવા વારતી તથા કોઢીયા મુનિની નિંદા ન કરવા સમજાવતી એવી એક નારીને જ્યારે બીજા ભવે **મયણાસુંદરી** થઈને પિતા પ્રજાપાળની જીદથી અને સ્વકર્મબળે કોઢીયા એવા શ્રીપાળકુંવરને પરણવું પડે, ત્યારે ય પોતાના ભાગ્યની નિંદા કરવાને બદલે સત્વને જાળવી રાખી પતિને વહેલી સવારે જિનાલયે સહદર્શનાર્થે જવાનું કહે, જ્યાં આચાર્ય મુનિચંદ્રસૂરીશ્વરજી ઊંબરરાણાના વ્યાધિનિવારણ અર્થે સિદ્ધચક્રજી ભગવાનની ભક્તિ કરવા નવપદજીની આરાધના દર્શાવે અને પછી કોઢ તો નિવારાઈ જ જાય, કિન્તુ અખૂટ રિદ્ધિ-સિદ્ધિના સ્વામી બની હાલમાં નવમા દેવલોકમાં વિહરે અને હવે ૯ ભવમાં જ મોક્ષ પામવાના છે, ત્યારે મયણાસુંદરીના શ્રદ્ધાપૂર્ણ સત્ત્વના દાનની જ સરાહના કરવી પડે ને?

**અનુકંપા સંગે સુપાત્રદાનઃ**

વસ્તુપાળના અનુજ તેજપાળના ગુણીયલ સહધર્મચારિણી અને હાલમાં કેવળી ભગવંતપણે વિચરનાર **અનુપમાદેવી**એ નિયમ લીધેલો કે તેઓએ ખોલેલી દાનશાળામાં આવતા દીન-દુઃખીજનો તથા સાધર્મિકોને અન્નદાન આપવા ઉપરાંત તેઓ જ્યાં સુધી ૫૦૦ સાધુ-સાધ્વીજી ભગવંતોને નિર્દોષ ગોચરી સ્વહસ્તે વહોરાવે નહીં, ત્યાં સુધી પોતે નવકારશી પારવી નહીં! આ...હા...હા...! અનુકંપા સંગે સુપાત્રદાનના શ્રેયસ્કર અભિગમની એક નારીની જાણે પરાકાષ્ઠા!

**ક્ષમાનું દાનઃ**

**સતી કલાવતી**ના બેરખા સાથે કપાયેલા કાંડાની વેળા હોય કે મુનિની આંખે પડેલું તણખલું કાઢતા **સતી સુભદ્રા** પર 'કુલટા'નું આળ આવ્યું હોય, મૂળા શેઠાણીએ મસ્તક મુંડાવી, પગે બેડી નાંખી **રાજકુમારી ચંદનબાળા**ને ભોંયરામાં પૂરી દેવાની ઘટના હોય કે

પછી પવનંજય કુમારના ભાર્યા **સતી અંજના** ઉપર ચારિત્ર્યનું લાંછન લાગવાની ઘડી હોય... યશસ્વી જૈન નારીઓ-સતીઓએ તે – તે પ્રસંગોને પોતાનો જ કર્મોદય જાણી સૌને ક્ષમાનું દાન આપેલું અને ક્ષમામૂર્તિ તરીકે પ્રસિદ્ધ થયા.

દાનમાં સર્વકાળે આગળ રહેતી જૈન નારીરત્નોમાં તો કોને સ્મરવા અને કોને વિસરવા, તે જ પ્રશ્ન છે. આવા શાસ્ત્રોક્ત તો અગણ્ય પ્રસંગો છે જ, પરંતુ આજની **૨૧મી સદીમાં** પણ જોઈએ છીએ કે જૈનશાસનને લગતા કોઈપણ અવસરે સંઘમાં થાળી ફરે, તો જેઓને હેમાલંકાર અતીવ વલ્લભ છે, તેવું નારીવૃંદ જ પોતે પહેરેલા અલંકારો ઉતારીને દાન કરી દેવામાં સૌથી અગ્રિમ રહે છે.

**ઘરમાં આવતી નવી વહુને દિકરીની જેમ પ્રેમથી સ્વીકારવાની શુભ-લાભની ઘડી હોય કે**

**વડીલ પેઢીના આરોગ્યને સાચવવા પોતાની કરિઅરને છોડી દેવાની પળ હોય!**

**પતિને વ્યવસાયમાં ખોટ જતાં સ્વબચત ને ઘરેણાં આપવાની નોબત આવી હોય કે**

**કોઈ નબળાં સંબંધીને ત્યાં દીકરીને વળાવવાની વેળા હોય!**

**પોતાના મુનીમજીના દિકરાને આગળ ભણાવવાની વાત હોય કે પોતાની કુશળતા-નિપુણતા-પ્રાવીણ્ય-કસબથી અન્યને સહાયતા કરવાની વાત હોય!**

**ઘરના બાળગોપાળોના સંસ્કારસિંચનનો સમયખંડ જાળવવાનો હોય કે**

**મૃત્યુની સમીપે જઈ રહેલા કોઈ જીવને સમાધિ પમાડવા માટે પોતાનો નિત્યક્રમ છોડી દોડી જવાની મંગળ ક્ષણ હોય...!**

નારી સમજતી જ આવી છે કે દાન ફક્ત ધન-ઐશ્વર્યથી જ નથી થતું! અને તેથી જ રોજે પ્રભાતે અને રાત્રે થતી તેણીની અને ભગવાનની મધ્યે થતી વાતચીત – પ્રાર્થનામાં છેલ્લું વાક્ય તો એ જ હોવાનું કેઃ 'પ્રભો! આ ૧૪ રાજલોકમાં રહેલ પ્રત્યેક જીવનું કલ્યાણ થાઓ.' આવી ઉત્તમ–લોકોત્તર ભાવનાથી ય કોઈપણ દાન જો વધુ મહત્વનું હોય, તો હું ય એનાથી અનભિજ્ઞ છું.

**નમન હો એ નારીત્વને, જેણે પોષ્યો છે નારીમાં દાનવૃત્તિનો આવો શ્રેયસ્કર અભિગમ!**

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૫૨ ૧૫૫૦૦, રાજકોટ

# ભગવાન મહાવીરના શ્રાવકોના જીવનમાં નારીની ભૂમિકા

**શૈલેષી હેમાંગ અજમેરા**

**એ**ક અજ્ઞાત લેખકે ઈંગ્લીશમાં સુંદર ઉક્તિ લખી છે, "Behind every successful man, there is a woman!" આ ઉક્તિનો ભાવાર્થ ખૂબ જ સુંદર છે. એક પુરુષના યશ, કીર્તિ અને વિકાસ માટે ઘણા બધા પરિબળો હોય છે પરંતુ એમના વ્યક્તિત્વના ઘડતરમાં એક સ્ત્રીનું યોગદાન અતુલ્ય હોય છે.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવથી લઈને ચરમ તીર્થંકર પ્રભુ મહાવીર સ્વામી સુધી અનેક શીલવંત સતીઓ અને ઉત્તમ શ્રાવિકાઓ જેમકે સતી બ્રાહ્મી, સુંદરી, સતી રેવતી, સુલસા, ચંદના, મૃગાવતી, ચંપા શ્રાવિકા જેવા શ્રેષ્ઠ આત્માઓ સ્વયંના આત્મ સત્વ, પ્રજ્ઞા, ધર્મશ્રદ્ધા, જાગૃકતા, અહંકાર શૂન્યતા, સમર્પણતા જેવા અનેક ગુણોના કારણે અનેક જીવો માટે પ્રેરણારૂપ બન્યા છે અને સ્વયંનું આત્મકલ્યાણ પણ સાધ્યું છે. આવા અનેક શ્રેષ્ઠ આત્માઓના ગુણગ્રામ તો આપણે સહુ કરતા જ હોઈએ છીએ. એની સાથે જૈન ઇતિહાસમાં જો દૃષ્ટિ કરીએ તો એવા ઘણા સર્વોત્તમ નારીઓના દર્શન થશે જેમની યથાર્થ સમયની પ્રેરણા, બોધ, શ્રદ્ધા અને પ્રાર્થના બળના કારણે શ્રાવકોના જીવનમાં એક નવીન વળાંક આવે છે.

પ્રભુ મહાવીરના ઘણા શ્રાવકોના જીવનના આધ્યાત્મિક વિકાસમાં સ્ત્રીઓનું અનન્ય યોગદાન છે. મોટાભાગે આપણે શ્રાવકોના જીવન કવનનું વાંચન કરીને તેમના ઉત્કૃષ્ટ ભાવોની અને ઉત્તમ ગુણોની અનુમોદના કરીએ છીએ. પરંતુ મહાપુરુષો એ જ હોય જેઓ આપણી દૃષ્ટિ જ નહીં પરંતુ દૃષ્ટિકોણ બદલવાની ક્ષમતા ધરાવે છે. આવું જ કંઈક મારી સાથે બન્યું જ્યારે રાષ્ટ્રસંત પરમ ગુરુદેવ શ્રી નમ્રમુનિ મહારાજ સાહેબના શ્રી મુખેથી શ્રી ઉપાસકદશાંગ સૂત્રની વાંચના ગ્રહણ કરવાનો અવસર મળ્યો. પ્રભુ મહાવીરના પ્રમુખ શ્રાવકોના જીવનના ઘણા વણસ્પર્શ્યા પાસા સમજવાનું સૌભાગ્ય પ્રાપ્ત થયું.

ભગવાન મહાવીરના મુખ્ય શ્રાવકોમાંથી ત્રીજા શ્રમણોપાસક ચુલનિપિતા જ્યારે પોષધ વ્રત સ્વીકારીને પોષધશાળામાં ઉપાસનામાં તલ્લીન હતા ત્યારે રાત્રિના પૂર્વાર્ધ ભાગમાં ઉપસર્ગ કરવા માટે દેવ પ્રગટ થયા. હાથમાં તીક્ષ્ણ તલવાર લઈને તેણે શ્રમણોપાસક ચુલનિપિતાને વ્રતને છોડવાનું કહ્યું અન્યથા ક્રમશઃ ત્રણે ત્રણ પુત્રને મારી નાખવાની ધમકી દેવે આપી. દેવે જ્યારે ચુલનીપિતાને નિર્ભય

જોયો ત્યારે તે અત્યંત ક્રોધિત થયો અને ચુલનિપિતાના ત્રણેય પુત્રને એક પછી એક ઘરેથી ઉપાડીને લાવ્યો અને તેની નજરની સામે જ મારી નાખ્યા અને તેના જ સુપુત્રના માંસ અને લોહી તેના દેહ પર છાંટ્યા. પથ્થર હૃદય પર દ્રવી જાય તેવું દશ્ય હતું પરંતુ ચુલનિપિતા પોતાની ઉપાસનામાં અવિચલ અને અડગ રહ્યા. ચુલનિપિતા આ તીવ્ર વેદનામય ભયંકર દશ્યને સમતાપૂર્વક સહન કરે છે અને નિર્ભય ભાવથી ધર્મ ધ્યાનમાં લીન રહ્યા. જ્યારે દેવે શ્રમણોપાસક ચુલનિપિતાની માનસિક ધીરતા, વીરતા અને ગંભીરતા નિહાળી ત્યારે તેનો દ્વેષભાવ વિશેષ પુષ્ટ થઈને પ્રગટ થયો. ધમકીભર્યા શબ્દોમાં દેવે કહ્યું કે હજી પણ તમે મારી વાતનો સ્વીકાર નહીં કરો અને વ્રત નહીં ભંગ કરો તો તમારી માતા ભદ્રા સાર્થવાહિની પણ પુત્રો જેવી સ્થિતિ તમારી સમક્ષ કરીશ. પોતાના ત્રણે દીકરાની રાક્ષસી હત્યા વખતે તેનું હૃદય જરા પણ વિચલિત થયું નહીં પરંતુ જ્યારે જન્મદાત્રી, પરમ શ્રદ્ધેય, મમતાભરી માતાની હત્યાનો પ્રશ્ન આવે છે ત્યારે તેની ધીરજ ખૂટી ગઈ અને ક્ષણિક આવેશ આવી ગયો. તેને મનોમન લાગ્યું કે આ દુષ્ટ કૃત્ય હું મારી નજર સામે કઈ રીતે જોઈ શકીશ? એના કરતા હું હમણાં જ આ દુષ્ટને પકડી લઉં, આ પ્રમાણે ક્રોધિત થઈને શ્રમણોપાસક ચુલનિપિતા તે દેવને પકડવા ઉભા થયા અને હાથ ફેલાવ્યા પરંતુ તે તો દેવની માયા હતી. તે દેવ તો આકાશમાં અંતર્ધાન થઈ ગયા અને ચુલનિપિતાના હાથમાં ખાલી પૌષધશાળાનો થાંભલો આવ્યો. ચુલનિપિતા ખિન્ન થઈ જોર જોરથી અવાજ કરવા લાગ્યા.

પુત્ર ભલે નાનો હોય કે મોટો, એક માતા તેની વેદનાનો અવાજ હંમેશા સાંભળી શકે છે. માતા ભદ્રા સાર્થવાહીએ પુત્રના આર્ત શબ્દો સાંભળ્યા અને તરત જ ત્યાં દોડી આવ્યા. માતાએ વ્યાકુળતાનું કારણ પૂછ્યું ત્યારે ચુલનિપિતાએ સર્વ હકીકત પ્રગટ કરી. માતાએ પુત્રને આશ્વાસન આપી શાંત કર્યો અને સત્ય તત્ત્વ સમજાવ્યું કે આ દેવકૃત ઉપસર્ગ હતો, દેવમાયા હતી અને સર્વ સુરક્ષિત છે. કોઈની હત્યા થઈ નથી. પુત્ર જ્યારે શાંત થયો ત્યારે તેમણે એક મમતામયી માતા બનીને તેમને લાડ ન કર્યો પણ એક ધર્મ માતા બની ચુલનિપિતાને સત્યના માર્ગથી વિચલિત થવા માટે ઠપકો આપ્યો. માતાએ પુત્રનું જો ક્ષણિક દુઃખનું સમાધાન જોયું હોત તો એને લાગણી સભર શબ્દો પીરસવા લાગત જેથી તે કદાચ વધુ રાગભાવમાં ગૃદ્ધ થઈ જાત. પરંતુ માતા ભદ્રા વિવેકી હતા અને સ્વયં ધર્મમાં સ્થિર હતા. તે સમયે પુત્રને પંપાળવાને બદલે કડક અનુશાસક બની ચુલનિપિતાનું ભવદુઃખ કઈ રીતે દૂર થાય એવા બોધ વચન આપ્યા. લાગણી કદાચ ક્ષણિક સુખ આપી શકે પરંતુ અંતે ભવ ભ્રમણનું દુઃખ વધારે છે. માતા કહે છે કે તમે નિરર્થક આવેશમાં આવી, કૃદ્ધ બનીને તમારા વ્રતને ખંડિત કર્યું છે, સાધનાને દુષિત બનાવી છે. તમારા આ દોષની શુદ્ધિ માટે આલોચના, નિંદા કરીને પ્રાયશ્ચિત કરો. માતાની આજ્ઞાને શિરોધાર્ય કરી, પ્રાયશ્ચિત કર્યું. ધન્ય છે તે માતાના સત્વને અને તેમની ધર્મ પ્રત્યેની નિષ્ઠા જેથી તેઓ એક આત્માને ધર્મમાં ફરી સ્થિર કરી શક્યા. ચુલનિપિતા પાત્રવાન હતા અને તેમનામાં ઉત્કૃષ્ટ ધર્મ ભાવના પણ હતી. પરમાત્મા મહાવીર પ્રત્યે દઢ શ્રદ્ધા અને ભક્તિભાવ હતો. પણ સાધનાના માર્ગમાં શ્રેણી આરૂઢ કરવી એટલે પહાડ ચઢવો અને રાગથી વિચલિત થઈને ભાવોને હિયમાન કરવા તે લપસણી! મોહના ઉદય સમયે ચેતીને તે શ્રેષ્ઠ શ્રાવકનું શ્રાવકત્વ જળવાઈ રહ્યું અને તેમની ઉપાસના ઉત્તોરત્તર વધવા લાગી, તેની માટેનું નિમિત્ત તેમના માતા ભદ્રા સાર્થવાહી બની ગયા!

તેમજ શ્રમણોપાસક સુરાદેવ, ચુલ્લશતક અને સકડાલપુત્ર પણ જ્યારે દવકૃત ઉપસર્ગથી ચલિત થાય છે ત્યારે તેમના ભાર્યા એટલે દેવાનુપ્રિય પત્ની તેમને વાસ્તવિકતાનો અને સત્ય તત્ત્વનો બોધ કરાવે છે. તેઓ કહે છે કે તમે અંતિમ પરીક્ષામાં ડગી ગયા અને અંતે તે મિથ્યા દષ્ટિ દેવ તમારા વ્રત ભંગ કરવામાં સફળ થયો. ડગવાની ભૂલ માટે તેઓ પોતાના પતિને પ્રાયશ્ચિત સ્વીકરવાની પ્રેરણા આપે છે અને ધર્મ માર્ગમાં સ્થિર કરે છે. શ્રાવકે પોતાની પત્નીની પ્રેરણાથી સાવધાન થઈ ગયા અને પોતાની ભૂલ માટે આલોચના, નિંદા કરી પ્રાયશ્ચિત ગ્રહણ કર્યું.

એક નારીની પ્રજ્ઞામાં, રાગ ભાવમાં ભળવાની ક્ષણને સ્વને મળવાની ક્ષણમાં પરિણમન કરાવવાની તાકાત હોય છે! શ્રાવકે ધર્મપત્નીના બોધને હૃદયમાં ધારણ કરીને, સાધનામાં ફરી કોઈ ભૂલ ન કરી, ભવિષ્યના ભગવાન બનવાનું ભાતું આ જ ભવમાં બાંધી લીધું!

હજી એક મેઘાવી શ્રાવકના જીવનમાં તેમની પત્નીનું જબરદસ્ત યોગદાન છે. પરમાત્મા મહાવીર ઉપર દઢ શ્રદ્ધા ધરાવનારા શ્રાવક સુદર્શન ઉપર જ્યારે રાણીએ અયોગ્ય આચરણ માટે ખોટો આક્ષેપ મૂક્યો ત્યારે રાજાએ સુદર્શન શ્રાવકને ફાંસીની સજા સંભળાવી.

સુદર્શન જ્યારે ફાંસી ઉપર ચડતો હશે ત્યારે તેની પત્નીના મનમાં શું ચાલતું હશે? એ રાણીની વાતમાં ભળી ગઈ હશે કે એને એના પતિ ઉપર વિશ્વાસ હશે? સુદર્શન શ્રાવકની પત્નીના મનમાં પૂર્ણ વિશ્વાસ હતો કે મારો પતિ ક્યારે પણ એવું અધમ કૃત્ય કરી

જ ન શકે, ભલે જે કઈ પણ આક્ષેપ હોય તે મને માન્ય નથી. એણે મનોમન પરમાત્માને ભાવપૂર્વક પ્રાર્થના કરવાની શરૂ કરી દીધી અને પરમાત્મા પ્રત્યે ઉત્કૃષ્ટ શરણભાવની અનુભૂતિ કરવા લાગી. એની એવી અવિરત પ્રાર્થના હતી કે દેવલોકના દેવોનું આસન પણ ચલાયમાન થવા લાગ્યું. દેવલોકના દેવો પણ કંપિત થવા લાગ્યા કે કંઈક અન્યાય થઈ રહ્યો છે. દેવલોકના દેવોની લબ્ધીને કારણે શૂળી સિંહાસન સમી થઈ જાય છે.

ભગવાન કહે છે કે, જો શ્રદ્ધા, વિશ્વાસ અને ધર્મ સમર્પણતા શ્રેષ્ઠ હોય તો આ કાળમાં પણ એવું બનવું શક્ય છે. આ કોઈ ચમત્કાર નથી પરંતુ પરમાત્મા – કથિત વાસ્તવિકતા છે, ''દેવા વિ તં ણમંસંતિ, જસ્સ ધમ્મે સયા મણો'' દેવો સામાન્યતયા મનુષ્યને નમસ્કાર કરતા નથી પણ દેવોને પણ તેમનું મસ્તક નત કરી દેવાનું મન થઈ જાય છે જ્યારે સાધકનું મન સતત ધર્મમાં હોય છે. સુદર્શન શ્રાવક અને તેમના ધર્મ પત્ની બંનેના હૃદયમાં ધર્મ પ્રત્યે અડગ શ્રદ્ધા હતી. તેઓની અસ્થિ અને મજ્જા પર્યન્ત ધર્મ જાતિ પ્રેમ અને અનુરાગ ભરેલા હતા દેવોએ ઉદ્‌ઘોષણા કરી અને કહ્યું કે સુંદર્શન નિર્દોષ છે અને રાણીના મનમાં વિકાર છે અને એ જ દોષી છે. રાજા ખૂબ ક્રોધિત થયા અને રાણીને મહેલમાંથી નિષ્કાશીત કરી દેવામાં આવે છે અને શ્રાવક સુદર્શનની ઉપર મૂકેલા આક્ષેપથી તેમને મુક્ત કરવામાં આવે છે.

શ્રાવકોની જીવનમાં અને તેમના આધ્યાત્મિક વિકાસમાં સ્ત્રીઓનું અનેરું યોગદાન છે. શ્રાવકોની ગુણ વૃદ્ધિ અને આત્મિક પ્રગતિમાં નારીઓના સાથ અને સહકારનું વિશેષ સ્થાન છે.

શ્રાવકોના પત્નીઓનું વિસ્તૃત વર્ણન આગમોમાં આવે છે. તેઓ માટે અનેક વિશેષણો વાપરવામાં આવ્યા છે :

ધર્મ સહાયિકા – ધાર્મિક કાર્યમાં સહાય કરનારી

ધર્મ દ્વિતીયા ધર્મ સંગીની – ધર્મ કાર્યમાં સાથે રહેનારી

ધર્માનુરાગરકતા – ધર્મના અનુરાગમાં રંગાયેલી

સમસુખદુઃખ સહાયિકા – સુખ અને દુઃખમાં સમાન રીતે વિભાજન કરનારી

તે સમયના શ્રાવકોની પત્નીઓનું સ્વરૂપ ચંદ્ર જેવું સુંદર અને સૌમ્ય હતું. તેઓ સર્વાંગસુંદર અને રૂપવતી હતી. તેઓની બાહ્ય આકૃતિની સુંદરતા સાથે આંતરિક ગુણોની સુવાસ પણ મહેકતી. તેઓ બુદ્ધિમાન અને વિવેકી હતી. પોતાના પતિ સાથે હંમેશા પ્રિય શબ્દનો ઉપયોગ કરતી અને કદી પણ રુષ્ટ ન રહેતી. તેઓ પણ પરમાત્મા સમીપ શ્રાવકના ૧૨ વ્રત ધારણ કરીને શ્રમણોપાસિકા બને છે. જીવ અજીવ આદિ પદાર્થોનું સ્વરૂપ જાણીને તેઓ પણ ધર્મમય જીવન વ્યતીત કરતી. સૌંદર્ય અને સદાચાર બંનેનો સુમેળ પરમાત્માના સમયના શ્રાવિકાઓમાં જોવા મળતો.

સ્ત્રીને ઘરનો આધાર સ્તંભ કહ્યો છે. એક ઘરમાં જો સ્ત્રી સંસ્કારિત હોય તો તે પરિવારને સુસંસ્કારિત બનાવી શકે છે. ખોટા માર્ગે જતા પરિવારના કોઈ સદસ્યને વિવેકપૂર્વક સત્યની દિશા બતાવી શકે છે. એમ કહેવાય છે કે, ''A Man is the head of the house but a Woman is the neck of the house!'' પુરુષ ઘરની જવાબદારીને સંભાળે છે, પરંતુ એક સ્ત્રી ઘરની દિશા અને દશા બન્નેની જવાબદાર હોય છે!

જિનાજ્ઞા વિરુદ્ધ કઈ પણ લખાયું હોય તો ત્રિવિધે ત્રિવિધે મિચ્છામિ દુક્કડમ

---

**સંદર્ભઃ**

*– શ્રી ઉપસકદશાંગ સૂત્ર - ગુરુપ્રાણ આગમ બત્રીસી*

*– રાષ્ટ્રસંત પરમ ગુરુદેવશ્રી નમ્ર મુનિ મહારાજ સાહેબના પ્રવચન અને વાંચના*

*(ચેન્નઈ સ્થિત જૈન અભ્યાસુ શૈલેષી બહેને મુંબઈ યુનિવર્સિટીથી Microbiology અને Biochemistryમાં Gradution કરેલ છે, જૈન વિશ્વભારતી ઈન્સ્ટિટ્યુટનો જીવન વિજ્ઞાન, પ્રેક્ષાધ્યાન અને યોગનો અભ્યાસ કર્યો છે. મુંબઈ યુનિવર્સિટીનો ડિપ્લોમા ઈન જૈનોલોજી કોર્સ કરેલ છે, પૂજ્ય ગુરુદેવશ્રી નમ્ર મુનિ મ.સા. પ્રેરિત શાસન પ્રભાવક ગ્રુપ અને સંબોધી સત્સંગ સાથે સંકળાયેલા છે)*

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૮૪૧ ૬૬૬૨૯

# ગાંધી બોલે છે...

**અનુવાદ : હેમંતકુમાર શાહ**

☛ સૌને જીવનનો વિકાસ કરવાની અને જીવન સાર્થક કરવાની એક સરખી તક મળવી જોઈએ. તક આપવામાં આવે તો માણસમાત્ર સરખી આત્યાત્મિક વિકાસ સાધવાને સમર્થ થાય.

☛ મારો ધર્મ જે મને મારી સંસ્કૃતિ મુજબ જીવવાનો આદેશ આપે છે તેમ બીજી સંસ્કૃતિઓને ઉતારી પાડવાની કે તેમની અવગણના કરવાની મના કરે છે.

# જૈન ધર્મની આરાધ્ય દેવીઓ

## ડૉ. રેખા વોરા

પ્રત્યેક વ્યક્તિને પોતાના જીવનમાં કોઈને કોઈ ઈષ્ટ તત્ત્વ હોય છે. એ જે ઈષ્ટની ઉપાસના કરે છે, જે ભક્તિ ભાવથી ઉપાસના કરે છે તે રીતે ઈષ્ટનું એ તત્ત્વ વ્યક્તિમાં ઉજાગર થતું જોવા મળે છે. અર્થાત્ જેનું તે આરાધન કરે છે, જે ભાવથી કરે છે, તે પ્રકારે તેના ચરિત્રનું ઘડતર થાય છે. એટલે કે ઉપાસના શક્તિ કરતાં ઉપાસ્ય શક્તિ ખૂબ જ સક્રિય હોય છે. ચિરકાલીન હોય છે.

વાગ્ દેવી સરસ્વતીની ઉપાસના સૃષ્ટિના ઉષાકાળથી થતી આવી છે. યુગાદિ દેવ પ્રભુ શ્રી ઋષભદેવે તેમની પુત્રી બ્રાહ્મીને જમણા હાથે લિપિ શીખવાડી અને એ લિપિ બ્રાહ્મી લિપિ કહેવાય. અને બ્રાહ્મી વાણીની દેવી તરીકે પ્રસ્થાપિત થઈ. જૈન આગમોમાં ભગવતી સૂત્ર સૌથી પ્રાચીન ગણાય છે. તેના પ્રારંભમાં મંગલ તરીકે 'नमो बभीए लिपिए'થી શરૂઆત થાય છે.

સરસ્વતી, ત્રિભુવનસ્વામીની અને શ્રી એ સૂરિમંત્રના પહેલા, બીજા અને ત્રીજા પીઠની અધિષ્ઠાયિક દેવીઓ છે. સરસ્વતી અને ત્રિભુવનસ્વામીની દેવીનો પરિચય શ્રી મેરુતુંગાચાર્યે સૂરિમંત્ર કલ્પમાં આ પ્રમાણે આપ્યો છે,

'જે ગુણનિધિ સૂરિઓની વિદ્યામાં (સૂરિમંત્રમાં) પ્રથમ પદે પ્રતિષ્ઠિત છે અને ગૌતમપદની ભક્તિથી યુક્ત છે. સરસ્વતી મને સુખ આપો! (સરસ્વતી સ્વરૂપ માટે જુઓ સૂત્ર-૨૧-૨૨)'

આચાર્ય ભદ્રગુપ્તે અનુભવ સિદ્ધ મંત્ર દ્વાત્રિંશિકાના 'સર્વકર્મકર' મંત્રાષ્ટક નામના અધિકારમાં જણાવ્યું છે કે, હે ધીર પુરુષ! જો તમે અક્ષયસુખના ઇચ્છુક હો, તો ત્રણભુવનના સ્વામિત્વથી મુક્ત ત્રિભુવનસ્વામીની નામની વિદ્યા સ્મરણ કરો.'

નવ સ્મરણના ત્રીજા સ્મરણ સંતિકરં સ્તોત્રની ચોથી ગાથામાં સરસ્વતી દેવી, ત્રિભુવનસ્વામીની અને શ્રીદેવનું વર્ણન કરવામાં આવ્યું છે. અને તે સર્વ જિનભક્તોની સદા રક્ષા કરો' એવું ઇચ્છવામાં આવ્યું છે.

જૈન ધર્મની આરાધ્ય દેવીઓની બે પ્રકાર છે. (૧) અલ્પ પ્રચલિત, (૨) વ્યાપક રીતે પ્રચલિત.

અલ્પ રીતે પ્રચલિતમાં તીર્થંકરોની માતાઓ, વિદ્યાદેવીઓ દિક્કુમારીકાઓ અને લક્ષ્મીનો સમાવેશ થાય છે.

ચોવીશ તીર્થંકરોની માતાઓનાં નામ આ પ્રમાણે છેઃ (૧) મરૂદેવા, (૨) વિજ્યાદેવી, (૩) સેનાદેવી, (૪) સિદ્ધાર્થા, (૫) મંગલા, (૬) સુશીલા, (૭) પૃથ્વીદેવી, (૮) લક્ષ્મણાદેવી (૯) રાજદેવી, (૧૦) મંદાદેવી, (૧૧) વિષ્ણુદેવી, (૧૨) જ્યા, (૧૩) શ્યામા દેવી, (૧૪) સુયશા, (૧૫) સુવ્રતા, (૧૬) અચિરાદેવી, (૧૭) શ્રીદેવી, (૧૮) દેવીમાતા, (૧૯) પ્રભાવતી, (૨૦) પદ્માવતી, (૨૧) વપ્રાદેવી, (૨૨) શિવાદેવી, (૨૩) વામા અને (૨૪) ત્રિશલા માતા.

૧૬ વિદ્યાદેવીઓની માહિતી શ્રી પાદલિપ્તાચાર્ય કૃત 'નિર્વાણ કલિકા'માં અને વર્ધમાન સૂરિ લિખિત 'આચાર દિનકર'માં મળે છે. તદ્‌ઉપરાંત નવ સ્મરણના સ્તોત્રમાં પણ તેમનું સ્મરણ કરવામાં આવે છે, તે સોળ વિદ્યા દેવીઓ આ પ્રમાણ છે.

(૧) રોહિણી, (૨) પ્રજ્ઞપ્તિ, (૩) વજ્રશૃંખલા, (૪) વજ્રાંકુશી, (૫) અપ્રતિચક્રા, (૬) પુરુષદત્તા, (૭) કાલી, (૮) મહાકાલી, (૯) ગૌરી, (૧૦) ગંધારી, (૧૧) સર્વાસ્ત્રા મહાજ્વાલા, (૧૨) માનવી, (૧૩) વૈરોટ્યા (૧૪) અચ્છુપ્તા, (૧૫) માનસી, (૧૬) મહામાનસી.

દિક્કુમારિકાઓ : શ્રીં હ્રીં, ધૃતિ, કીર્તિ, બુદ્ધિ અને લક્ષ્મી.

વ્યાપક રીતે પ્રચલિત દેવીઓમાં શાસનદેવીઓ, સરસ્વતીદેવી અને દીક્ષિત દેવીઓનો સમાવેશ થાય છે.

**શાસનદેવીઓ** અતિપ્રચલિત દેવીઓમાં સર્વપ્રથમ તેમનું સ્મરણ કરવામાં આવે છે. ચોવીશ તીર્થંકરોની ચોવીશ શાસનદેવીઓ છે. જ્યારે તીર્થંકરો ચર્તુવિધ સંઘની સ્થાપના કરે છે, ત્યારે શાસનના અધિષ્ઠાયક દેવ-દેવી (યક્ષ-યક્ષિણી)ની નિયુક્તિ કરે છે. જેઓ શાસન ઉપર આવતા વિઘ્નોને દૂર કરે છે. તેઓ આજીવન હાજરા હજુર હોય છે. તેઓ પ્રભુના ભક્તોને પણ સહાય કરે છે.

આ ચોવીસ તીર્થંકરોની શાસનદેવીઓ નીચે પ્રમાણે છે.

| | **તીર્થંકર** | **શાસનદેવીનું નામ** |
|---|---|---|
| (૧) | ઋષભદેવ | ચકેશ્વરી (પ્રતિચક્રા) |
| (૨) | અજિતનાથ | અજિતા |
| (૩) | સંભવનાથ | દુરિતારી |
| (૪) | અભિનંદન સ્વામી | કાલી |
| (૫) | સુમતિનાથ | મહાકાલી |
| (૬) | પદ્મપ્રભ સ્વામી | સુશ્યામા |
| (૭) | સુપાર્શ્વનાથ | શાન્તા |
| (૮) | ચંદ્રપ્રભ સ્વામી | ભૃકુટી (જ્વાલા માલિની) |
| (૯) | સુવિધિનાથ | સુતારિકા |

| | | |
|---|---|---|
| (૧૦) | શીતલનાથ | અશોકા |
| (૧૧) | શ્રેયાંસનાથ | માનવી (શ્રીવત્સા) |
| (૧૨) | વાસુપૂજ્ય સ્વામી | ચંડા (પ્રવરા) |
| (૧૩) | વિમલનાથ | વિદિતા (વિજ્યા) |
| (૧૪) | અનંતનાથ | અંકુશા |
| (૧૫) | ધર્મનાથ | કંદર્પા (પ્રજ્ઞપ્તિ) |
| (૧૬) | શાંતિનાથ | નિર્વાણી |
| (૧૭) | કુંથુનાથ | બલા (અચ્યુતા) |
| (૧૮) | અરનાથ | ધારણી |
| (૧૯) | મલ્લિનાથ | ધરણપ્રિયા (વૈરોટ્યા) |
| (૨૦) | મુનિસુવ્રત સ્વામી | નરદત્તા |
| (૨૧) | નમિનાથ | ગન્ધારી |
| (૨૨) | નેમનાથ | અંબિકા |
| (૨૩) | પાર્શ્વનાથ | પદ્માવતી |
| (૨૪) | મહાવીર સ્વામી | સિદ્ધાયિકા |

દહેરાસરમાં મૂળનાયક તીર્થંકરની સાથે તેની શાસનદેવીની પણ સ્થાપના અને પૂજા થાય છે. ચોવીસ શાસનદેવીઓમાંથી ચાર દેવીઓ વધુ પ્રચલિત છે.

**ચક્રેશ્વરી દેવી :** હાથમાં ચક્ર ધારણ કરેલું છે તેથી ચક્રેશ્વરી દેવી છે. દુર્ગાસપ્તશતીમાં ગરુડવાહિની દેવીને વૈષ્ણવી નામથી સંબોધન થયું છે. સ્વભાવે આ દેવી ઘણી ઉદાર, વજ્ર જેવી કઠોર છતાં પુષ્પ જેવી કોમળ છે.

**ભૃકુટી દેવી :** જ્વાલાની માળા ધારણ કરવાને લીધે તેમનું બીજુ નામ જ્વાલામાલિની છે. તેમનું વાહન વરાહ હોવાથી વારાહીના નામે પણ પ્રસિદ્ધ છે. ઇચ્છિત વર આપનારી દેવી તરીકે તે પ્રસિદ્ધ છે. કુમારિકાઓ તેમની ખાસ ઉપાસના કરે છે.

**દેવી અંબિકા :** પ્રાચીનકાળથી અર્વાચીન કાળ સુધી જૈન અને જૈનેતરોમાં, મા અંબિકા એક અદકેરું સ્થાન ધરાવે છે.

**પદ્માવતી દેવી :** તેના વિશે આપણે વિશેષ ચર્ચા કરીશું.

**સરસ્વતી દેવી :** લેખકો કે કવિઓ પોતાની કૃતિઓના પ્રારંભમાં જ મા શારદા-સરસ્વતીને વંદન કરે છે. વાગ્દેવી શારદાનું જ્ઞાનપંચમીએ વિશેષ પૂજા થાય છે.

**દિક્ષિત દેવીઓ**માં ૧૩મી સદીમાં સચ્ચિવામાતાને શ્રી રત્ન પ્રભસૂરિએ અને શ્રી કુર કુલ્લાદેવી (સર્પોની દેવી)ને શ્રી દેવસૂરિજીએ જૈનધર્મમાં દિક્ષિત કરી હતી.

**મહાદેવી પદ્માવતી**

વર્તમાન ચોવીસીના ત્રેવીસમાં તીર્થંકર શ્રી પાર્શ્વનાથ પ્રભુ આજથી લગભગ ૨૯૦૦ વર્ષ પૂર્વે થયા. તેમને કેવળજ્ઞાનની પ્રાપ્તિ થતાં શ્રી ચર્તુવિધ સંઘની સ્થાપના કરી, ત્યારે શ્રી ધરણેન્દ્રને યક્ષ-શાસનદેવ અને શ્રી પદ્માવતી માતાને યક્ષિણી – શાસનદેવી તરીકેની નિયુક્તિ કરી.

શ્રી પદ્માવતીનાં સ્તોત્રમાં 'ધરણ પ્રિયા' એવો શબ્દ આવે છે. તે પરથી એટલું નક્કી છે કે તે ભુવનપતિ નિક્યતા નાગરાજ ધરણેન્દ્રની પત્ની છે. શ્રી પદ્માવતી દેવીનો પ્રભાવ અન્ય દેવીઓની તુલનામાં વિશેષ રહ્યો છે. અને દિન-પ્રતિદિન તેમાં સતત વૃદ્ધિ થતી જ જોવા મળે છે. અને તેથી જ તેમની ગણના મહાદેવી તરીકે થવા લાગી છે. તેઓ અત્યંત પ્રભાવશાળી હોવાથી તેમની કીર્તિ જૈનેત્તર સમાજમાં પણ વિશાળ ફલકમાં વિસ્તરેલી જોવા મળે છે. જુદા જુદા સંપ્રદાયોમાં તે જુદા જુદા નામે પ્રસિદ્ધ છે અને લોકપ્રિય છે તેવું 'ગીર્વાણચક્ર સ્તુતિ'માં આ પ્રમાણે વર્ણવવામાં આવ્યું છે. અહીં જણાવાયું છે કે, 'હે માતા! તમે બૌદ્ધોના આગમોમાં 'તારા' તરીકે પ્રસિદ્ધ થયેલા છો, શિવ સંપ્રદાયમાં 'ભગવતી ગૌરી' તરીકે ખ્યાતિ પામેલા છો, કૌલિક મતમાં ''વજ્ર કે વજ્રદેવી'' તરીકે વિખ્યાત છો, અને જૈનધર્મમાં 'પદ્માવતી' તરીકે સ્તવાયેલા છો વળી વૈદિક સંપ્રદાયમાં 'ગાયત્રી' તરીકે સ્તવાયેલા છે અને સાંખ્યા મતમાં 'પ્રકૃતિ'ની સંજ્ઞા પામેલા છો. હે માતા ભારતી! વિશેષ કહેવાથી શું? તમારાથી સમસ્ત સંસાર વ્યાપ્ત છે.'

પદ્માવતી દેવીનું નિવાસસ્થાન પાતાલ લોકમાં છે. તેઓ માત્ર ભૌતિક સુખમાં જ સહાયક નથી બનતાં પરંતુ ધર્મ પ્રાપ્તિ અને તે દ્વારા કર્મ ક્ષય કરીને મોક્ષ પ્રાપ્તિમાં પણ કારણભૂત બને છે.

પદ્માવતી દેવીનું વાહન કુર્કટ જાતિનો સર્પ છે. આ જાતિના સર્પના માથા પર કુકડા જેવી કલગી હોય છે. યોગમાર્ગના તાર્કિકો સર્પ વાહનને 'કુંડલિની' સંજ્ઞક સૂચવે છે. તેથી અભ્યાસીઓ એવું માને છે કે પદ્માવતીનું બીજુ નામ 'કુંડલીની' છે.

પદ્માવતી દેવીના કાયા અને વસ્ત્રો માટે પીળો અને લાલ રંગ દર્શાવવામાં આવ્યા છે. તેમના આસન, વાહન અને શસ્ત્રો માટે મત-મતાંતરો પ્રવર્તે છે. શ્વેતામ્બર સંપ્રદાયમાં ચાર હાથ વાળી મૂર્તિ પ્રસિદ્ધ છે. જ્યારે દિગમ્બર સંપ્રદાયમાં વીસ હાથવાળી મૂર્તિ પણ જોવા મળે છે. અને વીસ હાથ વાળી દેવ વિષયક સ્તોત્રપણ રચાયેલું જોવા મળે છે.

કોઈપણ સાધ્યની સાધના-આરાધના-ઉપાસના કે પૂજા કરતાં પૂર્વે તેના સ્વરૂપનું આલંબન હોવું ખૂબ જરૂરી છે. પદ્માવતી દેવીનાં સ્વરૂપનું વર્ણન કરીએ તો તેમનો દેહનો વર્ણ લાલ - રક્ત વર્ણનો છે – તેથી જ તેમને સૌભાગ્યની દેવી કહેવાય છે. તે પદ્મના શાસન

પર બેસનારી છે. તેમને ચાર ભુજા છે. આ ચાર હાથ શક્તિશાળી છે પણ સાથે સાથે સૌમ્ય પણ છે. તેમના જમણા ઉપરના હાથમાં પાશ છે તે નાગપાશની જેમ તમામ વિઘ્નોને જકડી લેનાર છે, ઉપરના ડાબા હાથમાં અંકુશ છે તેનાથી તે દુશ્મનોને તાબામાં રાખે છે, જટિલ પરિસ્થિતિમાંથી માર્ગ કાઢનારી છે. નીચેનાના જમણો હાથ વરદમુદ્રામાં અથવા તો કમલ ધારણ કરેલ છે તે તેના આરાધકને યોગ્ય વરદાન આપે છે. નીચેના ડાબા હાથમાં બીજોરૂં છે. તે આરાધકને ઇચ્છિત ફલને આપનારી છે તેવું સૂચિત કરે છે – તેને ત્રણ નેત્રો છે તેથી તે ભૂત-ભવિષ્ય અને વર્તમાન ને જાણનારી છે. મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન અને અવધિજ્ઞાનને વહન કરનારી છે. તેના મુકુટમાં પ્રભુ શ્રી પાર્શ્વનાથની પ્રતિમાને ધારણ કરે છે અને તેના પર તેની ફણાનું છત્ર હોય છે. આ છત્ર સર્પના ત્રણ, સાત, નવ, એકસોને આઠ ફણા વાળું હોય છે. તેમના હાથમાં કમલનું પુષ્પ છે એ પવિત્રતાના સંકેત રૂપ છે. તાત્પર્ય કે શ્રી પદ્માવતી એક મહાન પવિત્ર દેવી છે. તે ચિંતામણિ રત્ન સમાન છે. તેનાથી ભક્તજનના સર્વ મનોરથ પરિપૂર્ણ થાય છે.

પદ્માવતી દેવીની સાધના અને તે દ્વારા સિદ્ધિ પ્રાપ્ત કરી શકાય છે. પદ્માવતી દેવીનું માહાત્મ્ય ઘણું છે. ભક્તની ભાવનાના ભાગરૂપે ભવ સાગર પાર કરાવનાર છે. આરાધક આત્માઓનું ગમે તે પ્રકારના સંજોગોમાં રક્ષણ કરનાર અને સંસારરૂપી સમુદ્રમાં તરવા માટે નૌકા સમાન છે. પદ્માવતી દેવીની પ્રતિમાની કે તેમના ફોટાની નિત્યપૂજા-આરાધના કરવાથી મનવાંચ્છિત ફળની પ્રાપ્તિ થાય છે. આરાધકની તન અને મનની શુદ્ધિ અતિ આવશ્યક છે. જો દેવીમાં શ્રદ્ધા હોય અને દેહમાં શુદ્ધિ ન હોય તો આરાધના સફળ થતી નથી. આરાધના કરવા માટે નવ પ્રકારની શુદ્ધિ આવશ્યક છે. દેહ શુદ્ધિ, વસ્ત્ર શુદ્ધિ, મન શુદ્ધિ, ભૂમિ શુદ્ધિ, સમય શુદ્ધિ, દ્રવ્ય શુદ્ધિ, આસન શુદ્ધિ, દિશા શુદ્ધિ, જપ-માળ શુદ્ધિ પદ્માવતી દેવીની આરાધના પણ અંગપૂજા, અગ્ર પૂજા અને ભાવપૂજા દ્વારા થાય છે.

પદ્માવતી દેવીની આરાધના કરનારાનો વિશાળ વર્ગ પહેલાં પણ હતો અને આજે પણ જોવા મળે છે. વિક્રમ સંવતની ચૌદમી સદીમાં થયેલા શ્રી જિનપ્રભસૂરિજી એક પ્રભાવશાળી જૈનાચાર્ય હતા. તેમણે શ્રી પદ્માવતી દેવીની આરાધનાથી અનેક સિદ્ધિઓ મેળવી હતી. તેઓ જ્યારે પણ પદ્માવતી દેવીનું આહ્વાન કરતા ત્યારે દેવી હાજર થતાં અને તેમનું જણાવેલ કાર્ય પૂર્ણ કરતા હતાં.

વિક્રમ સંવત ૧૮૫૭ થી ૧૯૦૮માં થયેલા શ્રી વીરવિજય મહારાજની રચાયેલી પૂજાઓ આજે પણ દહેરાસરોમાં ભણાવાય છે. તેમણે પણ શ્રી પદ્માવતી દેવીની આરાધના કરી હતી.

શ્રી યશોદેવસૂરિશ્વરજીને મા પદ્માવતી સાક્ષાત્ હાજરા હજૂર હતા. વાલેકશ્વરના S.P. અપાર્ટમેન્ટમાં તેમને મળવાનું ઘણી વખત થતું. ત્યારે તેઓ કહેતા આ પદ્માવતી મારી સામે જ ઊભા છે. તેઓ તેમને અવાર-નવાર દર્શન આપતા હતા. તેમણે પાલીતાણામાં ભરાવેલ શ્રી પદ્માવતીની મૂર્તિ અમુક ચોક્કસ દિવસે આંખો ઉઘાડબંધ કરતી હતી.

શ્રી પદ્માવતી દેવી પર ઘણાં સાહિત્યનું સર્જન થયેલું છે. અગિયારમી સદીમાં લખાયેલ મંત્રાચાર્ય મલ્લિષેણ કૃત ભૈરવ-પદ્માવતી કલ્પનું પ્રકાશન શ્રી સારાભાઈ નવાબે કર્યું હતું. એ ગ્રંથમાં પદ્માવતી વિષયક લખાયેલી અનેક કાવ્યકૃતિઓના ઉલ્લેખ વાંચવા મળે છે. તેમાં મુખ્યત્વે શ્રી ઈન્દ્રનંદસૂરિ વિરચિત પદ્માવતી પૂજનમ્, શ્રી ચંદ્રસૂરિ રચિત પદ્માવતી કલ્પ, અજ્ઞાત રચિત રક્ત પદ્માવતી કલ્પ, પદ્માવતી વ્રતોદ્યાપનમ્, પદ્માવતી-સ્તોત્ર, પદ્માવતી મંત્રજાપ વિધિ, સહસ્ત્રનામ સ્તોત્ર, ચોપાઈ ઇત્યાદિનો સમાવેશ થાય છે.

'તંત્રોનું તારણ' નામના પુસ્તકમાં શ્રી ધીરજલાલ ટોકરશી શાહ મંત્ર-તંત્ર અંગેની અનેક કૃતિઓની માહિતી આપતાં જણાવે છે કે, પદ્માવતી દેવી અંગેની ૧૪૮ જેટલી રચનાઓ છે.

દક્ષિણ ભારતમાં હોમ્બુજા (હુમચા) નામે પ્રસિદ્ધ પદ્માવતી દેવીનો મઠ આવેલો છે. આજના સમયમાં પદ્માવતી દેવીનું આ સૌથી પ્રાચીન તીર્થ છે.

જ્યાં પણ મૂળનાયક તરીકે શ્રી પાર્શ્વનાથ પ્રભુ હોય ત્યાં અધિષ્ઠાયન દેવી તરીકે શ્રી પદ્માવતી દેવીનું સ્થાપન થયેલું જ હોય છે. એકંદરે જોવા જઈએ તો દેવીઓમાં સૌથી વધારે મા પદ્માવતીની મૂર્તિનો અલગ મંદિર રૂપે કે મંદિરના ગોખલામાં બીરાજેલી જોવા મળે છે. ૨૧મી સદીમાં આમા વિશિષ્ટ પ્રમાણમાં વધારો થયો છે.

દિગમ્બર સંપ્રદાયોના મંદિરોમાં પણ પદ્માવતી દેવીની મૂર્તિ જોવા મળે છે. તેઓ પણ તેમની સાધના-આરાધના કરતાં હોય છે.

શ્રી રુદ્રદેવ ત્રિપાઠીની સહાયથી શુદ્ધ કરીને 'પદ્માવતી સ્તોત્ર'ને શ્રી ધીરજલાલ શાહે તેમના પુસ્તકમાં અર્થ સાથે રજૂ કર્યું છે. આ સ્તોત્રનું શ્લોક પ્રમાણ ૩૭ છે. બીજું "શ્રી પદ્માવતી અષ્ટોત્તર શતનામ માલિકા સ્તોત્ર" છે. તેમાં પદ્માવતી દેવીના ૧૦૮ નામને ગૂંથી લેવામાં આવ્યાં છે. તેના શ્લોકોનું પ્રમાણ ૨૫ છે. "શ્રી પદ્માવતી સહસ્ત્ર નામ સ્તોત્ર"માં પદ્માવતીના ૧૦૦૦ નામને આવરી લેવામાં આવ્યાં છે. આ સ્તોત્રની અગિયાર ઢાળો છે.

તદ્ ઉપરાંત પદ્માવતી કવચ, શ્રી પદ્માવતી દેવીનો છંદ, કળશ, દુહા ઇત્યાદિ રચનાઓ પણ છે.

શ્રી પદ્માવતી દેવી વિષયક અનેક મંત્રોની રચના થયેલી જોવા મળે છે. અહીં એક આવશ્યક વાત કરવાની કે મંત્રસિદ્ધિ માટે જે જપ કરવાતો હોય તે બરાબર વિધિપૂર્વક કરવો જોઈએ. અવિધિએ કરેલું કાર્ય ક્યારે પણ સિદ્ધ થતું નથી. માટે વિધિપૂર્વક અને મનમાં શ્રદ્ધા અને શરીરમાં શુદ્ધિ અતિ આવશ્યક છે, તેમ કરવાથી જ કાર્યમાં સિદ્ધિ પ્રાપ્ત થાય છે. પદ્માવતી દેવી પર અનેક મંત્રો રચાયેલાં છે. તેમાના કેટલાંક નીચે પ્રમાણે છે.

(૧) ૐ હ્રીં શ્રીં કલીં કામેશ્વરી શ્રી પદ્માવતી મમ રક્ષાં કુરુ કુરુ સ્વાહા.

આ મંત્રની દરરોજ ૩ થી ૫ માળા ગણવાથી કોઈપણ પ્રકારનું કાર્ય સિદ્ધ થાય છે. આ એક સર્વ સામાન્ય મંત્ર છે.

(૨) ૐ પદ્માવતી, પદ્મનેત્રે, પદ્માસને લક્ષ્મીદાયિની વાંછા પૂર્ણિ ઋદ્ધિં સિદ્ધિં જયં જયં જયં કુરુ કુરુ સ્વાહા.

ધૂપ-દીપ કરીને આ મંત્રનો દિવસમાં ત્રણ વખત એક માળા ગણવાથી રિદ્ધિ સિદ્ધિ અને સમૃદ્ધિમાં વૃદ્ધિ થાય છે તેમ જ કોર્ટ કચેરી અને દુશ્મન સામે જય થાય છે.

(૩) ૐ હ્રીં શ્રીં પદ્માવત્યૈ નમઃ.

આ મંત્રનો પ્રતિ દિન ૧૦ માળા ૨૧ થી ૪૨ દિવસ ગણવાથી શાંતિ-ભુષ્ટિ-પુષ્ટિ થાય છે.

(૪) ૐ હ્રીં ઐં કલીં શ્રીં હ્રીં શ્રીં મહાલક્ષ્મી પદ્માવત્યૈ નમઃ

૪૨ દિવસ સુધી દરરોજ ૧૦ માળા આ મંત્રની કરવાથી લક્ષ્મીની વૃદ્ધિ થાય છે.

(૫) ૐ હ્રીં હૈં કલીં સર્વરોગ નિવારિણિ શ્રી પદ્માવતી દેવ્યૈ નમઃ

૨૧ થી ૪૨ દિવસ સુધી દરરોજ ૧૦ માળા આ મંત્રની કરવાથી કોઈપણ પ્રકારના રોગથી મુક્તિ મળે છે.

મંત્રોનો એક અલૌકિક પ્રભાવ હોય છે. નવ સ્મરણના નવે નવ સ્તોત્રમાં મંત્રોનો અખૂટ ભંડાર સમાયેલો જોવા મળે છે. ઉવસગ્ગહરં સ્તોત્ર એ મહાપ્રભાવિક સ્તોત્ર છે. તેની મૂળ ૨૭ ગાથાઓ છે. એની ઘણી ગાથાઓમાં ધરણેન્દ્ર અને પદ્માવતી દેવીનો ઉલ્લેખ જોવા મળે છે. અને તે દરેક ગાથાઓ મંત્ર બરાબર છે.

છેલ્લી ત્રણ ૧૯-૨૦-૨૧મી સદીમાં શ્રી પદ્માવતી દેવીની સાધના પ્રધાન પણે રહી છે. આજના કાળમાં પણ આરાધકોને શ્રી પદ્માવતી દેવી શીઘ્રફળ આપતાં હોવાના અનુભવ થયા છે. તેના કારણે તેમના આરાધકોની સંખ્યામાં દિન-પ્રતિદિન વૃદ્ધિ થતી જોવા મળે છે. શ્રી પદ્માવતી પૂજનો થતાં જોવા મળે છે. તેમના નામનું આરાધન, તેમના દર્શન, વંદન, પૂજન કરવાથી સુખ-શાંતિ, સફળતા અને ઈષ્ટની પ્રાપ્તિ અવશ્ય થાય છે.

શ્રી પદ્માવતી દેવી શ્રી પાર્શ્વનાથ ભગવાનની શાસન દેવી તો છે જ પરંતુ અન્ય ધર્મોમાં પણ તેનું સ્થાન મહત્વપૂર્ણ છે. વૈદિક ધર્મમાં દેવીકવચમાં પદ્માવતી દેવી અંગેનો ઉલ્લેખ છે. નારદ મહાપુરાણમાં પદ્માવતી દેવીનું પૂજન અને ઉપાસના અંગેની વિવિધતા સભર માહિતી આપવામાં આવેલ છે. વરાહ પુરાણમાં માં પદ્માવતી દેવીનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે.

તોતલા, ત્વરિતા, નિત્યા, ત્રિપુરા, કામસાધિની, ત્રિપુરભૈરવી, મહાલક્ષ્મી, સરસ્વતી ઇત્યાદિ ૧૦૦૮ નામ ધારણ કરનારી મા 'પદ્માવતી દેવી સંપૂર્ણ વિશ્વના સર્વ જીવોનું મંગલ-કલ્યાણ કરનારી થાઓ – એ જ અભ્યર્થતા.'

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૮ ૨૪૨૮૧, મુંબઈ


| ભારત માટેના લવાજમના દર | | પરદેશ માટેના લવાજમના દર | |
|---|---|---|---|
| ✦ વાર્ષિક લવાજમ | ₹ ૩૦૦ | ✦ 1 વર્ષનું લવાજમ | $ 30 |
| ✦ ત્રણ વર્ષનું લવાજમ | ₹ ૭૫૦ | ✦ 3 વર્ષના લવાજમ | $ 80 |
| ✦ પાંચ વર્ષનું લવાજમ | ₹ ૧૨૫૦ | ✦ 5 વર્ષના લવાજમ | $ 130 |
| ✦ દસ વર્ષનું લવાજમ | ₹ ૨૫૦૦ | ✦ 10 વર્ષના લવાજમ | $ 250 |

વાર્ષિક લવાજમ આપશ્રી $ (ડોલર)માં મોકલાવો તો $ પાંચ બેંક ચાર્જિસ ઉમેરીને મોકલશો.

**શ્રી મુંબઈ જૈન યુવક સંઘ : બેન્ક ઑફ ઈન્ડિયા A/c No. 003920100020260. IFSC:BKID0000039**

**ફોરેન ડોનેશન માટે : કોટક મહિન્દ્રા બેંક A/c No. 5213133880. IFSC:KKBK0000957**

**SWIFT Code: KKBKINBB**

# કર્ણાટક અને તામિલનાડુમાં જૈન શાસનની પ્રભાવનામાં શ્રમણીઓ-શ્રાવિકાઓનું યોગદાન

જેપલબેન શાહ

**પૌ**રાણિક જૈન ઇતિહાસથી જાણવા મળે છે કે વર્તમાન આદિ તીર્થંકર શ્રી ઋષભદેવ દ્વારા દક્ષિણ ભારતમાં જૈન ધર્મનો ફેલાવો થયો હતો. અર્વાચીન જૈન વિદ્વાનોના મત મુજબ અંતિમ શ્રુતકેવળી શ્રીભદ્રબાહુસ્વામી દ્વારા દક્ષિણ પ્રદેશમાં જૈન ધર્મનો પ્રચાર-પ્રસાર થયો. જ્યારે પૌરાણિક જૈન ઇતિહાસ પરથી માનવામાં આવે છે કે ઉત્તર ભારતના જૈન સંઘની જેમ જ દક્ષિણ ભારતનો જૈન સંઘ પણ પ્રાચીનતમ છે.

દક્ષિણ ભારતના મુખ્ય બે રાજ્ય (૧) કર્ણાટક (૨) તામિલનાડુ. જ્યાં જૈન ધર્મ ખૂબ જ પ્રસરેલો જોવા મળે છે. આ રાજ્યોમાં આવેલા જિનમંદિરો, શિલાલેખો, પહાડો અને ગુફાઓમાં રહેલી તીર્થંકરોની પ્રતિમાઓ વગેરે જૈન ધર્મની પ્રાચીન જાહોજહાલીનું વર્ણન કરે છે. જૈન ચોવીસ તીર્થંકરોના સાધુઓ, સાધ્વીઓ, શ્રાવકો તથા શ્રાવિકાઓનું જે નિરૂપણ પ્રાપ્ત થાય છે તેના પરથી સ્પષ્ટ થાય છે કે બધા જ તીર્થંકરોના સમયમાં પુરુષોની અપેક્ષાએ સ્ત્રીઓએ વધુ સક્રિયપણે ધર્માચરણમાં રુચિ દર્શાવી છે. તે જ પ્રમાણે દક્ષિણ ભારતના પ્રાચીન શિલાલેખો અને અન્ય સ્તોત્રોમાં અનેક યશસ્વી નારીઓનો ઉલ્લેખ થયેલો જોવા મળે છે. આ સ્ત્રીઓએ ધર્માચરણમાં, ધાર્મિક આયોજનોમાં, ધર્મના અભ્યુદય તેમ જ ઉત્કર્ષ અર્થે જિનાલય નિર્માણ, વસ્તી નિર્માણ, તીર્થોદ્ધાર જેવા અનેક કાર્યોમાં તન, મન, ધનથી સક્રિય ભાગ લીધો હોવાનું જાણી શકાય છે.

✦ કર્ણાટકમાં જૈન ધર્મ - ઈ.સ.ની પહેલી અને બીજી સદીથી કર્ણાટકમાં જૈન શ્રમણીઓના અસ્તિત્વ અંગેના ઉલ્લેખો પ્રાપ્ત થાય છે. તેમાં અગિયારમી સદી સુધીમાં સેંકડો શ્રમણીઓએ આ પ્રદેશમાં જૈન ધર્મનો પાયો મજબૂત બનાવવામાં પોતાનો ફાળો આપ્યો છે. આ શ્રમણીઓ પૈકીની ઘણી શ્રમણીઓ રાજવંશ સાથે સંબંધ ધરાવતી હતી. કર્ણાટક પ્રાંતમાં જૈન શ્રમણીઓનો સર્વપ્રથમ ઉલ્લેખ ચંદ્રગિરિ પર્વત પરના અભિલેખોથી પ્રાપ્ત થાય છે. આ અભિલેખોમાં–

✦ શ્રમણી રાજ્ઞીમતિ ગન્તી (વિ.સં. ૭૫૭) – નવિલૂર સંઘ, આજિગણની આ શ્રમણીએ ચંદ્રગિરિ પર્વત પર સંન્યાસ ધારણ કરી સંલેખના વ્રત ગ્રહણ કર્યું હતું.

✦ આર્યિકા અનન્તીમતી ગન્તી (વિ.સં. ૭૫૭) – તેઓ નવિલૂર સંઘની આર્યિકા હતી. ધર્મની વિવિધ પ્રવૃત્તિઓ કરતાં જીવનના અંત સમયે તેમણે કટવપ્ર પર્વત ઉપર દ્વાદશ તપ કરી સમાધિમરણ પ્રાપ્ત કર્યું.

✦ આર્યિકા સાંતિરસવ્વા (૭ મી સદી) – આચાર્ય હેલાચાર્યે જ્વાલામાલિની દેવીની સાધના કરી 'જ્વાલિનીમત' ગ્રંથની રચના કરી હતી, જેની પ્રશસ્તિમાં આચાર્યશ્રીએ તેમના મુખ્ય શિષ્યોની સાથે પ્રધાન શિષ્યા સાંતિરસવ્વા આર્યિકાનો પણ ઉલ્લેખ દર્શાવ્યો છે.

✦ કઠોર તપસ્વિની પામબ્બે (સંવત ૧૦૨૮) – રાણી પામબ્બે ગંગનરેશની બુત્તુંગની મોટી બહેન અને પેદિયર દોરપપ્ય નરેશની જ્યેષ્ઠ રાણી હતી. રાજાનું મૃત્યુ થઈ જતાં રાણી પામબ્બેએ દીક્ષા ગ્રહણ કરી. ૩૦ વર્ષ સુધી ઉત્તમ ચારિત્ર પાલન સાથે અત્યંત કઠિન તપશ્ચર્યા કરતાં અંતમાં સમાધિમરણ પ્રાપ્ત કર્યું. સાધ્વી પામબ્બેની આધ્યાત્મિક પવિત્રતા-વૈરાગ્યવાસિત નિઃસંગ જીવન અનેક શ્રાવક-શ્રાવિકાઓ માટે પ્રેરણારૂપ બની રહ્યા છે.

✦ આર્યિકા પલ્લવિયા (વિ. સંવત ૧૦૩૧-૪૧) – શ્રવણબેલગોલામાં ગોમ્મટેશ્વરની વિશ્વવિખ્યાત પ્રતિમાનું નિર્માણ કરાવનાર ચામુંડરાયની બહેન હતી. તેમણે નાની વયમાં જ દીક્ષા ગ્રહણ કરી હતી. કઠોર તપ-જપ અને નિયમોનું પાલન કરી તેમણે અંતમાં સંલેખના ગ્રહણ કરી હતી.

✦ આર્યિકા પનિવવ્વે (૧૧મી સદી) – ગંગવંશના રાજા ચામુંડરાયના વંશની રાજકુમારી હતી. તેમણે શ્રી અજિતસેનાચાર્ય અને નેમિચન્દ્રાચાર્ય પાસે દીક્ષા ગ્રહણ કરી હતી.

✦ સાધ્વી વસવવે ગન્તી (વિ.સંવત ૧૧૫૬) – મૂલસંઘના દિવાકરનંદી સિદ્ધાંતદેવની શિષ્યા હતી. તેમની પ્રેરણાથી જિનાલય માટે દાન પ્રાપ્ત થયું હોવાના ઉલ્લેખ છે.

✦ દંડનાયક પત્ની લક્ષ્મીમતિ (વિ.સંવત ૧૧૭૯) – દંડનાયક ગંગરાજની ધર્મપત્ની હતી તથા દાન, ગુણ અને શીલમાં અગ્રણી હતી. લક્ષ્મીમતિ સ્વયં જિનાલય નિર્માણમાં, દાનશાળા આદિ જૈન શાસનની પ્રભાવનારૂપ અનેક કાર્યોમાં સતત વ્યસ્ત રહેતી હતી.

દંડનાયક ગંગરાજે પત્ની લક્ષ્મીમતિની સ્મૃતિમાં નિષદ્યાનું નિર્માણ કરાવ્યું હતું.

✦ તપસ્વી માચિકબ્બે-શાંતલદેવી (વિ.સંવત ૧૧૮૫) – મહાન તપસ્વી શ્રમણી માચિકબ્બે અને તેમની પુત્રી શ્રમણી શાંતલદેવી પોતાના તપ, સંયમ અને ધર્મનિષ્ઠા માટે પ્રસિદ્ધ છે. રાજા વિષ્ણુવર્ધનની પત્ની શાંતલદેવીએ દીક્ષા ગ્રહણ કરી, એક માસનું અનશન વ્રત આદર્યું અને સમાધિમરણ પ્રાપ્ત કર્યું. આ બનાવથી તેમની માતા માચિકબ્બે પણ સંસારથી વિરક્ત બન્યા. તેઓ પણ દીક્ષા ગ્રહણ કરી, એક માસનું અનશન કરી સમાધિમરણને પામ્યા.

✦ સાધ્વી જ્ઞાનમતી અવ્વૈ (૧૩મી સદી) – સ્વામી વિદ્યાનંદીની શિષ્યા જ્ઞાનમતી અવ્વૈની પ્રેરણાથી માયણસેટ્ટિ કવિએ 'અંજનાદેવી ચરિત્ર' ગ્રંથની રચના કરી.

શ્રવણબેલગોલાના અભિલેખોમાં અનેક શ્રાવિકાઓનો ઉલ્લેખ છે જેમણે તન-મન-ધનથી જૈન ધર્મને અપનાવ્યો હતો. આ શ્રાવિકાઓએ પોતાના સ્વદ્રવ્યથી જિનાલયોનું નિર્માણ કરાવ્યું હતું તથા તેમની યોગ્ય વ્યવસ્થા માટેની સહાયતાનો પણ પ્રબંધ કર્યો હતો. આ શ્રાવિકાઓમાં કાલલદેવી, અતિમબ્બે, સાવિયબ્બે, જક્કિયવ્વે વગેરે અનેક નારીઓ મુખ્ય છે.

✦ દૃઢસંકલ્પી માતા કાલલદેવી – વીરવર ચામુંડરાયની માતા કાલલદેવીની ગણના પ્રસિદ્ધ ધર્મપ્રચારિકામાં થાય છે. પ્રતિદિન સ્વાધ્યાય માટે તેઓ દૃઢ પ્રતિજ્ઞી હતા. તેમની આજ્ઞા અને પ્રેરણાથી જ ચામુંડરાયે શ્રવણબેલગોલામાં ગોમ્મટેશ્વરની વિશ્વવિખ્યાત જિનપ્રતિમા સ્થાપિત કરાવી હતી. તેમણે જૈનધર્મના પ્રચાર અર્થે અનેક કાર્યો કર્યાં છે.

✦ ધર્મપરાયણ અજિતાદેવી – વીરવર ચામુંડરાયની પત્ની અજિતાદેવીમાં ધર્મપરાયણતા અને પતિપરાયણતાના ગુણો હતા. ગોમ્મટેશ્વરની મૂર્તિનું નિર્માણ કાર્ય સુખદ રીતે સંપન્ન થાય તે માટે તેઓ પ્રતિદિન વ્રત-તપ અને સ્વાધ્યાય કરતા હતા.

✦ રાણી જાકલદેવી – ચાલુક્ય રાજા ત્રિભુવનમલ્લની પત્ની હતી. તેમણે પોતાનું સંપૂર્ણ જીવન જૈન ધર્મની પ્રભાવના અને પ્રચારમાં સમર્પિત કર્યું હતું. જૈન સંસ્કૃતિની સંરક્ષિકા, પતિભક્તા, ધર્મપાલિકા, સત્યશીલા અને કર્તવ્યપરાયણ નારી રત્નોમાં તેઓનો સમાવેશ થાય છે.

✦ વિદૂષીરત્ન પંપાદેવી – પરમવિદ્યાસંપન્ન અને વિદૂષી પંપાદેવીએ 'અષ્ટવિધ અર્ચના', 'મહાભિષેક' ગ્રંથની રચના કરી હતી. અષ્ટપ્રકારી પૂજા, જિનાભિષેક, ચતુર્વિધ-ભક્તિમાં તેઓ અપાર શ્રદ્ધા ધરાવતા હતા. કન્નડમાં મહાકવિઓએ તેમની પ્રશંસામાં કહ્યું છે કે, 'આદિનાથ ચરિત્રનું શ્રવણ તેમના કર્ણફૂલ હતા, ચતુર્વિધ દાન તેમના હસ્તકંકણ હતા અને જિનસ્તવન તેમના કંઠહાર હતા'.

✦ દાન-ચિંતામણી અતિમબ્બે- ૧૦મી સદીની આ શ્રાવિકા કર્ણાટક જ નહી પરંતુ સમસ્ત જૈન સમાજ માટે ગૌરવનું પ્રતીક છે. પતિ નાગદેવના મૃત્યુ બાદ તેઓએ પોતાનું સમસ્ત જીવન શ્રાવિકા વ્રતોના પાલનમાં અને જૈનધર્મના પ્રચારમાં વ્યતીત કર્યું. તેમણે સુપ્રસિદ્ધ મહાકવિ રત્નાકરને પ્રેરણા કરી તેમની પાસે 'અજિતનાથ-પુરાણ' ગ્રંથની રચના કરાવી હતી. મહાકવિ પોન્ન દ્વારા રચાયેલ 'શાંતિ-પુરાણ' ગ્રંથની હજાર પ્રતો પોતાના દ્રવ્યથી તૈયાર કરાવી વિભિન્ન શાસ્ત્ર ભંડારોમાં વહેંચાવી હતી. અનેક મહત્વપૂર્ણ પ્રાચીન ગ્રંથોને તેમણે પુનઃસંકલિત કરાવ્યા હતા.

અનેક પ્રકારની સાહિત્ય સેવાની સાથે તેમણે સુવર્ણ તથા રત્નોથી યુક્ત ૧૫૦૦ જિન પ્રતિમાઓનું નિર્માણ કરાવી વિભિન્ન જિનાલયોમાં તેની પ્રતિષ્ઠા કરાવી. પોતાના ઉદાર અને પ્રેરક સત્કાર્યોથી તેઓ સર્વત્ર દાન-ચિંતામણિના નામથી પ્રસિદ્ધ હતા.

✦ રાણી ચટ્ટલદેવી – પલ્લવનરેશ કાડુવેટ્ટીની પત્ની ચટ્ટલદેવીએ પોતાના પતિ તેમજ પુત્રના મૃત્યુ બાદ પોમબુચ્ચપુરમાં જિનાલયોનું નિર્માણ કરાવ્યું હતું. તેમણે અનેક જિનાલય, તળાવ, ગુફાઓ બનાવડાવ્યા અને આહાર, ઔષધ, શિક્ષા, આવાસ, દાન માટે સુવ્યવસ્થિત આયોજનો કર્યા. જૈન સમાજની શ્રેષ્ઠ દાન-શીલ નારીઓમાં તેઓ અગ્રગણ્ય સ્થાન ધરાવે છે.

✦ ચતુર પ્રશાસિકા જક્કિયવ્વે – જક્કિયવ્વે વિદૂષી શ્રાવિકા, જિનશાસનની ભક્ત અને કુશળ પ્રશાસિકા નારી હતી. તેમણે નાગરખંડની સુરક્ષા કરી હતી. પોતાના મૃત્યુ સમયને નજીક નિહાળી તેઓએ બન્દનિ નામના પવિત્ર સ્થાનમાં જઈ ત્યાંના જિનાલયમાં સંલેખનાપૂર્વક પ્રાણનો ત્યાગ કર્યો હતો.

✦ વીરાંગના સાવિયબ્બે – સાવિયબ્બે પોતાના પતિ લોક વિદ્યાધર સાથે યુદ્ધક્ષેત્રમાં જઈ પોતાનું કૌશલ દાખવતી હતી તેની સાથોસાથ અત્યંત નિષ્ઠાપૂર્વક શ્રાવિકા વ્રતોનું પાલન પણ કરતી હતી. શ્રવણબેલગોલાની બાહુબલિ બસતિમાં પૂર્વ દિશામાં આ વીર પરાક્રમી મહિલાનો લેખ છે, લેખની ઉપર આ વીર નારી ઘોડા પર સવાર થઈને હાથમાં તલવાર લઈ ગજારુઢ યોદ્ધા પર પ્રહાર કરી રહી છે તેવું ચિત્ર છે.

✦ પટ્ટમહિષી માલલદેવી – માલલદેવી મહારાજા કીર્તિદેવની અગ્રમહિષી હોવાની સાથે જિનભક્ત અને અત્યંત દયાળુ નારી

હતી. તેમણે કુપ્પટૂર નગરમાં 'બ્રહ્મ જિનાલય' નામનું તીર્થંકર પાર્શ્વનાથનું અતિભવ્ય જિનાલય નિર્માણ કરાવ્યું હતું.

અન્ય ઉલ્લેખનીય શ્રમણીઓમાં આર્યિકા જમ્બુનાયગિરિ, સાયિબ્બે કાન્તિયર, આર્યિકા પ્રભાવતી, આર્યિકા વમિતાવતી, મારબ્બે કન્તિ, કાદમ્બે કંતી, માકબ્બે ગંતી અને શ્રાવિકાઓમાં કુન્દાચ્ચિ, ચામેકાબ્બા, અક્કણબ્બે, દાવણગેરે, પોચબ્બરસિ વગેરેનો સમાવેશ થાય છે. આવી અનેક પ્રસિદ્ધ અને અપ્રસિદ્ધ શ્રમણીઓ અને શ્રાવિકાઓએ વિશુદ્ધ આચારનું પાલન, કઠિન તપોમાર્ગની આરાધના, શાસ્ત્રાધ્યયન જેવા ગુણો દ્વારા આત્મકલ્યાણની સાથે સમાજમાં ધર્મનું સીંચન કરવામાં પણ પોતાનું પૂર્ણ યોગદાન આપ્યું હતું.

✦ તામિલનાડુમાં જૈન ધર્મ – શ્રુતકેવળી આચાર્યશ્રી ભદ્રબાહુસ્વામીએ 'શ્રવણવેળકુલમ્' થી પોતાના શિષ્ય વિશાખાચાર્યને ૧૨,૦૦૦ જૈન સાધુઓ સાથે તામિલનાડુમાં જૈન ધર્મના પ્રસાર અને પ્રચાર માટે મોકલ્યા હતા. વિશાખાચાર્યના નેતૃત્વમાં તામિલનાડુમાં જૈન સંપ્રદાયના વ્યાપક પ્રચારને લીધે જૈન ધર્મનો પ્રભાવ ખૂબ વધ્યો હતો. જૈન ધર્મના ફેલાવા અને ઉન્નતિ સંબંધી અનેક વર્ણન 'પેરિયપુરાણ', 'તિરુવિલૈયાંગપુરાણ', 'નાલાયિર પ્રબંધ' જેવા ગ્રંથોમાં જોવા મળે છે. તામિલનાડુની જૈન પરંપરામાં મુખ્યત્વે સ્વતંત્ર સંઘોમાં સર્વાધિકાર સંપન્ન પ્રમુખા અર્થાત્ આચાર્યા સાધ્વીઓ હતી. જેમને ભટ્ટારક સાધ્વીઓ, પટ્ટિની કુરત્તિયાર, પટ્ટધર, આચાર્ય ગુરુણી, કુરત્તિગલ જેવા નામથી ઓળખવામાં આવતી હતી. તેઓ સ્વતંત્રપણે ચતુર્વિધ સંઘનું સંચાલન કરતી હતી અને પુરુષ અને સ્ત્રી બંનેને પોતાના શિષ્ય બનાવતી હતી.

✦ શ્રમણી કોન્તી – બીજી સદીના પૂર્વાર્ધમાં રચાયેલા તામિલ મહાકાવ્ય 'શિલપ્પદિકારમ'નું મુખ્ય પાત્ર કોન્તી નામની જૈન શ્રમણી છે. આ મહાકાવ્યમાં તેઓ શ્રેષ્ઠી કોવલન અને તેમની પત્ની કણક્કી સાથે મદુરા ક્ષેત્રમાં આવ્યા અને કણક્કીને જૈન ધર્મના સિદ્ધાંતોનું જ્ઞાન આપ્યું તેવું દર્શાવવામાં આવ્યું છે.

✦ આચાર્યા કુરત્તિયાર – ચોલ રાજા આદિત્ય પ્રથમના શાસનકાળના એક શિલાલેખથી જાણવા મળે છે કે એકલા બેડાલ ક્ષેત્રમાં આઠમી સદીની આસપાસ ૯૦૦ થી વધુ સાધ્વીઓ વિદ્યમાન હતી. જેમાં ૫૦૦ સાધ્વીઓની અધિનાયિકા યાપનીય સંઘના ગુણકીર્તિ ભટ્ટારકની શિષ્યા આચાર્યા કુરત્તિયાર હતી. આ આચાર્યા કુરત્તિયાર સ્વયં વિદૂષી, શાસ્ત્રજ્ઞ તેમજ કવિયત્રી પણ હતી.

✦ શ્રમણી એમાડિ કુટ્ટનન સાટી – તેઓ તિરુમલૈની પ્રમુખ કુરટ્ટિગલની શિષ્યા હતી તેની પ્રેરણાથી કલ્લુગુમલૈ ગામમાં તીર્થંકર પ્રતિમાનું નિર્માણ થયું હતું.

✦ શ્રમણી કુરત્તિગલ – તિરુપ્પરુતિની સાધ્વી પટ્ટિની ભટ્ટારાની શિષ્યા કુરત્તિગલે કુલુગુમલૈ ગામમાં જિનપ્રતિમાનું નિર્માણ કરાવ્યું હતું.

✦ આચાર્યા તીર્થ ભટ્ટાર – તેઓ વિશાળ સાધ્વી સંઘના આચાર્યા શ્રમણી હતા. તેમની શિષ્યોઓની પ્રેરણાથી કકુરત્તિગલની પ્રતિમાનું નિર્માણ થયું હતું.

✦ સાધ્વી તિરુચ્ચારણત્તુ ભટ્ટારિગલ – મિલાલુર-કકિરત્તિયારની શિષ્યા સાધ્વી તિરુચ્ચારણત્તુ ભટ્ટારિગલની પ્રેરણાથી જિન પ્રતિમાનું નિર્માણ કરવામાં આવ્યું હતું. તેમના શિષ્યોમાં પ્રધાન શિષ્ય વરગુણ પાંડય રાજવંશના સભ્ય હતા.

તે ઉપરાંત અમલનેમિભટાર, નાલકુર-કુરત્તિગલ, માણિક્કગલ, સિરિ કુરત્તિયાર, લેનેક્કુરત્તુ કુરત્તિગલ, પેરમ્બત્તિઉરની શ્રમણી પટ્ટિની કુરત્તિયાર, અવનંદી કુરત્તિયાર આદિ શ્રમણીઓની પ્રેરણા અને સક્રિય યોગદાનથી અનેક જિનાલય અને જિનપ્રતિમાનું નિર્માણ થયું હતું.

✦ રાજકુમારી ઔવે – ચેર રાજ્યની જૈન રાજકુમારી ઔવે તામિલ ભાષાની પ્રસિદ્ધ કવિયત્રી હતી. બાલબ્રહ્મચારિણી એવી રાજકુમારી ઔવેને સુમધુર વાણી અને નીતિપૂર્ણ ઉપદેશ માટે આજે પણ તામિલવાસીઓ માતા ઔવે (આર્યિકા મા) તરીકે સ્મરણીય અને પૂજનીય ગણે છે.

✦ રાજકુમારી કુંદવૈ – રાજકુમારી કુંદવૈ ચોલવંશની રાજકુમારી અને પ્રસિદ્ધ ચોલનરેશ રાજરાજ પ્રથમની મોટી બહેન હતી. તિરુમલ્લૈ ગામ પાસે આવેલા એક નાના પર્વત ચારણગિરિ પર તીર્થંકર નેમિનાથનું જિનાલય આવેલું છે. આ જિનાલયનું નિર્માણ તેમણે કરાવ્યું છે. આ ઉપરાંત દક્ષિણ આરકાટ જિલ્લાના દાદાપુર અને ત્રિચનાપલ્લી જિલ્લાના તિરુમલવાડીમાં પણ તેમણે જિનાલય બંધાવ્યા હતા.

✦ વાસુકી – તામિલના વિશ્વવિખ્યાત ગ્રંથકાર તિરુવલ્લુવરની પત્ની વાસુકીએ ઉત્તમ ગૃહસ્થ જીવનનું દૃષ્ટાંત આપી અંતે સાધ્વીજીવન ગ્રહણ કર્યું હતું.

અવ્વૈયાર, ગુણ તાડ્ડિકુરત્તિયાર, ઈલનેસુરત્તુ કુરત્તિયાર, કવુન્દ અડિગલ, કનકવીર કુરન્તિ, કુંડલ કુરત્તિયાર, મમ્મૈકુરત્તિયાર, મિલનૂર કુરત્તિયાર, નલકૂર કુલત્તિયાર, પેરૂર કુરત્તિયાર, પિચ્ચેકુરત્તિયાર, પૂર્વનન્દી કુરત્તિયાર, સંઘ કુરત્તિયારક, તિરુવસૈ કુરત્તિયાર, આદિ શ્રમણીઓએ અનેક શ્રાવક-શ્રાવિકાઓને ધર્માનુરાગી બનાવવામાં,

જિનેશ્વર ભગવંતની પૂજા-ભક્તિની મહત્તા સમજાવી તેમને જિનેશ્વરની ભક્તિ તરફ વાળવાનું મહત્વનું કાર્ય કર્યું છે. તેઓએ પોતાની આત્મસાધના સાથે વિનય, સેવા, સમર્પણ, ત્યાગ, દાન, ધર્મ આદિ ગુણોનું ઉત્તમ ઉદાહરણ આપી ચતુર્વિધ સંઘને મજબૂત બનાવવામાં પોતાનું વિશેષ યોગદાન આપ્યું.

આમ, દક્ષિણ ભારતમાં જૈન ધર્મની યશોગાથામાં સ્ત્રીઓ ઘણું મહત્વનું સ્થાન ધરાવે છે. જૈન શ્રમણીઓ અને શ્રાવિકાઓએ અહિંસક સમાજની રચનામાં સક્રિય ભાગ ભજવી ધાર્મિક તેમજ આધ્યાત્મિક ઉત્કૃષ્ટ તપોમય જીવનનું ઉદાહરણ પૂરું પાડ્યું છે, આગમ સ્વાધ્યાય, ધ્યાન સાધના, તપ-જપ સંલેખના આદિ કરી આત્મોન્નતિનો માર્ગ ચીંધ્યો છે, જૈન ધર્મને ચેતનવંતો બનાવ્યો છે.

**સંદર્ભગ્રંથો :**

*(૧) જૈન ધર્મ કી શ્રમણીઓકા બૃહદ ઇતિહાસ, ડૉ. શ્રમણી વિજયશ્રી 'આર્યા'.*

*(૨) જૈન શ્રાવિકાઓ કા બૃહદ ઇતિહાસ, સાધ્વી ડૉ. પ્રતિભાશ્રી 'પ્રાચી'.*

*(૩) જૈન ધર્મ કા મૌલિક ઇતિહાસ (તૃતીય ભાગ), શ્રી ગજસિંહ રાઠૌડ, શ્રી પ્રેમરાજ બોગાવત.*

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૦૧૭ ૭૩૩૩૩

# વૈદિક સમયમાં નારી શક્તિ

**ડૉ. દીક્ષા એચ. સાવલા**

**ત્યા**ગ, સર્મપણ, સહનશીલતા, બુદ્ધિ, જ્ઞાન, મમતા, સુંદરતા – આ બધાનો સંગમ એટલે નારી, સરસ્વતી સાધના કે લક્ષ્મીની ઉપાસના એટલે નારી. સમાજને સંસ્કારબદ્ધ અને શિસ્તબદ્ધ કરવામાં જો કોઈનો સૌથી મોટો ફાળો હોય તો તે નારી છે, એટલે જ...

''નારી તું છે નારાયણી, વિશ્વવિજેતા વરદાયિની.''

'નારી', 'સ્ત્રી', 'મહિલા'એ શક્તિનું સ્વરૂપ છે. 'નારી'એ માતા છે અને 'નારી' જ દાતા છે. બાળકને જન્મ આપવાથી લઈને સંસ્કારી નાગરિકત્વનું નિર્માણ એ કરે છે. 'या देवी सर्वभूतेषु मातृ-रुषेण संस्थिता' શક્તિ-વિદ્યા-માતૃરૂપ વિવિધ પ્રકારે અર્ચન થયું છે.

**नारी निंदा मत करो, नारी है नर की खान।**
**नारी से नर होते हैं ध्रुव-प्रहलाद समान।**

નારીનું સ્વરૂપ-શક્તિ-માન-પ્રતિષ્ઠા હર-હંમેશ ઉજ્જવળ જ રહી છે. અહીં આપણે વાત કરવા જઈ રહ્યા છીએ વેદ સમયમાં નારીનું મહત્વ – વિદ્યાપ્રીતિ – વિવિધ ક્ષેત્રે એનાં યોગદાનની જો વાત કરીએ તો ખરેખર ગદ્ગદ્ થઈ જવાય.

ઋગ્વેદમાં અપાલા આત્રેયી (૮, ૯૧, ૧-૭), વિશ્વવારા આત્રેયી, (૫, ૨૮, ૧-૫), ઘોષા કાક્ષીવતી (૧૦, ૩૯, ૧ઃ૪-૧૦, ૪૦, ૧-૧૪), રાત્રિ ભારદ્વાજી (૧૦, ૧૨૭, ૧-૮) વાગામ્ભૃણી (૧૦, ૧૨૫, ૧-૮) શ્રદ્ધા કામાયની (૧૦, ૧૫૧, ૧-૫), શચી પૌલોમી (૧૦, ૧૫૯, ૧-૬), લોપામુદ્રા (૧૧-૭૯, ૧-૬), સૂર્યા (૧૦, ૮૫, ૧-૪૭) વસુક પત્ની (૧૦, ૨૮૧) અને ઉર્વશી (૧૦–૯૫) વગેરે ઋષિકા તરીકે ઉલ્લેખ છે. यस्य वाक्यं स ऋषिः ન્યાયથી, ૧૦-૧૦૮માં દૂતી તરીકે મનુષ્યેત્તર જાતિની સ્ત્રી સરમાનો પણ એક મંત્રદષ્ટ્રી તરીકે નિર્દેશ છે. ૧૦-૧૦૨-૬માં મુદ્ગલ ઋષિની પત્ની યુદ્ધમાં સારથિ બની તેવું જણાવ્યું છે. આમ વૈદિક સમાજમાં નારીઓનાં સુપ્રતિષ્ઠિત સ્થાન-માન અને શિક્ષા તરફ અંગુલિનેર્દેશ કરી જાય છે. સ્ત્રી પુરુષ સમોવડી બની વેદમાં 'મંત્રદષ્ટ્રી-ઋષિકા' રૂપે આપણને દર્શન થાય છે. વિવિધ આયામોમાં નારી વિશે જોઈશું.

**આત્મગૌરવની બાબતમાં :**

વેદ સમયમાં ઘોષા કાક્ષીવતીએ મંત્રોચ્ચારથી અશ્વિનોને પ્રસન્ન કર્યા અને જીવનમાં પાનખર દૂર કરી નવયૌવનની વસંત ચોમેર ખીલવી દીધી. આમ વાગામ્ભૃણીના સૂક્ત (ઋ.વે, ૧૦-૧૨૫)ના ઉદાત્ત વિચારો જોતાં તેને તો વિદ્વાનો રાષ્ટ્રસૂક્ત કહેવા પ્રેરાયા છે. આ ઋષિકાના આત્મગૌરવ ઉપર આપણે નતમસ્તક થઈ જઈએ. પોતે સર્વવ્યાપી દેવમાત્ર સાથે વિચરનારી, પૃથ્વી અને અંતરીક્ષને વ્યાપીને રહેનારી, યજ્ઞિયોમાં – યજ્ઞ કરનારાઓમાં પ્રથમ છે. વગેરે અનેક વિચારો આ ઋષિકા આત્મગૌરવપૂર્વક, અત્યંત શ્રદ્ધા અને દઢતા સાથે વ્યક્ત કરે છે.

**अहं राष्ट्री संगमनी वसूनां चिकितुषी प्रथमा यज्ञियानाम्**
**(ऋ.१०-१२५-३)**

વગેરે કહીને રાષ્ટ્ર સાથે પણ પોતાનું જાણે કે અભિન્નત્વ સિદ્ધ કરી રહી છે. ''મનુષ્યો અને દેવો સાથે સંસર્ગમાં રહેનારી હું પોતે જ આમ કહું છું કે હું જે કોઈ વસ્તુની કામના કરું તેને હું ઉગ્રતાથી પ્રાપ્ત કરું છું.'' આમ મંત્રદષ્ટિ ઋષિકા વાગામ્ભૃણીના આત્મગૌરવ પાસે માથું નમી જાય.

**શિક્ષા ક્ષેત્રમાં નારીઃ**

શિક્ષા ક્ષેત્રમાં તો જેટલું લખીએ એટલું ઓછું પડે. એ કાળમાં સ્ત્રીશિક્ષાને સારું મહત્વ અપાતું હતું. સ્ત્રીઓને પુરુષ સમાન

શિક્ષાપ્રાપ્તિના અધિકારો અને સમાન તકો સહજમાં ઉપલબ્ધ હતી ઉપનિષત્કાલમાં મૈત્રેયી કે ગાર્ગી જેવી વિદુષીઓ વિદ્વાન શિરોમણી મનાતી. ઋષિઓ સાથે જાહેરમાં વાદવિવાદ કરતી, તત્વજ્ઞાનની જ્યોત જ્વલંત રાખી – સન્નારીઓમાં છંદ, વ્યાકરણ, સાહિત્ય, તત્વજ્ઞાન અને સમાજવિદ્યાનું સારું જ્ઞાન હોય એમ અનેક સૂકતો પરથી માહિતી મળે છે.

**રાજનીતિ ક્ષેત્રમાં નારી :**

નારી હરહંમેશ શક્તિ સ્વરૂપા જ રહી છે. વેદકાળમાં સ્ત્રીઓ શસ્ત્રવિદ્યામાં પણ પારંગત હતી. અને જરૂર પડી છે ત્યાં યુદ્ધમાં પણ સહભાગી બની છે. ઋગ્વેદમાં સ્ત્રીઓ યોદ્ધાઓ હતી તેવો પણ સ્પષ્ટ ઉલ્લેખ છે. રાણી વિશ્પલાનો પગ યુદ્ધમાં કપાઈ ગયો હતો. તેને અશ્વિનોએ બીજો પણ આપ્યો હતો. મુદ્દ્ગલઋષિની પત્ની મૌદ્દ્ગલાએ ડાકુઓ સામે પોતાના પતિને મદદ કરી હતી. અને દુશ્મનોને હરાવ્યા હતા. વિશ્વવારાએ અગ્નિના મંત્રોનું દર્શન કરી યજ્ઞમાં ઋત્વિજ તરીકે ફરજ અદા કરી હતી. ઉષાનાં સૂકતોમાં નૃત્ય કરતી નારીઓના નિર્દેશ પરથી નૃત્ય, ગીત, વાદ્ય વગેરે કલાઓમાં પણ વેદની નારીની સ્થિતિનો અંદાજ લગાવી શકાય. પુત્રની સાથે રણમેદાનમાં તેની માતા દાનુ પણ હતી. નમુચિ પાસે સ્ત્રીઓની એક સેના જ હતી. મુદ્દ્ગલની પત્નીએ પતિને પડખે રહી ઈન્દ્રના દુશ્મનોને રણમેદાનમાંથી હરાવ્યા હતા.

**અધ્યાત્મ ક્ષેત્રમાં નારી :**

અધ્યાત્મ ક્ષેત્રમાં નારી વિશેષ સ્થાને હતી. બ્રહ્મચર્યનું પાલન કરતી. ब्रह्मचर्येण कन्या युवानं विन्दते पतिम्। (અ.વે – ૧૧-૫-૧૮) બ્રહ્મચર્યથી કન્યા યુવાન પતિને પ્રાપ્ત કરે છે. સ્ત્રીઓને પ્રાચીનકાળમાં ઉપનયન સંસ્કાર પણ થતા. पुरा कल्पे तु नारीणां भौज्जीबन्धन मिष्यते। જેવા નિર્દેશો પ્રાપ્ત થાય છે. આમ ભૌંજીબંધન મેળવી ગુરુકુળમાં કન્યાઓ અધ્યયન કરતી. તેઓમાં સદ્યોહવાહા અને બ્રહ્મવાદિની એવા પ્રકારની નારીઓ રહેતી.

**द्विविधा: स्त्रियो ब्रह्मपादिन्य: सघोद्राहश्च। तत्र ब्रह्मवादिनामग्नीबन्धनं वेदाअध्यनं स्वगृहे च भैक्षचर्चेति। हरीकृत वीरमित्रोदय, संस्कारप्रकाश**

જે અધ્યયનકાળની પરિસમાપ્તિ થતાં ગૃહસ્થ જીવનમાં પ્રવેશ કરતી તે સદ્યોદ્દ્વાહા કહેવાતી જ્યારે બ્રહ્મવાહિની આજીવન બ્રહ્મચર્યનું પાલન કરતી અને જીવનનાં મહાન રહસ્યોને ઉદ્દ્ઘાટિત કરવા પ્રયત્નશીલ રહતી. આમ વેદકાળમાં નારીશિક્ષાના આદર્શો અને તકો અત્યંત વિશાળ હતા.

તત્વજ્ઞાન કે જીવનદર્શનના વિવિધ ક્ષેત્રે પ્રશસ્યપ્રદાન કરનારી વેદકાળની પ્રમદાની શિક્ષણની ક્ષિતિજો વિશાળ હતી. નૃત્ય, ગીત કાવ્ય કે મંત્ર ઉપરાંત સૈનિકશિક્ષાથી પણ તે સુપરિચિત હતી.

**નાજુકતાના દર્શન :**

નારીની નમણી નાજુકતાના દર્શન પણ એ સમયમાં જોવા મળે છે. શ્રદ્ધા સૂકતમાં શ્રદ્ધા કામાયની નામની ઋષિકા શ્રદ્ધાની નૈસર્ગિક ચારુતાને સુચારુ શબ્દાવલિમાં વ્યક્ત કરે છે. જીવનમાં-માનવજીવન કે ઋષિ-જીવનમાં, યજ્ઞમાં કે આહુતિમાં, ભોજનમાં કે વિતપ્રાપ્તિમાં સર્વત્ર શ્રદ્ધાનું અસ્ખલિત અને અપરિમેય મહત્વ આ ઋષિકાને દષ્ટિગોચર થયું છે. श्रद्धया विन्दते वसु। (ऋ.वे – ૧૦-૧૫૧-૪) માનવી શ્રદ્ધાથી દ્રવ્ય મેળવે છે. આ જીવનનું નર્યું ચલણી ડહાપણ છે. આ સૂકતનો અંત તેની કાવ્યસુષમા અને વિચારસૌંદર્યમાં ચાર ચાંદ લગાવે છે. श्रद्धे श्रद्धापयहे न:। (ऋ.वे - ૧૦-૧૫૧-૫) હે શ્રદ્ધા, તું જ અમને આ જગતમાં શ્રદ્ધા રખાવ – શ્રદ્ધા રાખનાર બનાવ. આમ આવાં સુંદર વિચારધારામાં નાજુકતાના આપણને દર્શન થાય છે.

**નારી-વિશે વેદોમાં વિવિધ નામાભિધાન :**

વેદોમાં નારીના મહનીય સ્થાન તથા માનને વ્યક્ત કરતો जाया શબ્દ વારંવાર આવે છે.

**जाया :**

આ શબ્દનો અર્થ એ છે કે જ્યાં સુધી પુરુષ जाया ને પ્રાપ્ત કરતો નથી ત્યાં સુધી તે असर्व: છે, અપૂર્ણ છે, અર્ધો છે. (શતપથ બ્રાહ્મણ - ૫-૨-૧-૧૦), જ્યારે તે લગ્ન કરીને સંતાન પ્રાપ્ત કરે છે ત્યારે તે 'जाया' મેળવે છે. અને તે सर्व: સંપૂર્ણ બને છે. કોઈ પણ સ્ત્રીને जाया ન કહેવાય પણ જે સંતાનની માતા બને તે 'जाया' છે. પતિ जाया માં ગર્ભરૂપ બનીને પ્રવેશ કરે છે અને ત્યાં દસ માસ પછી જન્મે છે. આવી સ્ત્રીને जाया કહેવાય છે. કારણ કે પુરુષ તેમાં ફરીથી જન્મે છે. (ઐતરેય બ્રાહ્મણ - ૭-૧૩) ઐતરેય આરણ્યક તો વિચારણીય વિધાન કરે છે કે પુરુષ जाया ને મેળવીને પોતાને (પૂર્ણ નહીં પણ) પૂર્ણતર માને છે. (ઐ.બ્રા - ૭-૧૩) जाया નું વૈદિક મહત્વ પરાકાષ્ઠાએ તો ત્યારે પહોંચી છે કે જ્યારે સંસારના સર્જેનાર્થે બ્રહ્મ કે સર્વેશ્વરને પણ जाया ની જરૂર પડે છે, તે પણ जाया ની કામના કરે છે એવું સ્પષ્ટ કહેવાયું છે. (બ્રહદારણ્યક-ઉપનિષદ - ૧-૪-૧૭) પૃથ્વીના પુરુષને જ નહીં પણ પરમપુરુષને કાજે પણ जाया નું – સ્ત્રીનું મહત્વ વેદવેતા વિદ્વાનોએ વેદકાળમાં સ્વીકારેલું છે. આમ जाया પણ હરહંમેશ હસતી સસ્યમાના (ઋ.વે -૪-૫૮-૯) હોય એ ભાવનામાં પણ સુમધુર જીવનદર્શનની ઝલક જોઈ શકાય છે.

નારીની સામાજિક પ્રતિષ્ઠા પણ પરાકાષ્ઠાએ હતી. પુરુષ ગૃહપતિ હતો તો સ્ત્રી એ જ ઘર હતું. 'जाया'એ ઘર એવું સૂચવતો વૈદિક શબ્દ છે.

**दुहिता:**

વેદકાળમાં દુહિતા પત્ની કે માતા ત્રણે સ્વરૂપે નારી માન અને પ્રતિષ્ઠાની અધિકારિણી હતી. દુહિતા શબ્દની વ્યાખ્યા અને પાછળના ટીકાકારોના અર્થઘટન પરથી ઝિમર, કોલબ્રુક વેખર. અને રાજ વડે જેવોએ 'દુહિતાનું સ્થાન દુ:ખપ્રદ હતું, આથી વેદકાળમાં કન્યા વધ પ્રચલિત હતો. વેદનો કવિ કે માનવી 'ભદ્ર'નો ઉપાસક હતો. કલ્યાણી જાયા અને સસરા, સાસુ કે નણંદ પર પણ સમ્રાજ્ઞી બનનારી દુહિતાને 'દૂધપીતી' કરવામાં વેદના માનવને રસ ન હોય એ સહેજે સમજી શકાય તેમ છે. યાસ્કે 'દુહિતા' શબ્દ दोग्धेः માંથી નિષ્પન્ન થતો દર્શાવ્યો છે. વેદકાળમાં ગોદોહનનું કાર્ય કન્યા – અવસ્થામાં સ્ત્રી કરતી તેથી દુહિતા કહેવાતી, પણ તેમાંથી 'તે હંમેશાં પિતા પાસેથી ધનનું દોહન કરતી, તે માટે પ્રાર્થના કરતી રહેતી હોવાથી દુહિતા – सा हि नित्यमेव पितृः सकाशात् द्रव्यं देग्धि प्रार्थनापरत्वात्। નિ - ૩-૪ દુર્ગાચાર્ય એવું અર્થઘટન દુર્ગાચાર્યે કર્યું છે.

**मेना सखा - दम्पती :**

સ્ત્રીને મેના કહેવાય છે. કારણ કે તે પુરુષ માટે સન્માનનીય છે. નારી સખા છે. પરસ્પરના સ્નેહ અને સહયોગથી સ્ત્રી અને પુરુષ જીવનસાગરની પાર ઉતારે છે. બંને માટેનું સામૂહિક નામ दम्पती છે. એનો અર્થ 'ઘરના સ્વામી' થાય. બંને એક થઈને ઘરના સ્વામી છે. એકબીજાની સમાનતાનો સ્વીકાર આ નામકરણમાં થયેલો છે. તેઓ એકબીજાનું અર્ધું અંગ છે ને પતિ-પત્ની વિના અર્ધો – અપૂર્ણ છે. अर्धो वा एष आत्मनों यदपत्निः। આથી તો પતિ-પત્નીને એક દાળની બે ફાડની ઉપમા આપવામાં આવી છે. (શ. બ્રા - ૧૪-૪-૨-૪, ૫) પરિણામે, સોમરસ પીસવાનો હોય, યજ્ઞકાર્યનું નિર્વહણ કરવાનું હોય કે કામોપભોગ હોય – બંનેએ સાથે રહીને જ સઘળું કરવાનું છે.

પત્નીની સહુપ્રથમ સંજ્ઞા નારીને લગ્ન – સંસ્કાર દરમ્યાન પ્રાપ્ત થાય છે એમ પારસ્કર ગૃહ્યસૂત્ર પરથી જણાય છે. (પારસ્કર - ગૃહ્યસૂત્ર - ૧/૬૨) આ પત્ની હવે પતિ કાજે કતિપય કર્તવ્યથી બંધાય છે. હવે તે સૌભાગ્યકાંક્ષિણી બનતાં પતિ દીર્ઘાયુ બને એવી તેની હૃદયેચ્છા અંકુરિત થાય છે. आयुष्यमानस्तु मे पतिः। વળી જ્ઞાતિજનોની બાંધવોની અભિવૃદ્ધિ એ તેની દ્વિતીય હૃદયેચ્છા – (एधन्तां ज्ञातयो मम। પત્નીએ વિચારશીલ પતિપરાયણ કલ્યાણ સદૈવ હસમુખી ધર્મનિષ્ઠ અને કુટુંબવત્સલ બનવું જોઈએ. આ તેની પાસેની ન્યૂનતમ અપેક્ષાઓ હતી. જે સ્ત્રી પતિની હયાતિમાં અન્ય પુરુષ સાથે સંબંધ રાખે તેને તો 'વરુણનું પાપ લાગતું.' પોતાની કર્તવ્યનિષ્ઠા અને પ્રેમથી તો તે સાસુ, સસરા કે નણંદમાં પણ 'સમ્રાજ્ઞી' બની શકતી

આમ જાયા પતિની અર્ધાંગિની તેમજ માતા તરીકે વેદમાં નારીની પ્રતિષ્ઠા સુપ્રતિષ્ઠિત હતી. મનુને પણ કહેવું પડ્યું : यत्र नार्यस्तु पूज्यन्ते रमन्ते तत्र देवताः।

**વૈદિક સમયમાં નારી લગ્ન વ્યવસ્થા:**

એ સમયે યોગ્ય વયની યૌવનસંપન્ન થતાં નારીનું લગ્ન થતું. લગ્ન વ્યવસ્થા સંપૂર્ણપણે વૈદિક સમયમાં પ્રચલિત અને પ્રતિષ્ઠિત થઈ ચૂકી હતી. 'સૂર્યાવિવાહ'નું સૂક્ત આનું જ્વલત ઉદાહરણ છે. સૂત્રગ્રંથોમાં લગ્ન કેવી રીતે કરવા તેનું અતિવિસ્તૃત વર્ણન પણ પ્રાપ્ત થાય છે. વિવાહ બાદ નારીનું સ્થાન ગૃહિની રૂપે પ્રતિષ્ઠિત થતું. અહીં તે અર્ધાંગની તરીકે પતિગૃહે પ્રવેશતી.

પતિગ્રહપ્રવેશ ઘરની દાસી થવાના ઉત્તરદાયિત્વને નહીં પણ સમ્રાજ્ઞી બનવાના આશીર્વાદને મહત્તા અપાતી. વળી વેદના ઋષિ કહે છે કે,

**सम्राज्ञी श्वसुरे भव सम्राज्ञी श्वश्वां भव।**
**ननान्दरि सम्राज्ञीं भव सम्राज्ञीं अधि देवृषु।।**

(ऋ.वे - ૧૦-૮૫-૪૨)

આમ નારી લગ્ન પછી ઘરની સ્વામિની બનતી અને યજ્ઞાદિ ધાર્મિક કાર્યોમાં તે પતિને સર્વદા સાથ આપતી. લગ્ન બાદ પોતાની જવાબદારીઓને પૂર્ણ કરવા સ્ત્રીને અનેક ફરજોનું વહન સ્વૈચ્છાએ કરવું પડતું. ગોદોહન, ગૃહસંમાજન, વડીલસેવા જેવાં દૈનિક કે અગ્નિક્ષેત્ર જેવાં ધાર્મિક કાર્યો કરવા ઉપરાંત પ્રસંગોપાત યુદ્ધ વગેરેમાં પણ પત્ની સહર્ષ સહાયક બનતી હતી. લગ્નજીવનનું ધ્યેય તો પતિપત્નીના આજીવન સખ્ય, સુખ અને હૃદયના ઐક્યમાં હતું. તેઓ પુત્ર-પૌત્રો સાથે આનંદપૂર્વક જીવન જીવીને વેદકાળની 'સમાના હૃદયાનિ' ની ભાવનાને મૂર્તિમંત કરતા.

**इदैव स्तं मा वि यौष्टं विश्वमायुर्व्यश्नुतम्।**
**क्रीळन्तौ पुत्रेर्नप्तृभिर्भोदभानौ स्वे गृहे ।।**

(ऋ.वे - ૧૦-૮૫-૪૨)

અર્થાત્ – આ સંસારમાં તમે એકબીજાથી જુદાં ન થાઓ, પોતાના ઘરમાં પુત્ર અને પાત્રોની સાથે ખેલતાં અને આનંદ કરતાં

તમે સંપૂર્ણ આયુષ્ય ભોગવો.

ઋગ્વેદના એ સમયને અભિવ્યક્ત કરતું ડૉ. રાધાકુમુદ મુકરજીનું મંતવ્ય નોંધપાત્ર છેઃ

"Rigveda Shows An equal advance in thought and life In social life it stands for monogamy, suncity of marriage, domestic purity, patriarchal system with it's appropriate laws of inheritance honors of women hood-highest education of women some of ahom rank as rise like Apala and Paylomi or as Brahmavadinis like Gurgi and Maitreyi of Upanishadic fame."

- Dr. Radha Kumud Mookerji., K.C. Raja Presentation Volume Democracy in Vedic Culture.

સમાજનું કોઈપણ એવું ક્ષેત્ર નથી જ્યાં નારીએ પોતાના ઓજસનાં અજવાળા પાથર્યાં ન હોય. વૈદિક સમયથી ઘોપા - અપાલા - કાક્ષીવતી - ગાર્ગી - મૈત્રેયી તથા આજસુધી નારી દરેક ક્ષેત્રમાં આગળ છે. રમતગમતક્ષેત્રે સાનિયા મિર્ઝા, સાયના નેહવાલ, મેરી કોમ, અવકાશ ક્ષેત્રે સુનિતા વિલિયમ્સ, કલ્પના ચાવલા, રાજકારણમાં સુષ્મા સ્વરાજ, સોનિયા ગાંધી, કલાક્ષેત્રે મલ્લિકા સારાભાઈ, કૌમુદિની લાખિયા, સંગીતક્ષેત્રે લતા મંગેશકરથી લઈ શ્રેયા ઘોષાલ, અભિનય ક્ષેત્રે ઐશ્વર્યા રાય, પ્રિયંકા ચોપરા જેવી વિશ્વસુંદરીઓ, સામાજિક ક્ષેત્રે સુ.શ્રી. ઈલા ભટ્ટ, લેખનક્ષેત્રે અરુંધતી રોય, સુધા મૂર્તિ કે વ્યાપાર – બેંકિંગ જેવાં ક્ષેત્રોમાં પણ SBIના ચેરપર્સન અરુંધતી ભટ્ટાચાર્ય, પેપ્સીના CEO ઈન્દિરા નૂયી કે પછી રિલાયન્સના નીતા અંબાણી. આમ આવા તો વિવિધક્ષેત્રમાં નારીના દૃષ્ટાન્ત મૂકી શકાય એમ છે. નારીની સફળતાઓ સમાજનાં તમામ ક્ષેત્રોમાં આકાશને આંબી ગઈ છે. ઇતિહાસમાં રાણી લક્ષ્મીબાઈ અને રઝિયા સુલતાનના નામ સુવર્ણ અક્ષરે લખાયાં છે. રાજકીય ક્ષેત્રે આનંદીબેન પટેલ, મમતા બેર્નજી, જયલલિતા, વસુંધરા રાજે અને આપણા દેશના પ્રથમ મહિલા વડા પ્રધાન શ્રીમતી ઈન્દિરા ગાંધીએ કુનેહ અને કુશળતાથી વર્ષો સુધી દેશનું સુકાન સંભાળ્યું.

અંતમાં, સર્વ નારી શક્તિને વંદન અભિનંદન...

**સંદર્ભગ્રંથ**


*(૧) ઋગ્વેદ સંહિતા – સં. ડૉ. ગૌતમ પટેલ, ડૉ. હર્ષદેવમાધવ-પાર્શ્વ – અમદાવાદ*

*(૨) વૈદિકસૂક્તમંજૂષા – ડૉ. હર્ષદેવ માધવ, ડૉ. રવીન્દ્ર ખાંડવાળા પાર્શ્વ – અમદાવાદ*

*(૩) ઋગ્વેદ સાયળ ભાષ્ય – વૈદિક સંશોધન - મણ્ડલ – પુના.*

*(૪) વૈદિક પાઠાવલી - ર. છો. પરીખ, ગુજરાત પુરાતત્વમંદિર – અમદાવાદ*

*(૫) વૈદિક સાહિત્ય અને સંસ્કૃતિ, લે. - ડૉ. ગૌતમ વાડીલાલ પટેલ, યુનિ.-ગ્રંથ નિર્માણ બોર્ડ, અમદાવાદ-૧૯૯૦.*

*(૬) નારી શિક્ષા – ગીતાપ્રેસ ગોરખપુર, સં. ૨૦૬૩*

*(૭) વેદનું રહસ્ય, શ્રી. અરવિંદ, અનુ. – શાન્તિલાલ ઠાકર.*

*(૮) Democracy in Vedic Culture, Dr. Radha Kumud Mookerji, K. C. Raja Presentation Volume.*


✦ ✦ ✦


સંપર્ક : ૯૩૨૭૯ ૧૪૪૮૪, હિંમતનગર


# રામાયણ–મહાભારત કાળની અદ્વિતીય નારી રત્ન


**ડૉ. હિના વાય. શાહ**


**રા**માયણ અને મહાભારત એ માત્ર ઐતિહાસિક કથા નથી, પરંતુ એક મહાકાવ્ય છે. રામાયણ અને મહાભારત (Timeless) છે. સમયનાં પ્રવાહમાં હજારો વર્ષ વીતી ગયા પછી પણ તેની કથા, તેના પાત્રો, તેનું હાર્દ લુપ્ત નથી થયું. પરંતુ જાણે હજુ ગઈકાલની જ ઘટના હોય તેમ આજના યુગના મનુષ્યના મન-હૃદયમાં જડાઈ ગઈ છે. એ એક આશ્ચર્યની વાત છે. આ કોઈ નાની ઘટના નથી. એક આખો યુગ દ્વાપર કે ત્રેતાયુગ આ ઘટનાઓનાં સંદર્ભથી ઓળખાય છે. મનુષ્યનાં મનમાં ઉદ્ભવતી લાગણીઓનું પ્રતિબિંબ આ કથાનકોમાં જણાય છે. આજે પણ કોઈ સારી-ખરાબ ઘટના હોય, માનવીના મનમાં શુભાશુભ ભાવની વાત હોય, કોઈ મનુષ્યનાં સદર્ભમાં વાત કરવી હોય તો મહાભારત અને રામાયણના પાત્રોનો સંદર્ભ લેવામાં આવે છે.

પુત્રમોહ માટે ધૃતરાષ્ટ્ર યાદ કરવામાં આવે, તો કપટ માટે શકુનિ. ધર્મ પ્રત્યે પ્રતિબદ્ધતા માટે યુધિષ્ઠિર યાદ આવે, તો સત્તાલાલસા માટે દુર્યોધન યાદ આવે. રામાયણ અને મહાભારતમાં અનેક સ્ત્રીરત્નનું પણ વિવરણ જોવા મળે છે. આશ્ચર્યજનક રીતે બહુધા આ પાત્રોને તેના સદ્ગુણોથી યાદ કરવામાં આવે છે. જેમ કે, શીલ માટે સીતા, તો સંઘર્ષ માટે અંજના સતી. પ્રેમની મૂર્તિ તરીકે રાધા, તો ચૂપચાપ પતિવિયોગ સહન કરનારી ઉર્મિલાને યાદ કરવામાં આવે છે. આ બધા તથા આ સિવાય નામી-અનામી પાત્રો તેમના ગુણોથી અસામાન્ય મહત્વ ધરાવે છે. આ બધા નારી પાત્રો બાહ્ય રીતે તો અનેક કૌશલ્ય ધરાવે છે. કળા વિદ્યામાં પારંગત છે. જેમ

કે સીતા બાળપણમાં શિવ-ધનુષથી રમતા હતા તેટલા શક્તિશાળી હતા. સામુદ્રિક વિદ્યાના જાણકાર હતા. કુંતી અને કૈકેયી અનેક કળાઓમાં પારંગત હતા. કળાઓ સાથે રાજકીય જ્ઞાન, સામાજિક જ્ઞાન પણ એટલું જ હતું. દ્રૌપદી અતિબુદ્ધિમાન હતા.

પરંતુ આજે આ નારીરત્નો ઉપરોક્ત વિદ્યા કે કળાથી નહીં, પરંતુ તેમના ઉત્કૃષ્ટ આંતરિક ગુણથી દરેકનાં હૃદયમાં બિરાજમાન છે. તેમના શીલ, સંયમ, ધૈર્ય, સમજદારી, સહનશીલતા, સહિષ્ણુતા જેવા આદર્શ જીવન મૂલ્યોની આ સમયમાં અતિ આવશ્યકતા જણાય છે. સમયનું વહેણ અવિરત વહેવા છતાં, આ ગુણોની ધારક નારી પર ક્યાંય ઝાંખપ કે ઓછપ નથી આવી. તેમનાં સંદર્ભ આદર્શરૂપે વારંવાર યાદ કરવામાં આવે છે.

ભારતમાં ''જ્યાં નારી પૂજાય છે, ત્યાં દેવોનો વાસ રહે છે.'' આ સૂત્ર પ્રસિદ્ધ છે. નારીને શક્તિ કે દેવી તરીકે તો પૂજે જ છે, પરંતુ ગંગા, યમુના, સરસ્વતી કે સરયુ જેવી નદીને પણ નારી સ્વરૂપે પૂજે છે. વનસ્પતિ (તુલસી)માં પણ નારીને પૂજી છે. પથ્થર (અહલ્યા)માં નારીનું સ્વરૂપ જોયું છે. ભારત દેશને પણ ભારતમાતા કહીને તેનો જયનાદ કર્યો છે. પરકાષ્ઠા તો એ છે કે જેને આખું વિશ્વ એક Planet (ગ્રહ) તરીકે જોવે છે, તે પૃથ્વીને પણ ''મા વસુંધરા'' કે ''પૃથ્વી માતા''થી ઓળખે છે.

ઉપરોક્ત બાબતમાં સુંદરતા એ છે કે આ દરેકને પરમાત્મા કે દેવ સાથે અનુસંધાન છે. ગંગાને મહાદેવે પોતાની જટામાં સ્થાન આપ્યું છે, તો યમુના નદીના કિનારે શ્રીકૃષ્ણ વાંસળી વગાડે છે. સરયુ નદીનાં શાંત તટ પર શ્રીરામ-સીતા વિચરણ કરે છે. તુલસીના વિવાહ શાલિગ્રામ (વિષ્ણુ) સાથે થાય છે. આજે પણ તે દિવસ કાર્તકી પૂનમ (દેવ દિવાળી) તરીકે લોકો ઉજવે છે. પથ્થર બનેલ અહલ્યા શ્રીરામચરણ રજનો સ્પર્શ થતા મૂળ સ્વરૂપમાં આવે છે. ગાયમાં તેત્રીસકોટિ દેવતાનો વાસ છે.

જૈનદર્શનમાં પણ નારીનું સ્થાન ખૂબ જ ગૌરવવંતુ છે. તીર્થંકરની માતા, શલાકા પુરુષની માતા, સાધુ-સંતોની માતા, સાધ્વીજી અને શ્રાવિકાને ગૌરવથી આજે લોકો યાદ કરે છે. જૈનદર્શનમાં દર્શાવેલ સોળ સતીનું સ્મરણ સવારે ઊઠીને તરત જ કરવામાં આવે છે. તે મિશાલ બનેલ જાણીતા નારી રત્ન વિશેનું વિવરણ અહીં દર્શાવેલ છે.

**(૧) સર્વગુણ સંપન્ન આદર્શ નારી સીતાજી :**

કોઈપણ યુગની નારીની વાત કરીએ સીતાજી સૌ પ્રથમ સ્મરણમાં આવે જ. તેમના ઉત્કૃષ્ટ ગુણોથી શ્રીરામની સાથે તેમનું નામ ઇતિહાસમાં અમર થઈ ગયું. તેથી જ આજે હજારો વર્ષ પછી પણ શ્રીરામ ''સીતારામ'' કે ''સિયાવર રામ''થી વધારે ઓળખાય છે. સીતાજીના જીવનમાં બનેલ ઘટના અતિ પ્રસિદ્ધ છે. સીતાજીનું જીવન સંસારની સમસ્ત સ્ત્રીઓ માટે આદર્શરૂપ છે. દરેક મનુષ્યને સીતા જેવી પત્નીની આકાંક્ષા હોય છે. પતિના પગલે-પગલે ચાલવું અને તે પણ વિપત્તિના સમયમાં, ગમે તે પરિસ્થિતિમાં સંયમ ધર્મનું નિતાંત પાલન કરવું. રામ પ્રત્યે ઉત્કટ પ્રેમ છતાં અને તેના દ્વારા ત્યજાવા છતાં પણ રામ પ્રત્યે વિષમભાવ કે દ્વેષભાવ ન રાખવા આ સીતાજીનો સહજ સ્વભાવ હતો.

જે સીતાજી નિર્દોષ અને પવિત્ર છે અને જેના પર શ્રીરામને અતિ પ્રેમ હોય છે, તે સીતાને નિર્મોહી અને કઠોર બનીને શ્રીરામ ગાઢ જંગલમાં મૂકવાનો આદેશ આપે છે. ત્યારે પણ સીતાજી તેમને મૂકવા આવનાર સેનાપતિને કહે છે કે, રામને કહેજો મારા ત્યાગનો વિષાદ ન કરે, પરંતુ પ્રજાવત્સલ રાજા બની પ્રજાનું પુત્રવત્ પાલન કરે.

ઉપરોક્ત બાબતથી એ સ્પષ્ટ થાય છે કે સીતાજીને તો રામ પ્રત્યે પ્રેમ છે, પરંતુ રામને પણ પોતાના પ્રત્યે અગાધ સ્નેહ છે તેવો સીતાને પૂર્ણ વિશ્વાસ છે અને સીતાજી રામની જેમ જ પ્રજા વત્સલ છે તે સાબિત થાય છે.

રાવણ પણ લંકાનો અતિ શક્તિશાળી રાજા હતો. કુશાગ્ર બુદ્ધિવાળો અને અપાર સૌંદર્યનો સ્વામી હતો. પરંતુ પતિવ્રતા સીતાજીએ પોતાની શીલની રક્ષા અર્થે રાવણ સામે અપાર દૃઢતા અને મેરૂવત નિશ્ચલતા દાખવી હતી. તે જ સીતાજીનાં સતીત્વ પર અયોધ્યાની પ્રજાએ અવિશ્વાસ અને શંકા દાખવ્યા. પ્રજાની શંકાના સમાધાન અર્થે ન્યાયી તથા પ્રજાવત્સલ રાજા રામ નિર્દોષ અને પ્રેમાળ પત્નીને તેનો દોષ છે કે નહીં તે જાણ્યા વગર સજા આપે છે, અગ્નિ પરીક્ષાનો આદેશ આપે છે.

આ કેવી બિટંબણા! પ્રજાના શંકાના સમાધાન માટે નિર્દોષ સતીને અન્યાય. આ અન્યાય જાણવા છતાં પણ સીતાજી તરફથી કોઈ આક્રોશ કે વિદ્રોહ નહીં કે પોતાના બચાવમાં કોઈ દલીલ નહીં. આજે પણ તેમના અપૂર્વ ત્યાગ, ધૈર્ય, સહનશીલતા સામે નતમસ્તક થઈ જવાય છે.

**(૨) શ્રીકૃષ્ણની ગૌરવવંતી પટ્ટરાણી રૂક્મિણીજી :**

શ્રીકૃષ્ણના જીવનનું એક મજબૂત અને સુંદર પાત્ર છે રૂક્મિણી. રૂક્મિણીના મોટાભાઈનું નામ રુકમી હતું. તેના ઇચ્છા રૂક્મિણીના લગ્ન રાજા શિશુપાલ સાથે કરાવવાની હતી. પરંતુ રૂક્મિણી તો મનોમન શ્રીકૃષ્ણને ચાહતી હતી. રૂક્મિણી શ્રીકૃષ્ણને સાત શ્લોકમાં એક પત્ર લખે છે. કહેવાય છે કે આ વિશ્વનો સર્વપ્રથમ 'પ્રેમપત્ર'

હતો. પત્રમાં તે શ્રીકૃષ્ણને પરણવાની ઇચ્છા વ્યક્ત કરે છે. મારું અહીંથી અપહરણ કરીને મને લઈ જાવ. શિશુપાલ જેવા કામી પુરુષ શિયાળ જેવા છે, જેનું નામ લેવું પણ મને ગમતું નથી. જો સાધારણ કન્યા હોત તો આવો પત્ર લખી શકી ના હોત. પરંતુ રૂક્મિણી એક અસાધારણ હિંમતવાળી રાજકુમારી હતા.

ભાગવતમાં રૂક્મિણીની કથા ફક્ત અઢી અધ્યાયમાં કરી છે. પરંતુ દક્ષિણ ભારતનાં સંત એકનાથજીએ આ અઢી અધ્યાય પર અઢાર અધ્યાયનું ભાષ્ય લખ્યું છે. તેમણે પ્રત્યેક શબ્દનાં દિવ્ય અર્થ કાઢતા કહ્યું છે કે, ''આ જીવ અને ઈશ્વરના લગ્ન છે.'' આ અર્થને યથાર્થ કરતાં રૂક્મિણીને ઈશ્વર સિવાય બહારની દુનિયાનું રંજમાત્ર પણ આકર્ષણ ન હતું. સાદું ભોજન, સાદા વસ્ત્રો, તુલસીની પૂજા, શ્રીકૃષ્ણનું સ્મરણ આવું તેમનું સાદુ જીવન હતું. મા અંબાની ભક્ત રૂક્મિણી અંબાજીની પૂજા કરવા રથમાં બેસીને નહીં પરંતુ ચાલીને જતા. આજે પણ આ અંબાજીનું મંદિર અમરાવતીમાં મોજુદ છે.

રૂક્મિણી સુદેવ બ્રાહ્મણ સાથે સાત શ્લોકમાં જે પત્ર લખે છે, તેમાં તેઓ શ્રીકૃષ્ણને લખે છે કે, અનેક સંતોનાં મુખેથી મેં તમારા સદ્‌ગુણોની ગાથા સાંભળી છે. હું આત્મ નિવેદન કરું છું કે, તમે નિષ્કામ છો, નિર્વિકાર છો. મારે નિષ્કામ, નિર્વિકાર પરમાત્મા સાથે જ પરણવું છે અને આ જન્મમાં તમે મારો સ્વીકાર નહીં કરો તો હજાર જન્મો સુધી તમારી રાહ જોઈશ. અહીં રૂક્મિણીનો શ્રીકૃષ્ણ પ્રત્યેનો ઉત્કટ પ્રેમ અને તેમને પામવાની ધીરજ જણાય છે.

સુંદર અક્ષરો અને અતિ સ્નેહભર્યા થોડા શબ્દમાં ઘણો ભાવાર્થ ભરેલા આ પત્રની એક ઉત્તમ પ્રેમપત્રમાં ગણના થાય છે. પત્રમાં રૂક્મિણીજી શ્રીકૃષ્ણને બે સંબોધન કરે છે. 'અચ્યુત' અને 'ભુવનસુંદર'. જેને કામનો સ્પર્શ થાય છે તે સ્વરૂપથી ચ્યૂત થાય છે, પતન થાય છે. શ્રીકૃષ્ણની આંખમાં કે મનમાં કામદેવનો સ્પર્શ નથી. તેમનું નિજ સ્વરૂપ કાયમ ઉન્નત સ્થાને જ સ્થિર છે. તેથી રૂક્મિણી શ્રીકૃષ્ણને અચ્યૂત કહે છે. ''न च्यवते नाऽपि च्यविष्यते इति अच्युतः।।'' સૂર્યને જેમ અંધકારનો સ્પર્શ નથી તેમ શ્રીકૃષ્ણને કામનો સ્પર્શ નથી, તેઓ પૂર્ણ નિષ્કામ છે.

શ્રીકૃષ્ણ ત્રણેય લોકમાં અતિસુંદર છે, મનમોહક છે. આ પૂર્ણ સંસારનું સૌંદર્ય શ્રીકૃષ્ણના સૌંદર્યનો અલ્પાંશ છે. શ્રીકૃષ્ણના આ બાહ્યરૂપ અને આંતરિક સ્વરૂપ બંનેથી બુદ્ધિશાળી રૂક્મિણીજી જ્ઞાત છે.

ઉપરોક્ત પત્રથી રૂક્મિણીની તરલતા, સરળતા, સાહસિકતા, ધીરજ અને બુદ્ધિમત્તા આદિ ગુણોના દર્શન થાય છે. સૌંદર્યવાન રૂક્મિણી માટે અનેક રાજાઓ યુદ્ધ કરવા તૈયાર રહેતા. જ્યારે તેઓ મા અંબાના મંદિરે પૂજા કરવા નીકળતા ત્યારે આજુબાજુના રાજ્યનાં રાજા અને રાજકુમારો તેમની એક ઝલક જોવા માટે કલાકો સુધી ઊભા રહેતા. શિશુપાલ જેવા રાજાની રાણી બનીને સાંસારિક સુખ ભોગવવાનું તેમને મંજૂર ન હતું. તેથી જ તેઓ શિશુપાલથી બચીને શ્રીકૃષ્ણ જેવા ગોવાળને પસંદ કરે છે. શ્રી ભાગવતમાં રૂક્મિણીને મહાલક્ષ્મીનો અવતાર કહ્યા છે અને શ્રીકૃષ્ણને વિષ્ણુનો અવતાર કહ્યા છે.

શ્રીકૃષ્ણ-રૂક્મિણીનાં લગ્ન એક સાધારણ સ્ત્રી-પુરુષનાં લગ્ન ન હતા, પરંતુ અલૌકિક લગ્નમાં તેની ગણના થાય છે. રૂક્મિણી શ્રીકૃષ્ણની પતિપરાયણ, સર્વગુણ સંપન્ન પત્ની હતા અને સાથે-સાથે તે સમયની સામાજિક તથા રાજનૈતિક ક્ષેત્રમાં પોતાની તીવ્રબુદ્ધિથી શ્રીકૃષ્ણને સંપૂર્ણ સહયોગ આપતા હતા.

**(૩) મહાભારતની તેજસ્વીની દ્રૌપદી :**

મહર્ષિ યાજ દ્વારા સંપાદિત યજ્ઞકુંડથી ઉત્પન્ન થયેલ હોવાથી દ્રૌપદીનું એક નામ યાજ્ઞસેની છે. પાંચાલ દેશની દ્રુપદ રાજાની પુત્રી હોવાથી પાંચાલી પણ કહેવાય છે અને ક્રિષ્ણાથી પણ ઓળખાય છે. દ્રૌપદીનું પાત્ર ઇતિહાસમાં વિવાદાસ્પદ રહ્યું છે. કોઈ તેને અભિમાની કહે છે, તો કોઈ તેને સ્વાભિમાની કહે છે. કોઈએ તેને ક્રોધી કહી છે, તો કોઈએ અતિ મહત્વાકાંક્ષી બતાવી છે. કોઈએ પ્રતિશોધ માટે વ્યગ્ર ગણાવી છે. જો દ્રૌપદીએ દુર્યોધનને કે કર્ણને ઉપાલંભ ભર્યા શબ્દ ન કહ્યાં હોત તો મહાભારત ન રચાત. આમ, કહી તેને મહાભારતના યુદ્ધ માટે જવાબદાર ગણી છે.

પૂર્વજન્મનાં કોઈ કર્મના પરિણામના ફળ સ્વરૂપ પાંચ પતિની પતિવ્રતા પત્ની દ્રૌપદીને જૈન કથાનકમાં સતી કહ્યા છે. પતિના પગલે-પગલે ચાલતી. પરંતુ પોતાના પર થયેલા અન્યાયનો જવાબ માંગતી અતિ હિંમતવાળી નારી દ્રૌપદીને યુધિષ્ઠિર દ્યુતક્રીડામાં હારી જાય છે. કૌરવો દ્વારા રાજસભામાં ખેંચીને લાવવામાં આવે છે. અભદ્ર શબ્દ અને કુચેષ્ટા દ્વારા તેને ભરસભામાં લજ્જિત અને અપમાનિત કરવામાં આવે છે. કુરુવંશના વડીલો, ગુરુજનો અને પોતાનાં પાંચ પતિની સામે ભરસભામાં ચીરહરણ જેવું દુષ્કૃત્ય કરવામાં આવે છે.

પરાજિત પાંડવો સાથે હસ્તિનાપુરની કૂળવધુ વન તરફ પ્રયાણ કરે છે. બાર વર્ષ જંગલમાં રહે છે, એક વર્ષ અજ્ઞાતવાસમાં વિરાટનગરમાં મહારાણી સુદેષ્ણાની દાસી સૈરન્ધ્રીના રૂપમાં રાજમહેલમાં સેવા કરે છે. કુરુક્ષેત્રના યુદ્ધમાં પોતાના પુત્રના શબ પર કલ્પાંત કરતી દ્રૌપદીનું જીવન અતિ વિષમ અને વિચિત્ર પરિસ્થિતિમાંથી પસાર થયું હતું. ''મહાભારત''માં તેને દુઃખી અને

વ્યથિત નારીના સ્વરૂપે દર્શાવવામાં આવી છે.

પુરાણમાં તથા ભટ્ટનારાયણની કૃતિ ''વેણીસંહાર''માં પણ તેને અપમાનિત દુ:ખી સ્ત્રીનાં રૂપમાં દર્શાવેલ છે. જૈન આગમમાં દ્રૌપદીનું વૃત્તાંત સૂત્રરૂપમાં અને વિસ્તારથી પણ દર્શાવેલ છે. દ્રૌપદીનો સર્વપ્રથમ ઉલ્લેખ સ્થાનાંગસૂત્રમાં જોવા મળે છે. વિસ્તૃતરૂપથી જ્ઞાતાધર્મકથામાં જોવા મળે છે. જિનસેનકૃત હરિવંશપુરાણ (ઈ.સ. ૭૮૩)માં દ્રૌપદીકથા વૈદિક અને જૈન પરંપરાના મિશ્રિત રૂપથી છે. શુભચન્દ્ર રચિત પાંડવપુરાણ (ઈ.સ. ૧૫૫૧)માં દ્રૌપદીકથા વિસ્તૃત રૂપથી જોવા મળે છે.

જે સાંભળવામાં અરૂચિકર કે અનૈતિક લાગે તેવી પરિસ્થિતિ દ્રૌપદી સાથે સર્જાઈ હતી. કુંતીએ જ્યારે જોયા વગર અર્જુનને કહ્યું કે જે વસ્તુ લાવ્યા છો, તે પાંચે ભાઈઓ વહેંચી લો. અને આ રીતે દ્રૌપદી પાંચ પાંડવની પત્ની બન્યા અને સતી કહેવાયા. વિચિત્ર પરિસ્થિતિનો નતમસ્તક સ્વીકાર કરનાર દ્રૌપદીએ શીલ, સંયમ અને સદાચારમય જીવન દ્વારા સતીત્વને સાર્થક કર્યું. આત્મસુખ અને ધર્મની જિજ્ઞાસા હંમેશા જાગૃત રહી અને જીવનમાં અંતિમ સમયમાં પાંચ પાંડવ સાથે હિમાલય તરફ પ્રયાણ કર્યું.

જીવનમાં બનતી ચિત્ર-વિચિત્ર ઘટનાની તાત્વિક વિચારણા અને ત્યાગભાવનાને કેળવતા પોતાના જીવનને જીવનમુક્ત દશામાં પલટાવી દીધું.

**(૪) મહાસતી કુંતી :**

માતા સુભદ્રાની પુત્રી કુંતીને દસ ભાઈ હતા. સમુદ્રવિજય, વાસુદેવ આદિ દસ ભાઈ દશાર્હના નામથી જૈન સાહિત્યમાં પ્રખ્યાત છે. શ્રીકૃષ્ણ તેમના ભત્રીજા હતા અને માદ્રી તેમની નાની બેન હતી. કુંતીના ભાઈઓની જાહોજલાલી અને કીર્તિ પૂરા ભારતવર્ષમાં ફેલાયેલી હતી. અસીમ રાજ્ય, અક્ષયધન બધા જ પ્રકારનાં સુખ અને અત્યંત પારિવારિક સ્નેહ આવા મહાન પરિવારમાં કુંતીનો જન્મ થયો હતો.

માતા-પિતા, ભાઈ-બહેનની લાડકી કુંતી અત્યંત સુંદર હતી. કુંતીનો બૌદ્ધિક વિકાસ ઘણો જ હતો. કુંતી પ્રયોગાત્મક અભ્યાસના માધ્યમથી વિવિધ કલાઓમાં પારંગત બનતા ગયા. તેમની સ્મરણ શક્તિ, નિરીક્ષણ શક્તિ, શબ્દભંડાર, રંગોનું જ્ઞાન, અંકજ્ઞાન, ચિત્રકામ આદિ અદ્ભૂત કુદરતી બક્ષિસ મળેલી હતી. તે ઉપરાંત પંદર વર્ષની નાની વયની એ રાજકુમારીએ ધર્મશાસ્ત્ર, વ્યાકરણ, લિપિ, સાહિત્ય, ભૂગોળ, ઇતિહાસ, શરીરશાસ્ત્ર, વનસ્પતિશાસ્ત્ર, ભૂગર્ભશાસ્ત્ર, સંગીત આદિ અનેક વિદ્યા અને કળાનું જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. આ દર્શાવે છે કે હજારો વર્ષ પૂર્વે પણ સ્ત્રી શિક્ષણ, સ્ત્રીનો વિકાસ, સ્ત્રી સશક્તિકરણનું મહત્વ જરાપણ ઓછું નહોતું. નારીનું ગૌરવવંતુ સ્થાન હતું. પ્રાચીન કાળની નારીમાં સૌથી અદ્ભૂત વાત એ હતી કે બાહ્ય શિક્ષણ, ધનુર્વિદ્યા આદિ અનેક કલામાં પારંગત નારીને જરાપણ ઘમંડ ન હતો. પરંતુ તેમનું હૃદય એટલું જ સુંદર, કોમળ, ધૈર્યવાન અને વાત્સલ્યથી ભરપૂર હતું. સ્ત્રીઓ કર્તવ્ય પરાયણ, ધર્મનિષ્ઠ અને અત્યંત સમજદાર હતી.

લગ્ન યોગ્ય ઉંમર થતા કુંતીનો સ્વયંવર યોજાયો. જેમાં દેશ-વિદેશનાં રાજા-રાજકુમારો ઉપસ્થિત હતા. પાંચાલ, કલિંગ, સોરઠ, વિરાટ, કાશી, કૌશલ, બંગ આદિ ભારતનાં પ્રાય: અનેક સુંદર, શક્તિશાળી રાજકુમાર આવ્યાં હતા. પરંતુ કોઈ અગોચર કારણસર નિસ્પૃહ અને સરળ ભાવથી નીચું જોઈ ઉભેલા, પાંડુરોગથી ગ્રસિત તેવા પાંડુના ગળામાં કુંતીએ વરમાળા પહેરાવી. સરળ હૃદયથી પાંડુએ ગંભીર થઈને કહ્યું કે, હું રોગગ્રસ્ત છું. જો મહારાજાનું આમંત્રણ સ્વીકારીને ન આવું તો રાજા અને રાજકન્યાનું અપમાન થાય. હું તમારે યોગ્ય નથી, કોઈ સુંદર, સ્વસ્થ રાજકુમારને પરણી જાવ. આ વરમાળા હું કૃતજ્ઞતાપૂર્વક પરત કરું છું. પાંડુની સરળતા, ઉદારતાથી કુંતી અધિક પ્રભાવિત થઈ.

માતા સુભદ્રા ચિંતિત થઈને કુંતીને ફરી વિચાર કરવા કહે છે, ત્યારે કુંતી કહે છે કે સુંદરતા એક દિવસ નષ્ટ થઈ જશે, ઈંદ્રિયો ક્ષીણ થઈ જશે પરંતુ ધર્મનિષ્ઠ પાંડુનો ધર્મ સદાકાળ ચમકતો રહેશે. ભોગી જે ભોગમાં સુખ માને છે, તેના ત્યાગમાં યોગી સુખ માને છે.

ઉપરોક્ત તેમની તાત્વિક વિચારણા પરથી કુંતીનો ધર્મ પ્રત્યેનો અનુરાગ અને સંસાર પ્રત્યે વિરક્તિ સ્પષ્ટ જણાઈ આવે છે.

કૌરવોએ પાંડવોના વિનાશ કરવાના અનેક ઉપાય કર્યા, ભયાનક વિપત્તિઓ ઉત્પન્ન કરી અને રાજ છીનવી લીધું. તેમ છતાં પણ પાંડુરાજાના મૃત્યુ પછી તેના મોટાભાઈ ધૃતરાષ્ટ્ર અને ભાભી ગાંધારી સાથે કુંતી સ્નેહથી રહેતા હતા. પોતાના પુત્રોને અન્યાય થયો હોવા છતાં, મહાયુદ્ધ સર્જાઈ ગયું છતાં પણ કુંતી – ગાંધારી સગી બહેનોની જેમ સુખ દુ:ખની વાતો કરતા. પોતાના પુત્રોના મૃત્યુથી વ્યથિત ધૃતરાષ્ટ્ર – ગાંધારી તપોવન જવાની તૈયારી કરે છે ત્યારે સતી કુંતી પણ તેમને સાથ આપવા સાથે જવાની તૈયારી કરે છે. આ તેમની અસાધારણ ઉદારતા અને સહિષ્ણુતાની પરાકાષ્ઠા અહીં જણાય છે. તેમને રાજ્યનો કે સુખ ભોગવવાને કોઈ મોહ ન હતો, પરંતુ કર્તવ્યને જ અગ્રિમ સ્થાન આપ્યું હતું.

અંતિમ સમયમાં કુંતી પ્રવજ્યા ગ્રહણ કરવા ઇચ્છે છે. પુત્રો પાંડવો તેમને રાજમહેલમાં લાવે છે, પરંતુ તેમનો આત્મા એટલો

વિશાળ બની ગયો હોય છે જાણે કે રાજમહેલમાં સમાઈ નથી શકતો અને સતી કુંતી સંયમ ગ્રહણ કરીને અલ્પકાળમાં અનંત આત્મિક સુખમાં લીન થઈ જાય છે.

**(૫) કલાનિપુણ કૈકેયી :**

રાજા શુભમતિ અને પૃથ્વીરાણીની કન્યા કૈકેયી અનેક કલાઓમાં પ્રવીણ હતા. રાજા દશરથની પ્રિય પત્ની હતી. જૈનેતર ગ્રંથમાં કૈકેયીનું ચરિત્ર-ચિત્રણ, દાસી મંથરાની કુટિલ નીતિથી ભ્રમિત થયેલ નિન્દનીય પાત્ર તરીકે વર્ણવેલ છે. તે સાહિત્યમાં કૈકેયીને આદર્શનારી નહીં, પરંતુ ભૌતિકવાદી અને સ્વાર્થી નારીનાં રૂપમાં ચિત્રણ કર્યું છે. જ્યારે જૈન સાહિત્યમાં કૈકેયીનું સન્માનીય અને કલાઓમાં નિપુણ રાણી તરીકેનું ચિત્રણ કર્યું છે. જૈન સાહિત્યમાં મંથરાની કુટીલ નીતિનો ક્યાંય ઉલ્લેખ નથી. અર્થાત્ રામચરિત માનસનાં બધા જ દોષોથી રહિત કૈકેયીને જૈન સાહિત્યમાં દર્શાવી છે.

કૈકેયીનો પોતાના પુત્ર ભરત માટે અત્યંત સ્નેહ હતો. પરંતુ સાથે-સાથે કૌશલ્યાનંદન રામ પર પણ અપાર વાત્સલ્ય હતું. તેણી વારંવાર ભરતને વિચારવિમર્શ કરવા કે સલાહ લેવા રામ પાસે મોકલતી. કૈકેયી રથસંચાલન કળામાં નિપુણ હતી. યુદ્ધનાં સમયે પોતાના ચાતુર્યથી રાજા દશરથનો રથ સંભાળી લીધો હતો. તેના આ ચાતુર્ય, કૌશલ્યની રાજા દશરથ પ્રસન્ન થયા હતા અને તેના પર વિશેષ ભાવ રાખતા. દશરથ રાજા પાસે તેમણે સમય આવ્યે બે વરદાન માંગ્યા હતા. પુત્ર ભરત માટે રાજ્ય અને રામને વનવાસ આ કથા પ્રસિદ્ધ છે.

રામ-લક્ષ્મણ અને જાનકીના વનવનાસથી વ્યથિત થયેલા કૌશલ્યા, સુમિત્રા અને લક્ષ્મણની ભાર્યા ઉર્મિલાને જોઈને કૈકેયીને પણ પોતાનાથી થયેલ ભૂલ સમજાય છે. ઋજુ હૃદયી કૈકેયી પણ અત્યંત દુઃખી રહે છે. આ દર્શાવે છે કે કૈકેયી કોમળ હૃદયની હતી. પરંતુ કર્મના કોઈ વિશેષ ઉદય અને પુત્ર વાત્સલ્યના નિમિત્તના કારણે આ ઘટના ઘટી ગઈ.

જૈન ઇતિહાસમાં આ નારીનાં બુદ્ધિચાતુર્ય અને ત્વરિત નિર્ણય શક્તિની ઘણી જ પ્રશંસા કરેલ છે. કૈકેયી ઘણી જ વિદ્યાઓમાં પારંગત હતી. તેની અંગહારાશ્રય, અભિનાયાશ્રય અને વ્યાયામિક આ ત્રણ પ્રકારના નૃત્યની જાણકાર હતી. કંઠ, મસ્તક અને ઉરઃસ્થલથી અભિવ્યક્ત થતા સપ્ત સ્વરાત્મક સંગીતની શિક્ષા પ્રાપ્ત કરી હતી. સ્વર, લય, આરોહ-અવરોહનું પરિપૂર્ણ જ્ઞાન હતું. સંસ્કૃત, પ્રાકૃત અને સૌરશેની ભાષાનું જ્ઞાન હતું. વીણા, મૃદંગ, બાંસુરી, તાલ આ ચાર પ્રકારના વાદ્ય સંગીતમાં વિદ્યા પ્રાપ્ત કરી હતી. શૃંગાર, હાસ્ય આદિ નવ પ્રકારના રસ અને તેના અવાંતર અનેક ભેદનું જ્ઞાન હતું.

ગદ્ય, પદ્ય, ચંપુ આ ત્રણ પ્રકારના કાવ્યરૂપ તથા લિપિ, ભાષણચાતુર્ય, ચિત્રકલા આદિનું જ્ઞાન હતું. ઔષધવિજ્ઞાન, રસવિજ્ઞાન આદિ અનેક વિદ્યા તથા કલાઓનું પરિજ્ઞાન હતું. મા સરસ્વતીની અતિકૃપા કૈકેયી પર વરસી હોય તેવું જણાય છે. આ દર્શાવે છે કે તે સમયની નારી શિક્ષણ, યુદ્ધકળા, ધનુર્વિદ્યા, રાજનીતિ આદિ અનેક વિદ્યા અને કળાઓનું જ્ઞાન પામવા હકદાર મનાતી હતી અને દરેક વિદ્યાનો ઊંડાણપૂર્વક અભ્યાસ પણ થતો હતો.

એ વિચાર રહ્યા કરે કે એ સમયની સ્ત્રીઓ કઈ માટીથી બનેલી હશે. રઘુવંશના રાજારામની સુલક્ષણા પત્ની સીતાને કલંક, વનવાસ, અગ્નિપરીક્ષા, પતિનો વિયોગ આદિ રહ્યો હતો. દ્રૌપદીને અપમાન, આરોપ, વનવાસ, ભરસભામાં ચીરહરણ, તો હનુમાનની માતા અને પવનંજયની પત્ની અંજનાનું જીવન પણ સંઘર્ષમય રહ્યું. પતિને તેના ચારિત્ર પર શંકા, પતિની અવહેલના, બાવીસ વર્ષ સુધી પવનંજય તેનું મુખારવિંદ જોતા નથી એટલો બધો ધિક્કાર. આ અવગણના, અવહેલના, ધિક્કાર સાથે એક દિવસ પણ કાઢવો અતિ મુશ્કેલ હોય છે. ઉર્મિલાના પતિ લક્ષ્મણ રામ સાથે વનવાસ જતા રહે છે. પતિના વિયોગમાં ઉદાસ ઉર્મિલા આહાર-વિહાર સાદો કરી દે છે. જમીન પર સૂવાનું, સાદો પહેરવેશ, સાદુ જમવાનું અને કોઈ મનોરંજન નહીં. કોઈની સાથે વાત નહીં, રાજમહેલમાં જંગલમાં રહેતા હોય તેમ રહે છે. કુંતીને પણ પારાવાર વેદના રહ્યા કરતી હતી. એકબાજુ પોતાનો જ જ્યેષ્ઠ પુત્ર કર્ણ અને સામે પોતાના પાંચ પુત્ર વચ્ચે કુરુક્ષેત્ર પર લડાઈ, વનવાસ, અનેક દુઃખદ વળાંકો આ બધી નારીઓના જીવનમાં રહ્યા હતા.

વળી, આ બધી કોઈ સામાન્ય સ્ત્રીઓ ન હતી, પરંતુ સુખ-વૈભવમાં મોટી થયેલ રાજકુમારી કે રાણી હતી. ગર્વથી મસ્તક ઊંચુ રહે તેટલી હોંશિયાર, બુદ્ધિશાળી અને સૌંદર્યવાન હતી.

જાણે એવું લાગે કે કોઈ વીર યોદ્ધાને રણસંગ્રામમાં લડાઈ કરતાં અસંખ્ય ઘાવ પડે તેના કરતાં ઘણા જ વધારે, જીવન પર્યંત, સમગ્ર અસ્તિત્વ પર ઉઝરડા પાડી દે, હચમચાવી દે તેવા ઘાવ આ કોમળ નારીઓ પર પડ્યા હતા. એ કોઈ પણ માટીની બનેલી હશે, પરંતુ હૃદય તો બેશક સોનાનું જ હશે. જે આટલા ભયંકર તાપમાં દિનબદિન શુદ્ધ જ થતું રહ્યું અને તેમના નામ હંમેશા માટે સુવર્ણ અક્ષરે ઇતિહાસમાં લખાઈ ગયા.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૨૫૦ ૩૮૧૪૮

# બૌદ્ધધર્મમાં ભિક્ષુણીનું સ્થાન અને પ્રદાન

ડૉ. બીના વિરેન્દ્ર શાહ

દરેક ધર્મના દરેક વ્યક્તિ કોઈપણ જાતિ કે વર્ગના ભેદભાવ સિવાય ધ્યાન અને સાધનાના માર્ગે આગળ વધી શકે છે. ભારતીય સંસ્કૃતિમાં મુખ્યત્વે ધર્મની બે પરંપરાઓ જોવા મળે છે. (૧) વૈદિક પરંપરા અને (૨) શ્રમણ પરંપરા. શ્રમણ પરંપરામાં જૈનધર્મ અને બૌદ્ધધર્મનો સમાવેશ થાય છે. બંને પરંપરામાં સ્ત્રીઓ પ્રવજ્યા ધારણ કરી ધ્યાન અને સાધનાના માર્ગે આગળ વધી શકે છે.

વૈદિક પરંપરામાં ઋગ્વેદમાં ઋગ્વેદની સર્વાનુક્રમણિકામાં ઘોષા, રોમશા, અપાલા, વિશ્વવારા, સૂર્યાસાવિત્રી વગેરે સ્ત્રીઓના ઉલ્લેખ મળે છે, કે જેમણે વેદસૂક્તોની રચના કરી હતી. ઉપનિષદમાં ઋષિ યાજ્ઞવલ્કયની પત્ની મૈત્રેયીને 'બ્રહ્મવાદીની' કહી છે. તેણે પતિની સાથે પ્રવજ્યા ધારણ કરી હતી. રામાયણ અને મહાભારતમાં સંન્યાસીનીઓ અને ભિક્ષુણીઓનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. રામાયણમાં શબરીને 'અરણ્યકાંડ'માં તાપસી કહી છે. મહાભારતમાં શ્રીકૃષ્ણના મૃત્યુ બાદ સત્યભામા સાથે તેમની બીજી પત્નીઓ પણ વનમાં ગઈ અને તપસ્યા કરી હતી. ગાંધારી, કુંતી દ્વારા ઘોર તપસ્યા કરવામાં આવી હતી તે પણ ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. સુલભા કે જેને યોગ્ય પતિ ન મળવાથી તે દિક્ષીત થઈ અને એકલી વિચરણ કરવા લાગી. તેણે જનકને અધ્યાત્મનો સારગર્ભિત ઉપદેશ આપ્યો હતો, તે ઉલ્લેખ પણ પ્રાપ્ત થાય છે.

જૈનધર્મમાં તીર્થંકર ભગવાન કેવળજ્ઞાન બાદ સમવસરણમાં બીરાજતા જ 'નમો તિત્થસ્સ' બોલી ચતુર્વીધ સંઘની સ્થાપના કરે છે. જેમાં સાધુ-સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાનો સમાવેશ થાય છે. જૈનધર્મમાં પણ ઘણી શ્રાવિકાઓ દિક્ષીત થઈ સંયમ માર્ગે આગળ વધતી હતી. જેમાં રેવતી, ચંદનબાળા, સુલસા, રાજીમતિ વગેરેનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ઓગણીસમાં તીર્થંકર શ્રીમલ્લિનાથ પોતે સ્ત્રી હોવા છતાં તીર્થંકર નામકર્મનું ઉપાર્જન કર્યું હતું.

બૌદ્ધધર્મમાં ભિક્ષુણી સંઘની સ્થાપના ભિક્ષુ સંઘની સાથે થઈ ન હતી. વૈશાલીના કુટાગારશાળામાં શંકિત મનથી શ્રી બુદ્ધે સ્ત્રીઓને સંઘમાં દિક્ષીત કરવાનો નિર્ણય લીધો અને ભિક્ષુણી સંઘની સ્થાપના થઈ. આ સ્થાપનામાં સ્થવિર આનંદનું મહત્વનું યોગદાન રહ્યું હતું. સ્ત્રીને દિક્ષીત ન થવાનું કે સંઘમાં નહી લેવાનું શ્રી બુદ્ધનો આશય એવો ન હતો કે તેઓ સ્ત્રીઓને હિન માનતા હતા કે પુરુષ હોવાના નાતે તેઓ પુરુષપ્રધાન બૌદ્ધ સંઘમાં સ્ત્રીઓના પ્રવેશથી વિરુદ્ધ હતા. તેઓ સ્ત્રીઓને ગૃહિણીના રૂપમાં આદર્શ માનતા હતા. તેઓ એમ પણ માનતા હતા કે શ્રદ્ધા, શીલ, ત્યાગ, દાન વગેરે સદ્‌ગુણો સ્ત્રીઓમાં ભિક્ષુણી બન્યા બાદ વધુ સંભવ હતા. પણ તેમને ડર હતો કે સ્ત્રીઓના પ્રવેશથી ભિક્ષુઓના ચારિત્રમાં શિથિલતા આવી જશે. છતાં અનિચ્છાએ સ્ત્રીઓને પ્રવજ્યા લેવાની આજ્ઞા આપી. તેમણે ભિક્ષુણીઓના જીવનને નિયમિત અને સંયમિત બનાવવા અનેક વિધિવિધાનો બનાવ્યા અને કહ્યું કે સ્ત્રીઓને સંઘમાં દાખલ કરવાથી સંઘની આયુમર્યાદા૫૦૦ વર્ષ થઈ જશે, અન્યથા સંઘ ૧૦૦૦ વર્ષ સુધી ટકી રહેત. અલ્બત સ્ત્રી પણ નિર્વાણપ્રાપ્તિની અધિકારી છે, તે હકીકત તેમણે પણ સ્વીકારી.

### ✦ બુદ્ધે સ્ત્રીની પ્રવજ્યા પહેલા નીચેની આઠ શરતો કરી હતી :

(૧) ભિક્ષુણી સંઘમાં ગમે તેટલા વરસ રહેલી હોય તો પણ એણે નાનામોટા સર્વ ભિક્ષુઓને વંદન કરવું જોઈએ. (૨) જે ગામમાં ભિક્ષુઓ ન હોય તે ગામમાં ભિક્ષુણીએ રહેવું જોઈએ નહીં. (૩) દર પખવાડિયે ઉપોસથ કયા દિવસે છે તથા ઉપદેશશ્રવણ કરવા માટે ક્યારે આવવાનું છે એ બે વાતો ભિક્ષુણીએ ભિક્ષુસંઘને પૂછવી જોઈએ. (૪) ચોમાસા પછી ભિક્ષુણીએ બંને સંઘની (ભિક્ષુ સંઘની તથા ભિક્ષુણી સંઘની) પ્રવારણા (પ્રદક્ષિણા) કરવી જોઈએ. (૫) જેનાથી સંઘાદિશેષ આપત્તિ થઈ હોય તેણે બંને સંઘ પાસેથી પંદર દિવસનું માનત્ત લેવું જોઈએ. (૬) જેણે બે વરસ સુધી શિક્ષણ લીધું હોય એવી શ્રામણેરીને બંને સંઘ પાસે ઉપસંપદા મળવી જોઈએ. (૭) કોઇપણ કારણસર ભિક્ષુણીએ ભિક્ષુને ગાળ દેવી નહીં. (૮) ભિક્ષુણીએ ભિક્ષુને ઉપદેશ કરવો નહીં, ભિક્ષુએ ભિક્ષુણીને ઉપદેશ કરવો.

### ✦ ભિક્ષુણી સંઘની સ્થાપના :

ગૌતમબુદ્ધના જન્મ સમયનું નામ 'સિદ્ધાર્થ' હતું. તેમના જન્મના સાતમાં દિવસે તેમના માતા મહામાયા દેવી મૃત્યુ પામ્યા. રાજા શુદ્ધોધને મહામાયાદેવીના બહેન ગૌતમી સાથે લગ્ન કર્યા અને સિદ્ધાર્થને ઉછેર્યો. રાજા શુદ્ધોધનના મૃત્યુબાદ ગૌતમીને પ્રવજ્યા લઈને નિર્વાણપદની પ્રાપ્તિ કરવાની ઇચ્છા થઈ. તેઓ બુદ્ધ પાસે ગયા અને પ્રવજ્યાની માંગણી કરી. પરંતુ બુદ્ધે કહ્યું કે, સ્ત્રીઓ પ્રવજ્યા લઈ ગૃહત્યાગ ન કરી શકે. તેમના વારંવાર આગ્રહ છતાં

બુદ્ધ ન માન્યા. તેઓ ખુબ નિરાશ થયા. થોડા સમયબાદ બુદ્ધ કપિલવસ્તુથી વિહાર કરી વૈશાલીની કુટાગારશાળામાં આવ્યા. મહાપ્રજાપતિ ગૌતમી વાળકાપીને, કાષાય (લાલ) વસ્ત્ર ધારણ કરીને, ઘણી બધી શાક્ય સ્ત્રીઓ સાથે ચાલીને બુદ્ધ પાસે આવ્યા. સૂજી ગયેલા પગ, ધૂળથી ખરડાયેલું શરીર, આંસુભરી આંખો, ગ્લાનમુખ, પ્રવજ્યા લેવાની પ્રબળ ઇચ્છા સાથે તેમણે સ્થવિર આનંદને પૂછ્યું કે તથાગતે દર્શાવેલા ધર્મનિયમ પ્રમાણે સ્ત્રીને પ્રવજ્યા લઈને ગૃહત્યાગ કરવાની અનુજ્ઞા કેમ આપતા નથી? તેથી સ્થવિર આનંદે બુદ્ધને પૂછ્યું કે શું સ્ત્રીઓ તથાગતના નિયમ મુજબ ગૃહત્યાગ કરી પ્રવજ્યા લઈ અર્હત્વ પ્રાપ્તિ કે નિર્વાણ પ્રાપ્તિ ન કરી શકે? આમ, આનંદના પ્રયત્નથી અનિચ્છાએ બુદ્ધે સ્ત્રીઓને પ્રવજ્યાની આજ્ઞા આપી અને ભિક્ષુણી સંઘની સ્થાપના થઈ. ભિક્ષુણીઓ મથુરામાં સ્થવિર આનંદની સ્મૃતિમાં બનેલા સ્તંભ પાસે સન્માન પ્રદર્શિત કરી સ્થવિર આનંદ પ્રત્યેનો અહોભાવ પ્રગટ કરે છે.

ભિક્ષુણી સંઘની સ્થાપના સ્ત્રીઓ માટે ખૂબ જ ઉપયોગી રહી છે. જેમાં સ્ત્રીઓને ભયમુક્ત વાતાવરણ પ્રાપ્ત થાય છે. એકવાર સંઘમાં પ્રવેશ કર્યા બાદ તે દરેક પ્રકારની ચિંતાથી મુક્ત થઈ જાય છે. કારણ કે સંઘ તેમને સુરક્ષાનું પૂર્ણ આશ્વાસન આપે છે. ભિક્ષુઓને પણ સૂચના અપાય છે કે કોઈપણ કિંમત પર ભિક્ષુણીના શીલની રક્ષા કરવામાં આવે.

**✦ ભિક્ષુણીના પર્યાયવાચી :**

મહાસાંઘિકોએ 'ભિક્ષુણી વિનય' ગ્રંથમાં કાલી નામની ભિક્ષુણીને શ્રમણિકા કહી છે. અમરાવતીથી પ્રાપ્ત બુદ્ધ અભિલેખ (Amravati Buddhist Sculpture Inscriptions)માં પણ કેટલી ભિક્ષુણીઓને શ્રમણિકા કહી છે. તે જ રીતે કન્હેરી અને કુદાની ગુફાઓમાંથી પ્રાપ્ત અભિલેખોમાં તેને 'પવતિકા' કહી છે. નાસિક બૌદ્ધ ગુફા અભિલેખમાં 'પવયિતા' કહી છે. અમરાવતીથી પ્રાપ્ત થયેલ અભિલેખોમાં ભિક્ષુણી માટે 'પવજિતિકા' શબ્દનો પ્રયોગ કરેલ છે. અમરાવતીથી પ્રાપ્ત થયેલ બીજા અભિલેખોમાં ભિક્ષુણી માટે 'અંતેવાસિની' શબ્દનો પ્રયોગ થયો છે.

**✦ સ્ત્રીના ભિક્ષુણી થવાના કારણો :**

કેટલીકવાર ભિક્ષુ સંઘ કરતા ભિક્ષુણી સંઘની સંખ્યા વધારે જોવા મળે છે. કેટલીકવાર સ્ત્રીઓ મજૂબરીથી પણ સંઘની સભ્ય બને છે. કેટલીક સ્ત્રીઓ પતિ કે પુત્રના મૃત્યુબાદ કે પતિ સન્યાસ લે તો સંમ્માનપૂર્વક જીવવા માટે પ્રવજ્યા લે છે. બૌદ્ધ ભિક્ષુણી સુદિન્નિકતા કે જેણે પતિના મૃત્યુબાદ તેના દિયરની ખરાબ દષ્ટિથી બચવા સંઘનો આશ્રય લીધો. થેરી ગાથામાં ઉલ્લેખ છે કે ભિક્ષુણી પટાચારાએ ૫૦૦ સ્ત્રીઓને પોતાની શિષ્યા બનાવી, જે બધી સંતાન વિયોગથી દુઃખી હતી. જેમાં તિષ્યા, ધીરા, મિત્રા, ભદ્રા, ઉપશમા વગેરે અનેકનો સમાવેશ થાય છે. ભિક્ષુણી સુંદરીને પોતાના નાનાભાઈના મૃત્યુથી સંસારથી વૈરાગ્ય થઈ ગયો અને સંઘમાં પ્રવેશ લીધો. ભિક્ષુણી શ્યામા પોતાની પ્રિય સખી શ્યામાવતી કે જે નરેશ ઉદયનની પત્ની હતી તેના મૃત્યુબાદ તેને વૈરાગ્યભાવ ઉત્પન્ન થયો. ધમ્મદિનાએ પોતાના પતિની પ્રવજ્યા બાદ પોતે પણ પ્રવજ્યા લઈ સંઘમાં પ્રવેશ કર્યો. પૂર્ણિકા એક દાસ કન્યા હતી, તેની ધર્મ પ્રત્યેની શ્રદ્ધા જોઈને તેના શેઠે તેને પ્રવજ્યાની અનુમતી આપી. ક્યારેક ખૂબ જ સુંદર અને ખૂબ જ કદરૂપી સ્ત્રીઓ કે જેમના વિવાહ થતા ન હતા તે પણ સંઘમાં દાખલ થઈ. સુંદરી ઉત્પલવર્ણા શ્રાવસ્તીની ખૂબ જ સુંદર સ્ત્રી હતી, તેના વિવાહ માટે અનેક રાજકુમાર અને શ્રેષ્ઠી પુત્રો આવ્યા. પરંતુ કોની સાથે વિવાહ કરવો તે નિર્ણય કરવામાં માતા-પિતા અસમર્થ રહ્યા. તેથી તેમણે ઉત્પલવર્ણાને ભિક્ષુણી બનવાનો આદેશ આપ્યો. અભિરૂપાનંદા કપિલવસ્તુની ક્ષત્રિય કન્યા હતી, તેને પોતાના રૂપનો ખૂબ જ ગર્વ હતો. પરંતુ લગ્ન પહેલાં જ તેના પતિનું મૃત્યુ થવાથી તેના માતા-પિતાએ તેને સંઘમાં દાખલ કરી. ખુજ્જતરા એક દાસી હતી. કૌશામ્બી નરેશ ઉદયનની રાણી સામાવતીની સેવા માટે નિયુક્ત હતી. તેનું વાસ્તવિક નામ ઉત્તરા હતું. પરંતુ કદરૂપી હોવાને કારણે તેનું નામ ખુજ્જતરા પડ્યું. તે પ્રતિદિન ભગવાન બુદ્ધનો ઉપદેશ સાંભળતી. અધિકાંશ બુદ્ધ વચનોને તેણે કંઠસ્થ કર્યા. તેને ધર્મનો સાક્ષાત્કાર થયો. તેના માટે જ્ઞાન ફક્ત જાણવા માટે નહિં પરંતુ જીવનમાં આત્મસાત કરવા માટે હતું. તે જ્ઞાનનું જીવનમાં દર્શન કરવાવાળા પ્રથમ કોટિની સાધિકા હતા. ભરી સભામાં બુદ્ધે ઘોષિત કર્યું કે, ''મારી બહુશ્રુતા, ઉપાસિકા શિષ્યાઓમાં ખુજ્જતરા સર્વ શ્રેષ્ઠ છે. ગહનથી ગહન દાર્શનિક કે વૈજ્ઞાનિક ચિંતન સરળ છે, પણ તેને જીવનમાં ઉતારવું અઘરું છે. વેશ્યાઓ પણ ભિક્ષુ, ભિક્ષુણી કે બુદ્ધના ઉપદેશથી પ્રવજ્યા ધારણ કરતી હતી. અદ્ધકાશી વારાસણીની વેશ્યાએ બુદ્ધનો ઉપદેશ સાંભળી સંઘમાં પ્રવેશ લીધો. તેને ઘણા અવરોધો આવ્યા, છતાં તે દઢ રહી. વિમલા કે જે વૈશાલીની વૈશ્યા કન્યા હતી, તેણે મહામૌદ્ગલ્યાયન્ના ધર્મ ઉપદેશથી પોતાની જાત પર શરમ અને ગ્લાનિ થઈ અને સંઘમાં પ્રવેશ લીધો. ભિક્ષુણી શિખાએ પોતાના પુત્ર અને પુત્રવધુના અનાદરને કારણે અને ઋષિદાસીને તેના પતિએ ઘરની બહાર કાઢી મૂકી તેથી સંઘમાં આશ્રય લીધો. કેટલીક

સ્ત્રીઓ જ્ઞાન પ્રાપ્તિ અને આધ્યાત્મિક ભાવનાથી પ્રેરિત થઈને પ્રવજ્યા સ્વીકારતી. જે નાનપણથી જ ધાર્મિક અને શ્રદ્ધાળુ હોય છે અને આજીવન બ્રહ્મચર્ય સ્વીકારી પવિત્ર જીવન જીવવા ઈચ્છતી હોય છે. જેમાં સુમેધા, અનુપમા, ગુપ્તા વગેરે ભિક્ષુણીઓનો ઉલ્લેખ જોવા મળે છે.

આમ સ્ત્રીઓ પરિસ્થિતિવશ, તો ક્યારેક ઉપદેશ સાંભળીને, ક્યારેક વૈરાગ્યભાવથી પ્રવજ્યા ગ્રહણ કરે છે અને સંઘ તેમના માટે આશ્રયસ્થાન બની રહે છે. સાથે-સાથે ધર્મશ્રવણ કરી ધ્યાન અને સાધનાના માર્ગે આગળ વધી શકે છે. આ દરેક ભિક્ષુણી માટે બુદ્ધ અને તેમનો ઉપદેશ જ સર્વસ્વ હતો.

બૌદ્ધધર્મના નિયમ અનુસાર ભિક્ષુ જ ભિક્ષુણીઓને ઉપદેશ આપવાના અધિકારી હતા. પરંતુ વિદ્વાન ભિક્ષુણી અન્ય ભિક્ષુણીઓને કે ગૃહસ્થોને ધર્મોપદેશ આપી શકતા. જે ભિક્ષુણીઓ બીજાને ભણાવતા તેઓ ઉપાધ્યાયી કહેવાતા. અમરાવતીથી પ્રાપ્ત એક બૌદ્ધ અભિલેખ (Amravati Buddhist Stone Inscription)માં સમુદ્રિકાને ઉપાધ્યાયિની કહી છે. ભિક્ષુણી શુકલાનો ધર્મોપદેશ ખૂબ જ મધુર કહેવાતો તેથી લોકો ખૂબ જ આનંદપૂર્વક તે સાંભળતા. ભિક્ષુણી પટાચારાના ઉપદેશને અમોઘ દર્શાવ્યો છે. ભિક્ષુણી ઋષિદાસી, ભિક્ષુણી ક્ષેમા વગેરેના ઉપદેશ અનેક દુઃખી સ્ત્રીઓના દુઃખ દૂર કરતા. તેઓ લોકોને ધર્મ માર્ગે આગળ વધવાની, સદાચારી જીવન જીવવાની પ્રેરણા આપતા અને બૌદ્ધ સંઘમાં પ્રવેશ માટે પણ ઉત્સાહિત કરતા. આમ તેમણે બૌદ્ધધર્મનો પાયો મજબૂત બનાવ્યો. ધર્મોપદેશ દ્વારા દુઃખી લોકોને સાંત્વના અને પ્રસન્નતા આપવી તે જ ભિક્ષુણીઓના જીવનનું મુખ્ય લક્ષ્ય હતું. બુદ્ધ પણ આ ભિક્ષુણીઓને પ્રસંશનીય દષ્ટિથી જોતા.

બૌદ્ધ ભિક્ષુણીઓ અધ્યયનશીલ હતી. ભિક્ષુણીઓ શાંત અને એકાંત વાતાવરણમાં દરેક સમયે જ્ઞાનચર્ચા કરતી. ભિક્ષુણી ક્ષેમા પંડિતા અને બહુશ્રુતા હતી. ક્ષેમાનો કૌશલ નરેશ પ્રસેનજિત સાથે દાર્શનિક વાર્તાલાપ થયો હતો અને ક્ષેમાએ ગૂઢ દાર્શનિક પ્રશ્નોના ખૂબ જ વિદ્વતાપૂર્ણ જવાબ આપ્યા હતા. તેજ રીતે ભિક્ષુણી ધમ્મદિનાનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે કે, જેમણે શ્રાવક વિશાખના ગંભીર પ્રશ્નોના સહજતાપૂર્વક જવાબો આપ્યા હતા, તેનું સમર્થન સ્વયં બુદ્ધ ભગવાને કર્યું હતું. મથુરામાંથી પ્રાપ્ત થયેલ હુવિષ્કકાલોન અભિલેખ (Mathura Buddhist Image Inscription)માં ભિક્ષુણી બુદ્ધમિત્રાને 'ત્રિપિટિકા' કહી છે. અર્થાત્ તે ત્રણેય પિટકોની જ્ઞાતા હતા. આનું સમર્થન સારનાથથી પ્રાપ્ત એક અન્ય અભિલેખ (Sarnath Buddhist Umbrella post inscription)માંથી પણ પ્રાપ્ત થાય છે. અવિષિણા નામની ભિક્ષુણીને 'સૂતાતિકિની'માં પારંગત દર્શાવી છે. એટલે કે તે સૂતપિટકમાં પારંગત હતી. ભિક્ષુણી જીનદત્તાને વિનયપિટકના પંડિતા, બહુશ્રુતા કહે છે. ભિક્ષુણી ભદ્રાકુંડલકેશ કે જેઓ તર્કશાસ્ત્રના પંડિતા હતા. ભિક્ષુણી ભદ્રા કાપિલાયિની તેમના આચાર્ય સ્થવિર મહાકશ્યપની જેમ ત્રણેય વિદ્યાઓમાં પારંગત હતા. તેમને મૃત્યુપર વિજય પ્રાપ્ત કરવાવાળા ભિક્ષુણી કહ્યા છે.

**✦ ભિક્ષુણી વિહાર :**

ભિક્ષુણીઓને વિહાર નિર્માણ કરવાની અનુમતિ સ્વયં બુદ્ધે આપી હતી. ભિક્ષુણીઓ પોતે જ વિહાર નિર્માણનું કાર્ય કરતી હતી. ભિક્ષુણીના વિહાર સંબંધિત સમર્થન અભિલેખોમાંથી પ્રાપ્ત થાય છે. જુન્નાર બૌદ્ધ ગુફાના અભિલેખમાં બૌદ્ધ ભિક્ષુણી વિહારનો ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. અભિલેખોમાં ભિક્ષુણી માટે 'વિહારસ્વામીની'નો પ્રયોગ કરવામાં આવ્યો છે. જે ભિક્ષુણીઓ ઉપર વિહારની વ્યવસ્થાનું ઉત્તરદાયિત્વ હોય તેને વિહારસ્વામીની કહે છે. આ રીતે મથુરાથી પ્રાપ્ત અભિલેખમાં ભિક્ષુણી દેવદત્તાને વિહારસ્વામીની કહી છે. અભિલેખોમાં ભિક્ષુણી માટે 'નવકમ્મક' શબ્દનો પણ પ્રયોગ કરવામાં આવ્યો છે. અમરાવતથી પ્રાપ્ત બૌદ્ધ અભિલેખમાં ભિક્ષુણી બુદ્ધરક્ષિતાને નવકમ્મક કહી છે. આ ભિક્ષુણીઓ વિહારના નિર્માણ સંબંધિત કે મરમ્મત સંબંધિત કાર્યમાં સહયોગ આપતી.

**✦ ધ્યાન અને સાધના :**

ભિક્ષુણીઓના ધ્યાન માટે કોઈ નિશ્ચિત જગ્યા ન હતી. સંઘના નિયમ મુજબ તેઓને એકલા જંગલમાં રહેવું કે ફરવું તેનો નિષેધ હતો. છતાં તેઓ ધ્યાન માટે એકાંત જગ્યા શોધી લેતા. કેટલાંક તો વિહારના કમરામાં જ ધ્યાન કરતા. તેમની દિનચર્યામાં ધ્યાન અને સમાધિનું મહત્વપૂર્ણ સ્થાન હતું. ધ્યાન એટલે ચિંતન કરવું જેનો ઉદ્દેશ્ય નિર્વાણ પ્રાપ્તિનો છે. બૌદ્ધ ગ્રંથોમાં સમાધિ એટલે ચિત્તની એકાગ્રતા. બૌદ્ધ ગ્રંથોમાં ભિક્ષુણીઓના ધ્યાન કરવા અંગેના ઉલ્લેખ પ્રાપ્ત થાય છે. ધ્યાનમાં ભિક્ષુણીઓ સમાધિસ્થ થતી, જેમાં તે નિર્વાણ સુખનો આનંદ પ્રાપ્ત કરતી. એ ધ્યાનમાં એટલી લીન થઈ જતી કે પોતાને બુદ્ધથી અલગ ન સમજતી. કેટલીક ભિક્ષુણીઓ વૃક્ષની નીચે ધ્યાન ધરતી. ભિક્ષુણી સંઘમિત્રા રાજકન્યા હોવા છતાં બધી સુવિધાઓનો ત્યાગ કરી સિંહલ ગઈ અને તેના વૃક્ષ નીચે ધ્યાન ધરવાના ઉલ્લેખ છે. ભિક્ષુણી વિમલા, ઉત્તમા, સુમંગલમાતા, શુભા દ્વારા વૃક્ષ નીચે ધ્યાન કરવાનો ઉલ્લેખ છે. ભિક્ષુણી દન્તિકાએ ગૃધ્રકૂટ પર્વતના શિખર પર સાધના કરી હતી. ભિક્ષુણી નંદાને

ધ્યાન કરવામાં અગ્ર દર્શાવી છે. ભિક્ષુણી ઉત્તમાએ એક જ આસન પર દિવસો સુધી બેસી ધ્યાન કરી અજ્ઞાનરૂપી અંધકારને દૂર કર્યો. ભિક્ષુણી શ્યામાને દિવ્યચક્ષુની પ્રાપ્તિ થઈ તેવો ઉલ્લેખ પણ મળે છે. મોટેભાગે ભિક્ષુણીઓ શીલ સંપન્ન હતી. ધ્યાન દ્વારા તેઓ અલૌકિક શક્તિઓની પ્રાપ્તિ કરતા. તેઓ ઈન્દ્રિયો ઉપર વિજય પ્રાપ્ત કરતા અને અનેક ભિક્ષુણીઓએ નિર્વાણપદને પ્રાપ્ત કર્યું. 'મહાવંસ ગ્રંથ'માં થેરી સંઘમિત્રા દ્વારા નિર્વાણપદ પ્રાપ્ત કરવાનો ઉલ્લેખ છે. તેમાં ૧૮,૦૦૦ ભિક્ષુઓ અને ૧૪,૦૦૦ ભિક્ષુણીઓ દ્વારા અર્હત્ પદ પ્રાપ્ત કરવાનો ઉલ્લેખ છે. આ જ ગ્રંથથી જાણવા મળે છે કે સમ્રાટ અશોકના સમયમાં થયેલી ત્રીજી બૌદ્ધ સંગીતિમાં હાજર રહેલ ૧,૦૦૦ ભિક્ષુણીઓ આશ્રવ મુક્ત હતી. ફાહિયાન અને હ્યુનસાંગ – બંને ચીની યાત્રીઓએ વૈશાલીમાં નિર્મિત એક સ્તુપનો ઉલ્લેખ કર્યો છે. જેના લેખ પરથી જાણવા મળે છે કે મહાપ્રજાપતિ ગૌતમી અને અન્ય ભિક્ષુણીઓને પણ નિર્વાણપદની પ્રાપ્તિ થઈ હતી.

આ રીતે બૌદ્ધ સંપ્રદાયમાં ભિક્ષુઓની જેમ ભિક્ષુણીઓ પણ આધ્યાત્મિક ક્ષેત્રે અગ્રેસર હતી. બૌદ્ધધર્મના વિકાસમાં તેમનું મહત્વનું યોગદાન રહ્યું છે. પ્રારંભિક ઇતિહાસમાં તેમની નોંધપાત્ર ભૂમિકા રહી છે.

ઉત્તર ભારતમાં બૌદ્ધધર્મનો પ્રભાવ અત્યંત પ્રચલિત હતો. સારનાથ, કૌશામ્બી, શ્રાવસ્તી, વૈશાલી, મગધ, ચંપા, રાજગૃહી, મથુરા, કપિલવસ્તુ, બૌદ્ધગયા વગેરેમાં ભિક્ષુણી સંઘ એક મહત્વપૂર્ણ ઘટક તરીકે વિદ્યમાન હતો. ત્યારે શ્રાવસ્તી નગરીમાં રાજા પ્રસેનજીત દ્વારા બનાવેલ 'રાજકારામ વિહાર' હતું. જે ગૌતમી મહાપ્રજાપતિ માટે બનાવવામાં આવ્યું હતું. દક્ષિણ ભારતનું અમરાવતી કેન્દ્ર ભિક્ષુણી માટે ખૂબ જ લોકપ્રિય હતું. અહીં તેઓએ ખૂબ જ માત્રામાં દાન-દક્ષિણા કરીને પોતાનો પ્રભાવ દર્શાવ્યો હતો. અહીં ભિક્ષુણીઓની સંખ્યા ભિક્ષુઓ કરતા વધુ હતી.

અશોકનો સારનાથ, સાંચી અને કૌશામ્બીના અભિલેખોમાં સ્પષ્ટ ઉલ્લેખ છે કે, મૌર્યકાલ સુધી ભિક્ષુણી સંઘનો પ્રભાવ હતો અને ત્યારબાદ સંઘનો હ્રાસ થતો ગયો. ભિક્ષુ સંઘની જેમ ભિક્ષુણી સંઘ ચિરસ્થાયી ન રહ્યો. આમ બૌદ્ધધર્મમાં ભિક્ષુણીઓનું સ્થાન મહત્વપૂર્ણ રહ્યું છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૫૩૭૬ ૯૯૯૧૯

# વારકરી સંપ્રદાયની સંત નારીઓ

ડૉ. રશ્મિ ભેદા

**ભા**રત વિશ્વનો સૌથી મોટો લોકતંત્ર દેશ છે. એકવીસમી શતાબ્દિમાં નારીના સશક્તિકરણની દિશામાં આગળ વધી એક વિશ્વવ્યાપી અભિયાનને દિશા આપી છે. આવો ભારત દેશ પોતાના અતીત વેદકાલમાં એની વિદુષી નારીઓ, ઋષિમાતાઓ તેમજ નારી સંતોને વિશ્વ માનવસમાજની સામે એક આદર્શ રૂપથી રાખી શકે છે. પુરાતન કાલની વિદુષી નારીઓ – બ્રાહ્મી, સુંદરી, ગાર્ગી, ઘોસા, અપાલા, ઉષા, અદિતિ, સરસ્વતી, લોપામુદ્રા, સાવિત્રી, રાચી, આદિ વેદકાલીન અને ઉત્તર વેદકાલીન નારીઓએ જ્ઞાન પ્રકાશ દ્વારા પોતાની બહુમુખી પ્રતિભાનો પરિચય આપ્યો. તેમજ ઋષિઓના દાર્શનિક ચિંતનના વિકાસમાં સહયોગ આપ્યો. એ જ પ્રમાણે મધ્યકાલમાં સંતનારીઓએ સંત ગુરુઓ સાથે તેમજ સ્વતંત્ર રહીને પોતાની સાધનાથી સક્રિયરૂપથી સામાજિક, સાંસ્કૃતિક તેમજ આધ્યાત્મિક ક્ષેત્રોમાં આદર્શ સ્થાપિત કર્યો, મધ્યકાલમાં એવા જ એક સંપ્રદાયનો ઉદય થયો – વારકરી સંપ્રદાય, જેમાં સંતો અને નારીસંતોએ પોતાનું યોગદાન આપેલું છે.

'વારકરી સંપ્રદાય' એ મહારાષ્ટ્રનો લોકપ્રિય ભક્તિસંપ્રદાય છે. 'વારકરી' આ શબ્દ વારી કરવાવાળા એ અર્થમાં વાપરેલો છે, અને 'વારી' શબ્દનો અર્થ યાત્રા – પોતાના ઉપાસ્ય દેવની. યાત્રા માટે જે નિયમિતપણે એક વ્રત તરીકે જાય એને વારકરી કહેવાય. વારકરી સંપ્રદાય એટલે પંઢરપુરના વિઠોબા – વિઠ્ઠલ – પાંડુરંગ આ ઉપાસ્ય દેવતાની સાથે સંબંધિત સંપ્રદાય. આ સંપ્રદાયના અનુયાયીઓ દર વરસે પદયાત્રા કરીને અષાઢ સુદ એકાદશી અને કાર્તિક સુદ એકાદશી આ બે દિવસ પંઢરપુર શ્રી વિઠ્ઠલની વારી (જાત્રા) માટે જાય છે.

વારકરી પંથ એટલે સનાતન વૈદિક ધર્મના ભક્તિને પ્રાધાન્ય આપવાવાળો સંપ્રદાય. આ સંપ્રદાય ભાગવત ધર્મના અંતર્ભુત ગણાય છે. ભાગવત ધર્મ મુખ્યતઃ વૈષ્ણવ સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ છે, જેના ઉપાસ્ય દેવતા તરીકે વિષ્ણુ અને વિશેષતઃ એનો કૃષ્ણાવતાર વાસુદેવ ભગવાન ઉપાસ્ય છે, અને વારકરી સંપ્રદાયના ઉપાસ્યદેવ 'વિઠ્ઠલ' એ વિષ્ણુના અવતાર શ્રીકૃષ્ણનું રૂપ મનાય છે. પંઢરપુરના વિઠોબા એ વારકરી સંપ્રદાયના ઉપાસ્ય દેવ હોવાથી વારકરીઓનું મુખ્ય ક્ષેત્ર પંઢરપુર છે.

આ સંપ્રદાયનો પ્રારંભ અથવા તો સંગઠન સંત શ્રી જ્ઞાનેશ્વરે ૧૩મી શતાબ્દિના ઉત્તરાર્ધમાં કર્યો હતો. આ શતાબ્દિમાં વૈદિક ધર્મમાં કર્મકાંડનું મહત્વ વધ્યું હતું, ધર્મનાં ગ્લાનિ આવી હતી, એમાં મુસલમાન રાજવીઓના લીધે ધર્મપર સંકટ આવ્યું હતું. આવા સમયે બધા જાતિના સંતોએ ભાગવતધર્મનો પ્રસાર કર્યો તેમજ વારકરી સંપ્રદાયના માધ્યમથી સામાન્ય લોકો સુધી નિર્મળ, વિશુદ્ધ અને નિષ્કામ ભક્તિનો માર્ગ બતાવ્યો. વારકરી સંત પરંપરામાં સંત જ્ઞાનેશ્વર, તુકારામ, નામદેવ, ચોખામેળા, ગોરા કુંભાર, વિસોબા આ બધા અલગ અલગ જાતિના સંતો વિઠ્ઠલની ભક્તિથી એક થયા, આ સંતો સાથે એ સમયે (૧૩-૧૪માં શતાબ્દિ)માં નારી સંતોનું – મુક્તાબાઈ, જનાબાઈ, કાન્હોપાત્રા અને બહિણાબાઈનું પણ યોગદાન રહ્યું છે. વારકરી પંથને ભક્તિમંદિરના રૂપમાં એક ભવન માનેલું છે. આ મંદિરની નીવ સંત જ્ઞાનેશ્વરે મૂકેલી છે, તો સંત નામદેવ એનો પરિસર છે. એકનાથ એના સ્તમ્ભ છે, તો સંત તુકારામ એના કલશ છે. અને બહિણાબાઈ આ મંદિરના ઉપર ફરકતી ધજા છે. આ વાત અભંગ દ્વારા આ પ્રમાણે નિરૂપાયેલી છે –

**ज्ञानदेवे रचिला पाया, उभारीले देवालया।**

**नामा तयाचा किंकरा, तेने केला हा विस्तार।।**

**जनार्दन एकनाथ, रवांब दिला भागवत।**

**तुका झालेसे कळस, भजन करा, सावकास।**

**बहिणी म्हणे फडकती ध्वजा, निरुपण केले ओजा।।**

અભંગ એટલે ભક્તિ રસ કવિતા જે સંતો દ્વારા રચાયેલા છે અને એના દ્વારા સંતો લોકોને ધર્મની સમજણ આપતા હતા.

**૧. બાલયોગિની મુક્તાબાઈ**

મુક્તાબાઈનો સમય ઈ.સ. ૧૨૭૯-૯૭. મરાઠી સંતકવયિત્રી. સંત જ્ઞાનેશ્વરના નાના બેન. મહારાષ્ટ્રના સંત પરંપરામાં નામ ચતુષ્ટયના રૂપમાં પ્રખ્યાત નિવૃત્તિનાથ, જ્ઞાનેશ્વર, સોપાનદેવ અને મુક્તાબાઈ આ એકજ પરિવારના ચારે ભાઈબહેનનું મહત્ત્વનું સ્થાન છે. ચારે ઉચ્ચકોટિના સંત હતા. મુક્તાબાઈનો નાનપણથી જ આધ્યાત્મિક વાતાવરણમાં ઉછેર થયો. એમના પિતાશ્રી ગુરુના આજ્ઞાથી સંન્યાસીપણું છોડી પાછા ગૃહસ્થાશ્રમમાં આવ્યા, પરંતુ તત્કાલીન સમાજે તેમને બહિષ્કૃત કર્યા. એવા વાતાવરણમાં પણ આ ચારે ભાઈ બહેનોએ બ્રહ્મવિધાની અખંડ ઉપાસના કરી. સમાજ આ ચારે છોકરાઓનો સ્વીકાર કરે એ આશાથી સમાજે આપેલા દેહાંત પ્રાયશ્ચિત્તનો એમના માતાપિતાએ સ્વીકાર કર્યો અને ત્રિવેણી સંગમમાં દેહવિસર્જન કર્યું. માતાપિતાના આ દેહત્યાગ પછી આ અનન્ય કુટુંબની ગૃહિણીપદની જવાવદારી આ નાના મુક્તાબાઈ પર આવી પડી. રમવા કુદવાની નાની વયમાં જ મુક્તાબાઈ પ્રૌઢ, ગંભીર અને સમંજસ બન્યા. જીવનના સત્ય અને કઠોર એવા વાસ્તવિક સ્વરૂપને એણે નિર્લેપપણે સ્વીકાર્યું.

મુક્તાબાઈના ગુરુ એમના સૌથી મોટા ભાઈ નિવૃત્તિનાથ હતા. એમના પાસેથી મુક્તાબાઈએ ઉપદેશ પ્રાપ્ત કર્યો હતો. એ પછી પોતાની ભાવનાઓ આવી રીતે એમણે વ્યક્ત કરી, 'નિવૃત્તિનાથે મને શક્તિ પ્રદાન કરી છે, મારૂ ચિત્ત હવે શાંત થયું છે. મન ઉન્મય થયું છે. સારા ચરાચર સંસારમાં પરમ આત્માની ઝલક દેખાય છે. પૂરા બ્રહ્માણમાં બ્રહ્મચેતના જ વ્યાપ્ત છે, એનાથી બહાર કશું જ નથી. સારો સંસાર મારા માટે મધુર છે.' આવા અહોભાવપૂર્વકના ઉદ્ગાર મુક્તાબાઈના હૃદયની મુક્ત દશા તેમજ આનંદાનુભૂતિનો પરિચય આપે છે.

મુક્તાબાઈના આધ્યાત્મિક અનુભવ ઘણા વ્યાપક હતા. એક બાજુ સગુણોપાસન અને વિઠ્ઠલ પ્રત્યેના પ્રેમથી યુક્ત અનુભવ તો બીજી બાજુ અદ્વૈતનો નિર્ગુણી પ્રભાવ અને આ સાથે યોગાનુભવરી સંપત્તિ. એમના જ્ઞાનસંપન્ન યોગ અનુભવને જોઈ યોગી ચાંગદેવે તેમજ વિસોબા ખેચરે એમનું શિષ્યત્વ સ્વીકાર્યું હતું.

મુક્તાબાઈ ભાઈબહેનના સૌથી નાના હોવા છતાં એમણે અગ્રજાની ભૂમિકા ભજવી હતી. તત્કાલીન જનસમાજની ઉપેક્ષા અને અપમાનથી વ્યથિત થયેલા જ્ઞાનેશ્વર ઉદ્વિગ્ન સ્થિતિમાં પર્ણકુટીનો દરવાજો, (તાટી) અંદરથી બંદ કરીને બેસી ગયા ત્યારે મુક્તાબાઈ તાટીના અભંગ બોલીને એમને સાંત્વના આપે છે. અત્યંત સ્નેહપૂર્ણ અને વિનમ્ર અભંગ વાણીમાં એમને સંતત્વના લક્ષણોનું વર્ણન કરે છે, 'આ સંસારમાં સંતે વિરક્ત ભાવથી – લોભ અહંકારથી રહિત અને ક્ષમાભાવથી યુક્ત થઈ રહેવાનું હોય છે. લોકોના નિંદારૂપી અગ્નિને સંત જલવત ઠંડુ કરી દે છે. સંત પોતે તરે અને બીજાને પણ તારે, એ જ સંતનું જીવન અને કર્મ છે.'

**शुद्ध ज्याचा भाव झाला। दूरी नाही देव त्याला।**

**अवधी साधन हातवटी। मोले मिळत नाही हाटी।**

**कोणी कोणा शिकवावे। सरे शोधुनिया ध्यावे।**

**लडिवाळ मुक्ताबाई। जीव मुघल ठायीचे ठायी।**

**तुम्ही तरूनी विश्व तारा। ताटी उघडा ज्ञानेश्वरा।।**

મુક્તાબાઈએ રચેલા અભંગોમાં એમની પ્રગાઢ બુદ્ધિમત્તા, પ્રજ્ઞા, અનુભવની પરિપક્વતા અને ગેયતા દેખાય છે. એમના

કાવ્યમાં એમના જીવનના અને પ્રતિભાના અનેક પાસા ઉજાગર થાય છે. એમના અભંગમાં યોગ છે, અધ્યાત્મની ઉંચાઈ છે, સ્વરૂપનો સાક્ષાત્કાર છે, એમના તાટી પરના ૧૧ અભંગો છે જે બહુ પ્રસિદ્ધ છે. સાથે હરિપાઠના અભંગ પણ છે, હરિપાઠ એટલે આત્મસ્વરૂપનો સાક્ષાત્કાર શબ્દમાં વ્યક્ત કરવાનો એક આવિષ્કાર.

સંત જ્ઞાનેશ્વર અને સોપાનદેવ આ બેઉ ભાઈઓએ સમાધિ લીધી ત્યારે મુક્તાબાઈ ઉદાસીન થઈ ગયા. દુઃખી થઈ એ તાપી નદીના કિનારે મેહુણ ગામમાં આવ્યા. ત્યાં વીજળી પડતા એમા મુક્તાબાઈ અદૃશ્ય થઈ ગયા, આ ભૌતિક દેહથી મુક્ત થઈ ગયા. સંત નામદેવે એ પ્રસંગનું વર્ણન કરતા લખે છે –

**कडाडली वीज निरंजनी जेव्हा, मुक्ताबाई तेव्हा गुप्त झाली।**
**वैकुंठ लक्ष घंटा वाजती एक घाई, झाली मुक्ताबाई स्वरुपाकार।**
**एक प्रहर झाला प्रकाश त्रिभुवनी, जेव्हा निरंजनी गुप्त झाली।।**

**૨. જનાબાઈ**

મહારાષ્ટ્રની સંત પરંપરામાં જનાબાઈનું એક વિશિષ્ટ સ્થાન છે. તેરમા શતાબ્દિના સંત કવયિત્રી તરીકે મહારાષ્ટ્રના હૃદયમાં જનાબાઈના અભંગોનું સ્થાન કાયમ છે. આજે પણ મહારાષ્ટ્રના ગ્રામીણ વિભાગની મહિલાઓ પોતાના દૈનિક કાર્યો કરતા સાથે જનાબાઈના અભંગો ગાય છે. એમણે પોતાને સંત નામદેવની દાસી ઓળખાવી હતી. સંત નામદેવ એના માટે ગુરુ સખા, બંધુ... બધુ જ હતા. તેથી જ એના દરેક અભંગમાં એ પોતાને 'નામયાચી જની' તરીકે લખે છે. સંત નામદેવ સાથે રહીને એના જન્મજાત પ્રતિભાનો વિકાસ થયો. નવવિધ ભક્તિનું નામ પણ ન જાણતા હોવા છતાં એમણે શ્રવણ, કીર્તન, અહોરાત્ર સ્મરણ, અતિશય લીનતાથી કરેલું પાદસેવન, વંદન, અર્ચન, હાસ્ય, સખ્ય અને આત્મનિવેદન-નવધા ભક્તિના આ બધા પગથિયાઓ એમણે પાર પાડ્યા. જનાબાઈએ ૩૦૦ અભંગો લખ્યા. એના અભંગોમાં સંત નામદેવ અને સંત જ્ઞાનેશ્વરની છાપ સ્પષ્ટરૂપથી દેખાય છે. એના અભંગ ગેયતા, માધુર્ય અને ભક્તિરસથી ભરેલા છે. દાસ્યભાવ અને પૂર્ણ એકરૂપતા એનું અનોખું મિશ્રણ છે.

જનાબાઈનો જન્મ એક અસ્પૃશ્ય દલિત કુટુંબમાં થયો હતો. એના પિતાજી રંડ - એ પંઢરપુરના વિઠ્ઠલભક્ત હતા. નાનપણમાં જ એનાં માતા સ્વર્ગસ્થ થયેલા એના પિતાએ એને પંઢરપુરના દામાશેટ (સંત નામદેવના પિતા) પાસે મૂકી. દામાશેટનું ૧૪ માણસોનું મોટુ કુટુંબ, બધા સાત્ત્વિક પ્રવૃત્તિના અને વિઠ્ઠલભક્ત હતા. જનાબાઈ એમાં સમાઈ ગઈ. સંત નામદેવ એ એના પારમાર્થિક ગુરુ. નામદેવ વિઠ્ઠલભક્ત હોવાથી જનાબાઈને પણ વિઠ્ઠલભક્તિનું ઘેલુ લાગ્યું. નામદેવ જ્યારે નદી કિનારે રેત પર કીર્તન કરતા ત્યારે જનાબાઈ હાથમાં કરતાલ લઈને વગાડતી. સગુણ વિઠ્ઠલની ભક્તિ કરતા કરતા એનામાં એટલી એકરૂપ થઈ જતી કે એને સર્વત્ર વિઠ્ઠલનું અસ્તિત્વ જણાતું.

એક અભંગમાં જનાબાઈ કહે છે,

**वामसत्य दोहीकडे, दिसे कृपणाचे रुपडे।**
**वरतीखाली पाहू जरी, चहूकडे दिसे हरी।**
**सर्वाठायी पूर्णकका, जनी दासी पाहे डोळ।**

સર્વત્ર કૃષ્ણ, કરી દેખાય એટલા એના મનઃચક્ષુ વિશાલ થયા હતા. પરમાત્માની 'પૂર્ણકળા' એમણે જાણી છે. અભંગમાં 'પૂર્ણકળા' આ શબ્દ વાપરીને સર્વ ઉપનિષદોનું તત્ત્વજ્ઞાન એણે એક શબ્દમાં સમાવ્યું છે. વિઠ્ઠલભક્તિમાં એ એટલા લીન થઈ જતા કે પ્રત્યક્ષ વિઠ્ઠલ એમને ઘરકામમાં મદદ કરે. જનાબાઈ કહે છે,

**''झाडलोट करी जनी, केर भरी चक्र पाणी।**
**पाटी घेऊनियां शिरी, नेऊनियां टाकी दूरी।**
**ऐसा भक्तिसी भूलला, नीच कामे करु लागला**
**जनी म्हणे विठोबाला, काय उतराइ होंउ तुला।।''**

અર્થાત્ હું ઝાડૂ કાઢું તો મારો શ્રીહરિ કચરો ભરીને દૂર ફેંકી આવે. મારા ભક્તિથી મારી વિઠ્ઠલ એટલો રીઝ્યો છે કે મારા બધા કામ એ કરી આપે છે. એના આ ઉપકાર હું પાછા ક્યારે અને કેવી રીતે વાળીશ?

જનાબાઈની ઈશ્વરભક્તિ શરીરથી પર છે. ઈશ્વર તો એને પ્રતિદિન કાર્યમાં મદદ કરે છે. આજ સુધી ઘણા સંતોએ ઈશ્વરની સેવા, ભક્તિ કરી હશે પરંતુ આરાધ્ય પાસેથી સેવા પ્રાપ્ત કરવાવાળાં જનાબાઈ એક જ છે.

સંત નામદેવ એ જનાબાઈના પારમાર્થિક ગુરુ હતા એમના સહવાસમાં જ એમને સંત જ્ઞાનેશ્વર, સંત વિસોબા ખેચર જેવા સંતોનો સંગ પ્રાપ્ત થયો. 'સકલ સંત ગાથા' આ ગ્રંથમાં જનાબાઈના ૩૦૦-૩૫૦ અભંગ સમાવિષ્ટ છે. એમના કાવ્યમાં ત્યાગી વૃત્તિ, સહનશીલતા, વાત્સલ્ય, ઋજુતા, સમર્પણ વગેરે ભાવનાઓ દૃષ્ટિગોચર થાય છે. આવા વિઠ્ઠલભક્તિમાં રંગાયેલા સંત જનાબાઈ એ પરમેશ્વર સાથે અદ્વૈતનું ઉત્તમ ઉદાહરણ છે અને મુમુક્ષુઓ માટે નિર્ગુણ ભક્તિનો આદર્શ છે.

સંત જનાબાઈ આત્મજ્ઞાનના સાક્ષાત્કાર પહેલા જ એ નિર્વિકાર થયા હતા. દૈહિક અને લૌકિક ભાવનાઓ ભૂલી વિઠ્ઠલના ચરણમાં

લીન થયા હતા. પંઢરપૂર તીર્થક્ષેત્રમાં વિઠ્ઠલના મહાદ્વારપર ઈ.સ. ૧૩૫૦ના એ સમાધિસ્થ થયા.

૩. સંત કાન્હોપાત્રા

વિઠ્ઠલભક્તિમાં લીન થયેલ બીજા નારી સંતોથી સંત કાન્હોપાત્રાનું જીવન સંપૂર્ણ અલગ હતું. એણે પોતાનું સંપૂર્ણ જીવન કૃષ્ણભક્તિમાં સમર્પિત કર્યું એ શ્યામા નામના ગણિકાની પુત્રી હતી. પરંતુ પોતાનું સર્વસ્વ પરપુરુષના બદલે પરમેશ્વરને અર્પણ કર્યું હતું. ગણિકાના ઘરે વિઠ્ઠલભક્તિનું વાતાવરણ હોવાની સંભાવના તો ન જ હોય, એ વેશ્યાકુળમાં ઉછરેલી સ્ત્રીને ગુરુ ક્યાંથી મળે? પરંતુ કાન્હોપાત્રાએ ગણિકાના ભોગવિલાસના માત્રથી પોતાને દૂર રાખી પરમાર્થમાર્ગને પસંદ કર્યો અને વિઠ્ઠલ તરફની ઉત્કટ ભક્તિથી એણે પરમેશ્વર સ્વરૂપ પ્રાપ્ત કર્યું.

પંઢરપુરથી ૨૨ કિ.મી. દૂર મંગળવેઢે ગામમાં સંવત ૧૩૯૦માં એનો જન્મ થયો. અત્યંત સ્વરૂપવાન એવી કાન્હોપાત્રાએ મનમાં પોતાન વિશે, પોતાની માતા વિશે, સમાજ વિશે ઘણા પ્રશ્નો લઈને યૌવનમાં પ્રવેશ કર્યો. નાનપણમાં જ એના મનમાં કૃષ્ણભક્તિના અંકુરો ફૂટ્યા હતા. પણ હીન કુળમાં જન્મેલી હોવાથી મંદિરમાં તો પ્રવેશ ન હતો. એની માતાએ લઈ આપેલી એક કૃષ્ણની મૂર્તિ સામે બેસી સંત જ્ઞાનેશ્વર, સંત નામદેવ રચિત ભજન ગાતી. એ મન હી મન પોતાને કૃષ્ણ રૂપથી જોતી. પવિત્ર રહેવાના એના ઘણા પ્રયત્નો છતાં સમાજ એને સન્માનજનક જીવન આપવા તૈયાર ન થયો. આ વેદના કાન્હોપાત્રાના ઘણા અભંગોમાં જોવા મળે છે.

વારકરીઓનો એક સમુદાય, અષાઢી એકાદશી માટે ભજન કિર્તન કરતા એના ગામ મંગલવેઢેથી પંઢરપુર જઈ રહ્યો હતો. એમની સાથે પંઢરપુર જઈ એણે વિઠોબાના દર્શન કર્યા, અને પોતાનું સમગ્ર અસ્તિત્વ વિઠોબાના ચરણોમાં સમર્પિત કર્યું. અહીં એને સંતોનો સમાગમ થયો, એના જીવનમાં આમુલાગ્ર બદલ થયો. હવે કાન્હોપાત્રા સ્વરચિત અભંગ ગાવા લાગી. એ વિઠોબાને 'માઉલી' અર્થાત્ 'મા' કરીને સંબોધતી. કાન્હોપાત્રાના મધુર અવાજમાં ગવાતા ભજનોમાં વારકરી લોક તલ્લીન થઈ જતા. પંઢરીના વારકરી મુક્તિની કામના નથી કરતા કારણ મુક્તિ પછી પુનઃ ઈશ્વરના દર્શનનો મોકો ન મળે. કાન્હોપાત્રા પણ વિઠ્ઠલને પોતે વારંવાર જન્મ લઈ એની ભક્તિ કરવાની પ્રાર્થના કરતી, એના અભંગમાં કાન્હોપાત્રા કહે છે – ''સંસાર માયા છે, કેવળ નિર્ગુણ, નિરાકાર, પરબ્રહ્મ જ સત્ય છે.''

કાન્હોપાત્રાના સૌંદર્યની ખ્યાતિ મુગલ શાસક બિદરના બાદશાહ સુધી પહોંચી. એણે કાન્હોપાત્રાને લાવવા પોતાના સરદારને એના ગામ મંગળવેઢે મોકલાવ્યા. પોતાને પવિત્ર રાખવા કાન્હોપાત્રા પંઢરપુર વિઠોબાના મંદિરમાં જઈને આર્તવાણીથી ઈશ્વરને પ્રાર્થના કરવા લાગી –

**नको देवराया अंत असा पाहू। प्राण हा सर्वता जावू पाहे।।**
**हरिणीजे पाडस, व्याघ्रे धरीले। मझ लागी झाले तैसे देवा।।**
**तुझ विण ठाव न दिसे त्रिभुवनी। थाये वो जननी विठाबाई।।**
**मोकलूनी आस, झाले मी उदास, घेइ कान्होपात्रेस हृदयास।।**

બાદશાહનો સરદાર ત્યાં આવતા અંતે એણે પાંડુરંગના ચરણોમાં દેહત્યાગ કર્યો. કાન્હોપાત્રાના અપૂર્વ ભક્તિના લીધે એને મુક્તિ મળી. વિઠ્ઠલના ચરણોમાં દેહત્યાગ કરવો એ અત્યંત ઉચ્ચકોટિના ભક્તિ સિવાય અશક્ય હતું. વેશ્યા કુળમાં જન્મ લેવા છતાં કાન્હોપાત્રાએ ભક્તિમાર્ગના સિદ્ધાંતોનું પાલન કર્યું. અને અંતે પરમેશ્વરના ચરણોમાં પોતાને સમર્પિત કરી. કોઈ ગુરુ નહીં, કોઈ પરંપરા નહીં. કેવળ પોતાના ભક્તિથી એણે ઈશ્વર પ્રાપ્તિ કરી અને સંતપદ પ્રાપ્ત કર્યું.

સંત જ્ઞાનેશ્વર, સંત નામદેવ જેમણે આ વારકરી પંથની સ્થાપના કરી એમણે જાતિપાતિના બંધન તોડીને એક ભક્તિપંથ બનાવ્યો.

**૪. બહિણાબાઈ**

બહિણાબાઈ વારકરી સંપ્રદાયના અંતિમ સંત કવયિત્રી હતા. વારકરી પરંપરાનો ઇતિહાસ એમણે પોતાના કાવ્યોમાં (અભંગોમાં) આલેખ્યો છે. બહિણાબાઈનું જીવન તેમના રચેલા ૪૭૩ અભંગોમાંથી પ્રાપ્ત થાય છે. બ્રાહ્મણકુળના ઉચ્ચગોત્રના બહિણાબાઈએ શુદ્ર જાતિના સંત તુકારામને પોતાના ગુરુપદે સ્થાપ્યા. એમનો કાળ ઈ.સ. ૧૬૨૮-૧૭૦૦ સુધીનો છે. એમનો જન્મ ઈ.સ. ૧૬૨૮ના બ્રાહ્મણ કુટુંબમાં થયો. લગ્ન નાનપણમાં માત્ર ૫ વર્ષની ઉંમરે ૩૦ વર્ષના ગંગાધર પાઠક નામે વિધુર સાથે કરવામાં આવ્યા. નવ વર્ષની ઉંમરે તેમના માતાપિતા અને ભાઈ સાથે ગામ છોડી પંઢરપુર આવ્યા અને અંતે કોલ્હાપુરમાં સ્થાઈ થયા. આ કાળમાં એમને હરિકથા શ્રવણમાં રૂચિ થઈ. કોલ્હાપુરમાં જયરામસ્વામી ગોસાવાંના કથા-કીર્તનનો એમના મન પર પ્રભાવ પડ્યો. એ સમયે સંત તુકારામની ભક્તિની કીર્તિ ચારેબાજુ પ્રસરી હતી. જયરામસ્વામીના કીર્તનમાં પણ સંત તુકારામના અભંગો આવતા. એ સમયે સ્ત્રીઓ અને શુદ્રોને વેદના અધ્યયનનો અધિકાર ન હતો. જાતિથી શુદ્ર એવા તુકારામને આ માન્ય નહોતું. એમણે પોતાના અભંગોમાં આ

વ્યથા વ્યક્ત કરી છે. એટલું જ નહીં, જે પોતાને વેદના અધિકારી માનતા એમને કહ્યું, 'તમે તો વેદોને માત્ર કંઠસ્થ કરો છો, એનો પરમાર્થ તો માત્ર એમ જ જાણીએ છીએ.' તુકારામના આ વિચારોથી બહિણાબાઈ પ્રભાવિત થયો હોવા જોઈએ. શુદ્ર તુકારામને જો એ અધિકાર મળે તો સ્ત્રીઓને પણ મળી શકે. એમણે તુકારામના ઘણા અભંગો કંઠસ્થ કર્યા અને એમને ગુરુપદે સ્થાપિત કર્યા. પણ સદેહે એ તુકારામને મળી શકે એના પૂર્વે જ તુકારામનો દેહાંત થયો. છતાં બહિણાબાઈની નિષ્ઠાના લીધે તુકારામે એમને સ્વપ્નમાં આવી દર્શન અને ગુરુઉપદેશ આવ્યો, 'રામકૃષ્ણ હરી' આ મંત્ર આપ્યો. બહિણાબાઈનું પૂરુ જીવન ગુરુબોધ મળવાથી બદલી ગયું એ અનુભવ વર્ણવતી બહિણાબાઈ કહે છે,

તે સુખની વાત કરતા માયા મૌન થઈ ગઈ

**જાણો તેને ધન્ય ગુરુભક્ત**
**ઈન્દ્રિયોના દ્વારે આનંદ થયો,**
**ચૈતન્ય સાવ લગોલગ થયું**
**ઘડાને જ્યારે કુવામા ડુબાડીએ**
**પાણી કણેકણમાં ફૂટી જાણે ન નીકળે**
**બહિણી કહે છે તેવું થયું છે મારું મન,**
**તુકારામના સંસર્ગમાં આનો પરિચય થયો.**

તુકારામ મહારાજના વિચારોનો પ્રભાવ બહિણાબાઈના અભંગોમાં દેખાય છે. તુકારામનું શિષ્યત્વ પ્રાપ્ત થયા પછી એમના આધ્યાત્મિક પ્રગતિને વેગ મળ્યો. એ વિઠ્ઠલના ભક્તિમાં લીન થતા ગયા. સર્વ જીવમાત્રમાં વિઠ્ઠલનું અસ્તિત્વ એમને જણાવા લાગ્યું. બહિણાબાઈના પદોમાં બુદ્ધિથી પાર એવા પ્રજ્ઞામાંથી પ્રગટેલી સહજતામાંથી એ ગીતાનું તત્ત્વજ્ઞાન સરળ શબ્દોમાં વ્યક્ત કરે છે –

**સૂર્યપ્રકાશમાં મૃગજળનો ભ્રમ**
**અર્થ તો કેવળ તેને દર્શાવે છે ।**
**તેવી જ ભ્રમણા માયાની છે**
**લાગે સ્પર્શ, પણ નથી બ્રહ્મત્વનો ॥**

પોતાના અંતઃકાળના સ્થિતિનું વર્ણન બહિણાબાઈએ પોતે જ કર્યું છે –

**आपले आपण देखिले मरण**
**तो झाला शकुन खानदेशी**
**उभारिली गुढी मनाच्या शेवटी**
**झाली मझ भेटी आत्मरामी**
**केला प्राणायाम सोहं धारणेशी**
**मिळाली ज्योतीसी ज्योत नेणे**
**सरळे सचित आयुष्य देहाचे**
**क्रियामाण आंतीचे रामरुप**

વિઠ્ઠલભક્તિથી અધ્યાત્મજ્ઞાન સુધી પહોંચેલી નારી સંત તરીકે બહિણાબાઈનું સ્થાન મહત્વનું છે.

આવી રીતે આપણે જોઈ શકીએ તો આ સંત નારીઓ સમાજના ભિન્ન ભિન્ન જાતિઓમાંથી છે. ઉચ્ચ બ્રાહ્મણ કુળથી લઈને હીન ગણિકાના કુળ સુધી, અને છતાં એમના વિઠ્ઠલ પ્રત્યેના અપૂર્વ ભક્તિના લીધે તેઓએ સંતપદ પ્રાપ્ત કર્યું એનો શ્રેય આપી શકાય. સંત જ્ઞાનેશ્વર, સંત નામદેવ જેવા સંતોને કે જેમણે જાતિપાતિના બંધન તોડીને એક ભક્તિપંથની સ્થાપના કરી.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૬૭૧ ૮૬૪૪૦

અચલગચ્છના પ્રભાવક આચાર્ય સાહિત્યદિવાકર પ.પૂ. આચાર્યદેવશ્રી કલાપ્રભસાગરસૂરિશ્વરજી મ.સા.ના સંયમસુવર્ણવર્ષ તેમજ ૬૭મા જન્મોત્સવ નિમિત્તે દેઢિયા (કચ્છ) મૂકામે અચલગચ્છીય જૈન શ્રમાણોનાં સાહિત્યિક પ્રદાન વિશે એક પરિસંવાદ તા.૧૪/૧૨/૧૯ના દિવસે યોજાયો આ પરિસંવાદનું સફળ સંયોજન-સંચાલન શ્રીમતી રશ્મિ ભેદાએ કર્યું હતું.

સમારોહને પ્રારંભે પૂ. ગુરુદેવશ્રીએ મંગલાચરણ કર્યું હતું. ત્યારબાદ બાદ ડૉ. અભય દોશીએ ધર્મઘોષસૂરિકૃત 'ઋષિમંડળ પ્રકરણ' ની ભૂમિકામાં રહેલા ગુણાનુરાગ અથવા પ્રમોદભાવનનું મહત્વ સમજાવ્યું હતું. ત્યાર બાદ રશ્મિભેદાએ કલ્યાણસાગરસૂરિના સાહિત્યિક પ્રદાન વિશે વિસ્તારથિ વાત કરી હતી. ડૉ. રમજાન હસણિયાએ નિર્ભયતાના સ્તવનોની રસલ્હાણ કરી સૌને ભક્તિમય બનાવ્યા હતા. ડૉ. સીમા રાંભિયા તથા ડૉ. સીમા ગાલા (નગરસેવક-વાપી)એ અચલગચ્છીય શ્રમાણો તેમજ ગુણસાગરસૂરિના સાહિત્યિક તેમજ સાંસ્કૃતિક પ્રદાન વિશે વિસ્તારથી વાત કરી હતી. ડૉ. દીક્ષા સાવલાએ 'જંબુસ્વામી ચરિત્ર'ની વૈરાગ્યસભર વાતોની સુંદર રજૂઆત કરી હતી. અંતે, ડૉ. ઉત્પલા મોદીએ કલાપ્રભસાગરસૂરિજીન જીવનકાર્ય વિશે વાત કરી હતી.

અંતે શિવમ્સ્તુ તીર્થપ્રેક પ.પૂ. પૂર્ણચંદ્રસાગરજી મ. સાહેબે પરિસંવાદ વિશે આનંદસભર પ્રતિભાવ આપી આવા આયોજન પર ભાર મૂક્યો હતો.

# સૂફી સ્ત્રી સંતો

રીના શાહ

વર્તમાન યુગ ઝડપથી વિકસતા જતાં વિજ્ઞાન તેમજ વૈચારિક ક્રાંતિનો છે. નવી પેઢી તર્કપ્રધાન છે. જો કોઈ વાત એમના માનસપટમાં બેસશે તો તરત જ સ્વીકાર કરશે, નહીં તો નહીં સ્વીકારે. ધાર્મિક સંપ્રદાયો જગતને નવો પ્રકાશ આપી શકતાં નથી. પયંગબર સાહેબે તેમના સમયનાં સમાજને અનુરૂપ નીતિપોષક ધર્મ આપ્યો હતો. પરંતુ તેમાં કંઈક ખૂટતું હતું. તે ખૂટતું તત્ત્વ હતું પ્રેમનું તત્ત્વ. જેનોસૂફી સંતોના ચિંતન-મનન-અનુભવનાં કારણો ઈસ્લામ ધર્મમાં પ્રાદુર્ભાવ થયો. પ્રેમ એ તિરસ્કાર, નફરત, વેરભાવ, વિભાજન, અવ્યવસ્થાને દૂર કરીને સ્નેહ, લાગણી, વ્યવસ્થા તથા સંવાદિતાનું સ્થાપન કરે છે. સૂફી સંતોએ પોતાની સાધના દ્વારા તત્ત્વનાં હાર્દ સુધી પહોંચીને શોધી કાઢયું કે તત્ત્વના કેન્દ્રસ્થાનમાં પ્રેમ રહેલો છે. એટલે જ તેઓ માને છે કે પ્રેમ એટલે જ પરમાત્મા. પરમાત્મા એ પ્રેમથી કોઈ અલગ વસ્તુ નથી.

**સૂફી એટલે શું ?** : સૂફીવાદનો જન્મ ઈસ્લામના હૃદયમાંથી થયેલ છે. 'સૂફી' શબ્દની વ્યત્પત્તિ 'સફા' શબ્દ પરથી થયેલ છે. સફા એટલે પવિત્રતા. જે લોકો પવિત્ર હતા તેઓ કાળાંતરે સૂફી કહેવાયા. બીજી એક માન્યતા એવી પણ છે કે સૂફી શબ્દ 'સૂફ' પરથી આવ્યો છે. સૂફ એટલે ઊન. સૂફી સંતો ઊનનાં વસ્ત્રો ધારણ કરતાં હતાં. આથી તેઓ સૂફી કહેવાયા. ત્રીજા મત પ્રમાણે પયંગબર સાહેબની સામે ચબૂતરા પર બેસવાવાળા સંતો સૂફી કહેવાય.

**સૂફી સંતોનો ઉદ્ભવ** : પયંગબર સાહેબનાં મૃત્યુ પર્યંત પ્રથમ શતાબ્દીમાં ઈસ્લામે સ્પેનથી સિંધ સુધી બહુ ઝડપથી પોતાની સત્તા સ્થાપિત કરી. પરિણામસ્વરૂપે તેઓ ભૌતિક સુખમાં ઉન્મત્ત થઈને ઈશ્વરને ભૂલવા લાગ્યા. પરંતુ તે સમયે પણ અમુક લોકો એવાં હતાં કે જેમના ઉપર આ ભૌતિક સમૃદ્ધિની કોઈ અસર થઈ નહીં. તેઓ સામાન્ય મનુષ્યોથી અલગ જીવન જીવવા લાગ્યા. અને સમયાંતરે તેઓ સૂફી સંત કહેવાયા.

મોટા ભાગના સૂફી સંતો ઈરાન તથા મધ્ય એશિયામાં થઈ ગયા છે. ભારતમાં પણ થોડા થઈ ગયા છે.

આ બધા સંતોમાં સ્ત્રી સંતો પણ થઈ ગયા છે. જેમાં સંત રાબિયાનું નામ બહુ જાણીતું છે. તે સિવાય ભક્તા બહુબલદાસ, જુલેખા, આલમદે વગેરે સ્ત્રી સંતો પણ થયેલ છે. જેના વિષે આપણે ટૂંકમાં પરિચય મેળવીશું.

**સંત રાબિયા**

મુસ્લિમ સંતોના ઇતિહાસમાં સંત રાબિયાનું સ્થાન અદ્વિતીય છે. સંત રાબિયાનું પવિત્ર જીવન તથા ઉચ્ચ વિચારો દરેક જાતિ તેમજ દરેક કાળનાં સંતો માટે વંદનીય છે.

**રાબિયાનો જન્મ** : રાબિયાના માતા-પિતા ભક્તહૃદય, શ્રદ્ધાળુ, સંતોષી તથા દરિદ્ર હતાં. જ્યારે તેનો જન્મ થયો ત્યારે નહોતું ઘરમાં દીવો કરવા માટે તેલ કે નહોતું એકેય ઓઢાડવા માટે કપડું. તે જ દિવસે રાત્રે તેનાં પિતાજીને સ્વપ્ન આવ્યું કે રસુલ મુહમ્મદ તેમને કહી રહ્યાં હતાં કે ખેદ ન કરો. તમારી આ છોકરી ઈશ્વરની બહુ પ્રિય થશે. તે ઈશ્વરની ખૂબ ભક્તિ કરશે તેમજ અનેક આત્માઓનું તેના દ્વારા કલ્યાણ થશે.

**રાબિયા કેવી રીતે ગુલામ બની** : રાબિયા થોડી મોટી થતાં તેનાં માતા-પિતા મૃત્યુ પામ્યા. દુષ્કાળના સમયે તે અને તેની ત્રણ બહેનો છૂટાં પડી ગયાં. રાબિયાને કોઈએ પકડીને ગુલામ બનાવી દીધી. તેમજ તેને બીજાને ત્યાં વેચી દીધી. તે રાબિયા પાસે ખૂબ મજૂરી કરાવતો. રાબિયા દિવસે રોજા રાખતી અને રાત્રે ઈશ્વરને ગદ્ગદ્ કંઠે પ્રાર્થના કરતી. એક વખત તે જ્યારે પ્રાર્થના કરતી હતી કે હે માલિક! તે મને બીજાની ગુલામ બનાવી દીધી છે. નહીં તો હું દરરોજ હર ક્ષણ તારી ભક્તિ કરતી હોત. દૈવયોગે તેના માલિક દ્વારા તે સાંભળવામાં આવ્યું અને તેણે જોયું તો એક દિવ્ય જ્યોતિ રાબિયાનાં માથા પર ચમકી રહી હતી. માલિકના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે સખત મજૂરી કરાવવા બદલ તેની માફી માંગી અને તેને ગુલામમાંથી મુક્ત કરી.

**ગુલામીમાંથી મુક્તિ પછી ઈશ્વર ભક્તિઃ** હવે રાબિયા એકાંતમાં ઈશ્વરભક્તિ કરવા લાગી. રાત-દિવસ સાધનામય રહેતી. દરરોજ ૧૦૦૦ નમાજ કરતી. ક્યારેક ક્યારેક પ્રસિદ્ધ સંત હસન બસરીનો ઉપદેશ પણ સાંભળતી. પ્રાર્થના કરતી વખતે તે ચોધાર આંસુએ રડતી હતી.

**રાબિયાની કસોટી** : ઈશ્વર રાબિયાની ઘણી વખત કડક કસોટી પણ કરતા હતા. એક વખત રાબિયા હજ માટે મક્કા જતી હતી. તેનો સામાન જે ગધેડા પર લાધ્યો હતો તે રસ્તામાં જ મરી ગયો. બીજા લોકો તેની મદદ કરવા તૈયાર હતા. પણ તેણે કોઈની મદદ લીધી નહીં અને ઈશ્વરને પ્રાર્થના કરી કે હું તો તારા ભરોસે

આવી છું. અને થોડી વારમાં જ જાણે કે ચમત્કાર થયો અને ગધેડો બેઠો થઈ ગયો. પછી તેણે ખુશી ખુશી પોતાની યાત્રા પૂરી કરી.

**રાબિયાનો ઈશ્વર પરનો વિશ્વાસ :** એક વખત બે સંત રાબિયાનાં ઘરે પધાર્યા. તે સમયે રાબિયા પાસે બે જ રોટલી હતી. તે તેમણે તે સંતોને આપી. સંતો ભોજન ચાલુ કરે એ પહેલાં એક બીજા ફકીર ત્યાં આવી ચડ્યા. તો રાબિયાએ એ રોટલી ફકીરને આપી દીધી. તરત જ કોઈ એક સ્ત્રી એક વાસણમાં ૧૮ રોટલી લઈને આવી. તો રાબિયાએ તે રોટલી તે સ્ત્રીને પાછી આપી દીધી અને કહ્યું કે તે રોટલી મારા માટે નથી. તે પછી બીજી ૨૦ રોટલી લઈને તે સ્ત્રી ફરી આવી ત્યારે રાબિયાએ તેનો સ્વીકાર કર્યો અને કહ્યું કે ઈશ્વર એકની સામે દસ રોટલી આપે છે. આવો ગજબ વિશ્વાસ હતો તેનો ઈશ્વર પ્રત્યેનો!

**ચમત્કારી પ્રસંગો:**

**પ્રસંગ-૧ :** એક વખત સંત હસને પાણી પર ચટ્ટાઈ પાથરીને રાબિયાને તેના પર નમાજ કરવાનું કહ્યું, રાબિયાને લાગ્યું કે આમને અત્યારે તેમની રિદ્ધિનો ગર્વ ચઢ્યો છે. એટલે તેને ઉતારવા રાબિયાએ હવામાં ચટ્ટાઈ પાથરી અને નમાજ કરવાનું કહ્યું. હસન તો આશ્ચર્યથી જોઈ જ રહ્યા. ત્યારે રાબિયાએ કહ્યું કે તમે જે કર્યું તે તો એક માછલી પણ કરી શકે છે અને મેં જે કર્યું તે તો એક માખી પણ કરી શકે છે. માટે એવી રિદ્ધિઓનો ગર્વ ના કરવો.

**પ્રસંગ-૨ :** એક વખત સંત હસન રાબિયાનાં ઘરે પધાર્યા તો તે સમયે દીવો નહોતો. રાબિયાએ પોતાની આંગળી પર ફૂંક મારી તો આંગળી દીવાની જેમ ચમકવા લાગી.

**ઈશ્વર સાથે મૈત્રીભાવ :** રાબિયા ઈશ્વરને મિત્ર માનતી હતી. તે કહેતી હતી ઈશ્વર સિવાય મારી પાસે બીજા કોઈ મિત્ર કે દુશ્મન માટે સમય જ નથી.

**રાબિયાનો ઉપદેશ :** એક વખત રાબિયાએ એક સંતને મીણબત્તી, સોંય તથા વાળ મોકલીને કહ્યું કે, ''મીણબત્તીની જેમ સળગીને બીજા માટે રોશની બનો, જેમ સોંય પોતે નગ્ન રહીને બીજાનાં કપડાં સીવીને તેમને પહેરાવે છે. તેમ તમે કષ્ટ વેઠીને પણ લોકોની સેવા કરો. તો તમે વાળ જેવા મુલાયમ અને નમ્ર બનશો.''

**રાબિયાનું મૃત્યુ :** રાબિયાનો અંત સમય નજીક આવી ગયો. તે હવે ઘણી વૃદ્ધ થઈ ચૂકી હતી. શારીરિક પીડા ઘણી હતી. તે સમયે ઘણાં સંતો હાજર હતા. તેઓએ રાબિયાને દર્દ ઓછું થાય તે માટે ઈશ્વરને પ્રાર્થના કરવાનું કહ્યું પણ તેઓએ તેના માટે સ્પષ્ટ ના પાડી દીધી. અને દરેકને ઓરડાની બહાર જવાનું કહ્યું. થોડા સમયમાં જ તે બ્રહ્મલીન થઈ ગઈ.

આમ, સંત રાબિયા એક સંત શિરોમણીથી તે સૂફી સંતોમાં પ્રથમ એવી સંત હતી કે જેણે કર્મકાંડનો ત્યાગ કરીને પ્રેમતત્ત્વના આધારે પરમાત્મા સાથે એકત્વ સ્થાપિત કર્યું હતું.

**સંત બહવલદાસ (બહવલબાઈ)**

સંત બહવલદાસ પણ એક સ્ત્રી સંત હતી. આમ તો તેમની જાતિ વિષે કંઈ જાણવા મળતું નથી. પરંતુ તે હિંદુ ભક્ત હોવાનું મનાય છે. તેમની ભાષા પંજાબી મિશ્રિત રાજસ્થાની હોવાથી તેઓ પંજાબ કે રાજસ્થાનનાં હોઈ શકે. તેમનાં સમય વિષે પણ કોઈ નિશ્ચિત માહિતી મળતી નથી. પરંતુ તેમનાં સાહિત્ય પરથી તેઓ ૧૬મી કે ૧૭મી સદીમાં થઈ ગયા હશે એમ કહી શકાય.

તેમની જ રચનાઓ પ્રાપ્ય છે. જેમાં ૩ જબડી (ગૌડી અને ધનાશ્રી રાગવાળું પદ) અને એક પદ છે.

પ્રથમ જખડીમાં એવો ઉપદેશ છે કે હે જીવ! પરમાત્માએ તને આટલો સુંદર મનુષ્યદેહ આપ્યો છે તો શા માટે ભગવાનની ભક્તિ કરીને તારું કલ્યાણ નથી કરતો? બીજી જખડીમાં કહ્યું છે કે આજ સુધી કોઈ અમર નથી થયું. દરેકને એક ને એક દિવસે આ દુનિયા છોડીને જવાનું જ છે. એટલે આ શરીરને ભગવાનનાં ભજનમાં લગાડીને તેને સાર્થક કરો. ત્રીજી જખડીમાં કહ્યું છે કે, ''પરમાત્મા બીજે ક્યાંય નહીં, પણ તારા હૃદયમાં જ છે. તું પાંચ ઈન્દ્રિયોને વશ કર, જે કામ, ક્રોધી અને લોભી હોય છે તેને પરમાત્માનાં દર્શન થતાં નથી. જે જીવોને તું અહીં મારે છે તે જીવો તને પછીનાં જન્મમાં મારશે. જીભનાં સ્વાદ માટે જીવહિંસા ના કરીશ.''

ભક્તા બહવલબાઈનો નિયમ હતો દરરોજ કોઈ પણ સંતને ભોજન કરાવીને જ ભોજન કરવું. એક વખત એક ઠગ સાધુ તેમને ત્યાં ભોજન માટે આવ્યા. ભોજન લઈને રાજાને ત્યાં ગયો. રાજાની સાથે મીઠી વાણીથી વાતો કરી તેનો વિશ્વાસ જીતી લીધો. અને રાજમહેલમાં જ રહી ગયો. તક મળતાં તેણે રાજકુમારને મારીને તેનાં અલંકારો લઈને ભાગી ગયો. આથી રાજા ઘણો ક્રોધિત થયો. તેણે રાજ્યમાં સાધુઓનાં આગમન પર પ્રતિબંધ મૂક્યો. છતાં સંત બહવલબાઈને ત્યાં સંતોની અવરજવર ચાલુ જ રહી. રાજાને આ સમાચાર મળતાં જ તેણે સૈનિકોને બહવલબાઈને ત્યાં મોકલી તેનું ઘર લૂંટી લીધું તથા તેનાં હાથ કાપીને જંગલમાં છોડી દીધી.

તે સમયે તેની પાસે એક બાળક હતું. બાળકને તરસ લાગી. તો નદીકિનારે પાણી પીવા લઈ ગઈ. પરંતુ હાથ ન હોવાનાં કારણે બાળકને પાણી પીવડાવતાં ફાવ્યું નહીં અને બાળક નદીમાં તણાવા

લાગ્યું. આથી તેણે ગદ્‌ગદ્‌ કંઠે ભગવાનને પ્રાર્થના કરી અને ચમત્કાર થયો. બાળક કિનારા તરફ આવવા લાગ્યું અને તેનાં હાથ પણ પૂર્વવત્ થઈ ગયા. રાજાને કોઈનાં દ્વારા આ સમાચાર મળતાં જ તે પ્રભાવિત થયો અને બહવલબાઈ પાસે આવીને તેની માફી માંગી અને તેનું ઘર, વૈભવ વગેરે પૂર્વવત કરી દીધાં.

**ભક્તા આલમદે**

ભક્તા આલમદે વિષે કોઈ જાણકારી મળતી નથી. ફક્ત તેમનું થોડુંક સાહિત્ય મળે છે.

૧. ગુહાગંજનામામાં મળેલ એક સાખી – તેમાં કહ્યું છે કે સંસાર એક પનઘટ છે જ્યાં કરોડો લોકો પાણી ભરવા આવે છે. અર્થાત્ સંસારમાં અનેક જીવો જન્મે છે. કોઈ સાધના કરીને જીવનમુક્ત બની જાય છે, તો કોઈ જન્મ-મૃત્યુના ચક્કરમાં ફસાઈ જાય છે.

૨. સરબંગી-સરહ-ચિંતામણીમાં મળેલ રચના – તેમાં કહ્યું છે કે હે જીવ! તું આ સંસારમાં મહેમાનરૂપે આવ્યો છે. જેવો તારો સમય પૂરો થશે કે તારે અહીંથી જવું જ પડશે. અત્યારે ભક્તિ નહીં કરે તો મૃત્યુ સમયે પસ્તાવું પડશે. ભોગ, માયા બધું અહીં જ રહી જશે. જેના માટે તું આટલી મહેનત કરે છે તે કશું જ તારી સાથે નહીં આવે. પછી શા માટે તેના ઉપાર્જન, સંયમ અને ભોગમાં તારો સમય નષ્ટ કરી નાંખે છે? બધું છોડીને ભગવાનનું ભજન કર.

આવાં અનેક ઉત્તમોત્તમ સ્ત્રી ભક્તો ભારતમાં તથા ભારત બહાર થઈ ગયા છે. તેમનાં પવિત્ર અને ભગવદ્‌મય જીવનમાંથી આપણે સૌ પ્રેરણા લઈએ અને તેમનાં ઉચ્ચ ગુણોની અનુમોદના કરીએ.

✦ ✦ ✦

સંપર્ક : ૯૪૨૭૪ ૧૮૧૦૭, અમદાવાદ

# મહાપુરુષોના જીવનમાં માતાઓનું ઘડતર

**અલકા રાજેશ શાહ**

**'એ**ક મા સો શિક્ષકની ગરજ સારે છે.' – જ્યોર્જ હર્બટનું આ કથન સંતાનના જીવન ઘડતરમાં માતાનું મહત્વ સમજાવે છે. સો શિક્ષકો ભેગા મળીને એક બાળકને જે ન આપી શકે તે એક મા આપી શકે છે. માની કુક્ષિ એ તો બાળકની નર્સરી છે. સ્કૂલમાં જેમ વર્ષ દરમ્યાન, બાર મહિનમાંથી લગભગ નવ મહિના ભણવાનું હોય છે તેમ માની કુક્ષિમાં બાળક નવ મહિના રહીને મા જે પાઠ ભણાવે તે પાઠ શીખીને આ ધરતી પર અવતરે છે.

'સાને ગુરુજી' નામના મહારષ્ટ્રના એક લોકપ્રિય શિક્ષકનું સર્વશ્રેષ્ઠ પુસ્તક છે, 'શ્યામચીઆઈ' તેમાં તેમણે માતાનું મહત્વ સમજાવતા કહ્યું છે કે... મનુષ્યના જન્મ પહેલા જ તેનું શિક્ષણ થયેલું હોય છે. માતાની કુક્ષિમાં ગર્ભરૂપે જીવ આવે તેના પહેલા જ તેના શિક્ષણની તૈયારી થયેલી હોય છે. બાળકના શિક્ષણમાં સૌથી વધુ પ્રદાન માતા-પિતાનું હોય છે અને તેમાંય માતાનું વધારે. ખરી શિક્ષણદાત્રી તો માતા જ છે. માતા દેહ તો આપે છે સાથે મન પણ આપે છે. જન્મદાત્રીની સાથે તે જ્ઞાનદાત્રી પણ છે.

રામના અરણ્યકાંડનું મનન કરતી મા જીજાબાઈનું બાળક મહાન 'શિવાજી મહારાજ' બન્યા. ગર્ભકાળમાં કૃષ્ણજીના મુખે ચક્રવ્યુહના છ કોઠાનું શ્રવણ કરતું બાળક 'વીર અભિમન્યુ' બન્યું હતું.

માતા ત્રિશલાની કુખે જ્યારે બાળક વર્ધમાન હતા, ત્યારે તેણે કેવી રીતે તેની સારસંભાળ કરવી તેની વાતો કુલવૃદ્ધાઓ એ જે કરી છે, તે 'કલ્પસૂત્ર' ગ્રંથની સુબોધિકા ટીકામાં જણાવાઈ છે. ગર્ભકાળથી જ માતાએ કેવી રીતે બાળકનું સંસ્કરણ કરવું તેની વાતો આયુર્વેદના ગ્રંથોમાં પણ છે.

સંસ્કરણની ભગીરથ સાધના માટેનો શ્રેષ્ઠકાળ એટલે બાળકનો ગર્ભકાળ. ગર્ભાવસ્થા એટલે માતા અને બાળક વચ્ચે દૈહિક તાદાત્મ્ય. પશ્ચિમી જગતના જિનેટીક વિજ્ઞાનીઓ પણ છેક હવે તેમના રીસર્ચ રીપોર્ટમાં નોંધે છે કે ગર્ભસ્થ બાળક અને તેની માતાની શારીરિક અને માનસિક સ્થિતિ વચ્ચે સીધો સંબંધ હોય છે. ગર્ભકાળ અને જન્મથી આઠ વર્ષ એ સંસ્કરણના તથા શારીરિક ઘડતરના ખૂબ મહત્વના વર્ષો ગણાય છે. તેમાં જે સંસ્કાર પડે છે તેની અસર સંતાનના સમસ્ત જીવનકાળ સુધી મળે છે. નવ માસ દરમ્યાન માતાની ચિત્તસ્થિતિ અને દેહસ્થિતિની અસર ગર્ભના તન અને મન ઉપર પડે છે. ગર્ભમાં રહેલો આત્મા જેવો હોય, સંસ્કારી કે અસંસ્કારી તેના પ્રમાણે માતાના મનમાં ઈચ્છાઓ જાગે છે. ત્રિશલાદેવીને શ્રેષ્ઠ વિચારો આવતા. આમ, પરસ્પર એકબીજાની અસરો પડતી હોય છે. માટે માતાએ ગર્ભમાં સારા સંસ્કારો જાગૃત થાય તે માટે ઘણી કાળજીઓ કરવાની રહે છે. માતા એ એક કુંભકારની કલાસૂઝ વાપરીને આ માટીના પિંડને આકાર અને ઓપ આપવાનો હોય છે. તે સમયમાં જો તે ખૂબ ધર્મધ્યાન કરે, પૂર્ણ

બ્રહ્મચર્ય પાળે, અત્યંત પ્રસન્ન રહે અને આ બધી વાતમાં પતિ એકદમ અનુકૂળ રહે તો ગર્ભ ધાર્મિક અને સંસ્કારી બને.

ગર્ભાશયમાં થતી ગર્ભની હલન-ચલનની ક્રિયાની વિડિયો ઉતારવામાં આવી છે. જેમાંથી એ વાત જાણવા મળે છે કે, માતા જો ઉદ્વેગમાં હોય તો ગર્ભ ઉદાસ બને છે અને જો આનંદમાં હોય તો ગર્ભ પણ પ્રસન્ન હોય છે. માતાએ પોતાના ખાનપાન, ઉઠવા-બેસવા-ઉંઘવા વગેરે તમામ ક્રિયાઓમાં અતિશય ધ્યાન રાખવું પડે છે. નહીંતર તેની ભૂલનો ભોગ તેનું સંતાન બને છે.

આ ઉપરાંત, માતા-પિતાના રોગો અને દોષો પણ ગર્ભના આત્મામાં સંક્રાત થવાની શક્યતા હોવાથી તેમણે રોગો ન થાય તેની કાળજી કરવી પડે છે અને તેમના કામ, ક્રોધાદિ દોષોને કાબૂમાં રાખવા પડે છે. જેના લોહીમાં કે વીર્યમાં કોલેસ્ટ્રોલ, સાકરનું વધુ પ્રમાણ, દમનો વ્યાધિ વગેરે હોય તેના ગર્ભમાં તે ઉતરવાની શક્યતા રહેલી છે. પિતા દ્રુપદનો આગ ઝરતો ક્રોધ દીકરી દ્રૌપદીમાં ઉતરી ગયો હતો તેઓ આજીવન અતિ ક્રોધી રહ્યા હતા. પિતા કર્ણદેવનો કામ દીકરા સિદ્ધરાજમાં ઉતરી ગયો હતો આથી તે આજીવન અત્યંત કામી હતા.

ગર્ભકાળમાં કતલખાનામાં કપાતા જીવોને જોઈને આનંદ પામતી માતાનું બાળક ખૂની પાક્યું હતું. ઘરનો હિસાબ મેળવ્યા કરતી માતાનું સંતાન મહાન ગણિતશાસ્ત્રી બન્યું હતું.

આ બધી વાત સૂચવે છે કે ગર્ભના સંવર્ધન, સંરક્ષણ અને સંસ્કરણની પ્રક્રિયા જે માતા આદરે તે માત્ર અવતરનારા બાળક ઉપર જ નહિં પણ સમગ્ર પરિવાર, સમાજ, રાષ્ટ્ર અને વિશ્વ ઉપર પણ જાણે-અજાણે મહાન ઉપકાર કરી રહી છે.

માતાના ઉદર જેવું શ્રેષ્ઠ ગુરુકૂળ આ વિશ્વમાં બીજું કોઈ ન હોઈ શકે. અહીં ભણેલા પાઠ રક્તના બુંદ-બુંદમાં અને અસ્થિમાંસના કણ-કણમાં એવા ઘૂંટાઈ ગયા હોય છે કે જાણે પાટણના પટોળાની ભાત! માટે જ માતા માટે કહેવાયું છે કે...

***''જનની જણજે પુત્રજન કાં દાતા કાં શૂર***
***નહીં તો રહેજે વાંઝણી મત ગુમાવજે નૂર.''***

માતા એટલે શૂરોની, સંતોની, સંન્નારીની માતા.

મા વાત્સલ્યમય હોય છે. સંતાનોને ખૂબ વહાલી હોય છે. માતા માટે કહેવાયું છે કે...

***''જનનીની જોડ સખી નહિં જડે રે લોલ''***
***''મેલો તોય માનો ખોળો''***
***''મા તે મા બીજા વન-વગડાના વા''***

મા એટલે ત્રિમૂર્તિ. એ ધૈર્યમૂર્તિ છે, એ ક્ષમામૂર્તિ છે, એ કરુણામૂર્તિ છે. માનો અર્થ જોડણીકોશમાં નહિં જીવનકોશમાં જોવાનો હોય છે.

યહુદી કહેવત છે, ''ભગવાન બધે પહોંચી શકતો નથી, માટે એમણે માનું સર્જન કર્યું છે.'' માતાના પ્રેમનું સૌથી મોટું પહેલું અને પાયાનું લક્ષણ હોય તો તે છે 'બલિદાન'.

પ્રભુ મહાવીરના ગણધરશ્રી સુધર્મા સ્વામીજીએ તૃતીય અંગ 'સ્થાનાંગ સૂત્ર'માં કહ્યું છે કે, ''સંસારમાં મનુષ્યના મુખ્ય ત્રણ ઉપકારી છે : માતા-પિતા, માલિક અને ધર્મગુરુ.''

જૈનોના સર્વમાન્ય મહાપ્રભાવિક 'ભક્તામરસ્તોત્ર'ની બાવીસમી ગાથામાં પૂજ્ય માનતુંગસૂરિએ તીર્થંકરોની માતાની સ્તુતિ કરતા કહ્યું છે કે, ''હે ધન્ય માતા! આ સંસારમાં હજારો સ્ત્રીઓ હજારો પુત્રને જન્મ આપે છે પણ આપ જ ધન્ય માતા – જનની છો જે તીર્થંકરને જન્મ આપો છે. દિશાઓ તો દસ છે પણ પૂર્વ દિશા પૂજ્ય છે. કારણ તે સૂર્યને જન્મ આપે છે. તેમ તમે પણ તીર્થંકરોને જન્મ આપો છો તેથી હે માતા! તમે જગત પૂજ્ય છો અને વંદનીય છો.''

જૈનધર્મમાં તીર્થંકરની માતાની પ્રતિમા તીર્થંકર સહિત છે. આબુ-દેલવાડા, રાણકપુર વિગેરે તીર્થોમાં જિનમાતાના પટ વંદનીય અને પૂજનીય છે. જૈનોના પ્રસિદ્ધ તીર્થ સિદ્ધાચલમાં દેવાધિદેવ આદિપ્રભુની સન્મુખ હાથીની અંબાડી ઉપર માતા મરુદેવા સહિત આદિપ્રભુની પ્રતિમાં છે. તે જ જિનાલયના ઉપરના ભાગમાં માતા મરુદેવની પ્રતિમા આદિપ્રભુને ગોદમાં લઈ બેઠેલી છે.

જૈનશાસ્ત્રોમાં કલ્યાણકોનું વર્ણન આવે છે. ત્યાં તીર્થંકરના જન્મ કલ્યાણક સમયે ઈન્દ્ર આદિ સૌ પ્રથમ માતાની સ્તુતિ કરે છે. ત્યારબાદ પ્રભુની સ્તુતિ કરે છે.

- મહાપુરુષોના જીવનમાં માતાનું પ્રદાન :
- માત્ર છ વર્ષની ઉંમરે અતિમુક્તને માતાએ સંયમ પંથે વાળી દીધા હતા.
- મહારાજા સંપ્રતિના ગુરુ આર્યરક્ષિતસૂરિની માતાએ ભારે ચાલાકીથી સંતાનોને સંયમ માર્ગે વાળી દીધા હતા.
- મહારાજા સંપ્રતિની માતાએ રાજકુમાર સંપ્રતિને રોજ ઓછામાં ઓછા એક શિખરબંધી જિનાલયનું ખાત કરવાની પ્રતિજ્ઞા આપી હતી. જેનાથી સવાલાખ જિનાલયોના નિર્માણ થયા હતા.
- માતા અનસુયાએ પારણે હિંચતા બાળકના કાને સતત એ શબ્દો સંભળાવ્યા હતા કે 'બેટા, તુ શુદ્ધ છે, સંસારમાયાથી સર્વથા રહિત છે.'

● સતત રડતા બાળકને મા મદાલસાએ સવાલ કર્યો કે, 'શું જોઈને તું આટલો ભયભીત થઈને રડ્યા કરે છે? જો તારે જન્મવું જ નહોતું તો તું મારા પેટે જન્મયો જ કેમ? ખેર! હવે આ ભવે તું અજન્મા થવાની જ સાધના કરજે.'

● કલિકલ સર્વજ્ઞ શ્રી હેમચંદ્રસૂરિ મહારાજની માતાએ તેમને બાલ્યાવયમાં જ ગુરુને સોંપી દીધા અને ભારતીય સંસ્કૃતિને અજોડ એવા આચાર્યની ભેટ મળી. પૂજ્ય આચાર્યશ્રીએ પણ પોતાની માતાને દીક્ષા આપી, અંતિમ નિર્યામણા કરાવી અને એમની સમાધિ માટે સવાકરોડ નવકાર જાપ અને સાડાત્રણ કરોડ નૂતન શ્લોક સર્જનનો ભિષ્મ સંકલ્પ કર્યો.

● પતન પામેલાં દીકરા અરણિકમુનીને તેમની માતાએ હિતશિક્ષા આપી, પાછા સંયમ પંથે વાળી તેમનું આત્મહિત કર્યું.

● વજમુનિને તેમની માતાએ શરૂઆતથી જ દીક્ષાની વાતો સંભળાવી જેથી માત્ર ત્રણ વર્ષની વયે તેમણે દીક્ષા લીધી.

● ૧,૪૪૪ ગ્રંથના રચિયતા જૈનાચાર્ય હરિભદ્રસૂરિજીને પ્રતિબોધ કરનારા હતા, મહાન સાધ્વી 'યાકિનીમહત્તરા'. અત્યંત વિદ્વાન અને કૃતજ્ઞ આચાર્યજી પોતાને યાકિનીમહત્તરાસુનુ એટલે 'પુત્ર' તરીકે સ્વરચિત અનેક સૂત્રોમાં સ્મરે છે.

● વિશ્વની અનેક ભાષાના જાણકાર, દર્શનશાસ્ત્રોના પ્રકાંડ પંડિત પૂજ્ય જમ્બૂવિજયજી મહારાજ કે જેઓ ૮૦ વર્ષની વયે પણ પોતાના મા-મહારાજ અને પિતા-મહારાજની યાદમાં દર મહિને અઠ્ઠમનો તપ કરતા.

● થોમસ આલ્વા એડિસન જેમને ઠોઠ સમજી શિક્ષકે શાળામાંથી કાઢી મૂક્યાં હતા. તેમની માતાએ પોતે તેમને પૂરી લગનથી ભણાવી વિશ્વને એક મહાન વૈજ્ઞાનિકની ભેટ ધરી.

● ગાંધીજી. આ દેશને મળેલા રાષ્ટ્રપિતા ગાંધીજીના જીવનમાં જો કોઈનો મુખ્ય ફાળો હોય તો તેમની માતા પૂતળીબાઈનો હતો. રાજકોટથી વિલાયત જવા તૈયાર થયેલા ગાંધીજીને તેમની માતા રાજકોટના ઉપાશ્રયમાં રહેલા જૈનસાધુ પાસે લઈ જઈને માંસ, મદિરા અને સ્ત્રીસંગથી દૂર રહેવાની પ્રતિજ્ઞા અપાવી હતી. જો આ ત્રણ પ્રતિજ્ઞા ગાંધીજીએ ન લીધી હોત તો, તેમનો ઇતિહાસ જૂદો જ હોત. ખુદ ગાંધીજીએ લખ્યું છે કે, પરદેશ ગયા પછી આ પ્રતિજ્ઞાનો ભંગ થાય તેવા પ્રસંગો આવ્યા હતા. પણ માએ અપાવેલી પ્રતિજ્ઞાની યાદ આવતા હું બચી ગયો હતો.

● સંતજ્ઞાનેશ્વરે પણ તેમના સાહિત્યમાં લખ્યું છે કે,

आई माशा गुरु, आई कल्पतरु,
सौख्याचा सागर आई माझी,
प्रीतिचे माहेर, मांगल्याचे सार,
अमृताची धार आई माझी।

અર્થાત્ '' 'મા' એટલે ગુરુ, 'મા' એટલે કલ્પવૃક્ષ, 'મા' એટલે સુખનો સાગર, 'મા' એટલે પ્રેમનું પિયર, 'મા' એટલે સર્વમંગલનો સાર અને 'મા' એટલે અમૃતની ધાર.''

આવા તો ઘણા મહાપુરુષોના દૃષ્ટાંત ઇતિહાસના પાને આલેખાયેલા છે. વર્તમાન સમયમાં પણ ઘણા ઉત્તમ દૃષ્ટાંતો મળે છે. કેરળની સુધરેલી ગણાતી પ્રજાના સેંકડો સંતાનો ઓફિસ કે કોલેજ જતાં પહેલાં માતા-પિતાને ભાવપૂર્ણ વંદન કરે છે.

આમ, મહાપુરુષોની મહાનતા તે તેમના માતા-પિતાના શુદ્ધ લોહી-વીર્ય અને તેમના સંસ્કરણના કારણે હતી.

મહાભારતના શાંતિપર્વમાં કહ્યું છે કે, 'જે પિતાને પ્રસન્ન કરે છે તેનાથી પ્રજાપતિ પ્રસન્ન થાય છે, જે માતાને પ્રસન્ન કરે છે, તે આખી પૃથ્વીને પ્રસન્ન કરે છે.'

મનુસ્મૃતિમાં કહ્યું છે કે, 'દસ ઉપાધ્યાય = એક આચાર્ય, એક આચાર્ય = એક પિતા અને હજાર પિતા = એક માતા.'

એલેક્સહેલે પોતાના 'Roots' નામના પુસ્તકમાં લખ્યું છે કે, 'મા-બાપ, દાદા-દાદી તો ઘરનું મૂળ છે. જેમ મૂળ વગર ઝાડ નહિં તેમ વડીલો વગરનું ઘર તે ઘર નથી.'

નેપોલિયને ફ્રાંસની પ્રજાને કહ્યું હતું કે, 'તમે મને ઉત્તમ નારીઓ આપો, હું તમને ઉત્તમ રાષ્ટ્ર આપીશ.'

હિટલરના હાથમાં જ્યારે જર્મન રાષ્ટ્રનું સુકાન આવ્યું ત્યારે તેમણે તમામ નોકરી કરતી નારીઓને ઘરોમાં પાછી ફેરવી હતી. તેમણે જણાવ્યું હતું કે, 'આદર્શ પત્ની અને આદર્શ માતા બનીને રાષ્ટ્રને ઉત્તમ નરરત્નોની ભેટ આપો, તમારું આજ કાર્ય છે.'

વર્તમાન સમયમાં પણ હવે લોકો આ વાતથી ખૂબ જાગૃત થઈ ગયા છે કે, જો ભાવિને ઉજ્જવળ બનાવવું હશે તો તે પેઢીને ગર્ભમાંથી જ સંસ્કાર આપવા પડશે. માટે આજે આપણે જોઈએ છે કે ઘણી જગ્યાએ ગર્ભસંસ્કાર કેન્દ્રો ખૂલ્યાં છે, જેમાં માતાઓને ગર્ભાધાનથી લઈને સંતાનને જન્મ આપ્યા પછી કેવા પ્રકારની તાલીમ આપવી તેનું માર્ગદર્શન કરવામાં આવે છે. કારણ કે સંસ્કરણ વિનાના સંતાનો એટલે સુવાસ વિનાના પુષ્પો, પ્રાણ વિનાના કલેવરો.

સંતાનો પ્રભુના ભક્ત હોય, તે જીવ માત્રના મિત્ર હોય અને શીલની બાબતમાં શુદ્ધ હોય તેવા નરરત્નો માટે કહેવાયું છે કે...

कुलं पवित्र जननी प्रसूता।
वसुंधरा भाग्यवती च तेन।
अवाक्यमार्गे सुखसिन्धुमग्ने
लीनं परब्रह्ममणि यस्य चेतः।।

અર્થાત્ જેનું મન હરિમાં લીન રહે છે તેણે તેના કુળને ઉજાળ્યું, તેની માતાએ તેને જણી જાણ્યો અને તેનાથી આ ધરતી પવિત્ર થઈ ગઈ.

આવા નરરત્નો અને તેમની માતાઓને કોટિકોટિ વંદન.

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૮૭૩ ૦૫૫૧૧

# નારીરત્ન સતી ચંદનબાળા

**પ્રૉ. કોકિલા હેમચંદ શાહ**

**જૈ**ન ધર્મમાં નારીનું સ્થાન આદરણીય રહ્યું છે. સમાજની રચનામાં પુરુષ અને સ્ત્રી બે સમાન અવિભાજ્ય અંગ છે. સ્ત્રી વગર સમાજ સ્થિતિહીન છે. જૈન સાહિત્યમાં નારીનું શિક્ષણ, સહનશીલતા, ત્યાગ, શીલ આદિના અનેક જ્વલંત ઉદાહરણ મળે છે. જૈન પ્રાતઃસ્મરણીય સતીઓમાં બ્રાહ્મી, સુંદરી, ચંદનબાળાનું સ્થાન વિશિષ્ટ છે.

જૈન સાહિત્યમાં નારીનું ગૌરવ પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના સમયથી થયેલ છે. તીર્થંકર ઋષભદેવે કર્મભૂમિના પ્રારંભમાં કર્મપ્રધાન જીવનશૈલીનો ઉપદેશ આપ્યો. તેમણે અસિ, મસિ, કૃષિ, વાણિજ્ય અને વિદ્યાની પ્રેરણા આપી. તેમણે પુત્રોની સાથે પુત્રીઓને પણ શિક્ષણ આપ્યું. તેમની બે પુત્રીઓ બ્રાહ્મી તથા સુંદરીએ ક્રમશઃ લિપી અને અંકવિદ્યાનું શિક્ષણ મેળવ્યું – એમની પુત્રીઓ નારીશક્તિના પ્રતીકસમી છે. સોળ સતીના છંદમાં કહ્યું છે – ''બાળકુમારી જગહિતકારી, બ્રાહ્મી ભરતની બેનડીએ, ઘટઘટવ્યાપક અક્ષરરૂપે સોળ સતીમાં જે વડીએ બાહુબલ ભગિની સતીય શિરોમણી, સુંદરીનામે ઋષભ અંક સ્વરૂપી ત્રિભુવનમાંહે જેહ અનુપમ ગુણજુત્તાએ''.

લેખનકાળની જનની બ્રાહ્મી અને અંકકળાની નિષ્ણાત સુંદરી નારીના ઉચ્ચ સ્થાનની ઝાંખી કરાવે છે. આજે પણ બ્રાહ્મીના નામ પરથી બ્રાહ્મી લિપિ પ્રખ્યાત છે, ઋષભદેવ દ્વારા સ્થાપિત શ્રમણી સંઘની પ્રથમ આર્યા બનવાનું સૌભાગ્ય બ્રાહ્મીને મળ્યું.

જૈન તીર્થંકરોએ સંઘની સ્થાપના કરતા સાધુઓની સાથે સાધ્વી અને શ્રાવકોની સાથે શ્રાવિકાઓને પણ સમાન સ્થાન આપીને ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. જૈન પરંપરામાં નારીની મહાનતા વિષે અનેક ગ્રંથો છે – સ્ત્રી ઊર્જાનો ભંડાર છે. નારી તેના તપ, ત્યાગ, શીલ, સદાચારને કારણે સંસ્કૃતિનો આધારસ્તંભ છે.

જૈન દર્શનમાં, દાન, શીલ, તપ અને ભાવ એ ધર્મના ચાર પ્રકાર છે. વિપરીત પરિસ્થિતિમાંથી પણ ધૈર્ય અને સાહસનો સાથ ન છોડનારી મહાસતીઓની યશોગાથાથી જૈન સાહિત્ય સમૃદ્ધ છે. આવી એક મહાસતી મગધની રાજકુમારી ચંદનાનું જીવન અનુપમ આદર્શ સમાન છે. જૈન સાહિત્યમાં તે એક સન્માનિત પાત્ર છે. તેનું એક આદર્શ શ્રાવિકા અને એક આદર્શ સાધ્વીના રૂપમાં સર્વત્ર સ્મરણ કરાય છે. તેનું ચરિત્ર અનુપમ છે. ચંદનાની કથા એટલે નારીની ગરિમાને રેખાકિંત કરતી પ્રેરક કથા. તેનું સમગ્ર જીવન ઉત્તરચઢાવાના ચિત્રોથી પૂર્ણ છે.

**''ચંદનબાળા બાળપણાથી**
**શિય લવતી શુદ્ધ શ્રાવિકોએ.''**

– કર્મની ગતિ ન્યારી છે.

**''દધિવાહન રાજાની બેટી,**
**ચાલી ચંદનબાળા**
**ચઉપદની પરે ચઉરે વેચાણી,**
**કર્મતણા એ ચાળારે...''**

મહાસતી ચંદનબાળાની કથા વ્યથાપૂર્ણ છે. એનો જીવનવૃત્તાંત 'આવશ્યક ચૂંણિ', આવશ્યક નિર્યુક્તિ, મલય ગિરિવૃત્તિ, કલ્પસૂત્રાર્થ પ્રબોધિની આદિ પ્રાચીન અને અર્વાચીન ગ્રંથોમાં ગૌરવ સાથે જોવા મળે છે.

ભગવાન મહાવીર દ્વારા પ્રવર્તીત ધર્મતીર્થની પ્રથમ સાધ્વી ચંદનબાળા – ચંપાનરેશ દધિવાહન અને માતા ધારિણીની સુપુત્રી હતી – સદાચારી અને સંસ્કારી, યુવાવસ્થામાં જ એક વિદ્યાધરે એનું અપહરણ કરી એને નિર્જનવનમાં છોડી દીધી, ચંદનાએ ધર્મપ્રત્યેની શ્રદ્ધાથી પોતાના શીલની રક્ષા કરી. રાજા દધિવાહને રાજ્ય છોડ્યું અને માતા ધારિણીએ શીલવ્રતની રક્ષા માટે પોતાના પ્રાણ છોડ્યા ત્યારે ચંદના એકલી પડી અને જ્યારે ભરી બજારમાં વેશ્યાના હાથમાં વેચાઈ અને વેશ્યાએ ચંદનાને પોતાનું સતીત્વ

વેચવા મજબૂર કરી પરંતુ તેણે એમ શક્ય ન બનવા દીધું – સદ્‌ભાગ્યે ધનાવહ. શેઠે એને ખરીદી. જે સદાચારી હતા. પરંતુ ધનાવહ શેઠને ત્યાં ભદ્રા શેઠાણીએ નિર્દોષ ચંદનાને બહુ પરિતાપ આપ્યો. એના કેશ મુંડાવી એના હાથમાં બેડી નાખી જ્યારે શેઠ ન હતા ત્યારે એને એક અંધારા ઓરડામાં કેદ કરી દીધી... આટલી મુશ્કેલીઓ વચ્ચે પણ તેણે ધર્મમાં શ્રદ્ધા ગુમાવી નહીં. પ્રભુ સ્મરણ કરવા લાગી – ''કેવલીપનતં ધમ્મં શરણં પવજ્જામિ'' – ધર્મનું શરણ સ્વીકારે છે.

ચંદનબાળાની થોયમાં કહ્યું છે –

**''ચંદનબાળા સાધ્વી, ચંદનસમ સુવાસ**
**રાજકુમારી એ હતી, વૈભવનો નહીં પાર,**
**તો યે આ સંસારનો મોહ ન એને લગાર**
**કર્મયોગે બહુ દુઃખ સહ્યા પલટી ગઈ ઘટમાળ...''**

વિપત્તિ વખતે ભયભીત થયા વગર પ્રભુ સ્મરણ અને આત્મચિંતનમાં તેણે મન પરોવ્યું. જૈન ધર્મમાં તેને અટલ શ્રદ્ધા હતી. પોતાના શીલને આંચ આવવા ન દીધી. દૃઢ સંકલ્પથી તેણે અપૂર્વ અવસરનું સર્જન કર્યું – આ નારીએ પોતાના જીવનમાં આવવાળી વિપત્તિઓના દોષ માટે બીજાને જવાબદાર ન ગણ્યા – પરંતુ પોતાના પૂર્વકર્મનું ફળ સ્વીકારી ધૈર્યપૂર્વક સહન કર્યું. ભક્તિના પ્રભાવથી અને દૃઢ સંકલપશક્તિથી એના બંધન તૂટી ગયા. ધર્મથી વિમુખ ક્યારે પણ ન થવાનો એણે સંકલ્પ કર્યો.

ચંદનબાળાની કથાથી સહુ પરિચિત છે. ભગવાન મહાવીરનો અભિગ્રહ ચંદનાએ પૂર્ણ કર્યો. અને એનું જીવન સફળ થઈ ગયું.

**''બાકુળા વહોરાવવા બેડી ઉંબરમાંય**
**વીનવે કોઈ અતિથિને આવો આંગણમાય.**
**આવો આવો દેવ મારા સૂના સૂના દ્વાર**
**રોતી રોતી ચંદનબાળા વીનવે છે.**
**આજ મારા આંગણા સૂના**
**પગમાં બેડી માથે મૂંડી, આંખે આંસુધાર,**
**ઉપવાસી ત્રણ ત્રણ દિવસની, મુખગણતી નવકાર...**
**કૌશંબી નગરીની માંહે, યોગી એક વિચરતા,**
**પાંચ માસને પચીસ દિનથી ભિક્ષા કાજે ફરત...**
**ચંદનબાળા ભાવ ધરીને બાકુળા વહોરાવે.**
**તે જ ક્ષણે ચમત્કાર થયો ને તૂટી પગની બેડી...**
**માથે સુંદર વાળ થયાને વરસી સુખની હેલી,**
**આવો આવો વીર સ્વામી! આવો મહાવીર આજ!...''**

પ્રભુએ બાકુળા વહોરવાની સાથે જ ચંદનાની બેડીઓ ખૂલી ગઈ માથે સુંદર વાળ થયા. આખા નગરમાં સમાચાર ફેલાયા. બધા ચંદનબાળાના દર્શન કરવા આવ્યા. પ્રભુ મહાવીરને કેવલજ્ઞાન થતાં ચંદનાએ પણ દીક્ષા ગ્રહણ કરી અને મહાવીરની પ્રથમ શિષ્યા બની. શ્રમણી સંઘની પ્રવર્તિની બની. એના નેતૃત્વમાં ૩૬ હજાર સાધ્વીઓને સમુદાય હતો અને ચંદનબાળાના નેતૃત્વમાં ૧૪૦૦ શ્રમણીઓએ આત્મકલ્યાણકારી મુક્તિ પ્રાપ્ત કરી. (કલ્પસૂત્ર વૃત્તિ-વિનયવિજયજી)

સતી ચંદનબાળાનું જીવન અનુપમ આદર્શ છે. જૈન સાહિત્યમાં તે એક સન્માનિત પાત્ર છે. તેનું એક આદર્શ શ્રાવિકા અને આદર્શ સાધ્વીના રૂપમાં સર્વત્ર સ્મરણ કરાય છે. તેની સાધના અને ચારિત્રના પ્રભાવથી ચંદનાની ભગવાન મહાવીરના ચતુર્વિધ સંઘમાં દીક્ષા પ્રાપ્ત થઈ તેના તપના પ્રભાવથી તેણે સર્વોચ્ચ પદ પણ પ્રાપ્ત કર્યું. ચંદનાનું જીવન આપણને વિષમ પરિસ્થિતિમાં પણ સાત્ત્વિક સંસ્કારો પ્રત્યે દૃઢ બન્યા રહેવાની માંગલિક પ્રેરણા આપે છે. જ્ઞાનવતી, શીલવતી તપસ્વીની ચંદનાની કથા એ કેવળ એક અબળા નારીની કથા નથી. પરંતુ સહિષ્ણુતા, સમતા ધર્મપરાયણતા આદિ ગુણોના ગૌરવની કથા છે. તેણીએ વિકટ પરિસ્થિતિમાં પણ પોતાની શ્રદ્ધાને ડગાવ્યા વગર સહનશીલતા કેળવી જીવન સફળ કર્યું – ચંદનબાળાના જીવનવૃત્તાંત દ્વારા જીવનની મુસીબતોનો ધૈર્યપૂર્વક સામનો કરવાનો સંદેશ મળે છે. ધર્મની ધજા ફેલાવવામાં એની મહત્વપૂર્ણ ભૂમિકા છે. તેથી ભારતીય સંસ્કૃતિ યુગો સુધી ગૌરવાન્વિત રહેશે. દીર્ઘકાળ સુધી એની આ કથા નારીને પ્રેરણા આપતી રહેશે. એનો ઉચ્ચ આદર્શ, સાહસ, સાધના શીલનો મહિમા અપૂર્વ છે. સંપૂર્ણ નારી સમાજનું તે ગૌરવ છે – આમ જૈન સાહિત્યનું એક સન્માનિત પાત્ર એટલે મહાસતી ચંદનબાળા.

જૈન પરંપરામાં અનેક નારીરત્નોએ આત્મકલ્યાણની સાથે અધ્યાત્મના ક્ષેત્રમાં પોતાનું જીવન સમર્પિત કર્યું છે. ધર્મની સાથે વિશ્વકલ્યાણના ક્ષેત્રે મયણાસુંદરી, અંજના, સીતા જેવા અનેક નારીરત્નોનું અપૂર્વ યોગદાન છે.

નારીરત્ન ચંદનબાળાનું નામ આજે વર્ષો પછી પણ ઇતિહાસમાં અમર છે. ચોળ સતીઓની સાથે એનું સ્મરણ મંગળકારી ગણાય છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૩૨૩૦ ૭૯૯૨૨, મુંબઈ

# નારીની મનોદશા

## ડૉ. ઉત્પલા કાન્તિલાલ મોદી

**શું લખું?**
**શું ના લખું?**
**કેટલું લખું?**
**શું કહું?**
**શું ના કહું?**
**કહેવાનું ઘણું ઘણું મન છે**
**પણ...પણ... કહી શકતી નથી**
**મનનું મનમાં જ રહી જાય છે.**
**આ છે નારીની મનોદશા.**

**પણ...**

નારીની મનોદશા, નારી જ જાણી શકે. હા, અન્ય એની કલ્પના કરી શકે પણ કલ્પનામાં કોઈનું મન જાણી શકાય ખરૂ? ઘાયલ કી ગત ઘાયલ જાણે તેવી વાત છે. અનુભવે જ સમજણ પડે.

નારી તું નારાયણી? નારી રત્નોની ખાણ છે કેમ કે તેની કુક્ષિએ મહાપુરુષોએ જન્મ લીધો છે. નારી તેના સ્વભાવ, મનોવિચાર, કર્તવ્યપરાયણ, ઉદાર દિલ, તપ, ત્યાગ, સંયમ, સદાચાર, ધાર્મિક ભાવનાના કારણે પૂજનીય, વંદનીય છે. હંમેશા મનમાં બીજાનું હિત ઇચ્છનારી છે.

નારીને સમુદ્રના તરંગ જેવી ચંચલ સ્વભાવવાળી કહી છે. તે ગુણોથી યુક્ત છે. સર્વ કલ્યાણકારક છે તે સર્વોત્તમ મંગલ છે, તે સાક્ષાત શ્રુતદેવતા છે, સરસ્વતી છે, અચ્યુતા છે, પરમ પવિત્ર સિદ્ધિ, મુક્તિ, શાશ્વત, શીવગતિ છે.

નારીના મનમાં અપરંપાર કરુણા, સ્નેહ ભરેલું છે. નારી કરુણા પ્રધાન છે. નાર્યસ્તુ યત્ર પૂજ્યન્તે, રક્ષન્તે તત્ર દેવતા. અર્થાત્ જ્યાં નારીની પૂજા થાય છે ત્યાં દેવતાઓ વાસ કરે છે. નારીને બાલ્યકાળમાં પિતાને આધીન, યુવાવસ્થામાં પતિને આધીન છે અને કેટલીકવાર વૃધાવસ્થામાં પુત્ર, પુત્રીને આધીન હોય છે. ક્યારેય સંપૂર્ણપણે મન પ્રમાણે, ઇચ્છા પ્રમાણે સ્વતંત્ર નથી. નારીના મનમાં સતત વિચાર તો ચાલી રહ્યા હોય પણ ઘણી વાર કહી શકતી નથી. વર્તમાન સમયમાં નારી સ્વતંત્ર પણે મનથી વિચારી શકે છે પણ...

નારી પરોપકારી, પ્રેરણાદાયી હોય છે. નારીઓને ઘરનો મોભ કહ્યો છે. સામાજિક, ધાર્મિક, શૈક્ષણિક કોઈ પણ ક્ષેત્ર એવું નહિ હોય જ્યાં નારીનું યોગદાન નહીં હોય. નારી ઊર્જાનો ભંડાર છે. અનેક મહાપુરુષોને જન્મ આપી તેનું ઘડતર કર્યું છે. નારી પોતાના વિચાર અને આચરણ વડે સહુને પ્રકાશ, વિકાસ, ઉજાસ, પ્રગતિ તરફ દોરી જાય છે. નારીમાં પ્રજ્વલિત પ્રકાશની સાથે સાથે શાતાકારક ઉજાસ પણ છે.

નારીની મનોદશાનો આધાર તેને કયું પાત્ર ભજવવાનું છે તેના પર છે. અલગ અલગ સમયે, અલગ અલગ વાતાવરણ અને સંજોગોમાં અલગ અલગ મનોદશા ધરાવે છે. નારીને ગૃહિણી તરીકે અનેક ફરજો નિભાવવાની હોય છે. ''તાવડી તેર વાના માંગે'' કહેવત પ્રમાણે દિન-પ્રતિદિન તેને અનેક સમસ્યાઓને સુલઝાવવાની હોય છે. ઘણી વાર મનોદશા એવી હોય છે કે ન કહેવાય ન સહેવાય. અને અકલ્પનીય હોય છે. નારીને જ ખબર હોય કે તેની મનોસ્થિતિ કેવી છે, મનમાં શું ચાલી રહ્યું છે.

મન એટલે જ વિચારો. વિચારો એટલે શાંતિ અને અશાંતિ, બંને જેવા વિચાર તેવી મનની દશા. નારીનું મન સારી પ્રવૃત્તિમાં રહેવાથી મનમાં વિચારો પણ સારા હોય છે. ખોટી પ્રવૃત્તિ ઓછી એટલા વિચારો પણ મનમાં ઓછા. જેમ વિચારો ઓછા, મનની શાંતિ સવિશેષ. વિચાર શૂન્યતા એ મનની એવી સર્વોચ્ચ અવસ્થા છે કે જ્યાં સંપૂર્ણ શાંતિ રાજ કરે છે.

નારીની મનોદશાનું ઉત્કૃષ્ટ ઉદાહરણ આપણને વર્ધમાન મહાવીરની જીવન સહચરી યશોદા વસંતપુરના મહાસામંત સમરવીર રાજાની પુત્રીમાં જોવા મળે છે.

અત્યંત સુંદર અને ગુણવાન પુત્રવધુને મેળવીને માતા ત્રિશલા અત્યંત ખુશ હતા. માનવશ્રેષ્ઠ પતિ વર્ધમાનની સહધર્મિણી હોવાથી યશોદા પોતાના જીવનને ધન્ય માનતી હતી. પતિની ત્યાગમય મહત્વકાંક્ષાઓ સમજીને પતિ પરાયણ યશોદા એ પોતાની મનોવૃત્તિઓને પતિને અનુરૂપ વળાંક આપ્યો. અહો! કેટલી ઉચ્ચ. મનોદશા. જે આપણે વિચારી પણ ન શકીએ. આ ઉત્કૃષ્ટ મનોદશાને સમજવું પણ એટલું જ અઘરૂ અને અવર્ણનીય છે.

વિવાહ થયા હોવા છતાં વર્ધમાનનું મન સંસારમાં ડૂબ્યું નહિ. તેઓ પોતાની સહધર્મિણી યશોદાને સંસારની અસારતા વિષે સમજાવવા લાગ્યા. તેઓ રાજવૈભવથી દૂર રહીને ધરતી પણ સૂઈ

રહેતા તથા સાદું ભોજન કરતા. યશોદા પણ પોતાના પતિનો વૈરાગ્ય ભાવ જાણીને ત્યાગ વૃત્તિથી રહેવા લાગી. તેમને કોઈ પણ પ્રકારનું દુઃખ ન થાય તેનું ધ્યાન રાખવા લાગી. સાંસારિક સુખોની નશ્વરતા તથા ભૌતિક જીવનની ક્ષણભંગુરતાનો ઉપદેશ પોતાના પતિ પાસેથી આદરપૂર્વક સાંભળતી અને તેનું આચરણ કરવાનો પ્રયત્ન કરતી. પતિ વર્ધમાનના આ કથન, ''મૃત્યુને કોણ રોકી શકે છે, સંસાર અસાર છે અને વિજયી પુરુષ એ જ કહેવાય છે, જે સંસારના વિષયો ભોગથી દૂર રહીને આત્મ-કલ્યાણમાં લીન રહે છે.'' યશોદા પોતાના પતિના સુખમાં સુખ માનીને સંતોષ માનવા લાગી. તે કહેતી, ''નાથ, આપનું સુખ જગના સુખમાં છે અને મારું સુખ આપના સુખમાં છે.'' દીક્ષાના સમયે વર્ધમાન સ્વામીને યશોદાએ કહ્યું, આર્યપુત્ર, શરદઋતુમાં ક્ષત્રિય પ્રવાસ અથવા સંગ્રામ કરવા જાય છે, ક્ષત્રિયાણીઓ પોતાના શૂરવીર પતિને કુંકુમ કેશરના તિલક કરીને તેને વિદાય આપે છે. આપ તો સંસાર જીતવા માટે પ્રયાણ કરી રહ્યા છો, માટે આપનો માર્ગ સરળ થાઓ અને આપ વિજયી થાઓ.''

આ મહાન, આદર્શનારીની મનોદશાનું મૂલ્યાંકન કરવાનો પ્રયાસ કરીએ તો સમજાય છે કે સ્વયં સુખોની આહુતિ આપીને પતિ મહાવીરના માર્ગને ઉજાળ્યો. આ નારીનો મૂંગો ત્યાગ અનુપમ અને દુર્લભ છે.

આ મહાન ત્યાગમયી નારીના જીવન, મનોદશાનો મોટો ભાગ અજ્ઞાત જ રહ્યો છે. જૈન સાહિત્યમાં વિસ્તારથી પ્રકાશ પાડવામાં નથી આવ્યો. વર્ધમાન મહાવીર ભ્રાતૃ-સ્નેહથી વશીભૂત થઈને જ્યારે બે વર્ષ સુધી ઘરમાં અનાશક્ત ભાવથી રહ્યા ત્યારે યશોદાએ તેમની કેવી રીતે સેવા કરી? મહાવીરની પ્રવજ્યાના સમયે યશોદાની મનોદશા કેવી હતી? પતિના દીક્ષિત થયા પછી તેણે પોતાનું જીવન કેવી રીતે વીતાવ્યું? કઈ મનોભાવના સાથે વીતાવ્યું? આ બધા પ્રશ્નો એક રહસ્ય બનીને જિજ્ઞાસુની સામે ઉપસ્થિત થાય છે. યશોદાના મનોભાવો તથા અનુભૂતિઓની કેવળ કલ્પના જ કરી શકાય. તેનું માનસિક ચિંતન અને મનોભાવો કેવળ કલ્પનાનો જ વિષય બનીને રહી જાય છે. આ આદર્શ નારીએ યૌવનમાં પતિની ત્યાગ વૃત્તિમાં સહયોગ આપ્યો તથા શેષ જીવન પણ ભોગોથી દૂર આત્મકલ્યાણમાં વ્યતીત કર્યું એવી પ્રતીતિ થાય છે.

નારી એટલે શક્તિનો અવતાર. દરેકના ઘરમાં આ શક્તિના કારણે લોકો વિકટ પરિસ્થિતિમાં પણ જીવી શકે છે. એકી સાથે પત્ની, માતા, દીકરી, વહુ, ભાભી, નણંદ, સાસુ, દાદી, નાની વગેરે રૂપે પોતાનું પાત્ર આબાદ રીતે ભજવે છે. અલગ અલગ પાત્ર ભજવતાં નારીની મનોદશા પણ અલગ હોય છે. જેવું પાત્ર તેવા મનના ભાવો, મનના વિચારો અને દશા. નારીનું મન ધૈર્યશીલ હોય છે. નારી મનથી જુદું વિચારે છે, વચનથી જુદું બોલે છે અને કાયાથી જૂદું કરે છે.

નારીના મનમાં હંમેશા ગુણો જોવાની આદત હોય છે. કોઈના ગુણને શોધી પ્રશંસા કરવાનું શરૂ કરી દે છે. એને ધિક્કારવા માટે અવગુણ કદી જડશે નહીં. અવગુણમાંથી પણ ગુણ શોધી વ્યક્તિની પ્રશંસા કરી પ્રોત્સાહન આપે છે. અને ઉત્સાહ જાગૃત કરે છે. વ્યક્તિને વિજયી થવાની પ્રેરણા મનથી ભાવના ભાવે છે. શુભ થાઓ આ સકલ વિશ્વનું એવી ભાવના મનમાં સતત નિરંતર ચાલતી હોય છે.

મનની મક્કમતાથી કેટલીય નારીઓએ, માતાઓએ પોતાના પુત્રોને સરહદ પર લડવા મોકલ્યા હશે અને દેશની સેવા કરાવી હશે. સરદાર વલ્લભ ભાઈ પટેલ કહેતા, ''બહેનો, તમે અબળા છો એમ શા માટે માનો છો? તમે તો શક્તિ છો, શક્તિનો શ્રોત છો. પોતાની માતા વિના કયો પુરુષ પૃથ્વી પર અવતર્યો છે? તમે તમારી દીનતા ટાળો.''

આગ્રહ, દઢતા, હસતે મોંએ દુઃખો સહન કરવાની અપાર શક્તિ, નિડરતા, સંપૂર્ણ નિર્ભયતા એ બધા મહાયોદ્ધાના ગુણો નારીમાં હોય છે. મનથી મક્કમ, દઢ, સ્ત્રી જેટલી શક્તિ તો પુરુષોમાં પણ નથી. સ્ત્રીઓની સહનશક્તિ ઘણી જ હોય છે. નારીઓએ તો પુરુષોમાં પણ શક્તિ પૂરી પાડી છે.

કોઈ પણ સમસ્યાનું મૂળ રોગ છે. સુખ, શાંતિ, નારીના હાથમાં છે. કભી ખુશી, કભી ગમ. યહી હૈ નારીકા મનની દશા. મન સ્વસ્થ તો તન સ્વસ્થ તંદુરસ્તીની ચાવી મનમાં હોય છે. આશા રાખીએ દરેક સંજોગોમાં નારીનું મન સ્વચ્છ, સુંદર અને સ્વસ્થ રહે.

રામાયણમાં જે રીતે લક્ષ્મણની જીવનસહચરી ઉર્મિલાનું જીવન, મનોદશા તથા કાર્યોનો ઉલ્લેખ કરવામાં આવ્યો છે, તે જ રીતે જૈન સાહિત્યમાં વર્ધમાન મહાવીરની જીવન સહચરી યશોદાના જીવનની ઝાંખી તથા તેના માનસિક મનોભાવોની હંમેશા ઉપેક્ષા કરવામાં આવી એ જ રીતે બૌદ્ધ સાહિત્યમાં ગૌતમબુદ્ધની પત્ની યશોધરાના જીવનની ઘટનાઓનો પણ ઉલ્લેખ કરવામાં આવ્યો છે એવી પ્રતીતિ થાય છે.

✦ ✦ ✦

સંપર્ક : ૮૮૭૯૫ ૯૧૦૭૯, મુંબઈ

# મહાપુરુષોના જીવનમાં નારીનું યોગદાન

ડૉ. ભાનુબેન જે. શાહ

**શ્રી** ભગવતી સૂત્ર (શતક - ૧૮, ઉદ્દેશક-૧૦)માં સ્ત્રીનાં ત્રણ રૂપો દર્શાવેલ છે. ૧) કુલીન કન્યા ૨) કુલીન વધૂ ૩) કુલીન માતા. નારીનાં સામાન્ય રૂપે સાત લક્ષણો અંકિત થયાં છે. ૧) યોનિ, ૨) મૃદુતા, ૩) અસ્થૈર્ય, ૪) અબલતા, ૫) સ્તન, ૬) પુંસ્કાષિતા, ૭) માતૃત્વ. આ સાતે લક્ષણોમાં મૃદુતા અને માતૃત્વ મહત્ત્વનાં લક્ષણો છે. તેની સાથે શીલ સંપન્નતા ભળતાં નારી 'સન્નારી' કે 'દેવી'નો દરજ્જો પામે છે. આવી નારીઓને દેવો પણ વંદન કરે છે.

નારીને અબળા ગણવી, એ પૂર્ણ સત્ય નથી. વૈષ્ણવ ગ્રંથોમાં કહ્યું છેઃ

''बलं चन्दौ बलं सूर्यो, बलं समण ब्राह्मण।

बलं वेला समुद्दस स बलातिबलं इत्थियो।।''

ચંદ્રમા બળવાન છે, સૂર્ય બળવાન છે, શ્રમણ અને બ્રાહ્મણ બળવાન છે, સમુદ્રની લહેરો બળવાન છે પરંતુ સર્વથી અધિક બળવાન સ્ત્રીઓ છે.

સહનશીલતા અને સમર્પણ આ બે ગુણોમાં નારીને કોઈ આંબી ન શકે. યુગે યુગે મહાપુરુષોને જન્મ આપવાનું ગૌરવ નારી એ જ પ્રાપ્ત કર્યું છે. આ કુલીન નારીઓએ પડદાની પાછળ રહી, યશકીર્તિની કામનાને નેવે મૂકી પતિને સિદ્ધિના સર્વોચ્ચ શિખરે પહોંચાડવાની એક માત્ર ભગીરથ ભાવના ભાવી છે. પતિની પ્રસન્નતામાં જ પોતાની પ્રસન્નતા આ કુલીન નારીઓનો શિલાલેખ હતો. એવી કેટલીક નારીરત્નોના ફકીરાઈનાં અમૃતપાસાં પ્રસ્તુત છે, જેનો ઉજાસ વર્તમાન કાળની નારીઓ માટે માર્ગદર્શકરૂપ અને અનુકરણીય છે.

**ભામતી અને વાચસ્પતિ મિશ્રઃ**

લેખન જેમના જીવનની જડીબુટ્ટી અને નોળવેલ હતું. ગ્રંથોનું સર્જન, ગ્રંથો પર ટીકા લખવી એ જેમનો આગવો અભિગમ કહો કે તેમની આશિકા કહો; એવા વાચસ્પતિ મિશ્ર શંકરાચાર્ય લિખિત શંકરભાષ્ય પર ટીકાનું સર્જન કરી રહ્યા હતા. સૌથી આશ્ચર્યની વાત તો એ છે કે, તેઓ લેખન કાર્યમાં કેવા ગળાડૂબ થઈ ગયા હશે કે એકમાંથી બે ક્યારે થયા એનો પણ ખ્યાલ ન રહ્યો!

પિયુના પ્રેમનું પાનેતર ઓઢીને આવેલી કોડભરી વધૂના નેત્રમાં સોનરી અવનવા સોણલા રમતા હતા પરંતુ નવવધૂ ભામતીએ જોયું કે મધરાતે જીવમાત્ર જંપી ગયો હોય ત્યારે પોતાના પતિદેવ ગ્રંથ સર્જનમાં એકાકાર છે. જાણે ગ્રંથ સાથે વિવાહ ન કર્યાં હોય! એમને દૃષ્ટિ ઊંચી કરી જોવાની ફુરસદ જ ન હતી. ભામતીને એક ક્ષણ સ્ત્રીસહજ આંચકો લાગ્યો, પરંતુ કુલીન વધૂએ નિર્ણય કર્યો કે 'મારે પતિને લોભામણી કે લલચામણી પૃથ્વી પર પટકવા નથી. હું મારાં અરમાનો માટે તેમનાં શોખને વેરણછેરણ નહીં કરું. હું તેમનાથી છેટી રહી તેમની અખંડપણે સેવા કરીશ.' ખરેખર! જ્યાં સમર્પણ છે ત્યાં ફરિયાદ કેવી?

વાચસ્પતિ મિશ્રની જ્ઞાન સાધનાને સિદ્ધિના શિખરે પહોંચાડવામાં આર્ય સન્નારી ભામતીની મૂક સાધનાની અમીરાત સર્વોત્તમ હતી. ભામતીએ લગ્નજીવનની અપેક્ષાઓ સંકેલી પોતાની જવાબદારીઓ ચીવટથી નીભાવવી શરૂ કરી. સુંવાળી સેજ છોડી ભામતી બાજુના ઓરડામાં જાગતી પડી રહેતી. દીવેલિયા દીપકમાં થોડી ઝાંખપ આવે એટલે ધીમે પગલે આવી ભામતી હોંશે હોંશે દીપકમાં દીવેલ પૂરી જતી. તેણે યુવાની એકલ પડખે જ પસાર કરી. યુવાનીનો કાળ ગ્રંથ સર્જનમાં પસાર થઈ રહ્યો હતો.

એકવાર મધરાતે દીપકનો પ્રકાશ ઝાંખો થતાં લેખનકાર્ય અટકયું. ભામતી હળવેથી આવી દીપકમાં દીવેલ પૂરી ત્યાંથી ખસી ગઈ. ત્યાં વાચસ્પતિએ કહ્યું, ''બહેન! તમે કોણ છો? તમે ખરે ટાણે મદદ કરી છે.'' વિનમ્રતાથી ભામતીએ કહ્યું, ''નાથ! તમે મને બહેન કહી પાપમાં ન પડશો. હું આપની અર્ધાંગિની છું. જરા ઝોકું આવી ગયું તેથી દીપકમાં તેલ પૂરવામાં વિલંબ થયો. મને ક્ષમા કરજો.'' પ્રથમ વાર પરણ્યા પછી પતિ-પત્ની વચ્ચે વાર્તાલાપનો પ્રસંગ ઊભો થયો હતો. વાચસ્પતિ મિશ્રની આશ્ચર્યની અવધિ ન રહી. પોતાની પરણેતરના મૂક સમર્પણ પ્રત્યે અનન્ય અહોભાવ પ્રગટ્યો. તેમણે કહ્યું, ''નવોઢા શ્વસુર ગૃહે યુવાનીનાં ભરચક અરમાનો લઈને આવે છે, તેવા સમયે સમસ્ત સુખોને દફનાવી તમે કેટલું મોટું યોગદાન આપ્યું છે! હું તમારું શુભ નામ જાણી શકું?'' ભામતીએ મૃદુસ્વરે કહ્યું, ''આપની આ ચરણદેવિકાને લોકો 'ભામતી'ના નામે ઓળખે છે.'' વાચસ્પતિ વિચારમાં પડી ગયા. 'ભામતી... કેટલું સુંદર નામાભિધાન છે.' તેમણે કહ્યું, ''મને ટીકાનું નામ જડતું ન હતું, આજે અચાનક નામ જડી ગયું. તમારા જેવી સમજુ અને સંતોષી નારી ન મળી હોત તો આ ગ્રંથ સદાને માટે અધૂરો રહેત.'' આ શંકરભાષ્યની ટીકાનું નામ 'ભામતી' પડ્યું. પછી તો ભામતી

પતિના પરિચયે વિદુષી થયાં. 'કલ્પતરું' ગ્રંથ પર ભામતીએ ટીકા લખી.

વાચસ્પતિ મિશ્રની જગપ્રસિદ્ધમાં સમર્પણની મૂર્તિ ભામતીની કુરબાની અવિસ્મરણીય છે.

**ઊર્મિલા અને લક્ષ્મણઃ**

રામાયણનું એક ખૂણે ધકેલાયેલું, સર્વોચ્ચ ત્યાગનું પ્રતીક, મૂકપાત્ર એટલે ઉર્મિલા! રાજા જનક અને સુનયનાની પુત્રી, સીતાની નાની બહેન દશરથનંદન લક્ષ્મણની જીવનસંગિની.

વિશ્વમાં અવ્વલનંબરનો ભ્રાતૃધર્મ નિભાવનાર લક્ષ્મણ, જેને જગવિખ્યાત અને નામાંકિત કરવામાં તેની સહધર્મચારિણી ઉર્મિલાનો સિંહફાળો રહેલો છે. રામ સાથે ચૌદ વર્ષના વનવાસ પ્રયાણ કરતા હતા તયારે ઉર્મિલા પણ લક્ષ્મણ સાથે જવા તૈયાર થાય છે ત્યારે લક્ષ્મણ કહે છે તમારૂં કર્તવ્ય માતાપિતાની-નગરજનોની સંભાળ રાખવાનું અને તમે મારી સાથે હશો તો હું ભ્રાતૃધર્મનું અક્ષરસઃ પાલન કરવામાં ઊણો ઉતરીશ. મને તમારી પણ સંભાળ રાખવી પડશે. પ્રિયે! હું હાજર નથી એવો નબળો વિચાર કદી પણ ન લાવશો અને મારી ચિંતા પણ ન કરશો.''

પતિ આજ્ઞાને જ પતિસેવા માની આનાકાની કર્યા વિના ઉર્મિલાએ સહર્ષ સમ્મતિ આપી દીધી. તેણીએ નથી પોતાનો પુણ્યપ્રકોપ ઠાલવ્યો કે નથી બળવો કર્યો. સ્વાર્થને છોડી એક માત્ર પરમાર્થ તરફ દૃષ્ટિ કરી છે. તેણીએ પતિને હિમ્મત અને દૃઢતા બતાવતાં કહ્યું, ''આર્યપુત્ર! ભ્રાતૃધર્મ બજાવતાં ચિત્તમાં કદી મારો વિચાર ન લાવશો. રામને તમારા પિતા અને સીતાને તમારી માતા ગણી ખૂબ સેવાચાકરી કરજો.'' આમ કહી ઉર્મિલાએ પતિને કર્તવ્યની ભૂમિ તરફ પ્રેર્યા.

વનવાસની પ્રથમ રાત્રિએ ચોકી કરતા લક્ષ્મણજી રક્ષક બની ઊભા હતા. તેમણે અવિરત સેવાના હેતુથી વનવાસ દરમિયાન ઊંઘ ન લેવી એવી ભીષ્મ પ્રતિજ્ઞા લીધી. ત્યાં થોડી વારમાં દેવી પ્રગટ થઈ. દેવીએ કહ્યું, ''મહાબલી! હું નિદ્રાદેવી છું. ચૌદ-ચૌદ વર્ષ સુધી ઊંઘ ન લેવી એ પ્રકૃતિની વિરુદ્ધ છે. આવી ભીષ્મ પ્રતિજ્ઞા ન કર.'' લક્ષ્મણજી મક્કમ રહ્યા ત્યારે દેવીએ કહ્યું, મહાબલી! તારી ભીષ્મ પ્રતિજ્ઞાનો ભાર જો કોઈ પોતાના શિરે લેશે તો તું ચૌદ વર્ષ સુધી જાગૃત રહી શકશે.'' લક્ષ્મણે દેવીને પોતાની અર્ધાંગિની ઉર્મિલા પાસે મોકલી. દેવી પાસેથી પતિની આકરી પ્રતિજ્ઞાની હકીકત અને તેનું નિરાકરણ સાંભળી યુવરાજ્ઞી ઉર્મિલાએ પતિવતી ચૌદ વર્ષની ગાઢ નિદ્રા સ્વયં સ્વીકારી લીધી. યુવરાજ્ઞી ઉર્મિલાએ સંન્યાસિની જેવું જીવન વીતાવ્યું. નથી શાહી પોશાક પહેર્યો, નથી લકઝરી જીવન માણ્યું કે નથી એકલતાભર્યા દુઃખની ફરિયાદ કરી.

પતિને અનુકૂળ થઈને ચૌદ વર્ષની નિદ્રામાં સૂઈ રહી ત્યારે તો લક્ષ્મણ અવિરત સેવા કરી શક્યા. મોટાગજાની ઉર્મિલાએ ક્યારેય પતિને પતંગ બનાવી દોર પોતાના હાથમાં રાખી ઉડાડ્યા નથી, પરંતુ પંખી બનાવી મુક્ત ગગનમાં ઉડાડી મૂક્યા છે.

**બુદ્ધિમતી (રત્નાવલી) અને ગોસ્વામી તુલસીદાસ** (આધાર – શિવાનંદજી કૃત સંતોના જીવનમાંથી)

ઉત્તર પ્રદેશના બાંડા જિલ્લાના રાજપુર પ્રાંતના આત્મારામ શુક્લા દુબે અને માતા તુલસીના પુત્ર તુલસીદાસ (સં. ૧૫૮૯ – મતાંતરે ૧૫૩૨) બ્રાહ્મણ જ્ઞાતિના હતા. તરુણ વયે બુદ્ધિમતી સાથે વિવાહ થયા. સંસારી તુલસીને સંત તુલસીદાસ બનાવનાર શિલ્પી હતાં તેમની પત્ની બુદ્ધિમતી (ઉર્ફે રત્નાવલી)!

કથાકાર અનુસાર. તુલસી પણ સામાન્ય માનવીની જેમ પત્ની પ્રત્યે અનહદ પ્રીતથી જોડાયેલા હતા. ચક્રવાક અને ચક્રવાકી જેવો તેમનો પ્રેમ હતો. તુલસીને પત્ની વિના એક પણ ગોઠતું ન હતું. પત્નીનો એક દિવસનો વિરહ એક વર્ષ જેટલો લાંબો અને આકરો થઈ પડતો હતો.

એક દિવસ કહ્યા વિના જ બુદ્ધિમતી પિયરમાં ચાલી ગઈ. તુલસીદાસ આકુળવ્યાકુળ થઈ ગયા. દિવસ તો જેમ તેમ પસાર થઈ ગયો પરંતુ ગોઝારી રાત કેમે કરી પસાર ન થઈ. પત્નીના વિરહને જીરવી ન શકતાં તુલસીદાસ રાત્રિના અંધકારમાં ચોરી છુપીથી સસરાને ત્યાં બુદ્ધિમતીને મળવા આવ્યા. બુદ્ધિમતી પતિને જોઈ દંગ રહી ગઈ. પતિની આવી વેવલાઈ બુદ્ધિમતીને ન ગમી કેમ કે પિયરીયાંને ખબર પડે તો તેઓ બુદ્ધિમતી અને તુલસીદાસની ઠેકડી ઉડાડી-મશ્કરી કરશે. આવા વિચારોથી શરમાઈને બુદ્ધિમતીએ પત્નીના પ્રેમમાં પાગલ પતિને માર્મિક ઠપકો આપતાં કહ્યું, ''સ્વામી! મારા દેહને પ્રેમ કરો છો, પરંતુ આ દેહ તો હાડ-માંસનું માળખું છે. જો આવો અનહદ પ્રેમ ભગવાનને મેળવવા કરશો તો સંસાર સમુદ્ર તરી જશો અને અમરત્વનો આનંદ પ્રાપ્ત કરશો.'' આ ચોટદાર શબ્દોએ તુલસીદાસને વીંધી નાખ્યા અને સામાન્ય જણાતી, છતાં તત્ત્વજ્ઞ વાતમાંથી પ્રભાવશાળી બનવાનો અંકુરો ફૂટ્યો!

તુલસીદાસે સાપ જેમ કાંચળી ઉતારે તેમ સંસાર અને ગૃહનો ત્યાગ કર્યો અને સંન્યાસી બન્યા. સંત તુલસીદાસે સાધુ જીવનમાં બાર પુસ્તકો લખ્યાં, જેમાંથી તેમનું હિન્દીમાં લખાયેલું 'રામચરિત માનસ' (રામાયણ) વિશ્વવિખ્યાત બન્યું.

મોહઘેલા પતિમાં પડેલી અધ્યાત્મની પરોઢને ઉજાગર કરી જ્ઞાનનો દીપક પ્રગટાવી એક જ પગલામાં ચૈતન્ય બદલાવવામાં નિમિત્તભૂત બન્યા વિદુષી રત્નાવલી! જેમણે જગતને એક મહાન સંત (દરવેશ)ની અનોખી ભેટ આપી.

**અનુપમાદેવી અને તેજપાળ:** (આધાર – અનુપમા દેવી, લે. ભોગીલાલ આર.

મંડલેશ્વરના આશરાજ અને કુમારબાઈનાં ચાર પુત્રો હતાં. લુણિગ, મલ્લરાજ, વસ્તુપાળ અને તેજપાળ. લુણિગ યુવાન વયે મૃત્યુ પામ્યો. સામુદ્રિક લક્ષણો ધરાવતી ચંદ્રાવતીના ધરણિંગ શેઠ અને નિહુણ દેવીની પુત્રી અનુપમા સાથે તેજપાળ લગ્નગ્રંથિથી જોડાયો. તેજપાળને અનુપમા ગમતી ન હતી. તેનું શ્યામપણું તેને કઠતું હતું, તેજપાળમાં અક્કડતા, ઉતાવળાપણું અને જીભે ચડે તેવું બોલી નાખવાની ટેવ હતી. અનુપમાનું અપમાન થતું પરંતુ અનુપમાએ તેજપાળના વર્તનને હાંસિયામાં ધકેલી દીધું. તેને પતિ પ્રત્યે ગુસ્સો કે હતાશા ન હતી. તે સદા પ્રસન્ન રહેતી. લગ્ન પછી છ માસ સુધી તેજપાળ અનુપમાથી દૂર ઓસરીમાં જઈ સૂઈ જતો.

એકવાર વસ્તુપાળ-તેજપાળ, કુમારબાઈ, ધરણિંગ શેઠ અને અનુપમા સિદ્ધાચલની યાત્રાએ નીકળ્યાં. તે સમયે ભાલ પ્રદેશમાં ચોર-લૂંટારાઓનો ભારે ત્રાસ હતો. કુંવરબાઈ પાસે દાગીનાનો ડાબલો હતો. યાત્રામાં જોખમ સાથે રાખવાને બદલે વગડામાં ખાડો ખોદી દાટવાનો વિચાર કર્યો. ખાડો ખોદતાં ચરુ મળ્યો. પરાયા ધનનું શું કરવું? એવી મૂંઝવણ ઊભી થઈ. અનુપમાએ માર્ગ બતાવતાં કહ્યું, ''માતુશ્રી! લુણિગભાઈની મૃત્યુની અંતિમ પળોમાં ડુંગર ઉપર મૂર્તિ પધરાવવાની ભાવના હતી. આ ધનનો સદુપયોગ થશે અને સ્વર્ગવાસી આત્માની અંતિમ ઇચ્છા પૂર્તિનો સંતોષ પણ થશે.'' જાજરમાન અને ધર્માત્મા કુમારબાઈએ અનુપમાની બુદ્ધિની ઉજ્જવળતાને વધાવી લીધી.

મંડલેશ્વર છોડી વસ્તુપાળ–તેજપાળ ધોળકામાં આવ્યા. તે સમયે ત્યાંના રાણા વીરધવલની પત્ની જેતલ કુંવરબાનો ભાઈ શાંગણ સરમુખત્યાર બની લોકો પર જોર-જુલમ ગુજારતો હતો. લોકો ત્રાહીમામ પોકારી ગયાં હતાં. લોકમુખેથી શાંગણનો અત્યાચાર સાંભળી દયાળુ અનુપમા દ્રવી ઊઠી. અનુપમા પોતાના પતિની સાહસિકતાને પિછાણતી હતી. તેને પતિનાં પૌરુષત્વને જગાડવા માર્મિક શબ્દોમાં કહ્યું, ''સ્વામી! તમારા જેવા નવયુવાન પૈસા કમાવવામાં રહેશે તો આશરાજ મંત્રી અને કુમારબાઈ જેવા ધર્માત્માની કુક્ષિએ એક રતન પાક્યું છે, તે જગત કઈ રીતે જાણશે? શું ગરીબોનું લોહી ચૂસાતું હોય ત્યારે ગરીબના બેલી કોઈ ન હોય? જેણે જન્મીને માતૃભૂમિનું ઋણ અદા કર્યું નથી કે કર્તવ્ય નિભાવ્યું નથી તેનું જીવતર નકામું છે.'' પરિણામલક્ષી શબ્દો તેજપાળના અંગેઅંગમાં લાગ્યા. અને માતેલા આખલા જેવા શાંગણની સામે અઠ્ઠાવીસ વર્ષનો વણિક તેજપાળ સિંહની જેમ સામી છાતીએ ઊભો રહ્યો. પછેડા પેટે લેવાતી પાંચસો સોનામહોરોમાંથી શાંગણને ફૂટી કોડી ન આપીને શાંગણને ભગાડી દીધો. તેજપાળની વીરતાએ આખું ધોળકા હચમચી ઉઠ્યું. પતિના શૌર્યની ચૌરે અને ચોટે પ્રશંસા સાંભળી દયાની દેવીની છાતી ગજગજ ફૂલવા લાગી.

રાણા લવણપ્રસાદે વસ્તુપાળને મંત્રીપદ અને તેજપાળને સેનાપતિ પદ આપ્યું. ત્યારે બન્ને ભાઈઓએ અનુપમાની સલાહ અનુસાર કેટલીક શરતો મૂકીને સત્તા પ્રાપ્ત કરી. પણ રાજતિજોરી ખાલી હતી જે અનુપમાની ચાણક્ય બુદ્ધિથી ફરીથી છલકાઈ ગઈ. એનાથી તેજપાળ અનુપમાની તેજસ્વી બુદ્ધિ પર આફરીન થઈ ગયો. તેણે અપરાધભાવ અનુભવતાં ક્ષમા માંગી કહ્યું, ''દેવી! મારી સ્વછંદી ચેષ્ટાથી તને ખૂબ સહન કરવું પડ્યું છે. આ સાંભળીને અનુપમા પતિના સ્નેહમાં ભીંજાઈ ગઈ. અનુપમાની પ્રેમાળતા અને મધુરતાથી કડક સ્વભાવનો તેજપાળ માખણ જેવો નરમ બની ગયો.

ધોળકા અને પાટણ ઉપર મારવાડના રાજાઓએ આક્રમણ કર્યું ત્યારે અનુપમાએ એક રજપૂતાણીની જેમ પતિને તિલક કરી, શસ્ત્ર સંરજામ બંધાવતાં કહ્યું, ''નાથ! પાણી બતાવવાનો અવસર આવ્યો છે. અનુપમાં જીવ ન ભેરવશો. અનુપમા તમારી છે અને તમારી જ રહેશે.'' અનુપમાઓ દેશપ્રેમ એક વીરાંગના નારીને શોભે તેવો હતો. તેજપાળને પાટણ વિદાય કર્યો ત્યાં ખંભાતથી સંદેશો આવ્યો કે સૈન્ય મોકલે. વસ્તુપાળ ખંભાતમાં લૂંટારા સાદિકને પકડવા ગયા હતા અને સૈન્ય તેજપાળ સાથે પાટણમાં ગયું હતું. આવી નાજુક સ્થિતિમાં અનુપમાએ બુદ્ધિની બારીઓ ખોલી નાખી. અનુપમાએ રાજવી પોશાક ધારણ કર્યો. તે સ્વયં ધીંગાણું કરવા બજારમાંથી નીકળી. તેની હાકલ, પડકાર સાંભળી નવયુવકોમાં ખમીર ઊમટ્યું. દેશભક્તિ માટે નવયુવકોમાં નવચેતન રેડાયું. અનુપમાના એક જ બોલે વગર લશ્કરે લશ્કર તૈયાર થયું. એટલું જ નહીં અનુપમાના નેતૃત્વ હેઠળ નારીવૃંદ રણમેદાનમાં ઉતર્યું. આખું ધોળકા પળવારમાં લશ્કરરૂપે પરિવર્તિત થયું. ભાગેડુ સદીક પકડાયો અને તેની કરોડોની મિલકત ધોળકાના ભંડારમાં ઠલવાણી. રાજનીતિજ્ઞ અનુપમાદેવી રાણા લવણપ્રસાદની દીકરી તુલ્ય વહાલી બની ગઈ.

આ ધીંગાણામાં વિજયની વરમાળા તો પહેરી પરંતુ વસ્તુપાળ-

તેજપાળની બહેન વયજુનો પતિ ભુવનપાળ શહીદ થઈ ગયો. ભરયુવાનીમાં વયજુને વૈધવ્યની પીડા આવી પડી. નણંદને વિધવાનો લિબાસમાં જોઈ ભાભી અનુપમાનું દિલ ચચરી ઊઠયું. નણંદનો વૈધવ્ય ધર્મ સચવાય માટે ભરયુવાનીમાં અનુપમા બ્રહ્મચર્યવ્રત સ્વીકારી યોગિની બની ગઈ. તેજપાળ પત્નીના કૌટુંબિક પ્રેમ, સમર્પણ અને અદ્‌ભૂત ત્યાગને મનોમન બિરદાવતો રહ્યો.

આ ઉપરાંત પતિના સુખની ચિંતા માટે સમય જતાં અનુપમાએ ઠાકુર ઝાલ્હણની પુત્રી સુહડા સાથે તેજપાળના વિવાહ પણ કરાવ્યા હતા.

ગોધરાના ખૂનખાર અને ક્રૂર રાજા ઘુઘલને જીવતો પકડી, પાંજરામાં પૂરી, સ્ત્રીનો વેશ પહેરાવી, આંખોમાં આંજણ આંજનાર ભલે પરાક્રમી તેજપાળ હતો, પરંતુ ઘુઘલને પકડવાનું બીડું ઝડપવા માટે પ્રોત્સાહિત કરનાર ચતુર અનુપમા હતી. તેજપાળના અપ્રતિમ શૌર્યથી ઘુઘલ સહિત આસપાસના રાજાઓ એ શરણાગતિ સ્વીકારી. ધોળકાના નાગરિકોએ તેજપાળનો જયનાદ કર્યો ત્યારે અનુપમા મંદિરમાં પોતાના પતિની દીર્ઘાયુની પ્રાર્થના કરતી હતી. અનુપમાએ પોતાના પ્રેમમાં કદી પતિને કર્તવ્યથી વિમુખ નથી કર્યા. પડદાની પાછળ રહી પતિનો માન, મોભો અને મરતબો વધાર્યો છે, પરંતુ કદી અભિમાન નથી કર્યું.

અનુપમાની બુદ્ધિએ કોઈ ક્ષિતિજો નથી બાંધી. રાજ્યની ખટપટ હોય, કૌટુંબિક સમસ્યા હોય, ધાર્મિક ક્ષેત્રે વણઉકેલ્યા પ્રશ્નો ઊભાં થયાં હોય ત્યારે તટસ્થતાથી સુલેહ કરી આપ્યો હતો. તેમ છતાં કદી સારપ ખાટવાનો પ્રયત્ન કર્યો નથી.

**કસ્તૂરબા અને ગાંધીજીઃ**

ગાંધીજીની જેમ કસ્તૂરબાનું જન્મસ્થળ પોરબંદર હતું. તેર વર્ષની ઉંમરે ગાંધીજી સાથે કસ્તૂરબાના વિવાહ થયા. કસ્તૂરબા સ્વભાવે શાંત, પતિપરાયણ અને સાદગીના હિમાયતી હતા. ગાંધીજીનું વ્યક્તિત્વ સ્નેહમયી હતું પરંતુ અનુશાસનમાં ભારે કડક હતા.

મોહનદાસ ગાંધી વકીલાત માટે આફ્રિકા ગયા ત્યારે તેમની સાથે કસ્તૂરબાએ પરદેશગમન કર્યું. આફ્રિકામાં નાના મોટા અન્યાયો સામે વિરોધ કરવા જાતે યાતના વેઠી લેવાનો માર્ગ અતિશય વિકટ હતો ત્યારે કસ્તૂરબાએ ગાંધીજીના પડખે ઊભા રહી મુશ્કેલીઓ વેઠી હતી. સાદું અને સખત મજૂરીનું જીવતર પણ જીવ્યા હતા.

ટોલસ્ટોય ફાર્મના ફિનિક્સ આશ્રમ વિષે ગાંધીજીના વિચારોને સાકાર કરવામાં કસ્તૂરબાનું અવિસ્મરણીય યોગદાન હતું. હિન્દુઓનાં પ્રશ્નો ઉઠાવવા ગાંધીજીએ આંદોલન કર્યું ત્યારે પણ કસ્તૂરબા સક્રિય રહ્યાં હતાં. મોહનદાસ ગાંધીના ભારત આગમન પછી પણ તેઓ સતત પડછાયો બની રહ્યા હતા, જે પતિવ્રતા નારીનું દસ્તાવેજીકરણ સિદ્ધ કરે છે.

૧૨મી માર્ચ, ૧૯૩૦ અમદાવાદના સાબરમતી વિસ્તારમાં આવેલા સત્યાગ્રહ આશ્રમમાંથી ૭૮ સ્વાતંત્ર્ય સૈનિકો સાથે ગાંધીજીએ મીઠાના કાયદાનો ભંગ કરવા ઐતિહાસિક દાંડીકૂચ કરી અને ઓગસ્ટ, ૧૯૪૨માં ‘હિંદ છોડો’ ચળવળ શરૂ થઈ ત્યારે કસ્તૂરબા ગાંધીજીના મક્કમ સહયોગી અને સમર્થક બનીને રહ્યા હતા. તે સમયે સ્ત્રીઓ ઘરનો ઉંબરો ઓળંગીને જાહેર સભાઓ અને સરઘસોમાં જોડાઈ તેનો યશ કસ્તૂરબાના ફાળે જાય છે. ભારતીય નારીનાં સશક્તિકરણમાં ગાંધીજીને સધિયારો આપવામાં કસ્તૂરબાનું આગવું પ્રદાન રહેલું છે. કસ્તૂરબાના સહયોગથી ગાંધીજી સમગ્ર દેશની મહિલાઓને સ્વતંત્રતા આંદોલનમાં જોડવામાં સફળ થયા. કસ્તૂરબાએ ગાંધી મૂલ્યોને હૃદયપૂર્વક આવકાર્યા છે. ત્યાર પછી ભારતીય સ્ત્રીઓએ ઘરના ઉંબરેથી દિલ્હીના સરકારી પદ સુધીની લાંબી મજલ કાપેલી.

ગાંધીજીને સિનેમા પ્રત્યે અણગમો હતો. કસ્તૂરબાએ પતિની મરજી-નામરજીને પોતાના જીવન સાથે વણી લઈ તે પ્રમાણે જ જીવનને ઢાળી દીધું. આ ઉપરાંત કસ્તૂરબા પતિની દરેક વાત ધ્યાનથી સાંભળતા અને વેદનાની ટસરોને ભૂલી જવાની સલાહ આપી સાંત્વના આપતા. આમ, કસ્તૂરબા ગાંધીજીના પત્નીની સાથે સાથે એક પરમ વફાદાર મિત્ર પણ હતા.

ગાંધીજીના ઘણાખરા આગ્રહો સત્યાગ્રહ જેવા હતા જે હસતા મુખે સ્વીકારતા. ગાંધીજીના આગ્રહથી અત્યંત મુશ્કેલ બ્રહ્મચર્ય વ્રતનું પાલન કસ્તૂરબા હસતે મુખે કરતા હતા. કસ્તૂરબા જીવનને હળવાશથી લઈ નિર્બોજ જીવન જીવ્યા!

પરદેશ ભણવા જતા ગાંધીજીના પરિવાર પાસે એટલા પૈસા ન હતાં. નવવિવાહિત કસ્તૂરબાએ તરત જ સ્ત્રીધન (પોતાનાં ઘરેણા) કાઢીને આપી દીધું. આ ઘરેણા વેચતાં ત્રણ હજાર રૂપિયા મળ્યા. આ રકમનો ગાંધીજીના અભ્યાસ માટે ઉપયોગ થયો. એ પછી ઘણા વર્ષો સુધી સમજુ અને ડાહ્યા કસ્તૂરબાએ આર્થિક બોજો ન પડે તે હેતુથી એક જ સાડીથી કામ ચલાવ્યું હતું. સ્ત્રીઓને ઘરેણા અતિપ્રિય હોય છે. કસ્તૂરબાનું પતિ માટે આર્થિક સહયોગ માટેનું બલિદાન નાનુંસૂનું ન હતું.

દાંપત્ય જીવનમાં કસ્તૂરબાના ફાળે સૌથી વધુ દુઃખ સહન કરવાનો વારો આવ્યો છે, છતાં તેમના લગ્ન જીવનમાં કડવાશ ન

હતી. તેઓ બન્ને એકબીજાના પૂરક હતા. એકવાર સરોજિની નાયડુએ પૂછ્યું, "બાપુ! તમારી દૃષ્ટિએ વિશ્વની સૌથી સુંદર સ્ત્રી કોણ છે?" તેના ઉત્તરમાં ગાંધીજીએ, વિલંબ વગર કહી દીધું કે, "કસ્તૂરબા." સરોજિની નાયડુ કસ્તૂરબાને મળ્યા અને ગાંધીજીની વાત કહી. કસ્તૂરબાએ કહ્યું, "બાપુ કદી અસત્ય બોલતા નથી." બન્ને પતિ-પત્ની વચ્ચે કેવો પારદર્શક પ્રેમ હતો! આમાં કોને પ્રથમ નંબર આપવો?

આ કુલીન નારીઓએ જીવનસાથી સાથે મિત્ર, માર્ગદર્શક અને સંરક્ષકની ભૂમિકા ભજવી છે. તેમના અંતર જીવનમાં સહનશીલતાની દિવ્યતાનું બીજ પડ્યું હતું તેને સંકોરવાની, ઉછેરવાની અને સમગ્ર સ્વરૂપે માવજત કરવાની અદ્‌ભૂત ક્ષમતા ચરિતાર્થ થાય છે, જે આજની નારીઓ માટે અનુકરણીય છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૯૨૪ ૨૨૫૩૫

# હોયસલ રાજવંશની નારીઓનું જૈનશાસનમાં પ્રદાન

**ડૉ. જાગૃતિ નલિન ઘીવાલા**

રાષ્ટ્રકૂટ, ચોલ, ચાલુક્ય આદિ સર્વ સમ્રાટ વંશ બાદ દક્ષિણ ભારતમાં તે યુગમાં સર્વાધિક શક્તિશાળી, પ્રભાવશાળી રાજ્યવંશ હોયસલ રાજવંશ માનવામાં આવે છે. હોયસલ રાજ્યની સ્થાપનાનું શ્રેય સુદત્ત વર્ધમાન નામના જૈનચાર્યના આશીર્વાદને છે.

➤ **હોયસલ વંશ સંસ્થાપક સલ :** ૧૧મી સદીના પ્રારંભે કર્ણાટકની પર્વતીય જાતિના અભિજાત્ય કુળમાં સલ નામનો વીર યુવક ઉત્પન્ન થયો હતો. તેની માતા ગંગવંશની રાજકન્યા હતી. તેના પિતૃકુળમાં જૈનધર્મની પ્રવૃત્તિ હતી. તેઓ પશ્ચિમ ઘાટવર્તી મૈસૂર રાજ્યનાં કડુર 'અંગડિ'ગ્રામ જેનું બીજું નામ 'શશકપુર' ગ્રામમાં રહેતા હતા. આ સ્થાન પહેલાથી જ જૈનધર્મનું સારું કેન્દ્ર મનાતું. અહીં જૈનાચાર્ય સુદત્ત વર્ધમાનનું વિદ્યાપીઠ હતું. એક સમય આચાર્ય સુદત્ત 'અંગડિ'ના વન્ય પ્રદેશમાં સાધના કરી રહ્યા હતા. તે સમયે કિશોરવયનો યાદવવંશી રાજકુમાર સલ તે સ્થાન પર આવ્યો. સુદત્ત આચાર્યને સાધનામાં જોયા વંદન-નમસ્કાર કરી તેમની સામે સ્થાન ગ્રહણ કરી બેસી ગયો. ગુરુએ રાજકુમાર સલનું નિરીક્ષણ કરતા તેનામાં શુભ લક્ષણો વિદ્યમાન જણાયા. તે જોઈ ફરી પદ્માવતી દેવીની સાધનામાં સ્થિર થયા. સલ ગુરુ સામે અપલક જોતો બેસી રહ્યો. થોડી જ ક્ષણોમાં જ એક સિંહની ગર્જના સંભળાઈ. જેવી આચાર્ય સુદત્તે આંખો ખોલી તો એક કેસરી સિંહ ગર્જના કરતો સામે ધસી આવી રહ્યો હતો. ગુરુએ પોતાની મયુરપ્રિચ્છ સલ તરફ ફેંકી કહ્યું, 'પોય સલ' = 'સલ આને માર' વીર સલે તુરંત તે પ્રિચ્છિકા, મૂઠ અને દંડનાં પ્રહારોથી સિંહને મારી નાખ્યો. કહેવાય છે કે, સલનાં પરાક્રમ અને વીરતાની કસોટી કરવા ગુરુએ પોતાના મંત્રબળથી એ કૃત્રિમ સિંહની સૃષ્ટિ કરી હતી. સલની વીરતા જોઈ ગુરુએ ખૂબ પ્રસન્ન થઈ આશીર્વાદ આપ્યા અને તેને સ્વતંત્ર રાજ્ય સ્થાપવાનો આદેશ આપ્યો. આ ઘટના લગભગ ઈ.સ. ૧૦૦૬ની માનવામાં આવે છે. ત્યારથી સલ 'પોયસલ'થી પ્રખ્યાતિ પામ્યા. કાલાંતરે 'હોયસલ' શબ્દમાં પરિવર્તિત થયો અને હોયસલ વંશ એ 'સલ દ્વારા સ્થાપિત રાજ્યવંશ'થી પ્રસિદ્ધ થયું. જેના ઈષ્ટદેવ – જિનેશ્વર, ધર્મગુરુ – આચાર્ય સુદત્ત વર્ધમાન અને કુળની અને રાજ્યની અધિષ્ઠાત્રી દેવી – પદ્માવતી હતા. આ પ્રકારે આ કર્ણાટકની પશ્ચિમી ઘાટની પણડી પ્રદેશનું 'અંગડિ' સ્થાન જૈનધર્મના શક્તિશાળી સંરક્ષક, પરમ જિનભક્ત, નિષ્ઠાવાન ધર્માનુયાયી હોયસલ રાજવંશનું ઉદ્‌ભવ સ્થાન બની ગયું.

હોયસલ વંશનાં રાજાઓમાં રાજા સલ પછી વિનયાદિત્ય પ્રથમ અને દ્વિતીય અને આહવમલ્લ (ઈ.સ. ૧૦૨૨-૧૧૦૧), બલ્લાલ પ્રથમ (૧૧૦૧-૧૧૦૬), વિષ્ણુવર્ધન હોયસલ (ઈ.સ. ૧૧૦૬-૧૧૪૧), સોમેશ્વર હોયસલ, બલ્લાલ દ્વિતીય-તૃતીય, હોયસલ નરસિંહ પ્રથમ-તૃતીય વગેરે રાજાઓ, તેમના મંત્રીઓ, દંડનાયકો, સેનાપતિઓ વગેરે દ્વારા જૈનધર્મનો પ્રચાર-પ્રસાર કરતાં અનેક ઉલ્લેખનીય કાર્યો કર્યા. આ કાર્યોમાં તેમની રાણીઓ, રાજકુમારી, મંત્રી આદિની પત્નીઓ તથા અનેક શ્રાવિકા આદિ નારીઓનું પણ વિશેષ પ્રદાન રહ્યું છે. આ નારીઓમાં જૈનસાશનનાં કાર્યોમાં જેઓનું વિશેષ પ્રદાન રહ્યું હતું, તેમનું સંક્ષિપ્ત વર્ણન નીચે પ્રમાણે છે.

➤ **રાણી કેતલદેવી :** (ઈ.સ. ૧૦૪૨-૧૦૬૮) હોયસલ રાજવંશનાં રાજા આહવમલ્લનાં શાસનકાળમાં રાણી કેતલદેવી 'પોન્નવાડ અગ્રહાર'ની શાસિકા હતી. તેઓએ ત્રિભુવન-તિલક જિનાલયમાં મુનિ મહાસેનના આશીર્વાદ સાથે ઘણી ભૂમિનું દાન કરતાં ઈ.સ. ૧૦૫૪માં ૩૫-મંદિરોનું નિર્માણ કરાવ્યું હતું. સાથે ઘણા ધનની પણ વ્યવસ્થા કરાવી આપી, જેથી કરીને મંદિરનો ખર્ચ સુવિધાથી ચાલી શકે.

આ જ રાજ્યના બેલ્લારી જિલ્લાના કોંગલી નામના સ્થાનમાં પુરાતનકાળથી એક પ્રસિદ્ધ જૈન કેન્દ્ર હતું, ત્યાં મહત્વપૂર્ણ જૈન વિદ્યાપીઠની સ્થાપના થઈ અને તેમાં ઘણા શિલાલેખોનો સંગ્રહ

કરવામાં આવ્યો હતો.

➤ **મહારાણી શાન્તદેવી :** મહારાજ વિષ્ણુવર્ધન હોયસલનાં પટ્ટરાણી હતા. જેઓ પોતાની સુંદરતા સાથે જ્ઞાન, સંગીત, વાદ્ય, નૃત્ય આદિ કળાઓમાં નિપુણતા માટે વિદુષીરત્ન તરીકે સર્વત્ર પ્રખ્યાત હતા. તેઓ મુખ્ય રાણી હોવાના નાતે અન્ય રાણીઓને નિયંત્રણમાં રાખતાં હતાં. જેના કારણે રાજાએ શાંતલદેવીને 'ઉદવૃત – સવતિ –ગન્ધવારણ' = 'ઉચ્છૃંખલ સ્ત્રોતને કાબુમાં રાખનાર મતહસ્તિ'નું બિરુદ આપ્યું હતું.

રાણીનું પિતૃકુળ અને માતૃકુળ બન્ને કુળ ધર્મપરાયણ હતા. સ્વયં મહારાજા વિષ્ણુવર્ધન તેમનો ખૂબ આદર કરતાં હતાં. શાંતલદેવી ખૂબ જ ધર્મપરાયણ અને જિનેશ્વર પ્રભુની અનન્ય ભક્તિમાં લીન રહેતા હતા. તેઓ ગુરુ મૂળસંઘ – દેશીગણનાં કોંડકુંદાન્વયનાં 'પ્રભાચંદ્ર સિદ્ધાંતદેવ'નાં ગૃહસ્થ શિષ્યા હતા. મહારાણી શાંતલદેવીએ ઈ.સ. ૧૧૨૨માં શ્રવણબેલગોલમાં પોતાના નામ 'સંવતિ-ગન્ધવારણ-વસતિ' નામનું એક અત્યંત સુંદર તેમજ વિશાળ શિખરબંધી જિનાલય બંધાવ્યું. આ જિનાલયમાં ભગવાન શાંતિનાથની ૫ ફૂટ ઊંચી, મનોજ્ઞ કલાપૂર્ણ પ્રતિમાની પ્રતિષ્ઠા કરાવી હતી. જેનો રંગમંડત ૬૯ ફૂટ લાંબો અને ૩૫ ફૂટ પણેળો, ગભારામાં પ્રભુની બન્ને બાજુ બે ચોરીવાહક, સુકનાસામાં યક્ષ-યક્ષી અને કિંપુરુષ – મહામાનસીની મૂર્તિઓ છે. મંદિરની બહારની દિવાલો કલાપૂર્ણ સ્તંભોથી અલંકૃત છે. ઈ.સ. ૧૧૩૩માં જિનાભિષેક માટે ગંગ-સમુદ્ર નામના સુંદર સરોવરનું નિર્માણ કરાવ્યું અને વસતિમાં નિત્ય દેવ-અર્ચન તથા સંરક્ષણ આદિ અર્થે રાજાની પ્રસન્નતાથી પ્રાપ્ત એક ગામ પોતાના ગુરુને ભેટ કર્યું. તે વસ્તિનાં આચાર્યપદ પર પ્રભાચંદ્ર સિદ્ધાંતદેવનાં શિષ્ય મુનિ મહેન્દ્રકીર્તિની નિયુક્તિ કરી. પોતાના અનુજ ભાઈ દુદ્દમહાદેવ સાથે 'વીર કોંગાલ્વ જિનાલય' માટે અન્ય એક ગામ પ્રદાન કર્યું હતું.

પૂર્વોક્ત 'સવતિ – ગંધવારણ' જિનાલયનાં મંડપનાં ત્રીજાં સ્તંભ પર ઉત્કીર્ણ શિલાલેખમાં મહારાણીનાં સ્વર્ગગમનની ઘટનાનું વર્ણન કરતાં – મહારાણીનાં અનેક ગુણો તેમજ ધર્મકાર્યોની ભૂરી-ભૂરી પ્રશંસા સાથે ઈ.સ. ૧૦૨૮ની ચૈત્ર શુકલ પાંચમ અને સોમવારના દિવસે મહાપ્રતાપી રાજા હોયસલની પ્રિય પટ્ટરાણી શાંતલદેવીએ શિવગંગે નામના સ્થાનમાં ધર્મધ્યાનપૂર્વક સંલેખના-સમાધિમરણની વિધિ સહિત દેહત્યાગ કર્યો.

➤ **બલદેવ-પત્ની માચિકબ્બે :** શાંતલદેવીનાં માતા અને પ્રતાપી દંડનાયક બલદેવના પુત્રી હતા. ધર્માનુરાગી પુત્રી શાંતલદેવીનાં નિધનથી અત્યંત દુ:ખ સાથે સંસારથી વિરક્ત થઈ ગયા. તેઓ શ્રવણબેલગોલામાં જઈને ગુરુ પ્રભાચન્દ્ર, વર્ધમાન અને રવિચંદ્ર આદિ ગુરુઓની ઉપસ્થિતિમાં એક માસનાં અનશનપૂર્વક સંલેખના વ્રત સમાધિ મરણને પામ્યા. એ ગુરુ ભગવંતોએ આ સાધ્વી મહિલાનાં તપ-સંયમ અને નિષ્ઠાની ભૂરી-ભૂરી પ્રશંસા કરી હતી.

➤ **રાજકુમારી હરિયબ્બરસિ :** બીજું નામ હરિયલદેવી જેઓ વિષ્ણુવર્ધન હોયસલનાં સુપુત્રી અને બલ્લાલદેવીની બહેન હતા. પોતાની વિદ્વત્તા અને પ્રભાવથી જગત વિખ્યાતી પ્રાપ્ત દેશીગણ-પુસ્તકગચ્છનાં ગંડવિમુક્ત સિદ્ધાંતદેવ ગૃહસ્થ હતા. હન્તુર નામના સ્થાનથી એક ધ્વસ્ત જિનાલયમાં પ્રાપ્ત શિલાલેખથી જાણવા મળે છે કે, પ્રાંતનાં તત્કાલીન શાસક બલ્લાલદેવની બહેન રાજકુમારી હરિયલદેવીએ ગુરુની પ્રેરણા અને ભાઈના સહયોગથી સ્વદ્રવ્યથી હંતિયૂર નગરમાં એક વિશાળ અને મનોરમ જિનાલય બંધાવ્યું. જે રત્ન-ખચિત તથા સુંદર મણીમય કળશોથી યુક્ત ઉત્તંગ શિખરોવાળું હતું. આ જિનાલયમાં ભગવાનની નિત્ય પૂજા, સાધુઓનાં આહારદાન, અસહાય વૃદ્ધા તથા સ્ત્રીઓનાં શીલની રક્ષા હેતુ આવાસ તેમજ ભોજન આદિની સુવિધાની સર્વ વ્યવસ્થા સાથે રાજ-કરથી મુક્ત ઘણી ભૂમિનું દાન પણ કર્યું હતું. શિલાલેખમાં તેની તુલના સીતા, સરસ્વતી, સુસીમા, રૂક્મિણી આદિથી કરી તેને વિદુષી, ચતુર્વિધ-દાન તત્પર, ગુણવાન, પતિ પરાયણ અને સમ્યકત્વ ચુડામણી દર્શાવી છે.

➤ **સેનાપતિ-માતા પોચિકબ્બે :** જેઓ હોયસલનાં સેનાપતિઓમાં સર્વપ્રધાન, શુરવીર, સુદક્ષ રાજનીતિજ્ઞ, સ્વામી ભક્ત, ધર્માત્મા અને જિનભક્ત એવા સેનાપતિ ગંગરાજની માતા અને બુધમિત્રની ગુણવતી અને ધર્માત્મા પત્ની હતા. જેમણે અનેક ધર્મકાર્યો કર્યા હતા, દાન દીધા હતા અને બેલગોલમાં અનેક મંદિરો બંધાવ્યા હતા. ધર્મ પ્રવૃત્તિઓ કરતાં અંતે ઈ.સ. ૧૧૨૧માં સમાધિ મરણપૂર્વક દેહનો ત્યાગ કર્યો હતો.

➤ **સેનાપતિ ગંગરાજ-પત્ની લક્ષ્મીપતિ :** બીજું નામ નાગલાદેવી હતું. એ જ શુરવીર સેનાપતિ ગંગરાજની ધર્મ પત્ની લક્ષ્મીપતિ જેઓ વિદુષી અને ધર્મપરાયણ હતા. તેમને પોતાના પતિની 'કાર્યનીતિવધુ' અને 'રણેજયવધુ' કહેવામાં આવ્યા છે. લક્ષ્મીપતિ પોતાના પતિની સહાયતાથી જૈનધર્મમાં વર્ણિત ચારે દાન = ૧ આહારદાન, ૨) અભયદાન, ૩) ઔષધિદાન અને ૪) જ્ઞાનદાન (શાસ્ત્રદાન) સતત દેતા, તેમને 'સૌભાગ્યખાનિ'ની ઉપાધિ પ્રાપ્ત થઈ હતી. તેમણે શ્રવણ બેલગોલમાં એક સુંદર જિનાલય બંધાવ્યું, જે 'એરડુકટ્ટી-બસદિ'નાં નામથી પ્રસિદ્ધ છે. તે ઉપરાંત પણ અનેક મંદિરોનાં જીર્ણોદ્ધાર કરાવ્યા. જીવનનો અંત સમય નજીક જણાતા

તેઓએ સંન્યાસ-વિધિપૂર્વક શરીરનો ત્યાગ કર્યો.

➤ **એચિરાજ-માતા જક્કણબ્બે :** શુરવીર સેનાપતિ ગંગરાજનાં જ્યેષ્ઠ ભ્રાતા બમ્મદેવ ચમુપતિનાં ભાર્યા, એચિરાજનાં માતા અથવા વિમાતા અને ગુરુ શુભચંદ્રદેવનાં ગૃહસ્થ શિષ્યા જક્કણબ્બે ખૂબ જ ધર્મપરાયણ હતા. તેઓએ 'મોક્ષતિલક' નામનું વ્રત કર્યું હતું. પાષાણમાં નયણદેવની પ્રતિમા ખોદાવી હતી. શ્રવણ બેલગોલમાં જિનપ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી અને એક સરોવર બનાવ્યું હતું. 'ચામુંડરાય-બસદિ'નાં સ્તંભ પર એક લેખમાં – ઈ.સ. ૧૧૨૩માં જક્કણબ્બે મહિલારત્નનાં જિનભક્તિ, ગુરુભક્તિ આદિ ગુણોનું વર્ણન કરતાં તેની પ્રશંસા કરવામાં આવી છે. લેખમાં ગુરુ શુભચંદ્રનાં સ્વર્ગ આરોહણ તથા જક્કણબ્બે દ્વારા તેમની નિષધ્યા બનાવ્યાનો ઉલ્લેખ છે.

➤ **શેઠાણી દેમિકબ્બે :** વિષ્ણુવર્ધનનાં સમયમાં નોલમ્બિસેટ્ટી નામના રાજ્યશેઠ – નગરશેઠ હતા અને શુભચંદ્ર સિદ્ધાંતદેવનાં ગૃહસ્થ શિષ્ય હતા. તેમની ધર્મપત્ની શેઠાણી દેમિકબ્બેએ જૈનશાસનની ઘણી પ્રભાવના કરી હતી. જેઓએ ત્રિકુટ જિનાલયનું નિર્માણ કરાવ્યું, જેમાં મૂળનાયક પાર્શ્વનાથ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી. તે ઉપરાંત 'અર્હન હલ્લિ' ગ્રામમાં દાનશાળા, સરોવર આદિ બનાવડાવી ઈ.સ. ૧૧૨૫માં બસદિને માટે સ્વયં પ્રભૂત દાન કર્યું અને અન્ય શ્રેષ્ઠીઓ પાસેથી પણ દાન અપાવ્યું.

➤ **માચિયકડે :** જેઓ મહાપ્રધાન એરેયંગનાં સહાયક ઈશ્વર યમુપતિની પત્ની હતા અને દેશીગણ-પુસ્તક ગચ્છનાં ગન્ડવિમુક્ત દેવનાં ગૃહસ્થ શિષ્યા હતા. માચિયકકે ખૂબ જ સુંદર, વિદુષી, દાન-શિલા, યશસ્વિની પુણ્યવાન, ગુણવાન અને ધર્માત્મા યુવતીરત્ન તરીકે પ્રખ્યાત હતા. જેઓએ ઈ.સ. ૧૧૬૦માં સ્વયં 'મયવોલલ' નામના તીર્થ ક્ષેત્ર પર મનોરમ જિન-મંદિર તથા 'પદ્માવતીકેરે' નામનું સરોવર બંધાવડાવ્યું હતું. દાન-શાળા ખોલી હતી અને જૈનશાસનની પ્રભાવના માટે પતિ તથા મહારાજા નરસિંહની સંમતિ મેળવી ઘણી ભૂમિનું દાન કર્યું હતું. આ નારી ચતુઃસમય સમુદ્ધરણ કહવાતી હતી.

➤ **મહામંત્રી-પત્ની જક્કલે (જક્કબ્બે) :** જેઓ હોયસલ નરેશ નરસિંહ (પ્રથમ)ના મહામંત્રીનાં પત્ની હતા. 'હેરગુ' નામના સ્થાનની પ્રશંસા સાંભળી ત્યાં 'ચેન્ન-પાર્શ્વનાથ-બસદિ' નામનું સુંદર જિનાલય બંધાવ્યું અને સમસ્ત ક્ષેત્રીય અધિકારીઓની ઉપસ્થિતિમાં મહારાજાને વિનંતી કરી ઘણી વિશાળ જમીન પ્રાપ્ત કરી સ્વ-ગુરુ નયકીર્તિ – સિદ્ધાંતિ દેવને પાદ-પ્રક્ષાલનપૂર્વક દાન કર્યું, જે જીવ-દયાનાં કાર્ય માટે ઘણી ઉપયોગી બની રહી હતી.

➤ **હેગ્ગડે-પત્ની જક્કબ્બે :** જેઓ હેગ્ગડે જક્કયની પત્ની હતા. પતિ-પત્ની બન્ને ધર્માનુરાગી હતા. આ દંપતીએ લગભગ ઈ.સ. ૧૧૬૦માં 'દિડગુરુ' ગ્રામે સુંદર જિનાલયનું નિર્માણ કરાવ્યું અને તેમાં તીર્થંકર સુપાર્શ્વ પ્રભુની પ્રતિમા પ્રતિષ્ઠાપિત કરાવી અને દેવ-પૂજા તેમજ આહાર-દાન માટે સ્વ-ગુરુ બાલચંદ્રદેવને ભાવપૂર્વક ભૂમિદાન કર્યું હતું.

➤ **સામંત-પત્ની હર્યુવલે :** હોયસલ રાજ્યનાં વીર સામંતની પત્ની હર્યુવલે મુનિ ચાંદ્રાવણ દેવની ગૃહસ્થ શિષ્યા હતી. પોતાના નિવાસ સ્થાને એક સુંદર જિનાલય બંધાવ્યું. ઈ.સ. ૧૧૭૪ લગભગનાં સ્તંભ-લેખ અનુસાર 'અનુપમ-ચિત્ત-પાવન-સુચારીત્ર-મહાસતિ હર્યુવલે' એ પોતાનો અંત સમય જાણ્યો ત્યારે પુત્રને પાસે બોલાવ્યો. પોતાના પુત્રને ધર્મમાં દઢ જોઈને તેઓ અત્યંત પ્રભાવિત થઈ ભક્તિ-ભાવપૂર્વક જિનેન્દ્ર પ્રભુનો અભિષેક કર્યો અને એ પક્ષાલને 'સમસ્ત પાપોનો નાશ કરનાર' સમજી મસ્તક પર ચડાવ્યું તથા સ્વયં ધર્મનું આચરણ કરતાં – પાંચ નમસ્કાર મંત્રનું ઉચ્ચારણ કરતાં મોહનાં બંધનો તોડી સમાધિપૂર્વક મૃત્યુને પ્રાપ્ત થયા. આ સામંત પત્ની અને સામંત માતા મહાસતી હર્યુવલે દેવીનું ઉક્ત સુમરણ એ મૃત્યુ પર વિજય પ્રાપ્ત કરનારા ધર્માત્મા જનો માટે આદર્શ બની રહ્યું.

➤ **મંત્રીપત્ની આચલદેવી :** હોયસલ રાજા બલ્લાલ દ્વિતીયનાં મંત્રી ચંદ્રમૌલિની પત્ની આચલદેવી પરમ જિનભક્ત હતી. રૂપ-ગુણ-શીલથી સંપન્ન આ મહિલારત્ન નયકીર્તિ સિદ્ધાંતિ દેવનાં શિષ્ય મુનિ બાલચન્દ્રની ગૃહસ્થ શિષ્યા હતી. ઈ.સ. ૧૧૮૨માં શ્રવણ બેલગોલમાં આચલદેવીએ ખૂબ જ ભક્તિપૂર્વક અતિ ભવ્ય તેમજ વિશાળ પાર્શ્વ – જિન મંદિરનું નિર્માણ કરાવ્યું હતું. કહેવાય છે કે, મંદિરોનાં આ નગરમાં આ જ એક જિનમંદિર હોયસલ કલાનું ઉત્કૃષ્ટ બેનમુન મંદિર છે. ગર્ભગૃહ, સુકનાસા, નવરંગ, મુખમંડપ આદિથી યુક્ત આ જિનલાયમાં સપ્તફણા પ્રભુ પાર્શ્વનાથની ૫ ફૂટ ઊંચી પ્રતિમા સાથે સુકનાસાની આમને-સામને ધરણેન્દ્ર અને પદ્માવતીની સાડા ત્રણ ફૂટ ઊંચી મૂર્તિઓ છે. દ્વારની આજુબાજુ સુંદર જાળીઓ, નવરંગમાં કૃષ્ણ પાષાણમાં ચાર ચમકદાર સ્તંભ, છતમાં કલાપૂર્ણ નવછત્ર, શિખર પર સિંહ લલાટ છે. આ જિનાલયનાં નિર્માણ માટે સ્વયં મંત્રી ચંદ્રમૌલિએ મહારાજાને વિનંતી કરીને 'બમેયનહલ્લિ' ગ્રામ પ્રાપ્ત કર્યું અને ગુરુ બાલચંદ્રજીને દાન કર્યું હતું. પતિ કટ્ટર શૈવભક્ત હોવા છતાં ધર્મ પરાયણ જૈન પત્નીને ધાર્મિક કાર્યોમાં પૂર્ણ સહયોગ કરતાં હતા. જે તેમની તથા રાજ્યકાળની

ધાર્મિક ઉદારતાનાં પરિચાયક છે.

➤ **દંડનાયક-પત્ની લોકલ દેવી :** દંડનાયક મહાદેવની પત્ની લોકલદેવી સુશીલ, ગુણવાન અને ધર્મપરાયણ નારી હતી. પતિ-પત્ની બન્ને કપૂરગણનાં સકલચંદ્ર ભટ્ટારકનાં ગૃહસ્થ શિષ્ય હતા. આ દંપતીએ ઈ.સ. ૧૧૮૭માં એરગ - જિનાલયનું નિર્માણ કરાવી શાંતિનાથ પ્રભુની પ્રતિષ્ઠા કરાવી હતી અને 'ભેરુન્ડ' દંડથી માપી શાલી-ક્ષેત્ર અને દુકાન ભેટ ધરી જૈન-શાસનના કાર્યો માટે ભૂમિ-દાન કર્યું હતું.

➤ **મંત્રી-પત્ની સોબલદેવી :** જેઓ વીર બલ્લાલદેવનાં મંત્રી ઈચણની પત્ની હતા. આ જિનભક્ત દંપતિએ ગોગ્ગ નામના સ્થાનમાં ઈ.સ. ૧૨૦૭માં વીરભદ્ર નામે સુંદર જિનાલયનું નિર્માણ કર્યું હતું. જે પૂરા 'બેલવત્તિનાડ' ક્ષેત્રમાં ક્યાંય ન હતું એવું બેનમુન ગણાતું. ઈ.સ. ૧૨૦૭માં આ મંદિર માટે અનેક પ્રકારના ધાન્ય આદિ તથા અન્ય દાન પણ કરવામાં આવ્યા. અન્ય પણ એક વસતિનું નિર્માણ કરાવી તેના માટે દાન આદિ કાર્યો કર્યા. આ ધર્મ-પરાયણ નારીને સીતા અને પાર્વતીની ઉપમા આપવામાં આવી હતી.

આ પ્રકારે હોયસલ વંશની મહારાણી કેતલદેવી-શાન્તદેવી, રાજકુમારીથી... મહામન્ત્રી, મહાસામંત, સામંત, નગરશેઠ આદિની પત્નીઓ આદિ અનેક નારીઓ ઉપરાંત...

■ બુચન સામંતની બહેન દેવમતિ, ઈ.સ. ૧૧૨૦માં ધર્મારાધના કરતાં અંતે સમાધિ મૃત્યુને પ્રાપ્ત કર્યું હતું.

■ મલ્લિસેટ્ટીનાં પત્ની ચટ્ટીકબ્બે જેઓ ધર્મ પરાયણ અને દાનનાં અનેક કાર્યો કરતી.

■ હોયસલ નરેશ નરસિંહ પ્રથમના મહા સેનાપતિ હુલ્લરાજની ભાર્યા પદમલદેવી વિદુષી તેમજ રૂપ-શીલ-ગુણ નિધાન હતી.

■ મહાપ્રધાન દંડનાયક પાર્શ્વદેવનાં પત્ની બિમ્મલદેવી પરમ વિદુષી તેમજ ધર્માત્મા હતી. એ દંપતિએ 'નિત્તુર'માં એક સુંદર જિનાલય બંધાવ્યું હતું.

■ સામંત ગોવની પત્ની સિરિયાદેવીએ ગુરુ દેશીગણનાં ચંદ્રાગણની પ્રેરણાથી પોતાની 'હુલિયેરપુર' વસતિમાં એક મનોજ્ઞ પ્રતિમા પ્રતિષ્ઠિત કરાવી હતી. મહાદેવીનો સ્વર્ગવાસ થતાં પતિએ તેમનાં સ્મરણરૂપે 'ચેન્ન-પાર્શ્વ-બસદિ'નું નિર્માણ કરાવ્યું હતું.

પ્રાચીન સમયમાં પણ અનેક નારીઓએ જૈનધર્મની ધારાને સુદૃઢ કરવા જૈનશાસનના અનેકાનેક અદ્‌ભૂત કાર્યો કર્યા હતા. આ શીલવાન, ગુણવાન, વિદુષી નારીઓ જિનાલયોનાં નિર્માણ કરવા સાથે પ્રજાને પ્રભુ-ભક્તિમાં તેમજ જિનેશ્વરની આરાધના સાથે ધર્મ પરાયણતામાં પ્રેરણાદાયી બનતી. સરોવરનું નિર્માણ કરાવી પ્રજાને સુખ-સુવિધામાં સહાયક બનતી. આહારદાન, વસ્ત્રદાન, જ્ઞાનદાન, ઔષધિદાન, આવાસદાન આદિ સર્વ વ્યવસ્થા દ્વારા પ્રજાને અનેકરૂપે સહાયક થવા સાથે ધર્મનો મર્મ સમજવા પણ પ્રેરણા કરતી અને જીવનના અંત સમયને પણ મહોત્સવ મનાવવા દ્વારા સમાધિભાવની મહત્તા દર્શાવતી.

**સંદર્ભ :**


➢ **जैन धर्म का मौलिक इतिहास, भाग-३**

➢ **प्रमुख ऐतिहासिक जैन पुरुष और महिलाएं,**
ले.: डॉ. ज्योतिप्रसादन जैन.

➢ **जैन धर्म की प्रमुख साध्वियाँ एवं महिलाएं,**
ले.: डॉ. हिराबाई बोरदिया.


✦ ✦ ✦


સંપર્ક : ૯૯૨૫૮ ૩૬૦૩૧, અમદાવાદ


## શ્રી મુંબઈ જૈન યુવક સંઘને મળેલ અનુદાનની યાદી

### પ્રબુદ્ધ જીવન સૌજન્ય દાતા

| રૂપિયા | નામ |
|---|---|
| ૧,૭૫,૦૦૦/- | શ્રી ગુલાબચંદ કરમચંદ શાહ (જાન્યુઆરી વિશેષાંક) |
| **૧,૭૫,૦૦૦/-** | |

### કિશોર ટિમ્બડિયા કેળવણી ફંડ

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | શ્રીમતી ઉષાબેન શાહ કિશોર ટિમ્બડિયાના સ્મરણાર્થે હસ્તે : રમાબેન મહેતા |
| **૫,૦૦૦/-** | |

### સંઘ જનરલ ડોનેશન

| રૂપિયા | નામ |
|---|---|
| ૫,૦૦૦/- | નંદુ ડ્રેપર્સ |
| ૫૦૦/- | શ્રી ઈન્દ્રવદનભાઈ સી. શાહ |
| **૫,૫૦૦/-** | |

# તપોત્સવની ઉજવણીમાં નારીનો વિવેક

પારૂલ ગાંધી

જૈન દર્શન અનુસાર સમ્યક્ જ્ઞાન-દર્શન-ચારિત્ર અને તપ એ મોક્ષમાર્ગનાં પાયા છે. અનાદિકાળથી આત્માએ કરેલા સંચિત કર્મોને બાળવામાં તપધર્મ ખૂબ મહત્ત્વનું કાર્ય કરે છે. મસમોટા કચરાનાં ઢગલાને બાળવામાં એક દિવાસળી મહત્ત્વનું કાર્ય કરે છે. તેથી જ રીતે એક નાનું નવકારશી જેવું તપ પણ કર્મોનાં મોટા જથ્થાને બાળવામાટે સમર્થ છે. આથી જ ઉત્તરાધ્યયન સૂત્રમાં કહ્યું છે કે भवकोडी - संचियं कम्मं तवसा निज्जरिज्जइ। આત્મા પર જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મો લાગેલા છે તેને દૂર કરવામાં તપધર્મ જ સમર્થ છે. આથી જ આચારાંગ નિર્યુક્તિમાં કહ્યું,

**जह खलु मइलं वत्थं, सुज्झइ उदगाइएहिं दव्वेहिं।**

**एवं भावुवहाणेणं, सुज्झए कम्ममट्ठविहं ।। २८२**

જે રીતે જળ આદિ શોધક દ્રવ્યોથી મલિન વસ્ત્ર પણ શુદ્ધ થઈ જાય છે, તે જ રીતે આધ્યાત્મિક તપ-સાધના દ્વારા આત્મા જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મોના મળથી મુક્ત બની જાય છે. પરંતુ વર્તમાન સમય એવો છે કે અત્યારે તપધર્મનું પ્રચલન તો વધ્યું છે પરંતુ તેમાં ઘણી વિકૃતિઓ પેસી ગઈ છે. મહાન તપની આરાધના તો કરવામાં આવે છે પરંતુ સમજણ-જાગૃતિનો અભાવ અને યોગ્ય માર્ગદર્શન ન મળવાથી તેની ઉજવણીમાં એવું કરવામાં આવે છે કે તપધર્મને લાંછન લાગે, તપધર્મ વગોવાઈ જાય. કર્મોની નિર્જરાને બદલે કર્મોનો બંધ થાય.

આજે આપણે એ વાત કરવી છે કે તપોત્સવની ઉજવણીમાં નારીનો વિવેક - ભૂમિકા કેવા હોવા જોઈએ કે જેથી તપધર્મની જ્યોતિ વિશેષ ઉજ્જવળ બને, તપની ગરિમા જળવાય. અનાદિકાળથી નારી એ ઇતિહાસની પ્રધાન નાયિકા રહેતી આવી છે. સંસ્કૃતિનાં નિર્માણમાં અને વિકાસમાં નારીનો ફાળો અદ્ભૂત-અવર્ણનીય અજોડ છે. નારી પોતે શક્તિ સ્વરૂપા છે, પ્રેમ-કરુણાની ભવ્ય મૂર્તિ અને શૌર્ય-સમર્પણની સરિતા છે. તપ-ત્યાગની બેમિસાલ પ્રતિમા છે. આથી જ નારી એ સંસ્કૃતિની ધરોહર છે. માતા-પત્ની-બહેન કે ભાભીના સ્વરૂપે નારી જ સંસ્કૃતિનું પેઢી-દરપેઢી હસ્તાંતર કરે છે. નવી પેઢીમાં સંસ્કારોનું, સંસ્કૃતિનું, રીતરિવાજોનું અનુક્રમે સિંચન, જતન, અને રોપણ થાય છે તે નારી થકી જ થઈ શકે. નારી એ સમાજની આંખ છે, રાષ્ટ્રની પાંખ છે અને ધર્મની શાન છે. આવી નારીએ આજે જાગૃત થઈ તપોત્સવની ઉજવણીમાં જે વિકૃતિઓ પેઠી છે તેને દૂર કરવાની છે. જો નારી આ બાબતે જાગૃત થશે તો અવશ્ય તપધર્મની આન-બાન-શાન વધારી જૈનધર્મની જે હિલના થઈ રહી છે તેને દૂર કરી શકશે.

હવે તપધર્મમાં પેસેલી કેટલીક વિકૃતિઓ અને તેને દૂર કરવામાં નારીની ભૂમિકા કે વિવેક વિષે જોઈએ તોઃ

**૧) તપનાં પારણામાં આરંભ - સમારંભનો અતિરેક :**

આજે આપણે જોઈએ છીએ કે તપની ઉજવણીમાં આરંભ-સમારંભ વધતો જાય છે. તપની સાંજીઓ ગવડાવવી, કિંમત ભેટો આપવી, બત્રીસ જાતના પકવાનોવાળી ડીશ ફાઈવસ્ટાર હોટેલોમાં જમાડવી – જેવી બાબતો હવે સામાન્ય થઈ ગઈ છે. ઘરની નારીઓ આ બાબત પર અંકુશ લાવી શકે છે. મોટાભાગે બહેનો જ નિર્ણય લેતી હોય છે કે પારણામાં કેવી ધામ-ધૂમ કરવી. સાંજી ગવડાવવી કે નહીં, કિંમતી ભેટો આપવી કે નહીં. જો બહેનો નક્કી કરે તો ઘરનાં પુરુષ વર્ગને સમજાવી શકે કે તપ તો આત્માને કર્મથી મુક્ત કરવા માટે કરવાનું હોય છે. તેમાં આવું બધું કરવાથી આત્મા હળુકર્મી કરવાને બદલે ભારેકર્મી બને છે. ઘણીવાર તપસ્વીની ઇચ્છા ન હોય તો પણ આડંબરયુક્ત ઉજવણી કરવામાં આવે છે. આની પાછળ અહંકાર અને વાહ-વાહી ભાગ ભજવતા હોય છે. બહેનો એ પણ સમજાવી શકે કે જે આરંભ-સમારંભ થાય છે તેનાં ભાગીદાર તપસ્વી બને છે, કારણ તેના નિમિત્તે જ બધું કરવામાં આવે છે. તેથી આવી બધી બાબતો ત્યાગવી જોઈએ. સાચું તપ એ જ છે જે કર્યા પછી પદ-પ્રતિષ્ઠા-બહુમાન જેવી કોઈપણ ઇચ્છા ન રાખવામાં આવે. આવા તપથી જ કર્મની નિર્જરા થઈ શકે.

જો કરવું જ હોય તો તપસ્વીનું બહુમાન વધુમાં વધુ વ્રત-પ્રત્યાખ્યાન અંગીકાર કરીને, તપસ્વીએ કરેલા તપનું પોતે પણ આચરણ કરીને, પારણા વખતે પોતે અનશન વગેરે દ્વારા સામા જઈને પણ ભવ્ય બહુમાન કરી શકે છે. તેવી સમજણ દરેકને આપી આરંભ-સમારંભથી દૂર રહેવું એ વર્તમાન સમયની માંગ છે.

**૨) તપનાં પારણા વખતે જમણવારનું આયોજન હોટેલોમાં :**

જે તપસ્વી હોટેલનાં ખાણાના, ઘરની બહાર જમવાના, એકથી વધારે ઘરનું ન ખાવાના ત્યાગ પ્રત્યાખ્યાન કરતાં હોય છે. તેવા તપસ્વીનાં પારણા નિમિત્તે આયોજિત ભોજનસમારંભ હોટેલમાં રાખવો એ સર્વથા ત્યાજ્ય છે. એક નાનું બાળક પણ સમજી શકે

કે તપની ઉજવણી આ રીતે તો ન જ કરાય તો પછી શાણી એવી જૈનધર્મનું પાલન કરતી વ્યક્તિ આવો વિચાર પણ કેમ કરી શકે? આ વાત માટે નારીએ ઘરનાં સભ્યોને સમજણ આપવી જોઈએ કે તપનાં પારણા હોટેલમાં તો નહીં જ. જે હોટેલોમાં આરંભ-સમારંભ સતત ચાલુ હોય, અખાદ્ય વસ્તુઓ રંધાતી હોય, બધી કોમનાં લોકો જ્યાં આવતાં-જતાં હોય, રસોડામાં પૂરી જતના ન રખાતી હોય, સ્વાસ્થ્ય સારું રહે તેવા નિયમોનું ધ્યાન ન રખાતું હોય તેવી હોટેલોમાં પારણા તો સદાને માટે વર્જ્ય હોવા જોઈએ.

ઘરનાં સભ્યોને એ પણ સમજાવવું જોઈએ કે એક ડીશના આટલા રૂપિયા થાય તો મસમોટો ખર્ચ થાય. તે ખર્ચ વૃદ્ધાશ્રમોમાં, પાંજરાપોળોમાં, ગૌશાળામાં, નિરાધાર બાળકોના અનાથાશ્રમોમાં, અંધાશ્રમોમાં વાપરવા જોઈએ. જેનાથી તેમનો જઠરાગ્નિ ઠરે, એવા લોકોની દુઆ-આશીર્વાદ મળે કે પુણ્ય બંધાવવામાં અને કર્મોની નિર્જરા કરવામાં સહાયક બને.

**૩) તપ કર્યા પછી આચાર-વિચારમાં પરિવર્તન આવવું જ જોઈએ તે આવતું નથી, દેખાદેખી અને દંભ વધ્યા છે, સાચી શ્રદ્ધા અને ભક્તિ ઘટતા જાય છે?**

આપણે માનીએ કે ન માનીએ, સ્વીકારીએ કે ન સ્વીકારીએ પણ વરવી વાસ્તવિકતા એ છે કે આજે ટોળા વધ્યા છે, ક્રિયાકાંડ વધ્યા છે, ધર્મને-તપને આભૂષણરૂપ બનાવી દેવામાં આવ્યા છે. મોટાભાગની વ્યક્તિઓ આચાર-વિચારમાં બેવડું ધોરણ ધરાવતી જોવા મળે છે. ઉપાશ્રયમાં રોજ આગલી હરોળમાં બેસી જિનવાણી સાંભળતા, અઠ્ઠાઈ કે માસખમણ જેવા તપની આરાધના કરતાં લોકોનું જીવન પણ અનીતિમય અને દયા વગરનું જોવા મળે છે. પોતાનો પ્રભાવ પાડવાની લ્હાયમાં માણસ દંભનો અંચળો ઓઢી આચરણ કરે છે જે છેવટે તો કુટુંબ, સમાજ અને ધર્મને માટે વિઘાતક બને છે.

મોટાભાગના ઘરોમાં જોઈએ તો નાણા સિવાયનો તમામ વ્યવહાર સ્ત્રી પર આધારિત હોય છે. આવા સમયે નારીની જવાબદારી ખૂબ વધી જાય છે. આવા વખતે નારી બેવડા ધોરણોનો વિરોધ કરી સત્યની પ્રરૂપણા કરે તે ખૂબ જરૂરી છે. કરૂણા, અનુકંપા, દયા જેવા સદ્‌ગુણોની ખીલવણી તપસ્વીમાં થાય તે ખૂબ જરરી છે. કષાયો ઘટે, સંયમ વધે, તેવા સંસ્કારોનું જતન કરવું ખૂબ જરૂરી. ચોરી, જૂઠ, દંભ વગેરે ન થાય તે પણ ખાસ જોવું. જ્યારે યુવાનો કે બાળકો તપસ્યા કરતા હોય ત્યારે તેમને મોબાઈલ, ટીવી, લેપટોપની દૂર રાખી ધર્મક્રિયા ક્યારે, કેટલી, કેવી રીતે કરવી તેની સમજણ આપી તે કરાવવી ખૂબ જરૂરી. જો નારી આ બાબતમાં ઢીલી પડે તો તપસ્યા કરીને આખો દિવસ ચેટીંગમાં વ્યસ્ત રહેનાર લોકો કર્મનિર્જરા કરવાને બદલે ભારેકર્મી બને છે. નાના બાળકોની ખોટી જિદને પોષવાને બદલે તેને સાચી સમજણ આપવી એ નારીનું મહત્ત્વનું કાર્યક્ષેત્ર બની રહે છે.

ઘરનાં કે બહારનાં તપસ્વીઓની તપ પ્રત્યેની આસ્થા અને ભક્તિ વધે તે માટે તપ દ્વારા થતાં લાભ સમજાવવા જોઈએ. આમ કરવાથી કર્મબંધનથી તો બચશે જ પણ ભવિષ્યમાં પણ તપ સાથે જોડાયેલા રહીને ધર્મમાર્ગે આગળ વધવા પ્રયત્ન કરશે. નારી સુપેરે તે કરી શકે.

**૪) તપની આરાધના બાદ અન્ય પાસેથી વધુ પડતી અપેક્ષાઓ :**

ઘરમાં જ્યારે તપસ્યા થતી હોય ત્યારે ઘરનાં સભ્યો પાસે તપસ્વીની અપેક્ષાઓ ઘણી વધી જતી જોવા મળે છે. પોતે તપ કરે છે તેથી ઘરકામ નહીં કરે, પારણામાં સવારે આટલી વસ્તુ તો બનાવી દેવી જ જોઈએ, પોતે મોટું તપ કરે તો પતિ, પિતા કે ભાઈ પોતાને ભેટમાં સારામાં સારી કે મોંઘામાં મોંઘી વસ્તુ આપે તો જ હા નહીં તો ગમે નહીં, રિસાઈ જાય, મારા દેરાણી, પુત્ર, પુત્રી વગેરેએ મને માથું, પગ આદિ દબાવી દેવા જોઈએ. આ બધી વિકૃતિઓ છે જે તપની હિલના કરવામાં સહાયક બને છે.

તપસ્વી પાસે મોટાભાગનાં લોકો ભારે કામ કરાવતા હોતાં જ નથી અને કદાચ કરાવવું પડતું હોય તો એ તેની મજબૂરી પણ હોય, ઘરમાં કામ કરનાર અન્ય સભ્યો ન હોય આવે વખતે નારીએ વિવેકથી કામ લેવું પડે. તપ કરતાં કરતાં કામ થાય તો જ તપ કરવું, તપનાં બદલામાં મોટી ભેટ-સોગાદની આશા ન રાખવી, કોઈ સેવા ન કરે તો કાંઈ નહિ, મારે ક્યાં કોઈની સેવાની જરૂર છે. એમ વિચારી અન્યની સેવાઓ ન લેવી. અન્યની સેવા લેવાથી મારું પુણ્ય ખર્ચાઈ જશે એમ વિચારી બને તેટલું કોઈની સેવા લેવાથી દૂર રહેવું, થાય તેટલું ઘરનું કામ હોંશ હોંશે કરવું. જો શાતા સારી હોય તો સૂઈ રહેવાનો કોઈ અર્થ નથી એમ વિચારી ઘરનાંને મદદરૂપ થવું.

૫) તપ કરતી વખતે જાગૃતિ ન રહે તો અભિમાન અને ક્રોધ બન્ને વધે છે : જેનાથી લોહીનાં સંબંધો તૂટે છે.

ખાસ કરીને મોટી તપશ્ચર્યા વખતે કોઈ સગા-વહાલા શાતા પૂછવા ન આવી શક્યા હોય, પારણા વખતે કવર કે ભેટ-સોગાદ ન આપી હોય તો સ્મૃતિનાં અભાવમાં આત્મીય સંબંધો પણ તૂટી જતાં જોવા મળે છે. ઘણીવાર સગાં ભાઈ-બહેનો કે લોહીનાં

સગાંઓ સાથે જિંદગીભરનાં અબોલા થઈ જતાં હોય છે.

આવા સંજોગોમાં તપસ્વીએ એ જાગૃતિ રાખવી જોઈએ કે હું તપ કરી રહી છું તે મારા આત્મા પર લાગેલા કર્મોની નિર્જરા કરવા માટે, કોઈ શાતા પૂછે કે ન પૂછે, આવે કે ન આવે, ભેટ આપે કે ન આપે મને કોઈ ફેર પડતો નથી. તપસ્વીમાં જ્યારે આવી લાગણી અને માગણી થાય ત્યારે માતા-દાદી-ફૈબા-બેન જેવા નારીઓ સાચી સમજણ આપી તપધર્મ દિપાવી શકે.

ઘણી વખત પોતે મોટું તપ કર્યું હોય તો અહંકાર આવી જાય છે. બીજાને તુચ્છ સમજવા માંડે છે જેને કારણે દુર્ધ્યાન થાય છે. ભગવાને તપોષ્ટકમાં બતાવ્યું છે કે,

**तदेव हि तपः कार्यं, दुर्ध्यानं यत्र नो भवेत।**

**येन योगा न हीयन्ते, क्षीयन्ते नेन्द्रियाणि च।।**

તપ એવું જ કરવું જોઈએ જેમાં દુધ્યાર્ન ન થાય, યોગોને હાનિ ન પહોંચે અને ઈન્દ્રિયો ક્ષીણ ન થાય. ખાસ કરી બહેનો આ બાબતમાં વધારે જાગૃત હોય છે કારણ કે તેઓ ઉપાશ્રયે, વધારે જતાં હોય, તપ વધારે કરતાં હોય, સાધુ-સાધ્વીનો સત્સંગ વધારે હોય. વળી પોતાની શક્તિ, દઢતા, શ્રદ્ધા, આરોગ્ય અને ક્ષેત્ર-કાળ જોઈને તપ કરવો જોઈએ. ઘણી વખત વિવેક રાખ્યા વિના તપ કરે અને તબિયત બગડે તો અન્ય લોકો તપ કરતાં અટકી જાય, ધર્મ પર શ્રદ્ધા ઓછી થઈ જાય. ઈતર જ્ઞાતિનો લોકો અવર્ણવાદ કરે. આમ તપધર્મની હિલના થાય છે. નારી આ બાબતમાં મહત્વની ભૂમિકા નિભાવી શકે છે. ઘરનાં બધાં જ લોકોનો સ્વભાવ, શક્તિ, સ્વસ્થતા કેવા છે અને તે કેટલું કરી શકશે તેનો ક્યાસ તે કાઢી શકે છે. વળી દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ પ્રમાણે તે ઘરનાં સભ્યોને યોગ્ય વાત ગળે ઊતારી પણ શકે છે.

**૬) તપ માત્ર કર્મનિર્જરાર્થે કરવો જોઈએ, ઈહલોક-પરલોકમાં સુખ કે યક્ષ-કીર્તિ મેળવવા નહીં.**

દશવૈકાલિક સૂત્રમાં ભગવાને કહ્યું છે કે, नन्नत्थ निज्जरट्ठयाए तवमहिट्ठेज्जा। કેવળ કર્મનિર્જરા માટે તપસ્યા કરવી,આલોક અને પરલોકમાં યશોકીર્તિ માટે નહીં. વર્તમાને તો લેવડ-દેવડ ઘણી વધી ગઈ છે. જ્યાં કંઈક દેવાના હોય તો જ તપ કરે, કાંઈ મળવાનું ન હોય તો કઈ તપ કરે નહીં. આ બાબતમાં પણ નારીની ભૂમિકા મહત્વની છે. તેણે તપ કરનાર સભ્યોને તપનાં લાભ સાચા અર્થમાં બતાવી આ દૂષણને દૂર કરવું જોઈએ. સગાંઓ તરફથી મળતી ભેટ કે તપનાં બદલામાં કરાતું બહુમાન એ લોભ અને લાલચમાં ન પરિણમવા જોઈએ. આવી તકેદારી સ્ત્રી યોગ્ય રીતે રાખી શકે. તે ઘરનાં સભ્યોને સમજાવી વાતનું વતેસર ન કરતાં કુટુંબના સભ્યોને તોડવાનું નહીં પણ જોડવાનું કાર્ય યોગ્ય રીતે કરી શકે કારણ નારી વિચક્ષણ, લાગણીસભર, કોઠાસૂઝવાળા હોય, આ કાર્ય સહજતાથી કરી શકે. વળી તે ધર્મ પણ જાણતી હોય છે તેથી એની ઊંડાણભરી બાબતો ઘરના સભ્યોને સમજાવી તપનું નિયાણુ, લાલચ વગેરે ન કરવા સમજાવી શકે છે.

**૭) તપધર્મમાં આચરણ વખતે કરવાની ધાર્મિક ક્રિયાઓનો અભાવ :**

તપ એ કર્મનિજરા માટે કરવાનું હોય છે તેથી તપમાં લાગતા દોષોથી બચી સામાયિક, પ્રતિક્રમણ, ગુરુવંદન, પ્રત્યાખ્યાન, ખરાબ ક્રિયાઓનો ત્યાગ વગેરે કરવાનાં હોય છે. પરંતુ ધર્મની સમજણ ન હોય તો આ બાબત શક્ય નથી બનતી.

**ઉપસંહાર : ઉપરોક્ત સર્વ તબક્કે નારી પોતાની કુનેહથી તપોત્સવની ઉજવણીમાં વિવેક રાખીને સાચો સ્ત્રીધર્મ બજાવી શકે છે.**

✦ ✦ ✦

સંપર્ક : ૯૭૨૫૬ ૮૦૮૮૫, રાજકોટ

# દેરાસર નિર્માણમાં નારીઓનું યોગદાન

**વર્ષા જગશી વીરા**

દેરાસર શબ્દ એ અપ્રભંશ થયેલો શબ્દ છે મૂળ શબ્દ દેવાશ્રય છે. દેવાશ્રય એટલે દેવોને રહેવા માટેનું સ્થાન દેવ એટલે સુદેવ જે અઢાર દોષ રહિત એવા જિનેશ્વર દેવ આમ દેવાશ્રય શબ્દ અપ્રભંશ થઈને દેરાસર શબ્દ બન્યું છે. દેરાસર શબ્દ સાંભળતાની સાથે જ તેના ઉત્તંગ અને ઉન્નત શિખરો તથા તેના પર ફરકતી શ્વેત અને લાલ રંગની ધજા સ્મૃતિપટ્ટલમા આવ્યા વિના ન રહે. દેરાસરમાં જો પ્રતિમાજી અરિહંત સ્વરૂપે નિર્માણ થયા હોય તો વચ્ચેનો પટ્ટો સફેદ અને આજુબાજુ લાલ રંગનો પટ્ટો હોય છે. જ્યારે પ્રતિમાજી સિદ્ધ સ્વરૂપે નિર્માણ થયા હોય ત્યારે વચ્ચેનો પટ્ટો લાલરંગનો અને આજુબાજુ સફેદ પટ્ટો હોય છે.

પ્રભુના એક એક ગુણની ચિંતવના કરવા માટે દેરાસરનું નિર્માણ કરવામા આવે છે. તેમા પ્રભુજીને સ્થાપના નિક્ષેપ દ્વારા તેમની સ્થાપના કરાય છે. એ ઉત્તમ કાર્યમાં અનેક નારીઓનું યોગદાન છે.

સર્વ પ્રથમ સૌથી પ્રાચીનમાં પ્રાચીન દેરાસર ભરૂચમા આવેલ છે. જેને સમડી-વિહાર તરીકે ઓળખવામા આવે છે. તેનો ઇતિહાસ આ પ્રમાણે છે. ભરૂચ દેશમા મુનીશુવ્રતસ્વામીજીના અંતેવાશી મુનિ વિહાર કરતાં કરતાં ભરૂચ નગરમા પહોંચ્યા ત્યાંના ઉદ્યાનમા રહ્યાં થકાં ત્યાં એક ઘાયલ સમડી જોવા મળી તેને મુનિઓએ અંતિમ નિર્યામણાં કરાવી. નવકાર મંત્રના પ્રભાવે તે સમડીનો આત્મા મરીને સિંહલ દ્વિપમા જિતરાત્રુ રાજાની સુદર્શના નામે રાજકુમારી પણે ઉત્પન્ન થઈ. એક વખત સુદર્શના રાજ્યસભામાં બેઠેલી હતી ત્યારે ભરૂચ દેશના શ્રેષ્ઠી ત્યાં વ્યાપારાર્થે રાજાને ભેટણું આપવા માટે રાજા પાસે આવ્યાં ત્યાં અચાનક તેમને છીંક આવતા 'નમો-અરિહંતાણ પદનો ઉચ્ચાર કર્યો ત્યારે ત્યાં બેઠેલી રાજકુમારી સુદર્શનાને આ પદને સાંભળીને થયું કે આ પદ તો મેં ક્યાંક સાંભળેલ છે, તેનો ઉહાપોહ થતાં જ તેણે પોતાનો સમડી તરીકે પોતાનો પૂર્વભવ જોયો, ત્યારે તે રાજકુમારી સુદર્શના એ શ્રેષ્ઠી પાસેથી જૈન ધર્મ સંબંધી વિશેષ જાણકારી પ્રાપ્ત કરીને શ્રેષ્ઠી સાથે ભરૂચ નગરમાં આવીને જ્યાં પોતે પૂર્વભવમા મૃત્યુ પામી હતી, ત્યાં તે સ્થળે પ્રભુશ્રી મુનિશુવ્રત સ્વામીજીનું વિશાળ દેરાસરનું નિર્માણ કર્યું. તે દેરાસર સમડી-વિહાર તરીકે પ્રસિદ્ધિને પામ્યું પરંતુ કાળક્રમ જતાં મોગલોના આક્રમણ સમયે તે જિનાલય ધ્વસ્ત થયું અને તેને મસ્જિદમાં પરિવર્તન કરી નાંખ્યું. હાલમા જે જિનાલય છે, તે નવી જગ્યાએ નિર્માણ કરીને સુદર્શનાની યાદગીરી રૂપે તેને સમડી-વિહાર નામ આપવામા આવ્યું. આ તીર્થ અશ્વાવબોધ તીર્થ તરીકે પણ ઓળખાય છે. આ સમડી-વિહારનો ઉલ્લેખ અચલગચ્છિય પ્રતિક્રમણમાં બોલાતી અષ્ટોતરીમાં સાંપડે છે. આમ સુદર્શનાએ પોતાના નામને જૈન ઇતિહાસમાં અમર કર્યું.

બારમી સદીમા બંધાયેલ જેમની નામના વર્લ્ડ-હેરિટેઝની અંદર ગણના પામેલ આબુ દેલવાડાના દેરાસરો છે. જેમાં લુણીગવસહી નામે દેરાસર છે, તે શ્રી વસ્તુપાળ-તેજપાલના ઘરે લક્ષ્મી તરીકે પૂજાતી એવી શ્રી અનુપમા દેવીનું સૌથી શ્રેષ્ઠ યોગદાન છે. તેની કથા આ પ્રમાણે છે, ૧૨મી સદીમાં ધવલકપુર જે આજનું ધોળકા પ્રાંતમાં રાજા વીરધવલનું રાજ્ય ચાલતું હતું ત્યારે તેના બે બાહોશમંત્રી શ્રી વસ્તુપાળ, તેજપાળ તેમની માતા તથા અનુપમા દેવી શત્રુંજ્યની યાત્રા અર્થે નિકળેલ ત્યારે તેમણે પોતાની માલમત્તા સાંચવવા માટે જમીનમાં દાટવાનો વિચાર કરીને, જ્યાં જમીન ખોદવા જાય છે, ત્યાં જમીનમાંથી સુવર્ણમહોરથી ભરેલ ઘડો પ્રાપ્ત થયો. ત્યારે વસ્તુપાળ, તેજપાળ બન્ને ભાઈઓ મુંઝાઈ ગયા. હવે આ પ્રાપ્ત થયેલ દ્રવ્યને કઈ રીતે ઉપયોગમાં લેવાય. ત્યારે દક્ષ એવા શ્રી અનુપમા દેવીએ કહ્યું કે, મળેલો દ્રવ્યને તો ઊંચે જ રખાય. આમ બન્ને ભાઈઓ અનુપમા દેવીની વાત સાંભળીને હર્ષથી પરિપૂર્ણ હૃદયવાળા થઈને આબુ પર્વત પર જમીન પ્રાપ્ત કરીને સોનામહોરથી ભરેલ ઘડાનો દેરાસરનું નિર્માણ કરવામાં ઉપયોગ કર્યો. આ દેરાસરને પરિપૂર્ણરૂપે નિર્માણ કરવામાં ૧૨ વર્ષનો સમય લાગેલ. આ દેરાસરનું નિર્માણ થતું હતું ત્યારે શ્રી અનુપમા દેવીએ સોમપુરાઓને પ્રોત્સાહન મળે તે માટે કહ્યું હતું કે, આ દેરાસરમાં કોરણી કરતાં જેટલી રજ થશે તેના ભારોભાર તમને દ્રવ્ય પ્રાપ્ત થશે. તેથી સોમપુરાઓ એ ઝીણું ઝીણું કોતરકામ કરવા લાગ્યા. તે સમયે શિયાળામાં સોમપુરાઓના હાથ ઠરી ન જાય તે માટે અનુપમા દેવી જાતે સોમપુરાઓ પાસે તાપણું સળગાવીને કાર્યમા વેગવંત કરતાં હતાં અને દરેક સોમપુરાઓના ભોજન પાણીની વ્યવસ્થા પર જાતે જ દેખરેખ રાખતા હતાં સોમપુરાઓના ઉત્સાહને વધારવા માટે ૧૨ વર્ષ આબુ પર્વત પર રહ્યાં. ૧૨૩૧ની સાલમા વિજયસેન સૂરિશ્વરના વરદ્-હસ્તે તેમાં નેમિનાથ પ્રભુ પ્રતિષ્ઠાવન કરાવાયાં સોમપુરાઓને કોતરણી કરતા જે દ્રવ્ય પ્રાપ્ત થયું હતું. તેમાંથી સોમપુરાઓએ અનુપમા દેવીની પ્રેરણાથી બાજુમાં જ નૂતન જિનાલયનું નિર્માણ કર્યું. આમ ઇતિહાસમાં તો વસ્તુપાળ તેજપાળના દેરા તરીકે પ્રસિદ્ધ છે, પરંતુ તેઓના નામ શ્રી અનુપમા દેવીને આભારી છે. વસ્તુપાળ તેજપાળથી નાના તેમના ભાઈ લુણીગ નામે હતા. બાલ્યવસ્થામાં જ અસાધ્ય બિમારી થવાથી તેમનું મૃત્યુ નાની વયમાં થવાથી તેની સ્મૃતિરૂપે તે દેરાસરનું નામ 'લુણીગ-વસહી' રાખવામાં આવેલ છે, તે નામ રાખવા પાછળ જો કોઈનો મોટો ફાળો હોય તો તે અનુપમા દેવીનો જ. અનુપમા દેવીએ સ્થાવર તીર્થ જ નહીં પરંતુ જંગમતીર્થ રૂપી સાધુ-સાધ્વીઓની અનુપમ સેવા વૈયાવચ્ચ કરીને પોતાનુ નામ સાર્થક કર્યું. તેથી હાલમાં તે મહાવિદેહ ક્ષેત્રમાં શ્રી સીમધર સ્વામીજી પાસે કેવળી થઈને વિચરી રહ્યાં છે. આમ અનુપમા દેવીએ જૈન શાસનમાં અજોડ સેવાઓ આપીને પોતાનું નામ સુવર્ણક્ષરે અંકિત કરેલ છે.

ગુજરાતમાં આવેલ કાવી તીર્થમાં સાસુ-વહુના દેરાસર સુપ્રસિદ્ધ છે. કાવી તીર્થનું મૂળ નામ કનકાવતી નગરી હતું. આ તીર્થમાં દેરાસરનું નિર્માણ કરનાર શ્રી ગંગાઘર ગાંધી વડનગરમાં રહેતાં હતાં, પરંતુ વ્યાપારાર્થે કનકાવતી નગરીમાં પધાર્યા ત્યાં તેમણે દેરાસરનું નિર્માણ કરવાનો નિર્ણય કર્યો. તે દેરાસર નિર્માણ કરવામાં તેમની પત્ની શ્રી હિરબાઈ એ ખૂબ મોટું યોગદાન આપેલ 'સર્વજીત' નામક આ જિનાલય ઈ.સ. ૧૬૪૫ની સાલમાં શ્રી ધર્મનાથ પ્રભુજી પ્રતિષ્ઠાપન કરાવાયા. તે દેરાસરમાં પ્રવેશ કરતાં જ નમન થઈ જાય તે હેતુ થી દરવાજો નાનો કરાવેલ. એક વખત તેમના સુપુત્ર શ્રી

કુંવરજી ગાંધીના પત્ની શ્રી વીરબાઈ અને હિરબાઈ દેરાસરમાં દર્શન કરવા માટે ગયા તે સમયે દરવાજો નાનો હોવાથી વીરબાઈનું મસ્તક અફડાયું, ત્યારે વીરબાઈથી બોલાઈ ગયું કે દેરાસર તો આટલું ભવ્ય બનાવ્યું છે પરંતુ દરવાજો નાનો છે. ત્યારે તેના પ્રત્યુત્તર સ્વરૂપે હિરબાઈ એ કહ્યું વહુ જો દેરાસરનો દરવાજો નાનો લાગતો હોય તો તમારા પિયરીયાઓને કહો કે મોટા દરવાજાવાળું દેરાસરનું નિર્માણ કરાવી આપે. ત્યારે તે જ ક્ષણે વીરબાઈએ મનમાં ગાંઠ વાળીને પિયર પક્ષને પત્ર દ્વારા તે વાતને જણાવીને પિયરીયા ના દ્રવ્યથી શ્રી આદેશ્વર પ્રભુજીનું બાવન જિનાલયથી યુક્ત એવું 'રત્ન પ્રસાદ' નામક દેરાસર ૧૬૫૫માં નિર્માણ થયેલ છે. આમ બન્ને સાસું વહુએ કાવી તીર્થમાં દેરાસરનું નિર્માણ કરીને પોતાનું નામ ઇતિહાસમાં સુવર્ણક્ષરે અંકિત કરીને અમરત્વને પ્રાપ્ત કરેલ છે.

અમદાવાદમાં સ્થિત એવા હઠીસિંહના દેરા જે આખા વિશ્વમાં પ્રસિદ્ધ છે, તેની પાછળ પણ સુજ્ઞ એવા શ્રી હરકુંવરબાઈનું મોટું યોગદાન રહેલ છે. હઠીસિંહના દેરાનું નિર્માણ કરનાર શ્રી હઠીસિંહ કેસરીસિંહને દેરાસરનું ખાતમુહુર્ત કરીને ૪૯ વર્ષે દેવલોક ભણી પ્રયાણ કર્યું ત્યારે તેમના ત્રીજા પત્ની શ્રી હરકુંવર બાઈએ તે દેરાસરની બાગડોર સંભાળીને પોતાના પતિનું કાર્ય આગળ ધપાવ્યું. હરકુંવરબાઈ પણ અનુપમા દેવીની માફક દરેક કારીગરોનું ધ્યાન રાખીને સાર સંભાળ રાખતા હતાં. આ દેરાસરમાં શ્રી ધર્મનાથ પ્રભુને ઈ.સ. ૧૮૪૮માં પ્રતિષ્ઠિત કર્યાં. તેમાં રહેલ જે સ્થંભ એ ચિતોડના કિર્તી સ્થંભની યાદ અપાવે છે તથા તેમાં બેનમુન એવું નયનરમ્ય લાકડાનું નકશીકામ છે. આમ શ્રી હરકુંવરભાઈએ હઠીસિંહના દેરાસરનું નિર્માણ કાર્યમાં પોતાનો અમૂલ્ય એવું યોગદાન આપીને પોતાનું નામ ઇતિહાસમાં સુવર્ણાક્ષરે અંકિત કરેલ છે.

મધ્યપ્રદેશમાં આવેલ જબલપુરમાં દિગંબરનું મંદિર 'પીસનહારી મઢિયા' તરીકે પ્રસિદ્ધ છે, તેમાં પણ ગરીબ એવી સુજ્ઞ મહિલાનું યોગદાન છે તે ગરીબબાઈ લોકોના દળણો દળીને જે પૈસા કમાતી તેમાંથી તેણે બચત કરીને મંદિરનું નિર્માણ કર્યું. બાઈ દળણાં દળતી હોવાથી તે મંદિરનું નામ 'પીસનહારી-મઢિયા' તરીકે પ્રસિદ્ધ છે તે મંદિરમા હજુ પણ તે ચક્કીનું સંભારણું મૂકવામા આવેલ છે.

કાંચીની વ્યંગાત્મક મજાક મશ્કરીથી પ્રેમલા લાછીએ પાટણમાં દેરાસરનું નિર્માણ કરેલ. આમ અનેક દેરાસરો ભારતમાં એવા છે કે જેની પાછળ સ્ત્રીઓનું યોગદાન મોટું રહ્યું. જૈન શાસરનમાં અનેક નારીઓ શક્તિરૂપે રહેલી છે અને સુંદરસ્થાનને પ્રાપ્ત કરેલ છે. જિન શાસનને ટકાવવા પાછળ જો કોઈનો મોટો ફાળો હોય તો સરસ્વતી સ્વરૂપા શ્રી સાધ્વીગણનો છે. તેમણે પ્રત્યેક પળે પોતાના પુરુષાર્થ દ્વારા પોતાનું યોગદાન અર્પણ કરેલ છે. આમ નારીઓના અમૂલ્ય ફાળાઓથી આજે પણ જૈનશાસનનો સૂર્ય તેજથી તપી રહ્યો છે. આ પૃથ્વી 'બહુરત્ના વસુંધરા'ની જેમ રત્નોની ખાણ તુલ્ય નારીઓએ જે ભવ્ય અને ભગીરથ પુરુષાર્થ કર્યો છે તેમને માટે શત શત કોટી વંદન.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૬૭૨ ૩૬૯૮૭, મુંબઈ

# ધર્મ અને સંસ્કૃતિ સંરક્ષણમાં નારીનું યોગદાન

**ડૉ. છાયા પી. શાહ**

'**ધર્મ**' એટલે જે દુર્ગતિમાં પડતા અટકાવે તે તત્વ.

'સંસ્કૃતિ' એટલે જે ભ્રષ્ટ થતા અટકાવે તે બળ.

આમ, ધર્મ અને સંસ્કૃતિ બન્ને માનવજીવનની ઉર્ધ્વતા માટે અગત્યના છે. તેથી બન્નેનું સંરક્ષણ અગત્યનું છે.

આ સંરક્ષણ, નારી પોતાના વિવિધ સ્વરૂપો દ્વારા કરી શકે છે. દરેક સ્વરૂપ અગત્યનું છે. બળવાન છે. નિશ્ચલ છે.

નારીનું પહેલું સ્વરૂપ છે. 'માતા' ''જે કર ઝૂલાવે પારણું તે જગત પર શાસન કરે.'' માતા બાળપણથી જ બાળકને ધર્મના સંસ્કાર આપે તો બાળક ક્યારેય અધર્મી નથી બનતો. બાળક સાત વર્ષનો થાય ત્યાં સુધી તે સંપૂર્ણ રીતે માતા પર નિર્ભય હોય છે. આ ઉંમર દરમ્યાન માતા બાળકને ધાર્મિક સૂત્રો ભણાવે, સાચી શિસ્ત શીખવાનું, દેવદર્શન, ગુરુ વંદન કરવાની આદત પડાવે તો આ બાળક મોટો થઈને ક્યારેય મા-બાપનું વચન ઉથાપતો નથી, ધર્મનો હંમેશા ઉપકાર માને છે, ધર્મમય જીવન જીવે છે, સંસ્કૃતિનું રક્ષણ કરે છે. આમ દરેક બાળકનો ઉછેર આવો થાયતો આપોઆપ ધર્મને સંસ્કૃતિનું રક્ષણ થઈ જ જાય. આમ, સ્ત્રી માતા તરીકે ધર્મ અને સંસ્કૃતિના આરક્ષણમાં બહુ મહત્વનો ફાળો આપે છે.

નારીનું બીજુ સ્વરૂપ છે, 'શિક્ષિકા'. શિક્ષિકા એટલે 'સીંચન કરનાર' તો વિદ્યાર્થીઓમાં સંસ્કારનું, શિક્ષણનું સીંચન કરે છે. બાળકના કુમળા મગજ રૂપી ધરતીમાં તે સંસ્કાર, શૌર્ય, હિંમત, પ્રેમ વગેરે બીજનું વાવેતર કરે છે. જુદા જુદા વિષયો દ્વારા તે વિદ્યાર્થીને અનેરૂં શિક્ષણ આપે છે. ઇતિહાસના શિક્ષણ દ્વારા તે વિદ્યાર્થીને

પૂર્વજો પ્રત્યે અહોભાવ પ્રગટાવતા શીખવાડે છે. ગણિતના શિક્ષણ દ્વારા તે વિદ્યાર્થીના મનને પરિપક્વ બનાવે છે. વિજ્ઞાનનું શિક્ષણ પામીને વિદ્યાર્થી વિવિધ રહસ્યો શોધી શકે છે. આમ નારી જ્યારે શિક્ષિકા બને છે, ત્યારે તે દેશનું ભવિષ્ય એવું તૈયાર કરે છે કે જે દેશના ધર્મ અને સંસ્કૃતિને સુરક્ષિત રાખે છે.

વિદુષી તરીકે પણ નારી મહત્વનું યોગદાન આપે છે. આજે સાહિત્ય ક્ષેત્રે અનેક લેખિકાઓ જેમ કે વર્ષા અડાલજા, વિનોદીની નીલકંઠ, કાજલ ઓઝા, અમૃતા પ્રીતમ જેવી અનેક લેખિકાઓ પોતાના વિશિષ્ટ લખાણો દ્વારા ધર્મ-સંસ્કૃતિની ઈમારતને મજબૂત બનાવી રહ્યા છે. 'પ્રબુદ્ધ જીવન' જેવા મહત્વના મેગેઝિનના સંચાલિકા સેજલબેન પણ કેટલું સ્વસ્થ સંચાલન કરી સમાજને ઉપયોગી માહિતી આપી રહ્યા છે. મધર ટેરેસા જેવી સ્ત્રી એ સમાજસેવા કરી સંસ્કૃતિને મજબૂત કરી છે. સાહિત્ય ઉપરાંત બીજા ક્ષેત્રોમાં નારીએ પોતાનું યોગદાન આપ્યું છે. હરકુંવર શેઠાણીએ હઠીશિંગનું ભવ્ય દેરાસર બંધાવી સ્થાપત્ય સંસ્કૃતિને અમર બનાવી છે. અનુપમા દેવી દ્વારા બંધાયેલ દેલવાડાના દેરાસરો શિલ્પને સ્થાપત્યના અજોડ નમૂના છે.

ધર્મ અને સંસ્કૃતિનું રક્ષણ કરનાર નારી રૂપે શ્રેષ્ઠ હોય તો તે છે. સાધ્વીજીઓ, મહાસતીજીઓ સાધુ. ભગવંતોની સરખામણીમાં, સાધ્વીજીઓને બહારની દુનિયા સાથે ઓછો સંપર્ક હોય છે. તેમની પાસે કોઈ મોટો પ્રોજેક્ટ નથી હોતા, તેથી તેમનું સમગ્ર ધ્યાન તેમની પાસે આવનાર સ્ત્રી વર્ગ તરફ હોય છે. તેઓ દેશના દ્વારા દીશા બતાવે છે. પોતાની પાસે આવનાર સ્ત્રી વર્ગને સાચો ધર્મ સમજાવે છે. કર્તવ્યો બતાવે છે. મનુષ્ય જન્મની સાર્થકતા સમજાવે છે. ક્યારેક જ્ઞાન સાથે ગમ્મત જેવા માધ્યમથી ધર્મ તરફ આકર્ષે છે. ક્યારેક સાધ્વીજીના સંપર્કથી વ્યક્તિ પોતાનું જીવન બદલી નાખે છે. આમ સૌને ધર્મમય બનાવનાર સાધ્વીજીઓ ખરેખર ધર્મને જીવંત રાખે છે. જ્યાં ધર્મ જીવંત છે ત્યાં આપોઆપ સંસ્કૃતિને સીંચન મળી જ જાય છે.

આમ સ્ત્રી ક્યારેક માતા રૂપે, ક્યારેક શિક્ષિકા રૂપે તો ક્યારેક વિદુષી બની અથવા તો સાધ્વીજી રૂપે પોતાનું યોગદાન આપી ધર્મને સંસ્કૃતિને બચાવવા સતત પ્રયત્નશીલ રહે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૯૮૩ ૩૬૯૯૨, અમદાવાદ

# વ્યાપાર અને વ્યવહારકુશળ વીરાંગનાઓ– રાણી અબક્કા અને હરકુંવર શેઠાણી

**પ્રીતિબેન શાહ**

**નો**બેલ પારિતોષિક વિજેતા બ્રિટીશ લેખક અને કવિ વિલિયમ ગોલ્ડીન્ગે સ્ત્રી માટે બહુ સરસ વાત કરી છે.

"હું માનું છું સ્ત્રીઓ મુર્ખ છે કે તેઓ પુરુષ સમોવડી થવાના પ્રયત્નો કરે છે. તેઓ પુરુષો કરતા વધારે શ્રેષ્ઠ છે અને રહેવાની છે. તમે સ્ત્રીને જે આપશો તે તેઓ મોટું કરીને આપશે. જો પુરુષ તેને સ્પર્મ આપશે તો તે બાળક આપશે. જો તેને મકાન આપશો તો એ ઘર બનાવીને આપશે. જો તેને કાચું ધાન આપશો તો એ તમને ખોરાક બનાવીને આપશે. જો એને સ્મિત આપશો તો એ એનું દિલ આપી દેશે. એને તમે જે આપશો એ તમને અનેકગણું કરીને આપશે."

જૈન શાસ્ત્રોમાં જે સ્ત્રીઓનો ઉલ્લેખ મળે છે એ મોટે ભાગે સાધ્વીજી અને શ્રાવિકાઓનો વધારે મળે છે કારણકે જૈન ધર્મ દાન, શીલ અને તપ અને ચરિત્ર પર મુખ્યત્વે આધારિત છે. આ શ્રાવિકાઓ અનેક કથાઓમાં વ્યવહારકુશળ જોવા મળે છે. આવી તપ, શીલ અને ચારિત્રની ધણી સ્ત્રીઓ અનેક સુશ્રાવકોની સફળતા પાછળનું કારણ બની. એ પછી માતા, પત્ની, પુત્રી કે બહેન કોઈ પણ સ્વરૂપે હોય પણ જિનશાસન આવી શ્રાવિકાઓ અને સાધ્વીજી થકી સુશોભિત છે. અહીં જૈન સમાજના ગૌરવરૂપ બે એવી વીરાંગનાઓ વિશે વાત કરવી છે કે તેઓ હિંમત અને શૌર્યના અદ્‌ભૂત અને અમર પાત્રો છે.

**વીરાંગના રાણી અબક્કા**

૧૬મી શતાબ્દીમાં રાણી અબક્કાનો ઉલ્લેખ શાસ્ત્રોમાં મળે છે. રાણી અબક્કા ચોવટા (ચૌટા) આજના કર્ણાટકના ઉલ્લાલ નામના રાજ્યમાં રાજ કરતી હતી. ઉલ્લાલ થીરુમલા રાય ૩ની રાજધાની હતી. ૧૨મી શતાબ્દીમાં ગુજરાતથી સ્થળાંતર થઈને ચોવટા જૈન રાજાઓ તુલુનાડુ (દક્ષિણ કન્નડ) આવ્યા હતા. ૧૫મી સદીની મધ્યમાં વાસ્કોડી ગામાએ હિંદમહાસાગરમાંથી દરિયાઈ માર્ગ શોધીને કાલીકટ બંદરે પ્રવેશ કર્યો અને કોચીનમાં કિલ્લો બનાવ્યો ત્યારબાદ હિન્દ મહાસાગરના અનેક દરિયાઈ મથકો પોર્ટુગીઝોએ કબજે કરીને ત્યાં કિલ્લાઓ બનાવ્યા જ્યાંથી તેજાના,

કપડા અને લડાકુ ઘોડાઓનો વેપાર થતો હતો. તેઓએ આ વેપાર ઉપર કર લેવાનું ચાલુ કર્યું. રાણી અબક્કાના પતિ મેન્ગ્લોરના રાજા બંગારાજા પોર્ટુગીઝ સામે ઝુકી ગયા પણ રાણી અબક્કાએ આ કર સામે વિરોધ કર્યો. જ્યારે ઉલ્લાલ પર પોર્ટુગીઝે ચડાઈ કરી ત્યારે અબક્કાએ એનો બહાદુરીપૂર્વક સામનો કર્યો. પોર્ટુગીઝે અનેકવાર હુમલા કર્યા, પણ રાણી અબક્કાએ દરેક વખત એમને હરાવ્યા.

પહેલું યુદ્ધ ઈ.સ. ૧૫૫૬માં થયું જે આર્મી જનરલ ડૉન આલ્વારો દ સીલ્વેરીયાની આગેવાની હેઠળ થયું, જે બહુ ભીષણ હતું. એના બે વર્ષ પછી પોર્ટુગીઝો ફરી મોટા સૈન્ય સાથે આક્રમણ કર્યું પણ રાણી અબક્કાની કુનેહબાજ યુદ્ધ નીતિઓને લીધે પોર્ટુગીઝોની ફરી હાર થઈ. આ વખતે રાણીએ અરબના મુર અને ઝામોરીનના કોઝીકોડની સાથે સંધી કરીને એમને સાથે લીધા હતા. આ વખતે જોઓ પેકશોટો નામના જનરલની આગેવાની હેઠળ રાણીના મહેલને ઘેરાવામાં લીધો હતો પણ રાણીએ મહેલમાંથી ભાગીને ૨૦૦ પ્રામાણિક અને બાહોશ સૈનિકો સાથે વળતો હુમલો કરીને જનરલ અને ૭૦ પોર્ટુગીઝ સૈનિકોનો ખાત્મો બોલાવ્યો હતો. રાણી અબક્કાએ બહાદુરપૂર્વક ૪૦ વર્ષ સુધી લડીને રાજ્યનું રક્ષણ કર્યું. અંતે પોર્ટુગીઝનાં આર્મી જનરલ ગોવાનાં વાઈસરોય એન્થોની દ નોરોન્હાની આગેવાની હેઠળ ૩૦૦૦ સૈનિકો સાથે પોર્ટુગીઝ સૈન્યે છૂપો એટેક કર્યો. અબક્કા રાણી એ વખતે મંદિરેથી પાછી ફરી રહી હતી. એને કેદ કરવામાં આવી તો પણ એને કેદમાંથી મુક્ત થઈને બહુ બહાદુરીપૂર્વક સામનો કર્યો, પોર્ટુગીઝ સૈન્યના ઘણા વહાણો બળી ગયા. પણ એના જ કેટલાક માણસોની બેવફાઈથી ઘાયલ હાલતમાં પોર્ટુગીઝ સૈન્યે એને કેદ કરી અને આખરે એનું જીવન એણે એના રાજ્ય માટે સમર્પિત કર્યું. જે રાણીને વિદેસીમાં સામી છાતીએ હરાવી ન શક્યા એ લોકોએ એને દગાથી હરાવી. આટલી હિંમતથી લડવા બદલ એનું નામ પણ અભયારાણી પડી ગયું હતું. એ સમયે વિદેશી હકુમત સામે સ્વતંત્રતાની લડાઈ કરનાર માત્ર એક જ અને પહેલી સ્ત્રી તરીકે પણ એને ઓળખવામાં આવે છે.

આ રાણી કાળા મરીનો વ્યાપાર કરવા દરિયાઈ સફર કરતી. પ્રાચીન સમયમાં દરિયાઈ સફરો એટલી સહેલી નહોતી પણ અનેક તોફાનોની વચ્ચે અનેક વખત આ સફરો ખેડેલી. આ રાણી પોતાની સાથે જિનપ્રતિમા પણ રાખતી અને નિયમિત પૂજા કરતી એવા ઉલ્લેખ પણ મળે છે. દક્ષિણ કન્નડ રાજ્યમાં તેમજ ઉલ્લાલની ગ્રામ્ય સંસ્કૃતિમાં અમુક વર્ષો સુધી આ રાણીની સ્મૃતિઓ જીવંત હતી. ઇતિહાસમાં આ રાણીનું પ્રદાન નોંધાયું નથી પણ છેલ્લા કેટલાક વર્ષોથી દક્ષિણ કન્નડમાં વર્ષે એક વાર આ રાણીની સ્મૃતિમાં 'વીરરાણી અબક્કા ઉત્સવ' ઉજવવામાં આવે છે. ઉલ્લાલમાં રાણી અબક્કાની મોટા કદની પ્રતિમા પણ છે.

આનંદની વાત એ છે કે ઈ.સ. ૨૦૦૩માં ભારતીય ટપાલ વિભાગ દ્વારા આ રાણીની સ્મૃતિમાં ટપાલ ટિકિટ જારી કરવામાં આવી. આ ઉપરાંત ઈ.સ. ૨૦૦૫માં ભારતીય નેવીએ એના પેટ્રોલિંગ કરતા વાહનને આ રાણીનું નામ આપ્યું. ઇતિહાસકર અને પ્રોફેસર ડૉ. પુજારી કહે છે. ''સ્વતંત્રતાની લડાઈ માટે પ્રાણ આપનાર વીરોને ભૂલી ન જવા જોઈએ અને એમના પર ઇતિહાસકારોએ સંશોધન કરવું જોઈએ.''

બીજી એક આવી જ એક રાણી ચેનાબભૈરવી પણ દરિયાઈ સફરે માર્ગ બનાવીને અરેબિયન ગલ્ફમાં પોતાના વહાણો દ્વારા વેપાર કરતી હોવાનો ઉલ્લેખ મળે છે.

**નેક નામદાર સખાવાતે બહાદુર હરકુંવર શેઠાણી**

''હઠીસિંહના દહેરા'' અને ''હઠીપરા'' અમદાવાદના રહેવાસીઓ માટે અજાણ્યો શબ્દ નથી, પણ આ નામ પાછળનો ઇતિહાસ કદાચ ઓછા લોકો જાણતા હશે અમદાવાદના ગૌરવસ્વરૂપ એવી જૈન નારીપ્રતિભાની આ વાત છે કે જેઓ આજથી લગભગ ૧૬૫ વર્ષ પહેલા સાચા સમાજસુધારક અને સ્ત્રી કેળવણીના હિમાયતી રહ્યા.

અમદાવાદની સિવિલ હોસ્પિટલ, અમદાવાદની પ્રથમ કન્યાશાળા કે ગુજરાત પ્રાંતની કોલેજ હોય આ બધાના પાયામાં એક નામ શેઠ હઠીસિંહ કેસરીસિંહનાં ત્રીજા પત્ની શેઠાણી હરકુંવર (હરકોઈબાઈનાં નામથી પણ ઓળખાતા) ઘોઘામાં ઈ.સ. ૧૮૨૦માં સામાન્ય પરિવારમાં જન્મેલા. એ સમયમાં કન્યાકેળવણીનું એટલું મહત્વ નહોતું, પણ હરકુંવર સાધ્વીજીઓના સત્સંગમાં ધાર્મિક શિક્ષણમાં પારંગત બન્યા. હરકુંવર વ્યવહારકુશળ હોવાથી માત્ર સાંસારિક બાબતો જ નહીં પણ શેઠના વ્યાપારમાં પણ રસ લેવા લાગ્યા. માણસો રાખવા, પગાર વધરવા, કયા દેશાવર ખાતે કોની નિમંણૂક કરવી, જુદા જુદા દેશાવર ખાતે જુદી જુદી જાતના માલની માગણી, માલ વેચવો કે રાખી મુકવો, ખરીદી, વેચાણ વેગેરે સર્વ બાબતોમાં શેઠાણી હરકુંવરની સલાહ લેવાવા લાગી હતી.

સં. ૧૯૦૧માં (ઈ.સ. ૧૮૪૫) શેઠ હઠીસિંહનું ટૂંકી માંદગીમાં અકાળે અવસાન થયું. એ પછી મહિનામાં એમના માતુશ્રી ગુજરી જતા તમામ જવાબદારી તેમજ સત્તા હરકુંવર શેઠાણીના હાથમાં આવી. વડીલ શોક્ય રુકિમણીબેનને તેઓ માન આપતા અને દરેક

વહેવાર તેમની સંમતિ લઈને કરતા. સંસ્કાર, ધૈર્ય, હિંમત, દીર્ઘદૃષ્ટિ, કુશાગ્રબુદ્ધિ, વ્યવહારકુશળતા વગેરે અનેક ગુણોને વરેલા હરકુંવર શેઠાણીએ ન તો માત્ર વહીવટ સંભાળ્યો પણ સામાજિક, ધાર્મિક અને કેળવણીના અનેક કાર્યો એકલા હાથે સંભાળ્યા.

હઠીસિંહનાં દહેરા જે હઠીભાઈની વાડી તરીકે પણ ઓળખાય છે તે બાવન જીનાલયનું ખાત મૂર્હત શેઠ હયાત હતા ત્યારે જ થયું હતું પરંતુ એને પૂરું કરવાનું કાર્ય શેઠાણીએ સંભાળ્યું હતું. તેઓ નકશાઓ જોતા અને ફેરફાર સૂચવતા. દરેક ઝીણામાં ઝીણી બાબતો પર શેઠાણીની નજર રહેતી. બે વર્ષની જહેમત બાદ ૧૨ લાખ રૂપિયાને ખર્ચે આ જીનાલય નિર્માણ પામ્યું સં. ૧૯૦૩ (ઈ.સ. ૧૮૪૭)ની સાલમાં મહાવદ ૧૧ના રોજ એની પ્રતિષ્ઠા ધામધુમથી કરવામાં આવી લગભગ એક લાખ ભાવિકોએ આ પ્રતિષ્ઠામાં ભાગ લીધો. દેશદેશાવરથી સ્નેહીઓ, સાધુ-સાધ્વીજીઓ, જૈન અગ્રણીઓ, વ્યાપારીઓ નિમંત્રણને માન આપીને અમદાવાદને શોભાવી રહ્યા હતા. તેમના ઉતારાની વ્યવસ્થા માટે મંદિરના પાછળના ભાગથી લઈને શાહીબાગ સુધી તંબુઓ બાંધીને એક નગર વસાવવામાં આવ્યું હતું, જેને લીધે મંદિરનો પાછળનો ભાગ આજે પણ 'હઠીપરા'ને નામે ઓળખાય છે.

આ ઉપરાંત અમદાવાદની ફતાશાની પોળમાં આવેલું હંસનાથજીનું મંદિર અને ટંકશાળની પોળમાં આવેલું ધર્મનાથનું મંદિર પણ હરકુંવર શેઠાણીએ બંધાવેલું. પતાસાની (ફતાશાની પોળ) પાસે આવેલ એક મકાનમાં ચાંદીનું દેરાસર બંધાયેલ. તેમણે સિદ્ધાચલનો સંઘ કાઢ્યો ત્યારે શત્રુંજય ચડતા હિંગળાજના હડાનું ચઢાણ કપરું લાગતા લોકોને અગવડ ન પડે એ માટે એમણે ઘણો ખર્ચ કરી પગથિયા બંધાવ્યા. સંવત ૧૯૦૫માં પાંચ તીર્થનો સંઘ કાઢી ગામોગામ થાળી સાકરનું લ્હાણું આપવામાં લગભગ ૮૫,૦૦૦ રૂપિયા તેમણે ખર્ચેલા હતા, તે સિવાય બીજા પણ એવા લ્હાણાં તેમણે કરેલા હતા. સંવત ૧૯૧૬માં મોટો સંઘ કાઢી તેઓ પાલિતાણા ગયા હતા, તે વખતે પાલીતાણાના ઠાકોર સાહેબ સુરસિંહજીના લગ્ન હોવાથી પોતે મોસાળું કરી ૮૦ મણ ઘી વાપરી ગામ જમાડ્યું હતું, તથા એક મોતીની કંઠી ઠાકોર સાહેબને ભેટ આપી હતી, જે કંઠી આજ પણ ''ફૈબાની કંઠી'' તરીકે પાલીતાણાના દફતરે નોંધાય છે.

સમેતશિખરજીનો સંઘ પણ એમને બહુ દબદબાપૂર્વક કાઢ્યો હતો. અગમચેતી વાપરી તંબુઓની, રાવટીઓની, જમવાની, આરામની વ્યવસ્થા અગાઉના મુકામે તૈયાર રખાવતા. અગાઉથી રસ્તાઓનું સમારકામ કરાવી લેવું, અધિકારીઓના સમ્મતીપત્રો લેવા, ચોકીદારો વગેરેની વ્યવસ્થા કરી મહિનાઓ સુધીની આ યાત્રા એક મહારાણીને શોભે એવા ગૌરવથી ઘોડા, પાલખી, બળદગાડાઓની હારોની હારો પ્રવાસમાં રહી હતી.

પુરુષ સમોવડી આ વીરાંગનાનું ખરું પાસુ તો એક સમાજસુધારક અને કેળવણીકાર તરીકે છતું થાય છે. ગુજરાતી ભાષા અને સાહિત્યનો ઉત્કર્ષ કરવાના હેતુથી ગુજરાત વર્નાક્યુલર સોસાયટીની સ્થાપના ઈ.સ. ૧૮૪૮માં એક વિદેશી સ્કોટીશ જજ સર અલેક્ઝાન્ડર કિન્લોક ફોર્બ્સે કરી હતી, જે પાછળથી ગુજરાત વિદ્યાસભા તરીકે ઓળખાઈ અને લોકસેવાની એની ભાવના જોઈને મહાત્મા ગાંધી એના આજીવન સભ્ય બનેલા. ફોર્બ્સ સાહેબને હરકુંવર શેઠાણી પ્રત્યે ખૂબ આદરભાવ હતો. એમના કહેવાથી કવિ દલપતરામ ઘણીવાર હરકુંવર શેઠાણીને મળવા જતા અને સમાજસુધારાની ચર્ચા કરતા. આ ઉપરાંત પ્રગતિશીલ બ્રિટીશ અમલદારો, ગોપાલ હરી દેશમુખ જેવા આગેવાનો, સત્યેન્દ્રનાથ ટાગોર (રવીન્દ્રનાથના મોટા ભાઈ), સરકારી હાઈસ્કૂલના હેડમાસ્તર ભોગીલાલ પ્રાણવલ્લભદાસ વગેરે સાથે પણ એમને કેવળવણીવિષયક ચર્ચાઓ થતી. તે વખતે વિધવા સ્ત્રીઓથી શિક્ષણ લઈ શકાતું નહીં. હરકુંવર શેઠાણીએ નાની ઉંમરથી વિધવા સ્ત્રીઓ તથા યુવતીઓને અભ્યાસ માટે પ્રેરિત કરી. આ સમયે પુરુષો તો ઠીક પણ કેટલીક સ્ત્રીઓએ પણ હોબાળો મચાવ્યો હતો, પણ હરકુંવર પોતાના ધ્યેયમાંથી ચલિત થયા નહોતા. ઈ.સ. ૧૯૫૦માં એક કન્યાશાળા સ્થાપી. તે જમાનામાં આ શાળા ''હરકોર શેઠાણીની છોડીઓની નિશાળ'' તરીકે જાણીતી હતી. તેઓ પોતાની તેમજ મગનલાલ કરમચંદે સ્થાપેલ કન્યાશાળામાં જતા, છોકરીઓની પરીક્ષા લેતા, તેમની પાસેથી ગરબીઓ સાંભળતા અને અંતે ઈનામો, પતાસા અને શિષ્યવૃત્તિઓ આપતા. આલીબહેન ખરશેદજી, મહીપતરામ રૂપરામના પત્ની પાર્વતીકુંવર તેમજ ગોપાલદાસ દેશમુખ અને સત્યેન્દ્રનાથના પત્નીઓ સાથે આ યુવાન વિધવા મલાજો જાળવીને સ્ત્રી શિક્ષણમાં પરોવાયેલા રહેતા. એ સમયમાં વિધવા સ્ત્રીઓની સ્થિતિ સમાજમાં કેવી હતી એ આપણે સૌ જાણીએ છીએ, પણ તે છતાં જમાના કરતા એક સૌ વર્ષ જેમની માનસિકતા અને વિચાર આગળ હતા એ હરકુંવર શેઠાણી દરેક સ્ત્રીઓ માટે આદર્શરૂપ છે. તે વખતના બૌદ્ધિકો અને અગ્રગણ્ય નાગરિકો સાથે ચર્ચા પરથી તેમને લાગ્યું કે જ્યાં સુધી શાળામાં શિક્ષિકાઓ નહીં હોય ત્યાં સુધી કન્યાઓ શાળામાં ભણવા નહીં જાય, તેથી તેમણે સ્ત્રી અધ્યાપન પાઠશાળાની સ્થાપના કરવાનો નિર્ણય કર્યો. ઈ.સ. ૧૮૬૪માં ''મહાલક્ષ્મી ફીમેલ

ટ્રેનીંગ કોલેજ''ની સ્થાપના થઈ. સમાજસુધારણા અને સ્ત્રી કેળવણીના ક્ષેત્રે આટલું કામ કરવાથી હરકુંવર શેઠાણીની સુવાસ છેક ઈંગ્લેન્ડ પહોંચી હતી. કુમારી મેરી કાર્પેન્ટર નામના બ્રિટીશ કેળવણીકાર અને નારીવાદી સમાજસુધારકે હરકુંવર અને પાર્વતીકુંવર જેવી સ્ત્રીઓ અને શેઠાણિઓની શાળામાં જે જોયું તેનું આલેખન ''Six Months in India'' (London, ૧૮૬૮)નાં ૨ ગ્રંથોમાં કર્યું છે.

ઈ.સ. ૧૮૬૫માં ભીષણ દુકાળ પડ્યો ત્યારે આ સેવાભાવી મહિલાએ ગરીબો માટે સસ્તા અનાજની અનેક દુકાનો ખોલી હતી. ઈ.સ. ૧૮૬૮ અને ઈ.સ. ૧૮૭૫માં અમદાવાદમાં વિનાશક પુર આવ્યા હતા ત્યારે ૭૦,૦૦૦ રૂપિયા રાહતકાર્યોમાં આપ્યા હતા. એશિયાની સૌથી મોટી ગણાતી અમદાવાદની સિવિલ હોસ્પિટલનો પાયો નાખનાર આ મહિલા જ હતા. ગરીબોને રાહતદરે કે મફતમાં જરૂરી ઈલાજ મળે એ માટે તેમણે રૂા. ૫૨,૦૦૦ અને નગરશેઠ પ્રેમાભાઈએ રૂા. ૨૨,૧૫૦નું દાન કરીને ''હઠીસિંગ અને પ્રેમાભાઈ હોસ્પિટલ'' શરૂ કરી. ઈ.સ. ૧૮૫૫માં શરૂ થયેલી ગરીબોની આ હોસ્પિટલ ''આંખોના ઔષધ અને વાઢકાપ'' માટે ઘીકાંટા ચાર રસ્તા પાસે શરૂ થઈ હતી જેમાં વિદેશી ડૉક્ટરો પણ સેવા આપતા આવતા, જેનું ઉદ્દઘાટન મુંબઈના ત્યારના ગવર્નર લોર્ડ એલ્ફિન્સ્ટને કરતા હરકુંવર શેઠાણીની મુક્તમને પ્રસંશા કરી હતી. આજે આ હોસ્પિટલ સિવિલ હોસ્પિટલને નામે ઓળખાય છે.

લગ્નપ્રસંગે થતા ખોટા જમણવારો, ખર્ચાઓ, મૃત્યુપ્રસંગે થતા રડવા કૂટવા જેવા રિવાજો પ્રત્યે તેમણે નારાજગી બતાવી હતી. મુંબઈ સરકાર અને ગાયકવાડ સરકારે તેમનું બહુમાન કર્યું હતું. જામસાહેબ તરફથી શિરપાવ, ગાયકવાડ સરકાર તરફથી પાલખી, મશાલ, છત્ર અને ''ચોબદાર''નો શિરપાવ અને ૨૦૦૦ રૂા.નું વર્ષાસન તથા નામદાર બ્રિટીશ સરકાર તરફથી ''નેક નામદાર સખાવાતે બહાદુર''નો સોનાનો ચાંદ આપવામાં આવ્યો હતો. ઈ.સ. ૧૮૭૬માં ૫૬ વર્ષની વયે તેઓ અવસાન પામ્યા.

શેઠાણી રૂક્મિણીબાઈ સાથે મિલ્કતની વહેંચણી રૂક્મિણીબાઈના ભાઈ નગરશેઠ પ્રેમાભાઈને વચ્ચે રાખીને શેઠાણી હરકુંવરે બહુ કુશળતાથી કરી. સં. ૧૯૨૦ (ઈ.સ. ૧૮૬૪) સુધી તેમણે વેપાર ચાલુ રાખ્યો હતો અને મોટા ભાગની સંપતિ તેમણે દાનમાં વાપરી હતી.

✦ ✦ ✦

સંપર્ક : ૮૧૪૧૧ ૯૯૦૬૪

# સાધ્વીજીઓનું શ્રુતજ્ઞાનમાં યોગદાન

**પ્રજ્ઞા બિપિનચંદ્ર સંઘવી**

**જૈ**ન દર્શનમાં આગમ ઉપરાંત આચાર્યો દ્વારા રચિત ગ્રંથોનું યોગદાન અમૂલ્ય છે. જ્ઞાન, દર્શન ચારિત્ર અને તપના માર્ગે આરાધના કરતાં કરતાં જીવનમાં ઉપકારક અનેક ભાવોને સરળતાપૂર્વક જગત સમક્ષ રજૂ કરતાં સ્તવનો, ઊંડા રહસ્યો સમાવી લેતા મંત્રો, અનેક અર્થો ધરાવતી કથાઓ અને તાત્ત્વિક મૂલ્ય ધરાવતા તર્કયુક્ત લખાણો યુગેયુગે આપણને પ્રાપ્ત થાય છે. સાધ્વીજીઓનું શ્રુતજ્ઞાનમાં અનેરું યોગદાન રહેલું છે. કોઈ વ્યાખ્યાતા તો કોઈ લેખિકા, કોઈ અનુવાદિકા તો કોઈ સંપાદિકા કોઈ કવિયત્રી તો કોઈ સંગ્રાહક, કોઈ પ્રશ્નોત્તરના રચયિતા તો કોઈ વિવેચિકા તેઓએ પોતાના કાર્ય કૃતિ, રચના દ્વારા શાસનની સેવા કરી છે.

**પૂ. અરુણાબાઈ મહાસતીજી** (બોટાદ સંપ્રદાય)

સૌ પ્રથમ સામાયિક પ્રતિક્રમણનું પાયાનું જ્ઞાન છે તેના સંબંધી પૂ. અરુણાબાઈ મહાસતીજીએ વિશિષ્ટ યોગદાન આપીને જૈનો ઉપર ઉપકાર કર્યો છે.

પૂજ્ય અરુણાબાઈ મ.સ.એ જિજ્ઞાસુ જનોને ઉપયોગી, પરીક્ષાર્થીઓ માટે શિક્ષાપ્રદ, શ્રાવકો માટે વસાવવા લાયક અનેક-પુસ્તકો લખ્યા છે.

તેમનો જન્મ બોટાદમાં શ્રીમાન લલ્લુભાઈ વસાણીને ત્યાં માતા ઝવેરબેનની કુક્ષિથી વૈ. સુ. ૧ના દિવસે થયો. નાનપણથી જ પુસ્તક વાંચનમાં રુચિ ધરાવતા, કાવ્યો બનાવે, નાટકો ભજવે, શિસ્તમય જીવન, અથાગ ઉત્સાહ, કાંઈક ને કાંઈક સર્જન કરવાનો પુરુષાર્થ આ બધા ગુણોને કારણે જૈનશાળામાં, મંડળમાં, મિત્રવર્ગમાં સૌના પ્રિય. તેમની તેજસ્વિતા જોઈને પૂ. નૂતનગુરુ અને પૂ. અમીગુરુ એ હીરો પારખી લીધો. 'અરુણા કરજે છકાયની કરુણા' નામના નાટકમાં જે ધાર્મિક પાત્ર ભજવ્યું તે પાત્રના અભિનયને આચાર બનાવજે એવા આશીષ તેમના મુખેથી સરી પડ્યા. ફ્લઃસ્વરૂપ વસાણી કુટુંબની કુલદીપિકા દિવ્ય પંથે પ્રયાણ કરીને શાસનદીપિકા બની ગઈ.

સમય અને શક્તિનો સદુપયોગ કરવા શાસન સેવામાં ઝંપલાવી દીધું. પુસ્તકો લખવાનું શરૂ કરી દીધું. (૧) ''આપ્યું તેને અર્પણ'' નામના ગીતપુસ્તકની રચનાથી શરૂઆત કરી. (૨) પછી ક્રમશઃ ''આગમની આંખે સાધુવંદનાની સાખે પ્રશ્નોની પાંખે'' પુસ્તક લખ્યું. **સાધુ વંદના** કે જે મહાકાવ્ય ન હોવા છતાં સાધનાથી સિદ્ધિને પ્રાપ્ત કરેલ મહાન વ્યક્તિઓના ઉજ્વલ જીવનની ઝાંખી કરાવતી

હોવાથી મહાકાવ્યનું બિરુદ પામી છે તેને આધારિત આ પુસ્તકની રચના કરી છે. (૩) ''પ્રતિક્રમણની પ્રશ્નાવલી પ્રગટાવે દિલમાં દીપાવલી'' અહીં અસીમ પરમાર્થયુક્ત અમૃત અનુષ્ઠાન રૂપ પ્રતિક્રમણ સંબંધી પ્રશ્નોત્તરનું સંકલન કર્યું છે. ૧૦૫૪ પ્રશ્નોનો અનુપમ સંગ્રહ છે. (૪) ''સામાયિક ગગને સવાલોના સિતારા'' તેમાં પણ પ્રશ્નોનો પ્રવાહ ચાલુ રાખ્યો. શ્રાવક જીવન સામાયિકની સમજણથી જ શરૂ થાય. સામાયિકનો અર્થ, તેનું સ્થાન, તેનું મહત્ત્વ, તેનો લાભ બતાવીને પછી એક પાઠપાઠનું પ્રશ્નોત્તર રૂપે સંકલન કર્યું છે. (૫) ''ભક્તિ આપે મુક્તિ'' એમાં ભક્તામર, રત્નાકરપચીશી વગેરે જે રોજ સવારની ભક્તિમાં બોલાય છે તેના પ્રશ્નોત્તરોનો સંગ્રહ છે. (૬) ''ગુરુ દીવો ગુરુ દેવતા'' નામ પરથી જ ખબર પડી જાય છે કે એમાં તેમના ગુરુ નૂતન ગુરુનું જીવન ચરિત્ર લખ્યું છે. જીવનનો પૂર્વાર્ધ છે. (૭) ''આત્માના અરુણોદયે પ્રગટે સનાથતા'' ભાગ-૧,૨,૩. તેમાં આગમ પરના પ્રવચનો, મહાભારત પર પ્રવચનો અને પર્વોના પ્રવચનોનું સંકલન કર્યું છે. (૮) 'ચોવીસ તીર્થંકરની અનાનુપૂર્વી' તેમાં બોટાદ સંપ્રદાયના પૂ. શીવલાલજી મહારાજ સાહેબે પાંસઠિયા યંત્રના એક કોઠા પરથી લોકહિતાર્થે ૨૫ કોઠાની નવીન અને અલૌક્કિ રચના કરી છે. પૂ. મ.સ.એ તેને ૨૫ છંદ, મંજુલ ચરિત્ર અને સુવાક્યોનો શણગાર આપ્યો છે. (૯) ''છકાય અને પાંત્રીશ બોલ ચાલો કરીએ સોલ યાને ગાગરમાં સાગર.'' પુસ્તકના નામ પ્રમાણે બંને થોકડાનો વિસ્તાર કર્યો છે અને પ્રશ્નોત્તર દ્વારા જૈન ધર્મની સૂક્ષ્મતા અને વિશાળતાને ઉજાગર કર્યા છે. (૧૦) ''મઝાનો ખજાનો યાને જૈન પારિભાષિકનો પરિચય.'' (૧૧) ''નૂતન સુવાસ – પન્નવણા પ્રકાશ.'' પૂર્વે પૂ. નૂતનગુરુનો પૂર્વાર્ધ આવી ગયો. અહીં એમના જીવનચરિત્રનો ઉત્તરાર્ધ છે. એની સાથે પન્નવણા સૂત્ર સંબંધી પ્રશ્નોત્તર છે. (૧૨) ''પ્રભુ તારી પાસે દિલ મારું ખોલું યાને અપરાધનો એકરાર.'' તેમની કૃતિઓમાં આ શિરમોર રચના જણાય છે. પૂ. રત્નાકરસૂરિ વિરચિત રત્નાકર પચ્ચીશીનું મૂળ સંસ્કૃત સ્તવન છે. બોટાદના શામજી માસ્તરે તેનો ગુજરાતી અનુવાદ કરીને ગુજરાતી રત્નાકર પચ્ચીશી લખી. આ અનુવાદનો ભાવાનુવાદ પૂજ્યશ્રીએ કર્યો છે. માંગલ્યના ધામમાં ચૈતન્યને પશ્ચાત્તાપની પાવનકારી ભાવયાત્રા આલેખી છે તેનાથી ભવયાત્રાની સમાપ્તિ કરી શકાય છે. 'હૈયું દ્રવે, આંસુ ઝરે', એવું આ ઉત્કૃષ્ટ સર્જન છે. એમાં એમનો સમ્યગ્ પુરુષાર્થ દેખાઈ આવે છે. મહાપુરુષોની ઉક્તિઓ, શબ્દોના ઝૂમખા, ટૂંકા ટૂંકા કથાનકો, ઉપમાઓ રૂપકો જૈન જૈનેત્તર પ્રસંગો, દૃષ્ટાંતો, આગમપદો, પરમાર્થ વાક્યો, કાવ્ય પંક્તિઓ, બોધગીતો આદિથી ભરપુર છે. તદુપરાંત વર્ણનુપ્રાસ અલંકારથી અલંકૃત છે અને શાયરીનો શણગાર છે.

આ ઉપરાંત ''ઉત્તરાધ્યયના ઉદ્યાનમાં'' ભાગ ૧-૨માં તેમના પ્રવચનો છે. પ્રભુ મહાવીરે સંસારી જીવોને અર્ધમાગધી ભાષામાં સુંદર ઉપદેશ આપ્યો છે. પૂજ્યશ્રીએ તેનું ગુજરાતી ભાષામાં મૂળ પાઠનો આધાર લઈને વિવેચન કર્યું છે. બધી ગાથાઓનો નહીં પણ ઉપમા-ઉપમેયનો સંબંધ દર્શાવતી ગાથાઓનો અનુવાદ કર્યો છે. પ્રશ્નોત્તર રૂપે સંવાદો, જ્ઞાન ચર્ચાઓ, બોધક દૃષ્ટાંતો કથાઓ અને ઉપમાઓ આપ્યા છે. વાચક વર્ગને જકડી રાખે એવી આ કૃતિ છે.

પૂ. મ.સ.એ પ્રશ્નોત્તરની શૈલી અપનાવી છે. તેથી અભ્યાસુ વર્ગને સરળતાથી સમજાય અને રસપૂર્વક અભ્યાસ કરે. પુસ્તકો નાના છે પણ એમાં જ્ઞાન ઘણું સમાવી દીધું છે. વાંચવામાં રસ જળવાઈ રહે અને સમૂહમાં ભણી શકે. આમ આ કૃતિઓ જિજ્ઞાસુ અને અભ્યાસુ વર્ગને ઘણી જ ઉપયોગી છે.

**પૂ. રમ્યરેણુ ઉર્ફે પ.પૂ. હર્ષગુણાશ્રીજી**

સંસારી જીવો પર રાજ કરનાર કર્મસત્તાનું વિશ્લેષણ કરનાર પૂ. રમ્યરેણુએ કર્મગ્રંથો પર વિવેચના લખી છે એમના પુસ્તકો મુખ્યત્વે કર્મગ્રંથનો અભ્યાસ કરતા વિદ્યાર્થીઓ તથા સાધુ સાધ્વીને અત્યંત ઉપયોગી છે. આ એમનું શ્રુતજ્ઞાનમાં વિશેષ પ્રકારનું યોગદાન છે.

સંસારમાં ઘણી વિચિત્રતા, વિષમતા જોવા મળે છે. તેનું એકમેવ કારણ છે કર્મ. ૧૪ પૂર્વમાંથી બીજું અગ્રાયણીય પૂર્વ તથા આઠમું કર્મપ્રવાહ પૂર્વ આ બંને પૂર્વમાંથી શ્રી ગર્ગષિમુનિ વગેરે વિવિધ ગ્રંથકારોએ પ્રાચીન છ કર્મગ્રંથ ઉદ્ધૃત કર્યા છે. તેમાં ઉદ્ધૃત તે જ વિષયને સરળ ભાષામાં જણાવતા અર્વાચીન પાંચ કર્મગ્રંથોની રચના સંસ્કૃતમાં તપાગચ્છીય પૂ. દેવેન્દ્રમુનિ મહારાજાએ કરી છે. આ કર્મગ્રંથની વિશેષતાઓનો ખ્યાલ તત્સંબંધી કરવામાં આવેલ વિવેચનાઓથી આવે છે. આ વિવેચનકારોમાંના એક ''રમ્યરેણુ''ના ઉપમાનથી પ્રસિદ્ધ સાધ્વીશ્રી પૂ. હર્ષ ગુણાશ્રીજી છે. તેમના જન્મદાત્રી, જીવનદાત્રી અને સંયમદાત્રી સાધ્વી શ્રી પૂ. રમ્યગુણાશ્રીજી તથા સંયમરત્નદાતા પૂજ્યપાદ શ્રી ૐકાર સૂરિશ્વરજી મહારાજા. તેમના અદ્ભૂત ધર્મપ્રેમી પરિવારના દીક્ષિત રત્નોમાં તેમના દાદા, દાદી, માતા, પિતા, બે બંધુ અને બે ભાગિનીઓ તથા અન્યોનો સમાવેશ થાય છે.

પૂ. રમ્યરેણુએ આઠેય કર્મની પ્રકૃતિઓની છણાવટ સરળ અને સુયોગ્ય દૃષ્ટાંતો દ્વારા કરી છે. કર્મજ્ઞાનમાં વિશારદ અને કર્મ પર Ph.D. કરતાંય વધુ નિપુણતા ધરાવતા આ સાધ્વીશ્રીએ અગાધ જ્ઞાનના અખૂટ ખજાના સમા કર્મગ્રંથ પર વિવેચના લખીને જૈન

સમાજ પર મહાન ઉપકાર કર્યો છે. વિવેચનમાં પારિભાષિક વિષયની વધુમાં વધુ અને સરળમાં સરળ, સ્પષ્ટ સમજણ સુબોધ ભાષા ગુજરાતીમાં આલેખી છે. ગુજરાતી ભાષામાં છએ કર્મગ્રંથ લખ્યો છે અને વિવેચના પણ લખી છે. આ પુસ્તકો જૈન સમાજમાં આદરણીય અને આવકાર પાત્ર બન્યા છે. કર્મજ્ઞાન પિપાસુઓ માટે પીયૂષ સમાન છે. તેમાં ભવરોગોનું નિદાન અને તેનો ઈલાજ બતાવ્યો છે. જીવ સંપૂર્ણ ભાવારોગ્યનો ભોક્તા બની શકે. જિજ્ઞાસુ અભ્યાસુઓની બહુમુખી પ્રતિભા વિકસીત કરવાનો અથાગ પ્રયત્ન કર્યો છે. ચારે બાજુથી આ પુસ્તકોની માંગ વધતી જાય છે.

આ ઉપરાંત તેઓએ ક્ષપકશ્રેણી અને ઉપશમશ્રેણી નામના ગ્રંથો લખ્યા છે. દ્રવ્યાનુયોગ જેવા ગહનવિષયને સરળતાથી સમજવામાં ઉપયોગી થાય એવા છે. લેખિકા પૂ. રમ્યરેણુએ આ ગ્રંથો રચવામાં પૂજ્યપાદ આચાર્યશ્રી ગુણરત્નસૂરિશ્વરજી મ.સા. રચિત સાધિક ૧૭,૦૦૦ શ્લોક પ્રમાણ 'ખવગ સેઢી' તથા ઉવસમસેઢી આદિ મૂળ પ્રાકૃત ગ્રંથોનો આધાર લીધો છે. Ref. શ્રી પૂર્વધરાચાર્ય દેવશ્રી શિવસૂરિશ્વર વિરચિત ''कर्मप्रकृति-गतउपशनाकरणम्''.

તે ઉપરાંત કેટલાંય સંસ્કૃત ભાષામાં લખાયેલ પુસ્તકોના સંપાદિકા છે જેમ કે ''पणि पीयूष पयस्विनी'', શ્રી દેવેન્દ્રસૂરિ વિરચિત 'स्वोपज्ञ टीकोपेत्ता', ''श्री दानोपदेशमाला'' ''चंद्रयश संस्कृत प्रश्नोत्तरमाला.''

આ રીતે ઉપર જણાવ્યા પ્રમાણે શ્રી રમ્યરેણુ – પૂ. હર્ષગુણાશ્રીજી સાધ્વીજીએ કર્મગ્રંથ પર વિવેચના લખીને ગુણસ્થાનની શ્રેણી વિષયક ગ્રંથો લખીને, સંસ્કૃતભાષામાં લખાયેલા પુસ્તકોનું સંપાદન કરીને તથા અન્ય કૃતિઓ રચીને શ્રુતજ્ઞાનમાં ઘણું મોટું યોગદાન આપેલ છે.

**પૂ. શારદાબાઈ મહાસતીજી**

વ્યાખ્યાતા તરીકે શ્રુતજ્ઞાનમાં પોતાનું યોગદાન આપનાર અનેક વિશેષણોથી અલંકૃત એવા પૂ. શારદાબાઈ મહાસતીનું યોગદાન અમૂલ્ય છે.

ખંભાત સંપ્રદાયના શાસનશિરોમણિ પ્રખર વ્યાખ્યાતા મહાવિદુષી બા.બ્ર.પૂ. શારદાબાઈ મ.સ. સાણંદ શહેરમાં શ્રી વાડીલાલભાઈની વાડીમાં શકરીબેનની કુક્ષિથી એક નાજુક કળીરૂપે ઉત્પન્ન થયા. ખંભાત સંપ્રદાયના પૂ. પાર્વતીબાઈ સ્વામીએ વિરતીનું વાવેતર કરી એને ખીલવી. તે પૂરેપૂરી ખીલી ગઈ ત્યારે એની મહેક ખંભાત સંપ્રદાયના મહાપ્રતાપી પૂ. રત્નચંદ્રજી ગુરુ સુધી પહોંચી ગઈ. તેઓએ એ પુષ્પને ચૂંટી લઈને ખંભાત સંપ્રદાયના પુષ્પ તરીકે અંકે કરી લીધું. આ ફૂલની ફોરમ દેશદેશાવરમાં ફેલાઈ.

પૂ. ગુરુદેવ અને ગુરુણીની શીતળ છત્રછાયામાં પ્રબળ પુરુષાર્થ કરીને ઘણું આત્મજ્ઞાન પ્રાપ્ત કર્યું. શાસ્ત્રોનું વાંચન, સંસ્કૃત પ્રાકૃત ભાષાનું જ્ઞાન તથા ધર્મતત્ત્વના શબ્દાર્થ, ભાવાર્થ, ગૂઢાર્થ ટૂંક સમયમાં જ આત્મસાત્ કરી લીધા. આ જ્ઞાનનો લાભ શ્રોતાજનોને વ્યાખ્યાનમાં ગંભીર અને પ્રભાવક શૈલીમાં આપતા. વિવિધ ન્યાયો, દૃષ્ટાંતો દ્વારા સમજાવતા. શ્રોતાગણ તેમાં તન્મય બની જતો. મહાવીર સ્વામીના જીવનના પ્રસંગો નિત્ય નવીન શૈલીમાં વર્ણવતા. તેમના પ્રવચનમાં મુખ્યત્વે કર્મબંધનથી આત્માને મુક્ત કરી મોક્ષ પ્રાપ્ત કરવાનો જે મૂળ ધ્યેય છે તેને માટે તીર્થંકર ભગવંતે જૈન ધર્મના જે મૂળ સિદ્ધાંતો ઉપદેશેલ છે તે ત્રિકાળ બાધિત અને સત્ય છે. તેમાં કોઈ ફેરફાર કરવા સમર્થ નથી. અલ્પ સમયમાં તેઓ પ્રતિભાશાળી વિદુષી તથા પ્રખર વ્યાખ્યાતા તરીકે ખ્યાતિ પામ્યા. તેમની વાણીમાંથી આત્માનો આંતરધ્વનિ આવે છે.

પૂજ્યશ્રીની વ્યાખ્યાન આપવાની શૈલી સ્વાભાવિક હોવાને કારણે શ્રોતાઓના હૃદયની આરપાર નીકળી ધાર્યું નિશાન પાડવા સમર્થ હતી.

તેમના વ્યાખ્યાન સાંભળીને કાંદાવાડીમાં એકાવન ભાઈબહેનોએ એકી સાથે બ્રહ્મચર્ય વ્રતની પ્રતિજ્ઞા લીધી.

તેઓશ્રીની અસરકારક વ્યાખ્યાન વાણીથી તેમના નામ આગળ વિશેષણો વધતાં જ ગયાં. એમણે શાસનનો ડંકો દેશવિદેશમાં વગાડી જ્ઞાનની પરમ તેજસ્વી પ્રજ્ઞા પ્રગટાવી.

તેઓશ્રીએ પોતે ગ્રંથ કે પુસ્તકો લખ્યા નથી છતાં શ્રુત જ્ઞાનમાં તેમનું વિરાટ યોગદાન છે. કેવી રીતે? તેમના વ્યાખ્યાનો છપાવવા માટે અનેકવાર વિનંતી કરી જે તેઓ સ્વીકારવા તૈયાર થતા ન હતા. આખરે સંઘનું માન રાખીને સંમત થયા ત્યારે સૌ પ્રથમ કાંદાવાડી ચાતુર્માસના વ્યાખ્યાનોનો સંગ્રહ 'શારદા સરિતા' નામે બહાર પડ્યો. અને પછી તો દરેક ચાતુર્માસના વ્યાખ્યાન સંગ્રહોની હારમાળા ચાલી. 'શારદા સુધા', 'શારદા સંજીવની', 'શારદા પરિમલ', 'શારદા સૌરભ', 'શારદા જ્યોત', 'શારદા સાગર', 'શારદા શિખર', 'શારદા દર્શન', 'શારદા રત્ન', 'શારદા શિરોમણી' સફળ સુકાની. આ બધા વ્યાખ્યાન સંગ્રહો હજાર હજાર પાનાના દળદાર ગ્રંથો જેવા છે.

**એક જેલમાં આ પુસ્તકોનું વાંચન થવા લાગ્યું. કેદીઓ આર્તધ્યાન છોડીને ધર્મધ્યાનમાં જોડાયા લાગ્યા. કર્મની ફિલોસોફી સમજતા શીખ્યા. એ જેલ ધર્મસ્થાનક જેવી બની ગઈ. ત્યાં રહેલા ભાઈઓ એ તપ ત્યાગની અને ધર્મારાધનાની મંગલ શરૂઆત કરી. ઘણા ભાઈઓ 'મીસા'માંથી મુક્ત થયા પછી પૂ.મ.સ. પાસે આવીને રડી**

**પડ્યા અને કહેવા લાગ્યા આપના વ્યાખ્યાનો જે પુસ્તકરૂપે પ્રગટ થયા છે તે વાણીએ અમારા બળતા દિલમાં શીતળ જળ છાંટ્યું છે. પછી તેઓએ ઘણાં વ્રત નિયમો ધારણ કર્યા. આમ વ્યાખ્યાનો પુસ્તકરૂપે પણ કેટલા ઉપકારી બન્યા? જીવોના જીવનમાં પરિવર્તન આણ્યું.**

આમ પ.પૂ.બા.બ્ર. શારદાબાઈ મહાસતીજીનો જૈન શાસનમાં મહામૂલું યોગદાન છે અને એમના વ્યાખ્યાન સંગ્રહના ગ્રંથો શ્રુતજ્ઞાનમાં મહત્ત્વનો ભાગ બની રહેશે.

**પૂ. લીલાવંતીબાઈ મહાસતીજી (સ્વામીબા)**

ગોપાલ સંપ્રદાયના પ્રાણરૂપ પંક્તિરત્ના શાસન દીપિકા મહાવિદુષી પૂ.બા.બ્ર. લીલાવંતીબાઈ મહાસતીજી. તેઓ એક મહાન, ઉપદેશક અને માર્ગદર્શક હતા. ભવ્યજીવોના તારક હતા. જૈન સમાજના સાધુ સાધ્વી પરત્વે સમાજ ખૂબ ઊંડો આદર ધરાવે છે તેના પાયામાં તેમની વિદ્વત્તા, તેમના ઉત્કૃષ્ટ વિચારો, તેમની પ્રેમાળ અને શાતાકારી વાણી, આહાર, વિહાર અને આચારના કડક નિયમોનું ચુસ્ત પાલન રહેલાં છે. આવા ઉત્કૃષ્ટ સાધુ સમાજના શિરમોર સમા પ.પૂ. લીલાવંતીબાઈ મ.સ.નો જૈન સમાજ પર હંમેશા અદ્વિતીય પ્રભાવ રહેલો છે.

પૂજ્યશ્રીનો જન્મ રંગૂનમાં. માતા અંદરબાઈ અને પિતા વાંકાનેરના વીરચંદભાઈ હંસરાજભાઈ શાહ. બાલ્યાવસ્થામાં જ તેમનામાં સુસંયોગ, પૂર્વભવની પુણ્યાઈ અને બુદ્ધિમત્તાનો ત્રિવેણીસંગમ હતો. નાનપણથી જ તેમના સંગમાં જે આવે એને ધર્મ પમાડવાની ધર્મભાવના હતી. પહેલેથી જ પુરુષ પરિચયથી દૂર રહેતા. બ્રહ્મચર્યનું ખમીર લલાટે ઝળકતું હતું. ૧૮ વર્ષની વયે ગુરૂણી પ.પૂ. દિવાળીબાઈ મ.સ.ના પાંચમા શિષ્યા તરીકે નવકારમંત્રના પાંચમા પદનું સ્થાન પ્રાપ્ત કર્યું અને પંચમ ગતિ પામવા અપ્રમત્તપણે સાધના આરાધનામાં જોડાઈ ગયા.

એમના ગુરુણીએ દીક્ષાના પ્રથમ દિવસે જ પ્રવચન પ્રભાવના કરવા માટે હાથમાં વ્યાખ્યાનનું પૂઠું પકડાવી દીધું, અને તે આજ્ઞાંકિત શિષ્યાએ "ગુરુની આણ એ જ ત્રાણ અને ત્યાં જ પ્રાણ" આમંત્રને દિલમાં કોતરી ગુરુણીના વધાવી લીધું. પૂ. ગુરુણીએ અઢી વર્ષના ટૂંકા સમાગમમાં પૂજ્યશ્રીને શાસ્ત્રાર્થ, રહસ્યાર્થ અને પરમાર્થ સમજાવી દીધા હતા. આગમની અગોચરતાનો અને શ્વેતાંબર તથા દિગંબર ગ્રંથોનો ગહન ભાવ સમજાવીને સુપાત્ર વ્યક્તિને જેટલું અપાય તેટલું આપી દીધું. અજબ ઘડતર કરી ચારિત્રનું ચણતર કરી સમાજના ચરણે અનેક દીપોને પ્રગટાવી શકે એવા સમર્થ દીપને પ્રગટાવી દીધો. તેઓ એક અજોડ અને અદ્ભૂત મૂર્તિ સમા હતા. સંસારના સુખો અને સંબંધો છોડીને આવેલી સુકોમળ બાળાઓની સારસંભાળ રાખવામાં સેંકડો માયાળુ માતાઓનું વાત્સલ્ય છલકાતું તેથી સૌ શિષ્યાઓ તેમને સ્વામીબા કહીને બોલાવતા.

આત્મા આત્માથી શા માટે ડરે? આ એક જ વાક્યે તેઓ નિર્ભય અને નીડર બની ગયા. તેમને સર્પદંશનો બબ્બેવાર અનુભવ થયો પરંતુ જેના હૃદયમાં કરુણાના ઝરા વહે તેને સર્પના ઝેર પણ શું કરી શકે? એમનામાં વિચાર, વાણી અને વર્તનની ઐક્યતા જોવા મળતી. એમના જીવનમાં ઘણા ઘણા પ્રેરક પ્રસંગો બન્યા છે. એમનું જીવન એ જ એમનો સંદેશ. 'વિશ્રાંતનો વડલો' નામનો સ્મૃતિગ્રંથ એમના અગણિત ગુણો દર્શાવતો ગ્રંથ છે. તેમાં એક પત્રાવલિ વિભાગ છે. એમાં તેઓ તેમનાથી દૂર રહેલી શિષ્યાઓને પત્રો દ્વારા 'જ્ઞાનદાત્રી'ના નામથી હિતશિક્ષા અને આશીર્વાદ આપતા. તેમનું ઘડતર કરતા. આત્માની અનંત શક્તિ ખીલવવાની પ્રેરણા કરતા. જે કોઇ તે વાંચશે તેને તેમના હેતાળ પ્રેમાળ હાથનો અનુભવ થશે અને આત્મશુદ્ધિ, અને આત્મલક્ષી જીવન જીવવામાં, સાધના આરાધનામાં ઉપયોગી થશે.

તેમનું વ્યાખ્યાન સાંભળીને લીંબડીના ઠાકોરસાહેબ દોલતસિંહજી બાપુ કહે આંખ બંધ કરીને સાંભળું તો લાગે કે આ તો નરને નમાવે એવી નારાયણી છે. બાલિકા નહીં પણ બહાદૂર છે બેતાજ બાદશાહ છે. આમ નાની ઉંમરમાં જ તેઓ પ્રતિભાશાળી વ્યાખ્યાતા બની ગયા. એમના પ્રવચનો છપાયા, જેથી પૂજ્યશ્રી શબ્દદેહે આપણી વચ્ચે રહીને સમ્યક્ જ્ઞાન, દર્શન, ચારિત્ર, તપ યુક્ત જીવન જીવવાનો બોધ આપતા રહે. પૂજ્યશ્રી વ્યાખ્યાનમાં ક્યાંક શાસ્ત્રના સૂત્રોથી સમજાવે તો ક્યાંક ભજનના પદોથી, ક્યારેક જોરદાર પડકાર ફેંકતી વાણી હોય તો ક્યારેક ચાબખા મારતી વાણી. ક્યારેક ઊંડા ગંભીર ચિંતનમાં ડુબાવી દે તો ક્યાંક હૈયા સોંસરવું ઉતારી દે. જીવોના ઉદ્ધારને કેન્દ્રમાં રાખીને જૈન તેમ જ જૈનેતર દૃષ્ટાંતો આપે. સંસ્કૃત-પ્રાકૃત સુભાષિતોના અવતરણો ટાંકે. અંગો ઉપાંગો અને અન્ય શાસ્ત્ર ગ્રંથોના અભ્યાસનો નિચોડ આવી જતો. જૂના સંદર્ભોને નવા સંદર્ભોમાં મૂકવાની અદ્ભૂત કળા દેખાઈ આવે. તેમના વ્યાખ્યાનો સાંભળી કઈ વ્યસનીઓના વ્યસન છૂટ્યા, કઈ ભોગીઓના ભોગ છૂટ્યા. નાસ્તિકો આસ્તિક બન્યા અને વીતરાગની વાટે વળ્યા. એમની વાણીના પ્રભાવથી અનેક લોકો સ્વેચ્છાએ વ્રત નિયમ ગ્રહણ કરતા. આવા વિદ્વત્તાપૂર્ણ અને ધર્મશિક્ષા પ્રચૂર વ્યાખ્યાનોનો સંગ્રહ કરીને પુસ્તક રૂપે છપાય તો વર્તમાન પેઢી અને ભાવિના નાગરિકો – શ્રાવક શ્રાવિકાઓ તેમાંથી પ્રેરણા મેળવી પોતાનું જીવન ધન્ય બનાવી શકે તે હેતુથી સંવત ૨૦૧૩માં અમદાવાદમાં

ચાતુર્માસ દરમિયાન આપેલા પ્રવચનોનું સંકલન કરીને ''આધ્યાત્મિક વ્યાખ્યાન સંગ્રહ'' – પ્રવચનકાર પૂ. લીલાવંતીબાઈ મહાસતીજી આ પ્રથમ પુસ્તક છપાયું. પછી તો ચાતુર્માસમાં જે અધિકાર પર પ્રવચનો આપે તે અધિકરના નામથી વ્યાખ્યાન સંગ્રહ છપાયા. માર્કંદીય પુત્રો ભાગ - ૧-૨, તેતલીપુત્ર ભાગ - ૧-૨, અનાથી નિર્ગ્રંથ, નિષધ ચરિત્ર આ બધા ગ્રંથો તદ્દુપરાંત પ્રવચન પુષ્પો, વિશ્રાંતિનો વડલો આદિ પુસ્તકો છપાયા. આજે ભલે તેઓ આપણી વચ્ચે નથી, પરંતુ શબ્દદેહે તો હાજર જ છે. સમ્યગ્ જ્ઞાન, દર્શન, ચારિત્ર તપ યુક્ત જીવન જીવવાનો બોધ આપી રહ્યા છે.

પ.પૂ. આચાર્ય-ભગવંત શ્રી ગોપાલજી મહારાજ લીંબડીમાં કાળધર્મ પામ્યા તે પહેલાં આગાહી કરી હતી ''મારું શાસન સાધ્વીથી શોભશે.'' આ શબ્દોને એમણે સાચા કરી બતાવ્યા. તેઓ જૈન શાસનના નિયમમાં બિલકુલ બાંધછોડ ન ચલાવે. સાચી પ્રરૂપણા કરવામાં જરાય અચકાતા નહીં અને કોઈની શેહશરમમાં તણાતા નહીં.

**પૂ. ઉજ્જવળકુમારી મહાસતીજી**

પરમ ઉપકારી, આચારચુસ્ત જીવનના સ્વામી શાસનચંદ્રિકા, સૌમ્યમૂર્તિ લીંબડી અજરામર સંપ્રદાયના પ.પૂ. ઉજ્વળકુમારી મહાસતીજી ધુરંધર વ્યક્તિ હતા. તેઓએ સંયમજીવનના પ્રથમ દિવસથી અંતિમ શ્વાસ સુધી સંયમની અખંડ આરાધના કરીને જન્મ, જીવન અને મૃત્યુ સફળ બનાવ્યા. તેઓએ પણ શ્રેષ્ઠ પુસ્તકોના સંગ્રાહિકા, લેખિકા, રચયિતા બનીને શ્રુતજ્ઞાનમાં મોટું યોગદાન આપેલ છે.

જગ્યાની મર્યાદાને કારણે લખવું તો ઘણું છે, પરંતુ ટૂંકાવીને લખું છું. પૂજ્યશ્રી પોતે ભક્તિરસમાં ઝૂલવા અને અન્યોને ઝુલાવતા. કાવ્યો બનાવીને મધુર મીઠા સ્વરમાં સહુને સંભળાવી એકતાર બનાવી દેતા. તેમની ગુરુ અવસ્થા હોય કે શિષ્ય અવસ્થા, જ્ઞાની અવસ્થા હોય કે ધ્યાની અવસ્થા, કવિ અવસ્થા હોય કે વ્યાખ્યાતાની અવસ્થા હરેક પળે તેઓ અદ્ભૂત અલૌકિક અવર્ણનીય હતા.

થાણા ચાતુર્માસ દરમિયાન સમ્યક્ પરાક્રમ અને સતી ચેલણા ચરિત્ર ઉપર જે પ્રવચનો આપ્યા તેમાં પૂજ્યશ્રીના મુખેથી વહેતી જિનવાણીની સરવાણીને 'જિનવાણીની ઝલક' ભાગ - ૧, ૨, ૩, ૪ રૂપે ગ્રંથાકાર આપીને શ્રી સંઘે પ્રકાશિત કરી. તે યુગયુગ સુધી જિજ્ઞાસુઓ તથા મુમુક્ષુઓને પ્રેરણા રૂપ ઉપકારક બની રહેશે. એમના સ્વરચિત સ્તવનોમાં અત્યંત લોકપ્રિય બનેલું સ્તવન વિનાશી દેહ અવિનાશી આત્મા બનવું છે મારે પ્રભુ પરમાત્મા આજે ઘર ઘરમાં ગૂંજે છે.

'ઉજ્જવળ સરિતા', પ્રાર્થના પુષ્પો, મંગલ પ્રભાત, સંસ્કાર ધન, ચૈતન્ય પીયૂષ, શ્યામ સંધ્યા ભાગ - ૧-૨, ચમકતાં રત્નો, જીવન દર્પણ, ઉજ્વળ સુરાવલિ, જિનવાણીની ઝલક, માનસમોતી આદિ શ્રેષ્ઠ પુસ્તકો રચી તેમની કાવ્યશક્તિ, પ્રવચન શક્તિ, જ્ઞાન શક્તિ, આચાર વિચાર પ્રચાર શક્તિમાં ઝળકતી તેજસ્વિતાનો પરિચય કરાવ્યો છે.

ઉજ્જવળ સંયમ સાધના દ્વારા ઉજ્જવળ શબ્દ ચરિતાર્થ કર્યો અને શાસનચંદ્રિકા પદને ઉજ્જવળ કર્યું. તેઓ આચાર્ય ભગવંત તુલ્ય હતા એમ કહેવામાં અતિશયોક્તિ નહીં લાગે.

**પૂ. વનિતાબાઈ મહાસતીજી 'વિનય'**

પૂ. વ્યાખ્યાતા, તત્ત્વવેત્તા પૂ. વનિતાબાઈ મ.સ.ના પ્રવચન સંગ્રહો મનનીય અને વિલાશી જીવનમાં પણ ટર્નિંગ પોઈન્ટ લાવી શકે તેવા બોધપ્રદ અને રસપ્રદ છે. તેમના વ્યાખ્યાન સંગ્રહો જનતામાં ખૂબ લોકપ્રિય થયા છે અને લોકોએ પોતાના ઘરમાં વસાવ્યા છે. ઝીલે વચન ખૂલે નયન, સમ્યગ્ પરાક્રમના ૭૩ બોલ, નૂતન વર્ષનું નજરાણું, કંકણનો બોધ આત્માની શોધ, કેશીગૌતમ બોધપ્રબોધ, મંઝીલ એક માર્ગ અનેક, પરમ કલ્યાણના બોલ, વિરાગથી વીરતી આદિ વ્યાખ્યાન સંગ્રહો છે.

તદ્દુપરાંત તત્ત્વજ્ઞાનની ઉષ્મા પાથરતા પ્રશ્નોત્તર રૂપે 'સચિત્ર જૈન તત્ત્વ દર્શન' ભાગ - ૧-૨, જ્ઞાનવૃદ્ધિ અને આત્મશુદ્ધિમાં ઉપયોગી ''શ્રી ભગવતી સૂત્ર પ્રશ્નોત્તરમાળા'' ભાગ - ૧-૨, નિજ આત્માની સમૃદ્ધિનું પાન કરાવતું 'આધ્યાત્મ અમૃત' આત્મસમૃદ્ધિ સર્જક, જ્ઞાનવર્ધક ૩૨ આગમોના અર્ક રૂપ 'જૈનાગમ ૧૦૦૮ પ્રશ્નોત્તરમાળા', કર્મનો અપવાદ વગરનો અટલ સિદ્ધાંત સંબંધી 'કર્મ પ્રશ્નોત્તર', 'ભાવની ભીનાશ હવે કર્મ વિનાશ', 'સમાધિની શિક્ષા', 'ભક્તામર સ્તોત્ર' અર્થ ભાવાર્થ વિશેષાર્થ સહિત આ બધી પુસ્તિકાઓ દ્વારા પૂજ્યશ્રીએ બાળકો અને યુવાનોમાં ધર્મસંસ્કાર દઢ કરાવવા પ્રયત્ન કર્યો છે.

ગોંડલ સંપ્રદાયમાં પૂ. હંસાબાઈ મ.સ., પૂ. પુષ્પાબાઈ મ.સ. જેવા અનેક સાધ્વીરત્નોએ પોતાની કૃતિઓ દ્વારા પોતાનું યોગદાન દર્શાવ્યું છે.

આ ઉપરાંત અનેક સાધ્વીરત્નોએ લેખિકા, સંપાદિકા, સંગ્રાહિકા, વ્યાખ્યાતા, રચયિતા તરીકે શ્રુતજ્ઞાનમાં મહત્ત્વનું યોગદાન આપેલ છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૯૨૧ ૧૭૭૭૮

# માનવસેવાની અખંડ સલીલા : પરમ શ્રદ્ધેય આચાર્યાશ્રી ચંદનાશ્રીજી

**સીમા રાંભિયા**

જગતના તમામ વૈભવ, સુખ, સમૃદ્ધિનો ત્યાગ કરી; પરમ સત્યની શોધમાં નીકળેલા; જગતમાં રહેલા જીવમાત્ર પ્રત્યે દયા, પ્રેમ, કરુણા અને અહિંસાનો માર્ગ અપનાવનાર ભગવાન મહાવીરનો માર્ગ સદૈવ આદરણીય જ રહ્યો છે. ભગવાન મહાવીરના કરુણાના માર્ગને સંપૂર્ણપણે જીવન અને વ્યવહારમાં અપનાવનાર, આ માર્ગે પોતાને સમર્પિત કરનારા શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયના, શ્રી અમરમુનિના શિષ્યા એવા આચાર્યા ચંદનાશ્રીજી ૨૧મી સદીના એક વિશિષ્ટ પ્રતિભા છે. એક જૈન સાધ્વી અને એમાં પણ પોતાના ક્રાંતિકારી વિચારો તથા કાર્યક્ષેત્રને કારણે તેઓ એક સુધારક તરીકે લોકહૃદયમાં માનભેર સન્માન પામ્યા છે. ભગવાન મહાવીરના ૨૬૦૦ વર્ષના સમયગાળા બાદ તેમના ગુરુએ તેમને આચાર્યાની પદવી આપી, વર્તમાન જૈન સમાજના ઇતિહાસમાં આ એક અકલ્પનીય બાબત છે. એટલું જ નહીં બલકે આ એક મોટી ક્રાંતિ જ છે. શ્વેતાંબર સ્થાનકવાસી સંપ્રદાયમાં આ પદ ધરાવનાર તેઓ એકમાત્ર સાધ્વીજી છે. ખૂબ જ સહજ અને સરળ વ્યક્તિત્વ ધરાવતા આચાર્યા ચંદનાશ્રીજી પોતાની કાર્યક્ષમતા અને કાર્યક્ષેત્રને કારણે લોક હૃદયમાં માનભેર સ્થાન પામ્યા છે.

આચાર્યા ચંદનાશ્રીજીનો જન્મ ઈ.સ..૧૯૩૭માં મહારાષ્ટ્રમાં પુણે નજીકના ચાસકમાન નામના ગામમાં આર્થિક અને આધ્યાત્મિક રીતે સંપન્ન એવા કટારિયા પરિવારમાં થયો, તેમના માતાનું નામ પ્રેમકુંવર અને પિતાનું નામ માણેકલાલ હતું. તેમનું બાળપણનું નામ શકુંતલા હતું. ઘરના ધાર્મિક અને પ્રેમસભર પરિવેશમાં તેમનો ઉછેર થવાને કારણે તેઓ બાળપણથી જ ધર્મ અને સેવાકાર્ય પ્રત્યે પ્રીતિ ધરાવતા હતા. કોઈપણ જીવને પીડામાં જોતા જ તેમનું હૈયું ભીતરથી દ્રવી ઉઠતું અને તેઓ સેવામાં પરોવાઈ જતા. જરૂરિયાતવાળી વ્યક્તિઓને મદદ કરવી તેમને ખૂબ જ ગમતું અને તેમાં તેઓ ધન્યતા અનુભવતા હતા. તેમને વાચનમાં રસ હોવાને કારણે બાળપણથી જ તેઓ પુસ્તકો વાચતા થયા હતા.

૧૫ વર્ષની વયે તેમણે દીક્ષાના પંથે પ્રયાણ કર્યું. તેમના મતે દીક્ષા એટલે આત્મસાધના દ્વારા પરમાત્માનું અનુસંધાન. જીવમાત્ર પ્રત્યે દયા અને કરુણાનો ભાવ માનવસેવા એ જ એમના મતે જીવનનો પર્યાય છે. સેવાના ઉચ્ચ ભાવને સાર્થક કરવાના હેતુથી તેમણે દીક્ષાનો માર્ગ સ્વીકાર્યો.

દીક્ષા ગ્રહણ કર્યા પછી બાર વર્ષ સુધી તેમણે વિવિધ શાસ્ત્રોનું ઉંડુ અધ્યયન કર્યું. આ બાર વર્ષ દરમિયાન તેઓ સતત મૌનમાં રહેતા હતા. શાસ્ત્રોનું અધ્યયન, શાસ્ત્રોને આજના સંદર્ભમાં જોવા, વિચારવા અને અનુસરવા પર તેઓ સતત ચિંતન અને મનન કરતા રહ્યા. તેમણે પોતાના આ વિદ્યાભ્યાસ દરમિયાન અનેક વિદ્યાપીઠોમાંથી ઉચ્ચ પદવીઓ પ્રાપ્ત કરી. જેમાં ધાર્મિક પરીક્ષા બોર્ડ દ્વારા આચાર્ય, ભારતીય વિદ્યાભવન દ્વારા દર્શનાચાર્ય, પ્રયાગ દ્વારા સાહિત્ય રત્ન, બનારસ હિંદુ યુનિવર્સિટી દ્વારા નવ્ય ન્યાય, વ્યાકરણ સાથે શાસ્ત્રીય ઉપાધિનો સમાવેશ થાય છે. તેમણે બધા જ ધર્મગ્રંથો અને વિવિધ દર્શનોનો ઉંડો, તલસ્પર્શી અને સમીક્ષાત્મક અભ્યાસ કર્યો. તેમના સાધનાકાળમાં હિમાલય, સહ્યાદ્રિ પર્વતમાળાની ગુફાઓ, એકાન્ત વનપ્રદેશ, સુરમ્ય જંગલો, સમુદ્ર તટ આદિ એમના પ્રિય સ્થાનો રહ્યા છે.

આ અધ્યયન પછી શું? શાસ્ત્રોનો ખરો અર્થ એ જ છે, જે તમારા જીવનની દશા અને દિશા બદલી નાખે. તમને જીવનની સાચી દિશા પ્રદાન કરે. શાસ્ત્રો અને ધર્મનો અભ્યાસ કર્યા પછી તમારા જીવનની દિશા બદલાવવી જોઈએ તો જ એ અભ્યાસ સાચો અને સાર્થક ગણી શકાય પરંતુ સંસારની પ્રત્યેક વ્યક્તિના જીવનમાં આ સંભવિત હોતું નથી. કોઈ વિશિષ્ટ અને વિરલ કહી શકાય એવો આત્મા જ આ જ્ઞાનને સમજી શકે છે, તેને અપનાવી અને તે માર્ગને અનુસરી શકે છે. આવી વિશિષ્ટ પ્રતિભાઓમાં ચંદનાશ્રીજી સમાવિષ્ટ પામ્યા છે.

શ્રદ્ધેય ચંદનાશ્રીજીના જીવનમાં પણ આવુ જ કંઈક બનવા પામ્યું. તેમના અધ્યયન દરમિયાનના તેમના મૌને તેમની ભીતર અનેક વિચારો અને પ્રશ્નોનું તોફાન સર્જ્યું. શાસ્ત્રોક્ત માન્યતાઓ, વર્તમાનમાં તેના પાલનના સ્થાન અને પરંપરા. આ બધુ જ એકબીજાથી તદ્દન વિપરિત દિશામાં ગતિ કરી રહ્યા હતા. આ બધામાંથી ક્યા માર્ગની પસંદગી કરવી? પરંપરા, જે વર્ષોથી ચાલી આવી રહી છે એનું અનુસરણ કરવું કે પછી ભગવાન મહાવીરે કરુણાનો જે માર્ગ દર્શાવ્યો છે, એ માર્ગે જવું? પરંપરાનું અનુસરણ કરવા માટે એમનું હૃદય તૈયાર નહોતું અને ભગવાન મહાવીરના

માર્ગે ચાલવા માટે તેમની સમક્ષ ઘણા વિઘ્નો અને ઘણી મુશ્કેલીઓ હતી.

ધર્મ અને પરંપરા અંગે તેમના મનમાં સતત મનોમંથન ચાલતું હતું. પરંપરા અને ધર્મને જોવાનો તેમનો દૃષ્ટિકોણ તદ્દન નવો અને સંતોષકારક હતો. ધર્મમાં કહેવામાં આવેલી બાબતો અંગે તેમણે ઘણા મનોમંથન કર્યાં. ધર્મમાં માત્ર પરલોક સુધારવાની જ વાતો શા માટે કેન્દ્રસ્થાને છે? સેવાકાર્યો કેમ નહીં? ધાર્મિક ક્રિયાઓ વ્યક્તિની મુક્તિ માટે કેમ? ધર્મ એકાંગી હોય એ કદી સંભવી ના શકે? સમાજમાં સાંપ્રદાયિક્તા અને જાતિયતાના આધારે મનુષ્યને કેમ જુદા પાડવામાં આવે છે? સમાજના આવા અનેક પ્રશ્નો સામે સમાધાનનો કોઈ પ્રયાસ કેમ નથી થતો? નિરક્ષરતા, અજ્ઞાન, વિષમતા સર્વત્ર વ્યાપ્ત છે ત્યારે એને જોવા છતાં તેની સામે આંખ આડા કાન કરવાનો શો અર્થ? આ બધી સમસ્યાઓનું નિરાકરણ થાય એ દિશામાં પ્રયત્નો કેમ થતા જ નથી? સાધના પરંપરાના અનુસરણ અને તેના પાલનમાં જ અટકી ગઈ છે, એમાં રચનાત્મકતાને કોઈ અવકાશ જ નથી. ભગવાન મહાવીરના વિરાટ દર્શનને લોકોએ પોતાની સંકુચિત માન્યતાઓમાં જકડીને રાખ્યું છે. પ્રેમ અને કરુણાને કોઈ બાંધી શકતા નથી. જો સેવાનો ઉપદેશ આપી શકાય તો છે જાતે સેવા કેમ ના કરી શકાય? આ બધી બાબતો વિશે બોલવું સાધુ ધર્મના વિરોધમાં હતું ત્યારે તેમણે સમાજને તેમાં ઘર કરી ગયેલી માન્યતાઓમાંથી મુક્તિ અપાવવા, સંકુચિતતામાંથી બહાર લાવવાનો નિર્ણય કર્યો. તેમના મતે ધર્મ એ કોઈ પરંપરા નહીં પણ માનવજીવનના પ્રશ્નોનું સમાધાન છે, દુઃખોની મુક્તિ માટે છે. ધાર્મિક નિયમોના કઠોર પાલનમાં કરુણાની કોમળતા કદી ભૂલાવવી ના જોઈએ. આ બધા જ મનોમંથનો અને વિચારો પરંપરાને અનુકૂળ નહીં પરંતુ વ્યવહારિક દૃષ્ટિકોણ ધરાવતા હતા, જેની સમાજને ખરેખર આવશ્યક્તા હતી. એ સમયમાં ધર્મમાર્ગ અને પરંપરાથી જુદા પડી પોતાની અલગ વિચારધારા પર ચાલવું અતિ કપરું હતું. એ તરફ ચાલવું તો શું એ વિશે વિચારવું પણ ખૂબ દૂરની વાત હતી ત્યારે આચાર્યાશ્રીજીનું આ પગલું દાદ માગી લે તેવી ક્રાંતિકારી ઘટના હતી. પરંપરાથી ઉલટા પ્રવાહમાં ગતિશીલ બનવું એ અતિ કપરું હતું. સમય પ્રમાણે પરિવર્તન આવશ્યક છે એવું શ્રી અમરમુનિ માનતા હતા. તેમણે ચંદનાશ્રીજીના વિચારોને આવકાર્યા. ભગવાન મહાવીર પ્રત્યેના આચાર્યાશ્રીજીના પ્રેમને તેઓ સારી રીતે સમજતા હતા. તેમણે ભગવાન મહાવીરના એ માર્ગનું અનુસરણ અને પરિવર્તન લાવવાની ચંદનાશ્રીજીની વાતને વધાવી લીધી.

શ્રી અમરમુનિના માર્ગદર્શન હેઠળ ચંદનાશ્રીજી એ પોતાના સેવાકાર્યનો પ્રારંભ કર્યો. ઈ.સ. ૧૯૭૩માં મહાવીરની ભૂમિ બિહારમાં 'વીરાયતન' (વીરની ભૂમિ)ના નામે સેવાસંસ્થાનું બીજારોપણ થયું. એ સમયમાં બિહારની દશા ખૂબ જ દયનીય હતી. નિરક્ષરતા સાથે ગરીબી, નેત્ર રોગો અને ઉપરથી અસામાજીક તત્ત્વોનો મોટો પ્રકોપ હતો. એ ભયંકર પરિસ્થિતિમાં બિહારમાં કાર્ય કરવું કઠીન હતું. ચંદનાશ્રીજીને પ્રારંભમાં ઘણી મુશ્કેલીઓ અને બાધાઓનો સામનો કરવો પડયો. સીમિત સાધનો અને સીમિત જનશક્તિ પરંતુ દૃઢ મનોબળ અને હૃદયમાં સતત વહેતી પ્રેમ અને કરુણાની સલિલા તથા ભગવાન મહાવીરની કૃપા દૃષ્ટિ, આ બધાના સથવારે તેમના માર્ગ સરળ બનતા ગયા. સત્યના માર્ગ પર તેઓ સદા અગ્રેસર રહ્યા છે. શિક્ષણ અને સ્વાસ્થ્ય એ એમના મૂળ ધ્યેય રહ્યા છે. નિરક્ષરતાને કારણે વ્યક્તિનો વિકાસ રુંધાય છે. શિક્ષણનો જો સાચો અને યોગ્ય પ્રચાર પ્રસાર કરવામાં આવે તો સમાજનો વિકાસ અને કલ્યાણ શક્ય બને. બિહારની ભૂમિમાં સેવાકાર્યનો પ્રારંભ કર્યા પછી તેમણે કદી પાછળ વળીને જોયું નથી. શિક્ષણ અને સેવાનો સુંદર સમન્વય એટલે 'વીરાયતન'. વીરની ધરા પર તેઓ શિક્ષણ દ્વારા વ્યક્તિમાં આંતરિક અને બાહ્ય એમ બંન્ને જ્યોત પ્રકટાવી શક્યા છે. ભગવાન મહાવીરના કરુણાના સંદેશાને તેઓ જન જન સુધી પહોંચાડી રહ્યા છે. વીરાયતનની શાખાઓ આજે માત્ર ભારત સુધી સીમિત ન રહેતા દેશ વિદેશમાં પણ સરસ રીતે વિકાસ થવા પામી છે. વીરાયતન આજે સેવાનું મોટું વટવૃક્ષ બની ચૂક્યું છે. આચાર્યાશ્રીજી આજે ૫૫ વર્ષથી સેવાના ક્ષેત્રમાં અવિરતપણે સક્રિય ભૂમિકા ભજવી રહ્યા છે.

માનવહિત અને તમામ જીવોના હિતમાં કાર્યરત એવી આ સંસ્થા વીરાયતનની પોતાની એક આગવી ઓળખ છે. આ સંસ્થાના મુખ્ય ધ્યેય અને કાર્યો વ્યસનમુક્ત સમાજ, શાકાહાર, અસામાજીક અને ગુનાહિત પ્રવૃતિઓથી મુક્ત જીવન માટેના પ્રેરણાદાયક કાર્યક્રમો સાથે અનાથ અને એકલ માતા-પિતા તથા આર્થિક રીતે વંચિત બાળકોની સહાયતા, વંચિત વિસ્તારોમાં શાળાઓ, કોલેજો અને છાત્રાલયો શરૂ કરવાના છે, જે તેઓ સુપેરે પાર પાડી રહ્યા છે.

વીરાયતન સંસ્થાના કાર્યક્ષેત્ર પર એક દૃષ્ટિપાત કરીએ.

ભગવાન મહાવીરની નિર્વાણ અને જન્મભૂમિ પાવાપુરી અને લચ્છુવાડ ખાતે શિક્ષણકાર્ય માટે શાળાઓ-કોલેજોની શરૂઆત કરવામાં આવી તથા નેત્ર જ્યોતિમ્ સેવામંદિરમ્ હોસ્પિટલમાં

૨૫૦,૦૦૦ આંખોની શસ્ત્રક્રિયાઓ અને ૮૦૦,૦૦૦ નેત્ર કેસોની તપાસણી કરવામાં આવી છે. તીર્થંકર ભગવાનોના જીવનદર્શનની અદ્‌ભૂત અને ઐતિહાસિક કહી શકાય તેવી કલાત્મક પ્રસ્તુતિ શ્રી બ્રાહ્મી કલા મંદિરમની ૬૦ લાખ લોકોએ મુલાકાત લીધી અને તેને જ્ઞાન તથા કલા જગતની મહત્વપૂર્ણ કૃતિ દ્વારા બિરદાવવામાં આવી છે. ઈ.સ. ૨૦૦૧માં વિનાશકારી ભૂકંપમાં કચ્છ ખાતે રાહત અને પુર્નઃવસનના કાર્યક્રમમાં ૧૦,૦૦૦ બાળકો માટે સ્ટોપગેપ શાળાઓમાં તત્કાળ શિક્ષણની વ્યવસ્થા કરવામાં આવી. કચ્છમાં વિવિધ સ્થળોએ ૩૬ જેટલા વ્યાવસાયિક તાલીમ કેન્દ્રો શરૂ કરાવ્યા અને તે દ્વારા ૧૨,૦૦૦થી વધુ લોકો આર્થિક રીતે પગભર બન્યા. જખણિયા ખાતે પ્રાથમિક અને માધ્યમિક શાળાઓની સ્થાપના કરી. જે ગામડાઓમાં સારા શિક્ષણની જોગવાઈ નથી, તેવા વિસ્તારોમાં વીરાયતન દ્વારા આધુનિક છાત્રાલયો બનાવવામાં આવ્યા છે. કચ્છ જિલ્લામાં પ્રથમ ફાર્મસી કોલેજ, બિઝનેસ એડમિનિસ્ટ્રેટીવ સ્નાતક અને કોમ્પ્યુટર એપ્લીકેશન કોલેજો સાથે સ્નાતકોત્તરની સ્થાપના કરવામાં આવી છે. ગ્રામિણ યુવાનોના સશક્તિકરણ માટે એન્જીનિયરીંગ, મેનેજમેન્ટ એન્ડ રિસર્ચ ઈન્સ્ટિટ્યુટની શરૂઆત આ સંસ્થાને આભારી છે. ગુજરાત રાજ્યમાં એકલા કચ્છ જિલ્લામાં ૮ વર્ષના ટૂંકા ગાળામાં ૮૦૦,૦૦૦ ચો. ફૂટથી વધુનું બાંધકામ, સ્વચ્છ અને આરોગ્યપ્રદ રસોડું અને જમવાની સુવિધા,૨૦૦૦ બેઠકો, ૫૦૦થી વધુ લોકો માટે સીધો રોજગાર તથા ૧૦,૦૦૦થી વધુ ગાયો અને અન્ય પ્રાણીઓ માટે પાણીની સુવિધા વીરાયતને ઉપલબ્ધ કરાવી. પાવાપુરીમાં ૧૪૨૫ બાળકો જ્યારે લચ્છવાડમાં ૧૦૫૦ બાળકો અભ્યાસ કરી રહ્યા છે. પાવાપુરીની બી.એડ કોલેજમાં ૬૦૦થી વધુ શિક્ષકોને તાલીમ આપવામાં આવી રહી છે. વિદ્યાભ્યાસમાં પોતાને પડેલી તકલીફો અને વિશેષઃ જૈન ધર્મને સમજાવી અને તેનો અભ્યાસ કરાવી શકે એવા વિદ્વાનોની આવશ્યક્તાને અનુલક્ષીને આચાર્યાશ્રીજીની પ્રેરણાથી ઈ.સ.. ૧૯૬૨માં ઘાટકોપર મુંબઈમાં સાધ્વીજીઓ માટે શ્રમણી વિદ્યાપીઠની શરૂઆત કરવામાં આવી. એ રીતે જૈન ધર્મના ક્ષેત્રમાં ૪૦૦થી વધુ શિક્ષિકાઓ તૈયાર કરવામાં આવ્યા છે. નવકાર અને શાકાહાર અપનાવનાર કોઈપણ વ્યક્તિ તેમની અનુયાયી બની શકે છે. તેમને તેઓ આવકારે છે. તેમણે જૈન ધર્મ સાહિત્યમાં પુસ્તકો, લેખો અને સંપાદન દ્વારા સારું એવું યોગદાન આપ્યું છે. તેઓ આગમ સાહિત્યમાં કામ કરનારા પ્રથમ સાધ્વીજી છે. તેમણે આગમગ્રંથોનું સંપાદન કર્યું છે. તેમણે જૈન શાસ્ત્રોમાં અનુવાદનું કાર્ય પણ કરેલ છે જેમાં ઉત્તરાધ્યાયન સૂત્રનો સમાવેશ થાય છે. તેમણે સુબોધ પ્રાકૃત વ્યાકરણ, જૈન તત્વ દર્શન, જીવનસૂત્ર, સમાધિ સાધન, પ્રતિક્રમણ આદિ ૫૨ કામ કર્યું છે. પોતાના અનુભવોને તેમણે 'સમય કી પરતોમેં' અને 'લિખના અતિ શેષ હૈ'માં પુસ્તક સ્વરૂપે પ્રગટ કર્યા છે.

જાહેર સેવાના ક્ષેત્રમાં રહેલા આચાર્યાશ્રીજીને વિવિધ મંડળો દ્વારા ઘણા એવોર્ડ સન્માનથી નવાજવામાં આવ્યા છે. ઈ.સ. ૧૯૮૭માં સાંગલી જનસેવા અને સંત બાલજી એવોર્ડ દ્વારા સન્માનિત કરવામાં આવ્યા છે. ઈ.સ. ૧૯૮૭માં રાષ્ટ્ર સંત શ્રી અમરમુનિજી દ્વારા ભગવાન મહાવીરના ૨૬૦૦ વર્ષ પછી પ્રથમ કોઈ સ્ત્રી રત્નને આચાર્યાની પદવી આપવામાં આવી. સત્ય, અહિંસા, શાકાહાર, ધર્મ, શિક્ષણ, સમાજસેવાના પ્રચારમાં, માનવ પ્રયત્નોમાં શ્રેષ્ઠતા માટે ૮ નવેમ્બર, ૧૯૯૫ના ઉપરાષ્ટ્રપતિ શ્રી કે. આર. નારાયણન દ્વારા મહાવીર ફાઉન્ડેશન એવોર્ડ આપી સન્માનિત કરવામાં આવ્યા, જેમાં રૂા. ૫ લાખની ધનરાશિનો સમાવેશ થાય છે. ઓગસ્ટ ૨૦૦૦માં મિલેનિયમ વર્લ્ડ પીસ સમિતિ યુનોમાં જૈન પ્રતિનિધિ મંડળનું તેમણે પ્રતિનિધિત્વ કર્યું. જેમાં અન્ય ૧૨૦૦ ધર્મગુરુઓની હાજરી હતી પરંતુ આંતરરાષ્ટ્રીય કક્ષાએ ગરીબી નાબૂદી માટેના મૂલ્યવાન વિચારો થકી એમને વિશેષ સ્થાન અપાયું. ઈ.સ. ૨૦૦૨માં વીરાયતન દ્વારા આરોગ્ય, શિક્ષણ, વસ્તી, પ્રદૂષણ, સુરક્ષા, કુદરતી આફતોના ક્ષેત્રમાં માનવજાતની સેવા માટે શ્રી અહિલ્યા દેવી રાષ્ટ્રીય એવોર્ડ શ્રીમતિ સુમિત્રા મહાજન, કેન્દ્રિય મંત્રી દ્વારા ઈન્દોર ખાતે આપવામાં આવ્યો. ઈ.સ.. ૨૦૧૩માં જનસેવા ફાઉન્ડેશન પુણે દ્વારા સમાજસેવા અને માનવતાવાદી સેવાઓ માટે તેમનું સન્માન કરવામાં આવ્યું. ઈ.સ.. ૨૦૦૪માં જેએનઆર ચેમ્બર્સ, મુંબઈ દ્વારા 'વુમન ઓફ ધ યર'નો એવોર્ડ માતૃત્વભાવ માટે તેમને આપવામાં આવ્યો. ઈ.સ.. ૨૦૦૮માં કોશી પૂર પીડિતોની સેવા માટે નગરી અભિનંદન દ્વારા તેમનું સન્માન કરવામાં આવ્યું. ઈ.સ.. ૨૦૧૨માં પરમ પૂજ્ય જયંતિમુનિજી મહારાજ દ્વારા વિશ્વ વિભૂતિ એવોર્ડ આચાર્યાશ્રીજીને આપવામાં આવ્યો. ઈ.સ. ૨૦૧૫માં જૈન સેવા સંઘ તરફથી જૈન સેવા રત્ન અને ઈ.સ. ૨૦૧૭માં પુનામાં 'સૂર્યરત્ન' ધ સેંટ ઓફ મોર્ડન ઈન્ડિયા – આધુનિક ભારતના સંત-સૂર્યદત્તા નેશનલ લાઈફ ટાઈમ એચીવમેન્ટ એવોર્ડ વડે શ્રી શેખરદત્ત, છત્તીસગઢના ગર્વનર અને જીઓઆઈના હસ્તે સન્માનિત કરવામાં આવ્યા.

આમ આચાર્યાશ્રીજીને તેમની સેવા બદલ સમાજે ખૂબ જ માન આદર સન્માન સાથે અતિ આનંદ અને ઉત્સાહ પૂર્વક બિરદાવ્યા છે.

'વીરાયતન' એ નારી સંગઠનનું પ્રતિક છે. આચાર્યાશ્રીજીના અડગ મનોબળ સાથે એમણે પ્રારંભેલા સેવાકાર્યમાં તેમના સાધ્વી સમુદાયનો અદ્વિતીય ફાળો રહેલો છે. તેમના સાધ્વી સંપ્રદાયમાં સર્વે નારીરત્નો ઉચ્ચ શિક્ષણ સાથે ધર્મ અને અધ્યાત્મમાં ઉંડી સમજ ધરાવનારી પ્રતિભાઓ છે. ૧૨ જેટલા સાધ્વીજીઓ તેમના સંપ્રદાયમાં કાર્યરત છે. એમના સાથ સહકાર વડે વીરાયતન વિકાસ પામી રહી છે. તેમના સંગઠનના નારી રત્નો વિશે સંક્ષેપમાં જોઈએ.

સાધ્વી શ્રી શિલાપીજી વીરાયતનના વિકાસમાં અગ્રેસર કહી શકાય એવી પ્રતિભા છે. એક આધુનિક, ગતિશીલ અને પ્રેરણાદાયક કહી શકાય એવું વ્યક્તિત્વ તેઓ ધરાવે છે. ઈ.સ. ૨૦૦૧માં તેઓ લંડનની કિંગ્સ કોલેજમાં પીએચ.ડી.નો અભ્યાસ કરી રહ્યા હતા ત્યારે કચ્છ ગુજરાતના ભૂકંપ વિશે સાંભળી તેઓ પોતાનો અભ્યાસ પડતો મૂકી ભૂકંપ પીડિતોની વહારે આવ્યા. કચ્છમાં પુર્નઃવસનનું કાર્ય તેમને કચ્છમાં લાવ્યુ. તેમણે કચ્છના જરૂરિયાતવાળા અને દલિતોની મદદ કરવા સમર્પિત કર્યું. કચ્છ અને નેપાળમાં વીરાયતન વિદ્યાપીઠના વિકાસ અને સંચાલનમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. કેનિયા અને યુ.કે.માં શ્રી ચંદના વિદ્યાપીઠની સ્થાપનામાં તેમની ભૂમિકા મહત્વની રહી છે. લોક જાગૃતિ માટેના તેમના પ્રયાસો યશસ્વી રહ્યા છે. ઉપાધ્યાય શ્રી યશાજીના આંતરિક અને બાહ્ય દષ્ટિકોણ અત્યંત ઉંડા અને વિશાળ છે. તેઓ વિવિધ ભાષાઓમાં ધાર્મિક પ્રવચનો અને સ્ક્રિપ્ટ લખવામાં નિષ્ણાંત છે. સાધ્વી શ્રી સાધનાજી સેવાકાર્યનો મોટો પ્રેરણાસ્ત્રોત છે. તેઓ શ્રી અમરભારતી મેગેઝીનના સંપાદક છે, જે ભારતીય તત્વદર્શન અને વિવિધ ધર્મ વિશે પ્રદાન કરે છે. સાધ્વી શ્રી ચેતનાજી ગુજરાતી પરિવારમાં જન્મેલા, આચાર્યાશ્રીજીના પ્રથમ શિષ્યા છે. તેમણે ઈ.સ. ૧૯૭૪માં વીરાયતન પહેલા અને પછી થી ૪૦ વર્ષોથી વધુ સમય સુધી આંખની હોસ્પિટલમાં સેવા આપી છે. તેમણે આચાર્યાશ્રીજીના સાહિત્યનું ગુજરાતીમાં ભાષાંતર પણ કર્યું છે. રાજગીરમાં સફળ કાર્યકાળ બાદ હાલ તેઓનું કાર્યક્ષેત્ર મુંબઈ છે. સાધ્વી શ્રી વિભાજી ધાર્મિક કાર્યોમાં પોતાની જવાબદારી સફળતાપૂર્વક નિભાવી રહ્યા છે. યુવાચાર્યા સાધ્વીશ્રી શુભમજી જૈન, વૈદિક અને બૌદ્ધ ધર્મ સાહિત્ય અને તત્વજ્ઞાનમાં નિષ્ણાંત છે. ૨૬ વર્ષ વિદેશ પ્રવાસ કરી, તેમણે જૈન ધર્મના વિકાસમાં મોટો ફાળો આપ્યો છે. સાધ્વી શ્રી શ્રુતિજી બાળકોને જ્ઞાન આપવામાં આનંદ અનુભવે છે. ડૉ. સમપ્રજ્ઞાજી દીક્ષા ઈ.સ. ૧૯૯૨થી સર્મપિત છે. પાવાપુરી કોલેજ અને નેત્ર જ્યોતિ સેવા મંદિરમના વિકાસ અને સંચાલનમાં તેઓ મુખ્ય ભૂમિકા ભજવી રહ્યા છે. તીર્થંકર મહાવીર વિદ્યામંદિરની સ્થાપનામાં તેઓ મુખ્ય રહ્યા છે. સાધ્વી રોહિણીજી પ્રાર્થના સેવાનું સંચાલન કરે છે. જેમાં આચાર્યાશ્રીજીના પ્રેરણાદાયક સિદ્ધાંતો દ્વારા સમાજના શ્રોતાઓની ભક્તિ ભાવનાને ખિલવવા માટે પ્રયાસ થાય છે. સાધ્વી શ્રી સંઘમિત્રાજી દીક્ષા પહેલા યુ.એસ. રહેતા હતા. આચાર્યાશ્રીજીના સમાજ કલ્યાણના સંદેશાને તેઓ મધુર ગીતોમાં અનુવાદિત કરી તેને લોકો સુધી પહોંચાડી રહ્યા છે અને વિઝન ગ્લોબલના કાર્યક્ષેત્રને સંભાળી રહ્યા છે. સાધ્વી શ્રી સુમેધજી ઈ.સ. ૧૯૯૯થી બિહારમાં કાર્યરત હતા. હાલ તેઓ કચ્છમાં નોંધપાત્ર સેવાઓ આપી રહ્યા છે. સાધ્વી શ્રી મનસ્વીજીએ ઈ.સ. ૨૦૧૩માં દીક્ષા ગ્રહણ કરી. તેઓ રાજકોટના ધાર્મિક પરિવારના છે, જે ઘણા વર્ષોથી વીરાયતનને સમર્પિત છે. હાલ તેઓ નેપાળ પ્રોજેક્ટ સંભાળી રહ્યા છે. આમ, આ વીરાયતન સંસ્થાના સમગ્ર સાધ્વી સંપ્રદાયના યશસ્વી પ્રદાન સાથે આચાર્યાશ્રીજી પોતાના સેવાકાર્યને સુંદર અને સહજ રીતે આગળ ધપાવી રહ્યા છે. વીરાયતનની ફોરમ આજે દેશ વિદેશમાં પ્રસરી રહી છે એની પાછળ બધાનો સહિયારો પ્રયાસ છે.

આમ, એક માતૃત્વભાવ સાથે આચાર્યાશ્રીજી પ્રેમભાવ અને સંવેદનશીલતાથી માનવજીવનની સેવા રક્ષા કરી અને હજુ કરી રહ્યા છે. 'તાઈમાઁ' અને 'માતાજી'ના ઉપનામ (તાઈમાઁ-મોટી બહેન-માતા સમાન જ હોય છે અને માતાજી – માઁનું ગૌરવાન્વિત પદ)ને તેમણે સાર્થક કર્યા છે. આજના આધુનિક સમયમાં સ્ત્રી શક્તિનું સશક્ત દષ્ટાંત એટલે પૂજ્ય આચાર્યાશ્રીજી અને 'વીરાયતન' એટલે સ્ત્રી સંગઠનનું શક્તિનું ઉત્તમ પ્રતિક, એ પણ જૈનધર્મના સાધ્વી સમુદાયનું આજે સમય પરિવર્તન સાથે ધર્મમાં પણ સાચું પરિવર્તન લાવવાનું કામ આ સંસ્થા અને સંગઠને કર્યું છે સેવા, માનવતા, કરુણાના સથવારે ત્યારે આચાર્યાશ્રીજી અને સમગ્ર પરિવારને અંતઃકરણ પૂર્વક નમન...

જય જિનેન્દ્ર...

✦ ✦ ✦

સંપર્ક : ૯૬૬૪૯ ૦૫૧૬૨

# દેવદાસી પ્રથા

વર્ષા વી. શાહ

દરેક ભારતીય ધર્મ અને સંસ્કૃતિ એક ચોક્કસ બંધારણ જેવા કે સામાજિક વ્યવસ્થા, વિધિઓ, માન્યતાઓથી બંધાયેલા છે. એવી જ એક વ્યવસ્થા છે 'દેવદાસી પ્રથા' આ પ્રથાના કારણે સંગીત, નૃત્યુ, નાટક, શિલ્પ આદિ કળા સુવિકસિત થઈ હતી. એક 'નારી' ને લઈને લિંગ-જાતિ-ભેદ આદિ વિવિધ પ્રકારના મંતવ્યો ઉભા થાય છે. પ્રસ્તુત લેખ દેવદાસીઓની પરંપરા, ઇતિહાસનું સ્વરૂપ, વતર્માન દશાનો પરિચય કરાવે છે સાથે સાથે વેશ્યાગીરીમાં પરિવર્તિત કુપ્રથા આલોચના રૂપ પણ છે.

**દેવદાસીનો વ્યુત્પત્તિત્મક અર્થ :**

'દેવદાસી' સંસ્કૃત શબ્દ છે જેનો અર્થ થાય છે ભગવાનની (શીવ, કૃષ્ણ) સેવિકા, ઉપાસિકા, દાસી.

દક્ષિણ ભારતમાં દેવદાસી અને ઉત્તર ભારતમાં મુખીઓ તરીકે ઓળખાય છે. દેવદાસી ને જોગિણી તરીકે પણ ઓળખવામાં આવે છે. તામિળમાં 'દેવર આદિગાલર'ના નામે ઓળખાય છે. 'દેવર' એટલે દેવ (divine) 'આદિગાલર' એટલે સેવક. કર્ણાટકમાં 'બાસિવી' મહારાષ્ટ્રમાં 'માતંગી', ગોવામાં ભાવિન અને કલાવાંતિન તરીકે ઓળખાય છે. ઓડિશામાં 'માહરી' તરીકે ઓળખાય છે. માહરી એટલે મહાન નારી. માહરીના કુંટુંબમાંથી આવતા ઓડિસી શાસ્ત્રીય નૃત્યના સૌથી પ્રાચીન ગુરુ પંકજ ચરણદાસ 'માહરી'ની વ્યાખ્યા 'મહા-રિપુ-એરિ અર્થાત્ પાંચ ઈન્દ્રિયો રિપુ (શત્રુ) પર વિજય મેળવનાર એમ કરે છે.

**દેવ દાસીની પરિચય :**

નાની વય તરુણાવસ્થામાં કન્યાઓને મંદિરમાં આજીવન દેવતાને સમર્પિત કરવામાં આવે છે. સમર્પણ વિધિ પોટ્ટુકટ્ટુ નામના સમારોહમાં થાય છે, જેમાં લગ્નની જેમ કેટલીક રીતો સમાન છે. આ કન્યાઓને મંદિરની સંભાળ રાખવાનું, ધાર્મિક વિધિઓ કરવાનું, પારંપારિક નૃત્યો જેવા કે ભારતનાટ્યમ્, કુચીપુડી, ઓડિસી નૃત્યો તેમજ નાટક અને સંગીત શીખવવામાં આવે છે. તેઓ સંગીત અને નૃત્યુમાં ખુબ કુશળ હોય છે. પ્રાચીન સમયમાં દેવદાસીની હાજરીને પવિત્ર માનવામાં આવતી હતી કારણ અમર ગણાતા દેવતાઓ સાથે લગ્ન કરીને દેવદાસી પોતે 'અખંડ સૌભાગ્ય' પ્રાપ્ત કરતી હતી.

કર્ણાટક, આંદ્ર, તામિલનાડુ, મહારાષ્ટ્ર જેવા પ્રાંતોમાં આ પ્રથા પ્રસિદ્ધ થઈ છે. કર્ણાટકમાં દેવદાસી પ્રથા 'યેલમ્મા' સંપ્રદાય તરીકે પ્રસિદ્ધ છે. યેલામાં નામની નીચલી જાતિની યુવતીઓએ બ્રાહ્મણની પત્ની હોવાનો ઉચ્ચ દરજ્જો પ્રાપ્ત કર્યો હતો એવી એક પૌરાણિક કથા છે.

મોટાભાગની દેવદાસીઓ શિક્ષિત અને ઉચ્ચ કુળની હતી. 'ભારત રત્ન' એમ.એસ. સુબ્બાલક્ષ્મી અને પદ્મ વિભૂષણ બાલ સરસ્વતી દેવદાસી સમુદાયની જાણીતી હસ્તીઓ છે.

**દેવદાસી પ્રથાની પારંપારિક પ્રણાલી :**

દેવદાસી પ્રથા એક અતિ પ્રાચીન પ્રણાલી છે. વેદ અને પૌરાણિક કથાઓમાં આ પ્રથા પુષ્કળ પ્રમાણમાં મળે છે મેનકા, રંભા, ઉર્વશી, થિલોથમ્મા આદિ ગણિકાઓ પ્રખ્યાત હતી. કાલિદાસના મેઘદૂતમાં ગણિકાનો ઉલ્લેખ છે. કૌટિલ્ય અર્થ શાસ્ત્રમાં ગણિકા અને વિષકન્યાનો ઉલ્લેખ છે. બૌદ્ધ સાહિત્યમાં આમ્રપાલી અને જૈન સાહિત્યમાં કોશા ગણિકાઓ પ્રખ્યાત હતી. જે આદર રાજ્યની ગણિકાને મળતો એ જ આદર દેવદાસીને પણ મળતો હતો.

ભગવતી સૂત્ર, નાયધમ્મકહા, ઉવવાઈ સૂત્ર, અનુયોગદ્વાર આદિ જૈન આગમોમાં વિકસિત થયેલ નૃત્ય, વાદ્યસંગીત, ૩૨ પ્રકારનાં નાટક, શિલ્પ આદિ કળાઓનો ઉલ્લેખ છે, જેમા ગણિકાઓ અથવા દેવદાસીઓ આવશ્યક અંગ હતી. તેઓ કળાની ઉપાસિકા હતી અને તેથી જ તેમને એક વિશેષ સામાજિક દરજ્જો આપવામાં આવ્યો હતો. ચોલા વંશના સામ્રાજ્યએ દેવદાસી પ્રણાલિને પ્રોત્સાહન આપ્યું હતું. અન્ય શાસનકાળમાં ચેલા, પંડ્યા આદિ વંશમા પણ આ પ્રથાને પુષ્ઠિ મળી હતી. ઇતિહાસકાર અને લેખક વિલિયમ દાલરીમપલ અનુસાર મધ્યયુગમાં ચોલા વંશની કુમારીઓ અને યુદ્ધમાં પકડાયેલ રાજઘરાનાની યુવતીઓ આ પ્રથાને સ્વીકાર કરતી થઈ ૧૧મી સદીનો ઇતિહાસ સૂચવે છે કે દક્ષિણ ભારતના તાંજોર મંદિરમાં ૪૦૦ દેવદાસી અને ગુજરાતના સોમેશ્વર મંદિરમાં ૫૦૦ દેવદાસીઓ કાર્યરત હતી. ૬ઠ્ઠી થી ૧૩મી સદીની વચ્ચે દેવદાસીને સમાજમાં ઉચ્ચ હોદ્દો, સમૃદ્ધિ અને પ્રતિષ્ઠા પ્રાપ્ત થયા હતા. દેવદાસી અને તેના પરિવારનું પોષણ રાજા કરતા હતા.

ઓરિસ્સા ગેઝેટમાં નવ દેવદાસીઓ અને અગિયાર મંદિરના સંગીતકારોની સુચિ છે. ૧૯૮૦માં ચાર દેવદાસીઓ હરપ્રિયા, કોકિલાપ્રભા, પારસમણિ અને શશીમણિનો ઉલ્લેખ થયો છે. ૧૯૮૮માં આમાંથી બે દેવદાસીઓ રહી હતી અને અંતિમ દેવદાસી શશીમણિનું

૯૨ વર્ષની વયે અવસાન થયું હતું.

**મુગલ અને બ્રિટિશ શાસનમાં દેવદાસીની પરિસ્થિતી :**

ઈસ્લામીક અને બ્રિટિશ શાસન હેઠળ દેવદાસીઓની આદરણીય સ્થિતિ કમજોર થવા લાગી હતી. મુગલશાસકોએ હિન્દુ મંદિરોને નાશ કરવાનું શરૂ કર્યું, તેના પરિણામે દેવદાસીઓએ પોતાનો દરજ્જો ગુમાવવો પડ્યો. મુગલકાળમાં દેવદાસીઓને પાલન-પોષણ માટે સમર્થન ન મળતાં તેઓ સાર્વજનિક સંપત્તિ બનીને રહી ગઈ.

આશ્રય ગુમાવતાં જે દેવદાસીઓ અગાઉ મંદિરના ધાર્મિક કાર્યક્રમોમાં નૃત્ય કરતી હતી તે દેવદાસીઓ લગ્ન જેવા પ્રસંગો પર તથા અન્ય 'ખાનગી' મનોરંજન માટે નાચતી થઈ ગઈ, એમ કરવાની તેમને ફરજ પડી ગઈ. પરંપરાગત રીતે બ્રહ્મચારીણી રહેતી દેવદાસીઓને સામંત વર્ગ અને પૂજારી પુરુષોના સંભોગનો શિકાર થવું પડ્યું. નૃત્ય અને વેશ્યાવૃત્તિ અવિભાજ્ય બની ગયા. શાસકો દેવદાસીઓને મંદિરને બદલે પોતાના મહેલમાં રાખતા થયા. દેવદાસીઓ માટે તવાઈફ અને મુજા શબ્દ વપરાતા હતા. જહાંગીરની હેરમમાં ૬૦૦૦ રખાત હતી.

'ભગવાન સાથે સંપર્ક દૃઢ બનશે' એમ કહી પૂજારીઓ દેવદાસીઓ સાથે શારીરિક સંબંધ બાંધતા થયા.

ધીમે ધીમે પૂજારીઓએ દેવદાસીઓ પર પોતાના હક જમાવી દીધો અને સમાજમાં પણ આ વાતની સ્વીકૃતિ મળતી ગઈ.

બ્રિટિશ સુધારાવાદીઓએ દેવદાસી પ્રથાને વેશ્યાગીરીથી અલગ પાડવાનો પ્રયાસ કર્યો હતો પરંતુ તેઓ નિષ્ફળ ગયા હતા.

**દેવદાસીઓની આધુનિક પરિસ્થિતિ :**

આધુનિક યુગમાં દેવદાસીઓની પ્રથા પરંપરાગત પ્રણાલીના સ્વરૂપ અને લક્ષથી તદન વિપરીત છે.

પશ્ચિમ દક્ષિણ ભારતમાં આ પ્રથા આજેપણ ચાલુ છે.

શા માટે આજે પણ આ પ્રથા પાંગરી રહી છે? એનું કારણ છે ધર્મ ના નામે અંધશ્રદ્ધા, નબળી આર્થિક પરિસ્થિતિ અને સામાજિક જાતિ વ્યવસ્થા. પહેલાના સમયમાં મોટાભાગની દેવદાસીઓ શિક્ષિત હતી. જાતિ-ભેદ ન હતો. દેવદાસીઓના સંતાનોને સમાજમાં સ્વીકારવામાં આવતા હતા. તેમને સંગીત અને નૃત્યમાં નિપુણ કરવામાં આવતા હતા. આજે વર્તમાન પરિસ્થિતિમાં કઠોર જાતિ વ્યવસ્થાના કારણે દલિત કોમોમાં દેવદાસી પ્રથા પ્રચલિત થઈ રહી છે. કારણકે જાતિ-ભેદની કુવ્યવસ્થામાંથી બહાર નીકળવા અને પૈસા કમાવવા 'દેવદાસી' બની જવાનો જ એક ઉપાય તેમની પાસે છે.

આજે પણ ૫ થી ૧૦ વર્ષની છોકરીઓને 'યેલમ્મા દેવી'ને સમર્પિત કરવામાં આવે છે. તરુણાવસ્થામા દેવીને સમર્પિત કરવાથી કન્યા અને એના પરિવારને દેવીના આશીર્વાદ પ્રાપ્ત થશે એવી માન્યતા લોકોમાં છે. પૂજારીઓ પણ આ પ્રથાને પુષ્ટિ આપી રહ્યા છે. કોઈ ગૃહસ્થ અસહાય બિમારી, ગરીબી, વાંઝિયાપણાની તકલીફોનો ઉપાય શોધવા પૂજારી પાસે આવે છે ત્યારે પૂજારી 'દેવીનો પ્રકોપ' કહીને ઉપાય તરીકે તેને પોતાની દીકરીને દેવીને સમર્પિત કરવાનો ઉપાય સૂચવે છે. અને આમ સ્વજનોના જ હાથે નિર્દોષ કન્યાઓ 'દેવદાસી' બને છે.

**વર્તમાન સમયમાં દેવદાસીઓની સંખ્યા :**

એન. સી. ડબલ્યુ (Indian National Commision) અનુસાર ૪૪,૦૦૦ જેટલી દેવદાસી કાર્યરત છે. કર્ણાટકમાં – ૨૨૪૯૧, આન્ધ્રમાં – ૧૬,૬૨૪, મહારાષ્ટ્રમાં – ૨૪૭૯, આ આંકડો વધીને ૨,૫૦,૦૦૦ થાય છે. કારણકે ભલે દેવદાસીઓની પ્રથા અમુક પ્રાંત સુધી સીમિત છે પણ ભારતીય મજદૂર અધિકાર અનુસાર વિવિધ પ્રાંતોમાંથી છોકરીઓને મોટા શહેરો જેવા કે મુંબઈ, બેંગલોર, પૂનાના પ્રતિબંધિત વિસ્તાર (રેડ લાઈટ એરિયા)માં લઈ જવામાં આવે છે. ઉપર બતાવેલ આંકડો દેવદાસી અને વેશ્યા બન્ને માટે છે કારણકે બન્ને ને જુદા પાડવા મુશ્કેલ છે. આવા પ્રકારની 'બાલ-તસ્કરી (ચાઈલ્ડ ટ્રાફિકીંગ) એ રાષ્ટ્રીય સમસ્યા છે.

સંયુક્ત મહિલા કાર્યક્રમ (Joint Women's Program અનુસાર ૬૩% બળજબરીથી અને ૩૮% પ્રણાલી) અનુસાર દેવદાસીપણું સ્વેચ્છાએ સ્વીકારે છે. આજે પણ ગામડાઓના અશિક્ષિત, અબુધ લોકો દેવદાસી પ્રથા પર મૂકાયેલ પ્રતિબંધથી અજ્ઞાત છે.

**કાયદાકીય વ્યવસ્થા :**

ઈ.સ. ૧૯૨૪માં ભારતીય સરકારે વેશ્યાગીરીની સાથે દેવદાસી પ્રથાને પણ સમગ્ર ભારતમાં બહિષ્કૃત કરી હતી, ત્યારબાદ ઈ.સ. ૧૯૩૪માં દેવદાસી પ્રોટેક્સન એક્ટ લાગુ થયો. વિવિધ રાજ્યો ખાસ કરીને દક્ષિણ ભારતમાં પ્રતિબંધો મૂકાયા છે.

દા.ત. ઈ.સ. ૧૯૪૭. મદ્રાસ દેવદાસી પ્રતિબંધ એક્ટ, ૧૯૮૨ – કર્ણાટક દેવદાસી પ્રતિબંધ એક્ટ, ઈ.સ. ૧૯૯૮ – આન્દ્રા દેવદાસી પ્રતિબંધ એક્ટ, ઈ.સ. ૨૦૦૫ – મહારાષ્ટ્ર દેવદાસી પ્રતિબંધ એક્ટ.

**દેવદાસી પ્રથાને નાબૂદ કરવા માટે પગલું :**

કાનૂની વ્યવસ્થા હોવા છતાં દેવદાસી પ્રથા આજે પણ ચાલુ છે. કર્ણાટકના યુવતી સીતાવવા જોડડાતી આજે પીડિતોને મદદ કરી રહ્યા છે. ઈ.સ. ૧૯૯૭માં દેવદાસી પ્રણાલિની ચુંગલમાંથી

બચવા અને ગૌરવપૂર્ણ જીવન જીવવા માટે, યુવતીઓને મદદ કરવા માટે 'મહિલા અભિવૃદ્ધિ સંરક્ષણ સંસ્થા' નામની એક બિન-સરકારી સંસ્થાની શરૂઆત કરી જેમા ૪૮૦૦ જેટલી દેવદાસીઓને મુક્તિ અપાવી હતી. આ એક મોટી વાત છે. ઈ.સ. ૨૦૧૮માં સીતવ્વા જોડડાતીને પદ્મશ્રી એવોર્ડ આપવામાં આવ્યો હતો.

**મહિલા સંશક્તિકરણની જરૂરિયાત :**

જાતિ-ભેદ, સ્ત્રી-પુરુષ અસમાનતા દૂર કરી સમાજમાં નૈતિક જાગૃત લાવવી જરૂરી છે. પછાતપણું, ગરીબી, નિરક્ષરતા, અંધ-ધાર્મિક માન્યતાઓ વગેરેને દૂર કરી સ્ત્રી તથા સમાજને નૈતિકતા, આત્મનિર્ભરતા અને આત્મ સન્માન સભર કરવાની, આત્મવિશ્વાસ આપવાની આવશ્યકતા છે. મહિલાઓને યોગ્ય શિક્ષણ આપી જાગૃત કરવાની જરૂર છે. પુરુષોના વર્ચસ્વ અને ડરથી દૂર કરવી જરૂરી છે. તેમને પોતાના ખાનગી વ્યવસાયની પસંદગી કરવાની તક આપવી આવશ્યક છે આજે દાસ-ગુલામ પણું દુનિયાભરમાંથી ગુમ થયું છે ત્યારે ભારત જેવા સાંસ્કૃતિક દેશમાં સ્ત્રીને દેવની પણ દાસી ન થતાં 'સ્ત્રી શક્તિ', 'નારી શક્તિ' અંબિકા, દુર્ગા, શારદા બનાવવાની જરૂર છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૭૫૭૧ ૨૪૨૮૨, મુંબઈ

# માતા, બહેન, પત્ની જોઈએ તો દીકરી કેમ નહિ

**પ્રીતિ નંદલાલ શાહ**

**સ**માજને તપાસવાની અનેક પારાશીશીઓ છે, એમાંની એક પારાશીશી આ પણ છે કે તે સ્ત્રીને કઈ દૃષ્ટિથી જુએ છે. સમાજમાં જ્યારે સ્ત્રી-પુરુષ સમાન બનીને જીવતાં હોય, ત્યારે જુદી દૃષ્ટિ હોય છે, અને બેમાંથી એકનું પ્રાધાન્ય સ્થપાઈ જાય છે ત્યારે સમાજની દૃષ્ટિમાં એકાંગીતા આવી જાય છે. ગાંધીજીએ 'સ્ત્રીઓ અને સ્ત્રી જીવનની સમસ્યાઓ' નામના પુસ્તકમાં લખ્યું છે : ''સ્ત્રી અને પુરુષ એક જ દરજ્જાનાં છે, એક જ નથી પણ એ અપૂર્વ જોડી છે. એકબીજાની પૂરણી છે. અને બંને અરસપરસ ટેકારૂપ છે. તે એટલે સુધી કે એકને અભાવે બીજાનો સંભવ જ નથી'' નિસર્ગે પણ બધા જ જીવોને સ્વતંત્ર ઓળખ આપી છે. છતાં ય પૃથ્વી પરના લગભગ તમામ સમાજો વત્તેઓછે અંશે પુરુષપ્રધાન રહ્યા છે, પ્રત્યેક યુગમાં 'સ્ત્રી'ના અવતાર માટે અલગ નિયમો, રૂઢિ, પરંપરા અને જીવનશૈલી જોવા મળે છે. પુરુષપ્રધાન સમાજે સ્ત્રીને અચૂક દૃષ્ટિથી જોઈ છે. પુરુષ હોય કે સ્ત્રી, બંને 'સ્ત્રી'ને અમુક જ રીતે મૂલવે છે કારણકે બંનેનો ઉછેર પ્રચલિત સામાજિક મૂલ્યોમાં થયો હોય છે. સ્ત્રીજીવનની અનેક સમસ્યાઓ એ દૃષ્ટિએ ધાર્મિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો સાથે સંબંધ ધરાવે છે. 'સ્ત્રીભ્રૂણ હત્યા'ની સમસ્યાના મૂળને શોધતાં આપણે ઇતિહાસ તરફ સૂક્ષ્મ દૃષ્ટિએ અવલોકન કરવું પડે તથા સ્ત્રીજીવનની બદલાતી અર્થછાયાઓનું સૂક્ષ્મ નિરીક્ષણ કરવું પડે.

**ઐતિહાસિક પરિપેક્ષ્યમાં સ્ત્રી :** વેદકાલીન યુગમાં આર્ષદૃષ્ટાઓએ સ્ત્રી-પુરુષ વચ્ચે કોઈ ઊંચ-નીચ ભેદભાવ જોયો નથી. એટલે જ વેદયુગમાં મંત્રદૃષ્ટાઓમાં અનેક મહિલા ઋષિ થઈ ગઈ. ગાર્ગી, મૈત્રેયી, સુલભા જેવી અનેક જ્ઞાનનિષ્ઠ, તેજસ્વી મહિલાઓ પરમહંસ બની સમાજમાં વિચરે છે, જ્ઞાનસભામાં ધર્મચર્ચા કરે છે અને ક્યારેક ધર્મચર્ચાનો ચુકાદો આપનાર સભાધ્યાક્ષાનું સ્થાન પણ શોભાવે છે. એ યુગમાં સ્ત્રીનું જીવન ઘર-પરિવાર સુધી જ સીમિત નહોતું. એ બ્રહ્મચર્ય અને સંન્યાસીની બની એકલવિહાર પણ કરી શકતી.

પરંતુ રામાયણ-મહાભારતમાં ધીરે ધીરે સ્ત્રીની ભૂમિકાને ગૌણ બનાવી દેવામાં આવી હોય તેવું સ્પષ્ટ દેખાય છે. પુરુષ મુખ્ય, સ્ત્રી ગૌણ; પુરુષ આગળ, સ્ત્રી પાછળ (અનુસરણ) સીતા, સાવિત્રી, દમયંતી, ગાંધારી, કુંતી, દ્રૌપદી જેવી નારીઓની પોતપોતાની અસ્મિતા છે, તેમ છતાંય એની ભૂમિકા પુરુષ પરત્વે ગૌણ છે.

ત્યારબાદ બુદ્ધ-મહાવીરના યુગમાં સ્ત્રી પરના અંકુશો ધીરે ધીરે વધતાં જાય છે. સ્ત્રીને એક માનવ વ્યક્તિ તરીકે ન ગણતાં તે ખરીદી શકાય, વેચી શકાય, ભેટ આપી શકાય તેવી ભોગ્ય વસ્તુ તરીકે ગણવામાં આવતી. મધ્યયુગમાં તો સ્ત્રી ઘરની ચાર દીવાલોમાં અને ઘૂંઘટ પાછળ ધકેલાઈ ગઈ. તેમ છતાંય તેનામાં પડેલું કૌવત છાનું રહેતું નથી. વિદ્રોહના સૂર રૂપે આપણને મીરાંબાઈ, જનાબાઈ, આંડાળ, આક્કા, લલ્લા, મુક્તા જેવી ભક્ત-સંત મહિલાઓ મળે છે. પરંતુ સર્વસાધારણ રીતે સ્ત્રીના વ્યક્તિત્ત્વને એના 'દેહ' અને 'ઘર-પરિવાર'માં સીમિત કરી દેવામાં આવ્યું.

આજે ૨૧મી સદીમાં સુસંસ્કૃત સમાજની માન્યતા બદલાઈ નથી. સ્ત્રી એટલે વંશવેલો વધારવાનું યંત્ર! સ્ત્રીનું મૂલ્ય – એનું દૈહિક રૂપ! સ્ત્રી એટલે ઢીંગલી. એને સજાવી શકાય, શણગારી

શકાય, એની સાથે રમી શકાય. સ્ત્રી એટલે ભોગનું સાધન. ઉપભોગની વસ્તુ માત્ર! ૧૪-૧૫મી સદીમાં દીકરીને દૂધપીતી કરી દેવાનો રિવાજ હતો. તે ઉપરાંત દેવદાસી પ્રથા, સતીપ્રથા, બાલિકાહત્યા, બાળવિવાહ – ઈત્યાદિ કુરિવાજો હતા. આજે એનું સ્વરૂપ બદલાયું છે. સોનોગ્રાફી દ્વારા ગર્ભસ્થા શિશુનું લિંગ જાણી દીકરી નહીં ઇચ્છનારાઓને – દીકરીઓના જન્મને અટકાવવાનું મોકળું મેદાન મળી ગયું છે. વૈજ્ઞાનિક વિકાસે સ્ત્રીને શારીરિક શ્રમમાંથી મુક્ત કરી, પણ સ્ત્રીના અસ્તિત્વ અને વ્યક્તિત્વ માટે ભયાનક જોખમો ઊભા કરી દીધાં છે. ગર્ભાગારમાં થતી દીકરીના ભ્રૂણની હત્યા ગર્ભદીવાલોને ઠેકીને પેલે પાર કોઈ યંત્ર પર બાળ-ગર્ભ ચીસ અંકિત નથી થતી, ઉઝરડા નથી પડતાં. જન્મતા પહેલાં જ જીવનનો અધિકાર છિનવી લેવામાં આવે તે નારીજીવનની ભયંકર અવહેલના છે, અપમાન છે. ગર્ભમાં રહેલો જીવ જાણે કે 'મારો અહીં સ્વીકાર નથી' એ માનસિકતા કરૂણાની પરાકાષ્ઠા છે. કન્યાભ્રૂણહત્યાના સંદર્ભે કેટલાક કારણોને તારવીએ તો સામાજિક, આર્થિક અને વ્યવહારિક મુદ્દાઓ તુરત નજરે ચઢે છે.

**ભ્રૂણહત્યાનો અર્થ** : ગર્ભમાં રહેલા બાળકની હત્યા કરવી એટલે ભ્રૂણહત્યા.

**કન્યાભ્રૂણહત્યા** : ગર્ભમાં પાંગરતા બીજનું લિંગ 'કન્યા' જાણી જન્મતાં પહેલાં જ તેની હત્યા કરવી તે કન્યાભ્રૂણ હત્યા.

**ભ્રૂણહત્યાના કારણો:**

**૧) સામાજિક માળખું :**

- પિતૃ સમાજવ્યવસ્થા.
- પૈતૃક સંપતિનો વારસદાર પુત્ર.
- લિંગભેદને અપાતું મહત્તા.
- પુરુષને નિર્ણય અધિકાર.
- દહેજપ્રથા.
- અંધશ્રદ્ધા.
- લગ્ન અંગે જાતિગત રૂઢિઓ.

**૨) મૂલ્યગત પરિસ્થિતિ :**

- પુત્રને જ શ્રાદ્ધ, પિંડદાન સંસ્કારની વિધિ કરવાનું લખાણ.
- કુટુંબનો વંશ ચાલવનાર પુત્ર જ.
- 'પુ' નામના નરકમાંથી તારનાર પુત્ર.
- દીકરી પારકી થાપણ.
- પુત્રજન્મના અપાતાં આશીર્વચન.

**૩) બદલાતી સામાજિક વ્યવસ્થાનો સંદર્ભ:**

- સ્ત્રી સલામતીના પ્રશ્નો.
- વ્યક્તિગત/નાના કુટુંબ વ્યવસ્થાના ધોરણો.
- મોંઘવારી-બેકારી-ગરીબીનું વધતું પ્રમાણ.
- ટેકનોલોજીનો વિકાસ.
- ડોક્ટરોની માનસિકતા.
- સહેલાઈથી મળતાં ઉપકરણો અને પ્રયુક્તિઓ.

વૈદિકકાળથી વર્તમાનકાળ સુધીના વિહંગાવલોકન તથા ઉપર્યુક્ત મુદ્દાઓ પરથી સ્ત્રીઓની બદલાતી જતી સામાજિક સ્થિતિનો ક્યાસ કાઢી શકાય છે. સ્ત્રી-પુરુષ સંસારરથનાં બે પૈડાં ખરા, પરંતુ પ્રાધાન્ય તો પુરુષને જ. સ્ત્રીનું અસ્તિત્વ એકડા વગરના મીંડા જેવું. શાસ્ત્રો ભલે કહે કેઃ 'गृहिणीम् गृहं उच्चते, न तु गृहम्' ગૃહિણી થકી જ ઘર બને છે, નહીં કે ઈંટો કે દીવાલોથી. સ્ત્રી પરિવારની અધિષ્ટાત્રી, પણ ઘરનો મોભ તો પુરુષ જ. આને કારણે સ્ત્રી પરાવલંબી, રક્ષણાકાંક્ષી અને કેવળ અનુચારિણી બની રહી. અર્થાત્ એકંદરે સ્ત્રી ભ્રૂણહત્યાના સંદર્ભમાં સામાજિક અને સાંસ્કૃતિક પરિસ્થિતિ સાથે જોડાયેલી માનસિકતાનો છે. ગર્ભજાતિના પરીક્ષણ અંગેના સુપ્રિમ કોર્ટના ચુકાદામાં એવું સ્ટેટમેન્ટ આપવામાં આવ્યું હતું કે, ''ભારતના લોકો જ્યાં સુધી માનસિકતા બદલશે નહીં ત્યાં સુધી ઘણી સામાજિક સમસ્યાઓનો ઉકેલ આપી શકાતો નથી. પુરુષની અને સમાજની સ્ત્રી પ્રત્યેની માનસિકતા અને સ્ત્રીની સ્ત્રી પ્રત્યેની માનસિકતામાં પરિવર્તન આણવું જરૂરી છે. પુત્રીને જન્મ આપીને જાણે મોટો ગુનો કર્યો હોય તેવી ભાવના માતા-પિતાને ભ્રૂણહત્યા તરફ દોરી જાય છે...'' માતાની કૂખ બાળક માટે કબર બની જાય એના જેવી કરુણતા એકે નથી.

**ગર્ભજાતિ પરીક્ષણની સૈદ્ધાંતિક સમજ** : સગર્ભા સ્ત્રીના સ્વાસ્થ્ય બાબતે વિવિધ સંશોધનો થયા તેમાં ગર્ભનું જાતિ પરીક્ષણ અંગેનું સંશોધન પણ છે. શરીરમાં રહેલા રંગસૂત્રોને આધારે બાળકનું લિંગ ઓળખી શકાય છે. જો રંગસૂત્ર XX હોય તો દીકરી અને XY હોય તો દીકરો જન્મે એમ વૈજ્ઞાનિક રીતે સિદ્ધ થયું છે. દરેક સ્ત્રીમાં XX સૂત્ર હોય છે અને દરેક પુરુષમાં XY રંગસૂત્ર હોય. જ્યારે સ્ત્રીનું X અને પુરુષનું Y રંગસૂત્ર ભળે તો દીકરો જન્મે.

આ સિવાય ગર્ભધારણથી માંડીને બાળકના જન્મ સુધીનો તબક્કાવાર અભ્યાસ કરી તેના વિકાસ તરફ, નિરોગી જન્મ તરફ, માતા-બાળકના સ્વાસ્થ્ય તરફ જાગૃત રહેવાનો પ્રયત્ન કરવામાં આવે છે. જો એમાં કાંઈ ખામી દેખાય તો એ માટેનો ઈલાજ

પહેલેથી શરૂ કરી દેવામાં આવે છે. એ અંગે વિવિધ વૈદ્યકીય રીપોર્ટ કાઢવામાં આવે છે. કોરીઓનિક વીલીબાયોપ્સી (Choriounic Villi Biopsy), સોનોગ્રાફી તથા એમ્નીઓસીન્ટેસીસ (Amniocentasis) મુખ્ય છે.

માનવ સમાજની કરૂણતા એ છે કે જે શોધો શુભ ઉદ્દેશથી કરવામાં આવી હોય તેનો ઉપયોગ સ્વાર્થમાં અંધ બનેલા લોકો અનુચિત ઇચ્છાઓ પૂર્ણ કરવામાં કરે છે. માનવસમાજની વિકૃતિઓએ આ શોધોનો દુરુપયોગ કરવામાં કોઈ કસર ન છોડી લિંગપરીક્ષણ કરી દીકરી હોય તો ગર્ભપાત કરાવનારાની સંખ્યા આઘાતજનક રીતે વધી રહી છે એ જાણી સરકારે ઘણા કાનૂન બનાવ્યા, જેમાં ગર્ભપાત કરાવનારને ૩ વર્ષ થી ૧૦ વર્ષ સુધીની કેદ તથા દંડ થઈ શકે. જે માતાપિતાને બાળકની ઇચ્છા હોય તે જ માતાપિતા બાળકની હત્યા કરાવવા તૈયાર થઈ જાય એ કેવી વિરોધાભાસી અવસ્થા છે. ધર્મ તો ભોગમાંથી જન્મતાં બીજાણુઓમાં પણ જીવની શક્યતા જુએ છે અને તેને હિંસા ગણે છે. તેથી માત્ર સંતતિ માટે જ ભોગ ભોગવવાનું કહ્યું છે! ભોગવૃત્તિ પર અંકુશ રાખવા ‘બ્રહ્મચર્યનું’ વ્રત લેવાનું કહેવાયું છે. આજના શિક્ષિત માતાપિતા શું એ જાણતાં નથી કે માતાને એ ખબર પડે કે તે ગર્ભવતી છે ત્યાં સુધીમાં તો એની કૂખમાં બાળકના મગજ-હૃદય બંને વિકસી ગયા હોય. આજે બાળકનું સુખ મેળવવા સંભોગ કરનારની સંખ્યા ઘટી રહી છે. માત્ર સંભોગના સુખની લાલસાએ બંધાતા શારીરિક સંબંધો સમાજના લોકોની ચારિત્ર વિષયક માન્યતા પર વિઘાતક અસર કરી છે. સરૂપ ધ્રુવે લખ્યું છે.

**દીકરો વહાલો, દીકરી નહીં,**
**હું પૂછું છું કેમ?**
**દીકરી દૂધપીતી થતી જાતી**
**આજે માંના પેટમાં**

જન્મ પહેલા ગૂંગળાતી... (સળગતી હવાઓમાંથી) સમસ્યા વિનાનો સમાજ શક્ય નથી, પણ માનવ દ્વારા માનવ સર્જિત સમાજમાં માનવ દ્વારા જ માનવના સર્જનને સર્જરી દ્વારા રહેંસી નખાય તે ઘટના જ શરમજનક ને અમાનવીય છે. આ અંગે કાયદાકીય વ્યવસ્થા કરવી પડે એનો અર્થ જ એ થયો કે માનવ સમાજની નૈતિક અને ધાર્મિક વિચારધારા – આચરણમાં મોટી ખોટ છે.

અહીં થોડાંક રાજ્યોની વસ્તી ગણતરી મૂકવામાં આવી છે જોતાં કેરાલા સિવાય અન્ય બધા જ રાજ્યોમાં પુત્રીજન્મનાં દરમાં ઘટાડો નોંધાયો છે. આ પ્રકારના અસંતુલિત સમાજને લીધે ઘણી સમસ્યાઓ ઉદ્ભવે છે. જેમાં,

- અપરિણિત પુરુષોની સંખ્યામાં વધારો.
- કન્યાવિક્રયનું દૂષણ
- જાતીય અપરાધમાં વધારો. (બળાત્કાર, જાતીય શોષણ, ઈ)
- AIDS જેવી બિમારીમાં વધારો.
- એકથી વધુ પુરુષ સાથે વિવાહ સંબંધ રાખવા સ્ત્રી પર દબાણ
- માનસિક વિકૃતિઓમાં વધારો.

**સ્ત્રીભ્રૂણ હત્યા નિવારણ અંગેના સૂચનો :** આ સમસ્યાના નિવારણ માટેની સૌથી અગત્યની વ્યક્તિ સ્ત્રી જ છે. સમાજ તથા કુટુંબમાં તેનો દરજ્જો ગૌણ છે, છતાંય જાતિ પરીક્ષણ અંગે તેણે પોતાનો વિરોધ નોંધવવો જ જોઈએ. સ્ત્રી શિક્ષણ વધારવું જોઈએ. દીકરી અને દીકરાનાં ઉછેરમાં ભેદભાવ ન રાખવો જોઈએ. ડૉક્ટરો એ પણ પોતાની નૈતિક જવાબદારીથી સ્ત્રીજન્મને આવકારવા જનજાગૃતિ અને સમજણ વધારવી જોઈએ.

આ અંગે સમાજનું ઘણું આશાસ્પદ ચિત્ર નજરે ચઢે છે. વિશેષરૂપમાં ભારતીય કુટુંબ વ્યવસ્થામાં સ્વતંત્રતા અને સમાનતાના નવા ધોરણો ઘડાવા લાગ્યા છે. નવી પેઢીએ પોતાનાં આગવા મૂલ્યો પ્રમાણે લગ્નજીવન અને સંતાન માટે આયોજન કરવા માંડ્યું છે. નારીની પ્રજનનશક્તિ તેની નિર્બળતા ગણાતી હતી, તે આજે માતૃત્વના વિશેષાધિકારમાં પલટાઈ ગઈ છે. માતાપિતા અને કુટુંબમાં ‘એક જ સંતાન, તંદુરસ્ત સંતાન’ની ઇચ્છા દૃઢ બનતી ગઈ છે. તેથી પ્રથમ સંતાન પુત્રી હોય તો પણ તેની આગતાસ્વાગતા, સંભાળ, ઉછેર પૂર્ણ સન્માન, સમજદારી અને સભાનતા સાથે થાય છે. ‘દીકરી એટલે ઘરનો દીવો,’ ‘દીકરી એટલે વહાલનો દરિયો’ એવા ધ્રુવ વાક્ય સાંભળવા મળે છે.

**‘દીકરી તણો જીવ છું, માટે ગૂંગળાવી દો છો મને,**
**પૈસા ખાતર, મોભા ખાતર, સમાજના જીવતા ભૂતો થકી,**
**શા માટે ડરો છો?**
**જ્યાં સમાજ આખો ગુનેગાર છે.**
**સજા શી કરશો?... મૃત્યુદંડની... કે પછી?**

– સુષમા કે. ઝેવિયર.

આ પ્રકારના કાવ્યો, સાહિત્યકૃતિઓ, બ્લોક, લેખો–ઈત્યાદિનું પ્રગટીકરણ, વિવિધ પ્રસાર માધ્યમોને (ઈન્ટરનેટ, સેલફોન) કારણે શિક્ષિતની સાથે અર્ધશિક્ષિત કે અશિક્ષિત વર્ગની સ્ત્રીઓ પણ

જાગૃત થઈ, આત્મનિર્ભર બની, શિક્ષણ તરફ વળવા લાગી, 'દીકરી તણો જીવ છું' – માટે નિરાધાર નહીં' પણ સક્ષમ બનવા પુરુષાર્થ કરવા લાગી, તેમાં સરકારની વિવિધ યોજનાઓ, કાયદાનું રક્ષણ, વિવિધ સમાજસેવા કરનારી સંસ્થાઓ, કુટુંબજનો-મિત્રો, ઈત્યાદિ સર્વ સ્ત્રીઉત્કર્ષ માટે પ્રયત્નશીલ બની. એવું નથી સમાજની 'ભ્રૂણહત્યા'ની સમસ્યાનો ઉકેલ આવી ગયો છે. પણ વૈચારિક પ્રવાહે દિશા બદલી છે તેથી સમાજનો રૂપ પણ પરિવર્તન પામ્યો છે. આજે સ્ત્રીઓએ એ શિખરો સર કર્યા છે જ્યાં પહોંચવા પુરુષે કમર કસવી પડી છે. ભારતીય સંસ્કૃતિમાં સ્ત્રીને કોમલાંગી ગણવામાં આવી છે. પણ શિક્ષણને કારણે તે દૃઢ શક્તિવાન, અપૂર્વ મેઘાવી અને અદ્ભૂત ધૈર્યધારિણી બની છે. પુરુષોનું અંધાનુકરણ કરવાને બદલે સ્ત્રીએ પોતાનો અલગ દીવડો પ્રગટાવ્યો છે. તેણે ઘરની સાથે દુનિયાને પણ પોતાના પાલવમાં સંકોરી લેવા કમર કસી છે. સ્ત્રી પુત્રી, બહેન, પત્ની અને માતા ઉપરાંત 'નાગરિક'ની ભૂમિકા પણ નિભાવે છે. નાગરિકતા એ સમાજનો પ્રાણ છે. તેને કારણે એક જવાબદાર અને પરસ્પર સહયોગી સમાજની રચના થાય છે. 'ભ્રૂણહત્યા' એ સામાજિક કલંક છે. પણ સમાજ બદલાતાં, આ કલંક પણ દૂર થશે. સ્ત્રી પોતે જ અંતરમાં આત્મવિશ્વાસ ભરી, પોતાના સમસ્ત મહિમા સાથે સામાજિક મૂલ્યોને બદલશે અને સમાજમાં સ્ત્રી ગૌરવવંતુ સ્થાન પ્રાપ્ત કરશે. ભ્રૂણહત્યાની સમસ્યાનું નિરાકરણ સ્ત્રી ચેતના અને સ્ત્રી સંવેદના એ બંનેનું સંવર્ધન થશે ત્યારે આવશે. સ્ત્રી કે પુરુષ નામની કોઈ જાતિ નહીં, પણ 'માનવ' નામના સૂરજનો ઉદય થશે.

સંપર્ક : ૯૮૬૯૫ ૧૮૭૪૭, મુંબઈ

✦ ✦ ✦

# પરિવાર અને નારી

માલતી શાહ

**આ**પણને જે આ અમૂલ્ય જીવન મળ્યું છે તે કદીય એકલા જીવી શકાતું નથી. હરીભરી પ્રકૃતિની ગોદમાં માનવજીવન વિલસે છે ત્યારે તે અનેક પ્રકારના સંબંધોમાં વિકસે છે. કોઈપણ જીવનો જન્મ થાય ત્યારે તેને ગર્ભસ્થ થવા માટે માબાપ જોઈએ, ગર્ભાશય જોઈએ, પરિવાર જોઈએ. પરિવાર સંતાનોને મા-બાપ સાથે જોડે છે. માનવને કુદરત સાથે અતૂટ નાતો છે. માનવને પશુ-પક્ષી અને અન્ય સજીવો સાથે જાણે-અજાણે ઓછો-વત્તો નાતો રહે જ છે. માનવસમાજમાં બે સમૂહોનો એકબીજા સાથેનો સંબંધ, બે રાષ્ટ્રનો સંબંધ પણ વ્યાપક સ્તર ઉપર જોવા મળે છે.

પણ આ બધા સંબંધોમાં એક માણસનો બીજા માણસ સાથેનો સંબંધ ખૂબ અગત્યના ધરાવે છે. બે મિત્રોનો સંબંધ, ભાઈ-બહેનનો સંબંધ, મા-દીકરીનો સંબંધ વગેરેમાં લાગણીના તાણાવાણા ગૂંથાયેલા છે. પણ આ બધામાં પતિ-પત્ની તરીકે પુરુષ અને સ્ત્રીનો સંબંધ વિશિષ્ટ સ્થાન ધરાવે છે. પુખ્ત ઉંમરે સ્ત્રી અને પુરુષ વચ્ચેનું આકર્ષણ કુદરતી છે અને લગ્ન દ્વારા તેને સ્થાયીરૂપ આપવામાં આવે છે.

પુરુષ અને સ્ત્રી, નર અને નારી માનવ હોવાના નાતે પ્રજનન અવયવોને છોડીને લગભગ બીજા તમામ શારીરિક અવયવોમાં સમાનતા ધરાવે છે. માનસિક બંધારણની વાત કરીએ તો પુરુષ સૂર્યની જેમ. ગરમ સ્વભાવ ધરાવે છે, જ્યારે સ્ત્રી ચંદ્રની જેમ શીતળતા ધરાવે છે. ખરેખર તો કોઈપણ વ્યક્તિમા સ્ત્રીત્વ અને પુરુષત્વના બંને ગુણો પડેલા હોય છે. પણ સ્ત્રીમાં સ્ત્રીત્વના ગુણોનું પ્રાધાન્ય હોય છે, પણ તેનામાં પુરુષત્વના થોડાંક ગુણો અવ્યક્ત સ્વરૂપમાં પડેલા હોય છે. આ જ રીતે પુરુષમાં પુરુષત્વના ગુણોનું પ્રાધાન્ય હોય છે, જ્યારે તેનામાં સ્ત્રીત્વના કેટલાંક ગુણો અવ્યક્ત સ્વરૂપે પડેલા હોય છે. આવા બંધારણના કારણે કેટલીક સ્ત્રીઓ પુરુષ કરે તેવા કામો કરે છે તો કેટલાક પુરુષો સ્ત્રીના ક્ષેત્રમાં આવતાં કાર્યો કરે છે. આ એક સ્વાભાવિક પ્રક્રિયા છે.

કુદરતમાં નજર કરીએ તો એકબીજાના વિરોધી તત્ત્વો એકબીજાંના પૂરક પણ હોય છે. દા.ત. રાત્રી અને દિવસ, સૂર્ય અને ચંદ્ર, પ્રકાશ અને અંધકાર જડ અને ચેતન વગેરે. આ જ રીતે સ્ત્રી અને પુરુષ એકબીજાંના વિરોધી ગુણો ધરાવવા છતાં એકબીજાના પૂરક પણ છે. એટલે તો સ્ત્રી અને પુરુષને સંસારરથના બે પૈડા ગણવામાં આવે છે. જીવનરૂપી નદીના આ બે કિનારા છે. એક પરિવારની રચનામાં આ બંને કિનારાની આવશ્યકતા છે. સ્ત્રી અને પુરુષ વચ્ચે જે ભેદ છે તેને કારણે તેમાંથી કોઈ ઉંચ છે, કોઈ નીચી અવસ્થાએ છે એવું નથી.

પરિવાર કે કુટુંબ સમાજનું એક અતિ આવશ્યક અંગ છે. કુટુંબ એટલે શું? માતા-પિતા અને સંતાનો કુટુંબ ગણાય છે. સંયુક્ત કુટુંબમાં માતા-પિતા, દાદા-દાદી, ભાઈ-બહેન બધાં સાથે રહે છે. આજથી ૨૫-૫૦ વર્ષો પહેલાં કેટલાંક સંયુક્ત કુટુંબો કદમાં મોટા હતા. બે-પાંચ ભાઈ-બહેન, કાકા-કાકી તેમના સંતાનો એમ દસ,

પંદર, પચીસ સભ્યો એકસાતે રહેતા અને એક રસોડે જમતા. સમય જતાં સંતાનોની સંખ્યા ઓછી થતી ગઈ અને અત્યારે ઘણાં કુટુંબોમાં એક કે બે સંતાનો જોવા મળે છે, તેમાં પણ ભણવાના કે નોકરી-ધંધાના પ્રયોજનથી સંતાનો મા-બાપ કરતાં દૂર કોઈ સ્થળે રહેતા હોય છે.

કુટુંબ મોટું હોય કે નાનું હોય, પરિવારના સભ્યો એક સાથે રહેતા હોય કે અલગ રહેતા હોય પણ પરિવારમાં નારીની એક ચોક્કસ ભૂમિકા હોય છે. 'गृहिणीं गृहं उच्यते।' અર્થાત્ 'ગૃહિણી થકી ઘર એ ઘર કહેવાય છે.' ઈંટ, પત્થર, સીમેંટથી મકાન બને છે, પણ આ મકાનમાં જ્યારે પરિવાર વસે છે ત્યારે એ ઘર બને છે. અને પરિવારમાં પણ ગૃહિણી એટલે નારી વગર ઘર અધૂરું ગણાય છે? આવું કેમ કહેવાયું? તેનું કારણ કદાચ એ છે કે નારી લાગણીપ્રધાન સ્વભાવ ધરાવે છે અને તે બધી પરિસ્થિતિમાં એકબીજાને જોડવાનું કામ પસંદ કરે છે. એક યુવાન અને યુવતી જ્યારે લગ્નસંબંધમાં બંધાય છે ત્યારે માત્ર બે વ્યક્તિઓ જ નથી જોડાતી, પણ તેની સાથે સાથે બે પરિવાર પણ જોડાય છે. બે પરિવારોને જોડવા માટે નારીની ભૂમિકા ખૂબ અગત્યની બની રહે છે. નારી શું કામ કરે છે? તો તેના માટે કહેવામાં આવે છે કે 'દહેલી દીપન્યાય'થી નારી પોતાના સાસરા પક્ષ અને પિયર પક્ષ બંને પક્ષના કુટુંબોમાં પ્રકાશ રેલાવે છે. આ 'દહેલી દીપન્યાય' શું છે? દહેલી એટલે ઉંબરો. આજે તો ઘરમાં ઉંબર ખાસ જોવા નથી મળતાં, પણ પહેલાના ઘરમાં બે રૂમો વચ્ચે ઉંબરા મૂકવામાં આવતા. આ ચાર-છ ઇંચની ઊંચાઈ ધરાવતા ઉંબરા બંને રૂમને જુદા પાડે છે. હવે જો સંધ્યાકાળે આ ઉંબર ઉપર દીવો મૂકવામાં આવે તો એક જ દીવો બંને રૂમમાં પ્રકાશ રેલાવે છે, બે રૂમ માટે બે દીવા ન કરીએ તો પણ ચાલે. એટલે ઘરની દીકરીને ભણતર અને ગણતર આપવામાં આવે તો તે સંસ્કારી બને છે. આવી સંસ્કારી દીકરી બંને પરિવારના સંબંધોને મીઠાશથી મજબૂત બનાવી શકે છે, પોતાની સંસ્કારિતા દ્વારા બંને પરિવારને અજવાળે છે. આ દૃષ્ટિએ સ્ત્રીકેળવણીનું મહત્વ સમજીને સમગ્ર સમાજનો વિકાસ ઇચ્છતા પ્રાજ્ઞ પુરુષોએ ઠેરઠેર કન્યાકેળવણીની સંસ્થાઓ ઊભી કરી.

પ્રાચીન કાળથી ભારતીય સંસ્કૃતિમાં નાની કન્યાને પણ બહેન કે માતાના સંબોધનથી નવાજવામાં આવે છે. 'कं जयंति इति कन्य:।' અર્થાત્ 'બ્રહ્મ તરફ દોરી જાય તે કન્યા' આવી વિલક્ષણ વ્યાખ્યા કન્યાની કરવામાં આવે છે, એટલું જ નહીં દક્ષિણભારતમાં 'કન્યાકુમારી' એ નામે પવિત્ર તીર્થ સ્થાપવામાં આવેલ છે. 'સ્ત્રી' શબ્દમાં 'સ્તૃ' એ મૂળ ધાતુ છે, જેનો અર્થ વિસ્તાર છે. એટલે 'સ્ત્રી'નો અર્થ થાય છે કે 'જે વિસ્તરે છે તે સ્ત્રી છે.' સ્ત્રી માટે વપરાતા 'મહિલા' શબ્દનો અર્થ એ છે કે ''જે સ્વયં મહિમાવાન છે તે મહિલા છે.'' સ્ત્રીમાં કુદરતે શક્તિઓનો અખૂટ ભંડાર ભર્યો છે. જો તેને અનુકૂળ વાતાવરણ મળે તો તેની શક્તિઓ સાચા રસ્તે વિકસે છે અને સમાજનો વિકાસ શક્ય બને છે.

દીકરી, બહેન, પત્ની, માતા આ નારીના વિવિધ રૂપો છે. દીકરી અને બહેન તરીકે તે પોતાના માતા-પિતા અને ભાઈ-ભાંડરડા સાથે લાગણીનો સંબંધ ધરાવે છે. આ જ દીકરીના લગ્ન થતાં એક ઘર છોડીને નવા ઘરમાં તે ગૃહલક્ષ્મી તરીકે પ્રવેશે છે ત્યારે તેને નવા કુટુંબમાં ગોઠવાતા થોડો સમય લાગે છે. એક સ્થાને ઉછરેલા છોડને મૂળ સાથે ઉખાડીને નવી જગ્યાએ વાવવામાં આવે ત્યારે તે છોડ પહેલાં મુરઝાઈ જાય છે, પણ પછી નીચે મૂળિયાના નવા તંતુઓ વિકસિત થતાં તે નવી જગ્યાએ પણ વિકાસ પામે છે. આ રીતે કુટુંબમાં આવેલ નવી વહુ નવા વાતાવરણમાં આવ્યા પછી જ્યારે તે ગોઠવાતી જાય છે તેમ તેની શક્તિઓ બહાર આવતી જાય છે. ધીમે ધીમે તે કુટુંબમાં માત્ર પતિ જ નહીં, પણ આબાલવૃદ્ધ સહુ પ્રત્યે લાગણીભર્યા સંબંધો વિકસાવે છે. સંતાનનો જન્મ થતાં નારીને પ્રકૃતિ તરફથી માતૃત્વનું વરદાન મળે છે અને બાળકના ઉછેરમાં માતાનો ફાળો ઘણો વધારે અને મહત્વનો છે.

પરિવારમાં નારીનાં સ્થાન અંગે કહેવાય છે કે નારી 'कार्येषु मंत्री, भोज्येषु माता, शयनेषु रंभा।' છે. અર્થાત્ કાર્ય કરવામાં મંત્રી જેવી કુશળતા ધરાવે છે, માતાની જેમ પ્રેમપૂર્વક જમાડે છે અને પતિને સાથ-સહકાર આપે છે. બાળકના જન્મ પછી તેનો ઉછેર, તેનું લાલનપાલન અને તેનું સંસ્કરણ એ તેની જનેતા એવી નારીનું કામ છે. વાત્સલ્યની ધારામાં તે સૌને તરબોળ કરે છે. વળી દરેક પરિસ્થિતિમાં તે સમજપૂર્વક અનુકૂલન સાધીને પરિવારમાં સંવાદનું વાતાવરણ ઊભું કરવામાં અગત્યનો ભાગ ભજવે છે. રસોઈ કરવામાં, સાફ-સફાઈમાં, સારા-માઠા પ્રસંગો નિભાવવામાં પણ નારીની મહત્વની ભૂમિકા છે.

ઘણી વખત એવું પણ બને છે કે પરિવારમાં લગ્ન કરીને પ્રવેશ કરનાર નારી અસમંજસને કારણે, સ્વાર્થી વલણને કારણે અથવા તો અપૂરતી સમજને કારણે પોતાના સાસરાનાં સગાંને પરાયા માનતી હોય તેમ વર્તે છે. ઘણી વખત તેના પિયરપક્ષમાંથી પણ સતત ચડવણી થતી રહે છે. અમુક વખતે તો આવનાર સ્ત્રીના

આવા વર્તનને કારણે સમગ્ર કુટુંબ છિન્નભિન્ન થઈ જાય છે. નારીમાં ઉચ્ચ શિક્ષણનું પ્રમાણ વધ્યું, તે પણ નોકરી કરીને આકર્ષક પગાર મેળવતી થઈ અને નાની-મોટી વાતમાં તેને પતિ સાથે કે સાસરા પક્ષના કુટુંબીઓ સાથે અણબનાવ પણ થઈ જાય છે. સામા પક્ષે નારીના સાસરા પક્ષના કુટુંબીઓ પણ આવનાર વહુ સાથે જુદા જુદા કારણે જોર-જુલમ કરે છે. આવા બનાવો સમાજમાં વધતા જણાય છે અને તેમાંથી પેદા થતી પરિસ્થિતિ ચિંતાજનક જણાય છે.

આવી પરિસ્થિતિમાંથી બહાર આવવા માટેના ઉપાયો વિચારવા જ પડે. સ્ત્રી અને પુરુષને બાળપણથી ભણતરની સાથે ગણતર પણ મળવું જોઈએ. જેમ વ્યક્તિત્વના વિકાસ માટે 'બુદ્ધિ આંક' (IQ) ઊંચો હોય તે ઉપયોગી નીવડે છે, તે જ રીતે અને તેનાથી કદાચ વધારે ઉપયોગી 'આવેગનો આંક' (EQ = Emotional quation) નીવડે છે. વ્યક્તિ કોઈપણ પરિસ્થિતિમાં ખોટા આવેગોમાં ફસાયા વગર તટસ્થ રહીને વર્તે તો તેનાથી બધાંને ફાયદો થાય છે. નારીના જીવનમાં એટલા વળાંકો આવે છે કે તે દરેક વખતે તે તો EQ જો વધારે હોય તો તે સ્વસ્થતાપૂર્વક રસ્તો કાઢી શકે છે. સમજણપૂર્વકની નારી પોતાને મળેલ સ્વાતંત્ર્યની ક્યારેય સ્વચ્છંદ બનતી નથી.

આશાનું કિરણ એ છે કે હવે સમજદાર કુટુંબોમાં નારી અને પુરુષ વચ્ચેના ભેદો ઓછા થતાં જાય છે. સ્ત્રી-પુરુષના કામોમાં પણ હવે ભેદરેખા પાતળી થતી જાય છે. નોકરી કરતી સ્ત્રી અનેક રીતે ઘરને આર્થિક ટેકો આપે છે. પછી તે કામ ખેતી હોય, પશુપાલન હોય, શાક-બકાલું વેચવાનું હોય, સ્કૂલ-કૉલેજમાં ભણાવવાનું હોય, વકીલ-ડૉક્ટર-એંજિનિયર તરીકેનું કામ હોય કે કોઈ મોટા હોદ્દાની જવાબદારી હોય. સ્ત્રી આ બધાં કામ સારી રીતે કરી જાણે છે અને સાથે સાથે કુટુંબની જવાબદારી પણ સારી રીતે નિભાવે છે. ઘણીવાર તો એવું બને છે કે કામ કરતી નારીને બહારની અને ઘરની એમ બેવડી જવાબદારી ઉપાડવાની આવે છે. પશ્ચિમના દેશોમાં પુરુષ ઘરના કામમાં મદદ કરે છે, જ્યારે અહીં એવું વલણ શરૂઆતમાં ઓછું જોવા મળતું, પણ હવે તો પુરુષો પણ બાળઉછેરમાં, ઘરનાં કામોમાં સહર્ષ પત્નીને સાથસહકાર આપે છે. આવા કુટુંબોમાં પરિવારનો વિકાસ થવાની શક્યતા વધી જાય છે.

પરિવાર એટલે માતા-પિતા, સંતાનો, દાદા-દાદી વગેરે એવો અર્થ કરીએ તો તે વ્યક્તિગત કુટુંબોનું સૂચન કરે છે. પણ પરિવાર અને કુટુંબની ભાવનાનો વિસ્તાર કરીએ તો 'વસુધૈવ કુટુંબકમ્' અર્થાત્ આખી વસુધા એટલે પૃથ્વી પણ એક કુટુંબ જ છે. વ્યક્તિગત કુટુંબનો પરિવાર, જ્ઞાતિનો પરિવાર, સમાજનો પરિવાર, રાજ્ય-રાષ્ટ્ર અને વિશ્વનો પરિવાર આમ પરિવારની નાની સંકલ્પના હોય કે મોટી ક્ષિતિજો હોય, પણ તે દરેક કક્ષાએ પરિવારનો વિકાસ તો જ થાય, જો પરસ્પર પ્રેમભાવ વધે. અને આ પ્રેમભાવના વિકાસમાં, પરિવારમાં આનંદ અને ભક્તિનું મહત્વનું સ્થાન છે. નાનાં નાનાં કુટુંબોનો વિકાસ થાય તો આપોઆપ સમાજનો વિકાસ થાય છે. 'Cherity begins at home.' એટલે સારી બાબતની શરૂઆત ઘરથી જ થાય છે.

સમજુ નારી સમાજમાં પ્રાપ્ત પોતાની દીકરી, બહેન, પત્ની, માતા વગેરે અલગ અલગ ભૂમિકાઓમાં સર્વોત્તમ સત્ય પ્રગટ કરવા સતત પ્રયત્નશીલ રહી છે. નારીએ સમાજને 'પરિવાર' નામની ઉત્તમ સંસ્થાની ભેટ આપી છે. નારીનું પ્રેમતત્ત્વ જો પ્રગટ ન થયું હોત તો આ પૃથ્વી ઉપર 'ઘર' કે 'પરિવાર' નામના ઘટકનું અવતરણ શક્ય બન્યું ન હોત!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૪૮ ૯૪૬૬૯, ભાવનગર

# જૈન ધર્મમા નારીનું યોગદાન

**રીટા શાહ**

**ન**ર અને નારી બન્ને પ્રકૃતિની શ્રેષ્ઠ રચનાઓ છે. વિશ્વમાં યુગોથી બન્ને સમાન રૂપથી પોતાનું દાયિત્વ નિભાવતા આવ્યા છે, બન્નેનું મહત્વ સરખું છે, કેમ કે બન્નેમાંથી એક જ હોય તો પ્રકૃતિનું સંતુલન બગડી જાય.

પ્રાચીન કાળથી જ આર્ય સંસ્કૃતિમાં નારીનું ગરિમામય સ્થાન રહ્યું છે.

''યત્ર નાર્યેસ્તુ પુજ્યતે રમન્તે તત્ર દેવતા'' – જ્યાં નારીનું પૂજા અને સન્માન હોય છે ત્યાં દેવતા નિવાસ કરે છે.

એમ કહેવાય છે કે જેનામાં પૃથ્વીની સમાન સહનશીલતા, આકાશ સરીખુ ચિંતન અને સાગરથી પણ વધુ આત્મસાત કરવાની ક્ષમતા હોય એ નારી છે.

માં ના રૂપમા વાત્સલ્યની મૂર્તિ, બહેનના રૂપમા સ્નેહનું ઝરણું, પુત્રીના રૂપમા પ્રેમનો પ્રવાહ અને પત્નીના રૂપમા એક મિત્ર હોય છે નારી.

નારી ના વિવિધ નામોના પર્યાય જોવામાં આવે તો...

નારી = ન + અરિ – જેના કોઈ શત્રુ નથી.

ગૃહિણી – ગૃહની સંચાલિકા.

આર્યા – (આર્ય) ઉત્તમ પુરુષો દ્વારા સન્માનિત

ગાંધીજીએ તેમની 'હરિજન' પત્રિકામાં નારીની પરિભાષા કરતા કહ્યું છે – નારી એટલે અહિંસાની સાકાર મૂર્તિ.

Woman is incarnation of Ahimsha.

**જૈન ધર્મ અને નારી –** જૈન ધર્મમાં નારીને જે સ્થાન આપવામાં આવ્યું છે, તે કદાચ અન્ય કોઈ ધર્મમાં આપવામાં આવ્યું નથી.

જૈન ધર્મનું સર્વોચ્ચ પદ 'તીર્થંકર' છે. અને તે સર્વોચ્ચ પદ પર ૧૯મા તીર્થંકર શ્રી મલ્લિનાથ પણ એક નારી જ હતા. જૈન ઇતિહાસમાં મોક્ષનો દરવાજો ખોલનાર તરીકે પણ 'મરૂદેવી' માતાનો સર્વોત્કૃષ્ટ ગૌરવવંતુ સ્થાન મળ્યું છે.

'માતૃત્વ' રૂપમા તો નારી જગતપૂજ્ય છે. તીર્થંકરો, ગણધરો, ચક્રવર્તી અને મહાપુરુષોને જન્મ આપનાર સ્ત્રીઓ દેવો અને તીર્થંકરો દ્વારા પણ પૂજનીય હોય છે. શાસ્ત્રમાં આવેલ વર્ણન અનુસાર ભગવાન મહાવીરે ગર્ભકાળમા મા ને કષ્ટ ન થાય એમ વિચારી પોતાનું હલનચલન બંધ કરી દીધું હતું.

કૃષ્ણ મહારાજા સવારે ઊઠી સહુથી પહેલા ઉઘાડા પગે મા દેવકીના દર્શને એમના આવાસમાં જતા.

જૈન ધર્મમા પ્રાતઃકાળે તીર્થંકરોના નામની સાથે ૧૬ સતીના નામ પણ સ્મરણ કરવામાં આવે છે.

જૈન શાસ્ત્રમા કન્યાને સચેત મંગલ કહેવામાં આવી છે – જે અમંગલને ટાળે છે.

ભલે એમ કહેવામાં આવે કે આ યુગમા નારી જાગરણનો નાદ 'રાજા રામમોહન રાયે' કર્યો છે પણ ખરેખર તો ૨૫૦૦ વરસ પહેલા પ્રભુ મહાવીરે ધર્મ ક્ષેત્રે પણ નારીને પુરુષના બરોબરનું સ્થાન આપી એની મહત્તા સિદ્ધ કરી છે.

એક યુગ એવો હતો જ્યારે નારીને દાસીના રૂપમા બજારમાં વેંચવામાં આવતી, નારીને માત્ર ભોગની વસ્તુ ગણવામાં આવતી. એ સમયે પ્રભુ મહાવીરે ચતુર્વિધ સંઘમાં સાધ્વી અને શ્રાવિકાના રૂપમા સ્ત્રીને પણ પુરુષ સરખું જ સ્થાન આપ્યું. મહાવીર નારી જાગરણના અગ્રદૂત હતા, એ યુગમા નારી પર થતા અત્યાચારનો વિરોધ કરી, કોઈની પણ પરવા કર્યા વિના, દાસી રૂપે વેંચાયેલ ચંદમાને સ્વયં દીક્ષિત કરી અને ૩૬૦૦ વિશાળ સાધ્વી સમુદાયના પ્રમુખ તરીકે પદ આપ્યું, તેને પૂજનીય અને આદરણીય બનાવી.

જૈન ધર્મ એમ માને છે કે સ્ત્રી અને પુરુષ બન્નેમાં આત્મતત્વ સરખા જ છે. એટલે બન્નેને મોક્ષમાર્ગના અધિકારી કહ્યા છે. જૈન ઇતિહાસમા જોઈએ તો સાધુ તથા શ્રાવકોની અપેક્ષાએ સાધ્વી તથા શ્રાવિકાની સંખ્યા હમેશા અધિક રહેલી છે.

જૈન ધર્મ માને છે કે ગુણવાન નારી સૃષ્ટિમા અગ્રિમ પદને ધારણ કરી શકે છે : માટે જ પ્રાચીનકાળમાં જ્યારે હિંદુ પરંપરામા એવું માનવામાં આવતું કે પુત્ર વિના મુક્તિ નથી, પુત્ર જ પું નામના તરફથી ઉગારે છે ત્યારે આગમ શાસ્ત્રોમાં મલ્લિકુમારી, દ્રૌપદી આદિના જન્મોત્સવનું વર્ણન જોવા મળે છે.

મહાનિશીથ સૂત્રમાં કહ્યું છે કે ગુણવાન સ્ત્રી – સર્વકલ્યાણકારી, સરસ્વતી, અચ્યુતા, પરમ પવિત્ર રિદ્ધિ છે.

જૈન ધર્મમાં તીર્થંકરોની અધિષ્ઠાયક દેવી તરીકે અંબિકા, ચક્રેશ્વરી, પદ્માવતી આદિ દેવીઓને પૂજનીય માને છે અને તેમના ઉપર અનેક સ્તોત્રની પણ રચના થઈ છે.

જૈન શાસ્ત્રોમાં ગતિ-અગતિનું વર્ણન આવે છે. એના ઉપર વિચાર કરવામાં આવે તો, એમ કહેવામાં આવ્યું છે કે નારી ક્યારેય અધમતાની અંતિમ સીમાએ જઈ શકતી નથી.

સ્ત્રી કેવળજ્ઞાની બની શકે પણ પરમાધામી ક્યારેય ન બને.

સ્ત્રી મોક્ષે જઈ શકે પણ છઠ્ઠી નરકથી નીચે ન જઈ શકે.

**જૈન ધર્મ અને નારી સ્વતંત્રતા –** જૈન ધર્મમાં નારીના સ્વતંત્ર અસ્તિત્વનો સ્વીકાર કરવામાં આવ્યો છે. જૈન ઇતિહાસ એ બતાવે છે કે સ્ત્રીઓ પોતાના વિવાહ સંબંધી નિર્ણય લેવામાં સ્વતંત્ર હતી. શાસ્ત્રોમાં દ્રૌપદી અને મલ્લિકુંવરીના સ્વયંવરનું વર્ણન આવે છે.

'જ્ઞાતાધર્મકથા'મા વર્ણન આવે છે કે પિતા દ્રુપદ, પુત્રી દ્રૌપદીને કહે છે કે ''હું તારી માટે વર ગોતું તો તારા સુખ દુઃખનું કારણ બને, માટે તું જ તારો વર પસંદ કરી લે.''

સ્ત્રીની ઇચ્છા પર એ નિર્ભર હતું કે તેને વિવાહ કરવો છે નહીં, જો તેને દીક્ષિત થવું હોય તો દીક્ષિત થવાનો પણ અધિકાર હતો. જૈન ઇતિહાસમાં ચંદનબાળા, બ્રાહ્મી, સુંદરી આદિ અનેક સ્ત્રીઓનો ઉલ્લેખ છે જેમણે આજીવન બ્રહ્મચર્યનું પાલન કર્યું હતું, અને દીક્ષિત થઈ આત્મકલ્યાણ કર્યું હતું.

'ઉપાસકદશાંગ' માં – મહાશતક શ્રાવક પત્નીનો ધાર્મિક વિશ્વાસ અને અયોગ્ય આચાર-વ્યવહાર હોવા છતાં તેના પર કોઈ જબરજસ્તી નથી કરતા. આ પ્રસંગો સ્ત્રીનો દરેક ક્ષેત્રે સ્વતંત્ર નિર્ણય કરવાના અધિકાર બતાવે છે.

હા, વ્યવહારિક દૃષ્ટિએ 'વ્યવહાર ભાષ્ય'માં કહ્યું છે કે જન્મ

પશ્ચાત સ્ત્રી પિતાને આધીન, વિવાહ પછી પતિને આધીન અને વિધવા સ્ત્રી પુત્રને આધિન હોય છે ''– સ્ત્રી ક્યારેય સ્વતંત્ર નથી રહેતી.''

**જૈન ધર્મ અને નારી શિક્ષા** – જૈન શાસ્ત્રો પ્રમાણે આદિ તીર્થંકર પરમાત્મા ઋષભદેવે નારીના ઉત્થાન અને સર્વાંગિક વિકાસ માટે ૬૪ કળાની સ્થાપના કરી હતી. 'જ્ઞાતા ધર્મકથા' અને 'જંબુદ્વીપ પ્રજ્ઞપ્તિ'મા પુરુષની ૭૨ કળા અને સ્ત્રીની ૬૪ કળાનો ઉલ્લેખ છે. જૈન દર્શન એમ માને છે કે કળા, વિદ્યા, કાવ્ય આ બધું સ્ત્રી કે પુરુષ જાતિ સાથે સંકળાયેલ નથી પણ સ્વતંત્ર રીતે પુરુષની સમકક્ષ પ્રવીણ થઈ શકે છે. નંદીસૂત્ર, પ્રજ્ઞાપનાસૂત્ર વગેરેમાં આવતા વર્ણન પ્રમાણે રાજપુત્રીઓ, મંત્રીપુત્રીઓ, ગણિકાઓ વગેરે શાસ્ત્રજ્ઞ અને કવિત્વ શક્તિ યુક્ત હતી.

જે સમયે વૈદિક પરંપરામાં સ્ત્રીઓ વેદ વાંચવાની પણ અધિકારી ન હતી તે સમયે જૈન આગમમાં જયંતિ શ્રાવિકાનું વર્ણન આવે છે, જેણે પ્રભુ મહાવીર સાથે ગંભીર તત્વચર્ચા કરી હતી.

પરમાત્મા ઋષભદેવે એમના પુત્ર ભરત અને બાહુબલી કરતા પહેલા પુત્રીઓ બ્રાહ્મી અને સુંદરીને શિક્ષા પ્રદાન કરી હતી. આજે આપણને પ્રાપ્ત અક્ષરવિદ્યા અને ગણિતશાસ્ત્ર એ બ્રાહ્મી અને સુંદરીની જ દેન છે. તે બન્નેનું માનવજાતિની પ્રથમ શિક્ષિકાઓ તરીકે ગૌરવવંતુ સ્થાન છે.

**જૈન ધર્મમાં નારી શક્તિની યશોગાથા** – જેમ એક તરફ સ્ત્રી પ્રેમ, કરુણા, સહનશીલતા અને વાત્સલ્યની પ્રતિમૂર્તિ છે, તેમ સમય આવે ત્યારે શુરવીર બની પોતાના શીલનું રક્ષણ પણ કરી શકે છે. જૈન ઇતિહાસમાં પાને પાને સ્ત્રીની સેવા, ત્યાગ, તપસ્યા, અને વીરતાનું યશોગાન છે.

'ધારિણી'ની કથા છે જેણે પોતાના શીલની રક્ષા કાજે મૃત્યુને સ્વીકાર્યું હતું તો કેટલાક સ્ત્રી પાત્રોને એટલા સબળ પણ બતાવવામાં આવ્યા છે જેઓ પુરુષને ખોટા માર્ગેથી સત્‌માર્ગે પાછા વાળે છે.

રાજુલ – રથનેમિ, ભવદેવ – પત્ની આર્યિકાની કથા એ બતાવે છે કે તેઓ પોતે નિર્વિકાર રહી સંયમ માર્ગથી પતિત થનાર પુરુષને ફરી સંયમ માર્ગે સ્થિર કરે છે.

રાજુલ – રથનેમિ સંવાદમાં રાજુલની સંયમ દઢતા, નિર્ભયતા અને સમજાવવાની અદ્‌ભૂત કળાનું દર્શન થાય છે. 'ઉત્તરાધ્યયન સૂત્ર'ના ૧૪મા અધ્યયનમાં રાણી કમલાવતી રાજદરબારમાં ઉપસ્થિત થઈ ઈષુકાર રાજાને સમજાવી એની ધન પિપાસા દૂર કરી સત્‌માર્ગના પથિક બનાવી દે છે.

ભરત ચક્રવર્તી બહેન સુંદરીને પોતાનું સ્ત્રી રત્ન બનાવવા ઇચ્છે છે ત્યારે સુંદરીનો જાગૃત આત્મા ચક્રવર્તી ભાઈના વૈભવથી ચલિત થતો નથી પણ પોતાના સૌન્દર્યને મોહનું કારણ જાણી લાંબા સમય સુધી તપ દ્વારા શરીરને નિસ્તેજ અને આત્માને તેજસ્વી બનાવી ભાઈને બોધ પમાડી તેની વાસનાને શમાવી દે છે.

કોશા ગણિકા પોતાના મહેલમાં સ્થિત મુનિને સન્માર્ગે વાળે છે.

વિજયા શેઠ – શેઠાણી જેઓ ભરયુવાનીએ સહશયન છતાં વચ્ચે ઉઘાડી તલવાર રાખી આજન્મ બ્રહ્મચર્ય વ્રત પાળે છે.

ચંદન બાળાની સંઘર્ષની કથા તેના અતુલનીય સાહસ અને ધૈર્યતાનું પ્રમાણ છે.

રાજેમતિ પરિત્યક્તા થવા છતાં હિંમત ન હારી ત્યાગના માર્ગે નીકળી પડે છે.

સુલસાની અડગ શ્રદ્ધા જેને દેવોની પરીક્ષા પણ આકર્ષિત નથી કરી શકતી.

સીતા, અંજના, રાજેમતિ, ચંદનબાળા વગેરેનું ચરિત્ર અનેક પરીષહ પછી વધુ પ્રભાવક અને અનેકો માટે આજે પણ આદર્શરૂપ છે.

આ કાળમા પણ અનેક મહાસતીજીઓ તેમની વિદ્વતા અને પ્રભાવશીલતાના કારણે ધર્મ પ્રભાવના દ્વારા અનેકોના જીવનમાં પરિવર્તન કરી રહ્યા છે, તો કોઈ પશુબલિ બંધ કરી અહિંસાનો પ્રચાર કરી રહ્યા છે, અનેકો પોતાના સંયમ સાધના અને ચારિત્ર બળથી જૈન ધર્મની ધ્વજાને ફરકાવી રહ્યા છે. એક વરસ પહેલાની જ વાત યાદ કરીએ તો રાષ્ટ્રસંત પૂ. ગુરુદેવ નમ્રમુનિ મ. સાહેબ પાસે દીક્ષા ગ્રહણ (૧૬ વરસના) કરનાર પૂ. આરાધ્યજી મ. સતીજીને દીક્ષાના દિવસે જ સવારે પ્રાણઘાતક ઉપસર્ગ આવ્યો, ત્યારે એ વીરાંગનાએ અજોડ વીરતાના દર્શન કરાવી સર્વેને અચંભિત કરી દીધા. એમના એક જ ભાવ કે પ્રાણ ભલે જાય પણ સંયમ અંગીકાર કરવાની મારી આણ ન જવી જોઈએ. વર્તમાન કાળે પણ એક જૈન કન્યાએ વીરતાના ખુમારીના, દર્શન કરાવી માત્ર જૈન સમાજના નહીં પછી પણ જગત આખાસમા જિન શાસનનો ધ્વજ ફરકાવી દીધો.

એમ કહેવામાં જરા પણ અતિશયોક્તિ નથી કે જૈન ધર્મના વિકાસ અને પ્રસારમાં નારીની મહત્વપૂર્ણ ભૂમિકા રહી છે.

✦ ✦ ✦

સંપર્ક : ૮૭૮૦૯ ૮૮૯૦૩, અમદાવાદ

# ગર્ભ સંસ્કાર, ફક્ત નારીતણો અધિકાર

**સુબોધી સતીશ મસાલિયા**

**કુ**દરતની કરામતનો કોઈ પાર પામી શકે એમ નથી. નર અને નારી એ બંને કુદરતનું સર્વોત્કૃષ્ટ સર્જન... આજના યુગમાં કોઈ એવું ક્ષેત્ર નથી કે જેને માટે એમ કહી શકાય કે આ ક્ષેત્ર ફક્ત નર માટે જ છે. નારી માટે નથી પણ એક ક્ષેત્ર એવું છે જેમાં કુદરતે નારીનો અધિકાર અબાધિત રાખ્યો છે અને એ છે ''ગર્ભાધાન''... તીર્થંકર હોય કે ચક્રવતી 'હોય કે, ચોસઠ સલાકાના કોઈપણ પુરુષ હોય કે સામાન્યથી સામાન્ય વ્યક્તિ હોય. તે દરેકને જન્મ આપનારી 'નારી' જ છે. એ અધિકાર ફક્ત નારીનો જ છે... તો ગર્ભમાં રહેલા બાળકને સંસ્કાર આપવાનો અધિકાર પણ ફક્ત નારીનો જ છે. **ગર્ભસંસ્કાર ફક્ત નારી તણો અધિકાર.** તો આ અધિકાર અદા કરવા માટે, સુસંસ્કારી બાળક પેદા કરવા માટે નારીએ શું ચિંતવન કરવું? અન્ય આચાર-વિચારને આહારમાં શું ફેરફાર કરવા, ગર્ભમાં તનના બંધારણના ક્યા સ્ટેપ છે તે હવે જરા વિસ્તારથી જોઈશું...

તનનું બંધારણ અને મનનું સંસ્કરણ ગર્ભકાળથી જ શરૂ થઈ જાય છે. જેનો સમય ગર્ભના નવ માસ અને જન્મથી આઠ વરસ સુધીનો હોય છે.

જેમ દરેક કુમારિકાને પોતાના ભાવિ પતિ વિષે અમુક કલ્પનાઓ હોય છે કે મારો પતિ આવો હશે. તેવો હશે વગેરે... એવી રીતે દરેક માતાને પોતાના સ્વપ્નનું એક બાળક હોય છે. દરેક માતા એમ ચાહતી હોય છે કે મારૂં બાળક ખૂબજ સમજદાર, સદાચારી, સુંદર ને સર્વાંગ સંપૂર્ણ હશે. મારું બાળક જ્ઞાની, સંયમી ને નિયમી હશે. માતા બાળકમાં બુદ્ધના, મહાવીરના કે શિવાજીના સ્વપ્ન જોતી હોય છે. પણ જ્યારે એજ બાળક મોટું થાય છે, ને પોતાની કલ્પનાના વિરુદ્ધનું સંતાન જોઈને મા... આઘાત પામે છે. ત્યારે એ માને પૂછવાનું કે, બાળક તમારા ગર્ભમાં હતું ત્યારે એને એક સદ્‌માનવ બનાવવા માટે તમે કેટલી મહેનત કરી?

કોઈપણ માતા બનનાર સ્ત્રીએ માતા બનતાં પહેલાં પોતાની જાતને તન અને મનથી સ્વસ્થ કરવી ખૂબજ જરૂરી છે. બિમાર માયકાંગલી માતાઓ, બિમાર બાળક જ પેદા કરશે. એવી જ રીતે જે માતાનું મન, ક્રોધથી, વાસનાથી ઈર્ષ્યાથી, ને કપટથી ભરેલું છે, તે સદાચારીને સંયમી બાળકને કેવી રીતે જન્મ આપી શકશે? માતા બનનાર સ્ત્રીએ પ્રયત્નપૂર્વક, ક્રોધની જ્ગ્યાએ પ્રેમથી, વાસનાની જ્ગ્યાએ સદ્‌ભાવનાથી ને ઈર્ષ્યાકપટની જ્ગ્યાએ સેવાભાવનાથી મનને ભરીદેવું ખૂબજ જરૂરી છે.

ગર્ભવતી બહેને યાદ રાખવું કે, તમે જે ખોરાક લેશો, તેમાંથી જ બાળકના તન અને મનનું ઘડતર થશે. આપણે જે ખોરાક લઈએ છીએ, તેના સ્થૂલભાગની વિષ્ઠા, મધ્યભાગથી માંસ-હાડકા-લોહી અને શૂક્ષ્મભાગથી મનનું પોષણ થાય છે. સાદા અને સાત્વિક આહારથી મન સાત્વિક બને છે. જેટલું મન સાત્વિક એટલી એની શક્તિ વધારે. દૂધ, ઘી, ફળ, શાકભાજી, રોટલી, દાળ, ભાત વગેરેનો સમાવેશ સાત્વિક આહારમાં થાય છે. અતિશય મરચાં, તેલ, ગરમમસાલો, અથાણા વગેરે તામસી આહાર છે. તેનાથી બાળકને એસીડીટી. કબજીયાત, જેવા રોગ થાય છે. તામસી આહારથી બાળકનું મગજ ગરમ અને ગુસ્સાખોર થાય છે. માટે તીખો, તમતમતો આહાર વર્જ્ય ગણવો. બ્રેડ, પાઉંભાજીને પાણીપૂરી ખાઈ ખાઈને બાળકને જન્મ આપનારી માતાઓને જણાવવાનું કે સ્વસ્થ સુંદર બાળક ઇચ્છતા હો તો ગર્ભાવસ્થાના પહેલા મહિનાથી, બાળક જ્યાં સુધી સ્તનપાન કરતું હોય, ત્યાં સુધી તો આવા તુચ્છને તામસી આહાર છોડી દો.

મિષ્ઠાન જેવા ભારે દ્રવ્ય, તથા કેક, પીઝા, બ્રેડ, વગેરે જેવી મેંદાની બનેલી વસ્તુઓ કબજીયાત કરે છે. તથા વાસનાને વકરાવે છે. માટે આવી વસ્તુઓનું પ્રમાણ અતિ અલ્પ કરી નાંખવું. બહારના ટીનફૂડ, ઠંડા પીણા, આઈસ્ક્રીમ વગેરે વસ્તુ બાળકના હાડકાં નરમ કરી નાખે છે. અથવા તો અપંગ બાળકો પેદા થાય છે. નવે નવ મહિના દરમ્યાન ઘરનો બનાવેલો ઉત્તમ અને તાજો ખોરાક જ પસંદ કરવો. વાસી ખોરાક બિલકુલ ના લેવો. તેનાથી શરીરમાં ભારીપણું, ગેસ, વાયુ વગેરે ઉત્પન્ન થાય છે. જેનાથી પ્રસુતિ સમયે અતિ દુઃખાવાની તકલીફ થાય છે, હોટલનું કે બહારના ખોરાક પાણી લેવા નહીં, કારણકે તેથી ઈન્ફેકશન લાગી જવાનો ડર છે. જો બાળકને ઈન્ફેકશન લાગી ગયું તો ખોડ-ખાંપણવાળું બાળક જન્મવાની શક્યતા છે. ટૂંકમાં નવે-નવ મહિના તમે જે કાંઈ ખાઓ છો - પીઓ છો, તેના પ્રત્યે ખૂબજ સજાગ બની જાઓ. જેથી સ્વસ્થ તન-મનવાળા બાળકને તમે જન્મ આપી શકો. આહાર પછી આચરણ અતિ મહત્વનું છે. ગર્ભાવસ્થા દરમ્યાન માતાના આચરણની બાળકના આખા જીવનપર અસર પડે છે. સવારે નિયમિત ઉઠવું, નિયમિત આહાર ગ્રહણ કરવો, પૂજાપાઠ તથા અન્ય ધાર્મિક ક્રિયાઓ કરવી,

વડિલોની સેવા કરવી. ક્રોધ ઓછો કરી, મન શાંત રાખી મૌન-ધ્યાનમાં રહેવું. મહાપુરુષોના જીવન ચરિત્રનું વાંચન કરવું. જેનાથી બાળક પર સારી અસર પડે છે. ઘણી સ્ત્રીઓ ગર્ભાવસ્થા દરમ્યાન ઘણો બધો સમય ઉંઘતી જ રહે છે. ને પછી જ્યારે બાળક મોટો થઈને ઉંઘ્યા જ કરે છે ત્યારે કહે છે, ''સાલો! પાડાની જેમ ઉંઘ્યા જ કરે છે, ખબર નહીં કોના જેવો થયો છે! ઘણી માતાઓ વારે ઘડીયે ખાધા જ કરે છે. કોઈ કોઈ ઘણો સમય ટી.વી. જોવામાં વિતાવે છે. તેઓ જાણતા નથી કે, નાટક, સિનેમા, ટી.વી. તમારા ગર્ભમાં રહેલા બાળક પર કેટલી ખરાબ અસર કરે છે. આ અમૂલ્ય સમય છે કે જે તમારા બાળકના ઘડતર માટે છે. તેને વેડફી ન નાખો. ઘણા એમ માનતા હોય છે કે ત્રણ મહિના પછી જ બાળકમાં જીવ આવે છેઃ પણ આ માન્યતા સરાસર ખોટી છે. **જીવ વગર શરીર કોણ બનાવે?** હવે તો સાયન્સે પણ આ વાત કબૂલ કરી છે. સાયન્સ પણ એ જ કહે છે કે માતા સૂઈ જાય ત્યારે ગર્ભ પણ સૂઈ જાય છે. ને માતા જાગે ત્યારે ગર્ભ પણ જાગે છે. માતાના ખોરાકની, વિચારોની, સુખદુઃખના અનુભવની અસર ગર્ભના જીવને થાય છે.

**શિશુનો વિકાસક્રમ પણ જાણવા જેવો છેઃ**

પ્રથમ સપ્તાહે તો હજી લીકવીડ ફોર્મમાં જ હોય છે. બીજા સપ્તાહે તે પાણીના પરપોટા જેવું સ્વરૂપ ધારણ કરે છે. ત્રીજા સપ્તાહે ફળની પેશી જેવી કાયા તૈયાર થાય છે. ચોથા સપ્તાહે જીવ સ્ટીફ ગ્લેંડ જેવું શરીર બનાવે છે. આમ એક માસ પૂર્ણ થતાં શરીરમાં માંસ ભરાવાની શરૂઆત થાય છે. બીજા મહિને માંસપેશી તૈયાર થાય છે. ત્રીજા મહિને માતાના મનમાં વિવિધ ઇચ્છાઓ પેદા થવા લાગે છે. ચોથા મહિને માતાનું અંગ સ્ફૂરાયમાન થાય છે. પાંચમાં મહિને ગર્ભ પીંડમાંથી બે હાથ, બે પગને મસ્તકના પાંચ અંકુરા ફૂટે છે. છઠ્ઠા-સાતમા મહિને શરીરની મુખ્ય બે શીરાઓ, નવ ધમનીઓ, સાત ધાતુ, નવસો નાડીઓ, ત્રણસો હાડ, એકસો આઠ સાંધાઓ, સાડાત્રણ કરોડ રોમ ને સાત હજાર મર્મ સ્થાનોથી પરિપૂર્ણ એવું કંપલીટ બોડી તૈયાર થાય છે. બાકી રહેલા બે માસનો સમય જીવ ગર્ભમાં બિલકુલ સભાનપણે પસાર કરે છે. જે રીતે માતા વર્તે છે, તે રીતે જીવ અંદરમાં વર્તતો રહે છે. અભિમન્યુની વાત તો દરેકને યાદ હશે કે ચક્રવ્યુહની વાત જ્યારે અર્જુન કરતો હોય છે ત્યારે વચ્ચે જ માતાને ઉંઘ આવી જતાં ચક્રવ્યુહમાંથી બહાર કેમ નીકળવું તે અભિમન્યુ જાણી શકતો નથી.

ગર્ભાવસ્થા દરમ્યાન બ્રહ્મચર્ય પાળવું ખૂબજ જરૂરી છે. મા-બાપનું એક પણ વર્તન એવું ન હોવું જોઈએ કે જેની બાળક પર ખરાબ અસર પડે. કેમકે બાળક કોરી પાટી જેવું છે. જેવું જોશે એવું જ શીખશે.

બીજી એક વાત ખાસ યાદ રાખવી કે ઘરની રસોઈ પણ પત્ની-માતા કે ઘરની વ્યક્તિના હાથની બનાવેલી હોવી જોઈએ. પત્ની કે માતા જે પ્રેમથી, ઈષ્ટદેવનું સ્મરણ કરતાં કરતાં રસોઈ બનાવે તે રસોઈ અમૃત બની જાય છે. પગારદાર રસોઈયા માતા જેવો પ્રેમ ક્યાંથી લાવવાના? એમની ચિંતાઓ વિચારો, ટેન્સનો, સ્વભાવ વગેરે બધું જ રસોઈમાં ઉતરવાનું. એજ આહારમાંથી તમારા અને તમારા બાળકોના હાડ-માંસ અને ચામ બનવાના. એ જ આહાર ખાઈને મોટા થયેલા છોકરાઓ આડે રસ્તે ચઢી જાય ત્યારે શોધવા ન નીકળતા કે ક્યાં થાપ ખાઈ ગયા? કારણકે ત્યારે ઘણું મોડું થઈ ગયું હશે.

નીચેના મુદ્દાઓનું મનન માતાએ દરરોજ કરવું જેની ખૂબજ સારી અસર બાળક પર પડશે.

✪ હે બાળક! દેવ દુર્લભ એવો માનવ જન્મ તને પ્રાપ્ત થયો છે. તું ફક્ત કુળથી નહી, કર્મથી જૈન બનજે. સેવાધર્મને અપનાવી સાચા અર્થમાં માનવ બનજે. મળેલો અમૂલ્ય માનવ જન્મ સાર્થક કરજે.

✪ હે બાળક! જગતમાં પ્રાણીમાત્રને પોતાના પ્રાણ વહાલા છે. મરણ કોઈને પ્રિય નથી, માટે જીવનભર અહિંસા ધર્મ અપનાવી માનવ જન્મ સાર્થક કરજે.

✪ હે બાળક! જગતમાં પ્રાણીમાત્ર સુખને ઇચ્છે છે. માટે કોઈના સુખનો ઘાત કરીશ નહીં. બધાના સુખમાં રાજી રહેજે.

✪ હે બાળક! કોઈના પ્રત્યે ઈર્ષ્યા-દ્વેષ રાખવો તે દુર્ગતીનું કારણ છે. માટે તેનો ત્યાગ કરજે. મનને હંમેશા સદ્‌વિચારો રૂપી જ ખોરાક આપજે. માણસ જેવું વિચારે તેવું જ થાય માટે કદાપી હલકા-દુષ્ટ વિચારો કરીશ નહીં.

✪ હે બાળક! બીજાના દોષ જોવાનું મન થાય ત્યારે ત્યારે મહાપુરુષોના ગુણોનો વિચાર કરજે.

✪ હે બાળક! સત્ય, પ્રિય ને હિતકારી વાણી બોલજે. સમતામાં સ્થિર થવું, યથાશક્તિ બ્રહ્મચર્યનું પાલન કરવું તથા ઈન્દ્રિયોને કાબુમાં રાખવી એજ જૈનનું લક્ષણ છે. આનાથી વિપરીત આચરણ રાખવુંને પોતાને જૈન કહેવું એ વિરોધાભાસ છે.

✪ હે બાળક! એક ક્ષણમાત્રના ક્રોધથી કરોડ પૂર્વ વર્ષ સુધીનું સંયમ ફળ ચાલ્યું જાય છે. માટે ક્રોધ સર્વથા, સર્વકાળે વર્જ્ય છે, છતાં ક્રોધ આવી જ જાય તો તરત હૃદયમાં પશ્ચાતાપ કરી પાછો હઠજે.

✪ હે બાળક! સતત એ ભાવના સેવજે કે...ચૌદ રાજલોકમાં

રહેલા અનંત જીવો, સૂક્ષ્મ હોય કે બાદર, દરેક સાથે મારે મૈત્રી છે. અનંતા જન્મોથી મારા જીવે જે જે જીવરાશીને દુઃખ પહોંચાડ્યું હોય, તે દરેકના શુદ્ધાત્માની હું મારા શુદ્ધાત્માની સાક્ષીએ ક્ષમા ચાહું છું. સર્વે જીવો મને ક્ષમા કરો.

✪ હે બાળક! નિગોદના ભવમાં એક જ શરીરને આશ્રયીને અનંતા જીવ રહે છે. અડતાલીસ મિનિટની અંદર આસરે ૬૫૫૩૬ ભવ નિગોદનો જીવ કરે છે. જન્મ-મરણની આવી કારમી વેદનામાંથી આપણા જીવને બહાર કાઢનાર સિદ્ધભગવંતોનો ખૂબ-ખૂબ આભાર માનજે. આવા સિદ્ધ ભગવંતોને અનંતીવાર પ્રણામ હોજો!

✪ હે બાળક! આ પૂર્વેના અનંતા જન્મોમાં જીવે રસલોલુપ બની ખાધા જ કર્યું છે. હવે આ જન્મ આહારસંજ્ઞા તોડવા માટે છે. અનંતા જન્મોમાં મૈથુન સેવ્યા જ કર્યું છે. હવે આ જન્મ મૈથુન સંજ્ઞા તોડવા માટે છે. જન્મમરણના અનંતા ફેરા કરી કરીને થાકેલા આ જીવને આધ્યાત્મિક શાંતિ મેળવવા માટે આ જન્મ છે.

✪ હે બાળક! ફક્ત નિગોદમાંથી બહાર નીકળવાથી કામ પતી નથી ગયું. અનેક જન્મ દેવ-નારકીને તિર્યંચના કર્યા પછી માનવ જન્મ મળે છે. માટે આજ જન્મમાં મોક્ષ મેળવવા માટેનો પુરુષાર્થ કર. જીવ બે હજાર સાગરોપમ વર્ષ માટે નિગોદમાંથી બહાર નીકળે છે. એમાં જો જીવનો મોક્ષ ન થયો તો પાછો જીવ નિગોદ એકેન્દ્રિયમાં ચાલ્યો જાય છે. માટે મોક્ષ મેળવવા માટે પુરુષાર્થ કરી માનવ જન્મ સાર્થક કર.

✪ હે બાળક! આ શરીરતો ધર્મ આરાધના કરવા માટેનું સાધન છે. તેનાથી કર્મોના ઢગલા ના ખડકાઈ જાય, તેનું ધ્યાન રાખજે. આ શરીર એ તું નથી. તું તો જન્મ જરા મૃત્યુથી રહિત શુદ્ધ આત્મા છે. તું કર્તા-ભોકતા નથી પણ જ્ઞાતા-દૃષ્ટા છે. આ દેહ તો આત્માનો પ્રથમ પાડોશી છે.

✪ હે બાળક! જગતના સર્વ જીવોનું કલ્યાણ થાઓ એ ભાવના દરરોજ ભાવજે. ને અંતે આપણા આત્માનું પણ કલ્યાણ થાય, તેવી અરિહંત પરમાત્માને પ્રાર્થના કરજે.

શુભ વિચારોથી બાળકમાં પણ સદ્ભાવના પ્રવર્તે છે તે દરેક માતાએ ધ્યાનમાં રાખવું.

✦ ✦ ✦

સંપર્ક : ૮૮૫૦૦ ૮૮૫૬૭

ડિસેમ્બર ૨૦૧૯ના અંકમાં પાનાં નંબર ૫૪ – 'જ્ઞાન સંવાદ'માં આટલું સુધારીને વાંચો. સદ્ગુણ છે તે બધા જ અધર્મ એવું જે છપાયુ છે એ ખોટું છે એના બદલે સદ્ગુણ છે તે બધા જ ધર્મ આને દુર્ગુણ છે તે બધા જ અધર્મ એમ સુધારીને વાંચો દુપદની જગ્યાએ હું પદ વાંચો.

# ઈસ્લામના પૌરાણિક સ્ત્રી પાત્રો

**સુમરા શબાના હુસેનભાઈ**

ઈમામ હસન (અ.સ.) પાસે ઈમામ હુસેન (અ.સ.) પાસે તો ઈમામતની શક્તિ હતી પણ જનાબે ઝૈનબ (સ.અ.) અને જનાબે કુલસુમ (સ.અ.) એ જે સબર, સચ્ચાઈ અને શૌર્યતા દાખવીએ તેમની માતાની પરવરિશ, મહેનતનું પરિણામ હતુ, એ વાત કોઈ કરબલાના શહિદોને યાદ કરી નકારી ન જ શકે.

જ્યારે સન ૭ હિજરીમાં રસુલે ખુદાએ તેમને ફીજ્જા નામની કનિઝ આપી ત્યારે તેમની સાથે પણ સહેલી જેમ વર્તન કરતો. એક દિવસ પોતે કામ કરતા, એક દિવસ એમની પાસે કરાવતા. એક દિવસ લોટ દળતાં, તેમના હાથમાં લોહી નીકળતાં હતા, તેમ છતાયે તેમણે ફિજ્જાને કામ ન સોંપ્યું કેમકે તે દિવસ બીબી ફાતિમાના કામનું હતું.

**"સ્ત્રી તરીકે સમસ્ત જગતની નારીઓ માટે "ફાતેમા સમસ્ત જગતની સ્ત્રીઓના સરદાર છે." – મોહમ્મદ સાહેબ**

જનાબે ફાતિમા (સ. અ.)નું જીવન કુલ ૧૭ વર્ષ ૧૦ મહિના અને ૧૩ દિવસનું નાનું એવું રહ્યું. પરંતુ કેટલુ સફળ જીવનો. જીવનના દરેક ચઢાણ-ઉતરાણ પરથી પસાર થઈ, વધારેમાં વધારે મુશ્કેલીઓમાંથી પસાર થઈ, પુત્રી માતા, પત્ની તરીકેની દરેક ફરજોને સંપૂર્ણ રીતે ન્યાય આપી, દુનિયાભર માટે આર્દશ બની રહ્યા.

બીબી ખદીજા અને બીબી ફાતિમાના જીવનને દીલો દિમાગની આંખો વડે જોઈ અને સમજવામાં આવે તો આપણા સામાજિક જીવનની દરેક સમસ્યાનો સરળ ઉકેલ મળી જાય છે એમના જીવનમાં કોઈ પણ એવો ખૂણો બાકી નથી રહી જતો કે આજે જગતની કોઈ પણ સ્ત્રી એમ કહી શકે કે તેઓ અમારી પરિસ્થિતિમાં ન હતા અથવા અમારા સંજોગો અનુસારનો કોઈપણ રસ્તો એમના જીવનમાંથી અમને નથી મળતો. આમ, તો મુસ્લિમ પૌરાણિક બધી મહાન સ્ત્રીઓ જીવનમાંથી આપણને ઘણું શીખવા મળે છે.

## ઈસ્લામના પૌરાણિક સ્ત્રી પાત્રો

ઈસ્લામ ધર્મનો અર્થ છે, 'અલ્લાહને સમર્પણ.' એ પ્રકારે મુસ્લિમ તે જ ગણાય છે જેણે પોતાની જાતને અલ્લાહને સમર્પિત કર્યું છે. ઈસ્લામ એકેશ્વરવાદી ધર્મ છે, તે વાત અલ્લાહ તરફથી ઈસ્લામના છેલ્લા પયગમ્બર મોહમ્મદ (સ.અ.વ.) દ્વારા મનુષ્યો સુધી પહોંચાડવામાં આવી.

ઈસ્લામ ધર્મની શરૂઆત પહેલા કોઈ જગ્યા એવી ન હતી કે જ્યાં સ્ત્રીઓની ઈજ્જત કરવામાં આવતી હોઈ. પૈસાવાળા લોકો પોતાના મકાનોમાં સ્ત્રીઓને વસ્તુ, જેમ ભરી લેતાં, જે ફક્ત ઘરકામ અને બાળકો પૈદા કરવાની મશીન હતી. સ્ત્રીઓને શિક્ષણ આપવામાં ન આવતું. સ્ત્રી બાળપણમાં બાપના નામથી ઓળખાતી, યુવાનીમાં પતિના અને વૃદ્ધાવસ્થા પોતાના પુત્રના આશરે કાઢતી હતી. જો પતિ કોઈ કારણે તલાક આપી દે કે મરી જાય તો પતિના શબની સાથે જીવતી દાટી દેવામાં આવતી હતી.

**લાલા લજપતરાયે તારીખે હિન્દમાં આ વાત માની છે કે ''શાસ્ત્રોમાં સ્ત્રીઓને ઓછું માન આપવામાં આવતું. અને મશહૂર શ્રીએ લખ્યું છે કે, સ્ત્રીઓને કોઈ નિર્ણય લેતાં પહેલા દૂર રાખવી હિતાવહ છે, કેમકે ખોટું બોલવું સ્ત્રીઓની આદત છે.''**

સ્ત્રીઓનું જન્મ લેવું જ મુસિબત માનવામાં આવતું, ત્યારે જન્મતાંવેત જ બાળકીઓને મારી નાખવામાં આવતી, રોટી, કપડા સિવાય બીજા કોઈ માટે તેમને નિરાશા જ ભોગવવી પડતી. ઇતિહાસ સાક્ષી આપે છે કે જૂલ્મો સામે અવાજ બુલંદ કરનાર સમાજસુધારકો હમણાં હમણાં દેખાય છે પરંતુ આ બધા સુધારકોથી પણ સદીઓ પહેલા આરબની ધરતી પર મોહમ્મદ સાહેબ સ્ત્રીઓના ઉપકારક તરીકે દેખાય છે. અબળા નારી પર થતાં અત્યાચારને ખત્મ કરી નાખે છે, સ્ત્રીઓને પુરુષ સમાન દરજ્જો, મિલકતમાં ભાગ અપાવે છે. તેમણે બહુપત્નીત્વ વિધવા અને અનાથ સ્ત્રીઓને ફક્ત આશરો આપવા જ કર્યા હતા. આજથી ૧૪૦૦ વરસ પૂર્વે જ આ તમામ અધિકારો પયગમ્બર સાહેબે સ્ત્રીઓને બક્ષ્યા હતા. પયગમ્બર મોહમ્મદ સાહેબ ૧૭ રબ્બીઉલ અવ્વલ (મુસ્લિમ મહિનો) ઈ. ૫૬૧માં મક્કામાં હજરત અબ્દુલ્લાહ અને આમેના બીબીના ઘરે જન્મયાં હતા. ઈસ્લામના છેલ્લા પયગમ્બર ગણાય છે. ઈસ્લામ ધર્મની સ્થાપના તેમજ સમાજ જીવનમાં સુધારણા માટે હમેશા તેમના પત્ની હજરત ખદીજા તેમની સાથે ઊભા રહ્યાં હતા.

**અડગ નિર્ણય શક્તિ, સમાજ સુધારક, સફળ વ્યાપારો પ્રથમ ઈસ્લામ ધર્મ અંગિકાર કરનાર સ્ત્રી, બીબી ખદીજા**

ઈસ્લામના છેલ્લા પયગમ્બર મોહમ્મદ સાહેબના પત્ની 'પહેલા મુસ્લિમ સ્ત્રી' તેમજ 'વિશ્વાસિયોની માતા' તરીકે પ્રખ્યાત છે, બીબી ખદીજા. ખદીજા બિન્ત ખુવાયલિદ ઈસ્લામ ધર્મ સ્વીકાર કરનાર પ્રથમ સ્ત્રી હતા. ૫૫૫માં મક્કામાં હેજાઝમાં જન્મયાં હતા. તેમણે બેવાર લગ્ન કર્યા હતા પણ પતિઓના મૃત્યુબાદ તે પોતાના પિતાનો વ્યાપાર પોતે ચલાવતાં હતાં. તેમને 'आमेहुरेत कुरैश' (કુરેશની રાજકુમારી) 'અલતાહિરા' (શુદ્ધ એક) અને खदीजा अल क्रुब्र (खदीजा)ના નામથી ઓળખવામાં આવતાં હતા. અનાજ, કપડાથી ગરીબોને હંમેશ મદદ કરતા અને ગરીબ છોકરીઓના લગ્ન માટે પૈસા આપતા. ખદીજા બેગમ ક્યારે પણ મૂર્તિઓમાં વિશ્વાસ ન કરતા. ખદીજાને સિરિયામાં સૌદા માટે એક મદદગારની વ્યાપારમાં જરૂર પડી, ત્યારે તેમણે મોહમ્મદ સાહેબને કામ પર રાખ્યા હતા. ત્યારે તેમની ઈમાનદારીથી ખુશ થઈ, ખદીજા બીબીએ મોહમ્મદ સાહેબ સામે લગ્નનું પ્રસ્તાવ મુક્યું, ત્યારે મોહમ્મદ સાહેબ ૨૫ વર્ષના અને ખદીજા બેગમ ૪૦ વર્ષના હતા. પોતાનાથી ૧૫ વર્ષ નાના વ્યક્તિથી એ સમયમાં લગ્ન કરવા તેમને ઘણુ તિરસ્કાર સહેવું પડયું હતું. પણ ખદીજા બીબી ખૂબ જ સશક્ત નારી હતા. તેમણે એ સમયે અરબ દેશોની મહિલાઓની સ્થિતિ સુધારવા માટે તાલીમની ખુલ્લી વકાલત કરી હતી. હજરત ખદીજા પોતાના જમાનાથી ઘણા આગળ હતા જ્યારે સ્ત્રીઓને ઘરમાં રાખવામાં આવતી, એક વસ્તુ માનવામાં આવતી ત્યારે ખદીજા બેગમ વ્યવસાયમાં સફળ મહિલા હતા. તેમણે ઇચ્છા મુજબ લગ્ન કર્યા હતાં, જે તેમના ત્રીજા લગ્ન હતા, ઘેર ઘેર જઈ ઈસ્લામ ધર્મનો પ્રચાર કર્યો હતો. સ્ત્રીઓની તાલીમ અને ઇસ્લામ ધર્મના પ્રચાર માટે પોતાનાથી બનતાં બધા પ્રયાસો કર્યા હતા. પોતાની બધી સંપત્તિ ખર્ચી નાખી હતી. એ સમયે બાળકીઓને જન્મતાંવેત જ જમીનમાં દાટી દેવામાં આવતી એ બુરાઈને દૂર કરવામાં મૂખ્ય ભૂમિકા ભજવી હતી.

કબિલાઈ સંસ્કૃતિ અને બહુ ઇશ્વરવાદને દૂર કરવા પયગમ્બર સાહેબ લોકોને સમજાવતાં ત્યારે લોકો તેમનું વિરોધ કરતાં. તેમના પર કચરો નાખતાં, કિચડ ફેંકતા અને પથ્થર મારી ઘાયલ કરી નાખતા ત્યારે બીબી ખદીજા તેમની ઢાલ બની તેમની રક્ષા કરતા. તેમના જીવનની દરેક મુશ્કેલીમાં સાથ આપતા, ધર્મ પ્રચાર પણ કરતાં. પારંપારિક સુન્ની મુસ્લિમ કથા પ્રમાણે જ્યારે મોહમ્મદ સાહેબને જિબ્રિલ (અ.સ – ખુદાના ફરિશ્તા) તરફથી પાક પરવરદિગાર અલ્લાહની એક ઈશ્વરની વહી એટલે કે માહિતી મળી ત્યારે પ્રથમ

મુસ્લિમ બનનાર તેમજ ઈમાન લાવનાર મહિમા બીબી ખદીજા જ હતા. જ્યારે જ્યારે મોહમ્મદ સાહેબ નબળાં પડયા ત્યારે તેમણે હંમેશા સાથ આપી એમને હિંમત આપી. હંમેશા પોતાના નિર્ણય સશક્ત થઈ લીધા અને અડગ રહ્યા. તેમણે ૨૫ વર્ષ સુધી મોહમ્મદ સાહેબને સાથ આપ્યો. મોહમ્મદ સાહેબની સામાન્ય મનુષ્યથી પયગમ્બર બનવાની લાંબી સફરમાં હંમેશા સાથે રહ્યા. ખરેખર, એક પુરુષની સફળતા પાછળ એક સ્ત્રી હોય છે, તે બીબી ખદીજા એ સાબિત કરી બતાવ્યું.

ઈ. ૬૧૯માં બીમારીના લીધે મૃત્યુ પામ્યાં ત્યારે તેમની ઉંમર ૬૫ વર્ષ હતી અને એમને બીબી ફાતિમા નામની પાંચ વર્ષની દીકરી હતી. ખદીજા બીબી હતાં ત્યાં સુધી મોહમ્મદ સાહેબને ક્યારે વધુ તકલીફો વેઠવી પડી ન હતી.

**"ખદીજા બેગમ ખૂબ પૈસાદાર અને શિક્ષિત મહિલા હતા, તેથી એ વાતનો નિર્ણય એ લઈ શક્યાં કે તેમને કોનાથી લગ્ન કરવા છે, કેમકે ખદીજા બેગમ આર્થિક રીતે આત્મનિર્ભર હતા, તેથી જ પોતાની નિર્ણય શક્તિ સારી બનાવી શક્યાં હતાં. તેમણે કદીએ એ વાતની પરવાહ ન કરી કે પિતૃસત્તાત્મક સમાજમાં પોતાની ઉંમરથી નાની ઉંમરના વ્યક્તિ સાથે લગ્ન કરવાથી લોકો શું કહેશે." – તસ્લીમા નસરીન, બાંગ્લાદેશી લેખિકા.**

હજરત ખદીજાના જીવનમાંથી મળતી શીખ – આર્થિક નિર્ભરતા, શિક્ષણની મહતા, નિર્ણય લેવાની ક્ષમતા અને આત્મ સન્માન સાથે રહેવું.

**ધૈર્ય, પવિત્રતા અને મર્યાદાની જીવતાં જાગતાં દૃષ્ટાંત જનાબે ફાતિમા (સ.અ.)**

ઈસ્લામ ધર્મના બીજા મહાન સ્ત્રી બીબી ફાતિમા છે. ઈસ્લામમાં મહિલાઓના સર્વોચ્ચ અધિકારી ગણાય છે. મોહમ્મદ સાહેબ તેમજ બીબી ખદીજાના દીકરી અને હજરત અલીના પત્ની છે. ૨૦ જમાદીઅવ્વલ (મુસ્લિમ મહિનો) જુમ્માના દિવસે પોતાના પિતાનો નબ્બુવત (નબી) જાહેર થયાં પછી ઈ.સ. ૬૧૫માં જન્મયા હતા. મક્કામાં જન્મ થયેલ.

**જનાબે ફાતિમા (અ.સ.)**

**પુત્રી તરીકે બાપની નજરે.**

**"ફાતેમા મારા જીગરનો ટૂકડો છે."**

**(હ. રસુલે અકરમ સ.અ.વ. મોહમ્મદ સાહેબ)**

(જ્યારે કદી પણ જનાબે ફાતેમા (સ.અ.) પોતાના પિતાશ્રીની મુલાકાતે આવતાં ત્યારે પયગમ્બર સાહેબ તેમને સત્કારવા ઊભા થઈ જતા.)

હજરત બીબી ફાતિમાનો લખેલો કિતાબ કુર્આન જેમજ પવિત્ર છે. પણ આ કિતાબ હવે ઉપલબ્ધ નથી. તેમના ખુત્બા, દુઆ, હદીસો તેમનામાં ભરેલા ઈલ્મના દરિયા વિશે જણાવી આવે છે, તેમાં ભાષાની ખુબસુરતી નજરે આવે છે.

**'એક સ્ત્રી માટે સૌથી શ્રેષ્ઠ વાત છે કે તે કોઈ પર પુરુષને ન જુએ અને તેને કોઈ પર પુરુષ ન જોઈ જાય, ના કોઈ બીજા પુરુષથી વાત કરે.'**

આ હદીસ બતાવી જાય છે કે બીબી ફાતિમા મર્યાદામાં માનતા. તે દિવસના સમયે ક્યારે બહાર ન નીકળતા રાતે નીકળે તો પણ ત્યારે પહેલા તેમના પિતા મોહમ્મદ સાહેબ ચાલતાં, તેમની પગની છાપ પર બીબી ફાતિમા પગ રાખતાં અને બીબી ફાતિમાની પગની છાપ પર તેમના પતિ હજરત અલી (અ.સ.) ચાલતાં, જેથી પર પુરુષના પગની છાપ પર તેઓ પગ મૂકે કે પછી બીબી ફાતિમાની પગની છાપ પર કોઈ પરપુરુષ નજર નાખે એ એમને મંજુર ન હતુ, એટલા પાક હતા બીબી ફાતિમા.

એક પુત્રી તરીકે બીબી ફાતિમાને જોઈએ તો બીબી ફાતિમા પાંચ વર્ષના હતા ત્યારે જ તેમની માતા બીબી ખદીજા મૃત્યુ પામ્યાં હતાં. બે વર્ષના હતાં ત્યારથી માતા-પિતા જોડે જંગલની મુશ્કેલીઓમાં રહેતાં, જ્યારે મોહમ્મદ સાહેબ ઈસ્લામના પ્રચાર માટે અનેકવિધ મુશ્કેલીઓનો સામનો કરવો પડતો ત્યારે ખદીજા બીબીની હયાતી બાદ બીબી ફાતિમા જ એમના પિતાશ્રીને સાથ આપતા. બહારથી આવતાં ત્યારે દુશ્મનોએ નાખેલી કીચડ, કચરાની ગંદકી બીબી ફાતિમા મોહમ્મદ સાહેબની મા જેમ સાફ કરતા અને જરૂર હોય તો પાટાપીંડી પણ કરતા. ગરીબીમાં જીવન જીવનાર ફાતિમાને ક્યારે બીજી છોકરીઓના ઘરેણા, કપડાં જોઈ ઈર્ષા ન થતી, મોહમ્મદ સાહેબ બીબી ફાતિમાના પ્રેમ, સ્વભાવને જોઈ દુનિયાના ગમ, તકલીફ ભૂલી જતા અને ઈસ્લામના પ્રચારમાં બીબી પ્રતિમા (સ.અ.)નો પરદા પાછળ ઘણો ફાળો રહ્યો છે. એ વાતનો ઈન્કાર કોઈ ઈતિહાસકાર ન કરી શકે. ૨૮મી સફર હીજરી સન ૧૧ જનાબે ફાતિમા (સ.અ)ની જિંદગીમાં ગમખ્વાર દિવસ ગુજર્યો, એમના પ્યારા પિતાની મૃત્યુ બાદ એમને એટલો સદમો પહોંચ્યો કે પોતાના પિતાના મૃત્યુ બાદ ૭૫ જ દિવસમાં પોતે પણ આ ફાનિ દુનિયા છોડીને ચાલ્યા ગયા.

બીબી ફાતિમા એક પત્નીની દૃષ્ટિએ, હજરતઅલી (અ.સ) પહેલા એવા પુરુષ હતા જે મોહમ્મદ સાહેબ પર ઈમાન લાવ્યા

હતા, ત્યારબાદ ઈસ્લામના પ્રચાર કાર્યમાં મદદરૂપ પણ થયાં હતા. મુસ્લિમ ધર્મમાં દુલ્હન માટે નિકાહની મહી ચૂકાવીને જ નિકાહ થાય છે, તો વધુ મિલ્કત ન ધરાવનાર હજરત અલીએ પોતાની બખ્તર વેચી જે કિમંત મળી તેથી પૈસા મળ્યા તેથી નિકાહ કર્યા હતા. તેમના લગ્ન ખૂબ જ સાદગીથી થયા હતા. બીબી ફાતિમા અને તેમના બાળકો ભૂખ્યા રહેતા. હજરતઅલી રોજ મસ્જિદે ગયા બાદ મજદૂરી પર જતા, મજદૂરી મળે તો જમવાનું મળતું નહીં તો બધા ભૂખ્યા રહેતાં, ક્યારેક હજરત અલી (અ.) પોતાની પૂરી મજદૂરી કોઈ જરૂરતમંદને આપી દેતા. ઘરમાં બધાં ભૂખ્યા રહેતા. તેમ છતાંયે બીબી ફાતિમા કદી પણ કાંઈ ન કહેતા, ઊલટાનું પતિને મદદરૂપ થતા. તેમને કોઈ પણ ફરમાઈશ પતિ પાસે આજીવન ન કરી. ઘરનું બધુ કામ પોતે કરતા. પોતે ઘરમાં જ રહેતા અને રાતભર ઈબાદત કરી, બીજા માટે દુઆ માંગતા. પોતાની કનીઝ ફિજ્જા માટે, પોતાના પિતા, પતિ અને બાળકો માટે દુઆ માંગતા, તેમની ભલાઈ માટે રોજા રાખતાં.

**પતિ તરીકે પતિની નજરે,**

**''ફાતેમા જન્નતનું એક ખુશબુદાર ફૂલ હતા.'' (હજરત અલી અ.સ.)**

આ હદીસ જનાબે ફાતેમા (સ.અ.)ની વફાત પછી કહેવાઈ હતી.

એક માતા તરીકે જનાબે ફાતિમા, જનાબે હસનૈન (અ.સ.) (ઈમાન હુસેન અને ઈમામહસન)ની માતા તરીકે,

**જનાબે ફાતિમા (સ.વ)ના પગ તળે બે ઈમામોની જન્નત છે.**

**જનાબે ફાતિમા (સ.અ) અગિયાર ઈમામોની માતા છે.**

**જનાબે હુસનૈન (અ.સ.) તથા બીબી ઝૈનબ અને જનાબે કુલસુમ (સ.અ), જનાબે ફાતિમાના રોપેલા ફૂલો હતા, જેમની સુવાસથી ઈસ્લામી જગ મહેકી રહ્યું છે.**

અગિયાર વર્ષની ઉંમરે માતા બની પોતાના સંતાનોના જીવનમાં ઈસ્લામી સંસ્કારનું સિંચન એવી રીતે મળે છે, પણ આજે આ મહાન બે સ્ત્રીઓના જીવન પ્રસંગ વિશે થોડું જાણી આપણે સૌ નારીઓ માટે તેમનું પવિત્ર જીવન દીવાદાંડીની ગરજ સારશે તથા દુનિયા તેમજ આખેરતમાં સફળતા મેળવવામાં મદદરૂપ થશે એવો આશા રાખું છું.

✦ ✦ ✦

સંપર્ક : ૭૬૯૮૩ ૩૮૭૭૭, મુંદરા-કચ્છ

# સ્ત્રી અને સમાજવ્યવસ્થા

**નલિનીબેન દેસાઈ**

**સ્ત્રી**ને શક્તિનું સ્વરૂપ ગણવામાં આવે છે. તમે એક નાનકડી દીકરીની કલ્પના કરો તે નિર્દોષ છે, અણસમજુ છે અને રમતિયાળ છે. ધીમે-ધીમે કિશોરાવસ્થામાં પ્રવેશે છે તેની સાથે જ તેનામાં ગાંભીર્ય, ધીરજ, સહેજ સમજણ વગેરે ડોકાવા લાગે છે. વયસ્ક થતાં એ જ દીકરી માતા-પિતાનું ઘર છોડીને પતિગૃહે જતી હોય છે તે સમયે તેની જવાબદારી બેવડાય છે. એક ઘર સંભાળતી ગૃહિણી અને બીજી સામાજિક જવાબદારી ઉઠાવતી સ્ત્રી.

સ્ત્રીને એક સાથે અનેક સમસ્યાઓનો સામનો કરવો પડે છે. ઘર-બાળક-પતિ-ઘરના વડીલોની સાર-સંભાળ. જો ઘરમાં આર્થિક વ્યવસ્થા બરાબર ન હોય તો ઘરની સ્ત્રીને પણ બહાર કામ કરવા માટે જવું પડે છે. જેમ ઘરનો પુરુષ આર્થિક ઉપાર્જન કરે તો સ્ત્રી ઘરની સંભાળ રાખે. એક સમય એવો હતો જ્યારે ઘર સ્ત્રીનો ઉંબર નહોતી ઓળંગી શકતી. કારણ માત્ર એટલું કે ઘરની જવાબદારી તેણે જ ઉપાડવાની હોય ને! એ સમયમાં પણ સ્ત્રીઓએ ઘરની જવાબદારી, ઘરમાં આર્થિક ટેકામાં મદદરૂપ થઈને પણ શિક્ષણની પ્રાપ્તિ કરી, સમાજની સેવા કરી.

ઘરની જ અર્થવ્યવસ્થા સાચવવામાં માત્ર સ્ત્રીઓનો ફાળો હોય છે એવું નથી. સમાજ વ્યવસ્થા સાચવવામાં પણ તેનો એટલો જ ફાળો છે. ૧૯મી સદીના અંતમાં હિંદુસ્તાનના સ્ત્રી સમાજમાં જાગૃતિ આવી. સ્ત્રી શિક્ષણની જ્યોત પંડિતા રમાબાઈ સરસ્વતી, આનંદીબાઈ ગોપાલરાવ જોશી અને કાદંબિની ગાંગુલીનો ફાળો મહત્ત્વનો છે. જ્યારે તબીબી ક્ષેત્રે ડૉ. મોતીબાઈ કાપડિયા અને ડૉ. રૂખમાબાઈ રાઉતનો ફાળો ઘણો મોટો છે.

અમેરિકા અને યુરોપમાં સ્ત્રી શિક્ષણના પ્રસાર સાથે મહિલા વર્ગમાં ચેતના આવી. પછી ભારતમાં સ્ત્રીઓની સામાજિક સ્થિતિમાં જાગૃતિ આવી છે.

ડૉ. મોતીબાઈએ સ્ત્રીઓ માટે કેટલું અદ્‌ભૂત કાર્ય કર્યું. તેમણે ગુજરાતની પહેલી મહિલા ક્લબ 'ગુજરાત લેડિઝ ક્લબ'ની સ્થાપના કરી. પ્રારંભમાં ગુજરાત લેડિઝ ક્લબનો કારોબાર શહેરના રાયખંડ વિસ્તારમાં 'નેશનલ ઈન્ડિયા એસોસિએશન'ની ઓફિસમાં થતો. ડૉ. મોતીબાઈએ મહિલાઓ માટે લાયબ્રેરી અને ટેનિસ કોર્ટ પણ શરૂ કરાવ્યાં. ડૉ. મોતીબાઈએ યુરોપિયન અને ભારતીય સ્ત્રીઓ

વચ્ચે વાર્તાલાપ અને વિચાર વિનિમય શરૂ કરાવ્યાં.

આમ, સ્ત્રી હંમેશા કોઠાસૂઝવાળી હોય છે. જેમ દિવ્યાંગ વ્યક્તિને તેમની છઠ્ઠી ઈન્દ્રિય વધારે કાર્યરત હોય છે. તેમ સ્ત્રીને પણ ઘર ચલાવવા માટેની જન્મથી જ જાણે કે કુદરતી બક્ષિસ મળી હોય છે. ઘરની અને ઘર બહારની દરેક પરિસ્થિતિને તે સંયમિત રીતે પહોંચી વળતી હોય છે. ઘરની – બાળકોની – વડીલોની સંપૂર્ણ જવાબદ્દારી ઘરની સ્ત્રી હસતાં હસતાં ઉપાડે છે. અરે એટલે સુધી કે ઘરના આંગણે આવેલા ભિખારીનો પણ સત્કાર કરે છે.

'ઘેર ઘેર ભીખ માગી રહેલા અત્યંત ગરીબ ભિખારીને એક સ્ત્રીએ ભાવથી બોલાવીને સ્નેહપૂર્વક ભોજન અર્થે અનાજ આપ્યું. ભૂખ્યા ભિખારીએ એના ફાટ્યા-તૂટ્યા કપડામાં એ આનાજ લીધું. અને ઘરની બહાર ધૂળિયા રસ્તા પર આવ્યો. એનું પોટલું એટલું ફાટેલું હતું કે ક્યાંક ને ક્યાંકથી અનાજ બહાર પડી જતું હતું.'

એવામાં જોતીબા ફૂલે નામના મહાનુભાવ ત્યાં આવી ચડ્યા. એમણે આ બેહાલ ગરીબની મોટી મથામણ જોઈ ગમે તેટલી મહેનત કરે, પણ ક્યાંક ને ક્યાંક પોટલાંનાં કાણામાંથી અનાજ બહાર ઢોળાય.

જોતીબા ફૂલેના મનમાં અનુકંપા જાગી. પોતાનો સરસ મજાનો ખેસ ઊતારીને એ ગરીબને આપ્યો. અને એમાં અનાજ બાંધવા કહ્યું. પેલો ગરીબ ભિખારી તો ધૂળિયા રસ્તા પર ખેસ પાથરીને વેરાયેલું અનાજ એકઠું કરવા લાગ્યો.

ગરીબ ભિખારીએ કહ્યું, 'ઈશ્વર આપનું ભલું કરે. આપની બધી ઇચ્છાઓ પૂર્ણ થાય. આપનો ખૂબ આભાર.'

મહાત્મા જોતીબા ફૂલએ કહ્યું, 'ભાઈ, આભાર તારે મારો માનવાનો ન હોય, આભાર તો એમનો માન કે જેણે તારા પેટની આગ ઠારવા માટે અનાજ આપ્યું.'

ભિખારીએ કહ્યું, 'સાચી વાત છે આપની. એમનો ઉપકાર તો કઈ રીતે ભૂલું? એ દયાળુ સન્નારીએ મને ખૂબ ભાવથી બોલાવ્યો અને મીઠા બોલ સાથે આટલું બધું અનાજ આપ્યું. આવી દયાળુ મહિલા મને ક્યાંય જોવા મળી નથી. પ્રભુને એ પણ પ્રાર્થના કરું છું કે પ્રભુ તેઓની પણ સઘળી ઇચ્છાપૂર્ણ કરે.'

એણે એક ઘર તરફ આંગળી ચીંધતા મહાત્મા જોતીબા ફૂલેને કહ્યું, 'સાહેબ! પેલું ઘર દેખાય છે ને? ત્યાં વસતાં સન્નારીઓ મને આ અનાજ આપ્યું છે. પ્રભુ એમનું ભલું કરે.' જોતીબા ફૂલેએ કહ્યું, 'ભાઈ! તારી માફક હું પણ પ્રભુનો પાડ માનું છું. એ ઉદારચરિત મહિલા તે મારી પત્ની સાવિત્રી છે. મારા સઘળાં કામોમાં મને એનો સદૈવ હૂંફાળો સાથે મળે છે!'

આમ ઘરની સ્ત્રી જેને આપણે લક્ષ્મી કહીએ તે ગુણોવાળી હોય તો ગુણનું વાતાવરણ સર્જાય છે. અને બાળકમાં પણ એવા ઉત્તમ ગુણોનું સિંચન કરે છે. ઘરની સ્ત્રીની નિશાળ પણ જુદા પ્રકારની હોય છે. સામાન્ય રીતે બાળક હઠીલું હોય છે. એ પોતાની હઠ જલદી છોડતું નથી હોતું પણ માતા એવી સરસ રીતે સંસ્કારનું સિંચન કરે કે તે હઠ છોડી દે. ઘરની સ્ત્રીએ અનેક ભૂમિકા ભજવવાની હોય છે. સંત વિનોબાજીએ માતાને 'આચાર્ય' કહ્યા છે. આચાર્યનો અર્થ એ કે જે કઠણમાં કઠણ પ્રશ્ન શોધીને સરળ બનાવે પોતે જાતે કઠણ કામ કરી જુએ, એનું આચરણ કરે અને પછી બીજાને એ વિશે કહે.

વિનોબાજીના ઘરના વાડામાં ફણસનું ઝાડ હતું. એને રોજ પાણી પાય અને ક્યારે એ મોટું થાય અને પોતાને ફળ મળે તેની વિનોબાજી રાહ જોતા હતા.

ફણસનું ઝાડ મોટું થયું. ધીરે ધીરે એના પર ફળ બેઠેલા જોયાં એટલે વિનોબાજીને તોડવાનું મન થયું. એમની માતાએ કહ્યું, 'હજી આ ફણસ કાચું છે. એ પીળું અને ઢીલું થાય પછીં તું તોડજે!'

થોડા દિવસ પસાર થયા. ફણસનું ફળ પીળું અને ઢીલું થયું. માતાની સંમતિ મેળવીને વિનોબાએ ઝાડ પરથી ફણસ ઊતાર્યું અને સમાર્યું. એના રસાદાર ટુકડા ખાવા માટે વિનોબાજી અને એમના મિત્રો ઉત્સુક હતા ત્યારે એની માતાએ કહ્યું 'પહેલુ ફળ તો ભગવાનને આપીને વહેંચીને ખવાય!' વિનોબાજી અને તેમના મિત્રો તો ફણસના રસાદાર ટુકડા ખાવા માટે ઉત્સુક હતા. એમનો જીવ ઝાલ્યો રહેતો ન હતો, ત્યારે એમનાં માતાએ પ્રશ્ન કર્યો. 'તમને દેવ ગમે કે રાક્ષસ?' વિનોબાજી અને એમના મિત્રોએ એક અવાજે 'દેવ' કહ્યું, એટલે એમની માતાએ કહ્યું, 'જે આપે એ દેવ અને જે રાખે તે રાક્ષસ!

આમ એક માતા સો શિક્ષકની ગરજ સારે છે. તેમ ઘરની એક સ્ત્રી થકી કેવો વ્યવહાર ચાલે છે તે પણ એટલું જ મહત્ત્વનું છે.

કુટુંબમાં, સમાજમાં, પડોશમાં કોની સાથે કેવી રીતે સંબંધ રાખવો, કેટલો સંબંધ રાખવો તેમાં પણ ઘરની સ્ત્રીની આવડત અને કુનેહ હોય છે. આ દરેક સંબંધ બાંધવાની સાથે-સાથે અર્થવ્યવસ્થા એટલે કે આર્થિક બાબતનો પણ ખ્યાલ રાખવો પડતો હોય છે. કહેવાય છે કે 'પછેડી હોય એટલી સોડ તણાય.'

ઘરને ઘર બનાવવા માટે એક સમજદાર, પ્રેમાળ, નારી – સ્ત્રીની જરૂર છે. જેમ ઈશ્વરને પામવો હોય તો ભક્તનું હૃદય

જોઈએ. પરમાત્માને ચાહવો હોય તો એ માટે આત્માનો તલસાટ જોઈએ. મીરાંની આરત વગર કૃષ્ણ દેખાતો નથી. નરસિંહની મસ્તી વગર નંદકિશોર જડતો નથી. અદ્વૈતની ભાવના વિના દ્વૈત મટતું નથી. એકતા વિના પ્રેમ સંભવતો નથી. એમ ઘરમાં એક નારી – ઘરરખ્ખુ સ્ત્રી વગર એ ઘર નથી હોતું.

માનવીના જીવનમાં સંઘર્ષ પણ સદાય ચાલ્યા જ કરતો હોય છે. એ સંઘર્ષ સામે લડી લેવાનું બળ પણ એક સ્ત્રી પાસેથી જ મળે છે. આમ તો જીવન એટલે સંઘર્ષ. એમાં સફળતા અને નિષ્ફળતા, આશા અને નિરાશા બધું જ આવે. પણ તેનો ધીરજપૂર્વક સામનો કરીને મધ્યમમાર્ગ અપનાવે તો જ જીવનયાત્રા ઊર્ધ્વગામી બને.

એક નારી – એક સ્ત્રી ડગલે ને પગલે દરેક કાર્યમાં મદદરૂપ થવા હંમેશા તત્પર હોય છે. આજે સ્ત્રીને પુરુષ સમોવડી આપણે ગણીએ છીએ. તે પુરુષની સાથે ખભે ખભો મિલાવીને કામ કરે છે. પણ ઘરનો દોરી સંચાર તેના હાથમાં હોય છે, પરિણામે ઘર-કુટુંબ-સમાજ બધામાં સમતોલન લાવવાનું કાર્ય સ્ત્રી જ કરે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૭૯૨ ૭૮૮૨૭

# સ્વતંત્રતા સંગ્રામમાં જૈન મહિલાઓની ભમિકા

ડૉ. નમનબેન બુચ

**ભા**રતની સ્વતંત્રતાના ઇતિહાસમાં અનેક સન્નારીઓનું પણ અમૂલ્ય યોગદાન રહ્યું છે. ભારતની નારીઓ માત્ર રાજનીતિ, સાહિત્ય કે વિજ્ઞાન ક્ષેત્રે જ મર્યાદિત ન રહેતાં તેઓનાં બુદ્ધિચાતુર્ય, કટિબદ્ધતા અને રાષ્ટ્રપ્રેમની ઝાંખી સાહસ અને નીડરતા પૂર્વક સ્વાતંત્ર્ય સંગ્રામમાં તેઓનો ફાળો પણ ઇતિહાસમાં નોંધનીય બનાવ્યો છે.

સમયાંતરે તથા પ્રસાર-પ્રચારનાં અભાવે સ્વતંત્રતા સંગ્રામનાં ઇતિહાસમાં જૈન વીરાંગનાઓનું પણ અભૂતપૂર્વ યોગદાન રહેલું છે. જેની પર આ લેખમાં વિસરાઈ ગયેલ કેટલી મહાન વીરાંગનાઓ અર્થાત્ મહિલા સ્વાતંત્ર્ય સેનાની વિષે છણાવટ કરીશું.

સ્વતંત્રતા સંગ્રામનાં ઇતિહાસમાં દક્ષિણ ભારતીય વીરાંગનાની ગાથા અનેરી છે. ચૌટા સામ્રાજ્યની તથા ઉલાલ નામક કર્નાટક તરીય ક્ષેત્રની **રાણી અબક્કા ચૌટા** નામના સ્વાતંત્ર્ય સેનાની હતાં. તેઓનો સમય ૧૫૨૫થી ૧૫૭૦નો હોવાની માહિતી મળે છે. તેણી ''જૈન પરંપરા''ની અનુયાયી હોવાનો પૂરાવો પણ મળેલ છે. ૧૬મી સદીના પાછલા ભાગમાં પૉર્ટુગિઝ દ્વારા ઉલાલ પર પોતાની અંતર્ગત સમાવવા અનેક વાર હુમાલ કરાયા, પણ દરેકવાર તેઓ નિષ્ફળ રહ્યા. રાણી અબક્કાની હિંમત અને વીર મનોબળતાને લીધે આશરે ચાર દાયકાઓ સુધી રાણ અબક્કા દ્વારા પોર્ટુગિઝનો સામનો કરાયો. તેમનાં આ પરાક્રમી સ્વભાવને લીધે તેણી 'અભય રાણી' તરીકેનું બિદુર પામ્યાં. રાણી અબક્કાને ભારતના સ્વાતંત્ર્ય સંગ્રામમાં ઇતિહાસમાં 'સર્વપ્રથમ મહિલા સ્વાતંત્ર્ય સેનાની' તરીકે પણ માનવામાં આવે છે.

સ્વાતંત્ર્ય સંગ્રામની આ હારમાળામાં બીજા કેટલાક નામો પાછા જોડાયા છે. જૈન સમાજનાં ઇતિહાસમાં સ્વાતંત્ર્ય સેનાની તરીકે આંખે ઊડીને વળગતી અને ઇતિહાસમાં પણ સ્થાન પામેલ કેટલીક વીરાંગનોઓનાં નામ આ મુજબ છે : શ્રીમતી અંગૂરી દેવી, જયવંતી સંઘવી, કમલા જૈન, શ્રીમતી ગંગા દેવી, શ્રીમતી કેશરભાઈ, શ્રીમતી ફૂલકંવર વારેડિયા, શ્રીમતી પુષ્પાદેવી કોટેચા, તારાબાઈ જૈન કસલીવાય, સજ્જમદેવી મહનોત, શ્રીમતી સર્વતીબાઈ, શ્રીમતી સરદારકંવર લૂણિયા.

સાહિત્યકાર તથા દેશભક્ત એવા મહેન્દ્રજીની ધર્મપત્ની શ્રીમતી અંગૂરી દેવી એક નવીન વિચાર ધારા ધરવાનારા હતાં. તેઓનાં દ્વારા પર્દા-પ્રથાનો વિરોધ કરવામાં આવેલ. અંગૂરી દેવી દ્વારા અંગ્રેજો સમક્ષ અનેક મહિલાઓ સાથે ધરણા કરવામાં આવ્યાં. 'ઇન્કલાબ જિન્દાબાદ' જેવાં ઉચ્ચારણો સાથે અંગ્રેજોનાં લાઠી ચાર્જનો તેઓ દ્વારા સામનો કરાયો. પતિ જેલમાં હોવા છતાં પણ તેમનો જુસ્સો શાંત ન પડતાં વધુ ને વધુ સ્વાતંત્ર્ય સંગ્રામની ચળવળોનાં કાર્યરત રહ્યાં અને તેઓ હિન્દુસ્તાનમાં સ્વતંત્રતાનાં ઉગતા સૂરજનાં સાક્ષી બન્યાં; સ્વતંત્રતાનો સાપેક્ષ અનુભવ કરનારાં આ મહાદેવી ધન્ય છે.

અમદાવાદ શહેરની અમરતાને વચેલી તથા શહીદતાને પામેલ કુમળી વયમાં કૉલેજકાળમાં સ્વતંત્રતાની ચળવળમાં ભાગ લેતાં દરમ્યાન જ અંગ્રેજો દ્વારા છોડવામાં આવેલ ટીયર-ગૅસનો શિકાર બનેલ અને પોતાના દેશ માટે જીવનો ત્યાગ આપનાર જયવંતી સંઘવી નામક જૈન કન્યાનું નામ હરહંમેશ તેણીની વીરતા અને બલિદાન માટે મહિલા સ્વાતંત્ર્ય સેનાની હરોળમાં મોખરે રહેવા પામશે.

અલવર જિલ્લાનાં શ્રીમતી કમલા જૈન, મલાવણી ગામનાં રહેવાસી હતાં. ૧૯૪૬માં તેઓ દ્વારા ''અયોગ્ય મિનિસ્ટરો ખુરશી છોડો'' નામક આંદોલનમાં સક્રિય ભૂમિકા બજાવી. તેઓના સાહસ અને ધૈર્યને લીધે માત્ર અંગ્રેજો જ નહીં પછી પાખંડી નેતાઓનું પણ જીવવાનું હરામ થવા પામ્યું હતું. તેની સજારૂપ કમલા દેવી જૈનને ભયાવહ જંગલમાં છોડી દેવામાં આવ્યાં હતાં. જ્યાં ભૂખ્યા-તરસ્યાં અનેક દિવસો જંગલી જનાવરોનાં ભય સાથે તેનીએ પસાર કર્યાં હતા. આવી દારુણ પરિસ્થિતિ સાથે લડીને આ વીરાંગનાએ પણ ભારતની સ્વતંત્રતાને જોઈ.

કાનુપરનાં શ્રીમતી ગંગાબાઈ તેઓની મંત્રમુગ્ધ કરનારાં ભાષણો અને મૌલિક વાક્છટાને લીધે અલગ જ ઓળખ ધરાવતાં હતાં. તેઓ પણ તેમના પતિ અને પુત્રો સાથે છ માસ સુધી જેલમાં ૧૯૬૧માં આંદોલનમાં ભાગ બનવા બદલ રહ્યાં હતાં.

શ્રીમતી કેશરબાઈ – લલિતપુર નિવાસી જૈન મહિલા સ્વાતંત્ર્ય સેનાની લોકલાજને વેગળી મૂકીને નારી જાતિનું સન્માન બન્યાં હતાં. સમાજનાં બંધનોને ત્યાગીને નારી શક્તિને જાગૃત કરવા હેતુ પ્રતિબદ્ધ બન્યાં. ૧૯૪૧માં વ્યક્તિગત રૂપે સત્યાગ્રહ કરવા માટે તેઓને એક માસ સુધી જેલની યાતના ભોગવવી પડી હતી.

એવું માનવામાં આવે છે કે જે પ્રકારે વર્ધામાં કસ્તૂરબાની ભૂમિકા હતી, તેવી જ ભૂમિકા ઈન્દોરમાં શ્રીમતી ફૂલકંવર ચારોડિયાની પણ હતી. તેઓના દ્વારા અસહાય અને બેરોજગાર મહિલાઓની સહાયતા હેતુ 'મહિલા કલા મંડળ'ની સ્થાપના કરવામાં આવી. જ્યાં અનેક મહિલાઓ સ્વાવલંબી બની. માત્ર ૧૮ વર્ષની વયે વૈધવ્ય જીવનને પામનાર આ જૈન મહિલાને વર્ધામાં ગાંધીજીનાં પણ આશીર્વાદ મળ્યાં હતાં. ૧૯૪૨માં ''ભારત છોડો આંદોલન''માં ઈન્દોરમાં નેતૃત્વ લઈને અંગ્રેજોનો વિરોધ કર્યો. સ્વતંત્રતાના આ સંગ્રામમાં દેશને માટે પ્રાણનું બલિદાન પણ આપી શહીદતાને પામ્યાં.

સુરતનાં ''પ્રથમ મહિલા સત્યાગ્રહી'' તરીકે ઓળખાતા શ્રીમતી પુષ્પાદેવી કોટેચાનું નામ અગ્રેસર છે. ઈ.સ. ૧૯૪૧ના સત્યાગ્રહનાં આંદોલન તેમની ધરપકડ કરાઈ તે સમયે તેણીએ આર્થિક જુર્માનો ન ભરતા જેલની કઠોર યાતનાઓની સહન કરી. જૈન ધર્મની ગૌરવ ગાથાને દેશપ્રેમ અને જોડનાર આવા મહિલા સ્વાતંત્ર્ય સેનાની ધન્ય હો.

મહિદ પુર નિવાસી જૈન ધર્મ અનુયાયી શ્રીમતી તારાબાઈ જૈન કસલીવાલ; જ્યારે તેઓના પતિ નેમીચંદ જૈનને સ્વાતંત્ર્ય સેનાની હોવાને લીધે જેલમાં લઈ જતાં હતાં. ત્યારે સગર્ભા હોવા છતાં પણ અડગ અને અડીખમ રહેલી આવી દેશપ્રેમ માટે થઈને આવી અવસ્થામાં પણ જેલમાં લાંબો સમય રહ્યાં.

સ્વતંત્રતા સંગ્રામનાં આ સમૂહમા અન્ય એક જૈન વીરાંગના હતી – શ્રીમતી સજ્જનદેવી મહનોત. તેઓ ૧૯૩૦માં સરકારી આદેશની અવગણના, ૧૯૩૨માં વ્યક્તિગત સત્યાગ્રહ, ૧૯૪૩માં સ્વતંત્રતાનાં આંદોલન હેતુ અનેક વર્ષો સુધી જેલમાં તથા નજરકેદ જેવી અવસ્થામાં દેશ માટે કટિબદ્ધ થઈ અંગ્રેજો સામે લડત આપી.

શ્રીમતી સરદારકંવર લૂણિયા – સ્વતંત્રતા સંગ્રામની મહિલા સેનાનિયોમાં અંગ્રેસર રહી નેતૃત્વ કરતાં હતાં. ૧૯૩૩માં રાષ્ટ્રીય આંદોલનમાં ભાગ લીધો હતો. તદુપરાંત, તેઓએ વિદેશી વસ્તુઓનાં બહિષ્કારની ચળવળમાં પણ મોખરે રહી નેતૃત્વ કર્યું હતું. ૧૯૩૩માં તેઓ જેલ થઈ હતી જેમાં અન્ય સ્ત્રીઓ અને પુત્ર સાથે રહેલા હેતુ પ્રથમ દર્જાની જેલ છોડી ત્રીજા દર્જાની જેલ જવાનો નિર્ણય લઈ અનેક યાતાનાઓને દેશપ્રેમ હેતુ સહન કરી.

સર્વતીબાઈ (સરસ્વતી દેવી) દ્વારા પણ નાની વયમાં વિધવા બની જતાં પિતાના ઘરે રહીને અનેક સ્વતંત્રતા ચળવળોમાં ભાગ લીધો. બે વાર જેલમાં પણ ગયાં. પરંતુ અંતમાં તેઓ દ્વારા જૈન સાધ્વી દીક્ષા સ્વીકાર કરવામાં આવી અને અંતર આત્માના ચિત્ત ધરીને આંતરિક શત્રુઓ પર વિજય પ્રાપ્ત કર્યો.

ઉપસંહાર રૂપ કહીએ તો, જૈન સમાજની વિચારધારા, સંસ્કાર અને કુલીન પરિવારો/કુટુંબોમાં આવતી આ મહિલા સ્વાતંત્ર્ય સેનાનીઓએ ભારતમાતાનું ગૌરવ અને માન ને પાછું મેળવવા; જૈન ધર્મની ગરિમાને વધુ મહિમામય બનાવ્યો. ભારત દેશની આ પવિત્ર ભૂમિ કે જેને સ્વતંત્ર જોવા માટે ભારત દેશની અનેક વીરાંગનાઓની સાથે લેખમાં આવરી લેવામાં આવેલી જૈન મહિલા સ્વાતંત્ર્ય સેનાનીઓ અમર અને ઈતિહાસમાં એક અમૂલ્ય સ્થાન પામનાર બને છે. આ સ્ત્રીઓની અડગતા, અખંડતા અને બલિદાનને લીધે જ આજે ભારતદેશ સ્વતંત્રતાને પામ્યો છે, જેઓનાં માટે કેટલી ધન્યતા અને ઋણતા અનુભવીએ તે ઓછું છે. આવી વીરાંગનાઓને કોટિ કોટિ નમન!

સ્વતંત્રતા સંગ્રામની આ લડતમાં જેમણે સમગ્ર ભારતને તેમનાં 'સ્વતંત્ર ભારત'નાં સ્વપ્નને સીંચ્યું હતું તેવા લોકલાડિલા મહાત્મા ગાંધી બાપુએ જૈનદર્શનનાં સત્ય, અહિંસા જેવા મુખ્ય મહાવ્રતોની સાથે ટકી રહીને તથા તેમની સાથે તેમનાં ધર્મપત્ની શ્રીમતી કસ્તુરબા ગાંધી, રાણી લક્ષ્મીબાઈ, સરોજિની નાયડુ, કમલા નહેરુ, માતંગિની હાઝરા, કનકલતા બરઉઆ, ભિકાજી કામા, તારારાની શ્રીવાસ્તવ, મૂળમતી દેવી, લક્ષ્મી સહેગલ, ઈન્દિરા ગાંધી જેવી સ્વાતંત્ર્ય સેનાની મહિલાઓનું અમૂલ્ય યોગદાન તથા બલિદાન કેમ કરીને ભૂલી શકાય!!

✦ ✦ ✦

સંપર્ક : ૯૮૨૦૧ ૨૨૮૫૪

# દિવ્યાંગ નારીઓનું રમતગમતના ક્ષેત્રે યોગદાન

કોકિલા મહેન્દ્ર શાહ

**ના**રીની પ્રતિભા બહુમુખી છે. પુરુષપ્રધાન આ સમાજમાં પણ નારી પોતાની બુદ્ધિમત્તાથી સામાજિક બંધનોથી સંઘર્ષ કરીને પણ આજે પુરુષ સમોવડી બની રહી છે. કોઈપણ ક્ષેત્ર હોય – સાહિત્ય, કલા, યુદ્ધક્ષેત્ર, વિજ્ઞાન, સમાજસેવા, વિમાનવાહક, અવકાશયાનયાત્રા, રમતગમત, તદ્દુપરાંત બીજા ઘણા ક્ષેત્રો છે કે જેમાં પુરુષોનું જ પ્રાધાન્ય રહેતું હતું, પણ આજે નારીએ આ બધા ક્ષેત્રોમાં પગરણ માંડી સિદ્ધિ મેળવી છે.

આજે આપણે દિવ્યાંગ નારી કે જેની શારીરિક શક્તિ એક યા બીજા પ્રકારે હણાઈ ગઈ હોય, કુંઠિત થઈ ગઈ હોય તેવી નારીઓના સંઘર્ષમય પ્રયત્નોથી વિવિધ ક્ષેત્રોમાં તથા ખાસ કરીને રમતગમતના ક્ષેત્રમાં તેઓએ મેળવેલી સિદ્ધિઓ જોઈશું. તેઓનું સંઘર્ષમય જીવન સમાજ માટે પ્રેરણાસ્ત્રોત બની રહે છે. હેલન હેલર કે જે અંધ, બધિર અને શરૂઆતના વર્ષોમાં વાચા પણ ન હતી પણ પછી તેના શિક્ષક એન સુલેવાનના પ્રયત્નથી તેણે વાચા પણ મેળવી તેમ જ અંગ્રેજી, લેટિન, ફ્રેંચ, જર્મન વગેરે ભાષાઓનું જ્ઞાન મેળવી સમાજમાં સિદ્ધિ મેળવનારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ છે. તેમ જ તેણે પુસ્તકો પણ લખ્યા. અસંભવને સંભવિત કરનાર, અશક્યને શક્ય બનાવનાર આ બધી દિવ્યાંગ નારીઓનું રમતગમતનું ક્ષેત્ર કે જે સ્વસ્થ મનુષ્યોનું ક્ષેત્ર છે તેમાં પણ અદ્ભૂત સિદ્ધિ મેળવી Paraplegic રમતોમાં પણ આગવું પ્રદાન કરી વિવિધ મેડલો મેળવી તેમનું યોગદાન દીધું છે.

આ બધી નારીઓનું યોગદાન જોતાં પહેલાં આપણે Paralympics રમતનો થોડો ઇતિહાસ જોશું. પ્રથમ ઈ.સ. ૧૯૪૪માં ડૉ. Ludwing Guttmanનો આ દિશામાં પ્રયત્ન હતો. તેણે બ્રિટનની Stoke Nandeville Hospitalમાં Spinal Injuries Centre (કમર યા તેથી નીચેના ભાગની ઈજાઓ માટેનું સેન્ટર) ખોલ્યું અને તેમાં તેણે દર્દીઓના Rehabititation માટેની રમતો શરૂ કરી. સમય જતાં આ Rehabilitation રમતોનું Recreational રમતોમાં પરિવર્તન થયું અને તેનું પાછું સ્પર્ધાયુક્ત રમતોમાં પરિવર્તન થયું. ઈ.સ. ૧૯૪૮માં ઓલિમ્પિક રમતોના લંડનમાં ઉદ્‌ઘાટનમાં પ્રથમવાર Wheelchair રમતવીરોની સ્પર્ધા યોજવામાં આવી જેનું નામ Stoke Mandeville રમત રાખવામાં આવ્યું. પછી દર ૪ વર્ષે આ રમતોનું આયોજન કરવામાં આવે છે. ઈ.સ. ૧૯૬૦માં રોમ, ઈટલીમાં પેરાલીમિયક રમતોનું આયોજન કર્યું, જેમાં ૨૩ દેશોમાંથી ૪૦૦ રમતવીરોએ ભાગ લીધો. ઈ.સ. ૧૯૬૦માં આંતરારાષ્ટ્રીય સ્પોર્ટ સંસ્થા (ISOD) – દૃષ્ટિબાધિત, amputees,cerabral palsy વાળી વ્યક્તિઓ તેમ જ અન્ય દિવ્યાંગ વ્યક્તિઓ માટે સ્થાપવામાં આવી. ઈ.સ. ૧૯૭૬માં પ્રથમ શિયાળુ (winter) પેરોલીમ્પિક રમતોનું સ્વીડનમાં આયોજન કરવામાં આવ્યું.

ઈ.સ. ૧૯૯૨માં એમ. મહાદેવ અને અન્યના પ્રયત્નોથી ભારતીય પેરાલીમ્પિક સમિતિની (Physically Handicapped Sports Federation) સ્થાપના કરવામાં આવી જેના પ્રથમ સ્થાને સિંઘ હતા અને તેને આંતરરાષ્ટ્રીય પેરાલીમ્પિક સમિતિ સાથે સાંકળવામાં આવ્યા. હાલમાં પેરાલીમ્પિક એથ્લેટીક્સ, સ્વીમિંગ, શુટીંગ, પાવરલીફ્ટીંગ, સ્કીઈંગ, આઈસ સ્લેજ હોકી, વ્હીલચેર ડાન્સસ્પોર્ટ, બાસ્કેટ બોલ, સ્નુકર, આર્ચરી, વ્હીલચેર રગ્બી, ટેબલ ટેનિસ વોલીબોલ, ફુટબોલ, વ્હીલચેર બાસ્કેટબોલ, ડીસ્કસ થ્રોઈંગ આદિ ક્ષેત્રોમાં પેરાલીમ્પિક્સ રમતોનું આયોજન કરવામાં આવે છે. ઈ.સ. ૨૦૦૧ની વસ્તીગણના મુજબ ભારતમાં ૨૧ મીલિયન લોકો દિવ્યાંગ છે, જેમાં ૯.૩ મીલિયન સ્ત્રીઓ છે.

હવે આપણે આવા કેટલાક નારી રત્નોના ખેલકૂદના ક્ષેત્રે રહેલા યોગદાનને નીરખીએ. આ બધાની કથા પ્રેરણામય છે અને ઉત્તમોત્તમને પણ દાંત તળે આંગળી દબાવતા કરી દે છે.

**દીપા મલિક** – જન્મ ૩૦ સપ્ટેમ્બર ૧૯૭૦, કર્નલ બી. કે. નાગપાલની પુત્રી અને કર્નલ વિક્રમ સિંહની પત્નીની સિદ્ધિ અજોડ છે. તેને ૩૦ વર્ષની વયે કમરમાં ટ્યુમર (Tumor)ની ત્રણ સ્પાઈનલ સર્જરીને કારણે તેના શરીરનો નીચેનો ભાગ શૂન્ય થઈ જવા છતાં તેણે ૨૦૧૬માં યોજાયેલ પેરાલિમ્પિક શોટપુટમાં રજત ચંદ્રક અને જવલિન થ્રો (Jevelin Throw)માં ૨૦૧૮માં દુબઈમાં યોજાયેલ ગ્રાન્ડ પ્રીક્સમાં સુવર્ણ ચંદ્રક મેળવીને એક અદ્ભૂત ઈતિહાસ રચ્યો છે. તદ્દુપરાંત ભારતની રાષ્ટ્રીય પ્રતિયોગિતાઓમાં ૩૩ સુવર્ણ ચંદ્રક તથા ૪ રજત ચંદ્રક પ્રાપ્ત કર્યા છે અને ૨૦૦૮-૨૦૦૯માં યમુના નદી તરવામાં તથા બાઈક સવારીમાં ભાગ લઈ બે વાર પોતાનું નામ લિમ્કા બુક ઓફ રેકોર્ડ્સમાં દાખલ કરાવ્યું. તેણે ૮ દિવસની ૧૭૦૦ કિ.મી. ની drive માઈનસ ડીગ્રીના તાપમાનમાં કરી જે હિમાયલ મોટર સ્પોર્ટસ એસોસિએશને યોજ્યું, જેમાં પહાડી વિસ્તારોમાં ડ્રાઈવ કરવાનું હતું. ૫૮ રાષ્ટ્રીય મેડલ્સ અને ૨૩ આંતરરાષ્ટ્રીય

મેડલ્સ મેળવનાર આ મહિલા રાજીવ ગાંધી ખેલરત્ન પુરસ્કાર, અર્જુન એવોર્ડ, પદ્મશ્રી એવોર્ડ, પ્રેસીડન્ટ રોલ મોડેલ એવોર્ડ, કર્મવીર ચક્ર એવોર્ડ, મિસાલે હિંમત એવોર્ડ, સ્ત્રી શક્તિ પુરસ્કાર, રાષ્ટ્ર ગૌરવ પુરસ્કાર, નારી ગૌરવ પુરસ્કાર, સ્વાવલંબન પુરસ્કાર, મહારાષ્ટ્ર છત્રપતિ એવોર્ડ આદિ અન્ય અનેક એવોર્ડની વિજેતા આ નારીએ Paralyticમાંથી Paralympian બની ઘણી અજોડ સિદ્ધિઓ મેળવી છે. જ્યારે દીપા જીંદગીની લડાઈ લડી રહી હતી ત્યારે તેનો પતિ કારગીલની લડાઈ લડી રહ્યો હતો.

**દેવિકા મલિક** – પદ્મશ્રી દીપા મલિક અને કારગીલના યોદ્ધા કર્નલ વિક્રમ સિંહની પુત્રી Premature બાલિકા અને acute neonatal jandice સાથે જન્મી હતી. બે વર્ષની ઉંમરે તેને મોટરસાઈકલના અકસ્માત થવાથી તેના જમણી તરફના મગજ પર ઈજા થવાથી તેની શરીરની ડાબી બાજુએ પેરાલીસીસ થવાથી તે Hemiplegic બની ગઈ. પરંતુ આ પરિસ્થિતિમાં તેની માતાની સપોર્ટથી તે પણ પરિસ્થિતિનો સામનો કરતાં શીખી ગઈ આજે ૨૮ વર્ષની વયે તેણી આંતરરાષ્ટ્રીય પેરાએથ્લેટ છે જેણે આઠ રાષ્ટ્રીય પુરસ્કાર અને ત્રણ આંતરાષ્ટ્રીય પુરસ્કાર પેરાએથ્લેટિકમાં ૨૦૧૧-૨૦૧૬ના પાંચ વર્ષના ગાળામાં મેળવ્યા છે. હાલમાં તે વ્હીલિંગ હેપીનેસ ફાઉન્ડેશનની સહ સ્થાપક અને માનસિક સલાહકાર છે. તેને ક્વીન એલિઝાબેથ ૧૧ દ્વારા બકિંગહામ પેલેસ લંડનમાં ક્વીન્સ યન્ગ લીડરનો એવોર્ડ મળ્યો છે. એણે ૫૩ રાષ્ટ્રના મુખ્ય પદાધિકારીઓ (Heads), બ્રીટીશ રોયલ પરિવાર, અને વિશ્વના રાજકીય અને સામાજિક ક્ષેત્રના અગ્રગણ્ય નેતાઓને સંબોધ્યા છે અને તે દિવ્યાંગ યુવાનો માટે કોમનવેલ્થ અને યુનાઈટેડ નેશન્સમાં મુખ્ય કાર્યકર્તા છે. તે દિવ્યાંગ માટે રમતોના ફાયદા વર્ણવતી TED X વક્તા છે. તે ઉપરાંત કોમનવેલ્થ બાળકો અને દિવ્યાંગ નેટવર્કની કમિટીની મુખ્ય મેમ્બર છે. મુખ્ય પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ તેના આ ક્ષેત્રે આપેલ ફાળાને બિરદાવ્યો છે.

**ડૉ. અરુણિમા સિંહ** – ઈ.સ. ૨૦૧૧માં લૂંટારાઓએ તેને ટ્રેઈનમાંથી બહાર ફેંકી દેતા તેનો પગ કાપી નાખવો પડ્યો હતો. તેણે Prosthetic પગ સાથે ચેલેન્જને સ્વીકારી અને પોતાનું માઉન્ટ એવરેસ્ટ પર પર્વનારોહણનું સ્વપ્નું પૂરૂં કર્યું. તે આ પર્વતારોહણ કરનાર પ્રથમ amputee નારી હતી. તે પહેલાં તે ઉત્તરપ્રદેશમાંથી રાષ્ટ્રીય સ્તરની વોલીબોલ રમતવીર હતી. તેનો કૃત્રિમ પગ તેની શક્તિમાં પરિવર્તિત થયો. તેણે પર્વતારોહક બચેન્દ્રી પાલ પાસે શિક્ષા લીધી હતી. તેનું પુસ્તક 'Born Again on the mountain: How I lost everything & found it back'નું વિમોચન પ્રાઈમ મિનિસ્ટર નરેન્દ્ર મોદીના હસ્તક થયું હતું. તે પદ્મશ્રી એવોર્ડ, તેમ જ તેનસિંગ નોર્ગે નેશનલ એડવેન્ચર એવોર્ડ વિજેતા છે અને તેણે ચંદ્રશેખર આઝાદ ખેલ અકાદમી નામની NGO સ્થાપી જેમાં તે વિદ્યાર્થીઓને શિક્ષા આપે છે, તેની કથા ધૈર્ય, દઢ નિર્ણય, પોતાના ધ્યેયને માટેના પ્રયત્નોની કથા છે. નીચે કેટલાક લોકોએ તેને જે શબ્દોમાં બિરદાવી છે તે ટાંકું છું.

'અરુણિમા એક અત્યંત સાહસિક બાળા છે અને તેની પ્રેરણાદાયી જીવનકથા વિદ્યાર્થીઓએ અવશ્ય વાંચવી જોઈએ' – નરેન્દ્ર મોદી

'જે પરિસ્થિતિમાં કોઈપણ હાર માની જાય તેવી પરિસ્થિતિમાં અરુણિમાએ દઢ નિશ્ચય અને વીરતાનો પરિચય આપ્યો છે' – રતન ટાટા.

'અરુણિમાએ પોતાના આત્મવિશ્વાસ અને દૂરદષ્ટિથી ઇતિહાસ રચ્યો છે' – અખિલેશ યાદવ.

**હરમજ્યોતિ દલાલ** – તે હરિયાણાની છે. તે જ્યારે ૨૧ વર્ષની વયની હતી ત્યારે અગાશીમાંથી પડી જવાને કારણે Paralympic થઈ ગઈ હતી જેને કારણે કમરથી નીચેનો ભાગ શૂન્યવત્ થઈ ગયો હતો. તેણે F-૫૫ વર્ગમાં ડીસ્કસ થ્રો માં Paralympic રમતમાં કાંસ્ય ચંદ્રક મેળવ્યો હતો. રાષ્ટ્રીય સ્તરે તેણે ૩ સુવર્ણચંદ્રક મેળવ્યા હતા. પેરાલીમ્પિક બન્યા પહેલાં તે રાષ્ટ્રીય સ્તરે કબડ્ડી રમતી હતી.

**વૈશાલી સાલાવકર** – ૧૯૭૨માં જન્મેલ પ્રજ્ઞાચક્ષુ વૈશાલી પ્રથમ ભારતીય દષ્ટિબાધિત મહિલા છે જેણે આંતરરાષ્ટ્રીય બ્રેઈલ ચેસમાં ભાગ લીધો હતો. વર્લ્ડ ચેસ એલિમ્પિયાડ જ્યોર્જીયામાં યોજવામાં આવી હતી. તે ૨૦–૨૫ વર્ષથી ચેસ રમી રહી છે. તે આઠ વખત રાષ્ટ્રીય સ્તરે ચેમ્પીયન રહી છે

**છાયા ચૌગુલે** – તે બધિર કેરમ એસોસિએશન દ્વારા યોજાતી કેરમની રમતમાં ભાગ લઈ રહી છે અને તેણે કેટલાક મેડલ પણ મેળવ્યા છે.

**માનસી જોષી** – ગુજરાત સ્થિત સોફ્ટવેર એન્જીનીયર અને પેરા-બેડમીન્ટન રમતવીર છે. ઈ.સ. ૨૦૧૧માં એક મોટર સાઈકલના અકસ્માતથી તેનો પગ કાપી નાખવો પડ્યો. પણ તેને સ્પોર્ટ્સ પ્રોસ્થેસીસ મળ્યા પછી તેના બળે તેણે સ્ત્રીઓની સીંગલ SL ૩ કેટેગરીમાં ૨૦૧૮માં થાઈલેન્ડમાં યોજાયેલ આંતરરાષ્ટ્રીય પેરા-બેડમીન્ટનમાં ભાગ લઈ કાંસ્ય ચંદ્રક મેળવ્યો. ૨૦૧૫માં વર્લ્ડ ચેમ્પીયનશીપ પેરા-બેડમીન્ટનમાં રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો. તે તેના બેડમીન્ટનના શિક્ષક (Coach) ગોપીચંદ પાસે શિક્ષા લઈ રહી છે. અને બેડમીન્ટન એમ્પ્યુટી કમિટીની સભ્ય છે.

**દીક્ષા ડગર** – ૧૪ ડિસેમ્બર ઈ.સ. ૨૦૦૦માં જન્મેલ આ બધિર 'સ્ત્રી ભારતીય પ્રોફેશનલ બધિર ગોલ્ફ પ્લેયર છે. તેણે કેટલીક એમેચ્યોર ગોલ્ફ ટુર્નામેન્ટમાં ભાગ લીધો છે અને ૨૦૧૭માં સમર ડેફલીમ્પિકમાં રજત ચંદ્રક મેળવ્યો હતો અને ૨૦૧૯માં ફક્ત દ્વિતીય ભારતીય સ્ત્રી ગોલ્ફર છે.'

**મલાથી (Malathi) કૃષ્ણમૂર્તિ હોલ્લા** – ૬ જુલાઈ ૧૯૫૮માં બેંગ્લોરમાં જન્મેલ મલાથીને ૧ વર્ષની વયે તાવથી લકવા થઈ ગયો, પછી તેનો નીચેનો હિસ્સો શૂન્ય થઈ ગયો. તેણે દક્ષિણ કોરિયા, બાર્સેલોના, એથેન્સ, બીજીંગમાં આયોજીત પેરાલીમ્પિકમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. બેન્ગકોક, સાઉથ કોરિયા, કુઆલાલુમ્પુર બીજીંગમાં આયોજીત એશિયન રમતો, ડેન્માર્ક અને ઓસ્ટ્રેલિયામાં આયોજીત વિશ્વ ચેમ્પીયનશીપ તથા બેલ્જીયમ, કુઆલાલુમ્પુર અને ઈંગ્લેડમાં આયોજીત ઓપન ચેમ્પીયનશીપમાં ભારતનું પ્રતિનિધિત્વ કર્યું. ૩૦૦થી વધુ સુવર્ણ પદક જીતનાર તેણીને પદ્મશ્રી અને અર્જુન એવોર્ડથી નવાજીત કરવામાં આવી. તેના પર ૩૨ સર્જરી થઈ ચૂકી છે. હાલમાં તે સીન્ડીકેટ બેંકના મેનેજર રૂપે કામ કરે છે અને ચેરીટેબલ ટ્રસ્ટ Mathru Foundationમાં ૧૬ વિકલાંગ બાળકોને રાખે છે અને તેનું મુખ્ય ધ્યાન પોલિયો પીડિતો પ્રત્યે છે. તેણે પોતાની બાયોગ્રાફી 'A Diflerent Spirit' ૮ જુલાઈ ૨૦૦૯ને દિને પ્રકાશિત કરી.

**ઈન્શા (Insha) બશીર** – જમ્મુ અને કાશ્મીરમાં જન્મેલ આ બાલિકા ૧૫ વર્ષની વયે અકસ્માતથી સ્પાઈનલ ઈજાને કારણે Wheelchairમાં જીવન જીવતી બાલિકા બની ગઈ. બાલિકા તરીકે ઈન્શાને રમતમાં ક્રિકેટ અને વોલીબોલ પ્રત્યે લગાવ હતો અને તે ડ્રિસ્ટ્રીક્ટ સ્તર સુધી પહોંચી ગઈ હતી. પરંતુ અકસ્માત પછી ઘણા સંઘર્ષ પછી તેણીએ Wheelchair Basketball રમવાનું શરૂ કર્યું. તે બીજા લોકોને પણ તેમની મુશ્કેલીઓમાંથી બહાર આવી ખેલકૂદના ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા આપે છે.

**વિદિશા બાલિયાન** – ૨૧ વર્ષની વિદિશા મુઝફ્ફરનગર, ઉત્તરપ્રદેશની આંતરરાષ્ટ્રીય સ્તરની લોન ટેનિસ રમનાર મહિલા છે. તેને ૫ વર્ષની વયે તે થોડા અંશે બધિર અને બોલવામાં પણ તકલીફવાળી થઈ. તેણે ૧૨ વર્ષની વયે તેણીએ વોલીબોલ, ટેનીસ અને બાસ્કેટબોલ રમવાનું શરૂ કર્યું, પરંતુ તેનું વલણ લોન ટેનિસ તરફ વધુ રહ્યું. તેણે રાષ્ટ્રીય સ્તરે રજત ચંદ્રક પ્રાપ્ત કર્યો અને ૨૦૧૭માં ટર્કીમાં આયોજીત ડેફલીમ્પિક્સમાં ૫ મી રેન્ક પ્રાપ્ત કરી તે સિવાય ડેફલીમ્પિક્સમાં પણ તે મેડલ જીતી ચૂકી છે. હાલમાં સાઉથ આફ્રિકામાં આયોજીત સ્પર્ધામાં 'મિસ ડેફ વર્લ્ડ'નો ખિતાબ જીતનાર પ્રથમ મહિલા છે.

**પ્રીતિ શ્રીનિવાસન** – તેણી તામિલનાડુની ૧૯ વયની નીચેની સ્ત્રીઓની ક્રિકેટ ટીમની કેપ્ટન રહી ચૂકી છે અને તે ચેમ્પીયન સ્વીમર પણ હતી. પરંતુ તેના અકસ્માતે તેને Quadriplegic બનાવી દીધી. હાલમાં તે SOULFREE નામની સંસ્થા ચલાવે છે, જેમાં દિવ્યાંગ નારીઓને તેમના પગ પર ઉભા રહેવાની તથા ખેલકૂદના ક્ષેત્રે આગળ વધવાની પ્રેરણા આપવામાં આવે છે.

**સુધા ચંદ્રન** – ભારતીય ફિલ્મ અને દૂરદર્શનની કલાકાર અને ભારતનાટ્યમ્‌ની નૃત્યાંગના છે. ૧૯૮૧માં તેને માર્ગ અકસ્માતમાં તેના પગમાં ગેંગેરીન થઈ જવાથી તેને કાપી નાખવા પડ્યા હતા. પણ જયપુર ફૂટ સાથે પણ સુંદર નૃત્ય કરનાર તે નારી દૂરદર્શન અને ફિલ્મ ક્ષેત્રે વિવિધ એવોર્ડ જીતી ચૂકી છે.

આ બધી નારીઓની કથા પ્રેરણાદાયી છે અને દઢનિર્ણયશક્તિથી તથા ધ્યેયલક્ષી પ્રયત્નોથી શારીરિક કે માનસિક ખામીએ હોવા છતાં પણ પોતાનું ધ્યેય સિદ્ધ કરી શકાય છે, તેવું આ નારીઓએ સિદ્ધ કરી બતાવેલ છે. આવા તો અનેક ઉદાહરણો મળે છે.

✦ ✦ ✦

સંપર્ક : ૯૯૩૦૨ ૯૮૨૫૫, મુંબઈ

# Women Empowerment in Science

**Urmi Jatin Shah**

Since the past few decades there have been significant changes especially in the women's role, outlook, persona, status, and more and women have gained phenomenal importance in every aspects of life, society, culture and environment. Women have gained lot of respect and space in fields like politics, work force, sports, education, medicine, defence, etc. and more importantly even in their household they have been given that much respect & importance which has been their rightful duty & was neglected until the women's revolution took place. The integration of women in the

leadership of society and other systems of human life is becoming necessary. The maternal qualities are expanding from the personal home to the global home. The female nature and drive to create a supportive and embracing environment will be expressed in society in creating healthy and proper conditions for bonding between people. Without such an environment that only women can design and manage, the men will continue to quarrel like children.

Gender equality has been one of the most debatable topic before & until now also. In spite of equal rights and opportunities for women to enjoy as the men there have been many challenges that a women has to face regularly. Although the contribution which the women have in imparting has been at par with man, yet they are undermine or mistreated or underpaid. So changing the fascia of the women's image she has now become a multitasker exploring the fields of the workforce along with taking a very active role in the upbringing of the children and setting the value and educational ethics into her children. She is also managing her household with at most duty dedication and willingness & similarly portraying a role model to make the society a better place and she is also contributing to the work field wherever she belongs. What better way of a Multi Tasker can give a better example of.

So giving more clarity for my opinion I would like to point out some of the contributions about Indian women who have significantly left their marks in the field of science and Technology.

**Indira Hinduja - Indian Specialist**

Dr. Hinduja is one of the renowned gynecologist, obstetrician and infertility specialist who introduced Gamate Intra Fallopian Transfer. She also delivered India's first test tube bady. This is the most amazing breakthrough about creating human life which was until now was not even imaginable. This is a miracle that has happened in the history of the world where it gives hopes and promises to humans to continue their generation inspite of not being able to conceive naturally.

**Asima Chatterjee - Indian Chemist**

Asima Chatterjee was as Indian organic chemist noted for her work in the fields of organic chemistry and phytomedicine. Her notable work includes research on vinca alkaloids, the development of anti epileptic drugs and development of anti malarial drugs.

**Shubha Tole - Indian Neurologist**

Shubha Tole is well known for her contribution in the field of neuroscience. She discovered a master gene which controls the development of the brain's cortex, hippocampus and amygdale. Presently she is working in the Tata Institute of Fundamental Research.

**Dr. Aditi Pant - Indian Oceanographer.**

She was the first woman to visit the Antarctica as a part of Indian Antarctic programme back in the early years of 1983. This expedition was aimed at gathering information related to food chain physics, Chemistry & biology in the Antarctica Ocean.

**Tessy Thomas - Indian Scientist**

She is the first Indian woman scientist to have headed a missiles project. She was knows as the Missile lady due to the successful launch of Agni series of missiles.

**Nandini Harinath - Rocket Scientist**

A rocket scientist at the ISRO satellite centre in Bengalaru, Nandini has worked on 14 missions in her 20 yrs of work journey. She was the deputy operation director for the Mangalyaan mission & says that her first exposure to science was the popular T.V. Series Star Trek.

**Mangala Narlikar - Indian Mathematician**

Mangala Narlikar has worked in the field of both simple Arithmetic's and Advanced Mathematics at the University of Pune and University of Mumbai. One of the few woman mathematics researcher of

our country. She completed her Ph.D. 16 years after marriage. She has published several books on mathematical topics in both English and Marathi Language.

**Kalpana Chawla - Indian Astronaut**

Kalpana Chawla is the first Indian origin astronaut to have forayed into the space. She first flew on a space shuttle. Colubia in 1997 as a mission specialist and primary robotic arm operator. She moved to U.S. in 1982 and obtained a Master of Science degree in Aerospace Engineering from the University of Texas at Arrlington in 1984 and earned a second Masters degree in 1986 and Ph.D. in Acrospace engineering in 1988 from the University of Colorado Bouldar. She died in the space shuttle on Feb. 1st, 2003.

**Anandibai Joshi - Indian Physician**

Anandibai Joshi - was the first Indian woman physician and the first woman to have graduated with a two year degree in Western Medicine in the United States. Few incidences of her personal life led her to take up Medicine. She was married at the age of nine to a widower who was 20 yrs older to her. At the very tender age of 14, she gave birth to a son who died soon after due to lack of enough medical facilities. The death of her new born inspired to become a physician. Her husband encouraged her to study Medicine abroad. She studied at the women's Medical College of Pennsylvania in 1866 which was more than 150 yrs ago. & this was the first woman's medical programme wordwide.

**Kiran Mazumdar Shaw - Indian Billionare Enterpruner**

Kiran Shaw is the Chairman & Managing director of Biocon Ltd, a biotechnology company based in Banglaroe, India and the chair person of Indian Institute of Management. Her work in the biotechnology sector has earned her numerous national awards, including the Padma Shree & Padma Bhushan. The illness of her husband and her mother with cancer have motivated to support cancer research & treatment. Biocon manufactures drugs for Cancer, Diabetes and various auto immune diseases.

**Madhuri Mathur - Indian Engineer.**

Madhuri Mathur used the Braun blender from Germany for most of her cooking. While it was efficient, she noticed that it could not break down the spices used in Indian cooking. She with her hard work, skills, strenuous efforts & labour invented Sumeet Mixer with her Engineer husband 40 yrs ago. Now Sumeet Mixer holds name in ever yore's home & it has become necessity also.

So these are a few ways in which women have been empowering and changing the history of our lifestyle in each and every aspects of our society.

Remember, woman by Resse Leyva

Remember, woman, you were born life giver, miracle creator, magic maker

You were born with the heart of thousand mothers, Open and fearless and sweet.

You were born with the fire of Queens & conquerors, warriorsess blood you bleed.

You were born the teller of your own tale, before no one should you kneel.

You were born with an immeasurable soul reaching out past infinity.

You were born to desire with passion, abandon and to name to your own destiny.

Remember, woman, remember you are more than you can see.

Remember, woman, remember you are loved endlessly.

Remember, woman, your power and grace, the depth of your deep sea heart.

Never forget you a woman divine, as your have been from the start.

✦ ✦ ✦

Contact: 98219 32552

# Virtuous Women Persuading Jain Credence!

Prachi Dhanvant Shah

History reveals that women are encompassed with the ability to magnify the substance and essence of anything and everything. Given a chance, she multiplies and enlarges the significance of whatever you give her. Because only a woman's heart and soul are stronger and compassionate as compare to anyone else along with her wisdom and mental forte. Although, history also reveals discrimination and inferiority stamped on this gender. But never the less, it was categorized and pigeonholed by this human-made worldly society. Because the fact is, it is only a woman who can withstand the harshest of reality and yet create a beautiful home. And such are the legendary virtuous women of Jain history who has created and given us an exquisite essence of religion for us to pursue.

Jain scriptures depict the contribution of such virtuous women (Satis) who have been worshiped for their assets. They, by means of their influence and virtues, have been able to endorse, defend and sustain the Jain values and philosophy, the Jain religion itself. Although, in some sects due to some misconceptions, the religious status of women is conceptual. Some Jain sects assume that women cannot attain moksha unless reborn as a male and are also deprived of certain spiritual rights. They are considered to feebler just because they are believed to be more compassionate and emotional. When the fact is, there need not be any distinction, be it men or women. Virtually a man cannot be a woman and a woman cannot be a man. Each gender affirms its own identity and magnitude, so why find any similarities or differences? But anyway, this could be a myth or fact.. and the debate on this can go on, and on, so despite going on that treatise, why not allure the input and impact of some illustrious women who are revered and worshiped for their contribution to Jain religion.

Jain religion strongly acclaims that woman is the source and citadel for the perpetuation and endurance of this religion. Jain scriptures are Satiated with examples of women's remarkable character, resilience, and aptitudes who have played exceptional roles in Jain history. Jain belief commends the existence of women equally as men. It gives women an indispensable role both ethically and spiritually. There have been several stories in Jain history that highlight the desirable religious personae of Jain women with striking conventions. For instance, the Jain doctrines propose a four-fold religion for Jain daily lifestyle, and it is addressed not just for men (Shravak) but women *(Shravika)* too. The Svetambara sect of Jains perhaps applauds more female monks then males. Jain history of tirthankar's give significant prominence to their mother figure and goddesses are expressively worshiped as celestial figures. Above all, who does not know the existence of Sola-Sati- the 16 virtuous women of Jain history who enthralled the momentous essence of righteous religious ethics. They are namely - Brahmi, Sundari, Candanbala, Rajjmati, Draupadi, Kausalya, Mrgavati, Sulasa, Sita, Subhadra, Siva, Kunti, Damayanti, Puspacula, Prabhavati, Padmavati.i. Besides, although not included in the list of sola Sati, there also exists ovation of Rohini, Anjanasundari, and Mainasundrai in Jain history. The virtuous of these 16 Satis are significantly emphasized in Jain scriptures and are manifestly enlisted in several hymns for instance- "SolSati no Chand" which is usually recited by Jain shravaks&shravikas in the mornings. Although this list of sola Sati remains stagnant, there is a prominent citing of many more

added virtuous women in other Jain hymns, for example as mentioned in "BharahesaraniSajjhay", "BharatesvaraBahubalVrttih", "Jñanvimal-suri's Satasatini Sajjhay" etc.

Invigorating the history, the epic story of Brahmi & Sundari daughters of the first Jain Tirthankar Rishabdev is often remembered. Their tale is identified for their intense desire for renunciation against all encounters. Besides, the ancient Brahmi lipi (language) used for scriptures was introduced by princess Bhrami. And princess Sundarai is the one to give us the science of numbers i.e mathematics. The fascinating part behind their story is that princess Brahmi &Sundari represent female literacy. King Rishabdev, besides just educating and grooming his sons with the needful skills, also made sure his daughters were educated and trained Bhrami with the science of letters and Sundari with the science of numbers, thus giving us two primary streamlines, literature and mathematics. This elaborately signifies that way back in centuries, king Rishabdev did not discriminate and consider women inferior and sets the illustration of female literacy. After king Rishabdev renounced the world and became a monk, Brahmi asked his brother Bharat's permission and became the first Jain female monk. Sundari was Bharat's step sister and Bahubali's real sister. Hence, she decided to take permission from Bahubali to renounce the world, but at that time, Bahubali had already renounced the world and so asked her to seek Bharat's permission for the same. When Sundari asked Bharat's permission to become a monk, he denied it. She obediently accepted his decision and became the first Jain laywoman (Shravika). Although she was denied to her wish of becoming a monk, in her heart she had renounced the world and lived life with limitations just like a monk and undertook ayambils (dry food without oil and spices) every day. Seeing her dedication and affirm devotion, Bharat finally gave her permission to renounce the world and become a monk. Thus, Brahmi and Sundari became the first joint leaders to lead a group of female monks (sadhvis). It is believed that upon the liberation of their soul, as per swetamber sect of Jains, they attained enlightenment and as per Digambar sect of Jains, it is believed that they were reborn as deities.

Early lives of 24 Jain tirthankars, often depict episodes which divulge women being decisive and paramount in their lives. It is discerned that the first of the five auspicious Kalyanak (events) of every jina's (Tirthankar's) life portrays their birth where women play the quintessential role giving birth to an infant who would eventually thrive to be a tirthankar. Marudevi, wife of king Nabhiraja conceived a pious soul in her womb who was to become the Jain tirthankara Rishabdev. When she conceived this pious soul, she dreamt fourteen auspicious things which then was explained by king Nabhiraja that she was to give birth to an endowed soul who would show the path of peace and bliss to the world. When she gave birth to this pious soul, the entire surrounding was enlightened and Marudevi was surrounded by fifty-six goddesses from the sky who bowed to this mother who was responsible for giving birth to such divine soul. This illustrates the epic persona of a mother without whom the existence of the first Jain tirthankara, who is responsible for giving us this religion would have remained paradoxical. Eventually, when Rishabdev renounced the world and became a monk, Marudevi would be disturbed and concerned about her son living life as a monk without any comfort. She could not mitigate her motherly love and her soul consistently would be gloomy. But, after seeing his son Rishabdev in bliss and spiritual pinnacle, despite renouncing the worldly luxuries and comfort, she experienced a sigh of ease. She immediately then attained omniscience and conquered liberation. Accordingly, she was the first woman to become Siddha. If Jain history did not

have such heroic mothers who carried omens of their son's destiny, then Jain diaspora wouldn't have been bequeathed with 24 tirthankars. Woman as a mother is always given honor in Jain society.

Furthermore, women of Jain history portray instances of compassion and alms as depicted through the story of Chandanbala and Sulsa - Revati. An episode of Chandanbala plays a very important role in Jain history as it epitomizes Bhagwaan Mahavir's most important phase of life through his voyage of becoming Jina. Moreover, Chandanbala denotes the pathway of an ideal woman and unveils features that are optimal for every man and woman to follow. She symbolizes the feature of presenting idyllic offerings to the worthy receiver - Supatra dana. To be precise, her story depicts the perfect manner of offering alms to a Jain monk. This episode does not just illustrate the food that she offered but moreover, her persona at that moment reveals her compassion, her selfless devotion and her urge to offer alms with a pure heart. Chandanbala is known to become the first female disciple and leader of female monastics (Saadhvis') under Shri Mahavir. As per swetambar sect, Chandanbala is believed to have attained omniscience as illustrated in Kalpa Sutra, whereas as per Digambara sect, she was reborn as a male deity in heaven. Story of Chandanbala is frequently recalled and educated in today's century aswell. Similarly, the names of Sulsa and Revati are enlisted in Kalpasutra depicting a persona of ideal laywomen under Mahavira. Although they did not renounce the world and became saadhvis, they lead their own path of a spiritual journey and lived as a Jain laywoman all throughout their life. Despite facing worldly and social challenges, their affirm belief on the path of liberation did not agitate. Story of Sulsa accentuates tension between self-determined spiritual journey and the responsibilities of a woman living in a worldly life towards her family. Their story epitomizes the essence of reaching liberation through self-fortitude and devoutness and denotes the possibilities that a laywoman can also attain liberation. Upon death, Sulsa's soul is believed to be departed to heaven and will be reborn as 15th Jina Nirmama-swami, in the next ascending cycle of time.

It is also evidenced that women are resilient and indomitable enough to conduct endless penance as illustrated in the narrative of Champa Shravika who commenced penance by long-lasting fasting and astounded Emperor Akbar. It was only her after Mahavira who under took the longest period of fasting for six months which was possible only through her strong grit and belief in her religion, god and guru, which eventually allured Emperor Akbar to be fascinated towards Jain religion. As he understood Jain religion, his belief towards this religion enthralled him to abolished all the poll taxes imposed on Jain pilgrims and accepted non-violence as a way of leading life. And all this was possible only because of Champa Shravika. Well, the saga of such epic women personal can go on, which exhibits the essential contribution of women in the history of Jain religion.

Citing Jain women of today's century, the much divergent name that strikes is of Acharya Chandana, also known as Tai Maharaj, who is the first female Jain ascetic (Saadhvi) to achieve Acharya designation. Although she belongs to Amarmuni Sampradaya which is a separately evolved sect of Jain religion, which as of 2013 is the only monastic origin that endorses a female monk (Saadhvi) to be an Acharya. Though her entitle of Acharya designation may not be accepted apprehensively in Jain society, her contribution to the society is renowned by means of compassion and serving to the humankind and all living beings, with Jain perspectives and philosophy. She is the founder of

a charitable organization named Veerayatan, whose dregs are upheld through benevolence and compassion. Founded in 1973 in the Bihar region of India, this organization pursues to create social revolution among underprivileged people via spiritual enhancement, right education and arranging provisions without any discrimination of caste, creed, religion or gender. This organization played a very important role in contributing towards upliftment of victims after devastating natural calamities such as 2001 Gujarat earthquake, tsunami in 2004, 2006 Surat floods and Kosiriver floods in 2008. This organization thrives on three pillars of 'S' - Seva - Service to humanity, Siksha - Education, and Sadhana - Spiritual development of a soul. Inspired by the teachings of Bhagwaan Mahavir, Veerayatan under the guidance of Acharya Chandanaji in the past 40 + years, has served thousands of lives and been a ray of hope to millions of people. Acharya Chandanaji is in today's century symbolic of how a woman can bring changes in people's lives for good when encompassed with the values of Jain principles and philosophy.

Women have strong determination, compassionate soul, and affirm dedication towards responsibilities along with self-acclamation. And when these assets amalgamate with Jain philosophy and practices, it leads to admirations and wonders.

Mahatma Gandhi once said, "I have worshiped women as the living embodiment of the spirit of service and sacrifice".

**Prachi Dhanvant Shah**
49, Wood Ave, Edison, N.J. - 08820 - U.S.A.

✦ ✦ ✦

Contact + 9175825643

---

## જો મારો હોય અંતિમ પત્ર તો...

**(અનુસંધાન કવર પાનું ૧૪૮ થી)**

દાખલા તરીકે શરબતનો અડધો ગ્લાસ બાકી હોય, ત્યારે મનથી સમજવું કે ફક્ત અડધો જ ગ્લાસ બાકી છે એટલે તે માયા અને હજી તો અડધો ગ્લાસ બાકી છે એમ સમજવું તે 'લીલા' છે. માયા સમજવું એટલે Negative વૃત્તિ થઈ જ્યારે લીલા સમજવું એટલે Positive વૃત્તિ છે જેને આપણે આનંદ ઉત્સવ સમજી શકીએ.

એકવાર શ્રી ઉમાશંકરભાઈ સાથે મારા વિષય બાબત વાત થઈ હતી. ત્યારે મેં કહ્યું કે એમ.એ.માં ફિલોસોફી વિષય લેવાને બદલે મેં જો ગુજરાતી વિષય લીધો હોત તો... ઘણું સારું થયું હોત કારણ મારે ગુજરાતી ભાષાનો અભ્યાસ વધારે હોત તો... ચર્ચા કે કરવામાં, ભાષણ આપવામાં તેમજ સંકલન કરવા સારુ પડ્યું હોત ત્યારે શ્રી ઉમાશંકર ભાઈએ કહ્યું, 'ના... તારિણીબહેન! તમારું માનવું ખોટું છે. કારણ ફિલોસોફીના અભ્યાસને લીધે તમારા એ જ્ઞાનને લીધે ગુજરાતી ભાષાને તમારા લખાણથી ચોક્કસ જ લાભ થયો હશે!'

એમનાં કહેવાથી મને એમનું કહેવું ચોક્કસ જ સાચું લાગ્યું છે.

વળી પરદેશના ફિલોસોફરોની ફિલોસોફી વાંચીને હું મનથી ઘણી જ સમૃદ્ધ થઈ છું. અને મારા મગજની ક્ષિતિજ લંબાતી જાય છે. તેથી ભાષામાં પ્રયોગ કરવાનું મને સહેલું પણ પડે છે અને ગમે છે પણ ખરું. ચીલાચાલુ વાર્તાને બદલે નવા પ્રયોગો તરફ મારી નજર પડી.

ઘટનાનાં વર્તુળમાં ઉભા રહી લોકપ્રિય લખાણ લખવા કરતાં ઘટનાને અતિક્રમી ઘટતાં લોપ પછીનાં ધ્વનિને પામવા માટે ચીલાચાલુ ભાષામાંથી નવી ભાષાની Faligiza કરવામાં મને વધુ રસ પડતો ગયો.

હવે, મુખ્ય વાત તો એ છે કે મારે આવતે જન્મે અને આવતા બધા જ જન્મે તમે જ મારી પાસે હોવા જોઈએ. મા... તરીકે નાની મા... તરીકે દીદીમા... તરીકે કે પછી ગમે તે સગપણમાં. એવું 'કહેવા માટે તમને' પત્ર કેવી રીતે લખું? કારણ અત્યારે તો તમારું નામ અને સરનામું જુદુ જ હોય ને? પત્ર રદ્દે તો ના પડવો જોઈએને? તમને મળવો તો જોઈએ જ તેથી 'પ્રભુજી'ને નામે પત્ર લખું છું. તમે તો 'રાજરત્ન' હતા એટલે તમે સાધારણ સાહિત્યકાર નહીં તમે પ્રભુનાં Special V.I.P. વી.આઈ.પી. તેથી મારો પત્ર ચોક્કસ જ તમને તેઓ આપશે. તમે એમને જરૂરથી મારી માંગણી કહી દેજો. તમને તેઓ ના નહીં પાડે. કારણ તમે એમનાં અંગત વ્યક્તિ હશો. આટલી જ મારી વિનંતિ છે અત્યારે પૂરતું... આવજો... ઘણાં વ્હાલા... બા!

✦ ✦ ✦

# જૈનદર્શનના પીએચ.ડી થયેલ સાધ્વીઓની યાદી

**સંકલન : ગીતા વિનોદ શાહ**

| | વિષય | નામ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| (૧) | જૈન દર્શનમેં સમ્યક્ત્વકા સ્વરૂપ | સાધ્વી ડૉ. શ્રી સુરેખાશ્રીજી | રાજસ્થાન |
| (૨) | કષાય | સાધ્વી ડૉ. હેમપ્રજ્ઞાશ્રીજી | ઈંદોર |
| (૩) | જૈન પુરાણોમેં રાજનીતિ | સાધ્વી ડૉ. મધુસ્મિતાશ્રીજી | ગુજરાત |
| (૪) | વિધિમાર્ગ પ્રથા | સાધ્વી ડૉ. સૌમ્યગુણાશ્રીજી | જયપુર |
| (૫) | ઉત્તરાધ્યયન સૂત્ર | સાધ્વી ડૉ. વિનીતપ્રભાજી | ગુજરાત |
| (૬) | જૈનાગમોંમે સ્વર્ગ-નરક કી વિભાવના | સાધ્વી ડૉ. હેમરેખાશ્રીજી | ગુજરાત |
| (૭) | જૈન દર્શનમેં અતિન્દ્રિય જ્ઞાન | સાધ્વી ડૉ. સંયમજ્યોતિજી | જયપુર |
| (૮) | આચાર્ય જિનદત્તસૂરિ કા જૈનધર્મ એવં સાહિત્ય મેં યોગદાન | સાધ્વી ડૉ. સ્મિતપ્રજ્ઞાશ્રીજી | ગુજરાત |
| (૯) | ભારતીય દર્શન | સાધ્વી ડૉ. નિર્મળાશ્રીજી | બિહાર |
| (૧૦) | આચારાંગ કા નીતિશાસ્ત્રીય અધ્યયન | સાધ્વી ડૉ. શ્રી સુદર્શનાશ્રીજી | વારાણસી |
| (૧૧) | આચાર્ય જયશેખરસૂરિ એવં ઉનકા સાહિત્ય | સાધ્વી ડૉ. મોક્ષગુણાજી | મુંબઈ |
| (૧૨) | ઉપમિતિ ભવપ્રપંચકકથા | સાધ્વી ડૉ. શ્રી દિવ્યપ્રભાજી | જયપુર |
| (૧૩) | આચાર્ય હરિભદ્ર ઔર ઉનકા સાહિત્ય | સાધ્વી ડૉ. શ્રી દર્શનપ્રભાજી | જયપુર |
| (૧૪) | આચાર્ય શીલાંકની આચારાંગવૃત્તિ | સાધ્વી ડૉ. શ્રી રાજશ્રીજી | – |
| (૧૫) | મહાપ્રજ્ઞ પ્રવર્તક શ્રી પન્નાલાલજી મ.સા. વ્યક્તિત્વ એવં કૃતિત્ત્વ | સાધ્વી ડૉ. શ્રી જ્ઞાનલત્તાજી | જયપુર |
| (૧૬) | જ્ઞાનાર્ણવ - એક સમીક્ષાત્મક અધ્યયન | સાધ્વી ડૉ. શ્રી દર્શનલત્તાજી | જયપુર |
| (૧૭) | જૈનાગમોમેં શ્રમણ | સાધ્વી ડૉ. શ્રી ચારિત્રલત્તાજી | જયપુર |
| (૧૮) | તીર્થંકર મહાવીર - પ્રબંધ કાવ્ય | સાધ્વી ડૉ. શ્રી કલમપ્રભાજી | રાજસ્થાન |
| (૧૯) | જૈન ધર્મકી ઐતિહાસિક એવં સાંસ્કૃતિક પૃષ્ઠભૂમિમેં રાજગૃહ | સાધ્વી ડૉ. સંપ્રજ્ઞાજી | બિહાર |
| (૨૦) | જૈનદર્શન મેં જીવતત્વ | સાધ્વી ડૉ. શ્રી જ્ઞાનપ્રભાજી | પૂના |
| (૨૧) | જૈન દર્શન મેં નવતત્વ | સાધ્વી ડૉ. શ્રી ધર્મશીલાજી | પૂના |
| (૨૨) | જૈન દર્શન મેં યોગ | સાધ્વી ડૉ. શ્રી મુક્તિપ્રભાજી | ઉજ્જૈન |
| (૨૩) | જૈન સાધના મેં ધ્યાન | સાધ્વી ડૉ. શ્રી પ્રિયદર્શનાજી | પૂના |
| (૨૪) | અરિહંત | સાધ્વી ડૉ. શ્રી દિવ્યપ્રભાજી | ઉજ્જૈન |
| (૨૫) | શ્રી ત્રિલોકઋષિજી મ.સા. કે સાહિત્ય કા સમીક્ષાત્મક અધ્યયન | સાધ્વી ડૉ. શ્રી અરુણપ્રભાજી | મુંબઈ |
| (૨૬) | જૈન દર્શનાતીલ ભાવના સંકલ્પના આશય આણિ અભિવ્યક્તિ | સાધ્વી ડૉ. શ્રી પુણ્યશીલાજી | પૂના |

| | વિષય | નામ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| (૨૭) | બનારસીદાસ વ્યક્તિત્વ વ કૃતિત્ત્વ | ડૉ. સાધ્વી શ્રી સરોજશ્રીજી | મુંબઈ |
| (૨૮) | જૈનદર્શન ઔર કબીરકા તુલનાત્મક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી મંજુશ્રીજી | પૂના |
| (૨૯) | અપભ્રંશ જૈનસાહિત્યમેં જીવન મૂલ્ય | ડૉ. સાધ્વી શ્રી સાધનાજી | – |
| (૩૦) | હિન્દી સાહિત્ય ઔર દર્શન મેં આચાર્ય સુશીલકુમારજીકા યોગદાન (ડી. લિટ્) | ડૉ. સાધ્વી શ્રી સાધનાજી | – |
| (૩૧) | જસહરચરિયં મેં જૈનધર્મ સંસ્કૃતિ ઔર દર્શન | ઉપપ્રવર્તિની ડૉ. શ્રી સરિતાજી | મેરઠ |
| (૩૨) | જૈન ચતુર્વિધ સંઘમેં શ્રમણિયોંકા યોગદાન | ડૉ. સાધ્વી શ્રી વિજ્યાશ્રીજી 'આર્યા' | – |
| (૩૩) | પરમાણુ વિજ્ઞાન | ડૉ. સાધ્વી શ્રી રવિરશ્મિજી | ઉજ્જૈન |
| (૩૪) | શ્રુઅથત્રયી કે કાવ્યમેં જૈનદર્શન કે તત્ત્વ | ડૉ. સાધ્વી શ્રી પુનિતજ્યોતિજી | અલાહાબાદ |
| (૩૫) | આચારાંગ-એક આલોચનાત્મક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી સુનીતાજી | પટિયાલા |
| (૩૬) | સુદંસણચરિઉમેં જૈનદર્શન ઔર સંસ્કૃતિ | ડૉ. સાધ્વી શ્રી શુભાજી | મેરઠ |
| (૩૭) | જૈન શ્રાવિકોઓં કા બૃહદ્ ઈતિહાસ | ડૉ. સાધ્વી શ્રી પ્રતિભાજી 'પ્રાચી' | – |
| (૩૮) | જૈનદર્શનમાં રત્નત્રયઃ એક સમીક્ષાત્મક અધ્યયન (ડી. લિટ્) | ડૉ. સાધ્વી શ્રી સુભાષાજી | કુરુક્ષેત્ર |
| (૩૯) | આદિપુરાણઃ એક સમીક્ષાત્મક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી સુપ્રિયાજી | પંજાબ |
| (૪૦) | વિપાકસૂત્રઃ એક દાર્શનિક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી સુરભિજી | ચંદીગઢ (પંજાબ) |
| (૪૧) | આચાર્ય આત્મારામજી મહારાજ વ્યક્તિત્વ એવં કૃતિત્ત્વ | ડૉ. સાધ્વી શ્રી ભાવનાજી | ચંદીગઢ |
| (૪૨) | પ્રદેશી રાજાનો રાસ | ડૉ. સાધ્વી શ્રી નીલાબાઈ મહાસતીજી | મુંબઈ |
| (૪૩) | જૈનત્તર સંત કવિઓના સાહિત્ય સાથે શ્રીમદ્ રાજચંદ્રના સાહિત્યનો તુલનાત્મક અભ્યાસ | બા.બ્ર.પૂ. શ્રી તરુલત્તાબાઈ મહાસતીજી | મુંબઈ |
| (૪૪) | શ્રીમદ્ દેવચંદ્રજી : એક અધ્યયન | ડૉ. સાધ્વી આરતીબાઈ મહાસતીજી | મુંબઈ |
| (૪૫) | આનંદઘનજી : એક અધ્યયન | ડૉ. જસુબાઈ મહાસતીજી | મુંબઈ |
| (૪૬) | દંડક : એક અધ્યયન | ડૉ. સાધ્વી પૂ. શ્રી નીતાબાઈ મહાસતીજી | લાડનૂ |
| (૪૭) | જૈન આગમોં મેં ભારતીય દર્શન કે તત્ત્વ | ડૉ. શ્રી સુપ્રભાજી 'સુધા' | ઈંદોર |
| (૪૮) | જૈનધર્મમેં ધ્યાન કા ઐતિહાસિક વિકાસક્રમ | ડૉ. સાધ્વી શ્રી ઉદિતપ્રભાજી | લાડનૂ |
| (૪૯) | જૈનસ્તોત્ર સાહિત્યકા સમીક્ષાત્મક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી હેમપ્રભાજી | જોધપુર |
| (૫૦) | જૈનસાહિત્યમેં યુવાચાર્ય મધુકરમુનિકા યોગદાન | ડૉ. સાધ્વી શ્રી ચંદ્રપ્રભાજી 'આભાશ્રી' | કાનપુર |
| (૫૧) | શ્રી રમેશમુનિજી કા સાહિત્ય | ડૉ. સાધ્વી શ્રી મધુબાલાજી | વિક્રમવિશ્વ વિદ્યાલય |
| (૫૨) | વર્તમાનમેં ચેતનાકા સ્વરૂપ, ભાવોંકે સંદર્ભમેં | ડૉ. સાધ્વી શ્રી કુંદનરેખાજી | લાડનૂ |
| (૫૩) | આચાર્ય મહાપ્રજ્ઞજીકા નૈતિક દર્શન | ડૉ. સાધ્વી શ્રી પરમયશાજી | લાડનૂ |
| (૫૪) | નંદી મેં જ્ઞાનમીમાંસા | ડૉ. સાધ્વી શ્રી શ્રુતયશાશ્રીજી | લાડનૂ |
| (૫૫) | સન્મતિતર્ક એવં સમીક્ષાત્મક અનુશીલન | ડૉ. સાધ્વી શ્રી મુદિતયશાજી | લાડનૂ |
| (૫૬) | આચારાંગસૂત્ર | ડૉ. સાધ્વી શ્રી શુભ્રયશાજી | લાડનૂ |

| | વિષય | નામ | યુનિવર્સિટી |
|---|---|---|---|
| (૫૭) | ગુરુદેવતુલસી કે સાહિત્યમેં અહિંસાદર્શન | ડૉ. સાધ્વી શ્રી કાન્તયશાજી | લાડનૂ |
| (૫૮) | તેરાપંથી સાધ્વીસમાજ મેં શિક્ષા | ડૉ. સાધ્વી શ્રી સંચિતયશાશ્રીજી | લાડનૂ |
| (૫૯) | જૈન સિદ્ધાંત દીપિકા એક સમીક્ષાત્મક અધ્યયન | ડૉ. સાધ્વી શ્રી સવિતાશ્રીજી | લાડનૂ |
| (૬૦) | સંબોધિકા સમીક્ષાત્મક અધ્યયન | સમણી સ્થિતપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૧) | આવશ્યક નિર્યુક્તિ | સમણી કુસુમપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૨) | યોગશાસ્ત્ર એવં મનોનુશાસનમ્ એક તુલનાત્મક અધ્યયન | ડૉ. સમણી ઉજ્જવલપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૩) | અહિંસા કા શિક્ષણ-પ્રશિક્ષણ એક સમીક્ષાત્મક અધ્યયન | સમણી નિર્વાણપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૪) | ભગવતીકા દાર્શનિક વૈજ્ઞાનિક અધ્યયન | સમણી ચૈતન્યપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૫) | ઉપાસકદશા એક સમીક્ષાત્મક અધ્યયન | સમણી શુભપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૬) | આચાર્ય તુલસીકા સમાજ દર્શન | સમણી હિમપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૭) | જ્ઞાતા ધર્મકથા : એક સમીક્ષાત્મક અધ્યયન | સમણી શ્રી સત્યપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૮) | દશવૈકાલિક કા દાર્શનિ અનુશીલન | સમણી મલયપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૬૯) | ઉત્તરાધ્યયન : શૈલી કા વૈજ્ઞાનિક અધ્યયન | સમણી અમિનપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૭૦) | અર્ધમાગધી આગમોંમે આત્મતત્ત્વ કી અવધારણા | સમણી સંબોધપ્રજ્ઞાજી | લાડનૂ |
| (૭૧) | નવતત્ત્વ એક પરિશીલન | ડૉ. સાધ્વી વિરલબાઈ મહાસતીજી | મુંબઈ |

સંદર્ભ : અનોખા નારી રત્નો ડૉ. હંસા ઉમરશી ગાલા MA. Ph.D. સંર્પક : ૯૭૫૭૧ ૫૭૮૦૮

# શ્રી દેવચંદ્રજી ચોવીસી પર સમ્મેલન

જિનભક્તિના અચિંત્ય મહિમાને વર્ણવતી, અધ્યાત્મરસથી ભરપૂર એવી કૃતિઓ યોગીરાજ આનંદઘનજી, ઉપાધ્યાય યશોવિજયજી, શ્રીમદ્ દેવચંદ્રજી... આદિ મહાત્માઓએ રચી છે. આમાંથી વિશિષ્ટ જ્ઞાનગરિમા અને ભક્તિપ્રતિભા ધરાવતા ગણિશ્રી દેવચંદ્રજીએ વર્તમાન ચોવીસીના તીર્થંકર પરમાત્માઓએ પ્રતિપાદિત કરેલા તત્ત્વજ્ઞાનમય ભક્તિમાર્ગ પર પ્રકાશ પાથરતા ચોવીસ સ્તવનોની રચના કરી છે. દેવચંદ્ર ચોવીસીના આ સ્તવનોમાંથી ૧૪ થી ૨૪ તીર્થંકર ભગવાનોના સ્તવનો ઉપર પ.પૂ. પંન્યાસ ડૉ. અરૂણવિજયજી મ.સા.ના પ્રેરણાથી તા ૩, ૪, ૫ જાન્યુઆરીના અખિલ ભારતીય જૈન વિદ્વદ સમ્મેલનનું આયોજન કરાયું હતું. શ્રી ચિંતામણિ પાર્શ્વનાથ જૈન સંઘ, ગોરેગાવ દ્વારા પૂ. ડૉ. શ્રી અરૂણવિજયજી મ.સા.ની નિશ્રામાં આ વિદ્વદ સમ્મેલન સફળતાપૂર્વક સંપન્ન થયો. પૂ. પંન્યાસશ્રીજીએ એક એક સ્તવનોના અવાન્તર વિષયો સૂચિત કર્યા હતા એ અનુસાર ડૉ. અભય દોશી, ડૉ. કોકિલાબેન શાહ, કલ્પનાબેન શાહ, ડૉ. રશ્મિ ભેદા, ડૉ. પાર્વતીબેન ખીરાણી, કાનજીભાઈ મહેશ્વરી, બિંદુબેન શાહ, ડૉ. રતનબેન છાડવા, પારૂલબેન ગાંધી વગેરે ૨૫ વિદ્વાનોએ એમના અભ્યાસપૂર્ણ શોધવાનો પ્રસ્તુત કર્યા હતા. બિંદુબેન શાહને શ્રેષ્ઠ નિબંધનો પુરસ્કાર મળ્યો હતો. પ.પૂ. અરૂણવિજયજી મ. સાહેબે દરેક સ્તવનના વિષયોની ખૂબ જ ઊંડાણપૂર્વક છણાવટ કરી હતી.

આ સમયે પંન્યાસ શ્રીજીએ, આગામી વિદ્વદ સમ્મેલન અને સંગોષ્ઠીનું આયોજન ૯, ૧૦ અને ૧૧ ઑક્ટોબરના કરવામાં આવશે અને એનો વિજય 'દ્રવ્યાનુયોગ' પર હશે, એમ જાહેરાત કરી હતી.

✦ ✦ ✦

# અતીતની બારીએથી આજ

મહિલાઓના વિષય પર વિવિધ મુદ્દાઓ અને મંતવ્યો પર ૧૯૩૩ થી અત્યાર સુધીમાં ૪૩ લેખની સૂચિ વાચકોને સમૃદ્ધ બનાવશે. વિશ્વ આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ ૨૦૧૯ની ઉજવણીની ઝુંબેશ થીમ સમગ્ર વિશ્વમાં લિંગ સંતુલન ચલાવવા માટે હાકલ કરવાનો હતો. સ્ત્રીઓએ આ માટે અત્યાર સુધી સારી એવી મંઝિલ કાપી પ્રગતિ કરી છે. છતાં પણ હજી વધુ પ્રાપ્ત કરવું જરૂરી છે અને કરી શકાય તેમ છે. વર્તમાન વાતાવરણમાં નારી વિશેષાંક અને પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત થયેલા લેખો મહિલાઓના આદર અને ઉત્થાનના લક્ષ્ય પ્રાપ્ત કરવામાં ઉપયોગી થાય એવી અપેક્ષા છે.

મુંબઈ જૈન યુવક સંઘેભગિની મિત્ર મંડળ, પાલીતાણા અને કસ્તુરબા સેવાશ્રમ, મરોલી, જિ. નવસારીને માતબર આર્થિક સહાય અર્પણ કરેલ છે. આપની વિનંતી પર, આ ૪૩ લેખોનું સંકલન આપને ઈમેઇલ કરવામાં આવશે. બકુલ ગાંધી ૯૮૧૯૩૭૨૯૦૮ પર સંપર્ક કરવો.

## પ્રબુદ્ધ જીવનમાં પ્રકાશિત નારી વિષયક લેખોની સૂચિ

| | | |
|---|---|---|
| ગાંધીજીના શબ્દોમાં સમાજમાં સ્ત્રીનું સ્થાન | ૧૫-૩-૧૯૪૪ | પરમાનંદ |
| નારી પ્રવૃત્તિની મીમાંસા | ૧-૫-૧૯૪૪ થી ૧૫-૦૫.૧૯૪૪ | કમળાદેવી |
| સમાજમાં સ્ત્રીઓનું સ્થાન | ૧-૬-૧૯૩૭ | |
| ભારતની પ્રાચીન નારીવિભૂતિ | ૧૬-૧૧-૧૯૩૪ | પૂ. ન્યાયવિજયજી |
| આધુનિક સ્ત્રીઓનો જીવન-પુરુષાર્થ | ૧૫-૧-૧૯૫૮ | નિર્મળાબેન રાવળ |
| ઓફિસે જતી પત્નીઓ વિષે | ૧૬-૮-૧૯૬૭ | સુબોધ શાહ |
| સ્ત્રી-પુરુષ સંબંધ | ૧-૧૧-૧૯૬૮ | ચીમનલાલ ચ. શાહ |
| વિધવા વિવાહ | ૧૬-૬-૧૯૭૦ | શારદાબેન શાહ |
| બહેનોને... | ૧-૨-૧૯૭૨ | દાદા ધર્માધિકારી |
| ભારતવ્યાપી સ્ત્રીશક્તિ જાગરણ | ૧-૨-૧૯૭૩ | પૂર્ણિમા પકવાસા |
| દુનિયાના પ્રથમ મહિલા ડૉક્ટર | ૧-૧-૧૯૭૪ | શારદાબેન શાહ |
| પુત્રવધુનું કન્યાદાન - એક અનોખું પુનર્લગ્ન | ૧૬-૫-૧૯૮૦ | યજ્ઞેશ શુકલ |
| સ્ત્રીઓની વેદનાનાં આંસુ કેમ દેખાતા નથી? | ૧૬-૬-૧૯૮૪ | મગનભાઈ સંઘવી |
| મહિલાઓની અવદશા | ૧૬-૨-૧૯૯૧ | સત્સંગી |
| કહેવતોમાં નારી | ૧૬-૬-૧૯૯૭ | ડૉ. રણજીત પટેલ |
| કહેવતોમાં નારી | ૧૬-૪-૨૦૦૪ | ડૉ. રણજીત પટેલ |
| જૈન સંસ્કૃતિમાં નારી | ફેબ્રુઆરી ૨૦૧૧ | ડૉ. કલા શાહ |
| નારી પ્રત્યે જૈનધર્મનો દૃષ્ટિકોણ | જુલાઈ ૨૦૧૧ | ડૉ. પ્રવિણ શાહ |
| નારી જીવનનાં જીવતા દોઝખ | ૧૬-૦૬-૧૯૩૪, ૦૧-૦૭-૧૯૩૪, ૧૬-૦૭-૧૯૩૪, ૦૧-૦૮-૧૯૩૪, ૦૧-૦૯-૧૯૩૪ | ડાહ્યાભાઈ વેલચંદ મહેતા |
| વીસમી સદીમાં સ્ત્રીઓની વિકૃત દશા | ૧૦-૦૬-૧૯૩૩ | પી. જી. મહેતા |
| સ્ત્રી જાતિમાં આવેલી જાગૃતિ | ૦૧-૦૩-૧૯૩૪ | લાલચંદ જયચંદ વોરા |
| કેળવણી અને સ્ત્રીઓ સમાજ રચના | ૦૧-૧૦-૧૯૩૪ | મોટી બહેન |
| સ્ત્રી અને પુરુષ વચ્ચેની સમાનતા | ૦૧-૦૨-૧૯૩૭ | ચીમનલાલ દ. શાહ |
| સ્ત્રી કેળવણી | ૧૫-૦૩-૧૯૭૨ | રમણિક ઘીઆ |
| સ્ત્રી સમાજના સળગતા પ્રશ્નો | ૧૫-૦૩-૧૯૩૭ | શ્રીમતી નલીની કોઠારી |
| સ્ત્રીના જીવનમાં વાંચન અને મનનનું સ્થાન | ૦૧-૦૬-૧૯૩૭ | વેણી કાપડીઆ |
| સ્ત્રી પુરુષની પત્ની કે મિત્ર! | ૦૧-૦૬-૧૯૩૭ | સી કે મડીઆ |
| સ્ત્રીઓ પ્રત્યે સમાજનું કર્તવ્ય | ૦૧-૦૬-૧૯૩૭ | રમેશ મેતા |
| સ્ત્રી અને પુરુષ વચ્ચે સમાનતા | ૦૧-૦૬-૧૯૩૭ | રમેશ મેતા |
| સ્ત્રીઓની અવનતિનું કારણ | ૦૧-૦૬-૧૯૩૭ | વિમળા બહેન |
| સ્ત્રી પુરુષ સંબંધ | ૦૧-૦૪-૧૯૪૨ | ગોપાલરાવ કુલકર્ણી |
| સ્ત્રી પુરુષ સંબંધ | ૧૫-૦૪-૧૯૪૨ | ગોપાલરાવ કુલકર્ણી |
| શ્રીમત શંકરાચાર્ય-વિચરિત મણિરત્નમાલામાં સ્ત્રી | જૂન ૨૦૦૯ | ડૉ. રણજીત એમ. પટેલ (અનામ) |
| નારી તું નારાયણી : અમારા ભાબનુબેન | નવેમ્બર ૨૦૧૪ | કુસુમ ઉદાણી |
| મહાત્મા ગાંધીના મહિલા સાથીઓ | ફેબ્રુઆરી ૨૦૧૬ | જીતેન્દ્ર દેવ |
| સંતકવિ શ્રીમદ્ રાજચંદ્રજીનાં "સુબોધ સંગ્રહ"માં નારી ચેતનાને જાગૃત કરવી ગરબી | માર્ચ ૨૦૧૭ | ફાલ્ગુની ઝવેરી |
| નારી મુક્તિ | એપ્રિલ ૨૦૧૯ | મોહનભાઈ પટેલ |
| નારી... ઈશ્વરનું સર્જક શ્રેષ્ઠ પાત્ર | જૂન ૨૦૧૯ | સુનીતા ઈજ્જતકુમાર |

You can also access these articles on website https://prabhuddhjeevan.in

To,

Registered with registar of Newspaper under RNI No. MAHBIL/2013/50453 – Postal Registration No. MCS/147/2019-21. WPP Licence No. MR/TECH/WPP-36/SOUTH/2019-21 & Published on 16th of Every Month & Posted on 16th of every month at Patrika Channel Sorting Office, Mumbai – 400 001.



# જો મારો હોય અંતિમ પત્ર તો...

**તારિણીબહેન દેસાઈ**

*પરિચય : નાટક, વાર્તા, નિબંધના લેખિકા અને અનેક પુરસ્કારના વિજેતા સર્જક, ધૂમકેતુ એવોર્ડ, સાહિત્ય અકાદમી પુરસ્કાર, સાહિત્ય પરિષદ પુરસ્કાર, સાહિત્ય રત્ન એવોર્ડ, વાડીલાલ ડગલી અને એવા અનેક પારિતોષિક વિજેતા*

**આ**જે અચનાક તમે મને કેવી રીતે યાદ આવી ગયા? તેનું કારણ કદાચ એ હોઈ શકે કે હવે મારી ઉંમર થઈ રહી છે. ગમે ત્યારે આંખ મીંચાઈ જાય, તો પછી તમારી સાથે વાત કરવાની રહી જાય. અત્યાર સુધી તો... હું સાંસારિક પ્રવૃત્તિમાં અટવાઈ ગઈ હોવાને લીધે તમારી સાથે વાત ના થઈ શકી હોય પણ... હવે મનથી થોડી સાંસારિક પ્રવૃત્તિમાંથિ નિવૃત્ત થઈ રહી છે. હમણાં જ મને થોડો વિચાર આવ્યો કે – મારું 'લગ્નજીવન કેવી રીતે આટલું બધુ સરસ ગયું છે? વિચાર કરતા થયું કે મારા લગ્ન માટેના મંગલાષ્ટક તો તમે પહેલેથી જ લખી દીધા હતા. જોકે તમારે કદાચ જલદી જવાનું હશે તેથી. પણ... મને તો મારા મંગલાષ્ટકની બે લાઈનો બરાબર યાદ રહી ગઈ છે તે આ... છે –'

'તારિણી! દ્રવ જુલ તારિણી બની તું નામ દીપાવેજે,
વિદ્યા, જ્ઞાન, કલાથી અંકિત થઈ સંસાર સોહાવજે.'

જે નાની માને 'રાજરત્ન'ની પદવી વડોદરા રાજ્યનાં રાજા સયાજીરાવ ગાયકવાડ તરફથી મળી હોય તો... તે વ્યક્તિનાં શબ્દોમાં કેટલી બધી તાકાત હોય જ ને? અને તમને ખબર છે કે નહીં – તે મને ખબર નથી પણ... મને તો તમે – મારા મમ્મી-પપ્પા કરતાં પણ વધારે વ્હાલા હતા.

વળી તમે ઘણાં જ નામાંકિત કવયિત્રી હતા. તમારા ઘણાં પુસ્તકો પ્રસિદ્ધ થયા હતા. તમારું 'ખંડકાવ્ય'નું પુસ્તક એસ.એન.ડી.ટી. યુનિવર્સિટીમાં પાઠ્યપુસ્તક તરીકે પસંદ થયું હતું. વળી નાનાજી પણ તમને ઘણું માન આપતા હતા. અને કવિરત્ન શ્રી ઉમાશંકર જોષી પણ મને – દીપકબા દેસાઈની દોહિત્રી તરીકે મારા ઉપર બહુ ભાવ રાખતા હતા.

હું તો એમ માનું છું કે જેમ – પારિજાત, ગુલાબ, મોગરો, જાઈ-જૂઈનાં વૃક્ષો હોય છે તેમ તમે તો 'સર્જન નામનું વૃક્ષ' છો તે વૃક્ષના ફળ-ફૂલ એટલે અમે બધા છીએ. તેમાં છે – મામા-નાટ્યકાર માશી, નામાંકિત કવયિત્રી, મમ્મી-સુધાબહેન મુનશી – જે રસોઈની વાનગીનાં સર્જક, એમની વાનગીનું પુસ્તક 'રસસુધા'ની – ઓગણીસ-વીસ આવૃત્તિઓ થઈ ગઈ છે અને એનો અંગ્રેજીમાં અનુવાદ પણ થયો છે. તેમજ હું – એટલે 'તારિણી' જેને તમે સર્જનનાં સંસ્કાર આપ્યા છે જેણે – ટૂંકી વાર્તા, નિબંધ, નાટક, બાલસાહિત્ય વગેરેનાં પુસ્તકો લખ્યા છે. મારી મોટી દીકરી સંસ્કૃતિરાણી જે કવયિત્રી છે. (આધુનિક), દીકરો સંસ્કાર – ડૉક્યુમેન્ટરી ફિલ્મ સર્જક અને નાની દીકરી ધ્વનિ – એનીમેશન ફિલ્મ સર્જક છે. બધા જ કુટુંબીઓ તમારા સર્જનનાં સંસ્કાર આપ્યાથી સર્જકો બન્યા છે. બધાને જ એવોર્ડ મળ્યા છે. એ તો રાજરત્ન નાનીમાની સર્જનની પ્રસાદીને લીધે જ, અને તમારા સર્જનનો લોહચૂંબક તત્વને લીધે તમે મારા પતિ તરીકે શ્રી સુધીર દેસાઈને ખેંચ્યા જેઓ કવિ, નિબંધકાર અને ચિંતક છે. જોકે તમે તમારી કવિતામાં તો લખ્યું જ હતું.

'સપનામાં ભાવીયો સુધીર...'

પછી તો તમારા Guidanceથી સોળ વર્ષની ઉંમરે – આકાશવાણી, વડોદરા ઉપર મારું લખેલું સંગીત રૂપક રજૂ થયું અને સુગમ સંગીત પણ રજૂ કર્યું.

પછી તો આગળ જતાં બી.એ. અને એમ.એ.માં ફિલોસોફી વિષય લીધો હોવાને લીધે દેશ-વિદેશના ફિલોસોફરો જેવા કે – ગ્રીક ફિલોસોફર્સ સોક્રેટીસ, પ્લેટો, એરિસ્ટોટલ તેમજ સ્પિનોઝા, ડેકાર્ટ, કાન્ટ, વગેરેના વિચારો મગજમાં ઘર કરતા રહ્યા.

અને ખાસ તો... શંકરાચાર્યનાં અદ્વૈતવાદને બરાબર સમજતી ગઈ તેમ તેમ – જગત એક માયા છે એટલે કે માયાવાદ અવિદ્યા, કે પછી ભ્રાંતિ, ભ્રમ, માયાજાળ, આભાસ અને Illusion વગેરેને સમજતી ગઈ. વળી આધ્યાત્મિક ગુરુઓ તો... 'સંસારને અસાર' કહે જ છે જ્યારે કાશ્મીરી શૈલીઝમ જગતમાં બનતી ઘટનાઓને 'લીલા' કહે છે. આમ તો માયા અને લીલા એ સિક્કાની બે બાજુ છે. શંકરાચાર્યનો અદ્વૈતવાદ અને કાશ્મીરી શૈલીઝમને સમજવા એક દાખલો આપું –

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું ૧૪૩)

Postal Authority : If Undelivered Return To Sender At : 926, Parekh Market, 39, J.S.S. Rd., Opera House, Mumbai – 400004.

Printed & Published by : Pushpaben Chandrakant Parikh on behalf of Shri Mumbai Jain Yuvak Sangh & Published from 385, SVP Rd., Mumbai - 400004. Tel. 23820296 Printed at Rajesh Printery, 115, Pragati Industrial Estate, 316, N. M. Joshi Marg, Lower Parel (E), Mumbai - 400011. Tel. 022-40032496. Typesetting & Layout: Chhotu M. Warli.
Editor : Sejal M. Shah
Temporary Add.: 926, Parekh Market, 39, J.S.S. Rd., Kennedy Bridge, Opera House, Mumbai - 400004.